
**Satyakathao Amantrit – All Revised**



राष्ट्रीय कला केन्द्र

# કોરોનાકાળની સત્યકથાઓ

## ઈ પુસ્તક લોકાર્પણ સમારોહ

### આમંત્રણ

કોરોનાકાળના કપરા સમયમાં લોકોની સંવેદનાઓને ઝીલવાનો પ્રયત્ન કરતાં
આ ઇ-પુસ્તકનું વિમોચન ભારતના પૂર્વ કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી
ડૉ.હર્ષ વર્ધનજીનાં વરદ હસ્તે થયુ હતું.
જેનું લોકાર્પણ વેબીનાર દ્વારા કરવામાં આવશે.

**વિમોચન કર્તા**

**ડૉ. હર્ષ વર્ધનજી**

પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી - હેલ્થ એન્ડ ફેમીલી વેલફેર

**મુખ્ય મહેમાન**

**શ્રી સી.આર.પાટીલ**

સંસદ સભ્યશ્રી, પ્રદેશ અધ્યક્ષ - ગુજરાત ભાજપ

તારીખ : - ૨૨.૭.૨૦૨૧

સમય : - સાંજે ૬ કલાકે

કાર્યક્રમનું આયોજન ઝૂમ એપ ઉપર ઓનલાઇન થશે.

Zoom Meeting Id : - 89777158223
Facebook Live : - www.facebook.com/rkksurat/
Youtube Live : - Rashtriya Kala Kendra Surat

આપને કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવાનું હાર્દિક નિમંત્રણ છે.

નયનાક્ષી વૈદ્ય
પ્રમુખ

નરેશ કાપડીઆ
સંપાદક

राष्ट्रीय कला केन्द्र

રૂપીન પચ્ચીગર
મહામંત્રી

યામિની વ્યાસ
કન્વીનર, સાહિત્ય સમિતિ

# કોરોનાકાળની સત્યકથાઓ




કેન્દ્રીય કેબિનેટ આરોગ્ય મંત્રીશ્રી
હર્ષ વર્ધનજીના વરદ હસ્તે વિમોચન
ન્યુ દિલ્હી
25.3.2021



**વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

Apro/kp/2020/11/23/jp

તા. ૨૩-૧૧-૨૦૨૦

## સંદેશ

રાષ્ટ્રીય કલા કેન્દ્ર, લોકોમાં પડેલી વિવિધ કલાઓને પ્રકાશમાં લાવે છે. વાતાવરણ, પ્રકૃતિ, માનવીય જીવનની દિનચર્યાઓ અને સમગ્ર બ્રહ્માંડ તથા લલિત કલાઓ અંગે સંશોધન કરી અધ્યયન કરવાની યોજના છે. રાષ્ટ્રીય કલા કેન્દ્ર પ્રચાર - પ્રસાર યોજનાઓ, પ્રશિક્ષણ કાર્યક્રમો, પ્રકાશનોના માધ્યમ દ્વારા સમાજના દરેક વર્ગ અને ક્ષેત્રની જીવનશૈલીનું અભિન્ન અંગ બની રહે છે.

**રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત** દ્વારા **કોરોના કાળની સત્ય કથાઓ** નામક ઈ-પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું છે તે સરાહનીય છે. કોરોના કાળની યાતનાઓ તથા ઉપાયોની સત્ય કથાઓને આમેજ કરી, એનું દસ્તાવેજીકરણ કરવાનો પ્રયાસ તથા પુસ્તક સમગ્ર વિશ્વમાં નિઃશુલ્ક વિતરણ કરવાની બાબત અભિનંદનીય ગણાય. વિદ્વાનો, તજજ્ઞો તથા અનુભવીઓની સંવેદનાઓને વાચા આપતું આ પુસ્તક ખરેખર ભાવિ પેઢી માટે ઉપયોગી બની રહેશે.

પુસ્તકની સફળતા માટે શુભેચ્છા તેમજ રાષ્ટ્રીય કલા કેન્દ્રના સહુને અભિનંદન.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Rupin Pachchigar,** *General Secretary,*
Rashtriya Kala Kendra,
Vajubhai Tank Smruti Hall,
Nr. Saibaba Mandir, Shahpore, Surat - 395003.
Email: rupinpatchigar@gmail.com

# કોરોનાકાળની સત્યકથાઓ

## પ્રસ્તાવના

## રૂપીન પચ્ચીગર

કોરોનાની વિશ્વવ્યાપી મહામારીએ ૨૦૨૦ના વર્ષને પીડાદાયક બનાવી દીધુ. લગભગ માર્ચ ૨૦૨૦થી વિશ્વમાં કોવિડ'૧૯ એ હાહાકાર મચાવી દીધો છે. આખો દેશ એક મહારોગને કારણે બંધ થયો હોય તેવો પહેલો પ્રસંગ છે. ૧૦૦ વર્ષ પહેલાં ૧૯૧૮માં એક સ્વાઈન ફ્લુની બિમારીએ વિશ્વને હચમચાવી દીધુ હતુ. તે સમયે પણ લોકો માસ્ક પહેરીને ફરતા હતા અને તેના ફોટા આપણે જોયા.

આ મહામારીએ માનવીને માનવીથી દૂર કરી દીધો. હાથ મિલાવવાનું બંધ થઈ ગયું. ભારતીય પ્રણાલી મુજબ હાથ જોડી આવકારવાનું આખા વિશ્વએ સ્વીકારવું પડયું. લોકો ઘરમાં જ રહેતા થઈ ગયા. 'વસુધૈવ કુટુંબકમ્'ની વિશ્વ ભાવના ના લીરેલીરાં ઉડી ગયા. આપણે એક ગામથી બીજા ગામ કે એક શહેરથી બીજા શહેરમાં જવાની પણ હિંમત ન કરી શકયા. ખેર, એટલું ઓછું હોય તેમ પડોશીના ઘરમાં પણ જવાનુ લોકોએ ટાળ્યું. અતિથિ દેવો ભવની આપણી પ્રણાલી પર  અલ્પવિરામ મુકાઈ ગયું. અતિથિને બારણેથી જ વિદાય કરવાનુ શરૂ થયું. કોઈ કામ માટે આવતી વ્યક્તિ કોરોના લઈને તો નથી આવીને ? એવા ભાવે એને દરવાજાથી જ પરત કરવામાં આવ્યા.

વેપાર ઉદ્યોગ બંધ, શાળા મહાશાળા બંધ, થિયેટર, સિનેમાગૃહ, સભાખંડો બંધ. અરે! માનવીની બહાર જવાની તમામ પ્રવૃત્તિ બંધ થઈ ગઈ. આને કારણે અર્થતંત્ર કથળી ગયું. નબળું પડી ગયું. નોકરી માટે જતો માણસ કઈ રીતે પેટીયું રળે એ ચિંતાનો વિષય થઈ ગયો. કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને અનેક ધર્માદા સંસ્થાઓએ લોકોને અનાજ, પાણી અને ભોજન પૂરું પાડવા માટે સહાય યોજનાઓનો ધોધ વરસાવ્યો.

આર્થિક પેકેજ આપી અર્થતંત્રની ગાડીને પાટા ઉપર લાવવાના કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારના પ્રયત્નો સરાહનીય રહ્યા.

ગુજરાત રાજ્ય અને તેમાંય સુરત શહેર તો વેપાર ઉદ્યોગનું મુખ્ય સેન્ટર છે એટલે અહીંના ડાયમંડ અને ટેક્ષટાઈલ ઉદ્યોગમાં કામ કરતા લાખો લોકોને ફેકટરી બંધ થતા સરકારી સહાયથી ભોજન લઈ દિવસો વિતાવવા પડયા. પછી એક એવો તબક્કો આવ્યો કે કામદારોએ પોતાના નેટીવ રાજ્યમાં જવા માટે માંગ ઉઠાવી. કેન્દ્ર સરકારે આવા કારીગરોને પોતાના વતનમાં જવા માટે અનેક ટ્રેન દોડાવી. વતન પહોંચેલા લોકોને એના વતનમાં ૧૫ દિવસ હોમ કોરન્ટાઈન થવું પડયું. આમ પોતાના વતનમાં પોતાના સગાવ્હાંલાએ એમની સાથે ડીસ્ટન્સ રાખવુ પડયું.

માસ્ક પહેરવા ફરજિયાત થઈ ગયા. સેનીટાઈઝરથી હાથ ધોઈને ઘર કે દુકાનમાં પ્રવેશ કરવો એક રિવાજ બની ગયો. માસ્ક એજ રસી છે. માસ્ક પહેરીને તમે કોરોનાને પડકારી શકશો એવા વિચારે લોકોને ચહેરા ઢાંકી દેવાની ફરજ પડી.

આ સમય દરમ્યાન ત્રણ પ્રક્રિયા સામાન્ય થઈ ગઈ. માસ્ક પહેરો, સેનીટાઈઝરથી કે સાબુથી હાથ ધૂઓ અને બે ગજની દૂરી રાખી વાત કરો.

કોરોનાકાળ દરમ્યાન ડોકટર્સ, નર્સ અને સફાઈ કર્મચારીઓએ અદભુત કામગીરી કરી. લોકો એમને કોરોના વોરીયર તરીકે નવાજવા માંડ્યા. કેટલાંક ડૉકટર્સ અને નર્સીસ પોતાનો જીવ જોખમમાં મૂકીને પણ દર્દીની સારવાર કરતાં રહ્યાં અને ફરજ નિભાવતાં નિભાવતાં શહીદ થઈ ગયાં. એમનું મૃત્યુ શહીદીથી કમ નહોતું.

કેટલાંક દર્દીઓએ સંયમ રાખી દવા કરી, તો સાજા થયા અને કેટલાંક દર્દીઓએ કોરોનાના રોગને માત આપી પણ પછી હાર્ટ એટેકના કારણે મૃત્યુ પામ્યા.

આ કોરોનાકાળની સૌથી મોટી વિટંબણા એ હતી કે એણે દર્દીને તેના પરિવારના લોકોથી વિમુખ કરી દીધો. પરિવારનો સભ્ય એને મળી ન શકે. દર્દી મૃત્યુ પામે તો એની લાશને અગ્નિસંસ્કાર માટે લઈ જઈ ન શકે. તેની લાશને હોસ્પિટલવાળા જ દફનાવી દે કે અગ્નિસંસ્કાર કરે. પરદેશમાં રહેતા નજદીકના સગાઓ પોતાના પ્રિયજનના મૃત્યુ સમયે આવી એમના અંતિમ દર્શન ન કરી શકે. અરે, એક દેશમાંથી બીજા દેશમાં જવા માટેની વિમાની સેવા જ બંધ હતી. મૃત્યુ પામનારની લાશ જો તેના કુંટુંબીઓને આપવામાં આવે તો એમને કહેવામાં આવે કે ૨૦ વ્યક્તિથી વધુ વ્યક્તિને તમે સ્મશાનમાં ન લઈ જઈ શકો.

પરંતુ હવે ધીમે ધીમે બધું પાછું પાટા ઉપર આવી રહ્યું છે. કોરાનાની રસી શોધાઈ ગઈ છે. આજ સુધીમાં કરોડો લોકોને રસી મૂકી દેવામાં આવી છે. પરંતુ રસી મૂકયાં પછી પણ કાળજી રાખવી જરૂરી છે. માસ્ક પહેરવો, સાબુથી હાથ ધોવા, સેનીટાઈઝરનો ઉપયોગ કરવો અને વ્યક્તિ વ્યક્તિ વચ્ચે અંતર રાખી વાત કરવી, આ બધુ જ સાવચેતીના પગલા રૂપે જરૂરી છે.

વેપાર ઉદ્યોગ અને વાણિજ્ય એની અસલ સ્થિતિમાં આવવા માટે ઝઝૂમી રહ્યા છે. પરંતુ એવું લાગે છે એકવાર ભાંગી પડેલા અર્થતંત્રને ફરી બેઠું કરતા વાર લાગશે. કદાચ દોઢથી બે વર્ષ. એટલે આ કોરોનાએ આપણને શારીરિક રીતે તો નાદુરસ્ત કર્યા પરંતુ આર્થિક રીતે પણ પાયમાલ કરી દીધા છે.

આ તમામ ગંભીર બાબતો જે આપણે ૨૦૨૦ દરમ્યાન અનુભવી, એમાં અનેક ઘટનાઓ બની છે. અનેક પ્રસંગોએ આપણા દિલ ડહોળી નાખ્યાં છે. આ તમામ પ્રસંગોને

એક ઈ-પુસ્તકનાં રૂપમાં કંડારી, કોરોનાકાળના એ પ્રસંગોનો ઈતિહાસ, લોકોની ભાષામાં, લોકો દ્વારા અને લોકો માટે લખવાનો અમારો આ પ્રયત્ન છે.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત છેલ્લા ૬૭ વર્ષથી નાટય, સાહિત્ય, સંગીત અને ચિત્રકળા ક્ષેત્રે પ્રવૃત્તિ કરતી રહી છે. અમે કોરોનાકાળના કપરા સમયમાં "કોરોનાકાળનાં કાવ્યો" નામનું ઈ-પુસ્તક બનાવ્યું. આ ઈ-પુસ્તકમાં ૩૪૧ આમંત્રિત કવિતાઓ અને 303 સ્પર્ધક કવિતાઓ મળી કુલ ૬૪૪ કવિતાઓનું દળદાર પુસ્તક બન્યું. ગુજરાત ઉપરાંત આખા વિશ્વના કવિઓ દ્વારા લખેલી આ કવિતાઓને એકત્રિત કરી ઈ-પુસ્તક રૂપે પ્રકાશિત કરવાના અમારા પ્રયત્નએ વિશ્વ વિક્રમ સર્જ્યો અને RKK ને "હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ" માં સ્થાન મળ્યું. "હિન્દ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ" દ્વારા RKK ને એવોર્ડ પણ આપવામાં આવ્યો. આ એવોર્ડની અર્પણવિધિ તથા ઈ-પુસ્તકનું વિમોચન સાંસદ અને ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલના વરદ્ હસ્તે થયું.

એટલું જ નહિ લોકડાઉન દરમ્યાન, RKK દ્વારા આખુ વીક ઓનલાઈન કવિ સંમેલનનું આયોજન થયું. "ઓનલાઈન કવિ સંમેલન સપ્તાહ" ની ઉજવણી તા. ૨૧.૯.૨૦૨૦ થી તા. ૨૭.૯.૨૦૨૦ સુધી રોજ રાત્રે ૯ થી ૧૧.30 સુધી થઈ. આ સપ્તાહ દરમ્યાન એક મુખ્ય કવિ અને બીજા પંદર કવિઓએ ઓનલાઈન કવિ સંમેલનને ગજાવ્યું. એ કવિ સંમેલનમાં રજૂ થયેલ કુલ ૧૧૨ કવિઓની કવિતાનું પણ અમે ઈ-પુસ્તક બનાવ્યું. આમ આખું વીક ચાલેલા આ ઓનલાઈન કવિ સંમેલને પણ વિક્રમ સર્જ્યો. અને RKK ને એ સિધ્ધિ માટે "ગુજરાત બુક ઓફ રેકોર્ડસ" માં સ્થાન મળ્યું. આ ઈ-પુસ્તકનું વિમોચન તથા એવોર્ડની અર્પણવિધિ ભારત સરકારના કૃષિ મંત્રી શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાના વરદ હસ્તે થઈ.

આમ રાષ્ટ્રીય કલા કેન્દ્ર એ માત્ર સાહિત્યિક અને કલાની પ્રવૃત્તિ નથી કરી, પરંતુ સમાજની લાગણીઓ અને સંવેદનાઓને ઝીલવાનો પ્રયત્ન કરી, કવિતાનાં ઈ-પુસ્તકો અને સત્યકથાઓનું ઈ-પુસ્તક બનાવી ઈતિહાસ લખવાનો પ્રયત્ન કર્યો છે.

મિત્રો, રાષ્ટ્રીય કલા કેન્દ્ર એ આ ઈ-પુસ્તકનું નામ આપ્યુ છે, "કોરોનાકાળની સત્યકથાઓ". અમે લોકોને આહ્વાન કર્યું કે એવો કોઈ પ્રસંગ કોરોનાકાળમાં બન્યો હોય જે સત્યઘટના હોય તેને તમારા શબ્દોમાં લખી મોકલો તો અમે તમારી એ 'સત્યકથા' ને ઈ-પુસ્તકમાં છાપીશું. આ પુસ્તકની મૂલવણી સાહિત્યની દૃષ્ટિએ ન કરશો. આ ઈ-પુસ્તક કોઈ સાહિત્યિક કૃતિ નથી. આ ઈ-પુસ્તક વાસ્તવિકતાને દર્શાવતો દસ્તાવેજ છે. આ ઈ-પુસ્તક વર્ષો પછી પણ ૨૦૨૦-૨૧ ના કોરોનાકાળમાં લોકોને શું શું અનુભવ થયા હતા એ અંગેની માહિતી પુરી પાડશે.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર માટે અત્યંત આનંદ અને ગૌરવની વાત એ છે આ ઈ પુસ્તકનું વિમોચન ભારત સરકારના યુનીયન કેબીનેટ મીનીસ્ટર – હેલ્થ એન્ડ ફેમિલી વેલફેર, માનનીય ડૉ. હર્ષવર્ધનજીના વરદ હસ્તે તારીખ ૨૫ માર્ચ, ૨૦૨૧ ના રોજ થયુ છે. ડૉ. હર્ષવર્ધનજીનો સંપર્ક અને સંમતિ મેળવી આપવામાં લોકપ્રિય સાંસદશ્રી સી. આર. પાટીલનો પ્રેરણાદાયક સહકાર મળ્યો છે. આ તબક્કે ડૉ. હર્ષવર્ધનજી અને શ્રી સી. આર. પાટીલજીનો આભાર માનવા માટે મારી પાસે શબ્દ ઓછા પડે તેમ છે. ખૂબ ખૂબ આભાર.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર માટે વધુ એક આનંદની ઘટના છે કે અમારા આ ઈ-પુસ્તક પ્રકાશનના કાર્યને બિરદાવી, ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ શુભેચ્છા સંદેશ પાઠવી, અમને પ્રોત્સાહિત કર્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો અમો અંત:કરણપૂર્વક આભાર માનીએ છીએ.

આ ઈ-પુસ્તકમાં સુરત શહેરના મેયરશ્રી, સંસદ સભ્યશ્રીઓ, પોલીસ કમિશ્નરશ્રી, નોડલ ઓફિસરશ્રી કોવિડ-૧૯, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, કલેકટરશ્રી, ડે. મેયરશ્રી, સ્ટેન્ડીગ કમિટિ ચેરમેનશ્રી એ કરેલી અદભુત કામગીરીનો ચિતાર પણ અંકિત થયો છે. ગુજરાત ઉપરાંત કેનેડા અને અમેરિકાના નામાંકિત લેખકો, પત્રકારો, વર્તમાનપત્રના તંત્રીઓ અને સમાજના શ્રેષ્ઠીઓએ પણ પોતાના અનુભવની ઝાંખી કરાવી છે. આ તમામ મહાનુભાવો તથા સાહિત્યકારો, ડોકટરો, પત્રકારો અને આમજનતાએ અહીં પોતાના લેખ મોકલ્યા તે તમામનો અંત:કરણપૂર્વક આભાર માનું છું.

આ ઈ-પુસ્તકમાં લખાયેલી ઘટના અને માહિતી એ લેખકના પોતાના વિચારો, કામગીરી અને અનુભવ છે. કોરોનાકાળમાં એમણે કરેલ અદભુત કામગીરીને એમના પોતાના શબ્દોમાં અહીં રજૂ કરી છે. એમણે મોકલેલા લેખ, કોઈપણ ફેરફાર વગર અહીં પ્રસ્તુત કર્યા છે. લેખની વિગતો અને ઘટના એમનાં પોતાના શબ્દોમાં લખાયેલી છે. આથી જો કોઈ માહિતી દોષ હોય તો તે અંગેની જવાબદારી સંસ્થાની રહેતી નથી.

આ પુસ્તકમાં બે વિભાગમાં લેખને પ્રસ્તુત કરવામાં આવ્યા છે. પહેલો વિભાગ "આમંત્રિતોની અટારીએથી" અને બીજો વિભાગ "માનવતાની મહેક".

જુદા જુદા વિષયના નિષ્ણાંતો પાસેથી યોગ્ય માહિતી મળે એવા હેતુથી સંસ્થાએ કેટલાંક મહાનુભાવોને આમંત્રણ આપી લેખ મંગાવ્યા છે. આમ 'આમંત્રિતોની અટારીએથી' વિભાગમાં કુલ ૮૯ લેખનો સમાવેશ થાય છે.

તે ઉપરાંત આમજનતા પાસેથી પણ અમે એમના અનુભવને શબ્દરૂપે મૂકવાના પ્રયત્નો કર્યા છે. જે 'માનવતાની મહેક' વિભાગમાં રજૂ કર્યા છે. 'માનવતાની મહેક' વિભાગમાં અમને ૧૧૨ લેખ મળ્યા છે. આમ બન્ને વિભાગ મળીને આ ઈ-પુસ્તકમાં કુલ ૨૦૧ લેખ પ્રસ્તુત કર્યા છે.

આ ઈ-પુસ્તકમાં લેખો મેળવવામાં અમને અમારી સાહિત્ય સમિતિના કન્વીનર યામીની વ્યાસ, સભ્યશ્રીઓ પૂર્ણિમા ભટ્ટ અને દિલીપ ઘાસવાળાનો સહકાર મળ્યો જે નોંધનીય છે.

આ ઈ-પુસ્તકનું આકર્ષક મુખપૃષ્ઠ બનાવવાં માટે અમારી ચિત્રકળા સમિતિના કન્વીનર રાજર્ષિ સ્માર્તનો આભાર.

આ ઈ-પુસ્તકનાં પ્રકાશનમાં શ્રી નરેશ કાપડીઆએ તનતોડ મહેનત કરી તે બદલ સંસ્થા એમની ઋણી છે.

સંસ્થાના તમામ હોદ્દેદારો તથા કારોબારીના સભ્યોના સહકાર વિના આ પુસ્તકનું પ્રકાશન શક્ય નહોતું, એ તમામનો પણ અંત:કરણપૂર્વક આભાર.


રૂપીન પચ્ચીગર

મહામંત્રી

રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત.

ફોન ૯૮૨૫૧ ૨૧૨૧૭

# કહો રે સાજણ દખ કેવાં રે સહ્યાં

## સંપાદકીય – નરેશ કાપડીઆ

‘કોરોનાકાળની સત્યકથાઓ’ આ કપરા કાળનો દસ્તાવેજ છે. અહીં દુઃખ છે, દર્દ છે, સંવેદના છે, વિરહ છે, આપણી રોજીંદી હાર અને વાઈરસની જીતની વાતો છે; તો જાંબાઝોની આશા જગાવતી લડત પણ છે અને વાઈરસ તથા રોગ સામે માનવજાતની જીત પણ છે. મકરસંક્રાન્તિના તહેવાર બાદ ઊગેલો રસીકરણનો સૂરજ પણ છે. અધિકારીઓ અને તબીબોની કુનેહ પણ છે અને પ્રજાનો એક જૂથ થઈને અદ્રશ્ય શત્રુ સામેનો પડકાર પણ છે. ટૂંકમાં, લોકડાઉનથી અનલોક અને વાઇરસથી રસી સુધીની સત્યકથાઓ છે. સત્ય હંમેશા કલ્પનાઓથી વધુ વિચિત્ર હોય છે. અહીં આપણા સમાજ જીવનનો જે ચિતાર છે તે કોઈ કલ્પનાશીલ લેખકની રોમાંચિત કરતી કથા નથી પણ હકીકતની ધરતી પર ઊગી ઊઠેલી નકરી વાસ્તવિકતાઓ છે. આપણી આસપાસના સ્વજનોએ સહેલાં દુઃખોનો આ ચિતાર છે. આ એવા દુઃખોના પહાડ છે, જે વહેંચવાથી ભલે ઘટે નહીં, પણ બીજાને સાવચેત જરૂર કરી શકે.

સદીમાં એકાદવાર આવી મહામારી આવતી જોવા મળે છે. આ વખતે તે લગભગ સો વર્ષના વિરામ બાદ આવી અને તેણે જે હાહાકાર મચાવ્યો તે કોઈની પણ કલ્પનાથી પર હતો. આદમજાત અનેક પડકારોનો સામનો કરીને ટકી રહેવાની મથામણ લાખો વર્ષથી કરતી આવી છે. અનેક કુદરતી ઘટનાઓ સામે તે બળુકી બનીને ટકી પણ ગઈ છે. પણ આ વખતે આ ત્રાસદી કુદરતથી વધુ માનવસર્જિત હતી. ચીનના વુહાનથી શરુ થઈને આ ત્રાસદાયક સીલસીલો દુનિયાભરમાં ઘૂમી વળ્યો અને છેલ્લે એન્ટાર્કટિકાના દુર્લભ વિસ્તારો સુધી પહોંચી ગયો. આ રાક્ષસી વાઈરસ જાતે તો નથી સર્જાયો, તે વિચિત્ર વર્તણુંક ધરાવતા ચીનના વૈજ્ઞાનિકોએ જાણીને કે અજાણતા સર્જી કાઢ્યો છે, તે હકીકત તો ભવિષ્યમાં સામે આવશે. આ પહેલાંની આવી વૈશ્વિક મહામારીઓએ કરોડોના જાન લીધાં તા. તો આ વખતે કોવિડ ૧૯ (૨૦૧૯માં નજરે ચડેલા કોરોના પરિવારના નવીન વાઇરસ)એ આ લખાય છે ત્યાં સુધી નવ કરોડથી વધુ લોકોને સંક્રમિત કર્યાં અને તેણે દુનિયામાં અઢાર લાખથી વધુ લોકોના જાન લીધાં છે! આ આંકડો વીસેક લાખ પાર કરશે એવું લાગે છે. આમ આ મહામારીને પોઝીટીવ રૂપે જોઈએ તો અને ભારતે તેનો જે રીતે સામનો કર્યો તે જોતાં શૂળીનું વિઘ્ન સોયે ગયું છે, એવું ધારીને શાંત્વન મેળવી શકાય.

શરૂઆતમાં આ ઈ-પુસ્તક લોકો પર જે વિત્યું તેના વર્ણન સુધી સીમિત રાખવાનું નક્કી કર્યું હતું. પરંતુ જેમ જેમ વાયરસ, રોગ અને તેના સામનાની કળ વળતી ગઈ તેમ ચિત્ર બદલાયું. મહામંત્રી રૂપીન પચ્ચીગરે તેને આ યુદ્ધના અગ્રીમ સેનાનીઓની કલમે નોંધવાનું બીડું ઉપાડ્યું. દિવસો સુધી અનેક

અધિકારીઓ, પત્રકારો, તબીબો, વકીલો, હોસ્પિટલ્સનો સંપર્ક કરીને તેમના લેખો આપવાનું તેઓ સમજાવતા રહ્યા અને તેમના લેખો ઉમેરાતા ગયાં. પ્રજાના પ્રતિનિધિઓ અને પહેલી હરોળના કાર્યકરોના હેવાલો ઉમેરતા આ પુસ્તકમાં અનેક ગણું મૂલ્યવર્ધન થયું. રૂપીનભાઈની પહેલ રંગ લાવી, તેમના સંપર્કોએ સાદ સાંભળ્યો અને આપણને મૂળ સમાન લડવૈયાઓ સાથે તેમના સેનાનીઓની કલમે લખાયેલા લેખો મળ્યાં. રૂપીનભાઈના સંપર્કો અને તેનાથી મળેલાં સંતર્પક પરિણામે આ પુસ્તકને ખરો દસ્તાવેજી ચિતાર આપ્યો છે.

આપણી આસપાસનું જગત, સુરત મહાનગર કે ગુજરાતી પ્રજામાં મહામારીના ધડાકાના કેવાં પડઘાં પડ્યાં તે ઝીલવાનો આ અવસર છે. અહીં સ્થાનિક વ્યવસ્થાના કાર્યના હેવાલ છે તો સમાજને હલબલાવી મુકે તેવી પારિવારિક ઘટનાઓને સત્યકથાઓના દર્પણમાં જોવાનો પ્રયાસ છે. આ પોર્ટ્રેઈટ્સ સમગ્ર ચિત્રનો ચિતાર આપે તેવા જરૂર છે. આ સંગ્રહ સર્જવા અમે નવોદિત સર્જકોનો વધુ સહારો લીધો છે. તેમની તાજી કલમે 'જે સત્ય જોયું-જાણ્યું તે લખવું' એવો સહકાર માંગ્યો અને અમને તે મળ્યો પણ ખરો. અમે તેમને જેવા લખાયા, ટાઈપ થયાં તેવા જ રાખવાનો પણ પ્રયાસ કર્યો છે. આ પહેલાં અમે 'કોરોનાકાળનાં કાવ્યો'નો સંગ્રહ બનાવ્યો હતો અને અમારી સાથે થનગનતી નવી કલમોનો એક પરિવાર આકાર લઇ ચુક્યો હતો. બસ, એ જ પરિવારનું આ સહિયારું સત્કૃત્ય છે. સાથે અમને સિદ્ધહસ્ત કટારલેખકો અને પત્રકારોનો પણ સાથ મળ્યો છે, જે ઉગતા લેખકોને પ્રેરિત કરશે. જાહેર વ્યવસ્થાનાં કારકો, પ્રજાપ્રતિનિધિઓ, અધિકારીઓથી માંડી સમાજ સેવકો અને નવીન ઉન્મેષથી ઉત્સાહિત પાયાના સેવકોએ આ મહામારીનો સામનો કેવી રીતે કર્યો; તે તેમની કલમે જ નોંધાય એવો અમારો આગ્રહ અને તેમના સહકારનું પરિણામ છે આ વાંચન સામગ્રી.

આ ઈ-પુસ્તક એક પદાર્થપાઠ છે કે અણધારી આફત આવી પડે તો સમાજ અને સરકાર તેનો સામુહિક સામનો કરવાનો પ્રબંધ કેવી રીતે કરી શકે. આ એટલી મોટી ઘટના શૃંખલા હતી કે આવાં અનેક ઈ-પુસ્તકો પણ તેને પૂરી આવરી ન શકે. છતાં, આપણા સીમિત સાધનો અને સમજથી થયેલો આ પ્રયાસ જરૂર છે. આપણા અંગતથી માંડી સમાજ જીવન પર ઊંડી અસર કરી ગયેલા કોરોના કાળખંડની મોત જેવી ઠંડી હિમશિલાની આ ટોચ છે. એને ઈ-પુસ્તક રૂપે એટલા માટે રજુ કરીએ છીએ કે તે સરળતાથી સૌને ઉપલબ્ધ થાય, સાચવી શકાય.

રાષ્ટ્રીય કલા કેન્દ્ર અને મિત્ર રૂપીન પચ્ચીગર દ્વારા આ ઈ-પુસ્તકનું સંપાદન કરવાની તક આપવા બદલ આભારી છું.

નરેશ કાપડીઆ – સુરત – ૯૯૦૯૯૨૧૧૦૦ – nareshkkapadia@gmail.com

# અનુક્રમ
## આમંત્રિતોની અટારીએથી


| | |
|---|---|
| ૧. સી. આર. પાટીલ, સાંસદ – નવો રોગ, નવી મુસીબતોનો સામનો | ૨૩ |
| ૨. દર્શનાબેન જરદોશ, સાંસદ – કુદરત સેવકોની પરીક્ષા લે છે | ૨૬ |
| ૩. ડૉ. જગદીશ પટેલ, મેયર – સંક્રમણ સામે સુરતનો સંઘર્ષ | ૩૦ |
| ૪. અજય કુમાર તોમર, પોલીસ કમિશનર – કપરી પરિસ્થિતિમાં પોલીસ કામગીરી | ૩૪ |
| ૫. મહેન્દ્રભાઈ પટેલ, કોવિડ નોડલ અધિકારી – સુરતીઓનો કોવિડ સામે જંગ | ૩૮ |
| ૬. બંછાનિધિ પાની, મ્યુનિસિપલ કમિશનર – Response by SMC | ૪૩ |
| ૭. ડૉ. ધવલ પટેલ, કલેક્ટર – કોરોનાકાળની ભોજનવ્યવસ્થા | ૪૯ |
| ૮. અશોક એમ દવે, જજ – કોરોના એક વૈશ્વિક મહામારી | ૫૨ |
| ૯. નીરવ શાહ, ડેપ્યુટી મેયર – માનવતાનાં માંડવે કર્મની આહુતિ | ૫૪ |
| ૧૦. અનિલ ગોપલાણી, અધ્યક્ષ સ્થાયી સમિતિ – મહાનગરપાલિકા લોકોની પડખે | ૫૭ |
| ૧૧. કેતન લાપસીવાલા – સંઘની સંવેદનાની સરવાણી | ૫૯ |
| ૧૨. અજીત શાહ – મોં હસતું અને દિલ રડતું રહ્યું | ૬૩ |
| ૧૩. અમૃત વડિયા – જાલીમ કોરોનાનું નડતર | ૬૪ |
| ૧૪. અનુજ પચ્ચીગર – આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના | ૬૫ |
| ૧૫. ડૉ. અપૂર્વ દેસાઈ – મહામારીમાં શિક્ષણ જગતના પ્રયાસ | ૬૯ |
| ૧૬. ડૉ. આશિષ શાસ્ત્રી – કોરોનાકાળ દરમ્યાન સંગીત પર અસર | ૭૨ |
| ૧૭. ભગીરથ એન પટેલ – કોરોનાની બીમારીનો જાત અનુભવ | ૭૪ |
| ૧૮. ભાગ્યેશ જહા – કોરોના, કરુણા અને કવિતા અને કાયાકલ્પ | ૭૭ |
| ૧૯. ભરતભાઈ શાહ – લોકડાઉનનાં અનુભવો ૧ | ૭૯ |
| ૨૦. ભરતભાઈ શાહ – લોકડાઉનનાં અનુભવો ૨ | ૮૦ |
| ૨૧. ભરતભાઈ શાહ – લોકડાઉનનાં અનુભવો ૩ | ૮૧ |
| ૨૨. દર્શિની કોઠિયા – વિશ્વના લોકોની કસોટીનો સમય | ૮૨ |
| ૨૩. દર્શિતસિંહ રાઠોડ – કોરોના યોદ્ધાઓને સલામ | ૮૪ |
| ૨૪. દિલીપ ઘાસવાલા – લોકડાઉન કે મોરલડાઉન? | ૮૬ |
| ૨૫. દિલીપસિંહ ક્ષત્રિય – કોરોનાએ ઘણાં પાઠ શીખવ્યા | ૮૮ |

૨૬. દિલીપસિંહ ગોહિલ – લોકડાઉનના અનુભવો ૯૧
૨૭. દિનેશ નાવડીયા – કોરોનાને ક્યારેય ભૂલીશ નહીં ૯૨
૨૮. ગોવિંદ ધોળકિયા - કોવિડ સંક્રમણ અને હીરા ઉદ્યોગ ૯૪
૨૯. હિલ્લુવાલા પરિવાર – Surat misses you Dr Dilip Modi ૯૭
૩૦. જગદીશ ઇટાલીયા – લોકડાઉન, એક અનુભવ વગરના અનુભવો ૯૮
૩૧. જસમતભાઈ વિડિયા - આવો કપરો સમય ક્યારે જોયો નહોતો ૧૦૦
૩૨. જ્વલંત નાયક – મારે માટે આપત્તિમાં અવસર ૧૦૪
૩૩. કમલેશ યાજ્ઞિક - કોવિડ અને ક્લાયમેટ ચેંજ ૧૦૬
૩૪. કેતન કે દલાલ – મૂડી બજાર માટે આશીર્વાદ ૧૧૦
૩૫. ડૉ. કેતન શાહ – કાપ્સે સર, હજુ આપ અમારી જોડે જ છો ૧૧૨
૩૬. ડૉ. કિશોરસિંહ ચાવડા – કોરોનાકાળમાં જ્ઞાનનો વહેતો પ્રવાહ ૧૧૫
૩૭. કૃષ્ણકાંત ઉનડકટ – દૂરબીન ૧ ૧૧૮
૩૮. કૃષ્ણકાંત ઉનડકટ – દૂરબીન ૨ ૧૨૧
૩૯. કૃષ્ણકાંત ઉનડકટ – દૂરબીન ૩ ૧૨૪
૪૦. કૃષ્ણકાંત ઉનડકટ – દૂરબીન ૪ ૧૨૭
૪૧. કૃષ્ણકાંત ઉનડકટ – દૂરબીન ૫ ૧૩૦
૪૨. કૃષ્ણકાંત ઉનડકટ – દૂરબીન ૬ ૧૩૩
૪૩. કૃષ્ણકાંત ઉનડકટ – દૂરબીન ૭ ૧૩૬
૪૪. કૃષ્ણકાંત ઉનડકટ – હવે હું નહીં બચું! ૧૩૯
૪૫. કૃતિકા શાહ – કોરોનાકાળમાં તાલ ગ્રુપે નૃત્ય પ્રવૃત્તિ જીવંત રાખી ૧૪૨
૪૬. લવજીભાઈ બાદશાહ – આ યુદ્ધ અભૂતપૂર્વક અને પડકારજનક છે ૧૪૪
૪૭. મહારુખ ચીચગર – Let your own light shine ૧૪૬
૪૮. ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ – સારવારની શરૂઆત સિવિલથી થઇ ૧૪૮
૪૯. મયંક ત્રિવેદી – કાળમુખો કોરોના ૧૪૯
૫૦. મયુર પાઠક – લાઈવ વાયર ૧ ૧૫૧
૫૧. મયુર પાઠક – લાઈવ વાયર ૨ ૧૫૪
૫૨. મયુર પાઠક – લાઈવ વાયર ૩ ૧૫૮
૫૩. ડૉ. મેહુલ પંચાલ – કોરોનાનો કિરણ હોસ્પિટલનો અનુભવ ૧૬૧
૫૪. મેહુલ શર્મા – કોરોનાકાળ અને આપણે ૧૬૬

| | |
|---|---|
| ૫૫. ડૉ. મુકુલ ચોકસી – હે પ્રભુ એમને ચેપ લગાડી દે | ૧૬૯ |
| ૫૬. ડૉ. મુકુર પેટ્રોલવાલા – કેટલા મોટા આઘાત અને વિટંબણા | ૧૭૨ |
| ૫૭. નરેશ કાપડીઆ – ગીતો ભર્યા એ ૧૪ કલાક | ૧૭૩ |
| ૫૮. નરેશ કાપડીઆ – પ્રસ્થાન | ૧૭૪ |
| ૫૯. નરેશ કાપડીઆ – કોરોનાકાળની કેટલીક ફેકટ ફાઈલ્સ | ૧૭૬ |
| ૬૦. નરેશ કાપડીઆ – કોવીડ સામેના યુદ્ધમાં આપણે ક્યાં? | ૧૭૮ |
| ૬૧. નરેશ કાપડીઆ – કોરોના અને બાળઉછેર | ૧૭૯ |
| ૬૨. નરેશ કાપડીઆ – આપણે જાતને આમ બચાવી, બચાવતા રહીશું | ૧૮૧ |
| ૬૩. નયનાક્ષી વૈદ્ય – કોરોનાકાળની સંવેદનાઓ | ૧૮૩ |
| ૬૪. નઈમ કાદરી – Stillness and silence of lockdown | ૧૮૯ |
| ૬૫. નિખીલ મદ્રાસી – ડરથી બચવાનો માર્ગ છે પ્રવૃત્તિ | ૧૯૧ |
| ૬૬. ડૉ. નિર્મળ ચોરારિયા – હમણાં તો માસ્ક જ રસી છે | ૧૯૩ |
| ૬૭. ડૉ. પરેશ વૈદ્ય – દુનિયાની ભીડમાં કોઈ આપણું હોય | ૧૯૫ |
| ૬૮. પ્રો. પર્સી એન્જીનીયર – કોરોનાકાળ જીવનનો સુવર્ણકાળ | ૧૯૭ |
| ૬૯. ડૉ. પારુલ વડગામા – સુરત ટીમવર્કથી જીત્યું | ૨૦૦ |
| ૭૦. પ્રમોદ આહિરે – કોરોનાકાળ અણધારી આફત | ૨૦૪ |
| ૭૧. પ્રવીણ સરાધીયા – જિંદગીભર ભુલાશે નહીં | ૨૦૬ |
| ૭૨. પૂર્ણિમા ભટ્ટ -સન્નાટો | ૨૦૭ |
| ૭૩. પૂર્ણિમા ભટ્ટ – અનાથ | ૨૦૯ |
| ૭૪. રાજ અસ્તી - જીવનની સૌથી કપરી સવાર | ૨૧૦ |
| ૭૫. રાજર્ષિ સ્માર્ત – કલાકાર માટે કોરોનાકાળ | ૨૧૧ |
| ૭૬. રાજુ સાલુંકે – જયારે કોરોનાનો હાઉ પ્રાણઘાતક નીવડ્યો | ૨૧૩ |
| ૭૭. રૂપીન પચ્ચીગર – કેન્દ્ર સરકારની આર્થિક સહાય યોજના | ૨૧૫ |
| ૭૮. રવીન્દ્ર પારેખ – લોકડાઉન કે લોકઅપ? | ૨૧૮ |
| ૭૯. રવીન્દ્ર પારેખ – પ્રભાવતી | ૨૨૧ |
| ૮૦. શૈલેશ ઠાકર – કોવિડ માનવપ્રેરિત કે પ્રકૃતિપ્રેરિત? | ૨૨૪ |
| ૮૧. ડૉ. શિવ નારાયણ કાલિયા – Violence against healthcare workers | ૨૨૬ |
| ૮૨. ડૉ. શિવ નારાયણ કાલિયા – કોરોનાકાલના હૃદયસ્પર્શી સંસ્મરણો | ૨૨૯ |
| ૮૩. સુધીર યાર્દી – કોરોનાકાળમાં સંગીત અને શિક્ષણ પર અસર | ૨૩૪ |

૮૪. વિજય ઠક્કર – યમદૂત રાહ જોઈને તો નહીં બેઠો હોયને? ૨૩૬
૮૫. વિજયસિંહ રાઠોડ – કોરોનાકાળમાં સધ્ધરોને હાથ લંબાવતા જોયાં ૨૩૮
૮૬. ડૉ. વિકાસ કિશોર દેસાઈ – કોરોનાકાળનાં અનુભવોથી અનુકૂલન ૨૪૦
૮૭. યામિની વ્યાસ – કોરોનાકાળનાં એક ટુકડાને પત્ર ૨૪૩
૮૮. યઝદી કરંજિયા – કોરોનાની કમાલ અને ધમાલ ૨૪૫
૮૯. ડૉ. નિરજ ભણસાલી – કોરોનાકાળનો મારો અનુભવ ૪૨૪


## માનવતાની મહેંક



૯૦. આરતી રામાણી – થ્રી સ્ટેટ ૨૪૯
૯૧. અજ્ઞાત – સેવાનો આવો અવસર બીજે ક્યાં? ૨૫૧
૯૨. અલ્પા શાહ – ક્વોરેન્ટાઈન ૨૫૩
૯૩. અલ્પા વસા – જવાન વીરો ૨૫૪
૯૪. અનિલ દવે – કોરોનાનો ખોફ ૨૫૫
૯૫. અંજના ગાંધી – સરહદ વગરનો સિપાહી ૨૫૬
૯૬. ડૉ. અંજલિ પ્રજાપતિ – આપવીતી ૨૫૭
૯૭. અવનિ દવે – પિતાની છત્રછાયા ફરી પામ્યાં ૨૫૯
૯૮. ભગવતી પંચમતીયા – રાંકનું રતન ૨૬૧
૯૯. ભરત ભટ્ટ – માણસાઈ નામે પોસ્ટ ૨૬૨
૧૦૦. ભરત ગોસ્વામી – કોરોનટાઈનની કૈદ ૨૬૪
૧૦૧. ભરત ગોસ્વામી – ઝૂંપડાની માણસાઈ ૨૬૫
૧૦૨. ભરત ગોસ્વામી – રજા ૨૬૭
૧૦૩. ભરત ગોસ્વામી – વહેમનો વાઈરસ ૨૬૮
૧૦૪. ભરત ગોસ્વામી – વિદાયવેળા ૨૭૦
૧૦૫. ભરત ગોસ્વામી – હવે કોણ? ૨૭૨

૧૦૬. ભરતચંદ્ર શાહ – કોરોનાનો જાત અનુભવ ૨૭૩
૧૦૭. ભરતસિંહ ઠાકોર – પરિવારથી કોઈ વાત છુપાવવી નહીં ૨૭૫
૧૦૮. ભાર્ગવી પંડ્યા – હરતરફ આગ હૈ, દમન કો બચાયે કૈસે? ૨૭૭
૧૦૯. ભાવના ઉપાધ્યાય – નવી રાહ ૨૭૮
૧૧૦. ચંદ્રિકા ભટ્ટ – આવી બીમારી કદી જોઈ નથી ૨૭૯
૧૧૧. ચાર્મી મજીઠીયા – બેદરકારી ૨૮૦
૧૧૨. ચેતના ગણાત્રા – માણસાઈ ૨૮૧
૧૧૩. દર્પણ સુરતી – એક દુઃખી પરિવાર ૨૮૨
૧૧૪. દાયમા જશપાલ સિંહ – કોરોનાનો ભય ૨૮૪
૧૧૫. આરજે દેવકી દીદી – આપણે જાતે જ લડવાનું હોય ૨૮૫
૧૧૬. દિપક ટુન્ડજવાળા – સ્વમાન ૨૮૬
૧૧૭. ગાયત્રી પટેલ – કોરોના કાળમાં પરિવારના પારખાં ૨૮૭
૧૧૮. ગિરિમા ઘારેખાન – કોરોના કોરોના ૨૮૮
૧૧૯. હંસા ઝાલા – હું સ્ત્રી છું ૨૯૦
૧૨૦. હિના દાસા – જયારે સચવાયેલો ડૂમો ખાલી થયો ૨૯૩
૧૨૧. હિના દાસા – ફરજ નામે કર્મ ૨૯૫
૧૨૨. હિના દાસા – કપરોકાળ ૨૯૬
૧૨૩. હિમાની શાહ – પરિવારે દીકરી અને વડીલ ગુમાવ્યાં ૨૯૭
૧૨૪. હિમાની શાહ – જગત પરિવાર બની અજાણ્યા શત્રુ સામે લડ્યું ૨૯૮
૧૨૫. ઇવેન્જલીના પટેલ – કોરોના વોરિયર નાની ઝિનુ ૩૦૦
૧૨૬. જીગીષા દેસાઈ – ક્વોરોન્ટાઇન ૩૦૩
૧૨૭. જીગીષા દેસાઈ – કોરોના સંગ જંગ ૩૦૪
૧૨૮. જીજ્ઞેશ ત્રિવેદી – પ્રિયતમ ૩૦૫
૧૨૯. કાજોલ ડેરિયા – સમજદાર દંપતી ૩૦૬
૧૩૦. કલ્યાણી વ્યાસ – કેન્સર, કોવિડ અને કલ્યાણી ૩૦૯
૧૩૧. કામિની મહેતા – નવી સવાર ૩૧૧
૧૩૨. કવિતા મોદી – મા દીકરો કોરોનાના ખપ્પરમાં ૩૧૨
૧૩૩. કવિતા મોદી – મા દીકરો ૩૧૩
૧૩૪. કવિતા મોદી – રાતે તો જોયા હતા ૩૧૪

| | |
|---|---|
| ૧૩૫. કવિતા મોદી – કોરોના કાળ બન્યો | ૩૧૫ |
| ૧૩૬. કવિતા મોદી – હાય રે કોરોના | ૩૧૬ |
| ૧૩૭. કિરણ શાહ – ડર | ૩૧૭ |
| ૧૩૮. કિરીટ વખારિયા – વહેણ બદલી નાંખતું કોરોના | ૩૧૮ |
| ૧૩૯. કિરીટ વખારિયા – પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવો | ૩૨૦ |
| ૧૪૦. કોકિલા રાજગોર – કોરોનાનાં કહેરમાં | ૩૨૧ |
| ૧૪૧. કોકિલા રાજગોર – નખમાં રોગ નહોતો એ ચાલ્યા ગયા | ૩૨૩ |
| ૧૪૨. કુસુમ કુંડારિયા – ફરજ અને નિષ્ઠા | ૩૨૫ |
| ૧૪૩. કુસુમ કુંડારિયા - લોકડાઉન | ૩૨૬ |
| ૧૪૪. લીલાબેન પટેલ – ઓનલાઈન શિક્ષણ | ૩૨૮ |
| ૧૪૫. માલિની પાઠક – પ્રભુની અકળ લીલા | ૩૩૦ |
| ૧૪૬. મનીષા સોલંકી – ઉદાત્ત સેવાભાવના | ૩૩૨ |
| ૧૪૭. મનોજકુમાર પંચાલ – કોરોનાથી કૈલાસ | ૩૩૪ |
| ૧૪૮. મનોજકુમાર પંચાલ – વાંક કોનો? | ૩૩૫ |
| ૧૪૯. માનસી દિવાકર – જવાબદારી | ૩૩૬ |
| ૧૫૦. મેહુલ ત્રિવેદી – નાસમજનું વેકેશન | ૩૩૭ |
| ૧૫૧. મીનાબેન માંડલેવાળા – મારી વીતક કથા | ૩૩૮ |
| ૧૫૨. મુકેશ રાઠોડ – અનોખો પ્રેમ | ૩૩૯ |
| ૧૫૩. નીલા સંઘવી – પ્રેમની શક્તિ | ૩૪૦ |
| ૧૫૪. નીલમ દોશી – રામબાણ વાગ્યા હોય તે જાણે | ૩૪૧ |
| ૧૫૫. નિરજ મોહન – એકલતાનો સાદ | ૩૪૨ |
| ૧૫૬. નિર્ઝરી મહેતા – આવું કંઈ હોય! | ૩૪૪ |
| ૧૫૭. નીતિ શાહ – કોરોનાનાં અંધકારમા અસ્તિત્વનો ઉજાસ | ૩૪૬ |
| ૧૫૮. નીતિ સેજપાલ – કોરોનાનો ડર | ૩૪૭ |
| ૧૫૯. પારુલ બારોટ – એ ચૌદ દિવસ | ૩૪૮ |
| ૧૬૦. પીના પટેલ – સાવચેતી એજ સલામતી | ૩૫૧ |
| ૧૬૧. પ્રભુદત્ત ભટ્ટ – પથ્થર | ૩૫૨ |
| ૧૬૨. પ્રજ્ઞા વખારિયા – કોરોનાના કાળમુખમાંથી અદભુત બચાવ | ૩૫૩ |
| ૧૬૩. પ્રજ્ઞા વખારિયા – કોરોના, તને કયું બિરુદ આપવું! | ૩૫૫ |

૧૬૪. પ્રકાશ મહેતા – ત્યારે મેં ઈશ્વરને સમર્યા ૩૫૭
૧૬૫. પ્રીતિ શાહ – અંતિમ વિદાય ૩૬૨
૧૬૬. પૂજા કાનાણી – વ્યથા ૩૬૪
૧૬૭. ડૉ. રાધિકા ટીક્કુ – આંતરવિશ્વ ૩૬૫
૧૬૮. રંજના પટેલ – શ્રદ્ધા ૩૬૭
૧૬૯. રંજના પટેલ – કોરોનાનાં ઉપચાર ૩૭૦
૧૭૦. રંજના પટેલ – કોરોના એક માનસિક વેદના ૩૭૩
૧૭૧. રંજના પટેલ – અંશત: સંતોષજનક સેવાકાર્ય ૩૭૫
૧૭૨. રીટા મેકવાન – કોરોનાકાળનો સ્વાનુભવ ૩૭૬
૧૭૩. ઋતંભરા ઠાકર – વિધિની વક્રતા ૩૭૮
૧૭૪. સંગીતાબેન શર્મા – આ કેવું સંકટ? ૩૭૯
૧૭૫. સંગીતાબેન શર્મા – માનસિક શક્તિ, એક અજોડ શસ્ત્ર ૩૮૧
૧૭૬. સંગીતાબેન શર્મા – અંધકારથી પ્રકાશ તરફ ૩૮૩
૧૭૭. કોરોનાકાળનાં અનુભવો – સરલા સુતરિયા ૩૮૬
૧૭૮. ડૉ. સેજલ દેસાઈ – લાચારી ૩૮૮
૧૭૯. શૈલેશ પંડ્યા – મેરા ભરત મહાન ૩૮૯
૧૮૦. શાંતિ બામણીયા – સન્નાટો ૩૯૧
૧૮૧. શાંતિ બામણીયા – બે ભાઈઓ ૩૯૨
૧૮૨. શરદ ત્રિવેદી – ઓનલાઈન બિઝનેસ ૩૯૩
૧૮૩. શિલ્પા શેઠ – સેવાયજ્ઞ ૩૯૫
૧૮૪. શીતલ ગઢવી – કોરોનાનો કહેર ૩૯૭
૧૮૫. સ્મિતા શાહ – મા ની સંવેદના ૩૯૯
૧૮૬. શ્રીનિવાસ મિટકુલ – અસાધારણ વો શિક્ષક હોતા હૈ! ૪૦૧
૧૮૭. સોલી ફિટર – કોરોનાકાળના મારા અનુભવો ૪૦૨
૧૮૮. સુનિલ ગામીત – મદદ ૪૦૪
૧૮૯. ડૉ. સ્વાતિ શાહ – કોરોના ખેધે પડ્યો ૪૦૬
૧૯૦. ડૉ. સ્વાતિ શાહ – વટહુકમ ૪૦૭
૧૯૧. શ્વેતા તલાટી – કોરોનાકાળની સત્યકથા ૪૦૮
૧૯૨. શ્વેતા તલાટી – વિરહ ૪૦૯

૧૯૩. તતિક્ષા રાવલિયા – સકારાત્મક ઊર્જા ૪૧૦
૧૯૪. તતિક્ષા રાવલિયા – ન સાંપડ્યું અંતિમ દર્શન ૪૧૨
૧૯૫. તતિક્ષા રાવલિયા – ફરજપાલન ૪૧૩
૧૯૬. તેજલ શાહ – માનસિકતા ૪૧૪
૧૯૭. તુલસી દેસાઈ – દીકરી એટલે શું તે કોરોનાને ન સમજાય ૪૧૫
૧૯૮. ઉમેશ ભટ્ટ – પુસ્તકોનું લોકાર્પણ મુલતવી રાખ્યું ૪૧૭
૧૯૯. વર્ષા ત્રિવેદી – કોરોના સામે જંગ ૪૧૯
૨૦૦. ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી – બહાર અનલોક ઘરમાં કોરોના ૪૨૦
૨૦૧. યામિની પટેલ – જબ કોવિડ હુઆ તો ડરના ક્યા? ૪૨૨




# આમંત્રિતોની અટારીએથી

# COVID 19

## નવો રોગ, નવી મુસીબતોનો સામનો કરી માર્ગ કાઢતાં રહ્યાં

### સી. આર. પાટીલ, સાંસદ

૨૦૨૦ ના માર્ચ મહિનામાં પહેલીવાર જાહેરાત થઈ કે ભારતમાં પણ કોવીડ-૧૯ ની અસર થશે અને વિશ્વના અન્ય દેશોની જેમ ભારતની જનતા પણ કોરોનાની મહામારીનો ભોગ બનશે.

એક સંસદ સભ્ય તરીકે મારી જવાબદારી હતી કે સુરત-નવસારીના લોકોને આ મહામારીથી બચાવવા. આ તદ્દન નવો રોગ એટલે એની અસર કઈ રીતે અને કેટલી થશે એનો અંદાજ ન હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનતા કરફર્યુથી લોકોને મહામારી વિશે માહિતી આપી, ચેતવણી આપી કે આ એક અદ્રxય શત્રુ છે તેથી લોકોએ માસ્ક પહેરી, સેનીટાઈઝરનો ઉપયોગ કરી, હાથને સાબુથી ધોઈને પોતાની જાતને બચાવવી પડશે. એટલે અમે રોગની ગંભીરતા વિશે જાણકારી મેળવી. લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયત્ન કર્યો. જનતા કરફ્યું પછી લોકડાઉન ૧-૨-૩ નો દૌર ચાલુ થયો.

સુરત નવસારીમાં જ્યાં ગીચ વસ્તી હતી ત્યાં કોરોનાના કેસ થવા માંડયા એટલે હું અને મારી ટીમ વધુ સજાગ થઈ લોકોની પડખે ઉભા રહ્યા. એક દિવસ એક અજાણ્યા શખ્સનો ફોન આવ્યો કે “મારુ કુંટુંબ ત્રણ દિવસથી ભૂખ્યું છે. અમે મજદૂર છીએ, અમો રોજનું કમાઈને રોજ ખાનાર શ્રમિક છીએ. અમારી પાસે નથી રાશન કે નથી ભોજન”. આ ફોન સાંભળી ને હું અવાક થઈ ગયો. અને અમે શપથ લીધા કે સુરતમાં એક પણ વ્યક્તિ ભૂખ્યો ન રહે અને એક પણ વ્યક્તિ ભૂખ્યો ન સુવે. મે મારા કાર્યકરોના સહયોગથી અનાજની કીટ બનાવી. ધીમે ધીમે વાત પ્રસરતી ગઈ અને અમે કામદારોના કુંટુંબને ૧,૭૦,૦૦૦ અનાજની કીટનું વિતરણ કર્યું.

ત્રીજા લોકડાઉન પછી લગભગ ત્રણ માસ થઈ ગયા હતા. એટલે ટેક્ષટાઈલ અને અન્ય ઉદ્યોગના કારીગરો અકળાઈ ગયા હતા એમને થયુ કે આવુ કેટલા દિવસ ચાલશે તે ખબર નથી એટલે એમણે પોતાના વતનમાં જવાની જીદ પકડી. મારી પાસે અનેક રજૂઆત આવી. સુરત એ મીની ભારત છે. અહીંની વસ્તીના લગભગ ૩0% લોકો દેશના જુદા જુદા રાજ્યો અને પ્રાંતમાંથી આવી મજદૂરી કરે છે. અહીં ઉત્તર ભારત, દક્ષિણ ભારત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, બંગાળ માંથી લોકો રોજીરોટી કમાવવા માટે આવે છે. હવે પ્રશ્ન ખૂબ પેચીડો હતો. આખા દેશની ટ્રેન બંધ હતી. પરંતુ મે માનનીય વડાપ્રધાન

શ્રી નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી શ્રી અમીતભાઈ શાહનો સંપર્ક કર્યો અને કામદારોની આપવીતી જણાવી. મારી રજૂઆતને પગલે દેશમાં પહેલીવાર કામદારો માટે ટ્રેનો દોડાવવાની પરવાનગી મળી. આશરે ૫૦૦ જેટલી ટ્રેનો કેન્દ્ર સરકારે સુરત માટે ફાળવી જે સુરત માંથી આખા દેશના જુદા જુદા રાજ્યોમાં ગઈ અને આશરે ૯ લાખ કારીગરોને પોતાના વતનમાં પહોંચાડયા. એટલું જ નહી જેટલી ઉતાવળ કામદારોને વતનમાં જવાની હતી, એટલી જ ઉતાવળ પાછા આવી રોજીરોટી કમાવવાની હતી એટલે જેટલી ટ્રેનો કામદારોને વતન લઈ જવા માટે ગઈ હતી એટલી ટ્રેનો એમને વતનથી સુરત લાવવા માટે દોડી. આમ દેશ અને તેના કર્તાહર્તાઓએ શ્રમિકો પ્રત્યેની એમની સંવેદનશીલતા બતાવવામાં જરાય પાછી પાની ન કરી.

સુરતમાં ટેક્ષટાઈલ ઉદ્યોગ અને હિરા ઉદ્યોગ સાથે સંકળાયેલા અનેક કારીગરો સૌરાષ્ટ્રથી આવે છે. એથી એમને સૌરાષ્ટ્ર પહોંચાડવા માટે પોલીસ કમીxનર શ્રી બ્રહ્મભટ્ટના સહકારથી ૧૦૦૦ થી વધુ બસો સૌરાષ્ટ્રથી મંગાવી અને કારીગરોને સૌરાષ્ટ્ર પહોંચાડયા અને સુરત પરત પણ લાવ્યા. તદુપરાંત અન્ય રાજ્યોના શ્રમિકોને એમના વતન મોકલવા માટે અમે વધારાની ૧૦૦૦ થી વધુ બસોની વ્યવસ્થા સુરતથી કરી એમને તેમના વતન રાજ્યમાં મોકલ્યા એટલું જ નહી એમને ફરી સુરત લાવવાની પણ સગવડ કરી આપી.

લોકડાઉનનો સમય પત્યો પરંતુ કોરોનાકાળ સમાપ્ત નથી થયો અને મારી નિમણૂંક ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ તરીકે થઈ. આથી હવે મારી જવાબદારી માત્ર સુરત-નવસારી પૂરતી ન રહી, આખા ગુજરાતના લોકોની કોરોનાકાળની સંવેદનાને ઝીલવાનો પ્રસંગ આવ્યો. ગુજરાતભરમાં મારા પ્રવાસ દરમ્યાન મને પોતાને જ કોરોનાના લક્ષણ દેખાયા એટલે મને અમદાવાદની હોસ્પીટલમાં કોરોનાના વોર્ડમાં દાખલ કરવામાં આવ્યો. હું માંદગીને બીછાને હતો અને સુરતના એક ભાઈનો ફોન આવ્યો કે "મારો દિકરો બિમાર છે અને તેનુ ઓપરેશન કરવા માટે મારી પાસે નાણાં નથી"." કોરોનાના બેડ પરથી મે એની સાથે વાત કરી અને એના દિકરાના ઓપરેશનની વ્યવસ્થા કરાવી અને થોડા નાણાંની સહાય પણ કરી.

આ ઉપરાંત પણ સુરત અને નવસારીના વિસ્તારોમાં કોરોનોની સ્પેશીયલ હોસ્પીટલ શરૂ કરાવવાના મારા પ્રયત્નો પણ ફળ્યા. જનભાગીદારીથી ઘણા બેડની વ્યવસ્થા તથા વેન્ટીલેટરની વ્યવસ્થા કરવામાં આવી.

આ કોરોનાકાળ ખૂબ કપરો કાળ રહ્યો પણ Where there is will there is way. હું કામ કરતો રહ્યો અને લોકોનો સહયોગ મળતો ગયો અને અમે કોરોના સામેનો જંગ જીતતા ગયા.

સી. આર. પાટીલ
સંસદ સભ્ય
પ્રદેશ ભાજપ અધ્યક્ષ, ગુજરાત

# કોરોના મહામારી દરમ્યાન કુદરત જીવનની અને સેવા કરનારાઓની પણ પરીક્ષા લઈ રહી છે

## સામુહિક તકેદારી એજ કોરોનાની મુક્તિનો વિકલ્પ છે

### દર્શના જરદોશ, સાંસદ

ડીસેમ્બર -2019 નો મહિનો જ્યારે શરૂ થયો ત્યારે વિષિવને કલ્પના ન્હોતી કે ભવિષ્યમાં આવા દિવસો પણ જોવા પડશે. જેમ જેમ દિવસો જતા ગયા તેમ તેમ ચીન ના પાપનું શિકાર વિશ્વ થવા લાગ્યુ ભારતના લોકોને હતું કે આપણે સુરક્ષિત છીએ પણ ભયાનકતાનો ખ્યાલ સામાન્ય ભારતીયને ન્હોતો તેમાં પણ સુરતી લાલા તો લહેરી લાલા દુનિયા ઊંધી થઈ જાય પણ પોતાના શોખ ન છોડે, મોજ-મજા ન છોડે, કોઈને કોઈ કારણે ભેગા થવાનું ન છોડે. પણ જેમ જેમ સમય જતો ગયો લોકોને ભયાનકતાનો ખ્યાલ આવવા માંડ્યો હતો છતાં હજુ સમય દૂર જણાતો હતો. કદાચ તબીબી આલમને પણ આ મહામારીની ભયાનકતાનો અંદાજ ઓછો હતો.

એક સાંસદ તરીકે સતત લોકોની વચ્ચે લોકોની સમસ્યાઓથી અવગત અને તેના ઉકેલ માટે કટીબદ્ધ રહેવાના સંસ્કાર પક્ષમાંથી કાર્યની શરૂઆતના દિવસોથી જ મળ્યા હતા. તેમાં પણ મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલીન ગૃહમંત્રીશ્રી અને પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ કાર્યકર્તા અને સાંસદોને અગાઉથી જ આવનારી સમસ્યાને ઓળખીને ડીઝાસ્ટર મેનેજમેન્ટ માટે તૈયાર કરી યોજના બનાવવામાં અને તેને લાગુ કરવામાં જેમનો જોટો જડે તેમ નથી તેમણે વખતો વખત સાંસદોને અને કાર્યકર્તાઓને આ માટે તૈયાર કરવાનું શરૂ કર્યું હતુ.

વંદે ભારત યોજના થી દુનિયાના દેશોમાં ફસાયેલા ભારતીયો અને વિદ્યાર્થીઓને ભારત લાવવાનું મહત્વનું કાર્ય હતું કારણ ભલે ભારતમાં હજુ કોરોનાએ દસ્તક દીધા ન્હોતા પણ દુનિયાના દેશો આ ભયાનકતાનો અનુભવ કરી રહ્યા હતા અને ભારત સરકારને, સાંસદોને સતત તેમના વિસ્તારમાંથી લોકો પોતાના સ્વજનને પરત લાવવાની ચિંતા કરી રહ્યા હતા, તેમને અવગત કરતા રહ્યા હતા અને સુરત જેવો વિસ્તાર કે જ્યાં આજુબાજુના કેટલાય ગામો એવા છે કે જ્યાં સરેરાશ ઘરમાંથી એક વ્યક્તિ અન્ય દેશમાં છે ત્યારે આ પ્રકારની ચિંતા થી મળવા કે ફોનથી સંપર્ક કરનારા પરિવારો, જે તે પરિવારના પરિચિત કાર્યકર્તાઓની સંખ્યા પણ ઓછી ન્હોતી, ત્યારે જેમ જેમ માહિતી આવતી તેમ તેમ શક્ય હોય તો રૂબરૂ ફોનથી વિદ્દશ મંત્રાલય કે સંબંધિત અધિકારી, મંત્રીશ્રી સાથે વાત કરીને અથવા પત્ર દ્વારા આ પ્રકારની ચિંતાઓને દૂર કરવાનો નૈતિક જવાબદારીપૂર્ણ પ્રયાસ શરૂ

કર્યો તેમાં ધારી સફળતા પણ મળી કારણ મા. વડાપ્રધાનશ્રી અને ગૃહમંત્રીશ્રીકે વિદેશપ્રધાનશ્રી સંવેદનશીલ રીતે આ પ્રશ્નને અનેક મોરચે એક સાથે જવાબદારીપૂર્ણ રીતે હેન્ડલ કરી રહ્યા હતા.

મા. વડાપ્રધાનશ્રી દ્વારા દીપપ્રજ્વલન અને થાળી વગાડવાના કાર્યક્રમે જાણે નવી ચેતનાનો સંચાર કર્યો અમને સૂચના મળી હતી કે હવે સૌ સાંસદે કાર્યકર્તાઓના માધ્યથી પોતાના સંસદીયક્ષેત્રમાંથી એક તરફ માહીતી એકત્રીત કરી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર સાથે સંપર્કમાં રહી પૂલનું કામ કરવા સાથે પોતાના મતવિસ્તારના લોકોને કોઈ તકલીફ ન પડે માટે સતત સંપર્કમાં રહે અને જનતાને આ પરિસ્થિતી સામે લડવા સજ્જ કરવા સાથે કોઈપણ પ્રકારની અવ્યવસ્થા ન સર્જાય તે માટે સતર્કતાથી લોક સંપર્કમાં કાર્યરત રહે.

સુરતના અત્યાર સુધીના અનુભવોને આધારે એટલો વિશ્વાસ હતો કે, સુરતમાંથી સ્વયંસેવી સંસ્થાઓ અને લોકો સ્વયંભુ રીતે જ સેવા માટે બહાર નીકળી પડશે. પણ જરૂરત હતી તે સોનું કોઓર્ડીનશન કરવાની જેથી તમામ સહાય યોગ્ય રીતે અને યોગ્ય જગ્યાએ યોગ્ય વ્યક્તિના હાથમાં પહોંચે. સાથે સાથે અનુભવના આધારે એ ચિંતા પણ હતી કે સુરતમાં વસતો પ્રાંતીય કામદાર વર્ગ નું શું થશે? કારણ સુરતમાં કારીગર તરીકે કામ કરતા 90 ટકા કામદારો અન્ય રાજ્યોમાંથી રોજી રોટી કમાવા સુરત આવ્યા છે અને સુરતે કોઈપણ પ્રકારના ભેદભાવ વિના તેમને આવકારી રોજી રોટી આપી છે.

22 મી માર્ચના રોજ એક દિવસના જનતા કર્ફ્યુ અને બીજા કાર્યક્રમોને મળેલી સફળતાએ સિદ્ધ કરી આપ્યું કે મા. વડાપ્રધાનશ્રી દેશની જનતાને અને તેની નાડ બરાબરની પારખી છે. અને ત્યારબાદના લોકડાઉનને જાહેર કરી તેમણે કદાચ ભારતને મોતના ખપ્પરમાં હોમાતું અટકાવવા માટે એક હનુમાનકૂદકો મારવાનું સાહસ કર્યું છે. પરંતુ, જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ લોકોના મનમાં ગભરાટની તીવ્રતા વધવા લાગી, કામદાર વર્ગને પોતાની અને પરિવારની ચિંતા સતાવવા માંડી કારખાનાઓ બંધ થયા, શાળા, કોલેજો બંધ થયા, વ્યાપારીક પ્રતિષ્ઠાનો બંધ થયા. પણ કેન્દ્ર સરકારે સંવેદનશીલતા દરેક ક્ષેત્રે બતાવી રાજ્ય સરકારે કેન્દ્રના પ્રયાસોને આગળ વધારતા પોતાની રીતે કેન્દ્ર સરકારના આદેશોને આગળ વધારવાના પ્રયાસો શરૂ કર્યા. એ પ્રયાસોમાં સેવાભાવી સંસ્થાઓએ અને કાર્યકર્તાઓએ જમીન સ્તર પર લઈ જવાનું કાર્ય કર્યું અનેક સ્થળે રસોડા શરૂ થયા, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ, છાંયડો, વિવિધ સંસ્થાઓ કેટલીય સોસાયટીઓ, મહોલ્લાના લોકો એ સક્રીય બની રસોડા ઉભા થવાને કારણે પ્રથમ પગલે અવ્યવસ્થા કે અંધાધૂધી થવાને બદલે સેવાનું વ્યવસ્થિત માળકુ રચાયુ. સાંસદ તરીકે સુરત જેવા વિસ્તારની સમસ્યાઓ ના પ્રકાર અલગ હોવાની કલ્પના હતી જ તેથી એક તરફ સંસ્થાઓ સાથે સંપર્કમાં રહેવા સાથે ભારતીય જનતા પાર્ટીની આ અંગેના યોજનાઓ, કાર્યક્રમ, જમીન સ્તરના કાર્યકર્તાઓ અને નાગરિકો સાથે સંપર્ક અને માહીતી

ભેગી કરવા સાથે કલેક્ટરશ્રી, મ્યુનીસીપલ કમિશ્નરશ્રી, મા. મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેનશ્રી, શાસક પક્ષના નેતા શહેર અને જીલ્લાના પક્ષના અને વિવિધ સમાજના આગેવાનો, ડોક્ટરો સાથે મળવાનું ચર્ચા કરવાની વિગેરે પ્રવૃત્તિ શરૂ કરવા સાથે કામદોરેના પલાયનનો સમય શરૂ થયો, લાખો કામદારો અહીંથી વતન તરફ પલાયન કરવા માંડ્યા. તેમને રોકવાનું શકય ન હતું, જ્યારે માણસને પોતાનો જીવ જોખમમાં લાગે ત્યારે તે કોઈ વસ્તુ સાંભળવા તૈયાર નથી હોતો. સમસ્યા અંગે કેન્દ્ર સ્તરે પણ રજૂઆતો કરી અંતે કેન્દ્ર સરકારે અનેક વ્યવસ્થાઓ કરી રેલ્વે વિભાગે મા. મંત્રીશ્રી પિયુષ ગોયલજી ના માર્ગદર્શનમાં રેલ સેવા શરૂ કરી. રોડ માર્ગે જઈ શકે તેવા સ્થાનો માટે બસ સેવા પણ શરૂ કરી અને લગભગ 8 થી 10 લાખ કામદારો તેમના પરિવાર સાથે જાણે ક્યારચે સુરત ફરી ન આવવાના હોય તેમ પરત ફરી રહ્યા હતા. સુરત રેલ્વે સ્ટેશનેથી ટ્રેનમાં જનારા લોકો માટે ભોજન કે રસ્તામાં કામ લાગે તેવો સુકો નાસ્તો, પાણી વિગેરેની વ્યવસ્થા બાળકો માટે તેમની જરૂરી દૂધ થી માંડી નાસ્તાની વ્યવસ્થા કરતી વખતે એક તરફ કામદારોના પરિવારોને મદદ કરવાનો પરિતોષ હતો તો બીજી તરફ હવે સુરત કેવી રીતે બેઠું થશ તેની ચિંતા પણ હતી કારણ કે લગભગ 15 લાખની આસપાસ લોકો સુરત છોડી ગયા હતા.

પણ ફરી સુરતની જનતાએ અને સુરતના ભામાશાઓએ એકવાર એ સાબિત કરી દીધું કે સેવા માટે તેમને ફક્ત કારણ જ જોઈતું હોય છે. કેટલીયે સામાજીક સંસ્થાઓએ તો કાર્ય કરી રસોડા ચલાવવાથી લઈને જરૂરી સામાનની કીટ પહોચાડવાની ચિંતા કરી જ પણ વ્યક્તિગત સ્તરે પણ પોતાના મહોલ્લા કે સોસાયટી નજીક કોઈ ભૂખ્યુ સુતુ નથી ને તેની પણ ચિંતા કરી અરે માણસ છોડો શેરીના કૂતરા, ગાય કે અન્ય અબોલ જનાવરોને પણ ભૂખ્યા સુવુ ન પડે તેની વ્યવસ્થાઓ કરી તે પણ કોઈ પણ પ્રકારની પ્રસિદ્ધિની ઈચ્છા વગર, કોમ્યુનીટી સેન્ટરોમાં કે ક્વોરેન્ટાઈન સેન્ટરોમાં જેમનાથી જે બન્યું તે વ્યવસ્થામાં મદદ કરી, તબીબી આલમ અને પોલીસ તંત્ર અને સૌથી શિરમોર એવા મહાનગરપાલિકાના તમામ કર્મચારી હોય કે રાજ્ય સરકારની સિવીલના કે અન્ય વિભાગોના કર્મચારી કોઈએ પણ દિવસરાત જોયા નથી કેટ્લાક મિત્રોના તો ઘરમાં કોરોના એ દસ્તક દીધા છતાં તેઓ સેવાકાર્યમાં સક્રીય હતા. ભાજપના કાર્યકર્તાઓને પણ તેમની સેવા ભાવના માટે યાદ કરવા જ પડે આ તમામ ને તેમની સેવા માટે લાખ લાખ સલામજ આપવા પડે.

આ સમયે આપણા મતવિસ્તારના અને સુરતના લોકોની સેવા કરવાની તક મળવા સાથે પરિવારના લોકોને પણ એ ચિંતા સતાવતી હતી કે લોકોની સેવા કરતા કરતા જાતે તો કોરોના સંક્રમીત ન થઈ જવાયને એટલે રોજ દિવસભરના સંપર્કો, મીટીંગોમાંથી ઘરે પરત ફર્યા બાદ ઘરના લોકો પણ એટલી જ તકેદારીનો આગ્રહ રાખતા અંતે દિવાળીના બે દિવસ પહેલા જ કોરોનાએ વ્યક્તિગતરીતે મને એની ઝપેટમાં લીધ. એક તરફ દિવાળી જેવો વર્ષનો સૌથી મોટો તહેવાર સાથે

સાથે સાંસદ તરીકે મતવિસ્તાર પ્રત્યેની નૈતિક ફરજ બજાવવાની જીજીવિષા અને શારીરિક રીતે કોરોના સંક્રમિત હોવું. ત્રણ તરફથી આવેલી ભીંસ જેવું લાગી રહ્યું હતું. છતાં મારાથી મારા વિસ્તારનો કોઈપણ કાર્યકર્તા કે વ્યક્તિ કોરોના સંકમિત ન થવો જાઈએ તેથી જાતે કોરેન્ટાઈન થવાનું સ્વીકારી ઘરમાં જ એકાંતવાસ સ્વીકાર્યો.

આ મહામારીએ ઘણા બધાં મિત્રો, કાર્યકર્તાઓ તેમના પરિવારજનોને ગુમાવવાનો આઘાત પણ સહન કરવો પડ્યો પછી તે સતત હસમુખ અને સક્રિય એવા નરેન્દ્રભાઈ ગાંધી, સમાજસેવક કિરીટભાઈ ગાંધી, છાંયડો જેવી શહેરમાં સેવાના ક્ષેત્રે શિરમોર એવી સંસ્થાના શ્રી ભરતભાઈ શાહના ત્રણ ભાઈઓ, સમાજમાં અનેકક્ષેત્રોમાં શિરમોર કહેવાય એવા અનેક વ્યક્તિની આપણને ખોટ પડી છે તો અનેક પરિવારોએ પોતાના સ્વજન અને કેટલાક તો સંપૂર્ણ પરિવારો આ મહામારીના ખપ્રમાં હોમાયા છે. તે તમામને આ તકે શ્રદ્ધાંજલી અર્પવા સાથે જે પણ વ્યક્તિ આ મહામારીના ભોગ બન્યા છે તેમના પ્રત્યે સહાનુભૂતિ અને તેઓ વહેલામાં વહેલી તકે સારા થઈ જાય તેવી પ્રાર્થના.

દર્શના જરદોશ

સંસદ સભ્ય

સુરત સંસદીય મત વિસ્તાર

# કોરોના સંક્રમણ સામે સુરતનો સંઘર્ષ

## ડૉ. જગદીશ પટેલ, મેયર

આજથી એકાદ વર્ષ પહેલા "કોરોના "શબ્દ ભાગ્યે જ કોઈએ સાંભળ્યો હશે ત્યારબાદ "કોરોના" કદાચ વિશ્વમાં સૌથી વધુ બોલાયેલો, સંભળાયેલો, લખાયેલો શબ્દ બની ચુકયો છે. દેશ અને દુનિયાને સંક્રમણના સકંજામાં લેનાર આ રોગથી સ્વાભાવિકપણે જ સુરત પણ બાકાત રહ્યું નથી અને તે સમયખંડમાં સુરતના મેયર તરીકે મારો અનુભવ વર્ણવવાનો હોય ત્યારે કયાંથી શરૂ કરવું તે નકકી કરવાનું પણ અઘરૂ બની રહે છે.

આમ તો સુરત અવારનવાર આવતી પૂર, આગ, રોગચાળા જેવી આફતોથી ટેવાયેલું શહેર છે. છેલ્લા ઘણા સમયથી સુરતે આફતને અવસરમાં પલટી નાંખવાની ક્ષમતા વધુ ને વધુ બુલંદ કરી છે. પરંતુ આ વખતની આફત એ અગાઉ કરતા તદ્દન ભિન્ન પ્રકારની બની રહી છે. મને નથી લાગતું કે સુરતના અગાઉના કોઈ પણ મેયરે આટલી અજાણી, આટલા લાંબા સમય સુધી ચાલનારી અને સમગ્ર શહેરને અસર કરનારી આફતનો સામનો કરવો પડયો હોય... વળી, અન્ય આફતોમાં લોકો એકબીજા સાથે મળીને તેનો સામનો કરી શકે, જયારે આ તો લોકોએ એકબીજાને નહી મળીને આફતનો મુકાબલો કરવાનો ... "વહાલા અને વડીલોને વેગળાં રાખીને" કોરોના સામે સંઘર્ષ કરવાનો... સાવ અનોખી રીતે લડવાનું... સૌને ભેગા નહીં કરીને પણ સૌને સાથે રાખીને લડવાનું અને જીતવાનું એ પડકાર કંઈ નાનો નહોતો.

વ્યકિતગત રીતે પ્રારંભિક તબકકે માત્ર એટલું જ નકકી કરવાનું હતું કે કોરોના સંક્રમણ અટકાવવા માટે જાહેર કરવામાં આવેલા દિશાનિર્દેશો મુજબ "લોકડાઉન" નું પોતે પણ સંપૂર્ણ પાલન કરીને ઘરમાં "કમ્ફર્ટ ઝોન" માં પૂરાઈ જઈને ગાઈડલાઈનના ચુસ્ત અનુસરણનો સંતોષ લેવો અથવા તો કોરોના સામેના આ યુધ્ધમાં ફરજપરસ્ત સૈનિક બનીને રણમેદાનમાં ઉતરવુ અને વધુમાં વધુ લોકોને બચાવવાના પ્રયાસો આદરવા. પણ આ તો માત્ર ક્ષણાર્ધની જ મૂંઝવણ હતી, ખરેખર તો બીજો અને એકમાત્ર

વિકલ્પ જ હતો. બસ એકવાર માર્ગ પસંદ થયા પછી કોરોના સાથેનો સંઘર્ષ છેક પોતે કોરોના સંક્રમિત થયો ત્યાં સુધી અને ત્યારબાદ પણ અવિરત ચાલતો રહ્યો છે. જો કે આ લખાણ કરવાનો સમયગાળો બરાબર તે જ સમયે આવ્યો હોવાથી શબ્દોની અભિવ્યકિત પર કદાચ તેની અસર વર્તાય... પરંતુ મને એ પણ ખબર છે કે સુરતીઓ સુધી લાગણીઓ પહોંચાડવા માટે હંમેશા શબ્દો જરૂરી નથી. આમ પણ કોરોના સામે સુરતે ખેડેલો સંઘર્ષ એ યુધ્ધ છે અને કહ્યુ છે ને કે "**युद्धस्य तु कथा रम्या ।**" યુધ્ધનું વર્ણન રોચક હોય છે પણ યુધ્ધ તો ભીષણ હોય છે.

આ સંઘર્ષમાં પડકારો પણ નવા અને અણધાર્યા હોય અને શસ્ત્રો પણ. સૌથી પહેલા તો દેશ-દુનિયાના કોરોના સામે ચાલતા સંઘર્ષની જે વાત સુરતને લાગુ પડે અને સુરત માટે અસરકારક હોય તેની રોજે રોજ સાચી સમજ સુરતીઓ સુધી પહોંચાડીને તેમને માહિતગાર રાખવા અને અફવાઓના આટાપાટાથી ઉગારવા એ બહુ મોટો પડકાર હતો. પરંતુ સદભાગ્યે સોશિયલ મિડિયા જેવા સબળ માધ્યમથી અને રોજેરોજના લાઈવ અપડેટ્સ દ્વારા આ કામ ઘણું સરળ બની શક્યું અને સુરતમાં તેની હકારાત્મક અસર પણ ઉભી થઇ શકી.

લોકડાઉન દરમ્યાન આવશ્યક સેવાઓ ઉપલબ્ધ હોવાથી શરૂઆતના દિવસોમાં તો લોકોએ મીની વેકેશન જેવો માહોલ અનુભવ્યો પરંતુ બે-ચાર દિવસો પછી લોકડાઉન દરમ્યાન સર્જાનાર સ્થિતિ સ્પષ્ટ થતી ગઈ. ખાસ કરીને રોજે રોજ કમાઈને ગુજરાન ચલાવતા લોકો માટે, પરિવાર વિના એકલા રહેતા શ્રમિકો માટે ભોજન વગેરેની સ્થિતિ પડકારજનક બનવા તરફ આગળ વધી પરંતુ અહી સુરતના વહીવટીતંત્ર, સેવા સંસ્થાઓ અને સુરતીઓનું સાચું પોત પરખાયું. "કોઈ સુરતી ભૂખ્યું ન સુએ" એ સંકલ્પ જરૂર પડયે રોજના દસ લાખ લોકોને જમાડીને પણ સુરતે પૂર્ણ કર્યો. તેમાં પણ ઘરે ઘરે બનતી "એક્સ્ટ્રા પાંચ રોટી" નો આગવો ખ્યાલ તો સુરતને જ સુઝી શકે.

સાથોસાથ માસ્ક, સેનીટાઈઝેશન, સોશ્યલ ડીસ્ટન્સીંગ, ડોર ટુ ડોર સર્વે, આગંતુકોની પૂછપરછ, જેમની સુરક્ષા માટે પ્રયાસ કરતા હોઈએ તેમનો સહકાર પ્રાપ્ત કરવાનો સંઘર્ષ... એવાં અનેક પાસાઓ સામે આવતાં ગયાં અને ઉકેલાતા ગયાં.

કામકાજ વિના બેસી રહેલાં શ્રમિકો અહીં સુરતમાં અને તેમના પરિવારજનો તેમના વતનમાં અત્યંત ચિંતિત હોય ત્યારે કેન્દ્ર અને રાજય સરકારના સક્રિય પ્રયાસોથી સુપેરે પાર પાડી શકાયેલું સુરત મહાનગરપાલિકાનું "વતન વાપસી" અભિયાન દેશમાં આ પ્રકારનું સૌથી મોટુ અને સૌથી આગવું અભિયાન બની રહ્યું.

આવાં તમામ કાર્યોમાં દેશની તમામ સ્થિતિ પર બારીક નજર રાખતાં માન. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળ રોજેરોજ દિલ્લીમાં મળતી તજજ્ઞોની બેઠક અને દેશને અપાતી દોરવણી તથા રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વમાં ગુજરાતમાં થતું તેનું અમલીકરણ સુરતમાં વધુ સહજ અને સરળ બની રહ્યું. સુરતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, વહીવટીતંત્ર, સામાજીક સંગઠનો અને સેવાભાવી સંસ્થાઓના સર્જાયેલા સુભગ સમન્વયથી સુરતે એ સિધ્ધ કરી બતાવ્યું. કોઈપણ બાબતે વિવાદની સંભાવના સર્જાય તે પહેલા જ સંવાદ સાધવાની રણનીતિ આજદિન સુધી અસરકારક બની રહી જેના કારણે સુરત કોરોના સામેના સંઘર્ષમાં અન્ય મહાનગરોની સરખામણીમાં મુઠ્ઠી ઉંચેરૂ બની રહ્યું.

તેમાં પણ જયારે લોકડાઉનનો પહેલો દિવસ હતો ત્યારે શહેરની આરોગ્ય અંગેની જે ક્ષમતા અને સુવિધાઓ હતી તેટલી જ મર્યાદિત રહી હોત તો સુરત કેટલી દારૂણ પરિસ્થિતિમાં મૂકાઈ જાત એ કલ્પના પણ અત્યારે ધ્રુજાવી મૂકે છે. લોકડાઉનના આ સમયગાળામાં પોતાની ક્ષમતા અને સુવિધાઓને અનેકગણી સક્ષમ બનાવીને આવી કોઈપણ પરિસ્થિતિમાંથી સુરત પોતાને બચાવી શકયું છે. માત્ર થોડા સપ્તાહમાં તમામ સુવિધા સાથે હોસ્પિટલો તૈયાર કરવી, ડોકટર્સ, હેલ્થકેર વર્કસથી માંડીને તમામ સ્ટાફ અને સંશોધનો ઉપલબ્ધ કરવાનો વિરાટ પડકાર સુરતે સુપેરે પાર પાડયો જેથી એક પણ એવી ઘટના ન બની કે દર્દીને જરૂર હોય અને કયાંક ને કયાંક હોસ્પિટલ કે બેડ ન મળ્યાં હોય. ઉપરાંત રેપીડ ટેસ્ટ, ધન્વંતરી રથ દ્વારા આરોગ્ય સેવા અને તબીબી સારવાર એમ હેલ્થકેર સર્વિસના તમામ ક્ષેત્રમાં સુરત મહાનગરોમાં મુઠ્ઠી ઉંચેરૂ બની રહ્યું. છેલ્લા એક વર્ષથી રજા, વેકેશન, કામના કલાકો, પરિવાર, વ્યકિતગત સ્વાસ્થ્ય જેવા શબ્દોને પોતાના શબ્દકોશમાંથી દુર કરીને કાર્યરત રહેલાં સુરત

મહાનગરપાલિકાના સફાઈ કામદારથી શરૂ કરીને તમામ કર્મચારીઓ કમિશ્નરશ્રીની આગેવાનીમાં ફરજપરસ્ત અધિકારીશ્રીઓ, ચૂંટાયેલા પદાધિકારીશ્રીઓ અને પ્રતિનિધિઓ, મિડીયાજગતના મિત્રો અને સૌ સુરતીઓના સથવારે કોરોના સામેનો આ સંઘર્ષ હાલના મુકામ સુધી પહોંચ્યો છે.

આમ તો એકાદ વર્ષથી ચાલતી આ સંઘર્ષયાત્રાના અનુભવોનું ફલક એટલુ વિવિધ અને વિશાળ છે કે એકાદ આર્ટીકલમાં સમાવવું દુષ્કર છે. પરંતુ વ્યકિતગત અસ્વસ્થતા અને વ્યસ્તતાને કારણે તે હાલ એક માત્ર વિકલ્પ છે અને ભવિષ્યની કોઈને પણ ખબર નથી ત્યારે સૌને કોરોના સંક્રમણમાંથી સત્વરે મુકિત મળે એવી મારી હાર્દિક શુભેચ્છા પાઠવું છું.

ડૉ. જગદીશ પટેલ,
મેયર
સુરત મહાનગરપાલિકા

# COVID-19 ની કપરી પરિસ્થિતિમાં
# સુરત શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ કામગીરી
## અજય કુમાર તોમર, પોલીસ કમિશનર

COVID-19 ની પરિસ્થિતીએ સમગ્ર વિશ્વ માટે એક ગંભીર પડકાર સમાન હતો. આ પરિસ્થતિમાં પોલીસ જવાનો બંદોબસ્ત દરમ્યાન કોવીડ-૧૯ પોઝીટીવ વ્યક્તિઓના સીધા સંપર્કમાં આવતા હતા. જવાનોની સ્વાસ્થ અને જુસ્સો જાળવી રાખી જાહેર જનતા સાથે સુમેળભર્યો સમન્વય સાધી નીચે મુજબની પ્રસંસનીય કામગીરી કરવામાં આવેલ હતી.

લોકડાઉનના અસરકારક અમલ માટે સુરત સિટી પોલીસે તેની 85% કરતા વધારે અધિકારી/ કર્મચારીઓનો રાઉન્ડ ધ ક્લોક બંદોબસ્તમાં તૈનાત કરેલા હતા. જેમાં ૫૦ થી વધુ ઉમરવાળા પોલીસ કર્મચારીઓને બંદોબસ્તમાં ન ફાળવતા તેઓને રૂટીન ડ્યુટી જ આપવામાં આવેલ હતી. તેમજ ક્લસ્ટર તેમજ મીની ક્લસ્ટર વિસ્તારમાં શિફ્ટવાઇઝ રોટેશન પધ્ધતિ, તેમજ એક કર્મચારી એકની એક જગ્યા પર ફરીવાર બંદોબસ્તમાં ન ગોઠવાઇ તેની ખાસ તકેદારી લેવામાં આવેલ હતી.

ક્લસ્ટર બંદોબસ્તમાં ફાળવેલ તમામ જવાનોને બંદોબસ્ત પોઇન્ટ ઉપર જમવાની, બેસવાની, પાણી તેમજ ટેન્ટની વ્યવસ્થા કરવામાં આવેલ હતી.

પ્રારંભિક તબક્કે જ આ મહામારીની ગંભીરતાને સમજીને સુરત પોલીસ ધ્વારા ખાનગી સ્વયંસેવકો, એન.જી.ઓ. ને મદદ માટે હાકલ કરતા તેઓ સ્વંયમભુ રીતે સુરત શહેરમાં ક્લસ્ટર વિસ્તારના બંદોબસ્ત તેમજ પોલીસ સ્ટેશનમાં જરૂરી ડ્યુટીમાં તેનાત પોલીસ જવાનોને પી.પી.ઇ. કીટ, ફેસ માસ્ક, હેન્ડ સેનિટાઈઝર અને હેન્ડ ગ્લોવ્સ જેવા આવશ્યક તબીબી ઉપકરણોની પ્રાથમિક જરૂરિયાતો તેઓ દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

ફ્રન્ટલાઈન યોદ્ધાઓની સંવેદનશીલતાનું મૂલ્યાંકન કરતા તેઓને વ્યાપક તબીબી તપાસની આવશ્યકતા જણાઇ આવતા સુરત પોલીસ અધિકારીશ્રીઓની કુનેહતાથી મેટાસ એડવેન્ટિસ્ટ હોસ્પિટલ સાથે સંકલન કરી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતીમાં રોકાયેલ તમામ પોલીસ જવાનો, એસઆરપી

અને સીએપીએફ જવાન, ટીઆરબી અને જીએચજી ના જવાનોને ત્રણ જેટલી એમ્બ્યુલન્સ વાનમાં અનુભવી તબીબી પ્રેક્ટિશનરો, 02-03 નર્સિંગ અથવા પેરામેડિક સ્ટાફ સાથે રાખી દરેક પોલીસ બંદોબસ્ત પોઈન્ટની મુલાકાત કરી કૂલ-૬૩૦૦ જેટલા જવાનોનુ નિશુલ્ક શરીરનું તાપમાન, બ્લડ સુગર લેવલ અને બ્લડ પ્રેશરનું સ્તર ની ચકાસણી કરવામાં આવેલ હતી. મેડીકલ ચકાસણી દરમ્યાન કોવિડ-૧૯ વાયરસ ચેપના પ્રાથમિક લક્ષણો કે સંકેતો જણાઇ આવેથી મેટાસ એડવાન્ટિસ્ટ હોસ્પિટલમાં વિના મૂલ્યે સારવાર માટેની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

તમામ જવાનોને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે મલ્ટીવીટામીન ૧,૬૨,૮૦૦ ટેબલેટ તેમજ આયુષ મંત્રાલય ધ્વારા અધિકૃત હોમીયોપેથીની કૂલ ૨૧૦૦૦ જેટલી દવાઓનુ વિતરણ કરવામાં આવેલ હતુ.

બંદોબસ્તમાં રોકાયેલ પોલીસ અધિકારી/કર્મચારીઓને લીંબુ શરબત તેમજ આયુવેદીક કાઢાનુ રોજિંદું વિતરણ કરવામાં આવતુ હતુ.

પોલીસ કમિશ્નરશ્રી દ્વારા અવારનવાર કોવિડ પોઝીટીવ જવાનો તથા બંદોબસ્તમાં રોકાયેલ જવાનો સાથે ટેલીફોનીક વાતચીત કરી તેઓની માનસીક મનોબળ મજબુત કરવામાં આવતુ હતુ. તેમજ કોવીડ-૧૯ પોઝીટીવ કર્મચારીઓની મુલાકાત લેવામાં આવેલ હતી.

પોલીસ સ્ટાફમાં કોરોના સંક્રમણ થતુ અટકાવવા દરેક પોલીસ સ્ટેશન, ચોકી, ઓફિસ, બેરેક, પોલીસ લાઈન તથા પોલીસ વાહનો રેગ્યુરલ સેનેટાઈઝ તથા તમામ સેનેટાઈઝર ટનલ મુકવામાં આવેલ હતા.

કોવીડ બંદોબસ્તની ફરજ નિભાવતા સુરત શહેરના કૂલ- ૨૩૭ જેટલા જવાનો કોરોના સંક્રમિત થયેલ હતા. અને તેમાંથી (૧) ASI મગનભાઇ રણછોડભાઇ બ.નં. ૧૭૯૮ મહિધરપુરા પો.સ્ટે. નાઓ તા.૩૧/૦૫/૨૦ ના રોજ COVID પોઝીટીવ આવેલ, બાદ તા.૧૪/૦૬/૨૦ ના રોજ અવસાન પામેલ છે. તેઓના પરિવારને COVID-19 અંતગર્ત ફ્રન્ટ લાઇન વોરીયરને ગુજરાત સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવેલ મરણોત્તર સહાય ચુકવી આપવામાં આવેલ છે. (૨) ASI મોહનભાઇ કાળુભાઇ બ.નં. ૨૩૦૪ ઇચ્છાપોર પો.સ્ટે. નાઓ તા.૦૫/૦૮/૨૦ ના રોજ COVID પોઝીટીવ આવેલ બાદ તા.૦૪/૦૯/૨૦ ના રોજ અવસાન પામેલ હતા (૩) મીનહાઝ ઇબ્રાહીમ પટેલ HC બ.નં.૩૦૩૫ હજીરા

પો.સ્ટે., સુરત શહેર નાઓ તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજ પોઝીટીવ આવ્યા બાદ તા.૧૮/૦૯/૨૦૨૦ ના રોજ અવસાન પામેલ છે. (૪) હસમુખભાઈ પ્રભુભાઈ નાગેકર હોમગાર્ડ સ.નં. ૧૪૮ બંદોબસ્તનુ સ્થળ મહિધરપુરા પો.સ્ટે.નાઓ સુરત શહેરનાઓ તા.૨૧/૦૮/૨૦૨૦ ના રોજ પોઝીટીવ આવ્યા બાદ તા.૨૨/૧૦/૨૦૨૦ ના રોજ અવસાન પામેલ છે. પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર તથા પોલીસ અધિકારીશ્રીઓ દ્વારા સ્વર્ગસ્થના પરિવારજનોની મુલાકાત લઇ તેઓને શાંત્વના પુરૂ પાડવામાં આવેલ હતુ. મૃત્યુ પામેલ તમામ પોલીસકર્મીઓના પરિવારને મરણોત્તર સહાય ચૂકવવામાં આવે તે માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેર ધ્વારા કોવીડ-૧૯ સંક્રમિત જવાનોની હોસ્પિટલ મુલાકાત લઇ ડોક્ટર સાથે ચર્ચા કરી સંક્રમિત જવાનો મનોબળ મજબુત કરવામાં આવેલ હતુ.

સુરત શહેર પોલીસ દ્વારા કોરોના વાયરસ મહામારીના પગલે દેશવ્યાપી લોકડાઉનની પરિસ્થિતિમાં તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પરપ્રાંતિય કારીગરો ,રોજમદાર ,ગરીબ ,જરૂરિયાતમંદ લોકોને ૪૦,૦૦૦ જેટલી રાશનકીટ ,તથા ૭૨,૦૦,૦૦૦ જેટલા ફુડ પેકેટો ,નાસ્તાની વહેંચણી કરવામાં આવેલ.

સુરત પોલીસે સ્થાનિક સેવાભાવી સંસ્થાઓ સાથે મળી આશરે ૩૦૦૦૦ માણસોને બે સમય જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. નાણાં તથા રહેવા -જમવાની વ્યવસ્થા ના હોવાથી હિજરત કરતા આશરે ૪૭૫૦ પરપ્રાંતિય કારીગરો માટે રહેવા તથા બે સમય જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. તમામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને માસ્કનું વિતરણ કરવામાં આવેલ. વૃધ્ધ વ્યકિત તથા જરૂરિયાતમંદ લોકોને ઘરે દવા તથા રાશન કીટ ની વ્યવસ્થા કરવામાં આવેલ. પગપાળા જતી સભર્ગા મહિલાને તથા બીજા કિસ્સામાં પરિક્ષણ માટે હોસ્પિટલ ગયેલ સગર્ભા મહિલાને સુરત પોલીસ દ્વારા પોલીસ વાહનમાં ઘરે પહોંચાડવામાં આવેલ .તોફાનમાં ઝડપાયેલ કારીગરો માટે પોલીસ સ્ટેશનમાં જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ. કોરોના વાઈરસનુ વધુ સંક્રમણ થતુ અટકાવવા શું કરવુ જોઈએ અને શુ ન કરવું જોઈએ તે બાબતની પોસ્ટ સુરત સીટી ના ફેસબુક પેજ તથા ટીવીટર તથા પેમ્પલેસ છપાવી જાહેર જગ્યાઓ પર ચોંટાડી જાહેર જનતા ને જાગૃત કરવામાં આવેલ છે.

સરકારશ્રીની COVID-19 ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન થાય તે માટે માસ્ક પેહેરવું, વારંવાર હાથ ધોવા, સેનેટાઈઝરનો ઉપયોગ કરવો, સોસ્યલ ડીસ્ટન્સ મેન્ટેન કરવું જેવી બાબતોનુ સોસાયટીઓમાં પોલીસ વાન ધ્વારા એનાઉન્સમેન્ટ કરવામાં આવેલ છે.

સુરત શહેરના COVID 19 સંક્રમણ મુક્ત કૂલ-૨૩ પોલીસ કર્મચારી/અધિકારી નાઓ દ્વારા પ્લાઝમાં ડોનેટ કરવામાં આવેલ છે. તથા એક પોલીસ કર્મચારીએ R.B.C ડોનેટ માટે પોતાનું બ્લડ સ્વીમેર હોસ્પિટલ ખાતે ડોનેટ કરેલ છે.

સુરત શહેરમાંથી આશરે ૪૪૫ ટ્રેનો મારફતે ૧૪ લાખ જેટલા પરપ્રાંતિઓને તેઓના વતન ખાતે સુરક્ષિત પહોચાડવામાં આવેલ હતા. ક્લસ્ટર વિસ્તારોની અવારનવાર ઉચ્ચ અધિકારીશ્રીઓ ધ્વારા મુલાકાત લઇ તેઓને કોવીડ-૧૯ બાબતે જાગૃતિ પુરી પાડવામાં આવેલ હતી.

પોલીસ કમિશ્નરશ્રી સુરત શહેરના નવતર પ્રયોગ થકી સુરત મહાનગર પાલીકા સુરત શહેર તથા ટેક્ષટાઇલ્સ એશોસીયેશન સાથે સંકલન કરી ૫૦૦ થી વધારે જેટલા "જાન હૈ તો જહાંન હૈ પ્યારે", "જશે જીવ તો બનશુ ઝીરો", "આવો બનીએ કોરોના હીરો" વિગેરે જેવા કોવીડ-૧૯ અંગેની જાગૃતિ ફેલાવતા બેનરો જાહેર જગ્યાઓ, મુખ્ય ટ્રાફીક પોઇન્ટો ઉપર તથા શહેરીજનો અવરજવર વધુ રહેતી હોય તેવી જગ્યાઓ જોઇ શકાય તે રીતે રોટેશન મુજબ તમામ પો.સ્ટે. વિસ્તારમાં મુકવામાં આવ્યા. દર શનિવાર/રવિવાર દરમ્યાન જ્યાં વધુ ભીડ એકઠી થતી હોય તેવા સ્થળો, દરયાઇ બીચ, તેમજ કુથપાઠ ઉપર મીજબાની માણવા એકઠા થતા લોકોને પોલીસ દ્વારા રૂબરૂ જઇ COVID-19 ના સંક્રમણથી બચાવવા સરકારશ્રીના ગાઇડ લાઇનનુ પાલન કરી સોસીયલ ડીસ્ટસીંગ જાળવવા સમજ કરવામાં આવે છે.

અજય કુમાર તોમર IPS
પોલીસ કમિશ્નર, સુરત શહેર.

# સુરતીઓનો કોવિડ-૧૯ સામે જંગ

## મહેન્દ્રભાઈ પટેલ, કોવિડ નોડલ અધિકારી

તારીખ ૨૦મી માર્ચ, ૨૦૨૦ રાત્રે ૧૦.૪૫ કલાકે માનનીય મુખ્યમંત્રીશ્રીના નિવાસ સ્થાનેથી ટેલીફોન મેસેજ આવ્યો. ઉપરાંત વોટસએપ મેસેજથી સામાન્ય વહીવટ વિભાગનો આદેશ આવ્યો કે, કોરોના મહામારીને પહોંચી વળવા આપને નોડલ ઓફીસર તરીકે સૂરત પહોંચવાનું છે. આવા કપરા કાળમાં સૂરત શહેર/જિલ્લાની સેવા કરવાની તક મળતાં કુદરત અને સરકારશ્રીનો મનોમન આભાર માની સૂરત આવવા રવાના થયો. ૨૧/૩/૨૦૨૦ ના સવારે ૧૦.30 કલાકે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં માન. મેયરશ્રી તથા પદાધિકારીઓ, મ્યુનિ. કમિxGZશ્રી, કલેકટરશ્રી અન્ય વહીવટી અને આરોગ્ય વિભાગના અધિકારીઓ, સ્વૈચ્છિક સંસ્થાઓ, સિવીલ હોસ્પિટલ તથા સ્મીમેર હોસ્પિટલના કર્તાહર્તાઓ, ઔદ્યોગિક એસોશીએશનો વગેરેની મીટીંગ કરી. ૨૨ માર્ચ ના રોજ ના જનતા કરફયુ તથા તે પછી જો લોકડાઉન લંબાવવાના આદેશો મળે તો ખાસ કરીને મજુરવર્ગના ઉપસ્થિત થનાર પ્રશ્નો, ઉદ્યોગો, વેપાર રોજગારના પ્રશ્નો, આરોગ્યની સુવિધાઓ વગેરેની સમીક્ષા કરી, પરિસ્થિતિને પહોંચી વળવાનું આયોજન કર્યું. આ તબક્કે સ્વૈચ્છિક સંસ્થાઓ અને ઔદ્યોગિક એસોશીએશનોની તમામ પ્રકારે સહયોગ કરવાની તૈયારી/ઉદારતા સૂરતના ખમીરને શોભે તેવી અપેક્ષા મુજબની હતી.

૨૨ માર્ચ જનતા કરફયુ પછી લોકડાઉન-૧. સૂરત શહેર અને ગ્રામ્યમાં પરપ્રાંતિય શ્રમિકો આશરે ૧૫ લાખની સંખ્યા પરંતુ કલેકટર કચેરીનું તંત્ર, મ્યુનિસિપલ કોર્પોરેશન, જિલ્લા પંચાયત, ચૂંટાયેલા પ્રતિનિધિઓ, એનજીઓ, ઈન્ડસ્ટ્રીયલ એસોશીએશનો વગેરે એ સરકારશ્રી દ્વારા અપાતી ‘અન્નબ્રહ્મ’ યોજનાની અનાજની કીટો ઉપરાંત લગભગ ૫૫ દિવસ સુધી સરેરાશ દૈનિક ૧૦.૫ લાખ શ્રમિકોને ગરમ ભોજન પુરૂં પાડવા સફળ જાહેમત ઉઠાવી. છાંયડા જેવી સંસ્થાઓ ૨૬ હજાર ઘરોમાં કુટુંબ દીઠ ૧૦ રોટલી બનાવડાવી શ્રમિકોના પેટનો ખાડો પૂર્યો.

લોકડાઉન દરમ્યાન ભારત સરકારે શ્રમિકોને પોતાના વતનમાં જવા રેલ્વેની મફત મુસાફરીની વ્યવસ્થા કરી. જે તે રાજ્ય મંજૂરી આપે તેટલાજ શ્રમિકોને રેલ્વે દ્વારા રવાના કરી શકાતા હતા. રાજકિય આગેવાનો, સ્વૈછિક સંસ્થાઓએ પોતાના કાર્યાલયોમાં શ્રમિકોની ટ્રેન, સ્ટેશન, આધારા કાર્ડ સહિતની ડેટા એન્ટ્રીના સેન્ટરો ખોલ્યા. માન. સંસદ સભ્યશ્રી સી. આર. પાટીલ સાહેબને ત્યાં મે મુલાકાત લીધી તો આશ્ચર્ય ચકિત થઈ જવાયું કે, ૧૦૦ થી વધુ કાર્યકર્તા તેમની ઓફીસના તમામ માળ પર ડેટા એન્ટ્રીનું કાર્ય કરતા હતા. ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ, વેસ્ટ બંગાળ,

રાજસ્થાન અને મહારાષ્ટ્ર જનાર શ્રમિકો માટે અલગ અલગ ડેટા એન્ટ્રી સેન્ટર, અલગ ફાઈલીંગની વ્યવસ્થા. આટલા મોટા શ્રમિક સમુદાયને પોતાના વતન જવા માટે વ્યવસ્થા ગોઠવવા કોઈ ચૂંટાયેલા પ્રતિનિધિએ સરકારી કચેરી કરતાં પણ મોટુ તંત્ર સ્વખર્ચે ગોઠવ્યું હોય તે અમારા બધા માટે પ્રેરણાદાયી બની રહ્યું.

સૂરત શહેરમાંથી એક જ સ્ટેશનેથી ભારતભરમાં સૌથી વધુ ૪૪૮ ટ્રેન રવાના કરી લગભગ ૬ લાખ શ્રમિકોને પોતાના વતન મોકલી આપવામાં ગુજરાત સરકારના અધિકારીઓ, રેલ્વે તંત્ર, ચૂંટાયેલ પાંખ, વાટચાલી માટે જમવા અને પાણીની એનજીઓ મારફત વ્યવસ્થા, મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શ્રમિકોને પોતાના સ્થળેથી રેલ્વે સ્ટેશન પહોંચાડવા મફત બસ સુવિધા જેવી સગવડ સૂરતના તમામ ઉપરોકત જણાવેલ લોકોની સંઘભાવનાથી કાર્ય કરવાની ભાવના ને આભારી છે.

પરપ્રાંતિય શ્રમિકોના પ્રશ્ન સાથે ગુજરાતના અન્ય જિલ્લામાંથી સૂરત ખાતે રોજગારી અર્થે સ્થાયી થયેલા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના રત્ન કલાકારોને પોતાના વતનમાં જવા માટે ગુજરાત સરકારે એસ.ટી. બસની વ્યવસ્થા કરી. માન. મંત્રીશ્રી કુમારભાઈ કાનાણી, શ્રી દિનેશભાઈ નાવડીયા અને તેમના સાથીદારોએ શ્રમિકોની ડેટા એન્ટ્રી, બસની વ્યવસ્થામાં ખૂબ જાહેમત ઉઠાવી ૬૦૦૦ એસ.ટી. બસ અને ૯૦૦૦ લકઝરી બસો દ્વારા ૪.૫ લાખ રત્ન કલાકારોને વતન મોકલવાનું મોટું કાર્ય તંત્ર દ્વારા પાર પાડવામાં આવ્યું.

જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ, કોરોના સંક્રમણ વધતું ગયું. શહેરનાં ફકત સિવીલ હોસ્પિટલ અને મીશન તથા ટ્રાઈસ્ટાર બે ખાનગી હોસ્પિટલોએ કોરોનાની સારવાર કરવાનું શરૂ કર્યું. સ્મીમેર અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં નોન કોવિડ સારવાર ચાલુ રાખી. આર્યુવેદીક અને હોમીયોપેથીક સારવાર દ્વારા સરકારશ્રીનો રોગ પ્રતિકારક શક્તિ વધારવા પ્રયાસો હાથ ધર્યા.

સિવીલ હોસ્પિટલ તથા સ્મીમેર ફોસ્પિટલ દ્વારા ઓકસીજન બેડ ઉપલબ્ધ કરાવવા ઓકસીજન લાઈનો નાંખવાની તથા નવી મશીનરી વસાવવાની વ્યવસ્થા શરૂ થઈ. દરદીઓની વધતી સંખ્યા જોતાં પ્રથમ સિવિલ હોસ્પિટલ ત્યારબાદ સ્મીમેર અને અન્ય ખાનગી હોસ્પિટલોમાં પણ કોવિડની સારવાર શરૂ થઈ. ગુજરાત સરકારે ઉદારતાથી નિતીઓ બનાવી ખાનગી હોસ્પિટલોના ૫૦% બેડ પોતે રાખી દરદીઓને મફત સારવાર આપવાની શરૂઆત કરી. જૂની સિવીલ હોસ્પિટલમાં ૩૭૫ બેડ ઓકસીજન ધરાવતા હતા. જેમાં વધારો કરી તમામ ૧૧૫૦ બેડ પર વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી. નવું બંધાયેલ

સ્ટેમસેલ હોસ્પિટલનું મકાન જે અધુરૂં હતું તેના ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળ તૈયાર કરી કોવિડ હોસ્પિટલ ૨૮૫ બેડ સાથે શરૂ કરી.

અમદાવાદ શહેરમાં એપ્રિલ અને મે માસમાં કોવિડનું ગંભીર સ્વરૂપ જોવા મળ્યું. અમદાવાદના દરદીઓની સેવામાં સૂરતની બન્ને મેડીકલ કોલેજના તબીબો ડેપ્યુટેશન પર સેવા આપવા અમદાવાદ ગયા.

જૂન માસમાં સૂરતમાં કેસોમાં ખૂબ વધારો થવા લાગ્યો. મનાનીય મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્ય મંત્રીશ્રીએ ત્વરીત નિર્ણય લઈ સ્ટેમસેલ અને કીડની હોસ્પિટલના બન્ને અધુરા મકાન પૂરી સુવિધા સાથે યુધ્ધના ધોરણે તૈયાર કરવા સૂચના આપી રૂ. ૧૨૫ કરોડના ખર્ચે બન્ને હોસ્પિટલો એક માસના ટુંકા ગાળામાં દરદીઓની સારવાર માટે તૈયાર થઈ ગઈ. આ માટે આર્કીટેકટશ્રી કલમભાઈ, સરકારી ઈજનેરો અને કોન્ટ્રાકટરોને ખૂબ અભિનંદન ઘટે.

કોરોનાની સારવારમાં સૌથી મોટી જરૂરીયાત ઓકસીજનની રહે છે. સિવીલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા દરદીઓને ઓકસીજનની બોટલોથી સારવાર કરવામાં મુશ્કેલીઓ રહેતી જેથી ઓકસીજન ટેન્ક લગાવવા નિર્ણય થયો. સ્ટેમસેલ (કોવિડ) હોસ્પિટલમાં ૧૭ કીલો લીટર અને જૂની હોસ્પિટલમાં ૧૩ કીલો લીટરની બે ટાંકી યુધ્ધના ધોરણે લગાવી દેવામાં આવી. હાલમાં સિવીલ હોસ્પિટલમાં જૂના મકાનમાં ૧૧૫૦, સ્ટેમસેલ બીલ્ડીંગમાં ૧૦૭૫ તથા કીડની હોસ્પિટલમાં ૮૦૦ બેડ તમામ ઓકસીજનની અને ૩૦૦ આઈસીયુ બેડની સગવડ સાથે તૈયાર થઈ ગઈ છે. અને દરદીઓની સેવામાં કાર્યરત છે.

માન. મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીએ સૂરતની જનતાની સારવાર માટે જેની સૌથી વધુ ખેંચ હતી તેવા વેન્ટીલેટર જે સિવીલ હોસ્પિટલમાં કોરોનાની શરૂઆતમાં ૭૬ હતા તે જૂલાઈ સુધી વધારીને ૭૦૦ જેટલા પહોંચાડયા અને તે પણ એવી સૂચના સાથે કે, ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતાં દરદીઓને કોઈ પ્રકારની મુશ્કેલી ન અનુભવવી પડે તે માટે સરકારી વેન્ટીલેટર જરૂરીયાત મુજબ ખાનગી હોસ્પિટલોને પણ પૂરા પાડવા. જે અંતર્ગત ૧૫૪ જેટલા વેન્ટીલેટર ખાનગી હોસ્પિટલોને સરકારશ્રી દ્વારા આપવામાં આવ્યા.

બીજો મોટો પ્રજાની ચિંતાનો વિષય ખાનગી હોસ્પિટલોમાં સારવાર લેતા દરદીઓને ટોસીલીઝમાબ અને રેમડેસીવીર ઈન્જેકશનોની અછતનો હતો, જેમાં પણ ગુજરાત સરકારે ઉદારતાની નિતી અપનાવી સ્વીત્ઝરલેન્ડથી ખાસ ખરીદી કરી ઈન્જેકશન પૂરા પાડયા અને ખાનગી સહિત સરકારી હોસ્પિટલોમાં પૂરા પાડયા.

અન્ય ઉડીને આંખે વળગે તેવી સૂરત શહેરની કોરોના કાળની સિધ્ધિઓમાં સૂરતીઓ પ્લાઝમા ડોનેશનમાં ભારતભરમાં અવ્વલ રહી બીજા દરદીઓનો જીવ બચાવવા હિંમતભેર આગળ આવ્યા. સમરસ હોસ્ટેલમાં ચાલતા સરકારી કોવિડ કેસ સેન્ટર ઉપરાંત અલથાણ કોમ્યુનીટી સેન્ટર ખાતે શ્રી અટલ કોવિડ કેર સેન્ટર ઓકસીજનની સુવિધા સાથે સૌ પ્રથમ ૧૭૫ બેડની વ્યવસ્થા માન. ધારાસભ્ય શ્રી હર્ષ સંઘવી અને તેમની ટીમ દ્વારા ઊભી કરી સેંકડો દરદીઓની સેવા કરી જે પ્રેરણાદાયી છે. અલગ અલગ વિસ્તારમાં કોમ્યુનીટી કોવિડ કેર સેન્ટર જુદી જુદી સમાજની વ્યક્તિઓની સારવાર માટે જે તે સમાજોએ પોતાના ખર્ચે વ્યવસ્થાઓ ઊભી કરી. દરદીઓને સારવાર, ભોજન અને હૂંફ પૂરા પાડયા. સૂરત મહાનગરપાલિકા દ્વારા જેમીની સોફટવેર દ્વારા હોમ આઈસોલેશનવાળા તમામ વ્યક્તિઓ તથા ખાનગી તબીબો પાસે સારવાર લેનાર તમામ દરદીઓનું ટ્રેકીંગ ભારતમાં સૌ પ્રથમ કરવામાં આવ્યું જેનો દેશભરમાં અમલ થયો. ધનવંતરી રથ ૧૨૪ શહેરમાં તથા ૫૬ ગ્રામ્યમાં તૈયાર કરી તમામ વિસ્તારને આવરી લઈ લોક જાગૃતિ ઉપરાંત ડોર સ્ટેપ ટેસ્ટીંગ એન્ડ ટ્રીટમેન્ટની સફળતાપૂર્વક વ્યવસ્થા કરવામાં આવી. દરદીઓને તેમના સગાઓ સાથે વીડીયો કોલીંગથી (માસ કોમ્યુનીકેશન) વાતચીત કરવાની વ્યવસ્થા થઈ. સારવાર લેતા દરદીઓ, તબીબો અને નર્સીંગ સ્ટાફ સાથે માન. મુખ્યમંત્રીશ્રી સીધો સંવાદ તેઓશ્રીના ડેશબોર્ડ દ્વારા કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવી.

માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ બે વાર સૂરતની મુલાકાત લઈ માર્ગદર્શન આપ્યું. કેન્દ્રની ટીમનું માર્ગદર્શન મેળવી આપ્યું. ઉપરાંત દૈનિક ધોરણે વિડીયો કોન્ફરન્સથી તમામ બાબતોની માહિતી મેળવી, સમીક્ષા કરી, તકલીફો દૂર કરવામાં સહાયરૂપ બન્યા. માન. રાજ્યકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી કુમારભાઈ કાનાણી, માન. મુખ્ય સચિવશ્રી, માન. અધિક મુખ્ય સચિવશ્રી, અગ્ર સચિવશ્રી, સચિવશ્રીઓ, નિષ્ણાંત તબીબોએ સૂરતની વારંવાર મુલાકાત લઈ તથા વિડીયો કોન્ફરન્સીંગ મારફતે માર્ગદર્શન અને મદદ પુરી પાડી.

આ તબક્કે સૌથી વધુ અભિનંદનના અધિકારી છે કોરોના વોરીયર્સ એવા ડોકટરો, રેસીડન્ટ ડોકટરો, ઈન્ટનર્સ, નર્સીંગ સ્ટાફ, વોર્ડબોય, આયા, સફાઈ કર્મીઓ જેમણે પોતાની કે પોતાના કુટુંબીઓની પરવા કર્યા સિવાય સાચા યોધ્ધાની જેમ કોરોનાને હરાવવા અને દરદીઓની સેવા કરવાના ધ્યેયને પોતાનો ધર્મ બનાવ્યો છે.

સિવીલ હોસ્પિટલમાં સારવાર લેતા દરદીઓ, તબીબો, નર્સો અને સ્ટાફને દિવસ રાત નાસ્તો, ભોજન, પાણીની વ્યવસ્થા વિનામૂલ્યે નિ:સ્વાર્થભાવે પૂરી પાડનાર માનવ સેવા સંઘ-છાંયડો શ્રી ભરતભાઈ શાહ અને તેમની ટીમ, શ્રી હર્ષભાઈ સંઘવી ધારાસભ્યશ્રી અને તેમની ટીમ તથા નામી-અનામી સેવાભાવી સંસ્થાઓ અને કાર્યકર્તા અભિનંદનના અધિકારી છે.

મહેન્દ્ર પટેલ (નિવૃત્ત IAS)
કમિશનર ઓફ મ્યુનિસિપાલીટીઝ એડમીનીસ્ટ્રેશન (ગુ. રા.)
અને નોડલ ઓફીસર, કોવિડ-૧૯, સૂરત.

## COVID- 19 - Response by Surat Municipal Corporation

### બંછાનિધિ પાની, મ્યુનિસિપલ કમિશનર

સુરત શહેર માત્ર ગુજરાત રાજ્યમાં જનહીં, પરંતુ ભારત દેશના તમામ વિકાસશીલ શહેરોની હરોળમાં આગવું સ્થાન ધરાવેછે. ભારત સરકાર હોય કે ગુજરાત રાજ્ય સરકાર, તમામે સુરત શહેરની પ્રગતિની યશગાથા કરી એના વિકાસ અને વહીવટની સરાહના કરી છે. આ શહેરે કેન્દ્ર અને રાજ્ય સરકારના અનેક એવોર્ડ પણ પ્રાપ્ત કર્યા છે.

આ શહેરમાં ભારતના જુદા જુદા રાજ્યોમાંથી અનેક લોકો આવીને વસ્યા છે .એટલે એમ કહી શકાય કે સુરત "મીનીઇન્ડિયા" છે. આ શહેરોમાં કોરોનાની અસર થઈ ત્યારે શહેરના સામાજિક અને આર્થિક વ્યવહારોને સાચવવું ખુબ કપરું કાર્ય રહ્યું. આમ છતાં, સુરત મહાનગરપાલિકાની ઈલેકટેડ વિંગના સહયોગથી સુરત મહાનગરપાલિકાની વહીવટી પાંખે મહામારી સામે ઝઝૂમવા ભગીરથ પ્રયત્ન કર્યા એનો ટૂંકો અહેવાલ અહી પ્રસ્તુત છે.

### કોરોના સામેની લડાઈમાં સુરત મહાનગરપાલિકાની શ્રેષ્ઠત્તમ કામગીરી

૧૩૮૬ દર્દીઓને ટોસિલીઝુમાબ અને ૨૯૮૭ દર્દીઓને રેમિડેસિવિર ઈન્જેકશન અપાયા:
શહેરમાં ધન્વંતરિ રથ સેવાનો આજ સુધી ૧૦,૬૯,૭૦૦ નાગરિકોએ લાભ લીધો.

તાપી નગરી સુરત શહેરમાં કોરોનાનો પહેલો કેસ માર્ચ મહિનામાં નોંધાયો, ત્યારથી શહેરનાં વહીવટીતંત્રે કોવિડ-૧૯ સામે તમામ જરૂરી પગલાં લીધાં. મહાનગરપાલિકાએ મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના માર્ગદર્શન હેઠળ એક્ટિવ તથા પેસિવ સર્વેલન્સને મજબૂત બનાવવા, આરોગ્ય માળખાગત સુવિધામાં વધારો, સ્ટાફની ક્ષમતાવૃદ્ધિ, પાયાના માળખા માટે જરૂરી વધારાના કર્મચારીઓની ઝડપી ભરતી, નાગરિકો માટે જીવનરક્ષક દવાઓ ઉપલબ્ધ કરાવવી, કોમ્યુનિટી કોવિડ આઇસોલેશન સેન્ટર તથા આરોગ્ય કેન્દ્રો સ્થાપવા, ધન્વંતરિ રથ અને ફિવર ક્લિનિક્સ, ખુબ જ મોટા પાયે ટેસ્ટીંગ, કન્ટેન્ટમેન્ટ ઝોનની રચના, કો-મોર્બિડ મેનેજમેન્ટ, વોર રૂમની રચના જેવા ઝડપી અને કાર્યક્ષમ પગલાઓ લીધા હતાં. શહેરીજનોના સહકાર, જિલ્લા અને શહેરી તંત્રનો સમન્વય અને

કોરોના યોદ્ધા કર્મયોગીઓના સતત પ્રયત્નોથી શહેરમાં મહામારીની સ્થિતિને અંકુશમાં રાખવા માટે ખુબ મદદ મળીછે.

સુરત મહાનગરપાલિકાએ કોવિડ-૧૯ સામે લડવા માટે વિવિધ પગલાં અને પહેલ કરી છે. જેનું શ્રેષ્ઠ પરિણામ પણ મળ્યું: જેમાં-

## ટીટીટી આઈક્યુ સ્ટ્રેટેજ (ટ્રેક, ટેસ્ટ, ટ્રીટ, આઈસોલેશન અને ક્વોરેન્ટાઇન)

કોવિડ-૧૯ રોગચાળાના પ્રારંભિક તબક્કેથી સુરત મહાનગરપાલિકાએ રોગ સામે લડવાની TTT IQ વ્યૂહરચના અપનાવી હતી .વ્યૂહાત્મક અભિગમ લક્ષણોવાળા દર્દીઓની વહેલી ઓળખ, અને ટેસ્ટીંગ માટે ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે, જે સંક્રમણનો દર અટકાવવા માટે પાયારૂપ છે.

## લોકડાઉન દરમિયાન અને ત્યારબાદ કોવિડ-૧૯ માટે જાહેર-ખાનગી ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ:

લોકડાઉનના પહેલા દિવસથી સુરત મહાનગરપાલિકાએ ૧૭૫ ખાનગી ક્લિનિક્સ, ૬૭૫ ખાનગી હોસ્પિટલો સાથે ભાગીદારી કરી છે, જેમાં બંને કોવિડ અને નોન-કોવિડ બિમારીઓની સારવાર ઉપલબ્ધ છે .મિશન હોસ્પિટલ અને ટ્રાઈસ્ટાર હોસ્પિટલે સરકારી હોસ્પિટલોની સાથે કોવિડ-૧૯ દર્દીઓની સારવાર શરૂ કરવા સ્વૈચ્છિક સેવા આપી. કોરોનાના પ્રારંભિક તબક્કામાં મિશન હોસ્પિટલ, ટ્રાઈસ્ટાર હોસ્પિટલ, વિનસ હોસ્પિટલ અને લોખાત હોસ્પિટલ નામની હોસ્પિટલોએ ઉધરસની ઓપીડી પ્રારંભિક નિદાન માટે શરૂ કરી, સરકારી હોસ્પિટલોમાં કામનું ભારણ ઘટાડવામાં મદદ કરી હતી.

## નોન-કોવિડ માટે જાહેર ખાનગી ભાગીદારીનું ઉત્તમ ઉદાહરણ

સુરત મહાનગરપાલિકાએ બાળ ચિકિત્સકો સાથે ભાગીદારી કરીને સગર્ભા સ્ત્રીઓ અને શિશુઓની રસીકરણના સમયપત્રકની કાળજી લીધીછે. ૪૧ બાળરોગની હોસ્પિટલોમાં ૮૮૫ રસીકરણ સત્રો ખાનગી હોસ્પિટલ્સમાં યોજવામાં આવ્યા છે, અને ૬૩૪૦ બાળકોને રસી આપવામાં આવી છે. ૨૯૩ સગર્ભા સ્ત્રીઓને શહેરી આરોગ્ય કેન્દ્રોમાં ચેપ લાગવાથી બચાવવા માટે રસી આપવામાં આવી છે.

## સુરક્ષા કવચ સમિતિ

જન-જાગૃતિ અને કોવિડ એપ્રોપ્રિએટ બિહેવિયરનું પાલન થાય તે હેતુથી, અને નાગરિકોને તેમની મૂળભૂત આવશ્યકતાઓ માટે મદદ કરવા સુરક્ષા કવચ સમિતિઓ રચવામાં આવી છે. અત્યાર સુધીમાં ડોક્ટર, પેરામેડિકલ સ્ટાફ, વિવિધ સમાજના પ્રમુખ, શાળાના શિક્ષક, વિદ્યાર્થી, કોવિડ દર્દીઓ, મહિલાઓ, યુવા જૂથના સભ્યો અને એનજીઓ સમાવીને ૧૨૨ સુરક્ષા કવચ સમિતિની રચના કરવામાં આવી. વિવિધ કાર્યો માટે સુરક્ષા કવચ સમિતિના ભાગ રૂપે ૫૦૦૦થી વધુ સ્વયંસેવકો સામેલ છે.

## હોસ્પિટલ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (સ્મીમેર)

કોરોના સંક્રમણને ધ્યાને લઈ આગોતરા પગલાના ભાગરૂપે મહાનગરપાલિકાએ એપ્રિલ-૨૦૨૦માં સ્મીમેર હોસ્પિટલમાં ૫૪૦ આઇસોલેશન બેડની ક્ષમતાવાળી સ્મીમેર+ નામની કોવિડ-૧૯ હોસ્પિટલ ઉભી કરી. જેમાં તમામ બેડ પર ઓક્સિજન સુવિધા ઊભી કરી. જેમાં માત્ર કોવિડ દર્દીઓને ગુણવત્તાયુક્ત સારવારની વ્યવસ્થા કરી. વધારાના સ્ટાફ ખાસ કરીને ડોકટરો, પેરામેડિકલ સ્ટાફ અને સહાયક સ્ટાફને ઉપલબ્ધ બનાવવા માટે ઝડપી ભરતી પ્રક્રિયા કરવામાં આવી. આજદિન સુધીમાં ૧૬૪ ડોકટરો, ૩૧૦ સ્ટાફ નર્સ, ૩૯ લેબ ટેક્નિશિયન, ૨૨૬ વોર્ડ બોય, ૧૦૬ આયાઓ,તથા ૨૩૮૪ મલ્ટીપર્પઝ કર્મચારીઓ કરારના આધારે ભરતી કરવામાં આવ્યા છે. વળી, સિવિલ હોસ્પિટલો અને સ્મીમેર હોસ્પિટલમાં કોવિડ દર્દીઓને આપવામાં આવતી સેવાઓનું વધુ સારી રીતે દેખરેખ રાખવા માટે ૭૫ સી.સી.ટીવી કેમેરા ગોઠવવામાં આવ્યા.

## જીવનરક્ષક દવાઓના ઉપલબ્ધતાની વ્યવસ્થિત ખાતરી

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને રાજ્યના આરોગ્ય વિભાગના સહયોગથી ટોસીલિઝુમાબ અને રેમડેસિવીર જેવી જીવનરક્ષક દવાઓ પણ વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવી છે. અત્યાર સુધીમાં ૧૩૮૬ દર્દીઓને ટોસિલીઝુમાબ ઈન્જેકશન આપવામાં આવ્યા છે અને ૨૯૮૭ થી વધુ દર્દીઓને રેમિડેસિવિર ઈન્જેકશન આપવામાં આવ્યા છે. હજી પણ ૩૨૦ ટોસિલીઝુમાબ અને ૬૮૨ રેમડેસિવિર ઈન્જેકશનનો સ્ટોક ઉપલબ્ધ છે. એટલે હાલ આ ઇન્જેક્શનની કોઈ પણ પ્રકારની અછત નથી.

## પીપીઇ કિટ્સ અને માસ્કની ઉપલબ્ધતા

સુરત મહાનગરપાલિકાએ આરોગ્ય અને સર્વેલન્સ સ્ટાફ માટે એન-૯૫ માસ્ક, પી.પી.ઇ. કીટ્સ, હેન્ડ ગ્લોવ્ઝ વગેરે જેવા રક્ષણાત્મક ચીજોની પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવી છે. અત્યાર સુધીમાં ૯૫,૭૪૯ એન-૯૫ માસ્ક, ૨૪,૦૫૦ પી.પી.ઈ કિટ્સ, ૧૦,૦૩,૧૨૩ ટ્રિપલ લેયર માસ્ક, ૧૮,૪૯,૨૦૦ હેન્ડ ગ્લોવ્સ અને ૨૬,૫૦૦ સેનિટાઇઝર કામદારોને આપવામાં આવે છે.

## સમરસ કોવિડ કેર સેન્ટર

કોવિડ-૧૯ રોગચાળાની શરૂઆત દરમિયાન સરકારી બોયઝ હોસ્ટેલ સમરસને ૧૦૦૦ બેડની ક્ષમતાવાળા કોવિડ-૧૯ ક્વોરેન્ટાઈન અને આઈસોલેશન સેન્ટર તરીકે રૂપાંતરિત કરવામાં આવ્યા હતા. ઓછા જોખમવાળા દર્દીઓને તેમના આઇસોલેશન સમયગાળા દરમિયાન સમરસ ખાતે રાખવામાં આવ્યા હતા. સમરસ ખાતે દર્દીઓને આવશ્યક પારિવારિક વાતાવરણનો સ્પર્શ આપવામાં આવ્યો હતો. જે ભાવનાત્મક અને માનસિક રીતે દર્દીને મજબૂત કરવાંમાં સહાયરૂપ થયાં. દર્દીઓને યોગથી મનોરંજન અને વાંચન માટે પુસ્તકો-સામયિકો પૂરા પાડવા સહિત તમામ સુખાકારી-સુવિધા આપવામાં આવી હતી. દર્દીઓએ પણ તેમની રિકવરી પછી પ્લાઝ્મા ડોનર બનીને ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું.

## કોમ્યુનિટિ કોવિડ આઇસોલેશન સેન્ટર્સ (સીસીઆઈસી) અને આરોગ્ય કેન્દ્રો (સીસીએચસી)

કોરોના પોઝિટિવ દર્દીઓમાં વધારો થતાં, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને કોમ્યુનિટી કેર આઇસોલેશન સેન્ટર (સીસીઆઈસી)ની રચના કરીને સ્થાનિક કોમ્યુનિટીને આ લડતમાં જોડાવા માટે સજ્જ અને રાજી કર્યા છે. આ અનોખી પહેલ અંતર્ગત, સામાન્ય રીતે લગ્ન અને અન્ય સામાજિક કાર્યો માટે ઉપયોગમાં લેવામાં આવતા વાડી કે હોલ્સને 'કમ્યુનિટિ કેર આઇસોલેશન સેન્ટર'માં રૂપાંતરિત કરવામાં આવે છે. જેનો ઉપયોગ એસિમ્પ્ટોમેટિક અથવા હળવા-લક્ષણવાળા પોઝિટિવ દર્દીઓ માટે સારવાર અને આઇસોલેશનની સુવિધા આપવા માટે થઈ રહ્યો છે. જે લોકોને ઘરમાં આઇસોલેટ થવાની રૂમ કે જગ્યાની સગવડ ન હોય તેમના માટે આ સેન્ટર્સ આશીર્વાદરૂપ બન્યાં. જે-તે જ્ઞાતિના સેન્ટરો હોવાથી તેમના જ સમાજના ડોકટરો અને અન્ય તબીબી અને પેરામેડિકલ સ્ટાફની મદદથી ખોરાક, પાણી પુરવઠા અને તબીબી સારવાર મળી. જે સમાજ-જ્ઞાતિ પાસે પોતાનો કમ્યુનિટિ હોલ કે

વાડી કે અન્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર નથી, તેમને સુરત મહાનગરપાલિકાએ મ્યુનિસિપલ કમ્યુનિટિ હોલ આપીને ટેકો આપ્યો છે, જેને વિવિધ કમ્યુનીટી દ્વારા સીસીઆઈસીમાં રૂપાંતરિત કરવામાં આવ્યાં છે.

આ અનોખી પહેલમાં સામાજિક ભાગીદારીને વણી લેવામાં આવી અને શહેરમાં અનેક સ્થળે પોઝિટીવ દર્દીઓની સારવાર આપવામાં આવી. તબીબી વ્યાવસાયિકો પણ મોટા પ્રમાણમાં કોવિડ-૧૯ સામેની લડતમાં જોડાયાં છે. અત્યાર સુધીમાં ૧,૪૧૧ બેડ ક્ષમતાવાળા ૨૦ સીસીઆઈસી કાર્યરત છે, જો જરૂર પડે તો વધારાના ૧,૦૮૫ બેડ દ્વારા તેને વધારવાને ક્ષમતા છે.

સુરતમાં ફિવર ક્લિનિક્સ અને ધન્વંતરિ રથથી ખુબ સારા પરિણામ મળ્યા છે. વધુ સંક્રમિત વિસ્તારો સુધી નિદાન અને પરીક્ષણ સુવિધા પહોંચાડવાના દ્રષ્ટિકોણથી સુરત મહાનગરપાલિકાએ લોકડાઉન સમયગાળા દરમિયાન ૩૫ ફિવર(તાવ) ક્લિનિક્સ શરૂ કર્યા, અને આ અભિયાનમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના માર્ગદર્શન અને સહાય હેઠળ મોબાઇલ તબીબી વાન દ્વારા 'ધન્વંતરિ રથ' શરૂ કર્યા. 'ધન્વંતરિ રથ'માં રેપિડ એન્ટિજેન ટેસ્ટ, એઆરઆઈ કેસ મેનેજમેન્ટ, રેફરલ, પ્રોફીલેક્સીસ, ઓક્સિજન-SPO2 માપવું, તાવ, માસ્ક, સેનિટાઇઝર અને હેન્ડ હાઈજીનનો ઉપયોગ વધારવા માટે જનજાગૃત્તિનું નમૂનેદાર કાર્ય થઈ રહ્યું છે. ધન્વંતરિ રથ સેવાનો આજ સુધી ૧૦,૬૯,૭૦૦ નાગરિકોએ લાભ લીધો છે. દૈનિક ધોરણે શહેરમાં રથ દીઠ સરેરાશ ૨૭૫ વ્યક્તિઓની ઓપીડી સાથે ૧૧૭ થી વધુ ધનવંતરી રથ ચલાવવામાં આવે છે એમ શ્રી પાની જણાવે છે.

## ૧૦૪ હેલ્પલાઇન સહિત આરોગ્ય સેવાઓ

કોરોના કેસોનું વહેલી તકે નિદાન કરવા માટે, મૃત્યુદર ઘટાડવાના મુખ્ય ઉદ્દેશ્ય સાથે, પાલિકાએ ૧૦૪ હેલ્પલાઇનની વિકેન્દ્રિત વ્યૂહરચના અપનાવી છે. ડોકટરો અને પેરામેડિક્સની સમર્પિત ટીમ 'સ્ટોપ ટાઈમ'માં દર્દીઓ સુધી પહોંચે છે. વોરરૂમ દ્વારા એક્ટિવ સર્વેલન્સ, પેસીવ સર્વેલન્સ, ૧૦૪ હેલ્પલાઇન, એસ.એમ.સી. હેલ્પલાઈન, રેફરલ પરીક્ષણ માટે ડોર ટુ ડોર મુલાકાત, ફોલો અપ, રૂટિન ટેલી પરામર્શ સેવાઓ ઉડીને આંખે વળગે છે. વેસુ ખાતે કોરોના સામે લડવા અને જન માર્ગદર્શન માટે અદ્યતન વોર રૂમ એટલે કે, 'રોગચાળા નિયંત્રણ કક્ષ' શરૂ કરાયો. જેના દ્વારા ૩૫૦૦ થી વધુ કોલ્સ અટેન્ડ કરવામાં આવ્યા છે, અને ૫૦ થી વધુ દર્દીઓને સમયસર હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે, તમામ કોલ કરનાર વ્યક્તિઓને ત્યારબાદ સમયસર ફોલોઅપ કરવામાં આવે છે.

## સોશિયલ મીડિયા પર મીડિયા બ્રીફિંગ

મ્યુનિસિપલ કમિશનરે વિવિધ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ જેવા કે ટ્વીટર, ફેસબુક અને યુટ્યુબ દ્વારા નાગરિકોને પરિસ્થિતિ વિશે જાગૃત કરવા અને અફવાઓ પર ધ્યાન ન આપવા માટે નિયમિતપણે માહિતી આપી હતી. સુરત મહાનગરપાલિકાએ તેની સોશિયલ મીડિયા ચેનલ 'માય સુરત' દ્વારા નિયમિતપણે સમયસર સાચી માહિતી નાગરિક સુધી પહોંચે તેની ખાતરી કરવા માટે કોવિડ-૧૯ પરિસ્થિતિ વિશે અપડેટ કરેલી માહિતી, માર્ગદર્શિકા, આઈ.સી.ઈ. જાગૃતિ સંદેશાઓ અને મહત્વપૂર્ણ અપડેટ્સ પ્રકાશિત કર્યા.

બંછાનિધિ પાની IAS
કમિશ્નર, સુરત મહાનગરપાલિકા

# કોરોનાકાળની ભોજનવ્યવસ્થા

## ડૉ. ધવલ પટેલ, કલેક્ટર

કોરોનાકાળમાં લોકડાઉનની શરૂઆતથી તારીખ ૩૧ મે ૨૦૨૦ સુધી સૂરતે એક અભૂતપૂર્વ સિદ્ધિ નોંધાવી. સૂરતમાં લગભગ ૧૫ લાખ જેટલા પરપ્રાંતીય મજૂરો વસે છે. આમાંથી મોટા ભાગના રોજ કમાઈને રોજ ખાનારા લોકો છે. અણધાર્યા આવી પડેલ લોકડાઉનના કારણે આમાંથી બધાના હાથને કામ મળતું બંધ થયું ને એની જ સાથે પેટને ધાન ન મળે એવી પરિસ્થિતિનું સર્જન થવા લાગ્યું. પરંતુ તે જ વખતે સમયસૂચકતા વાપરીને કલેક્ટર કચેરી, સૂરત મહાનગરપાલિકા, ઉદ્યોગગૃહો, સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ, તમામ સૂરતવાસીઓએ જે આયોજન કર્યું હતું એ ખરેખર દર્શનીય હતું. તમામ NGOને વિવિધ વિસ્તારો ફાળવી આપી, જે તે જગ્યાએથી કોઈપણ વ્યક્તિના ફોન આવે તે તમામને ભોજન પૂરું પાડવાની વ્યવસ્થા વીજળીક ઝડપે ગોઠવાઈ ગઈ. આ સમયગાળા દરમ્યાન માત્ર કલેક્ટર કચેરીના ચોપડે ચડેલ સેવાભાવી સંસ્થાઓ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ દ્વારા કુલ ૩ કરોડ જેટલા ફૂડ પેકેટ્સ જરૂરિયાતમંદોને પૂરાં પાડવામાં આવ્યાં હતાં. જ્યારે આ માનવીય આપદા એની ટોચે હતી એ વખતે રોજના ૬ લાખ જેટલા ફૂડ પેકેટ્સ પહોંચાડવામાં આવતા હતા. આ સિવાય ઘરમેળે રોટલી શાક બનાવીને આજુબાજુના જરૂરિયાતમંદોને ભોજન પૂરી પાડનાર સન્નારીઓની તો કોઈ ગણતરી જ નથી. પૂર, ભૂકંપ કે અન્ય કોઈપણ આપદા કરતાં આ આપદા અસરગ્રસ્ત લોકોની સંખ્યા અને સમયગાળો બંને દૃષ્ટિ એ ઘણી વધુ વિકરાળ હતી. કોઈપણ કુદરતી આફતમાં લાખો લોકો માટે બે માસ સુધી અસ્થાયી રસોડાં ચલાવવા પડ્યાં હોય એવું ધ્યાનમાં નથી. આ પૂર્વભૂમિકા સાથે 'કોરોનાકાળની ભોજનવ્યવસ્થા' અંગે મારા અનુભવો રજૂ કરું છું.

એક દિવસે દિલ્લીથી એક અધિકારીનો ફોન આવ્યો.
“સૂરતના ફૂડ પેકેટની સંખ્યા ૬ લાખ પ્રતિ દિન છે?”
“હા સર.”
“ઠીક. માત્ર ચેક કરતો હતો. ઘણા રાજ્યોનો કુલ આંકડો પણ આટલો નથી.”
હું તેમના અવાજમાં રહેલ અશ્રદ્ધા સ્પષ્ટપણે અનુભવી શક્યો. મેં એમને સમજાવ્યું કે સૂરતમાં કુલ પરપ્રાંતીયોની સંખ્યા પણ ઘણા રાજ્યો કરતાં વધુ છે, વગેરે વગેરે.... ત્યારબાદ તો ભારત સરકાર અને ગુજરાત સરકારની અનેક ટીમો સૂરતની મુલાકાત લઈ ગઈ અને આ આખી ઘટનાને તેમણે તાદૃશ જોઈ અને અનુભવી. આ સમયગાળા દરમ્યાન મોટા ભાગના લોકો પોતાના ઘરોમાં બંધ હોઈ વહીવટી તંત્ર, સેવાભાવી સંસ્થાઓ અને જેમની આંતરડીઓ ઠરી એ શ્રમિકો સિવાય આ મહાન

ઘટનાનું કોઈ સાક્ષી નથી. એટલે એ બાબત જનસામાન્યની સામે આવે એ અપેક્ષાએ લૂખાસૂખા આંકડાઓય આપ્યા છે.

એ સમયગાળા દરમ્યાન કૉલસેન્ટર, કલેક્ટર, કમિશ્નર, સેવાભાવી સંસ્થાઓ, કોઈના પણ ફોન રણકવાનું બંધ થવાનું નામ નહોતા લેતા. એમાંના અમુક કૉલ સ્મૃતિપટ પર અંકિત થઈ ગયા છે, જે આપની સમક્ષ રજૂ કરું છું.

એક દિવસ બપોરે અગિયાર વાગ્યાના સમય આસપાસ એક શ્રમિકનો ફોન આવ્યો.
“ડી. એમ. સાહબ, હમ રામપ્રસાદ પાંડેસરા[1] સે બોલ રહે હૈં. કુછ ખાને કો નહીં હૈ. હમ સૂરત મેં ફંસ ગયે હૈં. કુછ મદદ કીજિએ.”
“ઠીક હૈ.  હમ કિસીકો ભેજતે હૈં.”
આ પછી અમારા અધિક કલેક્ટર કેલૈયાજીને એ વ્યક્તિની વિગતો, નામઠામ આપીને મદદ પહોંચાડવા કહ્યું અને ત્યારબાદ બીજા કૉલમાં વ્યસ્ત થઈ ગયો.
સાંજે સાતેક વાગ્યે એ જ ભાઈનો ફરીથી કૉલ આવ્યો.
“ડી. એમ. સાહબ, હમેં ખાના મિલ ગયા હૈ. ઔર રોજ મિલ જાએગા ઐસા ભી વો લોગ કહ રહે થે.”
મને કંઈક સંતોષ થયો. મહદંશે પ્રશ્ન હોય ત્યાં સુધી વહીવટીતંત્ર ને લોકો ફરિયાદ કરતા હોય છે, પરંતુ મારી કારકીર્દિમાં પ્રશ્ન હલ થઈ ગયા પછી યાદ કે ધન્યવાદ કરવા વાળા લોકો આંગળીના ટેરવે ગણાય એટલા જ છે. મને આનંદ થયો કે આ સરળ શ્રમિકે મને એ બાબત જણાવવાની તસ્દી લીધી. પણ તેના બીજા વાક્યે મને ક્લીન બોલ્ડ કરી નાખ્યો.
“ખાના આ તો ગયા હૈ સાહબ, પર યહ ખાના આપ હી કે યહાં સે આયા હૈ ના?”
આ મહાનુભાવ ચેક કરતા હતા કે ખાવાનું કલેક્ટરે મોકલાવ્યું છે કે બીજા કોઈએ કે જેને એણે મદદ માટે ફોન કર્યો હશે. મેં માંડ માંડ મારી જાતને પ્રત્યુત્તર આપતા રોકી કે, “ખાવાનું મળી ગયું છે તો ખાવામાં ધ્યાન આપો ને ભાઈ. ક્યાંથી આવ્યું એ પંચાતમાં શું લેવા પડો છો?”. લોકો આવા સમયમાં પણ ખણખોતરમાંથી બહાર નથી આવતા. જો સમય યોગ્ય હોત તો આ વિરલ વ્યક્તિત્વને રૂબરૂ મળવાની ઇચ્છા હતી. પણ વિપરીત સંજોગોના કારણે મનની મનમાં જ રહી ગઈ.

એક દિવસ બિહારના એક ધારાસભ્યનો ફોન આવ્યો.

---

1 નામ અને સ્થળ બદલેલાં છે.

“ડી. એમ. સાહબ, હમ વિધાયક માતાપ્રસાદ[2] બોલ રહે હૈં બિહાર સે. હમારે છેત્ર કે કુછ લોગ આપકે યહાં ફંસે હુએ હૈં. ઉન્હેં ખાના મુહૈયા નહીં હો રહા હૈ.”
“નમસ્તે. ઉનકા એડ્રેસ બતાઈએ.”
તેમણે એડ્રેસ કહ્યું એટલે મેં તરત જ પ્રત્યુત્તર આપ્યો કે, “વહાં તો દત્તાત્રેય સેવા સમાજ[3] રોજ પાંચ હજાર લોગોં કો ખાના ખિલાતા હૈ. આપ ઉનકો પીયૂષ પોઇંટ[4] પર ભેજ દીજિએ. ઉન્હેં ખાના મિલ જાએગા.”
“હાં. વો તો હમેં પતા હૈ ડી. એમ. સાહબ. પર વહાં સિર્ફ ખીચડી યા દાલ ચાવલ હી મિલતે હૈં. યે મજદૂર આદમી હૈં. કહાં ખીચડી ખાતે રહેંગે?”
આખો દિવસ હજારો કૉલ ઉપાડ્યા પછી આ વાક્ય સાંભળી મારો પિત્તો ગયો.
“ખીચડીમેં ક્યા બુરાઈ હૈ? હમ ભી રોજ ખીચડી હી ખાતે હૈં.”
ધારાસભ્યે ખીજાઈને કીધું, “ઠીક હૈ ફિર. આપ સિર્ફ ખીચડી હી ખિલાઇએગા હમારે લોગોં કો?”
“હાં.”
“તબ હમ અપને સી.એમ. ઔર આપકે સી.એમ. કો ફરિયાદ કરેંગે કી આપ હમારે લોગોં કો ખાના નહીં દે રહે હૈં.”

પછી આવી બાલિશ વાતોનો કોઈ જવાબ આપવાનું યોગ્ય ન લાગતાં ફોન કાપી કાઢ્યો. જ્યારે સૂરતવાસીઓ માંડ માંડ, જેમ તેમ કરીને કોઈ વ્યક્તિ ભૂખ્યો ન સૂએ એ માટે દિવસરાત મહેનત કરી રહ્યા હતા, ત્યારે આ મહાશય બિહારમાં બેઠા બેઠા સૂરત કલેક્ટરે કયું મેનુ જમાડવું જોઈએ એની લમણાઝીંક કરી રહ્યા હતા.

આવા તો કેટલાય કૉલ સ્વૈચ્છિક સંગઠનો અને વહીવટી અધિકારીઓ એ આ સમયગાળા દરમ્યાન ઉપાડ્યા ને સહન કર્યાં હશે. એ બધા વતી આ સંસ્મરણો વાચકને અર્પણ.

ડૉ. ધવલ પટેલ IAS
કલેકટર, સુરત

---

[2] નામ બદલેલ છે.

[3] નામ બદલેલ છે.

[4] સ્થળ બદલેલ છે.

# કોરોના એક વૈશ્વિક મહામારી

## અશોક એમ. દવે

ચીનમાંથી શરૂ થયેલ આ માહમારીએ વિશ્વના તમામ દેશોને પોતાના ભરડામાં લઈ લીધા. દુનિયાના મોટા ભાગના શહેરોમાં લોકડાઉન જાહેર કરવામાં આવ્યું. લોકો સતત ખોફ અને ચિંતામાં જીવતા થઈ ગયા. કોરોનાને કારણે કેટલીક સકારાત્મક બાબતો ઉભરીને બહાર આવી. લોકોમાં સ્વચ્છતા બાબતે જાગૃતી આવી. બિનજરૂરી ઘરની બહાર ફરવાનું બંધ થયું. લોકડાઉનને કારણે ઘરના સભ્યો એક બીજાને વધુ સમય આપવા લાગ્યાં. ઘરના સભ્યો એકબીજાની મહતા સમજતાં થયાં. માણસ સ્વજનોથી નજીક આવ્યો. લોકડાઉનને કારણે વ્યક્તિ ઘરના પોષ્ટિક ખોરાક તરફ વળ્યો.

વિશ્વ વ્યાપી આર્થિક સામાજીક કટોકટી ઉભી થઈ. વેપાર ધંધા બંધ પડયા. જેને કારણે ઉપરોકત પરિસ્થિતિ ઉપસ્થિત  થઈ. આની અસરથી ન્યાય વિભાગ પ્રભાવિત થયો. તા. ૨૨.૩.૨૦૨૦ ના રોજ માનનીય પ્રધાન મંત્રીએ પ્રજા જોગ સંબોધન કરી ૨૩.૩.૨૦૨૦ થી આખા દેશમાં લોકડાઉન અમલમાં મૂકયુ. જેના કારણે અદાલતો ની કાર્યવાહી પણ થંભી ગઈ. જેની  નકારાત્મક અસર કાચા કામના કેદીઓ ઉપર થઈ. કાચા કામના કેદી કે જે ભારતીય દંડ સંહીતા હેઠળ અગર અન્ય કોઈ કાયદાના ભંગ બદલ પોલીસ દ્વારા ધરપકડ બાદ જ્યુડીશીયલ કસ્ટડીમાં હતા. કાચા કામના કેદી એ એવા કેદી છે જેઓની સામેનો કેસ કોર્ટમાં પેન્ડીગ છે. અધિકૃત અદાલત દ્વારા તેઓને દોષીત ઠરાવેલ નથી. આવા કેદીઓ પૈકી કેટલાંક કેદીઓની જામીન અરજી પેન્ડીગ હતી. અને તેને જામીન ઉપર મુક્ત થવાના હક્કદાર હતા તેઓની મુક્તિ લંબાઈ ગયેલ.

જે કેસોમાં ગુનાના કામમાં વાહનનો ઉપયોગ થયેલ હોય તેવા વાહનો પોલીસે કબજે કરેલ તે કોર્ટ કાર્યવાહી થંભી જવાના કારણે વાહનના માલિકોને સમયસર વાહન પરત ન મળ્યા. કોર્ટની વાસ્તવિક કામગીરી બંધ થવાને કારણે કેસોના નિકાલ ન થઈ શક્યા. જેની સામે ગુનાઓના પ્રમાણ ઘટાડો ન થવાના કારણે કોર્ટનું ભારણ વધેલ છે.

કોર્ટ દ્વારા વર્ચુયલ હીયરીગ શરૂ થયેલ છે. જેમાં ઘણા પ્રશ્નો ઉભા થાય છે. કોર્ટ કાર્યવાહીમાં પક્ષકારોના વકીલનું અહમ યોગદાન છે. વર્ચુયલ હીયરીંગમાં જજ તથા બે વકીલની લીંક મળ્યા બાદ પણ દલીલ દરમ્યાન કોઈ વકીલ કોઈ દસ્તાવેજ અગર પુરાવા રીફર કરે જે રેકોર્ડમાં ન હોય ત્યારે કોર્ટ

મુશ્કેલી અનુભવે છે. કોર્ટરૂમ હીયરીંગ હાલના સંજોગોમાં શક્ય નથી. નાના કોર્ટ રૂમમાં વકીલોની અને પક્ષકારોની અમર્યાદીત હાજરી, સોશીયલ ડીસ્ટન્સના પ્રશ્નો ઉભા કરે છે.

કોરોના ના સમયમાં પણ પક્ષકારોનું વલણ પોતાનો કેસ ચાલે અને નિર્ણય ઉપર જલ્દી આવે તે મુજબનું રહ્યું છે. પરંતુ વકીલોની ગેરહાજરીને કારણે પક્ષકારોના વલણને પણ અસર થયેલ છે.
ટુંકમાં કોરોનાની અસર ન્યાયતંત્ર ઉપર થયેલ છે. ન્યાય વિભાગમાં કામ કરતા જજીસ તેમના કુંટુબીજનો, સ્ટાફના કર્માચારી, એડવોકેટ પણ આ મહામારીમાં સપડાયેલા છે. અને છેલ્લે આ વિષય ઉપર લખનાર હું પોતે પણ હોમ કોરોનટાઈન છું.


અશોક એમ. દવે

પ્રમુખ, ગ્રાહક તકરાર નિવારણ કમીશન, સુરત.

પૂર્વ પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ સેશન જજ,

# માનવતાના માંડવે  નિરવ શાહ દ્વારા કર્મની આહુતિ

વ્યકિત શબ્દની પાછળ  વિશેષ શબ્દ લાગતા એ  "વ્યકતિ વિશેષ" તરીકે ઓળખાય જાય છે. સામાન્યથી અસામાન્ય વિચારધારા સાથે  નિઃસ્વાર્થ ભાવનાના અશ્વવને માનવતાના રથ સાથે જોડી કોરોના યુદ્ધમાં વિશેષ યોદ્ધા સાબિત થનાર વ્યકિતત્વ સાથેના પ્રેરણાત્મક સંવાદ અને સેવાયજ્ઞમાં અર્પેલ સત્કર્મની આહુતિ અહી પ્રસ્તુત છે.

કહેવાય છે કે વ્યકિત પોતાના કર્મથી અને આદર્શથી જ મહાન બને છે .કર્મ એવા થાય કે નામ થાય અને નામ એવું થાય કે જેના પર સન્માન થાય .અપેક્ષા વિના સેવા કરનાર વ્યકિતની વિચારધારા પણ સાવ અનોખી હોય.  એ સાબિત થયું જયારે પ્રભુ મહાવીર સ્વામી જન્મકલ્યાણ દિન નિમિતે ૩૦૦૦ થી વધારે કોરોના વોરિયર્સ અને જરૂરિયાતમંદ લોકોને લોકડાઉનના સમયમાં એક મહિનાથી પણ વધારે સમય ચાલે તેવી અંદાજિત ૨૭ kg જેટલી જીવન જરૂરિયાતની સામગ્રી સાથે 'સંપતિ ગ્રોસરી કીટ'નું  વિતરણ કરવામાં આવ્યું.

જયાં ભાવ માત્ર સેવાનો હોય ત્યાં હાથ આપમેળે જ મદદ માટે આગળ આવી જાય .શ્રી  નિરવભાઇ શાહની પ્રેરણા અને પુર્ણેશભાઇ મોદીના માર્ગદર્શન સાથે અંદાજે ૪૫ દિવસ સુધીમાં સમગ્ર સુરત શહેરની સેવા વસ્તી, EWS આવાસ, ઘર વિહોણા શ્રમિકો, વરિષ્ઠ નાગરિક તેમજ જરૂરિયાતમંદ એવા ૧૫૦૦૦ થી વધુ પરિવારને "સંપ્રતિ અન્નક્ષેત્ર દ્વારા દરરોજ શુદ્ધ, સાત્વિક ભોજન પીરસાયું શ્રી નિરવભાઇ શાહે વ્યકિતગત હાજરી આપી એક-એક કોળિયા પર એ લાચાર અને ભૂખ્યા ચહેરા પર આવતા સંતોષની સામે તેઓનો દિવસ-રાતનો થાક ઉતરી જતો હતો.

સુરત શહેરના ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઇ શાહ જેઓએ માત્ર રાજકીય નહિ પરંતુ વ્યકિતગત જવાબદારી સાથે કોરોનાકાળમાં કરેલ કાર્ય સાચા અર્થમાં સન્માનને પાત્ર છે .ધર્મથી જૈન હોય જીવ માત્ર દયા અને 'અહિંસા પરમો ધર્મ'ના આદર્શ તો રકતવાહિનીમાં જ વહે અને એ જ આદર્શો સાથે શ્રી  નિરવભાઇ શાહ અને તેઓના સહાયક સભ્યોએ સતત ૪૦  દિવસથી વધુ "સંપ્રતિ જીવમૈત્રી સેવાયજ્ઞ" ના માધ્યમ સાથે અબોલ જીવને ભોજન અપાયું .ખૂબ માન સાથે કહેવું પડે સુરતની આ ભૂમિ એટલે જ ગૌરવવંતી છે કારણ અહીં અબોલ પશુની જરૂરીયાતને પણ પ્રથમ પ્રાધાન્ય અપાય છે.

શહેરનાં ડેપ્યુટી મેયરશ્રી નિરવભાઇ શાહનું વ્યકિતત્વ એટલે જ વિશેષ બન્યું છે કારણ તેઓએ માત્ર જવાબદારી પૂર્ણ નહિ કરતાં સમયને ચારેબાજુથી ચકાસ્યો અને લોકોનાં સ્વાસ્થ્ય માટે પણ ચિંતા કરી કાર્ય કર્યા .કોરોના મહામારીમાં રોગપ્રતિકારક શકિત વધારવા ૧,૫૦,૦૦૦ વોર્ડના તમામ પ્રજાજનો અને સુરત શહેરના તમામ જૈન પરિવારને વિનામુલ્યે હોમિયોપેથિક દવાના ડોઝ ARSENIC ALB-30 નું વિતરણ કરવામાં આવ્યું.

શ્રી  નિરવભાઇ શાહએ તારીખ ૧ મે,ના રોજ પોતાના જન્મદિવસની અનોખી ઉજવણી "સંપ્રતિ રકતદાન સેવા સપ્તાહ" દ્વારા ૭૦૦ થી વધુ રકતદાતાઓના સહકાર થી "રકતદાન મહાદાન" ચરિતાર્થ દ્વારા કરી.

કોરોના કાળમાં જ્યાં 'જનસેવા એજ પ્રભુસેવા' સાર્થક થઇ રહી હતી ત્યાં આ મહામારીને નાથવા 'સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત' ના મહામંત્ર સાથે માત્ર હાથ સેનેટાઇઝ કરવા પૂરતા નહીં હતાં પરંતુ ઘર, રસ્તા, જાહેર મિલ્કત કે જાહેર સ્થળ ઉપરાંત ધાર્મિક સ્થળ જેવા કે મઢ, મંદિર, મસ્જિદ, દહેરાસર, ઉપાશ્રયની સ્વચ્છતા ઉપરાંત મત  વિસ્તારની તમામ સોસાયટીને સેનેટાઇઝ કરવું આવશ્યક હતું ત્યારે વિનામૂલ્યે સેનેટાઇઝીંગ વાહનની સગવડ સાથે જાતે જઇને પણ આ સેવા કરી.

"સંપ્રતિ કોવીડ આઇસોલેસન સેન્ટર" દ્વારા કોવીડ દર્દીને પારિવારિક અને લાગણીસભર વાતાવરણ આપવામાં આવી રહયુંછે. ડોકટર, નર્સ, સફાઇકર્મી જેવી વ્યવસ્થા સાથે દવાથી લઇ જમવાની તમામ અધ્યતન સુવિધાનો સુમેળ સમન્વય આ સેન્ટરમાં જોવા મળે છે .કોરોનાની મહામારીમાં સામાજિક દૂરી સાથે પણ લાગણીઓ નજીક રહે એ હેતુથી રક્ષાબંધન હોય કે સ્વાતંત્ર્યદિન, પર્યુષણ હોય કે પછી જન્માષ્ટમી તમામ તહેવારોની ઉજવણી પણ આઇસોલેસન સેન્ટરમાં કરવામાં આવી .જીવનની નાની ક્ષણમાં મોટી ખુશી મેળવી નવા દ્રષ્ટિકોણ સાથે જીવવાની રાહના સારથી બની કેટલાય મનમાં આશાનાં દીપ શ્રી  નિરવભાઇ શાહ પ્રજ્જવલિત કરી રહયા છે.

મહામારીના સમયમાં પ્રદુષણ ઘટાડી ઓકિસજનના ઉત્પાદનમાં વધારો કરનાર આ વૃક્ષો વાવવાના કાર્યને ગુજરાત બુક ઓફ રેકોર્ડમાં સ્થાન મળ્યું. યુવા રાજકીય વિભૂતિ, સ્વભાવમાં ધૈર્ય અને નિખાલસતા સાથે પ્રભાવશાળી વાકયછટા ધરાવનાર સ્પષ્ટવકતા, આગવી સંચાલન સુજ, નવીનતમ અને પરિવર્તનશીલ વિચારધારા સાથે એક નવી દિશા તરફ સમાજને દોરી રહયા છે એવા એક પ્રેરણાત્મક વ્યકિતત્વ શ્રી  નિરવભાઇ શાહે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 70માં

**જન્મદિનની ઉજવણી શહેરમાં 70 હજાર વૃક્ષો વાવી તેનું સંવર્ધન કરવાની પ્રતિજ્ઞા સાથે અનોખી રીતે કરી.**


**નિરવ એસ .શાહ**

**ડે.મેયર, સુરત મહાનગરપાલિકા**

**ઓફિસ નં. 0261 2787000 - મો. 9825111202**

niravsurat9@gmail.com

# સુરત મહાનગરપાલિકા કોરોનાના આપત્તિકાળમાં પણ લોકોની પડખે રહી

અનિલ ગોપલાણી

સુરત મહાનગર ભારતનું આગવું પ્રગતિશીલ શહેર છે, વેપાર, ઉદ્યોગ અને વાણિજ્યના ક્ષેત્રે હરણફાળ ભરી વિશ્વમાં સુરતે પોતાનું નામ એક આર્થિક નગરી તરીકે અંકિત કર્યું છે. દેશભરમાંથી રોજીરોટી માટે આવતા લોકોએ સુરત 'મીની ઈન્ડિયા'ની ઓળખ અપાવી છે. સુરતની હવામાં વેપારની તાજગી છે અને પાણીમાં વાણિજ્યની લહેર છે, પરંતુ કોરોનાની મહામારીએ સુરતની આર્થિક પ્રગતિ ઉપર બ્રેક મારી દીધી.

કોરોનાકાળ દરમ્યાન આખા વિશ્વની જેમ સુરતના વેપાર ઉદ્યોગ પણ બંધ થયા. શહેરની આર્થિક પ્રગતિ ઉપર અસર પડી, પરંતુ સુરત મહાનગર પાલિકાએ આ શહેરને સુદ્રઢ વહીવટ આપવાના એના ધ્યેયને કયારેય ન છોડયો. લોકડાઉનને કારણે ફિઝિકલ મીટીંગ બોલાવવી અશક્ય હતી. એટલે વર્ચ્યુઅલ મીટીગ દ્વારા સુરત મહાનગર પાલિકાની સ્ટેડીંગ કમિટિએ લોકોના હિતમાં અનેક નિર્ણયો લીધા. આ પ્રકારનો આ પહેલો અનુભવ હતો, તેમ છતાં નગરજનોને આપત્તિમાં મદદરૂપ થવાના ઉદ્દેશથી અનેકવિધ નિર્ણયો લેવામાં આવ્યા.

વિડીયો કોન્ફરન્સ દ્વારા મળેલી સ્થાયી સમિતિની સભામાં કરવામાં આવેલા મહત્વના નિર્ણયો

1. આરોગ્ય વિષયક સાધન-સામગ્રી ખરીદ કરવા માટે સુરત મહાનગરપાલિકા તરફથી મ્યુનિસિપલ સભ્યશ્રીઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટમાંથી તા. ૩૧મી માર્ચ, ૨૦૨૦ પછી જે સભ્યોની જે ગ્રાન્ટ બાકી હતી તે ગ્રાન્ટની રકમ તે પછીના વર્ષમાં કેરી ફોરવર્ડ કરવાને બદલે કોરોના વાઈરસ (coVID-59) ફંડ હેઠળ સુરત મહાનગરપાલિકામાં જમા કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

2. ૨૦૨૦-૨૧ વર્ષ દરમ્યાન શહેરીજનોને એપ્રિલ-૨૦૨૦ અને મે-૨૦૨૦ એમ બન્ને માસ માટે એડવાન્સ ટેક્ષ ભરનારને પ્રોપર્ટી ટેક્ષમાં ૧૦% રીબેટ આપવાનો નિર્ણય લીધો.

3. સ્મીમેર હોસ્પિટલ, મસ્કતી હોસ્પિટલમાં તેમજ તમામ અર્બન હેલ્થ સેન્ટર તેમજ અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ, તમામ શહેરી સામુહીક આરોગ્ય કેન્દ્ર (ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ

અંતર્ગત) ખાતે ઓ.પી.ડી. કેસ/રજીસ્ટ્રેશન ફી, એન્ટી રેબીઝ વેકસીન ફી (ARV), ડિસ્પેન્સરી ફી, ઈજેકશન ફી, ઈમરજન્સી કેસ, ડ્રેસીંગ ફી, લેબોરેટરી 1, coVID-19. ની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી સમગ્ર શહેરીજનો માટે તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી ઉપર જણાવેલ કોઈપણ પ્રકારની ફી વસુલ ન કરવાનો નિર્ણય લઈ સુરત શહેરની જનતાને ખૂબ મોટી સહાય કરી. મોબાઈલ ક્લીનીક ચલાવવા માટે તેમજ એપેડેમીક સર્વે ટીમને માટે વિવિધ વિસ્તારોમાં આવવા જવા માટે મોબાઈલ મેડીકલ વાન ખરીદવામાં આવી.

4. તબીબી સારવાર મેળવવા તેમજ અન્ય અવસાન થતા કેસમાં ઘરથી હોસ્પિટલ કે ઘરથી સ્મશાન ગૃહ સુધી લઈ જવા સુરત ફાયર વિભાગ હસ્તકની તમામ પ્રકારની એમ્બ્યુલન્સ તેમજ શબવાહિનીની સેવા માટે જાહેર જનતા પાસે ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી કોઈપણ ચાર્જ નહી વસુલવા નિર્ણય લેવાયો.

5. સુરત મહાનગરપાલિકાની સ્મીમેર/મસ્કતિ હોસ્પિટલમાં દાખલ થતા નોન (coVID-I9) કે અન્ય પેશન્ટોને તા. ૩૧-૧૨-૨૦૨૦ સુધી વિવિધ સેવા-ફી / ચાર્જસમાંથી સંપુર્ણ માફી આપવામાં આવી.

6. કોરન્ટાઈન થયેલા કર્મચારીઓની ખાસ રજા મંજુર કરવામાં આવી.

7. લોકડાઉન પિરિયડ દરમ્યાન જન્મ કે મરણની નોંધણી કરવામાં ન આવી હોય તો તેમને એફિડેવિટ કર્યા વગર પણ નોંધણી કરવાની સુવિધા આપવામાં આવી.

આમ સુરત મહાનગરપાલિકાએ હંમેશની જેમ હકારાત્મક રહી કોરોનાકાળના લોકડાઉન પિરિયડ અને લોકડાઉન પછીના સમયમાં પણ સુરત શહેરની જનતાની પડખે રહી એમને પડેલી આર્થિક મુશ્કેલીમાં ટેક્ષના દરમાં ઘટાડો તથા સેવા ફીની માફી આપી લોકહિતમાં કાર્યો કર્યા.

અનિલ ગોપલાણી
ચેરમેન- સ્ટેન્ડિંગ કમિટિ
સુરત મહાનગરપાલિકા

# રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સંવેદનાની સરવાણી

## કેતન લાપસીવાલા

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા 'કોરોના' ને વૈશ્વિક મહામારી જાહેર કર્યા બાદ ભારત સરકાર દ્વારા પૂરા ભારતમાં લોકડાઉન આપવામાં આવ્યું હતુ. જે અંતર્ગત ભારતના દરેક પ્રાંત, શહેર અને જિલ્લામાં અનેક સેવાભાવી સંસ્થાઓ, સરકારી તંત્ર અને વ્યક્તિગત રીતે પણ સેવા કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા હતાં. સુરત મુખ્યત્વે ડાયમંડ અને ટેક્ષટાઈલ્સ સાથે સંકળાયેલ છે. જેમાં ભારતના તમામ રાજ્યના લાખો શ્રમિકો રોજગારી માટે અહીં વસવાટ કરે છે.

ડો. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટ દ્વારા અગાઉ પણ કુદરતી આપત્તિ સમયે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ થતી રહી છે. આ મહામારીના સમયમાં ૨૩ માર્ચે, ટ્રસ્ટ દ્વારા આગામી સમયની ચર્ચા કરી વર્ચ્યુઅલ વિમર્શ શરૂ કરી દીધો હતો. આગામી સમયમાં કેવી રીતે કાળજી રાખવી, સેવા કાર્ય કઈ રીતે કરીશું. સેવા કરતા કેવા પ્રશ્નો આવશે? જેની વિગતવાર ચર્ચા કરીને જરૂરીયાત મુજબ સર્વે માટે એક ટીમ બનાવી. જેવી જરૂરીયાત હોય તે મુજબ સેવાકાર્ય કરવાનું ૨૫ માર્ચથી શરૂ કરી દીધું હતું. શરૂઆતમાં કાર્યકર્તાના ઘરેથી ફૂડ પેકેટ તૈયાર કરી ફુટપાથ ઉપર રહેનાર લોકોને મદદ કરવામાં આવી. ત્યાં જતા ધ્યાનમાં આવ્યું કે અન્ય સંસ્થાઓ પણ મદદ કરવા માટે આવે છે. એક જગ્યાએ બે થી વધુ સંસ્થાઓ આપી જતી હતી. જેથી ધ્યાનમાં આવ્યું કે એક પ્લેટફોર્મ ઉપર તમામ સંસ્થાઓને એકઠી કરવી જોઈએ. જેનાથી બધા લોકો સુધી પહોંચી શકાય.

સુરત શહેરની સેવાકીય સંસ્થાઓને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રયત્નોથી એકત્રીત કરવામાં આવી. સંસ્થાના પ્રમુખ કાર્યકર્તાઓ સાથે ચર્ચા કરી વિસ્તારની ફાળવણી કરી. વોટ્સએપ ગ્રુપ દ્વારા વિસ્તાર મુજબ કાર્યની આપલે કરી રીપોટીંગ કાર્ય ચાલુ કર્યું. જેથી કોઈ સેવાથી વંચિત ના રહે. જે લોકડાઉનમાં સંપૂર્ણરીતે અસરકારક સાબિત થયું. કોઈ સંસ્થા ફકત ચા-પાણીની વ્યવસ્થા કરતી, તો કોઈ સુકો નાસ્તો, તૈયાર ભોજન, માસ્ક, સેનેટાઈઝર વિતરણની સેવા આપતી.

૧) અનાજ કીટ વિતરણ :

સુરત શહેરના સર્વેના આધારે આયોજન કરી સાત ભાગમાં વહેંચવામાં આવ્યું. જેમાં કીટ તૈયાર કરવાના બે મુખ્ય કેન્દ્રો બનાવ્યા. જેમાં પર્વત પાટીયા અને વેસુમાં કીટ તૈયાર કરવાના કેન્દ્રો બન્યા. જ્યાંથી ત્યારબાદ સમગ્ર સેવા કાર્યનું સંચાલન થયું. આ અભિયાન દરમિયાન સુરતમાં કુલ ૧,૨૪,૮૯૦ કીટનું વિતરણ કર્યું.

૨) તૈયાર ભોજન વિતરણ :

લોકડાઉન લંબાતા અનાજની કીટને બદલે તૈયાર ભોજન વ્યવસ્થા કરવી વધુ યોગ્ય જણાયું. સાત ઝોનમાં સેવા વસ્તીઓ, સ્થાનિક મજૂરો અને નિમ્ન મધ્યમવર્ગના અન્ય જરૂરીયાત મંદ લોકોને રોજના બે ટંકના ભોજનની વ્યવસ્થા તેમજ ફુડ પેકેટની વ્યવસ્થા ગોઠવવામાં આવી. કુલ ૧૮,૬૪,૦૭૮ ભોજન તથા ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું.

૩) આયુર્વેદિક ઉકાળા વિતરણ :

આયુષ મંત્રાલય અને સુરત મહાનગર પાલિકા સાથે રહીને રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે ઉકાળા વિતરણના ૨૧ કેન્દ્રો શરૂ કરવામાં આવ્યા. જે સાત દિવસ સુધી વહેલી સવારે ગરમા-ગરમ ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું. કુલ ૨૧,૭૩,૧૫૦ લોકો સુધી ઉકાળાનું વિતરણ કર્યું.

૪) સેનીટાઈઝેશન :

જાહેર સ્થાનો તેમજ વિવિધ જનસેવા કેન્દ્રોને સેનેટાઈઝ કરવા તથા સોસાયટીમાં ગ્રુપ મીટીંગ દ્વારા જાગૃતિ લાવવા પ્રયત્નો કર્યા. ૩૬૫૦ સ્થાનોનું સેનીટાઈઝેશન કરવામાં આવ્યું.

૫) નિ:શુલ્ક માસ્ક વિતરણ :

સમાજમાં માસ્ક વિષે જાગૃતિ આવે તે માટે નિ:શુલ્ક માસ્ક ઉપલબ્ધ કરાવવા ટ્રસ્ટ દ્વારા પ્રશિક્ષિત સિવણના બહેનોને કાપડ, કટીંગ કરી પહોંચાડવામાં આવ્યું અને તેઓએ પોતાના ઘરેથી

સિલાઈ કરી ટ્રસ્ટને આપી સ્વરોજગાર પણ પ્રાપ્ત કર્યો. કુલ ૧,૭૫,૨૮૧ માસ્કનું વનવાસી તથા સુરતની સેવા વસ્તીમાં વિતરણ થયું.

૬) સરકારી કોવિડ હોસ્પિટલમાં સહાયતા કેન્દ્રો :

કોવિડ દર્દી અને દર્દીના સંબંધીઓને જોડતી લીંક બનાવી વિડીયો કોન્ફરન્સથી વાતચિત, જરૂરી ચાલતી દવાઓ કે અન્ય ચીજવસ્તુની આપલે તથા હોસ્પિટલને લગતી તમામ માહિતી માટે ચેમ્બર, હોસ્પિટલ પરિસરમાં ઉભું કરવામાં આવ્યું. જેમાં સ્મીમેર અને સિવિલ હોસ્પિટલમાં ડોકટર કાર્યકર્તાઓની ટીમ, કોવિડ વોર્ડમાં પેરામેડીકલ તંત્રની સાથે સહયોગમાં જોડાયા. ૪૫ દિવસ સુધી બે સીફટમાં કામ કરવામાં આવ્યું.

૭) હોમિયોપેથીક તેમજ આયુર્વેદિક દવા વિતરણ :

આપણી ભારતીય ઔષધીયોને ફરી સમાજમાં સ્થાપિત કરવી તે વિશે જનજાગરણ કરવું તેમજ સરકારશ્રી દ્વારા સુચિત અને આયુર્વેદ નિષ્ણાંત વૈદ્ય મેધાબહેન દ્વારા તૈયાર કરેલ આયુર્વેદ અને હોમિયોપેથીક ઔષધ કીટ ૨૯૦૦ પરિવાર સુધી પહોંચાડવામાં આવી.

૮) અન્ય સેવાઓ :

પ્રવાસી શ્રમિકો માટે આવશ્યક સેવાઓ પુરી પાડવામાં આવી.
ધન્વન્તરિ રથની યોજનામાં જાગૃતિ માટે સોસાયટી સંપર્ક
સંક્રમિતના પરિવારનું ડોકટર દ્વારા કાઉન્સેલીંગ
ટ્રાફીક અને પોલીસ કર્મચારીઓને લોકડાઉનના સમયે ફરજના સ્થાને બપોરે અને સાંજના સમયે ફૂડપેકેટ તૈયાર કરી આપવામાં આવ્યું.

૯) બ્લડ ડોનેશન કેમ્પ :

લોકડાઉનના સમય દરમ્યાન સુરત શહેરની તમામ પ્રવૃત્તિઓ બંધ હતી. બ્લડ બેંકમાં બ્લડનો સ્ટોક પૂર્ણ થઈ ગયો હતો. ઘણી એવી બિમારીમાં નિયમિત લોહીની જરૂર પડતી હોય છે. જે

લોકડાઉનને લીધે બ્લડ ડોનેશન કેમ્પ ન થવાને કારણે એક સમસ્યા ઉદ્દભવી હતી. સ્થાનિક સરકારી અને પ્રાઈવેટ બ્લડ બેંકનો સંપર્ક કરી સરકારશ્રીની ગાઈડ – લાઈન મુજબ આ ભયાનક રોગની વચ્ચે કાર્યકર્તાઓ દ્વારા રક્તવાહીનીના માધ્યમથી ૩૫૦૦ બોટલ રક્તદાન એકત્ર કરી સ્મીમેર, સીવિલ, સુરત રક્તદાન કેન્દ્ર, લોકસમર્પણ બ્લડ બેંકને આપવામાં આવ્યું.

૧૦) પ્લાઝમા ડોનેશન માટે જાગૃતિ :

કોવિડ-૧૯ના ગંભીર દર્દીઓને “પ્લાઝમા” સંજીવની સમાન સાબિત થતા. તેના માટે કાર્યકર્તાઓએ કોરોના થઈને સારા થયા હોય તેવા લોકોનો સંપર્ક કરી સ્મીમેર અને સિવિલ હોસ્પિટલમાં ૧૬૦ લોકોનું પ્લાઝમા ડોનેશન કરાવ્યું તેમજ પ્રથમ પ્લાઝમા કેમ્પ કરવાનું શ્રેય ડો. આંબેડકર વનવાસી કલ્યાણ ટ્રસ્ટને પ્રાપ્ત થયું.

કેતનભાઈ લાપસીવાલા
સુરત મહાનગર કાર્યવાહ

# મોં હસતું અને દિલ રડતું રહ્યું

## અજીત શાહ, સીએ,  અમદાવાદ

તા. ૩૦ મે ૨૦૨૦ ને શનિવારે બપોરે મારી પરણિત દીકરી હની નો કોરોના નો ટેસ્ટ કરાવ્યો જેનો રીપોર્ટ રાતના ૧૧.૩૦ વાગે હોસ્પીટલમાંથી ફોન આવ્યો કે રીપોર્ટ પોઝીટીવ છે આ સાંભળી હું, મારા પત્ની, દીકરો અને દીકરાની વહુના પગ નીચેથી ધરતી ખસી ગઈ. ચારે જણા મૌન થઈ એકબીજાની સામે જોયા કર્યું છેવટે ૧૨ વાગે દીકરીને ફોન કરીને જાણ કરી ત્યાં પણ તેની બે દીકરીઓએ રડવાનું શરૂ કરી દીધું.

તા. ૩૧ મે ૨૦૨૦ ના રોજ કોરોનટાઈન હોસ્પીટલમાં દાખલ કરી અને બપોરે જમાઈનો રીપોર્ટ પણ પોઝીટીવ આવ્યો. તેમને પણ  હોસ્પીટલમાં દાખલ કર્યા. ઘરે બે છોકરીઓ એકલી. કોર્પોરેશનવાળાએ બોર્ડ માર્યું કે ૧૪ મી જૂન સુધી કોઈએ ઘરમાંથી બહાર નીકળવાનું નહીં કે કોઈએ ઘરમાં જવાનું નહીં. અમારી પરિસ્થિતિ કફોડી બની. દીકરીને હોસ્પીટલમાં જમવાનું અનુકૂળ ન પડવાથી તેનું ટીફીન, બે દીકરીઓનું ઘરે ટીફીન મોકલવાનું. જો કે કુટુંબના સંપને કારણે બધુ ગોઠવાઈ ગયું.

તા. ૨ જૂન ૨૦૨૦ ના રોજ મારી દીકરીને ઓકસીજનનો પ્રોબ્લેમ થવાથી બીજી હોસ્પીટલમાં ટ્રાન્સફર કરી. જમાઈ અને દીકરી એક જ હોસ્પીટલમાં, પરંતુ જમાઈને રીકવરી ઝડપથી આવવાથી તા. ૫ જૂન ૨૦૨૦ ના રોજ  રજા આપી. અને એમને એમના બેનના ઘરે લઈ ગયા. કારણકે પોતાના ઘરે છોકરીઓ હતી. અને ૧૪ મી જૂન પહેલા પ્રવેશ ન હતો. દીકરી સાથે દરરોજ સવાર સાંજ વીડીયો કોલિંગ ઉપર વાત કરતા હતા.

આખરે તા. ૧૩ મી જૂને દીકરી હનીને હોસ્પીટલમાંથી રજા આપી. એને મારા ઘરે લઈ આવ્યા,એને ૩૦ દિવસ સુધી એકજ રૂમમાં રાખવામાં આવી. તા. ૧૩ મી જુલાઈના દિવસે મારી દીકરી, તેની દીકરીઓ પાસે તેમના ઘરે ગઈ.

તા. ૨ જૂનથી ૧૦ જૂન સુધીના દિવસો ખૂબ જ ટેન્શનમાં ગયા. મો હસતું અને દિલ રડતું રહ્યું. પણ ભગવાન ઉપર રાખેલો ભરોસો ખોટો પડતો નથી, એવું અમે મહેસુસ કર્યું.

અજીત સી. શાહ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ
અમદાવાદ – ૩૮૦૦૫૪ મો. નં. ૯૮૨૪૦ ૫૦૫૨૬

# રાહુ..કેતુ કે મંગળ નહીં પણ જાલીમ કોરોનાનું નડતર

## અમૃત વડિયા

કોવિડ_૧૯ કોરોના વાયરસની  મહામારીએ આખા વિશ્વમાં હાહાકાર મચાવી દીધો છે. ચીનના કાળા કરતૂત સમો એ કાળમુખો શયતાન ભારતમાં જરા મોડો પ્રવેશ્યો. પ્રારંભમાં લાગતું હતું કે એ લાંબું નહીં ખેંચે પણ એણે બધી ધારણા ખોટી પાડી અને લોકડાઉન દરમિયાન વડાપ્રધાનની અનેક અપીલને નહીં માનીને લોકો બગીચામાં વિહરતા હોય એમ માસ્ક પહેર્યા વિના અને સોશિયલ ડિસ્ટન્સ નહીં પાળી બેફામ વર્તતા આખરે એવી પરિસ્થિતિ સર્જાઈ કે બધું તહસનહસ થઈ ગયું. વેપાર ધંધા રોજગાર ઠપ થઈ ગયાં. અનેક લોકો રસ્તા પર આવી ગયાં. બધુ જ પડી ભાંગ્યું. અનેક આયોજનો ખોરવાયા. ગ્રાહ્ય પરિસ્થિતિનો ભોગ હું પણ બન્યો. 42 વર્ષથી પત્રકાર વ્યવસાયમાં છું. ખતરનાક પૂર અને પ્લેગ જેવી મહામારીનો સામનો કર્યો હતો. સમાચારો માટે સતત દોડતો રહેતો હતો. પણ કોરોનાએ મને મારી ઉંમર બતાવી દીધી. સિનિયર સિટીઝન હોવાથી પરિવારજનોએ બહાર નીકળવાની જ મનાઈ ફરમાવી દીધી. એમાં મારી નાની પુત્રી ડોક્ટર સિદ્ધિનો તો એવો આગ્રહ કે દરવાજા બહાર નીકળવાનુ જ નહીં. અહીં વિધિની વક્રતા પણ જોવા જેવી છે. અમે હાલ ઘરમાં ચાર જણા છીએ. જેમા હું, મારી પત્ની ભાવના અને મારા સાસુ દેવીબેન ત્રણેય સિનિયર સિટીઝન છીએ. પુત્રી ડોકટર સિદ્ધિ મસ્કતિ હોસ્પિટલમાં સેવા આપે છે. તેના લગ્ન જૂનમાં નિરધાર્યા હતા. અગાઉથી અનાવિલ સમાજની દયાળજી આશ્રમની વાડી પણ બૂક કરાવી દીધી હતી. દરમિયાન કોરોનાનો કહેર શરૂ થઈ ગયો. અમને એમ કે થોડા સમયમાં કોરોના જશે પણ એ તો સતત વધવા માંડ્યો. ડો. સિદ્ધિની કોરોના વોરિયર તરીકે ફરજ વધી ગઈ. તેણે અમારા ત્રણ વડિલોનો પણ ખ્યાલ રાખવાનો હતો. તેણે સુરતમાં જ રહેતા તેના ફિયાન્સ ધ્રુવ જાની સાથે વાતચીત કરી અને ધ્રુવે તેના પિતા હિમાંશુભાઈને જાણ કરી આ પરિસ્થિતિમાં લગ્ન મોકુફ રાખવા નિર્ણય લીધો. મારી મોટી પુત્રી નેહલ મિલિન્દ ગાવડેએ બુક કરાવેલી એર ટિકિટ કેન્સલ કરાવવી પડી. દિવાળી બાદ લગ્ન યોજવાનું નક્કી કર્યું પણ કોરોના વકરતો જ રહ્યો. મારી તબીબ પુત્રી લગ્નના શમણાં એક બાજુએ મુકીને કોરોના વોરિયર રૂપે ઝઝૂમવા માંડી અને અમને ત્રણ વડીલોને પણ સાચવતી રહી. તેના લગ્ન અંગે ફરી તૈયારી કરી ત્યાં મોટી પુત્રી નેહલના પરિવારમાં કોરોનામાં સપડાયો. હવે અમે સાદાઈથી સિદ્ધિના લગ્ન યોજીશું. સાસરું સુરતમાં જ હોવાથી તે અમારી પણ સંભાળ રાખશે.  ભગવાનને પ્રાર્થના કરીએ કે આ કોરોના જલ્દી જાય. સૌ ફરી આનંદોલ્લાસથી અગાઉ જેમ જીવવા માંડીએ. અસ્તુ.

અમૃત વડિયા

પત્રકાર, સંદેશ – સુરત – ૯૮૨૫૮ ૫૯૫૯૧

# આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના હેઠળ
# ગુજરાત સરકાર દ્વારા ૨૩૫૩.૩૭ કરોડની લોન સહાય
## સી.એ. અનુજ પચ્ચીગર

કોરોનાના આપત્તિ કાળમાં લગભગ ચાર થી પાંચ મહિના માટે આખો દેશ લોકડાઉનની સ્થિતિમાં રહ્યો. કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન માં લોકોને અનાજની કીટ અને ભોજન સહાય પણ આપવામાં આવી. પરંતુ જેવુ લોકડાઉન ખૂલ્યુ અને લોકો પોતાના રોજીરોટીના સ્થળ ઉપર પહોચ્યા, વેપાર, ઉદ્યોગ થોડા ચાલુ થયા ત્યારે એમને ગ્રાહકો મળતા નહોતા. નાના નાના વેપાર ઉદ્યોગને નાણાંની તંગી રહેતી હતી. આ લોકડાઉન દરમ્યાન સામાજીક પ્રવૃત્તિની સાથે આર્થિક પ્રવૃત્તિઓ પણ બંધ થઈ ગઈ. આ પરિસ્થિતિના કારણે નાના નાના વેપાર, ઉદ્યોગ કરનાર વેપારીઓ તથા વ્યવસાયકારોને રોજીરોટી નો પ્રશ્ન ઉપસ્થિત થયો. લોકોને ઘરખર્ચ કઈ રીતે કરવો ? આવક કયાંથી મેળવવી ? કુંટુંબનું ભરણપોષણ કઈ રીતે કરવું ? જેવા અનેક પ્રશ્નો સતાવવા માંડયા. અર્થતંત્ર સ્તબ્ધ થઈ ગયું. આથી ગુજરાત રાજ્ય સરકાર દ્વારા એક અગત્યનો નિર્ણય લેવામાં આવ્યો. માનનીય વડાપ્રધાનશ્રીની આત્મ નિર્ભર યોજનાને આકાર આપવા માટે રાજ્ય સરકાર દ્વારા બે પ્રકારની આત્મ નિર્ભર યોજનાની જાહેરાત કરવામાં આવી. આત્મ નિર્ભર યોજના-૧ માં રૂ. ૧ લાખની રકમ લોન તરીકે આપવામાં આવી તો આત્મ નિર્ભર યોજ્ના-૨ માં રૂ. ૨.૫૦ લાખની રકમ લોન તરીકે આપવામાં આવી. બન્ને પ્રકારની લોન દ્વારા રાજ્ય સરકારે લોકોને પગભર કરવાનો પ્રયત્ન કર્યો.

### આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના - ૧

રૂપિયા એક લાખ સુધીનુ ધિરાણ

ગુજરાત રાજ્ય સરકાર દ્વારા નાના વેપારીઓ, મધ્યમ વર્ગની વ્યક્તિઓ, વ્યક્તિગત કારીગરો તથા શ્રમિકોની આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિને વેગ આપવાના હેતુથી “આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના” અમલમાં મૂકવામાં આવી. આ યોજ્ના હેઠળ ગુજરાત રાજ્ય સહકારી બેન્ક લી. જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લી. તથા રાજ્યમાં આવેલ તમામ નાગરિક સહકારી બેન્કો (મલ્ટી સ્ટેટ કો.ઓપ. એક્ટ હેઠળ નોંધાયેલ બેન્કો સહિત) તથા કેડીટ કો.ઓપરેટીવ સોસાયટીઝ દ્વારા ગુજરાત રાજ્યમાં કાર્યરત

નાના વેપારીઓ, મધ્યમ વર્ગના વ્યક્તિઓ, વ્યક્તિગત કારીગરો તથા શ્રમિક વર્ગની વ્યક્તિઓને રૂપિયા એક લાખ સુધીનુ ધિરાણ પુરુ પાડવામાં આવ્યું.

સહકારી બેન્કો અને ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીઓ દ્વારા લાભાર્થીઓને આ યોજના હેઠળ આપવામાં આવનાર ધિરાણ ઉપર મહત્તમ વ્યાજ દર ૮% રાખવામાં આવ્યો. વ્યાજની ગણતરી ઘટતી જતી બાકી પર ગણવાની હતી.

આ યોજનાનો સમય ગાળો ૩ વર્ષનો રાખ્યો. જેમાં પ્રથમ ૬ માસનો સમય મોરેટોરીયમ પિરીયડ ગણાયો. મોરેટોરીયમ પિરીયડમાં રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ દરે વ્યાજ સહાય ચૂકવવામાં આવી.

આ યોજ્ના હેઠળ તા. ૨૧.૫.૨૦૨૦ થી ૩૧.૮.૨૦૨૦ સુધીમાં લાભાર્થીઓએ અરજી કરવાની હતી. અરજી મળ્યા પછી સહકારી બેન્કો/ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીઓએ તમામ અરજીઓનો નિર્ણય મોડામાં મોડો તા. ૩૧.૧૦.૨૦૨૦ સુધીમાં કરવાનો હતો. અને લાભાર્થીઓને તા. ૧૫.૧૧.૨૦૨૦ સુધીમાં પેમેન્ટ આપવાનુ નક્કી કરવામાં આવ્યુ હતું.

આ યોજના હેઠળ ધિરાણ મેળવનાર તમામ લાભાર્થીઓને રાજ્ય સરકારશ્રી દ્વારા મોરેટોરીયમ પિરીયડ સહિત  વાર્ષિક ૬% ના દરે વ્યાજ સહાય આપવામાં આવી. એટલે કે લાભાર્થીને વાર્ષિક ૨% ના વ્યાજ દરે ધિરાણ પ્રાપ્ત થયું.

સદરહુ લોન બિન તારણ ધિરાણ હતું. આ બિન તારણ ધિરાણ મેળવતા એકમો/વ્યક્તિઓ પાસેથી બેન્ક/ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી દ્વારા કોઈપણ પ્રકારના વધારાના ચાર્જસ જેવા કે ફોર્મ ફી, સ્ટેમ્પ ડયુટી અને પ્રોસેસીંગ ચાર્જ લેવામાં ન આવ્યા. સહકરી બેન્કો/ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટીના સભાસદ ના હોય તેવી વ્યક્તિઓને/વેપારીઓને નોમીનલ સભાસદ બનાવી ધિરાણ આપવામાં આવ્યા. તથા આ નોમીનલ સભાસદ બનાવવા માટેની કોઈપણ ફી/ચાર્જીસ વેપારી/વ્યક્તિ પાસેથી લેવામાં ન આવી. પરંતુ ધિરાણ લેનાર વ્યક્તિ પાસેથી બિન તારણ સાદા વ્યક્તિગત જામીન મેળવવામાં આવ્યા અને એડવાન્સ ચેક લેવામાં આવ્યા.

## આત્મ નિર્ભર ગુજરાત સહાય યોજના – ૨

### રૂપિયા અઢી લાખ સુધીનુ ધિરાણ

કોવિડ-૧૯ ના લીધે સર્જાયેલી પરિસ્થિતિમાં આર્થિક ઉપર્જનની પ્રવૃત્તિને વેગવાન બનાવવા ગુજરાત સરકાર દ્વારા આત્મનિર્ભર સહાય યોજના-૨ પણ મૂકવામાં આવી.

આ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ માં વ્યક્તિ/વેપારીને રૂ ૨.૫૦ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવ્યું.

આ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના-૨ માં લાભાર્થીએ માત્ર ૪% વાર્ષિક વ્યાજ આપવાનુ હતું અને બાકીના ૪% વાર્ષિક વ્યાજ ગુજરાત સરકાર ભોગવશે એવુ નક્કી થયું.

આ યોજન ના ફોર્મ તા. ૧.૭.૨૦૨૦ થી સહકારી બેન્કોમાંથી લઈ તા. ૩૦.૯.૨૦૨૦ સુધીમાં ફોર્મ ભરી પરત કરવાના હતા.

લાભાર્થીને પ્રથમ ૬ માસમાં કોઈ હપ્તો ભરવાનો ન હતો. એટલે કે મોરેટોરીયમ પિરીયડ ૬ માસનું આપવામાં આવ્યુ. ત્યારબાદ ૩૦ સરખા માસિક હપ્તામાં ધિરાણ તથા વાર્ષિક ૪% વ્યાજ ભરવાનું નક્કી થયું.

ઉપરોકત બન્ને યોજનાઓના ભરપૂર લાભ આમ જનતાએ અને ખાસ કરીને નાના વેપારી/વ્યક્તિઓને મળ્યો. ગુજરાત રાજ્ય ના જિલ્લા રજીસ્ટ્રાર સહકારી મંડળીઓની ઓફિસમાંથી પ્રાપ્ત માહિતી મુજબ નીચે મુજબની લોન/ધિરાણ ગુજરાત રાજ્ય ના ૩૩ જિલ્લાના લોકોને મળી.

આખા ગુજરાતમાં ૧,૯૬,૫૭૬ લાભાર્થીને ૨૩૫૩.૩૭ કરોડ ની લોન મળી. જેમાંથી ૧,૮૩,૭૦૦ લાભાર્થીઓને ૨૧૪૧.૭૭ કરોડની લોન ડીસબ્સર્ડ કરવામાં આવી.

અત્રે નોંધવુ જરૂરી છે કે સૌથી વધુ લાભ સુરત શહેર અને જિલ્લાના લોકોને મળ્યો. સુરતમાં ૪૩૫૪૯ અરજીઓ મંજૂર કરવામાં આવી જેમાં લોકોને ૫૨૪.૪૩ કરોડ જેવી માતબર રકમ ધિરાણ તરીકે મંજૂર કરવામાં આવી જેમાંથી ૪૦,૫૪૪ અરજદારોને રૂ. ૪૬૯.૧૩ કરોડ જેટલી માતબર રકમની લોન ડીસબ્સર્ડ કરવામાં આવી.

**Statement As On 10.11.2020**

| Sr.No. | District | Loans Sanctioned | | Loans Disbursed | |
|---|---|---|---|---|---|
| | Gujarat State Total | 196576 | 2353.37 Cr | 183700 | 2141.77 Cr |
| 1 | Surat | 43549 | 5,24,42,93,500 | 40544 | 4.69.13.14.500 |
| 2 | Ahmedabad | 39920 | 5,08,13,75,304 | 37555 | 4.62.42.51.304 |
| 3 | Rajkot | 29142 | 3,81,13,23,199 | 27186 | 3.44.39.44.199 |
| 4 | Mehsana | 19664 | 1,96,07,18,000 | 19247 | 1.92.16.82.000 |
| 5 | Gandhinagar | 6234 | 68,21,00,500 | 5928 | 62.50.07.000 |
| 6 | Banaskantha | 5754 | 72,84,59,000 | 5286 | 66.58.11.000 |
| 7 | Kutch | 5038 | 85,22,26,000 | 4464 | 74.50.16.000 |
| 8 | Vadodara | 4750 | 60,96,36,600 | 4397 | 56.83.71.600 |
| 9 | Morbi | 4489 | 59,25,59,000 | 3993 | 50.32.04.000 |
| 10 | Jamnagar | 4398 | 54,86,56,001 | 3907 | 48.12.56.001 |
| 11 | Patan | 4325 | 41,12,05,000 | 4263 | 40.57.50.000 |
| 12 | Sabarkantha | 4012 | 37,47,75,000 | 3887 | 36.19.85.000 |
| 13 | Junagadh | 3207 | 30,54,19,400 | 3132 | 29.29.19.400 |
| 14 | Aravalli | 2536 | 26,59,17,000 | 2410 | 25.39.65.000 |
| 15 | Dahod | 2312 | 21,46,80,502 | 1917 | 18.75.29.502 |
| 16 | Bhavnagar | 2108 | 21,37,30,000 | 1970 | 19.80.34.000 |
| 17 | Surendranagar | 2012 | 19,48,48,000 | 1720 | 16.60.98.000 |
| 18 | Navsari | 1991 | 27,63,13,000 | 1889 | 26.17.23.000 |
| 19 | Anand | 1983 | 24,61,04,000 | 1875 | 22.33.24.000 |
| 20 | Gir Somnath | 1658 | 21,28,75,000 | 1354 | 15.83.55.000 |
| 21 | Panchmahal | 1412 | 10,80,68,000 | 1119 | 9.02.43.000 |
| 22 | Valsad | 1106 | 12,70,38,681 | 1000 | 11.05.08.680 |
| 23 | Amreli | 1080 | 9,90,00,000 | 1059 | 9.71.30.000 |
| 24 | Mahisagar | 890 | 7,92,15,000 | 764 | 6.89.80.000 |
| 25 | Kheda | 808 | 7,12,93,000 | 767 | 6.70.50.000 |
| 26 | Porbandar | 702 | 6,85,85,000 | 696 | 6.74.60.000 |
| 27 | Bharuch | 674 | 8,21,60,000 | 636 | 7.29.60.000 |
| 28 | Botad | 281 | 2,58,75,000 | 263 | 2,49,05,000 |
| 29 | Tapi | 248 | 1,81,80,000 | 182 | 1,21,40,000 |
| 30 | Narmada | 192 | 2,12,60,001 | 191 | 2,10,10,001 |
| 31 | Chhota Udaipur | 87 | 48,50,000 | 87 | 48,50,000 |
| 32 | Devbhoomi Dwarka | 9 | 7,30,000 | 9 | 7,30,000 |
| 33 | Dang | 5 | 2,30,000 | 3 | 1,50,000 |

# કોરાના વૈશ્વિક મહામારીમાં શિક્ષણ જગતના પ્રયત્નો અને પડકારો

ડો. અપૂર્વ દેસાઈ

એકવીસમી સદીના બીજા દશકના અંતિમ વર્ષ ૨૦૨૦ની રંગેચંગે શરૂઆત થઈ ત્યારે આ વરસ દરમિયાન માનવજાત પર આવનારા સંકટની કોઈને કલ્પના સુધ્ધાં કરી નહતી. આ વર્ષ દરમિયાન માનવીના સામાજીક,માનસીક તથા આર્થિક જીવનપર કેવી વિપરીત અસર થશે એનો કોઈએ વિચાર પણ સુધ્ધાં કરેલ ન હતો. કાળા માથાના માનવી એ વૈશ્વિક મહામારી જેવો શબ્દ ફક્ત પુસ્તકોના પાનાં પર વાંચ્યો હતો પરંતુ એનો કોઈ અનુભવ કરેલો ન હતો. માનવી કુદરતી આફતો સામે કેવો વિવશ અને લાચાર છે તેનો પ્રત્યક્ષ અનુભવ વરસ ૨૦૨૦ એ માનવજાતને કરાવ્યો. હા, હું વાત કરી રહ્યો છું વર્ષ ૨૦૨૦ માં ત્રાટકેલી કોરોના મહામારી વિશે. અલબત એ વાત સાચી છે કે આજનું વિજ્ઞાન તમામ પ્રકારના પડકારોનો સામનો કરવા તત્પર અને તૈયાર છે પરંતુ કુદરત તેના પર વૈજ્ઞાનિક જીત પ્રાપ્ત કરવામાટે પણ કેટલી જદ્દોજહદ કરાવે છે તેનું ઉદાહરણ કોરોના મહામારી એ પ્રસ્તુત કર્યું છે.

કોરોના મહામારી એ લોકોને એકબીજા સાથે હળવામળવા પર પાબંદી લાદી, હાલમાં માનવ સામાજીક સબંધોમાં પણ એક નિશ્ચિત અંતર જાળવતો જોવા મળે છે તથા મોઢા પર માસ્ક અને હાથમાં સેનેટાઈઝર ની બોટલ સાથે હરતો ફરતો થયો છે. બજારમાં પ્રત્યક્ષ ખરીદી ન કરતાં ઇન્ટરનેટ પર **ONLINE**ખરીદી કરતાં થયો છે. બહાર ખુલ્લામાં હરતો ફરતો માનવી ઘરની ચાર દીવાલો માં જ રહેવા માટે ના તમામ પ્રયત્નો કરી રહ્યો છે. આવા સમયે છેલ્લા લગભગ ત્રીસ વર્ષો ના શિક્ષણ ના અનુભવ પછી એક શિક્ષક તરીકે વિચારૂ છું કે આ કોરોના મહામારી એ શિક્ષણ પર કેવી અસરો કરી અને ઉચ્ચશિક્ષણ જગત, એટલે કે યુનિવર્સિટીઓ અને કોલેજો એ આ પડકારનો સામનો કેવી રીતે કર્યો? સ્વાભાવિક રીતે કોમ્પ્યુટીંગ ટેક્નોલૉજી એ આ આપદાના સમયમાં ઘણા પ્રશ્નોનું નિરાકરણ કરવા માટે ઉત્તમ ભૂમિકા પૂરી પાડી. શિક્ષણ સાથે સંકળાયેલ લગભગ તમામ શિક્ષકો પ્રત્યક્ષ વર્ગખંડ શિક્ષણ થી વર્ચુયલ શિક્ષણ કે **ONLINECLASS**તરફ વળ્યા જે ઓરડાઓમાંથી તેઓએ શિક્ષણ આપ્યું અને વિદ્યાર્થીઓએ જે ઓરડાઓમાં શિક્ષણ લીધું તે તમામ ઓરડાઓને એક વર્ગખંડ માં ફેરવી "શિક્ષણના આદાન-પ્રદાનને કોઈ સીમાઓ નથી" એ ઉક્તિને યથાર્થ રીતે સિદ્ધ કરી. વિદ્યાર્થીઓએ પણ મહામારીના સમયની માંગને સમજી નવા માળખાને અદભુત રીતે સ્વીકારી.

શિક્ષકો માટે આ નવી વ્યવસ્થા ખરેખર એક પડકારરૂપ  હતી. હાલ પર્યંત શિક્ષક તેની સામે પાટલીઓ પર પ્રત્યક્ષરૂપે બેઠેલા વિદ્યાર્થીઓને શિક્ષણ આપતા હતા, તેઓ પ્રત્યક્ષ વિદ્યાર્થીઓના રીએકશન અને રિસ્પોન્સ મેળવતા હતા પરંતુ ઓનલાઇન ક્લાસીસમાં એ કોમ્પ્યુટર કે લેપટોપની સ્ક્રીન સામે ભણાવતો થયો. આ કોઈ નાનોમોટો બદલાવ નથી. આ એક જીવંત વ્યક્તિને બદલે તેના નીર્જીવ ફોટોગ્રાફ સાથે ચર્ચા કરવા જેવો પ્રયત્ન છે. ખેર પણ શિક્ષકોઓ આ પડકાર જીલ્વો અને એ આખું સેમેસ્ટરનું શિક્ષણ પૂર્ણ પણ કર્યું. ઓનલાઈન શિક્ષણ કરવા માટે સમાન્યત: વિડીયો કોન્ફરન્સીંગ ટૂલ જેવા કે ગુગલ મીટ, વેબેક્ષ, માઈક્રોસોફ્ટ ટીમ, ઝુમ, વગેરેનો બહોળો ઉપયોગ કરવામાં આવ્યો. શૈક્ષણિક કાર્યમાં શિક્ષણ ઉપરાંત પણ ઘણા કાર્ય કરવાના થાય છે જેમકે એસાઈમેન્ટ અને ટ્યુટોરીયલ, સાયન્સ/અને ટેક્નોલોજીના અભ્યાસક્રમો માટે પ્રેક્ટિકલ સેમિનાર વગેરે આ તમામ કામગીરી પણ યુનિવર્સિટીના શિક્ષણમાં ટેક્નોલોજીના પ્રયોગથી સફળતા પૂર્વક કરવવામાં આવી.

કોમ્પ્યુટર સાયન્સના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કોમ્પ્યુટર ટેક્નોલોજીનો અનુભવ તથા વિવિધ ટુલ્સની જાણકારી હોવી એ સ્વાભાવિક વસ્તુ છે. આ જાણકારીનો ઉપયોગ કરી મારા વિભાગમાં સેમેસ્ટરની પ્રાયોગિક પરીક્ષાઓ વિદ્યાર્થીઓએ ઇન્ટરનેટના માધ્યમથી પોતાના ઘરેથી વિભાગમાં ઉપલબ્ધ કોમ્પ્યુટર પર રિમોટ રહી આપી આ અનુભવ વિદ્યાર્થીઓ ખૂબ લાંબા સમય સુધી યાદ રાખશે. આના માટે વિભાગમાં શિક્ષકોએ જહેમત ઉઠાવીને **'Anydesk'** નામના ટૂલ નો ઉપયોગ કરી કાર્ય પૂરું પાડ્યું. આ પરીક્ષાઓ દરમિયાન શિક્ષકોએ વિદ્યાર્થીઓ સાથે જરૂરી સંવાદ અને વિવિધ સૂચનાઓનું આદાનપ્રદાન વોટસએપ જેવી સુવિધાથી કર્યું.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી છેલ્લા કેટલાક સમયથી તમામ વહીવટી કાર્યોનું કોમ્પ્યુટરાઈઝેશન કામગીરી કરાવે છે. આ કાર્ય કોવિડના સમયગાળામાં ખુબજ ઉપયોગી સાબિત થઈ લોકડાઉન અને વર્ક ફ્રોમ હોમ ના સમયગાળામાં કોમ્પ્યુટરાઈઝેશન હોવાના કારણે શિક્ષકોએ ચકાસણી કરેલ આન્સરબુક ના માર્કસ ની એન્ટ્રી તેઓના પોતાના લોગઇન માંથી કરી શક્યા. આની યોગ્ય ચકાસણી કરી યુનિવર્સિટીના પરીક્ષા વિભાગ વિવિધ પરીક્ષાઓના પરિણામો પણ જાહેર કર્યા. યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ છેલ્લા બે વર્ષથી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમમાં પોતાનો લોગ-ઇન ધરાવે છે. જેના ડેશબોર્ડ પર વિદ્યાર્થીઓએ પોતાના માર્કસ (ઇન્ટરનલ + એક્ષ્ટર્નલ) અંગેની જાણકારી સીધી મેળવી શકે છે. આ સગવડતા ને કારણે વિદ્યાર્થીઓને પોતાના માર્કસ અને પરિણામ માટે કોલેજોમાં જવાની જરૂરિયાત રહેતી નથી. રોગચાળાના આ સમયગાળા માં આ વ્યવસ્થા પણ વિદ્યાર્થીઓ માટે ખૂબ ઉપયોગી બની રહી.જેમ વિદ્યાર્થીઓ માટે લોગ-ઈનની વ્યવસ્થા ઉપલબ્ધ છે તેજ રીતે યુનિવર્સિટીના વિવિધ વિભાગોના શિક્ષકો માટે પણ આવી વ્યવસ્થા ઉપલબ્ધ છે જેના પણ દરેક

શિક્ષકો ને વખતસર તેઓની પગાર,સેલેરી સ્લીપ, **PF** સ્લીપ, રજા અંગેની માહિતી તેઓની વિવિધ શૈક્ષણિક પ્રવૃતિઓ અને સિદ્ધિઓ વગેરે ની જાળવણી અને જાણકારી મળી રહી. વૈશ્વિક રોગચાળાના આ સમયગાળા માં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ માટે ધક્કા ખાવા એ ખુબજ અગવડતા ભરેલ કાર્ય હતું પરંતુ યુનિવર્સિટીએ આ વર્ષે ઓનલાઈન પ્રવેશની સાથેસાથ વિવિધ દસ્તાવેજની ચકાસણી માટે પણ દસ્તાવેજ અપલોડ ની સુવિધા ઉપલબ્ધ કરાવી વિદ્યાર્થીઓને ફક્ત એકજ વાર એડમીશન સમયે કોલેજ જવાનું રહે એવી વ્યવસ્થા ઉપલબ્ધ કરી, જે વિદ્યાર્થીઓ માટે રાહતરૂપ બની રહી.

યુનિવર્સિટીએ **Phd** જેવી ઉચ્ચતમ પદવી માટેના વાઈવા પણ આ રોગચાળાના સંમયમાં ઓનલાઈન કર્યા અને શિક્ષણનું કામ અવિરત ચાલુ રહે તેનું ઉત્કૃષ્ઠ ઉદાહરણ પુરુ પાડ્યું. આ વિકટ સમય દરમિયાન દર વર્ષે યોજાતો સ્પેશિયલ પદવીદાન સમારંભપણ ઓનલાઈન યોજી એક આદર્શ ઉદાહરણ પૂરું પડાયું.

આ બધા કાર્યો પાછળ શિક્ષકો, વિદ્યાર્થીઓ અને યુનિવર્સિટી કે કોલેજો ની પ્રબળ ઈચ્છા શક્તિ તો હતી જ પણ કેટલાક પડકારોનો સામનો પણ કરવાનો હતો. આ પડકારોમાં માનસિકતામાં બદલાવ, ટેક્નોલોજીની સમજ અને તેની જાણકારી જરૂરી સાધન (કોમ્પ્યુટર, ઇન્ટરનેટ, ટુલ્સ વગેરે)ની ઉપલબ્ધતા વગેરે મુખ્ય છે.

વિદ્યાર્થીઓ આ સમયગાળા દરમિયાન દૂરસુદુર ક્ષેત્રોમાં પોતાના વતનમાં હોય ત્યાં અસરકારક ઇન્ટરનેટની ઉપલબ્ધતા હોવી એ ખરેખર આવશ્યક હતું અને કેટલાક વિદ્યાર્થીઓએ ઇન્ટરનેટ તથા કોમ્પ્યુટર ન હોવાના પ્રશ્નોનો પણ સામનો કર્યો. ચોક-કસ્ટર મોડથી ટેવાયલા શિક્ષકોએ ઓનલાઈન મોડ માટે નવી ટેક્નોલોજીથી ટૂંકાગાળામાં સજ્જ થવું પડ્યુ. નવી ટેક્નોલોજીથી ક્લાસ લેવા અને વર્ગને એટેન્ડ કરવા માટે જરૂરી સાધન સામગ્રી માટે શિક્ષકો અને વિદ્યાર્થીઓને વધારાનો ખર્ચ થયો હશે જે પણ સંકટના આ સમયે દરેકને માટે પડકારજનક તો રહ્યું જ હશે.

અંગત રીતે વાત કરું તો મારૂ દઢપણે માનવું છે કે શિક્ષણ એક એવું કાર્ય છે, જેમાં વ્યક્તિગત સંપર્ક આઈ-કોન્ટેકકટ, વિદ્યાર્થીઓનો શિક્ષણકાર્ય દરમિયાન પ્રતીભાવ વગેરે ખુબ જ આવશ્યક છે આ બધાને લઈને જ શિક્ષક આદર્શ શિક્ષણ પૂરું પાડી શકે છે. તમામ વહીવટી કાર્ય જેવાકે પ્રવેશ કાર્ય, પરિણામની તૈયારી અને અન્ય કાર્યો માટે ટેક્નોલોજીનો ઉપયોગ શ્રેષ્ઠ છે. આના થકી વહીવટમાં ત્વરા અને પારદર્શિકાઓ આવે છે પણ શિક્ષણ કાર્યમાં સંકટ સમયમાં ટેક્નોલોજીનો ઉપયોગ કરી શકાય પરંતુ ઉત્તમ શિક્ષણ માટે ક્લાસરૂમ શિક્ષણ શ્રેષ્ઠ છે અને અવિરત રીતે રહેશે.

ડો. અપૂર્વ દેસાઈ
પ્રોફેસર અને અધ્યક્ષ, કોમ્પ્યુટર સાયન્સ વિભાગ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત

# કોરોનાકાળ દરમ્યાન સંગીત પર થયેલી અસરો

## ડૉ. આશિષ શાસ્ત્રી

હાલમાં પૂરી દુનિયા કોરોના રૂપી મહારોગમાં સપડાઈ છે. પૂરી દુનિયાને કોરોના વાયરસે લપેટમાં લીધા છે. ઘણા લોકોના જીવ હોમાય ગયા છે. તો કેટલાક બચી ગયા છે. કેટલાક તેમના મૃત્યુ સામે ઝઝૂમી રહ્યા છે. પૂરી દુનિયામાં લોકડાઉનનો નિયમ લાગુ પાડયો જેથી લોકોને ઘરે બેસવાનો વારો આવ્યો. જીવન વ્યવહાર થપ થઈ ગયો. આર્થિક ગતી થંભી ગઈ જેને કારણે દરેક વ્યક્તિ પર ઘણી ખરાબ અસરો થતી જોવા મળી. ખાસ કરીને સંગીત પર થયેલી અસરની વાત કરીએ તો સંગીતકારોનુ જીવન  અસ્તવ્યસ્ત થઈ ગયુ. કોરોનાને કારણે કલાકારો એટલે કે જે માત્ર  સંગીતના કાર્યક્રમો પર પોતાનુ જીવન નિર્વાહ ચલાવી રહ્યા છે તેઓની રોજીરોટી છીનવાઈ ગઈ કારણ કે કાર્યક્રમો બંધ થઈ ગયા.  પણ જે કલાકારો કાર્યક્રમો ઉપરાંત સંગીતના વર્ગો પણ ચલાવે છે તેમને ઓનલાઈન વર્ગો ચાલુ રાખ્યુ જેથી તેમની આર્થિક સ્થિતિ પ્રમાણમાં ઓછી ખરાબ થઈ. સંગીત સાધકો એટલે કે જે કલાકારો સંગીતની તપસ્યા કરે છે તેમને માટે તો કોરોના કાળ આશીર્વાદ બન્યા કારણકે તેમને સંગીત સાધના કરવા માટે પૂરતો સમય મળી રહ્યો એટલે કે કોરોના સંગીત પર જ જીવન નિર્વાહ ચલાવનાર કલાકાર માટે અભિશાપ રહ્યો જ્યારે સંગીત સાધકો માટે આશીર્વાદ બની રહ્યો. સંગીતનો રિયાઝ વધારે કરી શકતા હતા. જે કલાકારો સંગીતના વર્ગોની સાથે સંગીત સાધના પણ કરે છે એમને માટે સમય પસાર કરવાનું કોઈ મુશ્કેલ નહિ હતુ. કારણ કે એમની દિનચર્યા પહેલાની જેમ જ ચાલતી હતી. મારા મત પ્રમાણે તો સંગીતને કારણે કલાકારોનું જીવન સંતુલીત રહ્યુ છે. કારણ કે સંગીત મનને સ્વસ્થ રાખે છે. અને નિરાશાને દૂર કરે છે.

જીવન નિરસ ન બને તે માટે આજના આધુનિક ટેકનોલોજીના જમાનામાં કાર્યક્રમો ભલે બંધ થઈ ગયા છતાં ઓનલાઈન કાર્યક્રમો તથા હરીફાઈઓ પણ થઈ જેથી દરેક કલાકારોને પ્રોત્સાહન મળી રહે. સુરતની 'રાષ્ટ્રીય કલા કેન્દ્ર' સંસ્થાએ સુગમ સંગીતની હરિફાઈ તથા કવિ સંમેલન સપ્તાહનું બેવાર આયોજન કરીને વિશેષ સિધ્ધિ હાંસલ કરી આ ઉપરાંત બીજી બધી સંસ્થાઓએ પણ શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમો, ફિલ્મ સંગીત, સુગમ સંગીત વગેરે કાર્યક્રમોનું આયોજન કરી જીવનને નિરસ બનાવાં દીધુ નથી. જો કે આ ત્યારે જ શક્ય બન્યુ કે અધ્યતન ટેકોનોલોજી અત્યારે અસ્તિત્વમાં છે માત્ર કલ્પના કરો કે આ ટેકનોલોજી નહી હોય તો કેટલા બધા લોકોનુ જીવન નિરસ બની ગયુ હોત. મોટો ફાયદો એ પણ થયો કે કલાકારોને પ્રકૃતિની સાથે, કુંટુબીજનોની સાથે રહેવાનો પણ આનંદ મળ્યો આમછતાં સામાન્ય જીવન અને હાલના જીવન વચ્ચે તફાવત તો છે. સંગીત વિદ્યા કે કાર્યક્રમો

જે પ્રત્યક્ષ સાંભળવામાં કે શીખવામાં આનંદ આવે છે તેવો આનંદ ઓનલાઈન તો ન જ આવે. આ વિદ્યા ગુરૂ સન્મુખ શીખવાની વિદ્યા છે. છતાં પણ કંઈ પ્રવૃત્તિ ન થાય તેના કરતા પ્રવૃત્તિ ચાલુ રહી તે બહુ મોટી વાત કહેવાય. હવે તો પૂરી દુનિયા રાહ જોઈ રહી છે કે ક્યારે કોરોનારૂપી રાક્ષસનો નાશ થાય અને લોકોનુ જીવન પહેલાની જેમ સુરક્ષિત રહે. આવા સમયમાં માત્ર સંયમ રાખવાની જરૂરી છે. પ્રભુ જે પરીક્ષા લઈ રહ્યો છે તે પરીક્ષા માંથી આપણે પસાર થવાનુ છે. આમ કહી શકાય કે કોરોના કાળ દરમ્યાન સંગીત પર મહદઅંશે માઠી અસર થઈ છે. અને કેટલીક હદે સારી અસર પણ થઈ છે.

ડૉ. આશીષ શાસ્ત્રી
સિતારવાદક અને ઉપપ્રમુખ, રાષ્ટ્રીય કલા કેન્દ્ર

# કોરોનાની બીમારીનો મારો જાત અનુભવ

## ભગીરથ એન. પટેલ

દિલ્હી ની એક ફાઇવસ્ટાર જેવી હોસ્પિટલમાં MRI કરાવતી વખતે મારા પહેલા એક બેભાન દર્દી ને અર્જન્ટ કેસમાં MRI માટે રૂમમાં લીધા તેમની તુરંત બાદ મારું MRI થયું જે લગભગ ૧ કલાક ચાલ્યું .મારું માનવું છે કે ત્યાંથી મને કોરોનાની બીમારીનો ચેપ લાગ્યો હશે.

તેના ૫ દિવસ બાદ મને સખત તાવ તથા શરીરમાં દુખાવો તથા સતત ઉધરસ ની તકલીફ શરુ થઇ ,જેથી મેં સુરતની એક હોસ્પિટલમાં કોરોના નો રેપીડ ટેસ્ટ કરાવ્યો જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો અને મારે માથે જાણે આફતનું આભ તૂટી પડ્યું હોય તેવું મને લાગ્યું.

MD ડોક્ટરે રિપોર્ટ જોયા પછી ઘણી બધી દવાઓ લખી આપી અને મને ઘરમાં જ આઇસોલેશનમાં રહી સારવાર ચાલુ રાખવાની સલાહ આપી.

હોસ્પિટલથી ઘરે જતાં પહેલા જ મેં ઘરે ફોન કરી પાર્કિંગથી મારા રૂમ સુધીનો રસ્તો ખુલ્લો રાખવા સૂચના આપી અને હું ઘરે જઈ સીધો જ રૂમમાં પુરાઈ ગયો .લીફ્ટની જગ્યાએ દાદરનો ઉપયોગ કર્યો એ પણ ડરતા ડરતા કે ક્યાંક મારા હાથે દિવાલ કે દરવાજા ના હેન્ડલને અડી ન જવાય અને તે દ્વારા ઘરના બીજા સભ્યને પણ ચેપ ન લાગે ,આમ રૂમમાં બંધ થતા જ મારી કપરી એવી આઇસોલેશન યાત્રા શરુ થઇ.

દિવસમાં ત્રણ ચાર વાર નાસ લેવાનો ,સવારે ઘરના સભ્ય રૂમ નો દરવાજો ખખડાવી બહાર કડવો ઉકાળો મૂકી જાય તેની થોડીક વાર સુધી મારે રાહ જોવાની જેથી ઘરના સભ્ય નીચે ઉતરી જાય પછી દરવાજા ના અંદર ના હેન્ડલને રૂમાલ વડે પકડી દરવાજો ખોલી બહાર પ્લાસ્ટિક ડિસ્પોઝેબલ ગ્લાસ માં મુકેલ ઉકાળો અંદર લઇ ફટાફટ રૂમ નો દરવાજો કાળજીપૂર્વક બંધ કરવાનો ,તે જ રીતે જાણે આપણે કોઈ અછૂત હોઇએ કે આપણને હડકવા થયો હોય અને આપણા થી આભડછેટ લાગશે તેમ સમજીને સવારનો નાસ્તો ,બપોર તથા રાત્રી નું ભોજન વગેરે રૂમ ની બહાર મૂકવામાં આવે તે રૂમ ની અંદર લઇ આરોગવાનું તેમજ સમયાંતરે દવાઓ ,કફ સીરપ વગેરે પીવાનું ,દિવસ કે રાત્રે થોડી થોડી વારે) લગભગ દર કલાકે (શરીરનું ટેમ્પરેચર જાતે જ થર્મોમીટરથી માપવાનું તથા જો તાવ ૧૦૨ ડિગ્રી કે વધુ હોય તો ભીનો રૂમાલ કરી તેના પોતા માથે મુકવાના તેમજ લગભગ

દર કલાકે આંગળી ઉપર ઓક્સીમીટર લગાડી $SPO_2$ ચેક કરવાનું અને જો તે ૯૫ થી નીચે જાય તો પાછું ટેન્શન થઇ જાય અને ડોક્ટરની સલાહ લઇ હોસ્પિટલમાં દાખલ થવું પડશે તેવી બીક હતી.

બે દિવસ બાદ ફરી પાછી ડોક્ટરની મુલાકાત લીધી ડોક્ટરે સીટી સ્કેન કરાવી રિપોર્ટ તપાસ્યો તો ફેફસામાં કોવીડ-૧૯ ની ૧૫ %જેટલી અસર હતી ,ડોક્ટરે રિપોર્ટ જોઈ દવા બદલી ડોઝ હેવી કર્યો.

બીજા ત્રણ દિવસ પછી પણ રાત્રે-રાત્રે તાવ આવવાનું ચાલુ રહેતા ફરી ડોક્ટર પાસે ચેક-અપ કરાવ્યુ અને નવા સીટીસ્કેન ના રિપોર્ટ માં કોવીડ-૧૯ ની ફેંફસા ઉપર અસર વધીને ૨૫ %જેટલી થઇ છે તેવો રિપોર્ટ આવ્યો ,જેથી ટેન્શન વધી ગયું .સિવિલ હોસ્પિટલમાં ટી .બી .વોર્ડ માં ટી .બી. નો ટેસ્ટ કરાવતાં રિપોર્ટ નેગેટિવ આવ્યો જેથી થોડી રાહત થઇ તથા દવાઓ ની અસર અને રેગ્યુલર નાસ લેવા થી તાવ અને ઉધરસ ઓછી થઇ પણ દવાઓ હજુ ચાલુ હતી અને એક માળ જેટલા પગથિયાં ચઢવામાં પણ હાંફ ચઢી જતો હતો .હોમ આઇસોલેશન ખુબજ  અઘરું લાગતું હતું .રૂમ ની ચાર દિવાલ માં જેલની જેમ પુરાઈ રહેવાનું, કપડા બાથરૂમ માં જ બાસ્કેટ માં ભેગા કરવાના ,જમવાની ડિસ્પોઝેબલ પ્લેટ અને ગ્લાસ રૂમ ની બાલ્કની માં પ્લાસ્ટિક ની ગાર્બેજ બેગ માં પેક કરી રાખી મૂકવા ના ,એ જ જાણે રોજીંદો જીવનક્રમ થઇ ગયો હતો અને વધારામાં ઘરના સભ્યો ને રૂબરૂ જોવા કે મળવાનું તો વિચારવા નું જ નહી .ખાસ તો હું આટલા વર્ષમાં ભાગ્યે જ બીમાર થયો છું પણ નાનો - મોટો તાવ આવે ત્યારે મારી પત્ની તથા બાળકો ખુબ જ કાળજી રાખતા ,તાવ આવે તો બરફના ઠંડા પાણીના પોતા મુક્તા ,હાથ પગ દબાવી આપતા તેમજ સમયસર દવા આપતા હતા .પરંતુ આ કોરોના એ તો જાણે મને અછૂત બનાવી દીધો, કોઈ નજીક પણ ના ફરકી શકે અને પરિવાર ની સલામતી ખાતર હું પણ તેમને મારાથી દુર રહેવા માટે ફોન થી રીક્વેસ્ટ કરતો.

આ દરમિયાન ટેલીવિઝન જ મારો એક માત્ર સહારોહતો. લગભગ બધી જ વેબ સીરીઝ મેં જોઈ નાખી છતાં પણ દિવસ અને ખાસ કરીને રાત્રી ખુબ જ  લાંબી લાગતી હતી. વોટસએપ અને સોસીઅલ મીડિયામાં કોવીડ દર્દીઓના અકાળે અવસાનના  સમાચારથી મારા મનમાં પણ મૃત્યુનો ડર ઘુસી જતોહતો. દરરોજ સુતા પહેલા ભગવાનને બીજા દિવસે ફરી જગાડવાની 'જીવતો રાખવાની' પ્રાર્થના કરતો. રાત્રે ઘણીવાર જાગી જતો પછી, મન વિચારે ચઢી જતું કે જો હું પણ બીજા લોકોની જેમ કોવીડનો શિકાર બની મૃત્યુ પામીશ તો મારી પત્ની અને બાળકો તથા પરિવારનું શુંથશે? હજુ તો મારા પુત્રએ તેનો ધંધો સેટ કરવાનો બાકીછે, તેમજ પુત્રીના લગ્ન પણ બાકી છે, જેવી ચિંતા સતત કોરી ખાતી.

મોટાભાગના લોકો મને ફોન કરીને સાંત્વના આપવાના બદલે કહેતાં, 'મારા મિત્ર કે કાકા કાલે જ કોરોનાને કારણે મૃત્યુ પામ્યા, જે તમારી ઉમરના જ હતા'. 'કોરોનામાં તો લોહી જાડું થઇ જાય', 'બ્રેઈન કે હ્રદયને લોહી પહોંચતું અટકી જશે', જેવા અનુભવો કહી ડરાવતાં. તેવામાં આ કોરોના વાઈરસ સામે શારીરિક રીતે લડવાની સાથે સાથે માનસિક લડાઈ પણ ચાલ્યા જ કરતી હતી.

લગભગ ૧૮ દિવસની સારવાર બાદ ડોકટરોની મહેનત અને ભગવાનની કૃપાથી કોરોનાનો નવો રિપોર્ટ નેગેટિવ આવ્યો ત્યારે જાણે મોતના મુખમાંથી પાછા આવ્યા હોઇએ કે પુનઃ જન્મ થયો હોય તેવી લાગણી અનુભવાઈ!

ગાંધીજી કેમ અસ્પૃશ્યતાના વિરોધી હતા તેની સાચી સમજ મને કોરોના થયા પછી હોમ આઇસોલેશનમાંથઇ. જયારે આપણા પોતાના જ પરિવારજનો તેમને કોરોનાનો ચેપ લાગી જશે તેવા ભયથી તમારાથી દુર-દૂર ભાગે, (જોકે સાવચેતી માટે તે ખુબજ  જરૂરી પણ હતું) ત્યારે સમજાય કે વર્ષો પહેલા કેટલીક જાતિ ના લોકો અમુક ચોક્કસ જાતિના લોકોથી તેમને આભડછેટ લાગશે તેમ કહી તેમને દુર રાખતા હતા, ધુત્કારતા હતા ત્યારે તે વ્યક્તિઓના માનસ પટલ ઉપર અને હૃદયમાં કેવી વેદના ઊભરી આવતી હશે તેની સાચી સમજ મને કોરોનાને કારણે કેળવાઈ.

ભગવાન આ બિમારી દુશ્મનને પણ ન આપે તેવી પરમેશ્વરને પ્રાર્થના અને બધા લોકોને સદાય આ રોગથી ખુબજ  સાવધાન રહેવાની મારી નમ્ર અરજ.

ભગીરથ એન. પટેલ
એડ્વોકેટ, હાઈકોર્ટ અને સુપ્રિમ કોર્ટ – સુરત - મો. **9909027690**

# કોરોના, કરૂણા અને કવિતા અને કાયાકલ્પ.

## ભાગ્યેશ જહા

કોરોના આમ તો વિપત્તિ હતી અને છે, અને રહેશે, પણ એણે આપણને બહુ શીખવ્યું. દુઃખ બહુ પડયુ, મૃત્યુનુ તાંડવ જોયું પણ આ સંકટમાથી આપણે શીખ્યા. મનુષ્ય સામાજિક પ્રાણી છે એવું સદીઓથી રટનારા આપણે "ઘરમુખી" થઈને રહેવાનું આવ્યું. એક બે મહિના નહીં પણ હવે તો નવ મહિના થવા આવ્યા, જાણે બીજો જન્મ મળ્યો.

આ સમયે આપણને ઘણું શીખવ્યું, આઈસોલેશનમાં રહેવું અથવા બીજાને રહેતા જોવાના અને એક પ્રકારની કરૂણા અનુભવવાની. કેટલાયે પડોશીઓએ હોમ-કવોરોન્ટાઈન થયેલા પડોશીઓની સેવા કરી છે તો કયાંક સગા સંતાનોએ કોરોનાગ્રસ્ત મા-બાપનો સાથ છોડી દીધો છે. એવી કેટલીય સેવાભાવી સંસ્થાઓએ "ટીફીન સેવાઓ" દ્વારા બિમાર અથવા એકલાપણું અનુભવતા વૃદ્ધ લોકોની સેવા કરી છે. એકાંત એ કવિતાની કોઢ છે, કવિઓએ સમાજ જે તીવ્રતાથી વેદના અનુભવી રહ્યો છે એના માટે સમસંવેદનની લાગણીથી અનેક પ્રકારની કવિતાઓ, લેખ અને વાર્તાઓ લખી છે. જાણે કે સંકટે મનુષ્યતાની સર્જકતાને સંકોરી દીધી, સુરતના રાષ્ટ્રીય કલા કેન્દ્ર અને શ્રી રૂપીનભાઈ પચ્ચીગર જેવા સક્રિય સાહિત્યરસિક સંસ્થાઓ અને વ્યક્તિઓએ કવિતાઓનું સંકલન કર્યું. ઓનલાઈન કવિ સંમેલનો યોજયા. કવિતાનો એક સરસ માહોલ સર્જાયો, બીજી બધી કળાઓનો વિનિયોગ થયો અને મનુષ્યની સંવેદનાઓને અભિવ્યકિતનું આકાશ મળ્યું.

કોરોનાએ જે મોટી ક્રાંતિ કરી છે અથવા થઈ રહી છે એ માનવતાના કાયાકલ્પની છે, માણશે વ્યકિતગત જીવનમાં પોતાના શરીર સાથે વાત કરવા માંડી છે, એણે ઈમ્યુનિટીની નવી વ્યાખ્યાઓ બાંધવી પડી છે. મનુષ્યનો શારીરિક કાયાકલ્પ તો એક અગત્યની ઘટના છે જ. પણ સામુહિક રીતે એક સમાજ તરીકે, એક પૃથ્વીવાસી તરીકે એનો માનસિક કાયાકલ્પ કરવાની પણ ફરજ પડી છે, કદાચ આ માનવ ઉત્ક્રાંતિનો એક અગત્યનો તબક્કો શરૂ થઈ રહ્યો છે જેમાં મનુષ્ય ન્યુ નોર્મલ જેવા શબ્દોથી આ નવી વાસ્તવિકતાને આકાર આપી રહ્યો છે ટેકનોલોજી અને મનુષ્યના સંબંધોની ચર્ચા કરતા હતા પણ હવે મનુષ્ય અને પર્યાવરણની ચર્ચા કરવી પડશે. બીજી એક બાબત જે ઉભરી આવી છે તે છે દરેક મનુષ્ય બીજા દરેક મનુષ્ય અને જીવસૃષ્ટિ સાથે જોડાયેલા છે આ કાયાકલ્પનો એક મોટો સિદ્ધાંત સૌએ સ્વીકારવો પડશે કે આ પૃથ્વી પર કોઈને બેજવાબદાર બનવાનો અધિકાર નથી. વુહાનના એ વેટ માર્કેટ માંથી ઉઠેલી ચામાચીડિયાની ચીસે જગતને ભરખી લીધું છે ત્યારે આવતીકાલે

આવું સંકટ પેદા ના થાય એના માટે દરેકે એક જવાબદારી સ્વીકારવી પડશે અને એનો મહિમા કરવો પડશે દેશોએ અને જગતના નેતૃત્વને એક આચારસંહિતા અને એના ભંગ માટે સજા વિશે વિચાર કરવો પડશે. આ કોરોનાએ જે કાયાકલ્પનું પ્રકરણ આપણે માટે ખોલી આપ્યું છે એ એક ભવ્ય શરૂઆત હશે. ઉત્ક્રાંતિના હવે પછીના ખુબ જ અગત્યના તબક્કાનો પ્રારંભ થઈ રહ્યો છે. આવો, કોરોના પાસેથી શીખેલી આ કરૂણા અને કવિતાને આત્મસાત કરીએ અને નવી શરૂઆતને આપણા પોતાના અજવાળાથી પ્રકાશિત કરીએ. એક ભારતીય તરીકે આવી દિવાળી તો આપણને કયારેય ક્યાં મળી હતી. શુભાસ્તે પન્થાન.

ભાગ્યેશ જહા

કવિ, આઈ.એ.એસ. અને રાજ્ય સરકારના પૂર્વ અધિકારી

# શ્રી સુરત માનવ સેવા સંઘના લોકડાઉન દરમિયાનના અનુભવો

## પ્રસંગ ૧

## ભરતભાઈ શાહ

અમારી સંસ્થાએ તા. ૧૬ માર્ચથી શહેરના પરપ્રાંતીયો કામદારો એકલા રહેતા વ્યક્તિઓ જરૂરતમંદોને માટે અમિધારા વાડી અડાજણ ખાતે રસોડું ચાલુ કરેલું. સંસ્થાએ ૨૭મી માર્ચથી ૩૧મી મે સુધીમાં ૫૫ લાખથી વધુ વ્યક્તિઓને ભોજન (શાક-રોટલી-ખીચડી) સેવા પૂરી પાડેલી હતી.

અમારી સંસ્થા એક કાર્યકરશ્રી રાજેન્દ્રભાઈ ગૌતમ જેઓ લિંબાયત, પાંડેસરા, ભેસ્તાન, ગોડાદરા વિસ્તારમાં તમારે ત્યાંથી લગભગ પ્રતિદિન ૧૫૦૦૦ વ્યક્તિઓ નો ભોજન લઇ ત્યાંના લોકોને વહેંચતા હતા. એક દિવસ સવારે ૧૧:૦૦ કલાકે ગાડીમાં ભોજન ભરી નીકળ્યા અને કમનસીબે ગાડીનો સરદાર બ્રિજ ઉપર અકસ્માત થયો અને ગાડી પલટી ખાઈ ગઈ. રાજેન્દ્રભાઈને ઇજા થઇ હોસ્પિટલ દાખલ કર્યા ૧૯ ટકા આવ્યા, કાનની પાછળનો ભાગ ફાટી ગયેલો. ડોક્ટરોએ હોસ્પિટલમાં ૫ થી ૬ દિવસ રહેવાની સલાહ આપી. સાંજે જ મારી પર ફોન આવ્યો- "ભરતભાઈ, હું સ્વસ્થ છું. સેવા માટે આવા માંગુ છું." મેં તેમને સ્પષ્ટ ના પાડી હોસ્પિટલમાં પાંચ દિવસ રહેવા જણાવ્યું. પરંતુ બીજે દિવસે સવારે ૧૦:૩૦ કલાકે અમિધારા વાડી ખાતે હાજર થઈ ગયા અને ૧૫૦૦૦ વ્યક્તિઓને ભોજન પૂરું પાડવાનું શરૂ કરી દીધું. એકસીડન્ટને દિવસે જે વિસ્તારમાં તેઓ ભોજન પૂરું પાડતા હતા, ત્યાં ખબર પડતાં તે દિવસે કોઈએ ભોજન કર્યું નહીં! નાના માણસોની આ લાગણીએ રાજેન્દ્ર ભાઈને બેઠા કરી દીધા.

ધન્ય છે રાજેન્દ્રભાઈને જેમણે સાચા ભાવથી સેવા કરી. આજે પણ હંમેશા-સ્વયંનિષ્ઠાથી અમારી સંસ્થાના સેવાના કાર્યોમાં કોઈપણ જાતના વળતરની અપેક્ષા વિના અવિરત જોડાયેલા છે. કોઈપણ નાનામાં નાના કાર્ય કરવામાં પણ તેઓ કોઈ શરમ રાખતા નથી. (સત્યઘટના આધારીત)

ભરતભાઈ શાહ

પ્રમુખ, માનવ સેવા સંઘ છાંયડો, સુરત - મો નંબર: ૯૮૨૫૧૪૩૪૮૧

# શ્રી સુરત માનવ સેવા સંઘના લોકડાઉન દરમિયાનના અનુભવો

## પ્રસંગ ૨

## ભરતભાઈ શાહ

સંસ્થાનો ઈરાદો વધારેમાં વધારે જરૂરિયાત મંદોને ભોજન પૂરું પાડવાનો હતો. યુવાન કાર્યકર્તાઓ કોઈપણ ડર રાખ્યા વિના અવિરત સેવા આપતા હતા. શ્રી અમલન ચક્રવર્તીએ મારી બહેનોને સંબોધતી અપીલ રેકોર્ડ કરી અને શહેરની બહેનોને ઘરમાં બેઠા ૫-૧૦ રોટલી દરરોજ બનાવી સંસ્થાને આપવા વિનંતી કરી.

અમલન ચક્રવર્તી, વિશાલ સુખડીયા વગેરેની ટીમે ઓનલાઈન સિસ્ટમ બનાવી અને ૨૬૦૦૦ બહેનો તરત જ આ કામ માટે રજીસ્ટર થઇ અને આ બહેનોને ત્યાંથી રોટલી મેળવવા માટેના કલેક્શન સેન્ટરો કાર્યરત થયા અને કાર્યકર્તાઓએ મળેલ રોટલી અમિધારા વાડી ખાતે પહોંચાડવાનું આ તમામ કાર્ય કર્યું. બહેનો તરફથી પ્રતિદિન ૧૫૦૦૦૦ રોટલીઓ ઘી ચોપડેલી મળતી કેટલીક સેવાભાવી સંસ્થાઓ, મંદિરોએ પણ આ સેવામાં તેમનું યોગદાન આપ્યું.

સિંધી સમાજ, જૈન સમાજ જેવા સમાજોના યુવાનોએ પોતાના સમાજના ઘરોમાંથી રોટલી ભેગી કરવાનું કામ કર્યું. અડાજણ વિસ્તારના કોર્પોરેટર ભાઈઓ-બહેનો પણ જોડાયા અને ન કલ્પી શકાય તેવું કાર્ય થઈ શક્યું. રોટલી બનાવવાનો સમય બચી ગયો. જેથી ૭૦ કુકિંગ સ્ટાફ અમિધારા વાડી, ૫૦ કુકિંગ સ્ટાફ બદ્રીનારાયણ વાડી વગેરે સેન્ટરોમાં ફક્ત શાક બનાવતા. આમ બહેનોએ ઘર બેઠા સેવા પુરી પાડી, જેને કારણે ઘણી બધી સંસ્થાઓએ કરેલી આવી અદભૂત કામગીરીને કારણે શહેરની એક પણ વ્યક્તિ લોકડાઉન દરમિયાન ભૂખી રહી નથી.

ભરતભાઈ શાહ

પ્રમુખ, માનવ સેવા સંઘ છાંયડો, સુરત - મો નંબર: ૯૮૨૫૧૪૩૪૮૧

# શ્રી સુરત માનવ સેવા સંઘના લોકડાઉન દરમિયાનના અનુભવો

## પ્રસંગ ૩

## ભરતભાઈ શાહ

સુરત માનવ સેવા સંઘ-છાયડો દ્વારા ચાલતી ભોજન સેવામાં કુલ લગભગ ૬૦૦ થી ૬૫૦ કાર્યકર્તાઓ જોડાયેલ. દરરોજ સવારથી મોડી સાંજ સુધી અવિરત સેવા પૂરી પાડતા.

બીમારી થવાનો ભય ફેલાયેલ, કાર્યકર્તાઓના ઘરના વડીલો નારાજ થતા તથા તેમને બીક હતી જુવાનજોધ દીકરો જો કોરોનાની બિમારીમાં સપડાય અને મૃત્યુ પામે તો તેનો પરિવાર તૂટી જાય.

એક કાર્યકર્તાના પિતાશ્રીએ પોતાની વેદના ઠાલવી અને પોતાના દીકરાને ખૂબ સમજાવ્યો. દીકરાએ જે જવાબ આપ્યો કે જીવન સાથે મૃત્યુ જોડાયેલું જ છે અને આ સમયમાં આવી ભોજન સેવા કરતા મરવું પડે તો તે મને મંજુર છે અને દીકરો દરરોજ આવતો એક દિવસ તેના પપ્પા વાડીએ આવ્યા અને જોઈને ખૂબ આનંદિત થઈ ગયા અને પછી કાર્યકર્તાઓ માટે પોતાના ઘરેથી નાસ્તાઓ બનાવી મોકલવા માંડ્યા.

અને ભગવાનની કૃપા તો જુઓ ૨૭મી માર્ચથી ૩૧મી મે અને ૮ જૂનથી ૧૫ જુલાઇ દરમ્યાન કાર્યકર્તાઓ કામ કરતા રહ્યા પણ એક પણ કાર્યકર્તાને ઝીણો તાવ, ઉધરસ, શરદી કે કોઈપણ પ્રકારની બીમારી નહીં આવી.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને બે અધિકારી અને કલેકટર સાહેબ ને ત્યાંથી સિવિલ ડીફેન્સના કાર્યકર્તાઓ સોશિયલ ડીસ્ટન્સ, માસ્ક, ટોપી, ગ્લોઉઝ, સેનીટાઇઝ વગેરેની ખૂબ સુંદર કામગીરી બજાવી.

ધન્ય છે તમામ કાર્યકર્તાઓ અને ખાસ કરીને ખીલવેલી તેની ભાવના માટે.

ભરતભાઈ શાહ

પ્રમુખ, માનવ સેવા સંઘ છાંયડો, સુરત - મો નંબર: ૯૮૨૫૧૪૩૪૮૧

# સમગ્ર વિશ્વના લોકોની કસોટીનો સમય

## દર્શિની પ્રવીણભાઈ કોઠિયા

કોરોના કાળ એટલે સમગ્ર વિશ્વના લોકોની કસોટીનો સમય, સ્વાસ્થ્યની દ્રષ્ટિએ દરેક વ્યક્તિ એક પ્રકારના ડર વચ્ચે જીવી રહ્યો છે. સાથે સાથે વેપાર-ઉદ્યોગ અને અર્થતંત્ર પણ ભારે સંકટમાં આવી ગયું. છે. પરંતુ, સુરત શહેરના કટેલાક કોરોના વોરિયર એવા હતા કે જેમણે પોતાની કે પોતાના પરિવારના તબીયત કે આરોગ્યની ચિંતા કર્યા વગર માત્ર ને માત્ર નિઃસ્વાર્થ લોકસેવા કરી. હું દર્શિનીબેન પ્રવિણભાઈ કોઠીયા (પ્રદેશ મંત્રી, ભાજપા, ગુજરાત પ્રદેશ) આ તમામ કોરોના વોરિયર્સને શત્ શત્ વંદન કરું છું અને આભાર માનું છું. સાથે સાથે લોકોને અપીલ કરું છું કે, સામાજિક અંતર, માસ્ક અને સેનેટાઈઝરના ઉપયોગથી આપણે સૌ સાથે મળીને કોરોનાને હરાવી શકીશું. કોરોનાના કપરા કાળનો ઘણો સમય પસાર થયો છે. કોરોનાની રસી આવવામાં થોડો સમય લાગે એમ છે ત્યારે આપણા સૌની જાગૃતિ જ કોરોનાને માત આપી શકશે.

કોરનાના આગમન સાથે લોકડાઉન અને ત્યારબાદ અનલોકની સંપૂર્ણ પ્રક્રિયા દરમિયાન મારા વિસ્તારમાં સતત લોકોને મદદરૂપ થવાના પયત્નો કર્યા. પુણા રોડની કોઠીયા હોસ્પિટલ લોકસેવાનું કેન્દ્ર બની રહ્યું. મારા તથા ભાજપના કાર્યકરો તથા સામાજિક-સ્વૈચ્છિક સંસ્થાના આગેવાનો-કાર્યકરો દ્વારા હાથ ધરાયેલ ભગીરથ કાર્યોની રૂપરેખા નીચે મુજબ છે.

(૧) કોરોનાની મહામારીથી બચવાનું સૌથી મોટુ કોઈ સાધન હોય તો એ છે માસ્ક. મોંઢા પર માસ્ક પહેરવાથી કોરોનાથી સંક્રમિત થતા બચી શકાય છે. આ સંજોગોમાં કાર્યકર્તાઓ સાથે જરૂરિયાતમંદોને ૨૫,૦૦૦ થી વધુ માસ્કનું વિનામૂલ્યે વિતરણ કર્યું.

(૨) કોરોનાનો સામનો કરવા માટે લોકોને રોગ પ્રતિકારક શક્તિ વધારવા માટે વારંવાર વિવિધ સ્તરે સૂચનો કરવામાં આવ્યા. લોકોની ઈમ્યુનિટી પાવરફુલ હશે તો કોરના રાક્ષસનો સામનો કરી શકાય. જેથી ૭,૦૦૦ થી વધુ ઘરોમાં ઈમ્યુનિટી વધારવાની દવાનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું.

(૩) કોરોના લોકડાઉન દરમિયાન લોકોને બે ટાઈમ જમવાના પણ ફાંફા પડવા લાગ્યા. ખાસ કરીને રસ્તા પર જીવન નિર્વાણ કરતા લોકોની હાલત કફોડી બની ગઈ. આ કપરા સંજોગોમાં એક સેવાભાવી

સંસ્થાઓએ ખભેથી ખભો મીલાવી લોકોને બે ટાઈમ ભોજન મળી રહે તેવું ભગીરથ કાર્ય ઉપાડી લીધું. આ સંજોગોમાં ૪૫૦ થી વધુ લોકોને અનાજની કીટનું વિનામૂલ્યે વિતરણ કર્યું.

(૪) કોરોનાના ચેપથી બચવા માટે સેનીટાઈઝેશન શ્રેષ્ઠ વિકલ્પ તરીકે ઊભરી આવ્યું. આ સંજોગોમાં વારંવાર પોતાના હાથ સાબુથી ધોતા રહવોની અપીલની સાથે સાથે પુણા વિસ્તારની અનેક સોસાયટીઓને પણ સેનેટાઈઝડ કરાવીને લોકોના સ્વાસ્થ્યનું પુરતું ધ્યાન રાખ્યું.

(૫) કોરોનાના લોકડાઉનના કપરા સમયમાં અન્ય રાજ્યના લોકો સુરતમાં ફસાયા હતા અને સુરતના રહેવાસીઓ અન્ય રાજ્યમાં ફસાય ગયા હતા. આ સંજોગોમાં મારી ટીમ દ્વારા વહીવટી તંત્ર સાતે સતત લાયઝનીંગ કરીને લોકોને પોતાના વતન જવા માટે અને પરત ફરવા માટેની સુંદર વ્યવસ્થા ઊભી કરવામાં આવી.

(૬) કોરોનાગ્રસ્ત લોકો માટે પ્લાઝમા થેરાપી અસરકારક સાબિત થઈ ત્યારે મારી ટીમ દ્વારા પ્લાઝમાં ડોનેટના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું અને ૭૫થી વધુ લોકો પાસે પ્લાઝમાં ડોનેટ કરાવ્યું.

મારી તમામ લોકોને એક નમ્ર વિનંતી છે કે જ્યારે આપણે બધાએ આજ પરિસ્થિતિમાં રહેવાનું છે ત્યારે

(૧) આપણએ સૌ વારંવાર હાથને સેનિટાઈઝ કરીએ

(૨) આપણે માસ્ક પહેરીને જ બહાર નીકળીએ

(૩) સોશ્યિલ ડિસ્ટન્સીગ નું પાલન કરીએ

દર્શિની પ્રવીણભાઈ કોઠિયા

મંત્રી, ભાજપા, ગુજરાત (એડવોકેટ એન્ડ નોટરી)

# કલમ 144 અને ત્યારબાદ લોકડાઉન...! કોરોના વોરિયર્સને એક 'સલ્યૂટ'

દર્શિતસિંહ વિજયસિંહ રાઠોડ

19મી માર્ચના રોજ ભારત સરકારે કોરોના વાયરસના કારણે સર્વપ્રથમ કલમ 144 લાગૂ કરી ત્યારબાદ 22 માર્ચ રવિવારના રોજ લોકડાઉન ફરજિયાત અમલવારી કરી દિધું હતું. ભારત દેશમા શરૂઆતના તબક્કામાં જ કોરોના વાયરસનાં કેસો વધવા માંડતા સરકાર ચિંતીત તો હતી જ, જોકે લોકડાઉન જાહેર થવાથી કોરોના ઉપર ખાસ્સો કાબૂ મેળવવામાં સરકારને સફળતા મળી હતી. તેમ છતાં કેટલાંય લોકોએ પોતાના સ્વજનો અને લાડકવાયા ગુમાવ્યાં છે જેનું મને પણ દુ:ખ તો છે જ. આપણે સૌ લોકડાઉનને એક જ દ્રષ્ટિથી જોઈશું તો ખ્યાલ આવશે કે આ લોકડાઉનનો નિર્ણય અમુક લોકો માટે સારો સાબિત થયો છે તો કોઈકના માટે કારમો પણ!

આપણે લોકડાઉનની વાત કરીએ તો સૌથી પહેલાં આપણી સૌની એક સલામ આપણે-આપણી 'ઢાલ'ને આપવી ફરજિયાત છે. હવે વાચકમિત્રોને એમ થશે કે વળી આ 'ઢાલ' શું હશે ? લખનાર 'ઢાલ'ને સલામી આપવાનું કેમ કહે છે ? આ ઢાલ બીજું કોઈ નહીં પણ ડોક્ટર, પોલીસકર્મી, સફાઈકર્મીઓ છે. જેઓએ રાત-દિવસ જોયા વગર પોતાનો જીવ જોખમમાં નાંખી પોતાના પરિજનોની ચિંતા કર્યા વિના આપણી રક્ષા ખરેખર 'ઢાલ' બનીને કરી છે. આ ઢાલ આપણા માટે ઈશ્વરીય વરદાનથી ઓછી પણ નથી જ. આ સિવાય ભૂખ્યાંઓને જમાડનારી સમાજસેવી સંસ્થાઓ તથા નામવગર પોતાની સેવા આપનારા સૌને મારા હ્રદયથી નમન. આપણે સૌને એ વાતનું જ્ઞાન જરૂર છે કે કોરોના વાયરસના સંક્રમણમાં દેશમાં કેટલાય લોકો કસમયે સેવા કરતા-કરતા અને મોટી ઉમંરના વડીલો હમેશા માટે પોઢી ગયા છે. જોકે આ કોરોનાકાળમાં મેં મારા પ્રેમાળ દાદાને પણ ગુમાવ્યાં છે જેનો મને હમેશા વસવસો રહેશે. લોકડાઉન સમય સૌને એક વાત શીખવી ગયો કે મુશીબતને જીવનમાં કેવી રીતે જીલવી અને તેમાંથી પાર કેવી રીતે ઉતરવું.

હું ધોરણ-10નો વિદ્યાર્થી છું જેથી હું વિદ્યાર્થી જીવન વ્યતિત કરનારા મારા એવા દેશના ભાવિઓની વાત કરવા માંગુ છું. કોરોનાકાળ દરમિયાન શાળા-કોલેજો બંધ છે ત્યારે ઓનલાઈન ક્લાસ અટેન્ડ કરીને વિદ્યાર્થીઓ પોતાનું ભણતર ભણી રહ્યાં હતાં તો તેમાં પણ જે-તે વિષયના શિક્ષકોની પણ ભારે મહેનત રહી હતી. કોરોના વાયરસનું ઉદભવ સ્થાન ચાઈના હોવાથી ભારત

સરકારે એવી ઘણી ચાઈના એપ બંધ કરાવી દિધી જેના માધ્યમથી ચાઈના ભારતમાંથી રોયલ્ટી મેળવી રહ્યું હતું. સૌથી પ્રચલિત એપ ટીકટોક અને પબજી પર સરકારે ત્વરીત નિર્ણય લેતા ચાઈનાની કમર જ તુટી ગઈ છે અને આ સિવાય બીજી 58 એપ ઉપર ભારત સરકારે પ્રતિબંધ લાદી દેતા ચાઈનાની બુદ્ધિ ઠેકાણે આવી ગઈ છે. દેશના દાનવીર એક્ટર અક્ષયકુમારે ફૌજી નામક ગેઈમએપ લોન્ચ કરાવતાં તેના યુઝર્સો થકી 20 ટકા જેટલી આવક 'દેશ કે વીર' પુત્રને મળતું થઈ છે.

હું અંતે એટલું જ કહીશ કે જે આપણી ઢાલ છે તેને પુરેપુરો સહયોગ આપી તેમનું આદર કરો. સાથે જ લોકડાઉન સમયમાં જેમણે પોતાના પરિવારની ચિંતા કર્યા વિના ટીવી અને ન્યૂઝપેપરોના માધ્યમથી શક્ય એટલી તમામ માહિતીઓ લોકો સુધી પહોંચાડવાની જવાબદારી નિભાવી છે તેવા દેશની ચોથી જાગીર પત્રકારોને પણ હું નમન કરી સલામી આપું છું.

દર્શિતસિંહ વિજયસિંહ રાઠોડ
વિદ્યાર્થી, ધોરણ-10, એલ.ડી હાઈસ્કૂલ સચિન.

# લોકડાઉન કે મોરલડાઉન?

## દિલીપ વી ઘાસવાલા

અને જેનીબેન જેવા સોસાયટીમાં દાખલ થયા કે તરત જ લોકોએ ગુસપુસ કરવા માંડી. સ્ત્રીઓએ પોતાના નાના બાળકોને ઘરમાં ખેંચીને લઈ લીધા. જેનીબેનને આશ્ચર્ય થયું. લોકો કેમ આવી વિચિત્ર નજરે જુએ છે એમને! પછી માસ્ક હટાવી ચુપચાપ એમના એપાર્ટમેન્ટના દાદર ચડવા લાગ્યા અને એમના કાને ગુસપુસમાંથી ગણગણાટ સાંભળ્યો.

"તમે કહો."

"ના ના તમે જ કહો, તમે પ્રમુખ છો."

"તમે પણ કહી જ શકો ને તમે સેક્રેટરી છો."

"આખા એપાર્ટમેન્ટમાં ચેપ લગાવશે"

એટલે એમણે ફરી ને પૂછ્યું, "કેમ ભેગા થયા છો? કોઈ માંદુ છે? દવાની જરૂર છે?"

એટલે એપાર્ટમેન્ટ ના પ્રમુખ વિનોદ ભાઈ આગળ આવ્યા ને બોલ્યા, " જુઓ જેની બેન તમે નર્સ છો અને સિવિલમાં ચેપી રોગના વોર્ડમાં કામ કરો છો, તો બધાં એવું કહે છે કે તમે થોડા દિવસ બીજે રહેવા જતા રહો. માફ કરજો પણ  અમે આ નિર્ણય લીધો છે."

જેની બેને ગુસ્સાને કાબુમાં રાખી બોલ્યા, "અરે આ શું કહો છો તમે? હું બહાર જાઉં? અરે તમે ઘરમાં શાંતિથી સલામત રહો, એટલે હું સોળ કલાક તમારા ભલા માટે કામ કરું છું અને તમે મને બહાર જવાનું કહો છો? અરે ગયા રવિવારે તો તમે અમને લોકોને થાળી ઘંટડી વગાડીને આભાર માન્યો હતો. અને આજે? છટ.. આવા સ્વાર્થી લોકો સાથે રહેવા કરતા મારી સિવિલ હોસ્પિટલમાં રહેવું સારૂં. ખૂબ સારો બદલો આપ્યો તમે લોકો એ. યાદ છે ને વિનોદભાઈ, તમને કે તમારા દીકરાને જ્યારે રમતા રમતા વાગ્યું હતું ત્યારે મેં જ એને પ્રાથમિક સારવાર આપેલી? જેને કારણે એ મોટી ઇજામાંથી બચી ગયો હતો? અને જગદીશભાઈ, તમારા ઘરે દીકરીને ઇલેકટ્રીક શોક લાગેલો તેની સારવાર પણ મેં જ કરેલી? હું જ મારા એક્ટિવા પર લઈ ગયેલી? તમે ને ભાભી તો નોકરી પર હતા. જવા દો, આ

બધું મારે તમને નહિ કહેવું જોઈએ. આજે મારા પતિ હયાત હોત તો મારે તમને જવાબ નહિ આપવા પડતે. હું મારા દીકરા સાથે નર્સ ક્વાર્ટરમાં ચાલી જઈશ."

બધાને સચ્ચાઈનો એહસાસ થવા માંડ્યો..પણ મોડું થઈ ચૂક્યું હતું. કયે મોઢે કહે કે અમારી ભૂલ થઈ ગઈ છે! અને ત્યાંતો જગદીશભાઈના ઘરેથી જ ચીસ પડી. એમની પત્નીએ બૂમ પાડી કહ્યું, "જલ્દી આવો, તમારા બા ને હાંફ ચડી છે. શ્વાસ લેવામાં તકલીફ થાય છે. કોઈ ડોકટરને બોલાવો." એટલે જેની બેને પળવારમાં જ મોબાઇલથી કોલ કરી એકસો આઠ બોલાવી દીધી અને એ દોડ્યા ટોળાને ચીરતા જગદીશભાઈ ના બા ને ત્યાં. એમને કૃત્રિમ શ્વાસ આપવાનું અને હૃદયને પંપીંગ કરવાનું ચાલુ કર્યું અને એમને કળ વળી ત્યાં એમ્બ્યુલન્સ આવી ગઈ.

બધા સિવિલ દોડ્યા અને ત્યાંના ડોકટરે કહ્યું.."જો તમે આ પેશન્ટ ને પાંચ મિનિટ પણ મોડું લાવતે તો એ ગુજરી જતે. પ્રાથમિક સારવારે જ એમનો જીવ બચાવ્યો છે."

"આભાર સિસ્ટર જેની બહેન, તમે આજે એક જિંદગી બચાવી છે."

જેની બેને કહ્યું, "આભાર ગોડનો માનો. હું તો એમના આદેશનું પાલન કરું છું અને હા ડોકટર, મારે આજથી અહીં જ રહેવું છે. લોકોને મારો ડર લાગે છે કે ક્યાંક એમને કોરોના ન થઈ જાય. ભલે અમને થતો પણ મારા પડોશીઓને ન થવો જોઈએ. આ લોકો લોકડાઉનની સાથે સાથે મોરલડાઉન પણ કરે છે. એટલે જ હવે મારે અહીં રહીને જ સેવા કરવી છે."

જગદીશભાઈએ આંખમાંથી આંસુ રોકીને કહ્યું, "મારી મોટી ભૂલ થઈ ગઈ છે. મેં જ લોકોને ઉશ્કેરેલા કે આ આપણી સાથે રહેશે તો બધા ને કોરોના થઈ જશે. મને માફ કરો જેની બહેન, તમે તો ઈશ્વરના દૂત છો. તમે અમારી સાથે જ પાછા ચાલો."

અને જેની બેન પરત સોસાયટીમાં ફર્યા એટલે દરેક ફ્લેટ વાસીઓએ ફરીથી તાળી પાડી, થાળીને ઘંટડી વગાડીને સ્વાગત કર્યું.

દિલીપ વી ઘાસવાળા

સુરત - મોબાઈલ ૯૮૨૫૯૧૭૮૮૫

# કોરોનાએ જીવનમાં શીખવા જેવા ઘણા બધા પાઠ શીખવાડ્યા..!

## દિલીપસિંહ ક્ષત્રિય

ઘણું બધું લખ્યું ઘણું વાંચ્યું અને વાંચતો આવ્યો છું. અને ઘણા બધામાંથી એક વાત ખબર પડી કે મુશ્કેલીના સમયમાં તમારી સાથે ઉભો રહે એ જ તમારો મિત્ર અને એજ તમારો સબંધી. આવા જે એક સમય કાળમાંથી હું પસાર થયો કે જયારે મને સંબધો અને માણસોની કિંમત સમજાઈ ગઈ. આ માણસાઈની કિંમત સમજાવનાર કોરોના હતો. હા કોરોના પોઝિટિવને લોકો નેગેટિવ માને છે પણ હું માનું છું કે મારી માતાને થયેલા કોરોનાએ મને જીવનની ઘણી પોઝિટિવ વાતો શીખવાડી. સામાન્ય રીતે માન્યતા એવી છે કે કોરોના થાય એટલે લોકોએ એનાથી દૂર રહેવું, સાવધાની રાખવી. નિયમ પણ કહે છે જે પરિવારમાં કોરોના થયો એણે 14 દિવસ સમાજથી દૂર રહેવું. સમાજના બંધનો 14 દિવસ માટે કાપી નાખવા. કહેવા અને બોલવામાં આ બધી વાતો સારી લાગે છે પણ ક્યારેય અનુભવો એટલે ખ્યાલ આવે કે આ સ્થિતિ કેટલી વિકટ છે!

તમે જે ઘરમાં મુક્ત પણે હરી ફરી શકો બોલી શકો, બધાને પોતાના માનતા હોવ એ જ ઘરમાં અચાનક તમને ચાર દીવાલોની વચ્ચે 14 દિવસ કેદ કરી દે તમને કેદીની જેમ આભડછટ થઇ જાય એવી રીતે જમવાનું આપે, તમારા કપડાં વાસણ બધું જ તમારા પોતાના ઘરવાળા માટે અછૂત થઇ જાય, ત્યારે કેવું લાગે એક વાર વિચાર તો કરો, ખરેખર માણસ શારીરક રીતે ભાંગે એના કરતા માનસિક રીતે વધારે ભાગી પડે છે આ રોગમાં.

આજ રોગ મારી માતાને થયો ત્યારે મને આ રોગની ભયાનકતા સમજાઈ, હું મારી માતાને અમદાવાદની એસ.વી.પી. હોસ્પિટલમાં લઇ ગયો ત્યારે કેસની પ્રક્રિયા ચાલી રહી હતી એવામાં એક વૃદ્ધને લઇ ને એક યુવાન આવ્યો અને એણે કેસ બારી પર આંગળી ચીંધી એ વૃદ્ધને કહ્યું, 'ત્યાં કેસ કઢાવીને જતા રહો, આટલું કહી યુવાન ગાડીમાં બેસીને ચાલ્યો ગયો.'

મેં વૃદ્ધને પૂછ્યું, તો કહ્યું, 'મારો દીકરો હતો અને મને કોરોના થયો છે. એટલે અહીં દાખલ થવા માટે છોડીને ગયો, એટલે મેં પૂછ્યું, 'સાહેબ અહીં પ્રક્રિયા ને બધું કઈ રીતે કરશો? અને તમને અહીં એડમિટ ન કર્યા તો? તમારા છોકરા એ થોભવું તો જોઈએને?'

એટલે બિચારા વૃદ્ધે રડતી આંખે અને ભીના સ્વરે કહ્યું, 'એ મને દાખલ કરાવવા આવે તો એને ચેપ લાગી જાયને એટલે એ જતો રહ્યો.'

એમની વાત સાંભળી મારા મન અને મગજનું લોહી સુકાઈ ગયું કે આ રોગની કેવી ભયાનકતા કે સગો દીકરો પોતના બાપને કોરોનાના હવાલે કરી ને ચાલ્યો જાય છે? જોતો પણ નથી કે શું થયું? કોરોનાએ આ મહત્વની વાત શીખવાડી કે મુશ્કેલીમાં કોઈ ઊભું રહેતું નથી. પછી ભલે એ તમારો દીકરો કેમ ન હોય?

ખેર મારી સાથે સદનસીબે આવું નથી થયું. મારી માતાને કોરોના થયો છે એ જાણી ને એવા લોકોએ મદદ કરી, જેની મેં ક્યારેય કલ્પના પણ નહતી કરી. એ ત્રણ નામો છે; પ્રશાંત વાળા, સતીષ મોરી અને ડૉ યોગેશ ગુપ્તા.

આમ તો મારી અને પ્રશાંત ભાઈની ઓળખાણ એક જાણીતી ચેનલના ચેનલ હેડની કેબીનમાં થઇ હતી, એજ દિવસે એમણે મારો નંબર લીધો અને સંવાદ સધાઈ ગયો, વારે તહેવારે એમની સાથે મેસેજ પર વાત થતી કે ક્યારેક ફોન આવતો, આવા જ એક દિવસે મારા માતાને કરોના પોઝિટિવ આવ્યો ત્યારે હું સખ્ત દોડધામમાં હતો ને એમનો ફોન આવ્યો. મારા અવાજમાં કાંઈક બદલાવ લાગતા એમણે પૂછ્યું, 'કઈ તકલીફ છે?' એટલે મારાથી સહજ બોલાઈ ગયું કે આવું છે. બસ પછી તો પ્રશાંતભાઈએ મારા માતાને ક્યાં દાખલ કરવાથી માંડીને એમને હોસ્પિટલમાંથી રજા મળી ત્યાં સુધી સતત એઓ મારી સાથે અને હોસ્પિટલના આખા તંત્ર સાથે સંપર્કમાં રહ્યા. એટલું જ નહિ પણ મારા માતાની તબિયત અંગે દિવસ રાત સતત એ અપડેટ લેતા અને મને જણાવતા. છેલ્લે મારા માતાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો અને હોસ્પિટલમાંથી રજા મળી પછી એમણે કહ્યું, 'હજી પણ કોઈ કામ હોય કોઈ જરૂર હોય તો કહેજો.'

પ્રશાંત ભાઈએ જે રીતે મદદ કરી એ પરથી મને એ દિવસે એહસાસ થઇ ગયો કે ના આ દુનિયામાં માનવતા મરી નથી પરવારી, હજી પણ લોકો નિશ્વાર્થ ભાવે મદદ કરે છે, આજના સ્વાર્થથી ભરેલા જમાનામાં અને સ્વાર્થ માટે રાખાતા સંબંધોના સમયમાં પ્રશાંતવાળા જેવા લોકો ખરેખર માનવતાની મિસાલ લઇને ઉભા છે.

હવે બીજા વ્યક્તિ ની વાત કરું તો એ છે સતીષ મોરી, Satish Mori આમતો મારી સાથે એમનો સબંધ 15 વર્ષ જૂનો છે અમે જોડે લગભગ ઘણા મીડિયા સંસ્થાનો માં કામ કર્યું છે, છેલ્લે અમે વીટીવી નો

પ્રોજેક્ટ જોડે કર્યો હતો, એ વાત ને આજે 10 વર્ષ કરતા પણ વધુ સમય થઇ ગયો છતાં મારો અને સતીષ ભાઈનો સબંધ આજે પણ એટલો યથાવત રહ્યો, એમને જેવી ખબર પડી કે મારા માતાને કોરોના છે એવા તરત એ આર્યુર્વેદિક દવાઓ અને બીજી ઘણી બધી વસ્તુઓ મારા ઘરે પહોંચાડી ગયા, કોરોનાનું સાંભળીને જયારે મિત્રો તો ઠીક સગા સબંધીઓ ઘર શું વ્યક્તિની નજીક આવવાનું ટાળે છે ત્યારે સતીષ ભાઈએ ના માત્ર મારા ઘરે આવી દવાઓ આપવાની વાત પણ બીજા નાના મોટા અનેક કામ એ મારા ઘર સુધી આવી ને કરી ગયા કે જયારે અમારો આખો પરિવાર કોરોનટાઇન હતો, આજના સમયમાં કોણ આવી નિશ્વાર્થ મદદ કરે છે? તકલીફ આવે ત્યારે જે લોકો કિનારો કરે છે ત્યારે સતીષ ભાઈ ન માત્ર સાથે ઉભા રહ્યા પણ રોજ ફોન કરી ને કાંઈ જોઈતું કરતું હોય તો ચિંતા ન કરતા હું આપી જઈશ સુધી સતત કહેતા રહેતા ? આવા માણસનો જો જાહેરમાં આભાર ન માનું તો મારું કર્તવ્ય લાજે.

ત્રીજી અને મહત્વની વ્યક્તિ એ ડૉ. યોગેશ ગુપ્તા જેઓ જાણીતા એમ.ડી.ફિઝિશિયન છે, અને ખુબ નામના પણ ધરાવે છે એ મારા માતાના સીમ્ટમ્સ જાણવા થી શરૂ કરીને રિપોર્ટ અને દવાખાના માં એડમિટ થયા ત્યારે એમની મેડિકલ હિસ્ટ્રી પ્રમાણે દાખલ થયેલા હોસ્પિટલમાં ડૉક્ટરો એ કઈ દવા આપવી કઈ નહિ એની સતત ચર્ચા કરતા રહ્યા મને અપડેટ આપતા રહ્યા, એમની સાથેનો મારો આમ તો જૂનો નાતો છે પણ આજના પ્રોફેશનલ જમાનામાં જયારે ડોકટરો એક મિનિટ ની પણ ફી લેતા હોય છે ત્યારે ડૉ. યોગેશ ભાઈએ એક રૂપિયો પણ ફી નથી લીધી અને બીજા શબ્દો માં કહું તો ખરા અર્થમાં એન્જલ બનીને મારી માતા સાથે રહ્યા જયારે હું પણ એમની સાથે નહતો, કદાચ આવા ડોકટરોને કારણે જ એમને ભગવાનનું સ્વરૂપ કહેવામાં આવતા હશે. એમનો જેટલો આભાર માનું એટલો ઓછો છે.

કોરોનાએ મને એક વાત મને શીખવાડી છે કે આ દુનિયામાં સારા લોકો છે જ અને કદાચ એટલે જ આ દુનિયા ટકી રહી છે, તમને જયારે કોઈ મદદ કરતુ હોય ત્યારે જ કદાચ તમને એ વાતનો એહસાસ થાય છે.એટલે કોઈના પણ કપરા સમયમાં મદદ કરો નિશ્વાર્થ મદદ કરો તો કદાચ બીજું કોઈ નહિ તો ઉપરવાળો યાદ રાખશે. એટલે જેમ મને મુશ્કેલ સમય માં મદદ કરી એમ દરેક ને મુશ્કેલ સમયમાં મદદ કરનાર દરેક લોકોનો હ્દય પૂર્વક આભાર માનીને વિરમું છું.

દિલીપસિંહ ક્ષત્રિય – **098240-85555**

# Kovid 19 લોકડાઉનના મારા અનુભવો

## દિલીપસિંહ ડી.ગોહિલ

મહામારી તો ઘણી આવી હશે.પરંતુ કોઈ એક દેશ કે અમુક ક્ષેત્ર પૂરતી મર્યાદિત હોય.પરંતુ સમગ્ર વિશ્વ એક સાથે થંભી જાય એવી આ પ્રથમ મહામારી એટલે કોરોના મહામારી.યુદ્ધ સિવાય આખો દેશ મહિનાઓ સુધી ઘરમાં પુરાઈ રહે એ પણ આ કોરોના વાયરસનો જ ભયંકર ખોફ.

સામાજિક વ્યવહારોની અને આર્થિક દોડધામમાં,દેખાદેખીમાં આપણે કેટલાક મૂલ્યોની વ્યાખ્યા બદલી નાંખેલી કે પૈસા છે તો બધું છે.આપણું શરીર એ જ મોટી સંપત્તિ,પ્રકૃતિની નિકટતા એ જ સાચી મિત્રતા,કુદરત પ્રત્યેની વફાદારી એ જ સાચી સમજદારી,આપણું ઘર એ જ મોટું તીર્થ એ બધું આપણે ભૌતિકવાદની માયામાં વિસરી ગયા હતા. કોરોનાએ આપણને યાદ કરાવ્યું કે કુબેરનો ભંડાર પણ એક સુક્ષ્મ વાઈરસ પાસે કંઈ નથી.અભેરાઈ પર ચડાવી દીધેલી ભારતીય સંસ્કૃતિ પુન:યાદ આવી કે પહેલું સુખ તે જાતે નર્યા.અને એ સુખ માટે આપણા પૂર્વજો પ્રકૃતિની પૂજા કરતા જેથી પર્યાવરણનું જતન થાય.સાત્વિક આહારનું મૂલ્ય સમજાયું.આયુર્વેદના પુસ્તકમાં રહેલી સાવ સીધી સદી વાતો સોનાની સાબિત થઈ.આપણા રસોડામાં રહેલી ઔષધિઓ શ્રેષ્ઠ જડીબુટ્ટીઓ સાબિત થઈ.આપણા પૂર્વજો દુષ્કાળ પડે તો તકલીફ ન થાય એ માટે એક બે વર્ષ ચાલે તેટલા અનાજનો સંગ્રહ કરતા એ વાત પણ આ સમયમાં ગળે ઊતરી.દુનિયાનો છેડો ઘર એવું બોલતા પણ આ મહામારીમાં સાચે જ અનુભવ્યું કે ઘરનું મૂલ્ય શું છે.પરિવાર અને પારિવારિક ભાવનાનું મહત્વ સમજાયું. હિન્દુ જીવન રિતી પ્રમાણે સ્નાન કરી,સ્વચ્છતા જાળવી જાતે રસોઈ બનાવી અને આપણા ઈષ્ટદેવને ભોગ ધરાવી પછી જ પ્રસાદી રૂપે ભોજન ગ્રહણ કરવું આ વાતને જૂની પુરાણી અને અંધશ્રદ્ધામાં કે કર્મકાંડમાં ખપાવી દીધેલ જે વાત સંપૂર્ણ વૈજ્ઞાનિક સાબિત થઈ.હાથ જોડી નમસ્કાર કરવાની આપણી પરંપરા પણ સચોટ સાબિત થઈ.

વિશેષ તો આ લોકડાઉનમાં જાત સાથે વાત કરવાનો સુવર્ણ અવસર પ્રાપ્ત થયો.પોતાને ઓળખવાનો,આપણી આસપાસના જગતને નિહાળવાનો અને પ્રકૃતિના કણ કણમાં રહેલા ઈશ્વરને અનુભવવાનો એક જુદો જ અવસર એટલે કોરોના મહામારી.આ લોકડાઉન,આ મહામારી સૌને જીવનની શ્રેષ્ઠ સમજદારી સુધી દોરી જાય એ જ ફલશ્રુતિ. ઘણું ગુમાવ્યું પણ સાથે ઘણું મેળવ્યું.

દિલીપસિંહ ડી. ગોહિલ
ખરવાસા, તા.ચોર્યાસી, સુરત. - મો.નં. ૮૪૬૯૫ ૪૮૦૪૮

# કોરોનાને હું ક્યારેય ભૂલી શકીશ નહિ

## દિનેશ નાવડીયા

કોરોનામાં મેં મારી મા ગુમાવી છે. કોરોનાને હું ક્યારેય ભૂલી શકીશ નહિ.

તા. ૨૧ માર્ચ, ૨૦૨૦ના રોજ કોરોના ઝડપથી વકરી રહ્યો છે તે વાત સાંભળીને મને ખૂબ ચિંતા થઇ કારણ કે હું જે ઇન્ડસ્ટ્રી સાથે સંકળાયેલો છું તેના વિકટ પ્રશ્નો અમારી સામે આવશે તેના ભણકારા મને વાગી રહ્યા હતા. અચાનક લોકડાઉન જાહેર થયું. કરોડોના ટ્રાન્જેકશન્સ અચાનક અટકી ગયા. ચારેબાજુથી ટ્રેડ અને ઇન્ડસ્ટ્રીના લોકોની પૂછપરછથી માનસિકતા ગુમાવી બેસાય તેવા સંજોગો ઉભા થયા. અને સૌથી મોટો વિકટ પ્રશ્ન કારીગરોનો હતો. આ કારીગરોને કેવી રીતે સાચવવા ? જે લોકો સુરતમાં રહેતા હતા તેઓને રહેવાનો પ્રશ્ન નહોતો પરંતુ જેઓ એકલા રહેતા હતા તેઓને માટે ઘણા બધા પ્રશ્નો હતા. દિવસો પસાર થતા ગયા તેમ તેમ કારીગરોની માનસિકતા બગડવાને કારણે કાયદો અને વ્યવસ્થાના પ્રશ્નો પણ ઉભા થવા લાગ્યા.

આ સમયગાળામાં પહેલા પાંચ દિવસ તો ઘરની બહાર કેવી રીતે નીકળવું ? તે પ્રશ્ન હતો. પછી પાસની વ્યવસ્થા થતા કોરોનાના ઓથાર વચ્ચે અમોએ બહાર નીકળવાનું શરૂ કર્યું. અને પછી શરૂ થયો સેવા યજ્ઞ. હજારો કારીગરોને અલગ-અલગ સામાજિક સંસ્થાઓ દ્વારા ફૂડ પેકેટનું વિતરણ શરૂ કરવામાં આવ્યું. પરંતુ જે ખૂબ મધ્યમ વર્ગના હતા તેઓની હાલત વધુ ને વધુ કફોડી બનતી ગઈ. અને તેથી જરૂરિયાતમંદ પરિવારોને કીટ વિતરણનું કામ શરૂ થયું. તો બીજી તરફ હું સુરત ડાયમંડ એસોસીએશનનો ભૂતપૂર્વ પ્રમુખ તેમજ જેમ એન્ડ જ્વેલરી એક્ષ્પોર્ટ પ્રમોશન કાઉન્સિલનો ગુજરાત રીજીયનનો ચેરમેન હોવાને કારણે સુરત મહાનગરપાલિકા અને ગુજરાત સરકારના સંબંધિત વિભાગો સાથે સતત સંકલનનું કાર્ય શરૂ કર્યું. જ્યાં જ્યાં પણ ફૂડ પેકેટ્સ નહોતા પહોંચતા તેવી જગ્યા પર સુરત મહાનગરપાલિકાની સાથે રહીને સંકલન કરીને ભોજનની વ્યવસ્થા ગોઠવી અને રૂ. ૩ કરોડની સહાય જી.જે.ઈ.પી.સી.ના માધ્યમથી કરી. પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેરની સાથે રહીને જ્યાં કારીગરો મોટી સંખ્યામાં બેકાર બની ગયા હતા તેવા વિસ્તારોમાં સઘન પેટ્રોલીંગની વ્યવસ્થા પણ ગોઠવી.

આ સમયગાળામાં મારા અંગત જીવનમાં એક મોટું વાવાઝોડું આવ્યું. મારી માતાને કોરોના થયો. હોસ્પિટલમાં તેમને દાખલ કરવામાં આવ્યા પરંતુ કોરોના વાયરસ તેમનો ભોગ લઈને જ રહ્યો. જે મારા માટે સૌથી આઘાતજનક ઘટના હતી.

આ આઘાતમાંથી બહાર આવીને ફરી પાછા કામે લાગ્યા. જેમ જેમ અનલોકની પ્રક્રિયા શરૂ થતી ગઈ તેવા સમયે મુશ્કેલી ઘટવાને બદલે વધી. વધુ વ્યક્તિઓના સંક્રમણને કારણે ડાયમંડના કારખાનાઓમાં કોરોનાના કેસો વધતા હોવાને કારણે દોડધામ વધી ગઈ. સંલગ્ન ખાતાઓ સાથે સતત ચર્ચા વિચારણા કરી એક પછી એક પ્રશ્નોનો ઉકેલ લાવતા ગયા. કપરા સંજોગોમાં પણ હીરાની નિકાસ અટકી નહિ જાય તે માટે સંબંધિત વિભાગો સાથે સંકલન સાધ્યું.

આ જ સમયગાળામાં ચેમ્બર ઓફ કોમર્સ સાથે સંકળાયેલા હોવાને કારણે અન્ય ઉદ્યોગોના પ્રશ્નોના નિરાકરણ માટે પણ સતત પ્રયત્નશીલ રહ્યો. આમ કોરોના મને હંમેશા યાદ રહેશે પરંતુ સમાજ માટે કંઇક કરી શક્યો તેનો આત્મસંતોષ મને જીવનભર રહેશે.

દિનેશ નાવડીયા

પ્રમુખ, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરત – ૯૮૨૫૧૪૩૨૭૧

॥ શ્રીજી ॥

# કોવિડ 19 સંક્રમણ અને હીરા ઉદ્યોગ

## ગોવિંદ ધોળકિયા

કુદરતની અમાપ શક્તિની સામે માનવજાત કેટલી વામળી પુરવાર થઈ શકે છે, તે ઈશ્વરે આપણને આજે શીખવ્યું છે. સમસ્ત દુનિયામાં ફેલાયેલી કોરોનાવાયરસની મહામારીને કારણે વિશ્વના સર્વ મનુષ્ય સામાજિક, માનસિક અને આર્થિક રીતે ભાંગી પડ્યા છે. કોરોનાને કારણે વૈશ્વિક વેપાર-ઉદ્યોગ પણ પ્રભાવિત થયા છે, જેમાં હીરા ઉદ્યોગને પણ ઝાંખપ લાગી છે. ખાસ કરીને ઇમ્પોર્ટ એક્સપોર્ટ પર મોટી અસરને કારણે સુરત શહેરના ઘણા હીરા કારખાનેદારો અને તેમને ત્યાં કામ કરતા રત્નકલાકારોએ આર્થિક માર સહન કરવો પડે તેવી સંભાવના બની છે.

કોરોનાની મહામારીને ડામવા માટે દેશના પ્રધાનમંત્રી માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના વડપણ હેઠળની કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને સ્થાનિક સરકાર દ્વારા લેવાયેલા પગલાં અસરકારક થયા હોય તેવુ માલુમ પડે છે. કોવિડ 19 ના સંક્રમણ ને નાથવા સુરત મહાનગરપાલિકાના કમિશનર શ્રી, સુરત શહેરના પોલીસ કમિશનર શ્રી અને સૂરત જિલ્લાના કલેકટર શ્રી અને તેની સમગ્ર ટીમો દ્વારા કરાયેલા પ્રયાસોને એકદમ સરાહનીય છે. અને તેઓ સર્વ દ્વારા કરાયેલા યોગદાનને સુરતની જનતા લાંબા સમય સુધી યાદ રાખશે તે વાત નિર્વિવાદ છે.

માર્ચ 2020 ના અંતથી શરૂ થયેલ લોકકડાઉનના કારણે ચાર મહિના સુધી સતત શહેરનો હીરાઉધોગ સંપૂર્ણત: ઠપ્પ થઈ ગયો હતો, કોરોનાને કારણે હીરાઉધોગમાં ભારે મંદી ચાલી રહી છે. તેમજ હાલની વૈશ્વિક પરિસ્થિતિને ધ્યાનમાં રાખીએ તો હીરાબજારને પુર્ણત: ધમધમતુ કરવા માટે આપણે રાહ જોવી પડશે. મોટાભાગના હીરાના વેપારીઓ કારખાનેદારોનો સુર એવો છે કે, કારખાનાઓને સુરત મહાનગરપાલિકા દ્વારા સૂચિત કરવામાં આવેલ માર્ગદર્શન અનુસાર જ ચલાવવા જોઈએ. એક સુરે સુરતનાં હીરા ઉદ્યોગે આ માર્ગદર્શિકાને અપનાવી લીધી છે.

હીરાઉદ્યોગ એવો છે કે, જેમાં માણસોએ એકબીજા સાથે સંપર્કમાં આવું જ પડતું હોય છે. અનલોક બાદ કોરોનાની આ ગાઈડલાઇનનું ચુસ્ત પાલન સુરત મહાનગરપાલિકા દ્વારા કરાવવામાં આવી રહ્યું છે. તેમાં સુરતનો હીરા ઉદ્યોગ સક્રિય રીતે સાથ આપી રહ્યો છે. પરંતુ જ્યારે સુરત કોરોના પીક ઉપર હતો ત્યારે મીડિયામાં જવાબદાર ઓફિસરો બોલેલા કે, સુરતમાં ડાયમંડને લીધે કોરોનાના કેસ વધી

ગયા છે અરે એ સમયમાં સુરત શહેરમાં ડાયમંડવાળા માં ફક્ત 20 ટકા જ કોરોનાના કેસ હતા, પણ કહેવત છે ને કે, "હલકું લોહી હવાલદારનું" ડાયમંડ માર્કેટના આવા સમાચાર થોડું વ્યથીત થઈ જવાય છે.

અમે સમજતા હતા કે, આ સમય પણ રહેવા આવ્યો નથી એટ્લે ધીરજ ધારણ કરીને આવી કપરી પરિસ્થિતિમાં પણ અમારી SRK કંપની દ્વારા આગવા પગલાં લીધા છે, જેને અનુલક્ષીને અમોએ અમારા કારીગરોના હિતનું રક્ષણ કરી રહ્યા છીએ. SRK કંપની એક વિશાળ કુટુંબ તરીકે અસ્તિત્વ ધરાવે છે. અને તેથી જ અમારા કુટુંબીજનો એવા કારીગરોની સુરક્ષા અને સલામતીની જવાબદારી અમો સ્વીકારી છે, સંપૂર્ણ લોકડાઉન દરમિયાન અમારી SRK કંપની દ્વારા એકપણ ફેમિલી મેમ્બરને નોકરીમાંથી છુટો કરવામાં આવેલ નથી. અને આ મહિનાઓમાં પ્રોડક્શન બંધ હોવા છતાંય યોગ્ય પગાર કારીગરોને ચૂકવવામાં આવેલ છે. અને આજે મહાનગરપાલિકાની ગાઈડલાઈન અનુસાર SRK કંપની કાર્યરત છે.

કોરોનાને કારણે હીરાઉદ્યોગ ભીંસમાં આવી ગયો છે, તૈયાર હીરા સૌથી વધારે ખરીદનાર અમેરિકા છે ત્યાં પણ કોરોના તથા આંતરવિગ્રહને કારણે વેપાર ધંધા ઠંડા છે. આજે હીરાને ફરી બેઠો કરવા માટે ચુસ્તપણે કોવિડની ગાઈડલાઈનનો અમલ અંત્યંત જરુરી છે. સમગ્ર સુરતમાં સોશિયલ ડીસ્ટન્સ અને માસ્કના નિયમોનું પાલન એકદમ મહત્વનું છે. ઉદ્યોગમાં અને અન્યત્ર પણ જો આ નિયમોનું પાલન ન થાય તો કોરોના સંક્રમણ વધી જાય તેવી શક્યતા નકારી શકાતી નથી.

સુરત હીરાને લઈને જાણીતું છે. સુરતમાં તૈયાર થયેલ હીરા ચીન, હોંગકોંગ અને અમેરિકાથી વિશ્વમાં વિસ્તરે છે. હીરાઉદ્યોગની ગાડી કોરોનાવાયરસને લઈને ફરી પાટા પરથી ઉતારી રહી છે. રફ ડાયમંડ અને ત્યારબાદ પોલીશ્ડ ડાયમંડનો સમગ્ર વેપાર વિદેશોથી જ થતો હોય છે, પણ વિશ્વમાં ચીનથી ફેલાયેલા કોરોનાવાયરસને કારણે આર્થિક રફતાર ધીમી પડવાથી હીરાઉદ્યોગની ચમક પણ ઝાંખી પડી હતી પરંતુ ડિસેમ્બર, જાન્યુઆરી સુધીમાં સુધારી જવાની શક્યતા રહેલી છે.

અત્યારે સુરતના હીરાઉદ્યોગ માટે એક સારા સમાચાર એ છે કે, હાલ જ અમેરિકાની સરકાર દ્વારા લેવાયેલા નિર્ણયોને લીધે ચાઈનાથી આયાત થતા ડાયમંડ અને ડાયમંડ જ્વેલરી ઉપર 7.50% ડ્યૂટી લાદવાને કારણે આવનાર દિવસોમાં ભારતના હીરાઉદ્યોગને સીધો ફાયદો થશે. ઉપરાંત સુરત શહેર હીરાઉદ્યોગ સાથે સંકળાયેલા હોવાથી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધવાની પણ આવશ્યકતા રહેલી છે. જેને કારણે સુરતના હીરાઉદ્યોગમાં ખુશાલીનો માહોલ જોવા મળશે. સાથોસાથ કોરોના કાળમાં ડાયમંડ બિઝનેસ સરળતા એ મળી કે, જે અત્યાર સુધી ડાયમંડ રફ ટેન્ડર દુબઈ, એન્ટવર્પમાં થાય છે, ત્યાં અત્યારે

જય શકાતું નથી તેથી અમુક ડાયમંડ કંપનીઓએ તે રફ ટેન્ડરો સુરતમાં આવીને અવધ ઉટોપીયામાં કરે છે, જેનાથી સુરત ડાયમંડ બિઝનેસને ઘેર બેઠા ગંગા જેવો ફાયદો મળી રહ્યો છે, અને હવે ખજોડમાં SDB થશે એટલે આ વ્યવસ્થા ઓટોમેટિક ગોઠવાઈ જશે. જેને કારણે સુરતમાં મોનોપોલી દબદબો રહેશે. સરકારે વિદેશી કંપનીઓને રફ હીરા ભારતમાં ટેન્ડર(લીલામ) દ્વારા વેચવાની છૂટ આપી હોવાથી આયાતકારો અને તેમને જોઈતો માલ ખરીદી શકાશે. હવે હીરાઉદ્યોગકારોએ રફ ખરીદવા માટે એન્ટવર્પ કે દુબઈ જવું નહીં પડે, તેમને ઘરબેઠા રફ હીરા મળશે. નાના ઉત્પાદકોથી લઈને મોટા ઉત્પાદકોને એકસરખા ભાવે રફ હીરા મળશે. સરકારે પણ ઉત્પાદકોને સીધો લાભ મળે તેના માટે ખાણ કંપનીઓને મંજૂરી આપી હોવાથી દુબઈ અને એન્ટવર્પનો ભારતના વેપારને મોટી અસર થશે એમ માનવામાં આવે છે. મને ખાતરી છે કે, હીરા ઉદ્યોગ વધુ ઊજળો બની ભવિષ્યમાં નિખરશે.

આ સમગ્ર ચિતારને ધ્યાનમાં રાખીને આ મંદીની માઠી અસર બને તેટલી ઓછી થાય તે જોવાનું કામ રત્ન કલાકારો અને કારખાનાદારોનું સહિયારું છે. “show મસ્ટ ગો ઓન” આ વિકટ દિવસો પણ જવાના જ છે.. આપણા રોજિંદા વ્યવહારોમાં “ ન્યુ નોર્મલ” સાથે સોશિયલ ડિસ્ટન્સ અને માસ્ક અનિવાર્ય છે. જાહેર સમારંભ, મેળાઓ-મેળાવડાઓ અને અન્ય ધાર્મિક, સામાજિક પ્રસંગો ઉપર આપણે લગામ રાખવી પડશે. કોવિડ 19 ને નાથવા માટે સુરતના સર્વ નાગરિકો, ઉદ્યોગકારો સામાજિક સંસ્થાઓ, બિનસરકારી સંગઠનો અને સ્થાનિક સરકારે યોગ્ય નિયમોનું પાલન કરવાની પ્રતિબદ્ધતા દાખવી પડશે.

SRK કંપની સુરત મહાનગરપાલિકા દ્વારા અંતર્ગત હીરાઉદ્યોગને ચાલુ રાખવા અંગેની માર્ગદર્શિકાનું પાલન કરવા કટિબદ્ધ છે. તે અનુસાર વ્યવસ્થાના સ્થળ, કામગીરીની પદ્ધતિઓના નિયમોનું પાલન કરી રહેલ છે. આ લેખ મારફતે સુરતની સમગ્ર જનતાને મારી અપીલ છે કે, સૌ મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલા માર્ગદર્શિકાનું પાલન કરીએ અને અન્ય અન્ય લોકો પાસે પણ પાલન કરાવીએ. વિક્રમ સવંત 2076 નિમિતે દિવાળી અને ન્યુ યર સુરતના હીરા ઉદ્યોગ માટે આશાના કીરણ સમું પુરવાર થશે. અને હીરા વ્યવસાય પુનઃવ્રત શરૂ થઈ જશે. ઈશ્વરની કોઇ નક્કર યોજના જ આ મહામારી માટે કારણભૂત છે અને તે જ આપણને તેમાંથી બહાર આવવાનો રસ્તો સુઝાડશે તેવા વિશ્વાસ સાથે મારી વાત પૂર્ણ કરું છું.

જય રામજી કી..

ગોવિંદ ધોળકિયા

સ્થાપક અને અધ્યક્ષ, શ્રી રામકૃષ્ણ એક્સપોર્ટ પ્રા. લિ. – સુરત

# The city of Surat misses you Dr. Dilip Modi

## Hilluwala family

**The Pandemic has left a mark on each of us, every morning the paper tells us horror tales of lives lost, families in turmoil.**

**At first it seemed to be happening far off from us, we were able to maintain a distance from the "news". However, gradually, the circle began to shrink...we began to get firsthand information from our near and dear ones. One such dear, dear friend, philosopher and guide was our most respected Dr. Dilip Modi.**

**One of the dedicated doctors of our beloved city, set forth each day, to face the challenges of the Pandemic, with his face beaming with that endearing smile. His words filling his patients' hearts with joy and happiness. As the days passed, his resolve to continue to serve the ill became even stronger, with no fear for his own safety, he put his duty first.**

**Today, many of his patients, who were cured of this deadly virus, due to his precise diagnosis and dedicated care, are lucky to continue to prosper with their friends and family.**

**Unfortunately, in the line of duty, his own family and friends lost, a loving husband and father, a fabulous doctor, a compassionate author and a joyful, wonderful human being!!**

**The city of Surat, misses you, Dr. Dilip Modi and remains forever indebted to you, for your love and care.**

**Hilluwala Family – Surat - 9227959477**

# લોકડાઉન .......એક અનુભવ વગરના અનુભવો

## જગદીશ ઈટાલીયા

૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૦ એક સરસ મજાની ગુજરાતી મૂવી નો પ્રીમિયર શૉ રાખ્યો હતો. સમય ઓછો અને કામ વધારે હતું. બપોર ના સમયે ટિકિટ નો ચાર્ટ અને મેહમાનો નું લિસ્ટ લઇ ને તો બેઠો, પરંતુ કોને કેહવું અને કોને ના કેહવું એ મથામણ ચાલતી હતી. ગોઠવાઈ તો ગયું પણ સમય અને મૂવી ના કલાકારો બંને નજીક આવી રહ્યા હતા. મારી પોતાની ટીમ સાથે મલ્ટિપ્લેક્સ પર પહોંચ્યો. શું સમય અને માહોલ હતો, જેને જુઓ એ સેલ્ફી લેવામાં મશગૂલ હતા. મનમાં એટલો ઉત્સાહ હતો, પણ કોને ખબર આ ઉત્સાહ ને (બધા ના ઉત્સાહ ને ) એક એવી નજર જોઈ રહી છે, જેની કોઈ ને કલ્પના પણ નહિ હતી.

કોરોના ..... આમ તો ૩૦ જાન્યુઆરીએ ભારતમાં પેહલો કેસ સામે આવ્યો હતો, પણ એની ગંભીરતા સમય જતા વર્તાઈ ૨૨ માર્ચ ના દિવસે માનનીય પ્રધાન મંત્રી શ્રી ના આદેશ અનુસાર જનતા કર્ફ્યુ નું એલાન કરવામાં આવ્યું, ત્યારે લાગ્યું કે આવનાર સમય હજી કપરો બનશે , અને એવું જ બન્યું  ૨ દિવસ બાદ આખા ભારત માં **lockdown** કરી દેવામાં આવ્યું, **lockdown** ....તાળાબંધી ....આમ તો આટલા વર્ષો માં સ્કૂલ માં ઘણી પરીક્ષાઓ જોઈ અને આપી પણ છે પણ આ પરીક્ષા ફક્ત મારા માટે જ નહિ, પરંતુ માનવ જાતિ માટે સૌથી અઘરી પરીક્ષા સાબિત થવાની હતી. શરૂઆતના દિવસો તો નીકળી ગયા. ટીવી, **OTT** પર નવી જૂની વેબ સિરીઝ , ન્યૂ રેસીપી અને હા સ્પેશ્યલી કાળો એતો જાણે નેશનલ ડ્રિન્ક બની ગયું હતું, પરંતુ જેમ દરેક પરીક્ષામાં થોડા અઘરા સવાલ આવે એમ અઘરો સમય હવે શરુ થયો (**actually lockdown** નું તો આખું પેપર જ અઘરું હતું.) મારા પરિવારની સાથે મારો બીજો પરિવાર મારી સ્કૂલ **SBV** ની ચિંતા રોજ સતાવી રહી હતી. રોજ નવા સવાલો પણ જવાબ........ઇન્ટરનેટ પરથી વિડિઓ એપ દ્વારા બધાને મળ્યો. આ સમયમાં રૂટિન નામની વસ્તુ રહી જ ન હતી, તે છતાં પણ મારા રૂટિનને પકડી રાખ્યું સાયકલિંગ અને સિંગિંગ.

સ્વજનના પ્રોગ્રામ દ્વારા અનેક કલાકારો ને મળાતું પણ **lockdown** માં એ દરેક સ્વજન જાણે અલગ-અલગ દેશમાં રહેતા હોઈ એવું લાગ્યું. ગ્રુપ સોન્ગ પણ સોલો સોન્ગ જેવું લાગવા લાગ્યું , કોઈને પણ મળવાનો ડર લાગતો જાણે કે આપણે આપણી વિરુદ્ધ થઇ ગયા હોઈ એમ લાગવા લાગ્યું. પરંતુ એક વસ્તુ સારી થઇ આ સમયએ મને પરિવારની ખુબ નજીક લાવી દીધો. જે પેહલા ફક્ત ૮

કે ૧૦ કલાક નો સમય વિતાવનાર ને હવે ૨૪ કલાક પરિવાર સાથે રહેવા મળ્યું એને માટે કોને થેંન્ક્સ કેહવું.

મારુ સુરત જે હંમેશા ટ્રાફિક, ખાવાની લારીઓ અને સેલિબ્રશન થી મસ્ત રહેતું હતું, તે આજે જાણે કોઈ ટીચર એ પનિશમેન્ટ આપી હોઈ એમ ચૂપ ચાપ બેઠું હતું. ક્યારેય નહોતું વિચાર્યું કે, હું સુરત ને આટલું બધું મિસ કરીશ. એ પછી સ્ટ્રીટ ફૂડ હોઈ કે ચાર રસ્તા નો ટ્રાફિક કે પછી રસ્તા પર બેસી ને ખાવાની લિજ્જત માણવાની હોઈ. હવે બસ નથી રહેવાતું, આવું ઘણી વાર થતું. પરંતુ આ **lockdown** મારા ને અને મારા પરિવાર અને મારા સુરત, ગુજરાત અને ભારત માટે ખુબ અગત્યનું હતું ઉત્સાહ વધારવા થાળીઓ વગાડી, અંધકારમાં ઓજસ પાથરવા દિવા પણ કર્યા પણ કોરોના તો જાણે જીદ પકડી ને બેઠો હોઈ એમ દિવસે ને દિવસે વધતો ગયો. ના જાણ્યું જાનકી નાથે કાલે શું થવાનું છે, એમ કેટલાય લોકો આ મહામારીમાં હોમાઈ ગયા. પરંતુ સમય એક સરખો રહેતો નથી. વર્તમાન ને ભૂતકાળ બનતા વાર નથી લાગતી. ગાડી ને પાટા પર તો આવી છે પરંતુ દોડતા વાર લાગશે ભલે વાર લાગતી પણ **Now this is new normal.**

જગદીશ ઈંટાલીયા – સુરત - મો. નં.:- ૯૭૨૫૮ ૫૦૦૦૦

# આવો કપરો સમય લોકોએ ક્યારેય જોયો ન હતો

## જસમતભાઈ એન. વિડિયા

કોરોના વાયરસનો પહેલો કેસ ચીનના વુહાન શહેરમાં તા.:-૧૭/૧૧/૨૦૧૯માં જોવા મળ્યો હતો. તેથી તેને **Covid-19** કહેવામા આવે છે.

ચીન પછી કોરોના યુરોપના દેશોમાં અને યુરોપથી અમેરિકામાં જોવા મળેલ. ત્યારબાદ ધીમે-ધીમે દુનિયાના મોટા ભાગના દેશોમાં કોરોના વાયરસનો ફેલાવો થયો.

કોરોના વાયરસ માટે ઘણા મત-મતાંતર છે કે, આ વાયરસ કુદરતી છે કે, કૃત્રિમ (લેબોરેટરીમાં બનાવેલ) છે. જે હજુ આજ્દીન સુધી નકકી થયી શક્યું નથી.

આ વાયરસ કંઈક જુદા જ પ્રકારનો છે દુનિયાએ દરેક ક્ષેત્રે ખૂબ પ્રગતિ કરી, એડવાંસ ટેક્નોલોજી વિકસાવી, પરંતુ હજુ સુધી કોરોના વાયરસની કોઇ દવા શોધી શકયા નથી. ડોક્ટરો માટે કોરોના વાયરસ નવો છે. જેથી કોરોના ના કારણે શરીરમાં થતી અસરો અને તેનો ઈલાજ કરવો ખૂબ જ મુશ્કેલ ભર્યું છે. કોરોના વાયરસથી અસરગ્રસ્ત દર્દીઓમાં તાવ, શર્દી, ઉધરસ કે શરીરમાં થતો દુખાવો, સ્વાદ કે ગંધ ન આવવી વિગેરે જેવા લક્ષણો જોવા મળે છે. કોરોના વાયરસ વખતો-વખત તેનું રૂપ બદલતો હોય તેવું લાગે છે. થોડા-થોડા સમયે નવા દર્દીઓમાં કંઈક જુદા જ લક્ષણો જોવા મળે છે. ત્યારે ડોક્ટરો ને પણ સમજણ પડતી નથી. તેથી ડોકટરો પણ દર્દી ઉપર પ્રયોગ કરતાં હોય તેવું લાગ્યા કરે છે.

આપણા દેશની વાત કરીએ તો કોરોના વાયરસનો પ્રવેશ આપણા દેશમાં તા.:-૩૦/૦૧/૨૦૨૦માં કેરાલાના થ્રીસુર  શહેરની એક મહિલા કે જે વુહાન સીટીમાં મેડિકલમાં અભ્યાસ કરતી હતી, તે ભારત આવી ત્યારે બીમાર પડી અને તપાસ કરતાં એને કોરોના હોવાનું માલુમ પડ્યું. ત્યારબાદ કોરોનાના ભયને કારણે વિદેશથી લોકો ભારત પરત આવવા લાગ્યા. વિદેશથી આવતાં અમુક મુસાફરોમાં કોરોના વાયરસના ચેપની અસર હોવાના કારણે આપણા દેશમાં પણ કોરોના વાયરસના કેસ જોવા મળ્યા અને સમય જતાં સતત કેસોમાં વધારો થતો ગયો.

આપણા દેશમાં શરુઆતમાં કોરોના વાયરસની દવા  વિશેનું ડોક્ટરોને કોઈ જ્ઞાન ન હતુ. તેની સાવચેતી કઈ રીતે રાખવી, તેની સમજણ ન હતી. વિદેશમાં કોરોના વાયરસના સમાચાર ટી.વી.માં

જોતાં ત્યારે તેની ગંભીરતાનો ખ્યાલ આવતો. કોરોનાના વાયરસની મહામારીનો ફેલાવો ઝડપથી અટકે તે હેતુથી આપણા દેશમાં તા.:-૨૪/03/૨૦૨૦ના રોજ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૧ દિવસનું લોક ડાઉન જાહેર કર્યું. ત્યારબાદ લોક ડાઉનમાં વધારો કરી લોક ડાઉન- ૧, ૨, ૩ એવું નામ આપ્યું. કુલ ૯૮ દિવસનું લોક ડાઉન રહયું. લોક ડાઉન શબ્દ બધા માટે નવો હતો.

દુનિયાના ઘણા દેશોએ ખૂબ પ્રગતિ કરી છે. ખૂબ ટેક્નોલૉજી વિકસાવી છે. મેડિકલ ક્ષેત્રે ખૂબ આગળ છે. પરંતુ કોરોના વાયરસે બધાની પોલ ખોલી નાંખી. વિશ્વનો કોઈ પણ દેશ કોરોના વાયરસની સામે અડીખમ ઊભો રહી શક્યો નહીં અને વિશ્વના મોટા ભાગના દેશોમાં લોક ડાઉન જાહેર થતાં જાણે કે, આખું વિશ્વ થંભી ગયું. આવી કલ્પના કયારે પણ કોઈએ કરી નહી હોય ! દરેક લોકડાઉન વાળા દેશોનું અર્થતંત્ર ખોરવાઈ ગયું. લોક ડાઉનમાં બધા પરિવાર સાથે ઘેર રહી, સમય પસાર કરવા લાગ્યા. શરૂઆતના દિવસોમાં ઘરે રહેવું ખૂબ કઠિન લાગતું. પરંતુ ધીમે-ધીમે બધા ટેવાઈ ગયા. બધા જ ઘરે હતા. તેથી મોટા ભાગના લોકો એવું વિચારતા કે, "સૌનું થશે તે, આપણું થશે. બહુ ચિંતા કરવી નહીં." આ રીતે બધા મન મનાવી લેતા.

આપણા દેશમાં તાત્કાલિક લોક ડાઉન જાહેર કરવાથી લોકોને બહારગામ જવા-આવવા માટેનો સમય રહ્યો નહિ. જેથી ઘણા લોકો મુશ્કેલીમાં મુકાઈ ગયા અને મજૂર વર્ગના લોકોને ખૂબ જ હેરાનગતિ ભોગવવી પડી. સરકારે તેમજ સેવાભાવી સંસ્થાઓએ શ્રમિકો માટે રહેવા તેમજ જમવાની શક્ય હોય તેટલી સગવડતા ઊભી કરી. પરંતુ લોક ડાઉનનો સમય લંબાઈ જતાં પોતાના પરિવારથી અલગ રહેતો કોઇપણ માણસ અકળામણ અનુભવે તે સ્વાભાવિક જ છે. શ્રમિકો જે રોકાઈ ગયા હતા. તેમની ધીરજ ખૂટતી જતી હતી અને ધીમે-ધીમે શ્રમિકો ભેગા થઈ મોટો હોબાળો કરવા લાગ્યા. લોકો પોતાના વતન જવા માટે જે કંઈ વાહન મળે તે વાહન લઈ પોતાના વતનની વાટ પકડી; છેલ્લે કોઈ વાહન ની વ્યવસ્થા ન મળતાં ઘણા શ્રમિકો પગપાળા પોતના વતન જવા નીકળી પડ્યા. આપણી કલ્પનામાં ન આવે તે રીતે લોકો ટુ વ્હીલ લઈને કે પગપાળા ૧૦૦૦ થી ૧૨૦૦ કી.મી.નું અંતર કાપી શ્રમિકો પોતાના વતન પહોંચ્યા હોય તેવા દાખલા પણ છે. શરૂઆતમાં આપણા દેશમાં કોરોના વાયરસ ને કારણે બીમાર પડેલ વ્યક્તિની જાણ સરકારને થાય તો તે દર્દીને લેવા પી.પી.ટી. કીટ પહેરી ડોકટોરોની ટીમ એમ્બ્યુલન્સ સાથે આવે અને સાથે પોલિસનો બંદોબસ્ત હોય ત્યારે એવું લાગતું કે, જાણે કોઈ આતંકવાદી ને પકડવા આવ્યા હોય તેવું લાગતું. કોઈપણ શહેરમાં કોરોનાગ્રસ્ત દર્દી માલૂમ પડે તો આખા શહેરની અને સાથે-સાથે રાજયની પણ નોંધ લેવાતી.

લોક ડાઉનની શરૂઆતમાં લોકો દિવસે ઘરે રહેવા ટેવાયેલા ન હોવાથી અકળામણ અનુભવતા, પરંતુ ધીમે-ધીમે માનસિક રીતે તૈયાર થતાં ગયા. કોમ્પુટરનો જમાનો હોવાથી લોકો અધતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી ઘરે રહી "વર્ક ફ્રોમ હોમ"થી કામ કરવા લાગ્યા; લોક ડાઉનથી લગ્ન પ્રસંગ, પાર્ટી કે અન્ય તહેવારો-ફંકશનમાં બહાર જવાનું કે હરવા-ફરવાનું, મનોરંજન માટેના થીયટેરોમાં  જવાનું, બહાર જમવા માટે હોટેલમાં જવાનું, કે  નાની-મોટી જરૂરિયાત માટે મોલમાંથી ખરીદી બધુ  બંધ થઈ ગયું. બહાર રોડ ઉપર વાહનોના અવાજ સંભળાતા બંધ થઈ ગયા. વાહનોનો ધુમાડો ન હોવાથી વાતાવરણ સ્વચછ  બની ગયું. નદીઓના પાણી ચોખ્ખા થઈ ગયા, પક્ષીઓના અવાજ સંભળાવવા લાગ્યા, જંગલના પશુઓ શહેરના રોડ ઉપર હરતા-ફરતા જોવા મળે, તેવું અવાર-નવાર સમાચારમાં આવતું. હોટલમાં જવાનું બંધ થતાં ઘરમાં દરેક વસ્તુ જેવી કે, પનીર, ચીઝ, બનાવી પીઝા, પાસ્તા, મેક્સીકન, ચાઇનિઝ, લેબેનિઝ વિગેરે અલગ-અલગ વાનગીઓ ઘરે બનાવવા લાગ્યા. બહેનો સાથે ભાઈઓ પણ રસોઈ બનાવતા શીખી ગયા. પૂરા પરિવાર સાથે કુલ્લ ટાઈમ ઘરે રહી કંઈક નવો જ અનુભવ કર્યો. લોકડાઉનમાં ઘરે રહી બહુ જ ઓછી જરૂરિયાતથી જીવન જીવતા શીખી ગયા. મોંઘી લકઝરી ફોર વ્હીલ ઘરમાં બંધ પડી રહી. મહિનાનો ખર્ચ અડધા કરતાં પણ ઓછો થઈ ગયો. પોતાનું કામ પોતે કરવું પડતું. માળી, ડ્રાઇવર, કામવાળા કે સફાઈવાળા  ઘરે આવતા બંધ થઈ ગયા, ગાંધીજીના વિચારો મુજબ પોતાનું કામ પોતેજ કરવા લાગ્યા, કોઈ કામ કરવામાં નાનપ અનુભવતા ન હતા; હેર કટિંગ પણ જાતે કરતાં થઈ ગયા. આમ આત્મનિર્ભર બનવા લાગ્યા.

કોરોના વાયરસની મહામારી વિષે જાગરૂતત્તા લાવવા સરકારે મોબાઈલમાં કોરોનાની કોલર ટ્યુન કરી, મોટા-મોટા હોર્ડીંગ લગાવ્યા, સમાચાર પત્રો, ટી.વી. સોશિયલ મીડિયા વિગેરે અનેક રીતે જાહેરાતો કરી, લોકોમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કર્યા છે. સરકારે પણ કોરોનાથી બચવા માટેના ઘણા અસરકારક પગલાં લીધા છે.

કોરોનામાં વારંવાર હેંડવાશ કરો, સેનિટાઈજર નો ઉપયોગ કરો, દો ગજ્જ કી દૂરી રાખો, સોશિયલ ડિસ્ટન્સ જાળવો, માસ્ક પહેરીને બહાર નીકળો, કામ વગર બહાર  જવાનું ટાળો, વધારે ભીડવાળી જગ્યા કે ટોળામાં ન જાવ, ટેમ્પ્રેચર માપવા માટે ટેમ્પ્રેચર ગનનો  ઉપયોગ કરો, ઓકસીમિટરથી ઑક્સીજન માપો, ઇમ્યુનિટી વધારવા દરરોજ આયુર્વેદિક ઉકાળો પીવો, લીંબુ, આદું, સંતરાનો ઉપયોગ વધારે કરો, દરરોજ નાસ લો, ગરમ પાણી પીવો, જેવા અનેક ઉપાયો સરકારે બતાવી લોકોને જાગૃત કર્યા છે.

કોરોના વાયરસની મહામારીને કારણે આપણા દેશમાં લોક ડાઉન ત્રણ મહિના કરતાં વધારે રહેતા સામાન્ય માણસને જીવન નિર્વાહ કરવાનો મોટો પ્રશ્ન ઊભો થયો. દૈનિકની કમાણી ઉપર જીવતા લોકોને જીવવું ખૂબ મુશ્કેલ બની ગયું. ધંધાવાળાની વાત કરીએ તો મોટા ધંધાવાળાને મોટી તકલીફ અને નાના ધંધાવાળાને  નાની તકલીફ; કોઈ ને કાંઈપણ સમજાય નહિ. બસ બધાના મોઢે એક જ વાત, ૨૦૨૦ના વર્ષમાં આપણે ટકી રહેવાનુ છે એટલે કે, જીવતા રહીએ તો બહુ થયું. લોક ડાઉન થી નેશનલ-ઇન્ટરનેશનલ ફ્લાઈટો બંધ થઈ ગઈ. દેશમાં ટ્રેન-બસ વ્યવહાર બંધ થઈ ગયો. સ્કૂલ, કોલેજ, યુનિવર્સીટીઓ બંધ થઈ ગઈ, ટુર–ટ્રાવેલ્સવાળા, મંડપ-કેટરર્સવાળા, સિનેમા-મોલવાળા,, હોટેલવાળા જેવા અનેક ધંધાવાળા તેમજ વિદેશથી ઇમ્પોર્ટ થતો માલ બંધ થઈ ગયો. જેથી અનેક ધંધાને મોટી અસર થઈ આ બધા કારણોસર દેશમાં ઘણા  લોકો બેકાર થઈ ગયા. નોકરિયાતોને પગાર મળતા અટકી ગયા; નાના-નાના ધંધાવાળા  અટવાઈ ગયા. મજૂરોની મજૂરી મળતી બંધ થઈ. જેથી દેશમાં આર્થિક રીતે મોટી કટોકટી ઉભી  થઈ. બજારમાં રૂપિયો ફરતો બંધ થઈ ગયો, જેથી દેશનો જી.ડી.પી. સાવ તળિયે બેસી ગયો. આ રીતનો કપરો સમય લોકોએ ક્યારેય જોયો ન હતો; દરેકને જીવવું મુશ્કેલ બની ગયું હતું. લોકો ભગવાનને પ્રાર્થના કરવા લાગ્યા કે, આવા કપરા સમયમાંથી અમોને જલ્દી બહાર કાઢો.

દરેક ધંધાના અસોશિએશને સરકારને વારંવાર રાહત મેળવવા રજૂઆતો કરી, પરંતુ જયાં આભ ફાટે ત્યાં થીગડુ મારે શું કામનું, એ મુજબ સરકારે અનેક યોજનાની જાહેરાતો કરી. પરંતુ રાહત લોકો સુધી સીધી રીતે પહોંચતી નથી જેથી  ગાડી પાટા ઉપરથી ઉતરી ગઈ છે તે ફરી પાટે ચડાવવા સરકાર પ્રયત્નો કરે છે. પરંતુ ખબર નહિ ગાડી કયારે પાટા ઉપર ચડશે.

આપણે સૌ પરમ કૃપાળુ પરમેશ્વરને પ્રાર્થના કરીએ કે, પ્રભુ અમારી ઉપર આવી પડેલ ભયંકર આપતીરૂપી  કોરોના વાયરસની મહામારી તેમજ દેશમાં ઊભી થયેલી આર્થિક કટોકટીમાંથી વહેલી તકે બહાર લાવી, બધાના ધંધા રોજગાર ફરી ધમધમતા થાય.

સૌનું કલ્યાણ થાય, સૌનું મંગળ થાય, તેવી શુભકામના સાથે મારા કોરોના વાયરસની મહામારી વિશેના વિચારોને સમાપ્ત કરૂ છુ.

જસમતભાઈ એન. વિડિયા

સુરત - મો.નં. ૯૮૨૫૮ ૨૦૦૦૦

# કોરોનાકાળ ઘણાને માટે 'Blessing in Disguise' સાબિત થયો છે, હું એમાંનો એક છું!

### જ્વલંત નાયક

જ્યારે આપદા આખા સમાજ પર આવી હોય, ત્યારે એ જ સમાજમાં રહેનારો કોઈ એક વ્યક્તિ ખુશ રહી શકે નહિ! અહીં તો વાત આખા વિશ્વને ભરડામાં લેનાર પેન્ડેમિકની છે. એટલે સ્વાભાવિક છે કે શીર્ષકમાં વાપરેલ **Blessing in Disguise** શબ્દ પ્રયોગ ઘણાને કઠે. પણ અહીં સામુહિક સંદર્ભે નહિ, પણ એકદમ વ્યક્તિગત સંદર્ભે આ પ્રયોગ વપરાયો છે.

જીવનમાં ઘણી વાર એવા સંજોગો ઉભા થાય, જ્યારે અચ્છા અચ્છા લાચાર થઇ જાય. આ એવો જ સમય છે. વિશ્વમાં લાખો લોકો પીડા ભોગવી રહ્યા છે. રોજ હજારો લોકો મરી રહ્યા છે. લાચારી એવી છે કે ભીતરે ગમે એવી દાઝ હોવા છતાં આપણે ઘરમાં બેસવા સિવાય ભાગ્યે જ કશું વિષેશ કરી શકીએ એમ છીએ. અને માટે જ આ સમય અંગત વિકાસ માટે શ્રેષ્ઠ સાબિત થઇ શકે એમ છે. ખાસ કરીને લોકડાઉન દરમિયાન મળેલી ફુરસદમાં જે લોકો પોતાના વ્યક્તિત્વમાં કશુંક નવું - કશુંક ક્રિએટીવ તત્વ ઉમેરી શક્યા, એ તમામ માટે **'Blessing in Disguise** - કમનસીબીના કવરમાં લપેટાઈને મળેલા છુપા આશિર્વાદ' જેવો શબ્દપ્રયોગ વાપરી શકાય.

એપ્રિલ મહિનો તો મોટે ભાગે કિંકર્તવ્યમૂઢતામાં જ વીત્યો. પણ મે મહિનાની શરૂઆત સાથે જ મનમાં એક વિચાર ઝબક્યો, કે ચાલો એક સરસ મજાનું ન્યૂઝ પોર્ટલ શરુ કરીએ. હકીકતે ઘણા સમયથી હું એક પ્લેટફોર્મની શોધમાં હતો. એક એવું પ્લેટફોર્મ જ્યાં વાસ્તવિકતા પણ હોય અને ક્રિએટીવ ફ્રિડમ પણ હોય. મૂળ વાત એ કે આપણા જીવને લખવા-વાંચવા સિવાયનું બીજું કશું બહુ આવડતું-ફાવતું નથી. એટલે જે કંઈ કરીએ એ લખવા સંબંધી હોય તો સારું, એવો ખ્યાલ મનમાં હતો. હા, મનના છાને ખૂણે પત્રકારત્વનો કીડો વર્ષોથી એક્ટિવ ખરો, પણ બ્રેડ-બટરની ચિંતામાં એ કીડાને બહુ પોષેલો નહિ. લોકડાઉનમાં આ કીડો બરાબર સળવળ્યો. લખવા-વાંચવા સાથે પત્રકારત્વને લાગતું કોઈક પોર્ટલ બનાવીએ તો કેમ, એવો વિચાર એક દિવસ ઝબકી ગયો. બસ, પછી તો મંડી પડ્યા, અને થોડા જ દિવસોમાં **SidhiKhabar.com** નું ન્યૂઝ પોર્ટલ તૈયાર થઇ ગયું. ચાર-પાંચ મિત્રોનો બહુ સારો ટેકનિકલ સપોર્ટ મળ્યો. પછી તો જૂન... જુલાઈ... ઓગસ્ટ એક પછી એક મહિનાઓ પસાર થતા ગયા અને ન્યૂઝ પોર્ટલ જામતું ગયું. નવા નવા લોકો આવીને જોડાયા અને ટીમ વિસ્તૃત થતી ગઈ, સરસ

થતી ગઈ. નવાઈ લાગે એવી બાબત એ છે કે આજની તારીખે ય ૯૦% જેટલા ટીમ મેમ્બર્સ સાથે સદેહે મુલાકાત નથી થઇ, પણ અમારું પોર્ટલ બરાબર ધમધમે છે!

જેમ જેમ દિવસો પસાર થતા જાય છે, તેમ તેમ નવી દિશાઓ ખૂલી રહી છે. પત્રકારત્વમાં પહેલા હતો, એના કરતાં અનેકગણો રસ હવે પડવા માંડયો છે. રોજ અમે કશુંક નવું શીખીએ છીએ, એકબીજા સાથે શેર કરીએ છીએ અને આગળ વધીએ છીએ. જો લોકડાઉનનો સંયોગ ન થયો હોત, તો કદાચ પત્રકારત્વનો એ કીડો મરી પરવાર્યો હોત. પણ સદનસીબે એવું ન થયું. અને હવે તો એમાં જ ઉજ્જવળ ભવિષ્ય દેખાઈ રહ્યું છે.

અંતે એક વાત ફરી વખત... કે અત્યારે એવા સંજોગો છે જ્યારે આસપાસના લોકો બીમારીમાં સપડાઈ રહ્યા છે, સ્વજનોથી માંડીને પ્રતિષ્ઠિત મહાજનો સુધીના લોકોના મૃત્યુના સમાચારો આવતા રહે છે. ભવિષ્યમાં આ પરિસ્થિતિ સુધરશે કે હજી બગડશે એ અત્યારે ભાખી શકાય એમ નથી. આ સમયે કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનું ચુસ્ત પાલન કરવા ઉપરાંત આપણે અંગત ધોરણે કશુંક ક્રિએટીવ કરી શકીશું, તો મુસીબતનો આ સમય પણ ફળદાયક નીવડી શકશે.

**જ્વલંત નાયક**

**લેખક-પત્રકાર – સુરત - મોબાઈલ: 9825648420**

# આજનાં સંદર્ભમાં : કોવીડ-19 અને ક્લાયમેટ ચેંજ

## કમલેશ યાજ્ઞિક

આજે વિશ્વમાં ફેલાયેલી કોરોના વાયરસની મહામારીને કારણે પ્રત્યેક દેશમાં સામાજીક અને આર્થિક ક્ષેત્રે અવ્યવસ્થા સર્જાઈ છે. આપણાં ભારત દેશમાં ફાટ-ફાટ વધતી વસ્તીનાં પ્રમાણમાં અન્ય વિકસીત દેશોની સરખામણીએ આંશિક રીતે કોવીડ-19ની અસર ખાળી શકાઈ છે. સુરત શહેરને સંક્રમણથી સુરક્ષિત રાખવા માટે સુરત મહાનગરપાલિકાનાં કમિશ્નરશ્રી, પોલીસ કમિશ્નરશ્રી અને સુરત જીલ્લાનાં કલેક્ટરશ્રી અને તેઓની ટીમ તથા સર્વ સેવાભાવી સંસ્થાઓ દ્વારા કરાયેલ પ્રયાસોને લોકો લાંબા સમય સુધી યાદ રાખશે.

કોવીડ-19 સંક્રમણની સાથે છેલ્લા ત્રણ દશકાથી માનવજાત જે વૈશ્વિક પ્રશ્નની ઠેરઠેર ચર્ચા કરી તેના નિરાકરણ માટે પ્રયત્નશીલ છે તે 'ક્લાયમેટ ચેંજ' અંગે ટુંકમાં છણાવટ કરવાનો મારો અહીં એક પ્રયત્ન છે. કોવીડ-19 અને ક્લાયમેટ ચેંજની સરખામણીમાં ક્લાયમેટ ચેંજની અસર માનવજાત ઉપર વધુ ભયાનક રહેશે તે વાત નિર્વીવાદ છે. વિતેલા એક સૈકામાં સુરત અનેક કુદરતી અને માનવસર્જીત આફતોનો સામનો કરી ગ્રીક દંતકથાઓમાં આવતા ફીનિક્ષ પક્ષીની જેમ ફરી ફરી રાખમાંથી બેઠુ થાય છે.

ક્લાયમેટ ચેંજ એ લાંબા સમયગાળામાં એક ક્ષેત્રનાં તાપમાન અને વરસાદમાં સરેરાશ ફેરફારનું વર્ણન કરે છે. નાસાના વૈજ્ઞાનિકોએ અવલોકન કર્યું છે કે પૃથ્વીની સપાટી સતત હૂંફાળી થતી જાય છે. પૃથ્વીના તાપમાનમા થઇ રહેલા સતત વધારાને ગ્લોબલ વોર્મિંગ કહેવામાં આવે છે. ઔદ્યોગિકરણને પરિણામે મોટાપાયાના ઉદ્યોગો શરૂ થયા, વાહન-વ્યવહારનો વ્યાપ વધ્યો, પેટ્રોલ-ડીઝલ વગેરે ધૂમાડા વાળા બળતણથી પ્રદૂષણમાં સતત વધારો થવા લાગ્યો. સૂર્યની ગરમીને ઓછી કરતા ઓઝોન વાયુના પડમાં ગાબડા પડવાની શરૂઆત થઇ, પરિણામે સૂર્યના કિરણો સીધાં જમીન પર પડવા લાગ્યાં. જેને કારણે દુનિયાનાં તાપમાનમાં સતત વધારો થતો આવ્યો, જેને કારણે ગ્લોબલ વોર્મિંગ થઇ રહ્યું છે. અને ગ્લોબલ વોર્મિંગને કારણે હવામાન અને તાપમાનમાં ધરખમ ફેરફાર થવા લાગ્યો છે.

વિશ્વભરમાં બરફ ઓગળી રહ્યો છે. આમાંનો મોટા ભાગનો પીગળતો બરફ સમુદ્ર-સપાટીમાં વધારો કરવામાં ફાળો આપે છે. વૈશ્વિક સમુદ્રનું સ્તર એક વર્ષમાં 3.2 મિલીમીટર વધી રહ્યું છે અને તાજેતરના વર્ષોમાં તે ઝડપી દરે વૃદ્ધિ થઈ રહી છે. વધતું તાપમાન ખેતી, આરોગ્ય અને વન્યજીવનને અસર કરી રહ્યા છે. તાપમાનમાં ફેરફાર થતાં ઘણાં પક્ષીઓ અને પ્રાણીઓ અન્ય વિસ્તારોમાં સ્થળાંતરિત થયા છે. વિશ્વભરમાં સરેરાશ વરસાદનો વધારો થયો છે. છતાં કેટલાક પ્રદેશોમાં વધુ તીવ્ર દુષ્કાળનો સામનો કરવો પડી રહ્યો છે. તાપી નદીમાં આવતાં પૂરોની સંખ્યામાં વધારો સંભવીત છે. ડુમસનો દરીયો કિનારો ત્યજી શહેરમાં પ્રવેશી શકે તેવી શક્યતા છે. આપણે સૌએ પાછલા દાયકામાં શહેરમાં થતાં ઉષ્ણતામાનનાં ફેરફારની નોંધ લીધી જ છે.

ક્લાયમેટ ચેંજ એ વૈશ્વિક અથવા પ્રાદેશિક ધોરણે સરેરાશ હવામાન પેટર્નમાં થતા લાંબા ગાળાના ફેરફાર છે. હવામાન પરિવર્તન પૃથ્વીના ઇતિહાસમાં ઘણી વખત અને ઘણા કારણોસર થયું છે. વૈશ્વિક તાપમાન અને હવામાનમાં આજે જોવા મળતા પરિવર્તન માનવ પ્રવૃત્તિઓ દ્વારા થાય છે. અને તેઓ ભૂતકાળના કુદરતી વાતાવરણમાં થતા બદલાવ કરતા ખૂબ ઝડપથી થઈ રહ્યા છે.

આજનું હવામાન પરિવર્તન, ગ્રીનહાઉસ વાયુઓ જેવા કે કાર્બન ડાયોક્સાઇડ અને મિથેનના ઉત્સર્જન સાથે જોડાયેલું છે. પૃથ્વીની સપાટીની નજીક સૂર્યની કિરણોમાંથી ગરમીને પકડી રાખવામાં આ વાયુઓ અસરકારક છે, ગ્રીનહાઉસ ગરમીને અંદર રાખે છે. ગ્રીનહાઉસ વાયુઓની અસર વૈશ્વિક તાપમાનમાં વધારો થાય છે. હવામાં ગ્રીનહાઉસ વાયુઓના પ્રમાણમાં નાના ફેરફાર વૈશ્વિક સ્તરે મોટા ફેરફારમાં વધારો કરી શકે છે. This Global Problem Requires Local Solution.

ક્લાયમેટ ચેંજ સંકટનો આ સમય નિવેદનબાજીઓનો નથી, પરંતુ આકરાં અને મોટાં પગલાં ભરવાનો છે. UN નાં એક તાજા અહેવાલમાં આગાહી કરવામાં આવી છે કે જો ધરતીના તાપમાન થઈ રહેલી વૃદ્ધિ 2 ડિગ્રી જેટલી નહીં રોકવામાં આવે તો આ સદીના અંત સુધીમાં દરિયાઈ જળસ્તરમાં 1.1 મિટરનો વધારો થશે. ભારતના વિશાળ દરિયાકાંઠે તેના પર નિર્ભર વસવાટ કરતા અંદાજે 30 કરોડ લોકોનું ભવિષ્ય જોઈએ તો આ ઘણું વિનાશક હોઈ શકે છે. ગુજરાતની 1600 કિ.મી.ની દરીયાઈ પટ્ટીએ રહેતા 2 કરોડ લોકોએ ખતરાનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

ગુજરાત રાજ્યનાં તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તથા હાલનાં ભારતદેશનાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં વર્ષ 2009નાં રોજ આપણા રાજ્યમાં સ્થપાયેલ ક્લાયમેટ ચેંજ ડિપાર્ટમેંટ

મુખ્યમંત્રીની  નિશ્રા હેઠળ તેના હેતુઓને પાર પાડવા સતત કાર્યશીલ છે. દેશમાં પ્રથમવાર ગુજરાત રાજ્યમાં ક્લાયમેટ ચેંજ ડિપાર્ટમેંટ અસ્તિત્વમાં આવેલ હતો અને આજપર્યંત ક્લાયમેંટ ચેંજના કારણો, તેનાથી થનારી અસરો અને તેને નાથવા માટેનાં ઉપાયોની આગોતરી જાણકારી જનસમુદાયને આપી રહેલ છે. આ ક્ષેત્રમાં અસરકારક પોલીસીઓ અને તેના અમલીકરણ દ્વારા સમગ્ર દેશને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ ગુજરાતે  પૂરુ પાડ્યું છે. આપણાં રાજ્યમાં વર્ષ 2014થી Gujarat State Action Plan on Climate Changeનો અમલ તબક્કાવાર થઈ રહ્યો છે.

The United Nations Framework Convention on Climate Change (UNFCCC) દ્વારા આયોજીત આંતરરાષ્ટ્રીય પરીષદમાં વૈશ્વિક સમુદાય સમક્ષ વર્ષ 2015 માં ભારતે પેરીસ અગ્રીમેંટ ઉપર હસ્તાક્ષર કરેલ હતા. આ અંતર્ગત દુનિયાનાં 192 દેશોનાં પ્રતીનીધીઓએ ઘોષણા કરી હતી કે તેઓનો દેશ, કાર્બન ડાયોક્સાઈડ ગેસનાં ઉત્સર્જનને નિયંત્રીત કરી, પૃથ્વીનું હાલનું સામાન્ય ઊષ્ણતામાન ઔદ્યોગિક કાળનાં આરંભમાં રહેલ ઊષ્ણતામાન કરતા વધુમાં વધુ 1.5 ડીગ્રી સેટીગ્રેડ જ વધે તેવા પ્રયત્નો કરશે. આ કરાર હેઠળ આવતા 15 વર્ષોમાં ભારત દેશમાં કાર્બન ડાયોક્સાઈડ ગેસનું (GHG Emission) ઉત્સર્જન વર્ષ 2005નાં આ ગેસનાં ઉત્સર્જનનાં પ્રમાણ કરતા 33 થી 35 ટકાનો ઘટાડો વ્યક્તિદીઠ જીડીપીનાં પ્રમાણમાં કરશે. આ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે જરૂરી છે કે વર્ષ 2030 સુધી દેશનાં કુલ વીજ ઉત્પાદનમાં 40  ટકા  ફાળો ટકાઊ અને ચોખ્ખા ઉર્જા સ્તોત્ર થકી હોય તેવા આયોજનો હાથ ધરાય.

સુરત મહાનગર પાલિકા વર્ષ 2009 થી ક્લાયમેંટ ચેંજ અંતર્ગત વિવિધ આયામો અને પ્રકલ્પો ઉપર કાર્યરત છે. સુરત શહેરને ક્લાઇમેન્ટ ચેન્જથી થનારી અસર જાણી શકાય અને તેના ઉકેલ કેવી રીતે લાવી શકાય તે માટે 2009 ના વર્ષમા સુરતને એશિયન સીટીસ ક્લાઇમેટ ચેંજ  રેસિલિયન્સ નેટવર્ક મા રોકફેલર ફાઉન્ડેશન, અમેરિકા તરફથી પસંદ કરવામા આવ્યુ હતુ અને તે અંતર્ગત શહેરના સર્વ મેયરશ્રીઓ અલગ અલગ પ્રોજેક્ટ અંતર્ગત કાર્યરત રહ્યા હતા.

ક્લાયમેટ ચેંજની અસરોને ખાળવા માટે સર્વ લોકોએ પોતાનું યોગદાન આપવું પડશે. Energy Efficiency, Solar Energy, Wind Energy, Sustainable Transportation, કોલસો અને પેટ્રોલીયમ પદાર્થોનો નિષેધ પરત્વે વધુ ધ્યાન આપવું પડશે. સુરત શહેર દ્વારા યુરોપીયન યુનિયન (EU)નાં સૌજન્યથી ઇંટરનેશનલ અર્બન કોપોરેશન (IUC) ની સહાયથી એક ક્લાયમેટ એક્શન પ્લાન નિર્મિત થઈ થઈ રહ્યો છે. માનવજાતને જો ટકાવી રાખવી હશે તો પૃથ્વીની જાળવણી કરવાની આપણે

સહીયારી જવાબદારી નિભાવવી પડશે અન્યથા તેના માઠા પરીણામો ખુબજ નજદિકનાં ભવિષ્યમાં દેખા દેશે. કોવીડ-19ની અસરોની સરખામણીએ ક્લાયમેટ ચેંજનાં પરીણામો ભયંકર છે અને એક ક્ષણ પણ વેડફ્યા વિના તેની અસરને ઓછી કરવાનાં પ્રયત્નોમાં સૌ લાગી જઈએ.

ક્લાયમેટ ચેંજને નાથવા માટે સુરતનાં સર્વ નાગરીકો, વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો, ઉદ્યોગકારો, સામાજીક સંસ્થાઓ, બીન સરકારી સંગઠનો અને સ્થાનિક સરકારે યોગ્ય નિયમોનું પરીપાલન કરવાની પ્રતીબધ્ધતા દાખવવી પડશે. ‘This too shall go’.

કમલેશ યાજ્ઞિક
અધ્યક્ષ, સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, સુરત – ૯૮૨૪૭ ૫૧૫૪૪

# મૂડી બજાર માટે  કોરોના વેશમાં-આશીર્વાદ

## કેતન કે દલાલ

કોરોના ના કારણે વિશ્વ બદલાઈ રહ્યું છે અને આપણે જે રીતે કામ કરી રહ્યા છીએ, અભ્યાસ કરી રહ્યા છીએ, વપરાશ કરી રહ્યા છીએ, મનોરંજન કરી રહ્યા  છીએ, તે છ મહિના દરમિયાન સંપૂર્ણપણે બદલાઈ ગયું છે અને  આ વલણ ચાલુ રહે એવું લાગે છે.

જ્યારે કોરોનાની અસર આપણા દેશમાં પ્રવેશવા લાગી અને લોક ડાઉન જાહેર થયું ત્યારે આપણે મૂડી બજારમાં મોટું  ભંગાણ જોયુંશરૂઆતમાં બજાર ક્રેશ થતાં ., બીએસઈ સેન્સેક્સમાં 30% થી વધુનો ઘટાડો જોયો  અને દરેક લોકો ભયભીત થઈ ગયા, miss match of asset, high leverage, fear, ને લીધે ઘણાં રોકાણકારોએ પોર્ટફોલિયો નુકશાન માં વેચવાનો વારો આવ્યો  એક ફંડ હાઉસ ને  ઘણી . સ્કીમો પાછી લેવાની પણ ફરજ પડી,દોષારોપણની રમત શરૂ થઈ, ધંધો બંધ હોય ત્યારે બજારો કેમ ખોલવામાં આવે છે, વગેરે પણ માર્કેટે વી આકારની પુન:પ્રાપ્તિ લીધી ત્યારે ., નિયમનકારોની પ્રવાહીત્તા પ્રત્યેનું મહત્વ  સમજાયું.

જો શેરબજાર સંપૂર્ણ લોક ડાઉન થયું હોત તો  ભારત ખૂબ મોટી economic crisis માં ફસાયું હોત શેરબજાર આટલું સકુશળતાથી online ચાલી શકશે એવી કોઈને કલ્પના નહોતી.   આ મહામારી દરમિયાનWork from home એક નવું સામાન્ય બની ગયું છે. રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના એમ ડી અને ચેરમેન શ્રી મુકેશભાઇ અંબાણીએ આપણા દેશમાં કોવિડ -19 ફાટી નીકળ્યા પછી રૂ .1.9 લાખ કરોડના 18 સોદા પર હસ્તાક્ષર કર્યા અને રિલાયન્સ ઉદ્યોગોને ભારે દેવાથી, મુક્ત દેવામાં ફેરવી એક નવો રેકોર્ડ બનાવ્યો રિલાયન્સ પહેલી પ્રાઇવેટ  ભારતીય .કંપની  બની છે કે જેણે 10 લાખ કરોડની માર્કેટ કેપને વટાવી અને રિલાયન્સ શેરધારકો માટે મોટી સંપત્તિ ઊભી કરી અને ગભરાટ ને માર્યા જે લોકોએ રિલાયંસ ના શેર વેચી દીધા તેમને ખૂબ મોટો વસવસો થયો  આ સમયગાળા દરમિયાન . તમામ ઇન્ટરનેટ, આઇઓટી અને ટેકનોલોજી કંપનીઓએ સારું પ્રદર્શન કર્યું હતું અને તેમના શેરધારકો માટે મોટી સંપત્તિનું સર્જન થયું.

કોરોનાથી લોકોને ડિજિટલાઇઝેશનની શક્તિનો અહેસાસ થયો અને બીજી કોઈ આવી crisis આવે તો પણ સ્ટોક માર્કેટ કાર્યરત રહે તેનો પણ અહેશાસ થયો કોરોના કાળમાં રોકાણકારોને શ્રેષ્ઠ વેબિનારમાં હાજર રહેવાની તક મળી અને રોકાણકારોને ઘણી એજીએમ અને ઘણા investors presentation માં

ભાગ લેવાની તક મળી જે સામાન્ય રીતે ઇન્વેસ્ટરો માટે શક્ય નહતું ,તેથી મૂડી બજાર માટે તો કોરોનાવેશમાં આશીર્વાદ જેવો પુરવાર થયો.

તેથી આપણે કોરોના પાસેથી શીખવા જેવો પાઠ એ  છે:

**એક રોકાણકાર તરીકે :**

શિસ્તપાલક બનો. બચત અને રોકાણો વચ્ચેનો તફાવત સમજો, તમારી જરૂરિયાતોને અને ઈચ્છાઓને સમજો, સંપત્તિ ફાળવણી કરો અને લોભ ઉપર સંપૂર્ણ નિયંત્રણ રાખો અને શક્ય હોય ત્યાં સુધી ડિજિટલ તકનીકને અપનાવો.

**નાગરિક તરીકે:**

આપણે ગ્રહ પૃથ્વી પર અતિથિ જેવા છીએ અને આપણે અતિથિની  જેમ વર્તવું પડશે તો જ ભગવાનની આ સુંદર ભેટનો આનંદ માણવા મળશે .

કેતન કે દલાલ - બાબુભાઇ હીરાલાલ કું. – સુરત – ૯૩૭૪૭ ૨૭૩૧૭

# કાપ્સે સર, આપ હજુ આમારી જોડે જ છો ....

## ડો. કેતન શાહ

'અરે કેતન યે તેરે સર હેના કોરોના કો હર કે હી છોડેંગે'.મે મહિના ની સુમસામ સાંજે સર ના ઘરે મળવા ગયા ત્યારે આ વાત કાપ્સે મેડમના મોઢેથી સાંભળી. સંવાદનો દોર ચાલુ થયો અને મે, મારા પત્ની દીપ્તિએ પણ સર ને કહ્યું કે 'સર હવે હમણાં તમે બહાર જવાનું ઓછું કરો, દર્દી તપાસવાનું ઓછું કરો. કોરોનાની બીમારી ઝડપથી ફેલાઈ રહી છે અને આપ સમાજના અગત્યના ડોક્ટર છો આપ સંભાળશો.'

કાપ્સે સર માર્ચ  મહિનાથી જ્યારથી લોકડાઉન આવ્યું છે ત્યારથી કોરોના પાછળ પડ્યા છે. સુરત કોર્પોરશન અને અધિકારીઓ જોડેની મીટીંગનો નિયમિત દોર ચાલુ જ હતો. સર તરફથી સમાજ ઉપયોગી માર્ગદર્શન અને વિશ્વમાં થતા નવા પરિવર્તનોની મહિતી નિયમિત સમાચાર પત્ર અથવા સોશિઅલ મીડિયા પર પ્રકાશિત કરતા હતા. કાપ્સે સર એ સમાજના અંગત વ્યક્તિ હતા. ડેન્ગ્યુ, મલેરિયા, વિટામીન ડી, લેપટોસ્પીરોસીસ જેવી અનેક બીમારીમાં સમાજ ઉપયોગી માહિતી સરે આપી છે. કોરોનાના કપરા કાળમાં માર્ચથી ૩ જુલાઈ સુધીની એમની અવિરત સેવા સમાજને અને કોર્પોરશનને મળતી રહી.

'ડરી ડરી ને જીવવાનો શું અર્થ છે કેતન !!!'

'સર પણ આ બીમારી કાતિલ છે અને આપ આટલી દોડ ધામ ના કરો, વયસ્ક દર્દીને જોવા જવાની જરૂર નથી.'

'કેતન, ક્યાં સુધી ડરીશું? એક વાર તો મરવાનું જ છે ને!'

'સર પ્લીઝ, આપ કાળજી રાખશો.'

'કેતન યે તેરે સર તેરી માને તો સમજા, મેરી તો સુનતે હી નહિ હૈ!' કાપ્સે મેડમ કહેતાં.

આવા સંવાદનો દોર દર બીજા ત્રીજા દિવસે અમારો, મેડમ તથા સરનો થતો. કોરોનાના અવિરત લેકચર, મીડિયા પર માહિતી અને નવું નવું સમાજને જણાવવું..

અને એ ગોઝારો દિવસ આવી ગયો. શનિવારની સાંજે મેડમનો ફોન આવ્યો, 'કેતન, દેખ, સર કો કલ સે બુખાર હૈ, ઓર વો ટેસ્ટ કરાને જા રહે હૈ.' મારા હૃદયના ધબકારા વધી ગયા અને મેં મેડમ ને કહ્યું, 'મેડમ હું હમણાં જ આવું છું. હું સર જોડે જઈશ.'

સરના ઘરની નીચે પહોંચ્યો તો સરનો ફોન આવ્યો, 'બેવકૂફ, ખબર નથી? મને કોરોના છે, ઘરે પાછો જા, ખબરદાર મારા ઘરમાં પગ મુક્યો તો!!!'
'સર હું તમારા દીકરા જેવો જ છું, પ્લીઝ મને આવા દો.'
'ના કેતન, આજે તો નહીં જ, પહેલી વાર તને મારા ઘરે આવવાની ના કહું છું, દીકરા ઘરે જા.'

સરના કોરોનાના દિવસો શરુ થયા અને અમારી પ્રાર્થના શરુ થઈ. રોજ વાત કરતા કરતા, બુધવારનો દિવસ આવ્યો. 'કેતન, મુજે ડર લગ રહા હૈ, સર કા બુખાર અભી તક ઠીક નહીં હૈ ઓર ખાંસી આ રહી હૈ.' મેડમે કહ્યું હતું.
'મેડમ, ડરીએ મત, સબ ઠીક હો જાયેગા.'

આ વાક્ય પછી તો રોજ મારા અને મેડમ વચ્ચે વચે ૯ ઓગસ્ટ સુધી બોલાતું રહ્યું. બુધવારની રાત્રે ૯ વાગ્યે સરને યુનાઇટેડ ગ્રીન હોસ્પિટલમાં દાખલ કર્યા ત્યારે ફક્ત નીચેથી સરના દર્શન કર્યા, સીટી સ્કેનનો રીપોર્ટ જોયો અને ચિંતાનો દોર શરુ થયો. ૧૨ કલાકમાં જ ફેફસામાં ઘણી ખરાબી થઈ ગઈ હતી. ડૉ. સમીર ગામી અને ડૉ. અનીલ પટેલ જોડે ચર્ચા થઈ, 'કેતનભાઈ ચિંતાનો વિષય તો છે જ કારણકે બીમારીએ ખુબ ઝડપથી ફેફસાને નુકસાન કર્યું છે.'

ઓક્સીજન મશીન, ઈન્જેકશન, દવાના ઘેરાવા વચ્ચે સારવારનો દોર શરુ થયો. ફોન પર વિડીઓ કોલ, મેસેજ, શુભેચ્છાની આપલે થવા માંડી. ગુરુવારથી બીજા મંગળવાર સુધી સરનું મોઢું જોવા મળતું, માત્ર વિડીઓ કોલ દ્વારા. ફરી બુધવાર આવ્યો અને માઠા સમાચાર આવ્યા કે ઓક્સીજનનું પ્રમાણ ઘટી રહ્યું છે અને કદાચ વેન્ટીલેટર પર મુકવા પડશે. બધી જ દવા અપાઈ ગઈ છે. હવે શું?

કાપ્સે મેડમ અને દીકરી ડૉ. ઋચા સાથે નિયમિત ચર્ચા વિચારણા  થતી રહી. શું કરવું એની અનિશ્ચતા વચ્ચે દિવસો પસાર થતા રહ્યા. મુંબઈના ડોકટરોની પણ સલાહ લેવામાં આવી. સરને વેન્ટીલેટર પર મુકવાનું નક્કી થયું. સરની આંખમાં આંસુ જોયા અને મારાથી પણ ન જોવાતા હું એક સગા તરીકે નીચે જ ઉભો રહ્યો. આંખમાંથી આંસુ રોકાવાનું નામ નહોતા લેતા. અશ્રુભીની આંખે મેં ડૉ. અનીલ પટેલને મેસેજ કર્યો, 'સર, આપ જાદુગર થાવ એવી પ્રાર્થના.'
'કેતન, Hope jadu works.' આ જવાબે અમારી હિંમત ભાંગી નાખી. મેડમ અને ઋચા સાથે તો હિંમત આપવાનો દોર ચાલુ જ રહ્યો. વચ્ચે થોડો સુધારો લાગ્યો, સરના હાથમાં હલનચલન થયું અને એક વાર મોઢા પર હાસ્ય આવ્યું. અમારામાં ઉત્સાહનો સંચાર થયો. ખુશીની લહેર બધા જ ડોક્ટર મિત્રોમાં ફેલાઈ ગઈ. પરંતુ એ ક્ષણિક જ હતું. બીજા-ત્રીજા દિવસથી ઓક્સિજનની જરૂરિયાત વધતી ચાલી

અને શ્વાસનળીમાં કાણું પડ્યું. શરીર પર સોજા વધ્યા, કીડનીનું કામ બગડ્યું, લોહીમાં ચેપ આવ્યો અને સરની તબિયત બગાડવા માંડી. સાચી હોસ્પિટલના કન્સલ્ટીંગ રૂમમાં ડૉ. હિમાંશુ, હું, મેડમ અને ડૉ. ઋચા જોડે બે-ત્રણ કલાક કાઉન્સેલિંગ થયું. અમે પણ જાણતા હતા કે અમે ખોટું જ સાંત્વન આપી રહ્યા છીએ. મનમાં ઘણો જ ડર લાગતો હતો. મેડમના શબ્દો કે, 'કેતન, હિમાંશુ, આપ લોગ મેરે બેટે જૈસે હી હો, પર મુજે ડર લગતા હૈ કી હમ કહીં આદમી ગવાં ન દે.' આ શબ્દો હજી કાનમાં ગુંજી રહ્યા છે.

૮ ઓગસ્ટના શનિવારે સાંજે ૬ વાગ્યે સરની હાલત વધુ ગંભીર થઈ, ફેફસામાં કાણું પડ્યું (pneumothorax). ફેફસા એકદમ કઠણ થઈ ગયા હતા અને લોહીનું દબાણ પણ ઘટી રહ્યું હતું. અમારી આશા ઠગારી થઈ રહી હતી. બસ હવે સરને નહીં જોઈ શકીએ. અને રવિવાર ૯/૦૮/૨૦૨૦ના ૧૧ વાગ્યે ફોન આવ્યો, 'કેતનભાઈ, આવો જલ્દી.' સરના છેલ્લા શ્વાસ મારી નજર સામે, મેડમનું માથું અને શરીર મારા ખભા પર, 'અલવિદા સર, અલવિદા. તમારા આપેલા સંસ્કાર, મારી જિંદગીમાં તમારું યોગદાન અને તમારો મારા પરિવાર પરનો ઉપકાર હું ક્યારેય ન ભુલી શકું. સર આટલી શી જલદી હતી? આપણે તો લારી પર પરાઠા ખાવાના હતા, ખાઉધરા ગલીમાં ઢોસા ખાવા મારી દીકરી હેત જોડ જવાની પ્રોમીસ હતી. શું ઉતાવળ આવી! સુરતને હજુ મેલરિયા, ડેન્ગ્યું સામે તમારી મદદની જરૂર છે. અરે આ શબ વાહિનીવાળા એકતા ટ્રસ્ટવાળા તો તમારા દર્દી છે, એ કહે છે અમે નાના હતા ત્યારે આ સાહેબની જ સારવાર લીધી છે. અલ્લાહ, ભગવાન, ઈશ્વર કેમ આટલો નિષ્ઠુર થાય છે? આટલા સારા માણસને આ રીતે ન વિદાય કરાય. અમે મન મનાવ્યું કે કદાચ ઉપર પણ ભગવાનને સારા માણસની જરૂર છે. ઉપર પણ કોરોનાની માર્ગદર્શિકા બનવવાની જરૂર છે. પુરા રાષ્ટ્રીય સન્માન સાથે, રાષ્ટ્રીય ધ્વજ સાથે, અમારા લાડલા સરને અમે વિદાય આપી. આ નશ્વર દેહ ગયો, પરંતુ એમનો અવાજ હજુ પણ અમારા કાનમાં ગુંજે છે. રોજ સવારે એમની છબીની પૂજા કરતી વખતે, 'કેતન, હિંમત ન હારવી, સમાજને જેટલું અપાય એટલું આપજે. તમારા સૌ માટે માટે હું હંમેશા હાજર છુ જ.'

પ્રણામ ડૉ. અશોક કાપ્સે, આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત અમારા વાહલા સરને. કદી ન વિસરાય એવી આ ખોટ છે. પરંતુ તમારા બતાવેલા રાહ પર ચાલવાનું મારું પ્રોમીસ સર..
તમારો, ઢીલા હૃદય વાળો,

ડો. કેતન શાહ – સુરત - ૨૮/૧૧/૨૦૨૦

# કોરોનાકાળમાં અમરોલી કૉલેજ દ્વારા જ્ઞાનનો વહેતો પ્રવાહ

ડૉ. કિશોરસિંહ એન. ચાવડા

જીવન જ્યોત ટ્રસ્ટ સંચાલિત જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી. દેસાઈ કોમર્સ કૉલેજ અમરોલી, સુરત સમગ્ર વર્ષ દરમિયાનની શૈક્ષણિક પ્રવુતિઓ માટે સમગ્ર ગુજરાતમાં પ્રચલિત છે. તા. ૨૨ માર્ચ, ૨૦૨૦ના રોજ કોરોના વાયરસને કારણે લોકડાઉન થતા સમગ્ર ભારત જાણે થંભી ગયું હતું. આ કપરા સમયગાળામાં કોલેજના આચાર્ય ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ તરત જ પરિસ્થિતિનો તાગ મેળવી સોપ્રથમ કોલેજના અધ્યાપકોને ઓનલાઇન ભણાવવા માટેની વિવિધ તાલીમનું આયોજન કર્યું હતું. અમરોલી કૉલેજ પહેલેથી જ ટેકનીકલ દ્રષ્ટિએ ખુબ જ મજબુત રહી છે. કોરોનાકાળ પહેલા પણ અમરોલી કૉલેજમાં ગુગલ ક્લાસરૂમ, ગુગલ મીટ, એડ્મોડો, કોલેજની પોતાની એપ્લીકેશનથી શૈક્ષણિક અને વિવિધ પ્રવુતિઓ દ્વારા વિદ્યાર્થીઓ ઓનલાઇન માધ્યમથી પરિચિત હતા. તા. ૦૧ એપ્રિલ, ૨૦૨૦ થી કોલેજમાં ઓનલાઇન શૈક્ષણિક પ્રવુતિઓ શરુ થઇ ગઈ હતી.

વિદ્યાર્થીઓ શૈક્ષણિક પ્રવૃત્તિઓ જોડાયેલા રહે તેમજ લોકોની માનસિક સ્થિતિ મજબુત રહે તેવા હેતુથી અમરોલી કોલેજ દ્વારા લોકડાઉન દરમિયાન વિવિધ વિષયો ઉપર ૮૦ જેટલા વેબીનારોનું આયોજન થયું હતું. જેમાં દેશના નામાંકિત અને વિવિધ વિષયોના તજજ્ઞોએ પોતાના જ્ઞાન અને અનુભવ દ્વારા પોતાના વિષય પર ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. જેમાં સમગ્ર દેશના ૨ લાખ કરતા વધુ લોકો વિવિધ વેબીનારોમાં જોડાયા હતા. વેબીનારોમાં માત્ર સમસ્યાની ચર્ચા ન કરતાં તેના સમાધાનો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે.

**નવી શૈક્ષણિક નીતિ:** ભારતમાં શિક્ષણનું સ્તર ઊંચું આવે, નવી શૈક્ષણિક નીતિ, શિક્ષણનું મહત્વ વગેરે વિષયોને લઈને ડૉ. વી. ડી. અબ્રાહમ, ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, શ્રી વેન્કતવરા યુનીવર્સીટી, ઉતરપ્રદેશ, પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ- ગુરુ ગોવિંદ યુનીવર્સીટી, ગુજરાત, ડૉ. રમેશ કોઠારી- ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનીવર્સીટી, સુરત તેમજ બીજા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

**આત્મ નિર્ભર ભારત:** નવી ટેકનોલોજી, નવા વિચારો, ભારત આર્થિક રીતે સમૃદ્ધ બને તેમજ અન્ય દેશોને તેમની જરૂરી વસ્તુનો નિકાસ કરતો થાય, વિદેશે વસ્તુને બદલે દેશની સ્વદેશી વસ્તુ અપનાવી

વૈશ્વિક બનવવાના ઉદેશથી કેબીનેટ મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયા, શ્રી મુકુલ કાનીત્કર, મંત્રી, ભારતીય શિક્ષણ મંડળ, ડૉ. નીરવ મજુમદાર, ડૉ. જતીન નાયક, જનરલ મેનેજર, સુરત પિપલ્સ કો-ઓ બેંક લિ. તેમજ બીજા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આધ્યાત્મિકતા અને જીવન વિકાસ: કોરોનાકાળ દરમિયાન લોકોનું મનોબળ વધે તેવા હેતુથી વિવિધ ધાર્મિક ગ્રંથો દ્વારામાંથી ચિતાર લઈને પદ્મભૂષણ જૈનાચાર્ય પૂજ્ય વિજય રત્નસુંદરસૂરી મહારાજ, શ્રી વિનય પત્રાલેજી- પ્રમુખ,ભારત ભારતી, શ્રી સંજય રાવલ તેમજ બીજા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જીવનમાં શિક્ષણની સાથે નૈતિકતા, મુલ્યો, સંસ્કાર અને ચરિત્ર પણ એટલા જ જરૂરી છે. જે બાબતને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવામાં આવી હતી.

યુવાનોની ભૂમિકા: દેશના વિકાસમાં યુવાનોની ભૂમિકાનું મહત્વ વિશેષ હોય છે. યુવાનોમાં દેશ ભક્તિની ભાવના જાગે તેવા ઉમદા હેતુથી શ્રી ગોરધનભાઈ ઝડફિયા-ઉપપ્રમુખ, ભારતીય જનતા પાર્ટી, શ્રી પ્રદીપસિંહ વાઘેલા-રાજ્ય મંત્રીશ્રી-બી.જે.પી., શ્રી અમિત ઠાકર- રાજ્ય મંત્રીશ્રી-બી.જે.પી., શ્રી ગોવિંદભાઈ ધોળકિયા તેમજ બીજા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સરકારી યોજનાઓનું માર્ગદર્શન: કોરોના કાળમાં ઘણા લોકોએ પોતાના રોજગાર ધંધા ગુમાવ્યા હતા. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારે નવી રોજગારી માટે, વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપ, નવા ઉદ્યોગો સ્થાપવા માટે વિવિધ યોજનાઓ દાખલ કરી છે જેના માર્ગદર્શન માટે શ્રી રૂપીન પચ્ચીગર -ડીરેક્ટરશ્રી બિન અનામત ગુજરાત સરકાર નિગમ શ્રી સંજય ચૌહાણ-ડીરેક્ટર, જીટીયુ ઈનોવેશન કાઉન્સિલ તેમજ બીજા તજજ્ઞો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કારકિર્દી માર્ગદર્શન: વિદ્યાર્થીઓને પોતાની કારકિર્દીની માર્ગદર્શન માટે તેમજ રોજગારી માર્ગદર્શન, વિદ્યાર્થીમાં પોતાની કળા કોશલ્યના વિકાસ માટે, ઉચ્ચ શિક્ષણની વિવિધ શાખાઓમાં અભ્યાસક્રમ તેમજ પ્રવેશના નિયમના માર્ગદર્શન માટે ખાસ રાત્રી વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વર્ચુઅલ જોબફેર: લોકડાઉનના કપરા સમયગાળા દરમિયાન કોલેજે સૌપ્રથમવાર ઓનલાઇન જોબફેરનું આયોજન કર્યું હતું. જોબફેરમાં ૪૦ કરતા વધુ કંપનીઓ દ્વારા ૧૧૦૦ જેટલા નોકરીવાન્છુકોમાંથી ૨૪૫ જેટલા ઉમેદવારોને રોજગારી પૂરી પાડી હતી.

આ ઉપરાંત કોરોનાના વિષે વધુને વધુ લોક જાગૃતિ ફેલાય તેવા હેતુથી વિવિધ મેડીકલ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા વિવિધ વેબિનારનું આયોજન થયું હતું. કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સોસાયટીઓમાં કોરોના અંગેની જાગૃતિ ફેલાય, હોમ્યોપેથીક અને આયુર્વેદિક દવાઓનું વિતરણ તેમજ વિવિધ સેવાઓમાં સ્વયંસેવક તરીકે જોડાયા હતા. અમરોલી કૉલેજ છેલ્લા ૧૬ વર્ષથી વધુને વધુ રક્તદાન કેમ્પ કરીને ઘણા પારિતોષિક જીત્યા છે. આ સમયગાળા દરમિયાન પણ રક્તદાનની પ્રવૃતિ અવિરત પણે ચાલુ રહી હતી.

લોકડાઉનનાં સમયમાં કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર વિવિધ એજન્સી તેમજ કોરોના વોરીયર્સની કામગીરી બિરદાવી કૉલેજ દ્વારા શિક્ષણરૂપી સેવાના યજ્ઞને ધમધમતો રાખવામાં આવ્યો હતો.


ડૉ. કિશોરસિંહ એન. ચાવડા
આચાર્યશ્રી
મો. નં. ૯૮૨૫૮૯૭૧૯૭
**Email id: principal@acs.ac.in**
જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી.
દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી-સુરત

ડૉ. ચિરાગ કે. સીધ્પુરિયા
આસીસ્ટન્ટ પ્રોફેસર
મો. નં. ૯૯૦૯૦૦૧૫૩૪
**Email id: cks@amrolicollege.com**
જે. ઝેડ. શાહ આર્ટસ એન્ડ એચ. પી.
દેસાઈ કોમર્સ કૉલેજ, અમરોલી-સુરત

## દૂરબીન ૧

# જિંદગીથી હવે કોઇ ફરિયાદ નથી,
# મેં લાઇફને પૂરેપૂરી જીવી છે!

## કૃષ્ણકાંત ઉનડકટ

જિંદગીથી માણસને સંતોષ ક્યારે થાય? ક્યારે એવું લાગે કે,
હવે કોઇ ગમ નથી, કોઇ ફરિયાદ નથી, કોઇ અફસોસ નથી,
કોઇ નારાજગી નથી? આવી માનસિકતા શક્ય છે ખરી?

*****

બેલ્જિયમની 90 વર્ષની કોરોના પેશન્ટ સુઝાને મરતા પહેલા
કહ્યું કે, વેન્ટિલેટર કોઇ યંગ માટે રાખો, મેં તો જિંદગી મસ્તીથી જીવી લીધી છે!

જિંદગી જીવવા માટે છે. જિંદગીને ભરપૂર જીવવી જોઇએ. આમ તો આ વાત આખી દુનિયાનો દરેક માણસ સારી રીતે જાણે છે. બધાને પોતાની જિંદગી મસ્તીથી જીવવી પણ છે. સવાલ એ છે કે, કેટલા લોકો જિંદગીને ખરેખર પૂરેપૂરી જીવે છે? આપણે ફરિયાદો અને અફસોસ કરવામાં કેટલો બધો સમય વેડફીએ છીએ? મજા કરવાની ઘડી હોય ત્યારે પણ આપણે ક્યાં મજા કરી શકીએ છીએ? કોઇને કોઇ વાત, કોઇને કોઇ ઘટના, કોઇને કોઇ વૃતિ આપણા ઉપર એટલી બધી હાવી હોય છે કે, આપણે જ્યારે જે જીવવાનું હોય એ જીવી જ શકતા નથી. કોઇ તમને પૂછે કે, તમે અત્યાર સુધીમાં જે જિંદગી જીવ્યા છો એનાથી તમને સંતોષ છે? તો તમે શું જવાબ આપો? જિંદગીમાં કંઇક બનવાની, કંઇક સાબિત કરવાની કે લાંબું જીવવાની અપેક્ષા હોય એ સ્વાભાવિક છે પણ આવતી કાલના સપનાને સાકાર કરવા આપણે આજે કેટલું જીવીએ છીએ એવો સવાલ ક્યારેય થાય છે? માણસ એવી અવસ્થાએ ક્યારે પહોંચી શકે કે, મેં મારી લાઇફ મોજથી જીવી છે, ક્યારેય પણ કંઇ થાય તો કોઇ અફસોસ નથી. નો રિગ્રેટ્સ!

દુનિયામાં અમુક ઘટનાઓ એવી બનતી હોય છે જે આપણને વિચારતા કરી મૂકે કે, ખરેખર આવું શક્ય છે? હમણાં બેલ્જિયમમાં એવી જ એક ઘટના બની જેણે જિંદગીના વ્યાખ્યાઓ કરનારાઓને પણ વિચારતા કરી મૂક્યા. નેવું વર્ષના લેડી સુઝાન હોયલેર્ટસને તાવ આવ્યો. ગળામાં ઇરિટેશન થતું

હતું અને ઉધરસ પણ આવતી હતી. કોરોનાની શંકાએ ટેસ્ટ કર્યો તો ખબર પડી કે, તેઓ કોરોના પોઝિટિવ છે. દવાખાનામાં સારવાર ચાલુ થઇ. શ્વાસની ગતિ ધીમે ધીમે મંદ પડતી જતી હતી. ઓક્સિજન આપવામાં આવ્યો તો પણ શ્વાસની ગતિ વધી નહીં. ડોકટરોએ કહ્યું કે, તમને વેન્ટિલેટર પર લેવા પડશે. આ વાત સાંભળીને સુઝાને ખૂબ જ હળવાશ સાથે કહ્યું કે, વેન્ટિલેટર કોઇ યંગ માટે રહેવા દો, આઇ હેડ વેરી ગુડ લાઇફ! સુઝાનની વાત સાભળીને ડોકટરો પણ દંગ રહી ગયા હતા. આ ઘટના પછી થોડા જ દિવસોમાં સુઝાનનું મૃત્યુ થયું. આ દરમિયાનમાં સુઝાને ક્યારેય કોઇ ફરિયાદ ન કરી, કોઇ અફસોસ વ્યક્ત ન કર્યો! એમના ચહેરા ઉપર એક ગજબનો સંતોષ હતો, શાંતિ હતી. આરામથી તેમણે પોતાનો દેહ છોડ્યો. સુઝાનને ખબર હતી કે, વેન્ટિલેટર વગર તેની જિંદગી આગળ ધપવાની નથી, છતાં પણ એમણે એવું કહ્યું કે, કોઇ યુવાન માટે રાખો, જેણે હજુ જિંદગી જીવવાની છે. ડોકટરોએ જ્યારે સુઝાનની વાત તેની દીકરી જુડીને કરી ત્યારે જુડીએ કહ્યું કે, મારી મા હતી જ કંઇક જુદી! ઉદાર, દયાળુ અને ઝિંદાદિલ!

આપણે ત્યાં અમુક લોકોને એવી વાત કરતા સાંભળીએ છીએ કે, હવે તો કાલે મોત આવી જાયને તોય કોઇ વાતની ચિંતા નથી. મારી આખી વાડી લીલી છે. ચિંતા ન હોવી એક વાત છે અને જિંદગીનો સંતોષ હોવો એ થોડીક જુદી વાત છે. આપણે જવાબદારીઓ નિભાવવાને જિંદગી કહીએ છીએ. આ વાત પણ સારી છે પણ ઘણા આખી જિંદગી કૂચે મર્યા પછી એવું કહે છે કે, હવે મોત આવે તો પણ વાંધો નથી. એવું કહેનારા બહુ ઓછા હોય છે કે, આખી જિંદગી જલસાથી જીવી છે. જલસાનો મતલબ પણ સમજવા જેવો છે. જલસા એટલે મનફાવે એમ નહીં, જલસા એટલે બીજા બધા પ્રત્યે બેદરકાર રહેવું નહીં, જલસા એટલે બધી જવાબદારીમાંથી ભાગવું એવું નહીં, જલસા એટલે જિંદગીને સારી રીતે જીવવી, જિંદગીને મહેસૂસ કરવી! દરેક વખતે હસતા રહેવું એવું પણ નથી, ક્યારેક ભીની આંખો પણ જિંદગીની સંપૂર્ણતા બયાન કરતી હોય છે.

સુઝાનની વાત વાંચીને એવું પણ થાય કે, એ તો નેવું વર્ષના હતા. આપણે તો એવડા થશું કે કેમ એ પણ સવાલ છે? બનવા જોગ છે કે, એની પાસે આરામથી જીવી શકાય એટલું હશે, અહીં આપણે તો કેટલા બધા પડકારોનો સામનો કરવાનો છે. આપણે તો આવી વાતોમાં પણ એસ્ક્યુઝ જ શોધતા હોઇએ છીએ. ઉંમર કેવડી છે અને કેટલા વર્ષ જીવવાનું છે એના કરતાં પણ મહત્વનું છે કે, તમે આજે જે જિંદગી જીવો છો એનાથી તમને સંતોષ છે? જો આજે સંતોષ નહીં હોય તો જિંદગીના છેલ્લા સમયે થોડો હોવાનો? બીજી વાત એ પણ છે કે, ક્યાં સુધી જિંદગી છે એ પણ ક્યાં કોઇને ખબર છે? એક વાત તો એવી પણ કરવામાં આવે છે કે, દરરોજ જિંદગીનો છેલ્લો દિવસ હોય એ રીતે જીવો! આવું

વિચારવાની પણ કોઇ જરૂર ખરી? છેલ્લો દિવસ શા માટે વિચારવાનો? સાચી વાત તો એ છે કે, બીજા કોઇ વિચાર કર્યા વગર જિંદગીને ભરપૂર જીવો. મોટા ભાગે તો માણસો મોટા થતાં જાય એમ ફરિયાદો વધતી જ જાય છે કે, મેં તો આખી જિંદગી ઢસરડાં જ કર્યા, હું બધા માટે ઘસાયો જ છું. મેં બધા માટે કર્યું પણ હવે બધા મારાથી મોઢું ફેરવે છે. કોઇને મારી પડી નથી. જિંદગી રોજ જીવાય તો જ માણસની માનસિકતા અધ્યાત્મની કક્ષાએ પહોંચી શકે છે. કોઇ ભાર વગરની જિંદગી તમે જીવી શકો છો? જો જવાબ હા હોય તો તમે સંત, મહાત્મા અને મહાન માણસ જ છો! જિંદગીને આવકારો, હસો, હળવા રહો, ખરાબ બન્યું છે એ ભૂલો, ખોટું કર્યું હોય એને માફ કરો, ભૂલ થઇ હોય તો માફી માંગી લો. નક્કી કરો કે મારે મારી જિંદગી વેંઢારવી નથી પણ જીવવી છે. જિંદગી તો હાથ ફેલાવીને ઊભી જ છે, થોડાક એની નજીક જાવ, એ તો તમને ભેટવાની રાહ જ જુએ છે!

**પેશ-એ-ખિદમત**

ઉન કા યા અપના તમાશા દેખો,
જો દિખાતા હૈ જમાના દેખો,
યા કિસી પર્દે મેં ગુમ હો જાઓ,
યા ઉઠા કર કોઇ પર્દા દેખો.
-બાકી સિદ્દિકી

(‘દિવ્યભાસ્કર’, ‘રસરંગ’ પૂર્તિ, તા. 30 ઓગસ્ટ 2020, રવિવાર, ‘દૂરબીન’ કોલમ)

kkantu@gmail.com

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

## દૂરબીન – ૨

# તમને ખરેખર કોરોનાનો કેટલો ડર લાગે છે?

## કૃષ્ણકાંત ઉનડકટ

કોરોનાના કારણે આખી દુનિયા પરેશાન છે. આપણે બધા એક વિચિત્ર અને ખતરનાક અનુભવના સાક્ષી બની રહ્યા છીએ. વાતાવરણમાં ગમગીની અને ઉદાસીનો અનુભવ થાય છે

દુનિયાના મનોચિકિત્સકો કોરોના વિશે લોકોને સાવચેત કરી રહ્યા છે. તકેદારી રાખો, પણ ડર તમને માનસિક રીતે નબળા ન પાડી દે એનું ધ્યાન રાખજો

કોરોનાનો કોપ આખી દુનિયા ઉપર ફેલાયો છે. છેલ્લા કેટલાક દિવસથી વાતચીતનો એકમાત્ર મુદ્દો કોરોના જ છે. મીડિયાથી માંડી સોશિયલ મીડિયા સુધી કોરોનાની જ વાતો વહેતી રહે છે. કોઇ પણ વાત સતત નજર સામે આવે એટલે તેની માનસિક અસર થવી સ્વાભાવિક છે. આખો સમૂહ જ્યારે ચિંતાગ્રસ્ત હોય ત્યારે વાતાવરણમાં અસુખ થાય એવી ગમગીની ફેલાઇ જાય છે. કોરોનાની તમામ કથાઓ માણસને ડિસ્ટર્બ કરી દે એવી જ છે. ચીનના વુહાન બાદ ઇટાલી, યુરોપિયન દેશો, ઇરાન સહિત અલગ અલગ દેશોમાંથી જે અહેવાલો આવે છે એ બેચેની ફેલાવે એવા જ છે.

પહેલી વખત દુનિયા લોકડાઉનનો અનુભવ કરી રહી છે. શાળા, કોલેજ, મોલ, મલ્ટિપ્લેક્સથી માંડીને મંદિર, મસ્જિદ, ચર્ચ પણ બંધ કરી દેવાયાં છે. પુરાઇને રહેવું માણસની ફિતરત નથી. વધુ પડતા કામના કારણે ઘરે ન રહી શકતા અને ઘરે રહેવા માટે તરસતા લોકો પણ ઘરમાં બંધ થઇ જતા પરેશાન થઇ ગયા છે. કોરોનાના કારણે જેટલા લોકોને શારીરિક અસર થઇ છે એના કરતાં જેમને માનસિક અસરો થઇ છે એનો આંકડો અનેકગણો વધારે છે. આવા સમયમાં દુનિયાના મનોચિકિત્સકો લોકોને મક્કમ અને મજબૂત રાખવાના પ્રયાસો કરી રહ્યા છે. અમેરિકાની યુનિવર્સિટી ઓફ પેન્સિલ્વેનિયા સાથે જોડાયેલા માઇક બુચાનન કહે છે કે, નો ડાઉટ, આ અઘરો સમય છે, પણ તમે ઇચ્છો તો તમે તેને સારી રીતે પસાર કરી શકો છો. નિષ્ણાતો એમ પણ કહે છે કે, એક તો જ્યાં સુધી કોરોના તમારા પર ત્રાટકે નહીં ત્યાં સુધી જરા પણ ચિંતા ન કરો. ચિંતા ત્યારે જ કરો જ્યારે કોરોનાની અસર થાય. દુનિયામાં અબજો લોકો વસે છે, તેમાંથી માત્ર બે લાખ જેટલાને જ અસર થઇ છે.

કોરોનાની અસર થઇ ગઇ હોય તો પણ એક વાત યાદ રાખો કે, કોરોના થાય એ બધા મરી જતા નથી. સોમાંથી સત્તાણું બચી જ જાય છે. જે સાવચેતી રાખવાની છે એ સાવચેતી રાખો, બાકી ખોટા ગભરાઇ ન જાવ.

ઘરે રહેવાનું થાય ત્યારે પણ બને ત્યાં સુધી કોરોનાની વાતો કરવાનું ટાળો. આપણે એક ને એક વાત જ વાગોળ્યા કરીએ તો વિચારો નબળા પડવાના જ છે. ચેપી રોગ પહેલી વખત જ ફેલાયો છે એવું નથી. ભૂતકાળમાં પણ અનેક વખત ચેપી રોગે કાળો કેર મચાવ્યો છે. આ વખતે ઊલટું સારી વાત એ છે કે, આપણને બધાને ખબર છે કે, શું કાળજી રાખવાની છે.

આપણા ભારત દેશની વાત કરીએ તો દુનિયાના બીજા દેશોની સરખામણીમાં આપણા દેશની હાલત ઘણી સારી છે. આ લખાય છે ત્યાં સુધીમાં ત્રણ મોત નોંધાયાં છે અને દોઢસો જેટલા લોકો સારવાર હેઠળ છે. આપણા દેશમાં બધું બંધ કરાવી દીધું છે એ એક જોતાં સારી વાત છે. વાતાવરણ બગડે પછી જાગવું એના કરતાં વાતાવરણ બગડે નહીં એ પહેલાં સતર્ક થઇ જવું વધુ સારું છે. આપણા દેશના મનોચિકિત્સકો પણ એવું જ કહે છે કે, તમને જે ફ્રી સમય મળ્યો છે એને એન્જોય કરો. તમને એમ થશે કે, આવા ખરાબ સમયમાં એન્જોયની વાત કરે છે, પણ માનસિક રીતે સ્વસ્થ રહેવા માટે એ જરૂરી છે. તમને ગમતું હોય એટલે કે જેમાં મજા આવતી હોય એવી પ્રવૃત્તિ કરો. વાંચવું ગમે તો વાંચો અને વેબ સિરીઝ જોવી ગમે તો એ કરો. મનગનતા કામમાં મગજને ઓક્યુપાઇ રાખો. ખરાબ થવાનું છે એવા વિચાર ન કરો. તમારા ઘરના લોકોને પણ સારું લાગે એવી વાતો કરો. એક ભાઇએ કહ્યું કે, મેં ઘરમાં બધાને સૂચના આપી છે કે ઘરમાં કોઇ કોરોનાની કારણ વગરની વાત નહીં કરે.
કોરોનાની એક ઇન્ટરેસ્ટિંગ ઇફેક્ટની તમને ખબર છે? આપણા બધાની લાઇફ એકદમ ફાસ્ટ થઇ ગઇ છે. આપણે એટલા બધા બિઝી હતા કે બીજું કંઇ વિચારવાની આપણને ફુરસદ જ નહોતી. અત્યંત વ્યસ્તતાની વચ્ચે અચાનક જ ધડ દઇને જે બ્રેક આવી ગઇ છે એ આપણાથી સહન થતી નથી. અચાનક બધાને જાણે સાવ નવરા થઇ ગયા હોય એવું લાગવા માંડ્યું છે. પહેલાં તો રજા મળે એટલે બહાર ક્યાંક ફરવા ચાલ્યા જતા હતા, કોઇ પ્રોગ્રામ ઘડી કાઢતા હતા, આજના સંજોગોમાં તો ક્યાંય બહાર પણ જઇ શકાય એમ નથી. અમુક લોકો તો ઘરમાં હોય તો પણ કેદમાં હોય એવો અનુભવ કરે છે.

આ સમયે તમારા સંબંધોને મજબૂત કરવાનો બેસ્ટ સમય છે. તમે તમારા ઘરના લોકોને મેક્સિમમ સમય આપી શકો એમ છો. આપણે વર્ચ્યુલ વર્લ્ડમાં ખોવાઇ ગયા હતા, આ સમય રિઅલ વર્લ્ડમાં

રહેવાનો છે. ફેસ ટુ ફેસ એકબીજાને મળવાનો છે. તમે અમને સમય નથી આપતા એ ફરિયાદ દૂર કરવાનો આ સમય છે. અલબત્ત, એના માટે સૌથી પહેલાં તો આપણે માનસિક રીતે સ્વસ્થ હોવા જોઇએ. જો આપણા જ મગજમાં કોરોના સવાર થઇ ગયો હશે તો આપણે બીજાને ખુશી આપી શકવાના નથી. વાતાવરણ એવું છે કે, ઘરનો એકાદો સભ્ય તો એમ બોલવાનો જ છે કે, ક્યાંય મજા આવતી નથી. તમે એના માટે અને ઘરના બધા માટે મજા આવે એવું કંઇક કરી શકો તો એ સૌથી મોટી વાત છે. ગમગીનીને ખંખેરો, એમ કંઇ બધું ખતમ થઇ જવાનું નથી. મનથી મજબૂત હશો તો દરેક પરિસ્થિતિનો સામનો કરી શકશો. આ સમય પણ ચાલ્યો જ જવાનો છે, પણ જો માનસિક અસર થઇ તો તેમાંથી મુક્તિ મળતા બહુ વાર લાગશે. તમામ પ્રકારની સાવચેતી રાખો, બાકી ડરવાની કોઇ જરૂર નથી. વાસ્તવિક ભય કરતાં કાલ્પનિક ભય વધુ ખતરનાક હોય છે, એટલે જરાયે નબળા ન પડતા અને બીજાને પણ નબળા પડવા ન દેતા.

**પેશ-એ-ખિદમત**

ન ગઇ તેરે ગમ કી સરદારી,
દિલ મેં યૂં રોજ ઇન્કલાબ આયે,
કર રહા થા ગમ-એ-જહાં કા હિસાબ,
આજ તુમ યાદ બે-હિસાબ આયે.
- ફૈઝ અહમદ ફૈઝ

(‘દિવ્ય ભાસ્કર’, ‘રસરંગ’ પૂર્તિ, તા. 22 માર્ચ 2020, રવિવાર. ‘દૂરબીન’ કોલમ) kkantu@gmail.com

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

દૂરબીન – ૩

# એર હગ, ફર્સ્ટ ટચ, લાસ્ટ કિસ અને
# કાતિલ કોરોનાની કરુણ કથાઓ

કૃષ્ણકાંત ઉનડકટ

માણસની દરેક સંવેદના આંખમાં આંસુ બનીને
થીજી જાય એવી જીવતી જાગતી કથાઓ ચીનમાં આકાર પામી
રહી છે. વેદનાનું સાહિત્ય વલોપાત સર્જતું હોય છે

કંઇ લાગતુંવળગતું ન હોય છતાં આંખો ભીની થાય ત્યારે
સમજવું કે, આપણને કોઇ અલૌકિક તત્ત્વ જોડે છે

માણસ હોવાનો સૌથી મોટો પુરાવો એ છે કે જેની સાથે કંઇ લાગતુંવળગતું ન હોય એની વેદના પણ આપણને સ્પર્શે. દિલમાં એક ટીસ ઊઠે, આંખોના ખૂણામાં ભીનાશ બાઝે અને મનોમન એવી પ્રાર્થના થઇ જાય કે બધા હેમખેમ રહે. ચીનમાં કોરોના અમુક એવી કરુણ કથાઓને સર્જી રહ્યો છે, જે આપણી સંવેદનાના તમામેતમામ તાર ઝણઝણાવી નાખે. મરતું કોઇ હોય અને મૂંઝારો આપણને થાય. આમ તો એ લોકો સાથે આપણે કંઇ લેવાદેવા નથી. એ જીવે કે મરે એનાથી આપણી જિંદગીમાં કોઇ ફેર પડવાનો નથી, છતાં આપણે આંચકા અનુભવીએ છીએ. મોબાઇલમાં કોઇ ક્લિપ જોતી વખતે આપણો હાથ ધ્રૂજી જાય છે. મતિ મૂંઝાઇ જાય છે, થોડીક ક્ષણો ક્ષુબ્ધતા અનુભવાય છે. કુદરત સામે સવાલો જ નહીં, ફરિયાદો ઊઠે છે. માણસો ટપોટપ મરી રહ્યા છે. હજારો લોકો દવાખાનામાં છે, જેને ખબર નથી કે અમારા નસીબમાં કાલનો સૂરજ જોવાનું લખ્યું છે કે નહીં! એવા લોકોય છે, જે પોતાની જિંદગીની પરવા કર્યા વગર સારવાર કરી રહ્યા છે. મોત સામે મંડરાયેલું હોય ત્યારે કોઇનો જીવ બચાવવા માટે લડતા રહેવા માટે કોઇ દૈવી તત્ત્વની જરૂર પડતી હશે. કાળમુખા કોરોનાએ જ્યાં મુકામ કર્યો છે એ ચીનના વુહાન શહેરમાં એવાં કેટલાંયે ડોક્ટરો અને નર્સો છે જે લોકોને મોતના મુખમાંથી પાછા ખેંચી લાવવાના પ્રયાસોમાં લાગેલાં છે. એમને ખબર છે કે, એ લોકોને પાછા ખેંચવાની કોશિશમાં કદાચ અમે મોતના મોંમાં ખેંચાઇ જશું. કેવા કમાલના હશે એ માણસો, જે મોતને પણ પડકાર આપતા હોય છે!

એક નર્સની નાનકડી દીકરી હોસ્પિટલે માને મળવા જાય છે. દીકરીને કહી દેવાયું છે કે, તારે માની નજીક જવાનું નથી. દૂરથી તું માને જોઇ લેજે. ક્યાંક તને ચેપ લાગી ન જાય. માને મેસેજ આપવામાં આવે છે કે,

દીકરી તને મળવા આવી છે. આમ તો મળવા નહીં, પણ માને જોવા આવી છે એમ જ કહેવું પડે. મા જેવી વોર્ડમાંથી બહાર નીકળી મેદાનમાં આવે છે અને દીકરી તેને જોઇને જ ધ્રૂસકે ધ્રૂસકે રડવા લાગે છે. દીકરી બે હાથ પહોળા કરે છે કે મને તારી બાથમાં લઇ લે, મને તારું હગ જોઇએ છે. લાચાર મા પણ હાથ પહોળા કરે છે અને દૂરથી જ દીકરીને હગ કરતી હોય એમ હવામાં હાથ ફેલાવીને ‘એર હગ’ આપે છે. વરસતી આંખોવાળું આ દૃશ્ય ભલભલાના રુવાડાં ખડાં કરી દે એવું છે. આ દૃશ્યને એર હગ નામ આપ્યું છે ત્યારે એવું થાય કે હવા જ જ્યારે ઝેરી બની જાય ત્યારે આપણી જાત જ આપણી વેરી બની ગઇ હોય એવો અહેસાસ થયા વગર ન રહે.

વિયેતનામનો એક છોકરો વુહાન ભણવા ગયો હતો. કોલેજમાં વુહાનની જ એક છોકરી સાથે પ્રેમ થઇ ગયો. બધા સ્ટુડન્ટ્સ વુહાન છોડીને જઇ રહ્યા હતા. વિયેતનામનો આ છોકરો પણ પોતાના દેશ જતો હતો. પ્રેમિકાને થોડો થોડો તાવ હતો. કદાચ એ પણ કોરોનાનો ભોગ બની હતી. પોતાના દેશ જતા પહેલાં પ્રેમી પ્રેમિકા પાસે જાય છે. બંનેનાં મોં પર માસ્ક છે. લાસ્ટ કિસ માટે પ્રેમી મોઢા પરથી માસ્ક હટાવે છે. પ્રેમિકાની નજીક જાય છે. પ્રેમિકા ધક્કો મારીને દૂર હડસેલી દે છે અને કહે છે કે જલદી નીકળી જા, જીવતી રહીશ તો પાછા મળીશું. તરડાયેલા હોઠમાં એક ન જિવાયેલી લવસ્ટોરી તરફડતી હતી.

એક પ્રેગ્નન્ટ યુવતીને કોરોનાએ પોતાના સકંજામાં લીધી હતી. લેબર પેઇન શરૂ થયું અને ડોક્ટરોએ તેને ઘેરી લીધી. દીકરાનો જન્મ થયો. જેવો દીકરો જગતમાં આવ્યો કે તરત જ નર્સ તેને માતાથી દૂર લઇને ભાગી. મા કરગરતી હતી કે, મને એક વાર એને અડવા તો દો. હું મારા બાળકના ફર્સ્ટ ટચને ઝંખતી હતી. નર્સે કહ્યું કે, રહેવા દે, એ કદાચ બચી જશે. મા મોઢું જોવા પણ નથી પામતી. એના મનમાં સવાલ ઊઠે છે કે, હવે હું એનું મોઢું જોવા માટે જીવતી રહીશ ખરી? કે પછી મેં જેને જન્મ આપ્યો છે એનું મોં જ ક્યારેય નહીં જોઇ શકું? ફર્સ્ટ ટચ માટે ઝંખતાં ટેરવાં પર બાવળ ઊગી નીકળ્યા હોય એવી વેદના અનુભવવી બહુ અઘરી હોય છે.

એક વૃદ્ધ કપલને કોરોનાએ આભડી લીધાં. બંનેનાં શરીર આમેય નબળાં પડી ગયાં હતાં. દવાખાનામાં વૃદ્ધ પતિએ ડોક્ટરને એવી વિનંતી કરી કે, મહેરબાની કરીને મારી એક અને છેલ્લી વાત માનો, મારો ખાટલો પત્નીના ખાટલા પાસે જ રાખો. ડોક્ટરોને ખબર હતી કે હવે આ બંને વધુ સમયના મહેમાન નથી એટલે પતિની અંતિમ ઇચ્છાને માન આપતા હોય એમ બંનેના ખાટલા બાજુ બાજુમાં રખાયા. બે દિવસ થયા. પત્નીનો શ્વાસ ધીમે ધીમે સમેટાઇ રહ્યો હતો. એક હળવી હીચકી સાથે પત્નીએ પ્રાણ છોડ્યા. પતિ એકટસે પત્નીની સામે જ જોઇ રહ્યો હતો. વિદાય લેતી પત્નીના હાથ તરફ હાથ લીધો. પત્નીના હાથને સહેજ દબાવ્યો, બીજી જ મિનિટે પતિનો શ્વાસ પણ છૂટી ગયો. બંને સજોડે ચાલી નીકળ્યાં.

કોરોનાનો કાળમુખો પંજો ધીમે ધીમે વિસ્તરતો જાય છે. રોજેરોજ ચીનમાં નવી નવી કથાઓ જિવાતી અને મરતી જાય છે. અમુક ઘટનાઓ વાઇરલ થાય છે. એ સાથે આંસુ અને વેદના પણ વાઇરલ થતી રહે છે. મોત સામે હોય ત્યારે જિંદગી કદાચ વધુ સંવેદનશીલ થઇ જતી હોય છે. એવું થાય કે બધાને બચાવી લઇએ, પણ આપણે કંઇ જ ન કરી શકીએ. હા, એ લોકો માટે પ્રાર્થના જરૂર કરી શકીએ. થોડીક પ્રાર્થના એ વૈજ્ઞાનિકો માટે પણ કરીએ જે રાત-દિવસ મહેનત કરી કોરોનાની દવા અને રસી શોધી રહ્યા છે. ઇશ્વરને કહીએ કે હવે વધારે કથાઓ અમારે નથી જોવી કે સાંભળવી, બસ બહુ થયું. હવે રહેમ કર!

**પેશ-એ-ખિદમત**

**સૌ કિસ્સોં સે બહતર હૈ કહાની મેરે દિલ કી,**
**સુન ઉસકો તૂ એ જાન જબાની મેરે દિલ કી,**
**જુલ્ફોં મેં કિયા કૈદ ન અબરુ સે કિયા કત્લ,**
**તૂ ને તો કોઇ બાત ન માની મેરે દિલ કી.**
**(અબરુ - આઇબ્રો/ભૃકુટી) - ઇમામ બખ્શ નાસિખ**

**('દિવ્ય ભાસ્કર', 'રસરંગ' પૂર્તિ, તા. 16 ફેબ્રુઆરી 2020, રવિવાર. 'દૂરબીન' કોલમ)**

kkantu@gmail.com

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

## દૂરબીન - ૪

# બહુ ગભરાવ નહીં, તમારી જાત સાથે પણ થોડાક દયાળુ બનો!

### કૃષ્ણકાંત ઉનડકટ

**કોરોના વિશે દુનિયાના નિષ્ણાતો એવું કહે છે કે, કોરોના તો વહેલો કે મોડો ચાલ્યો જશે, પણ એની સાઇડ ઇફેક્ટસ આખી દુનિયાને લાંબો સમય સુધી કનડતી રહેવાની છે.**

**કોરોનાના કારણે લોકો ઓબ્સેસિવ કમ્પલઝન ડિસઓર્ડરનો ભોગ બની રહ્યા છે. ચોખ્ખાઇ અને સફાઇના મુદ્દે લોકો થરથર કાંપી રહ્યા છે!**

‘જાવ સીધા બાથરૂમમાં જઇને નહાઇ લ્યો. ક્યાંય અડતા નહીં.’ અનલોકિંગ પછી શરૂ થયેલી ઓફિસથી પરત આવેલા પતિને પત્નીએ સૂચનાઓ આપી. પતિની લેપટોપ બેગ, પાકિટ, ચાવી, ઘડિયાળથી માંડીને જે કંઇ ચીજવસ્તુઓ હતી એને જમીન પર રાખીને સેનિટાઇઝ કરી નાખી. સાથોસાથ એમ પણ કહ્યું કે, નાહીને કપડાં સીધા વોશિંગ મશીનમાં જ નાખી દેજો. આવી ઘટનાઓ આજકાલ ઘણાં ઘરોમાં બને છે. આમ જોવા જઇએ તો કારોનાના અત્યારના સમયમાં આટલી સાવધાની રાખવી જ પડે એમ છે. જોકે, આવા ઇસ્યૂ ઝઘડાનાં કારણો બનવા લાગ્યા છે. પતિ કહે છે કે, મને પણ ખબર પડે છે કે, બહારથી આવું પછી તરત જ નહાઇ લેવું જોઇએ, પણ તું આટલી બધી હાવી ન થઇ જા. કરું છું હું બધું પણ તું તો માથે સવાર થઇ જાય છે. જોબ પર જતો હોઉં ત્યારે પણ રોજે રોજ સૂચનાઓ આપતી રહે છે કે, ‘જોજો હોં, બધાથી દૂર રહેજો. માસ્ક ન ઉતારતા. હાથ સેનિટાઇઝ કરતા રહેજો. વાત પણ દૂરથી કરજો. લિફ્ટ ન વાપરતા. દાદરા ચડીને જ જજો. બધા સાથે જમવા ન બેસતા.’ એકેય વાત ખોટી નથી પણ એ કહેવાની અને કરાવવાની રીત ખોટી છે.

કોરોનાના કારણે લોકોની માનસિક હાલત ખરાબ થતી જાય છે. અમુક લોકો અને ખાસ કરીને મહિલાઓની સ્થિતિ એવી થઇ ગઇ છે કે, એને કોઇ જરાકે ય કંઇ કહે તો તરત એની આંખોમાંથી આંસુ વહેવા લાગે છે. પુરુષો રડતા નથી પણ એને માઠું લાગી જાય છે. બધા લોકોને પરિવારના સભ્યોની ચિંતા છે પણ આ ચિંતામાં એ એવા બેબાકળા થઇ જાય છે કે, પોતે શું કરી રહ્યા છે એનું ભાન પણ ક્યારેક રહેતું નથી. લોકો મગજ ઉપર કોરોનાફોબિયા સવાર થઇ ગયો છે. દુનિયાના સાઇક્યિાટ્રિસ્ટોને

એ વાતની ચિંતા સતાવી રહી છે કે, લોકોના મગજ ઠેકાણે આવતા બહુ વાર લાગશે. કોરોના વાઇરસ કરતા પણ વધુ કોરોનાફોબિયાએ લોકોને પોતાના સકંજામાં લઇ લીધા છે.

કોરોનાફોબિયા દિવસેને દિવસે વધતો જાય છે. એનું કારણ એ છે કે, કોરોના આખી દુનિયાને કન્ફ્યુઝ કરી રહ્યો છે. રોજ નવી નવી વાતો બહાર આવે છે. કોરોના હવાથી ફેલાય છે એવા વૈજ્ઞાનિકોના દાવાએ પેનિક ક્રિએટ કર્યો છે. એમાં વળી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન એવી વાત કરે છે કે, કોરોના હવાથી ફેલાય છે એવું છાતી ઠોકીને કહી શકાય એમ નથી. સાચી વાત તો એ છે કે, કોરોનાનું અંતિમ સત્ય શું છે એ જ કોઇને સમજાતું નથી. કોરોનાએ સર્જેલી અવઢવે માનવજાતને મુશ્કેલીમાં મૂકી દીધી છે. બધાને એક જ સવાલ પજવે છે કે, કોરોનાથી ક્યારે છૂટકારો મળશે? બધું પાછું ક્યારે નોર્મલ થશે? સ્કૂલ કોલેજ ક્યારે શરૂ થશે? ક્યારે ફરવા જવા મળશે? અમેરિકા, યુરોપ સહિત ઘણા દેશોએ કોરોનાની ઐસીતૈસી કરીને હરવા ફરવા જવાનું શરૂ કરી દીધું છે. એ લોકો જોખમી ખેલ ખેલી રહ્યા છે. અર્થતંત્રને બચાવવા માટે થોડુંક ખુલ્લું કર્યું તો બધા મનફાવે એમ કરવા લાગ્યા છે. આપણા દેશની જ વાત કરીએ તો, અનલોકિંગ પછી ઘણા લોકો કોરોનાને લાઇટલી લેવા લાગ્યા છે. જરા સરખી ગફલત કોઇને પણ કોરોનાના પંજામાં સપડાવી શકે છે. કોરોના વિશે અંતે તો એવી જ વાત છે કે, જ્યાં સુધી વેક્સિન નહીં શોધાય ત્યાં સુધી કંઇ થઇ શકવાનું નથી.

અનલોકિંગની સાથે એક વાત થતી આવી છે કે, કોરોનાના અસ્તિત્વનો સ્વીકાર કરીને જીવવાનું છે, વાત સાચી પણ કેસોની વધતી સંખ્યા અને દરરોજ આવતી જુદી જુદી વાતો લોકોની માનસિક હાલત ખરાબ કરી નાખે છે. લોકો ઓબ્સેસિવ કમ્પલઝન ડિસઓર્ડરના ભોગ બનવા લાગ્યા છે. વારંવાર હાથ ધોવા લાગ્યા છે. સફાઇનું વધુ પડતું ધ્યાન રાખવા લાગ્યા છે. આવા લોકો પોતે બધું કરે એ તો ઠીક છે પણ એ બીજા પાસે પણ આગ્રહ રાખવા લાગ્યા છે કે, તમે પણ આમ જ કરો. એના કારણે ઝઘડાઓ થવા લાગ્યા છે. એમાંયે જે લોકો પહેલથી ઓસીડીનો શિકાર હતા એ તો આખો દિવસ ઘસઘસ જ કરતા રહે છે.

આ વિશે દુનિયાના મનોચિકિત્સકો કહે છે કે, ધ્યાન રાખો પણ તમારી જાતના જ દુશ્મન ન બનો. તમારી જાત ઉપર પણ થોડીક દયા ખાવ. કોરોના વિશે ઓવરથિંકિંગ ન કરો. એવો ભય ન રાખો કે, મને કોરોના થઇ જ જશે. એનો મતલબ જરાયે એવો નથી કે, બેદરકાર રહો. આ વાત એ લોકો માટે છે જે કોરોનાફોબિયાથી પીડાય છે અને ઓસીડીનો ભોગ બની ગયા છે. અનલોકિંગ બાદ હવે ઘરે ઘરે કામવાળાઓ પણ આવતા થયા છે, લોકડાઉન વખતે ઘરનાં કામો કરીને લોકો કંટાળી ગયા હતા. ઘરનાં કામોને લઇને પણ ઘરે ઘરે ઝઘડાઓની ઘટનાઓ બની છે. તું કામમાં મદદ કરાવતો નથી,

મારે એકલાએ જ બધું કરવાનું? એ વિશે હજુ માથાકૂટો ચાલે છે. કામવાળા હવે આવે છે પણ લોકોને એમનો પણ ડર તો છે જ કે, એ ક્યાંય બહારથી કોરોના ન લઇ આવે. એમાં ઇન્કાર પણ થઇ શકે એમ નથી, આખરે તો એના માટે પણ એ જ ઉપાય છે કે, બને એટલું ધ્યાન રાખો. એ બધાની સાથે એ પણ ઓછું ઇમ્પોર્ટન્ટ નથી કે, તમારા માનસિક સ્વાસ્થ્યની કેર કરો. ચેક કરતા રહેજો કે, ક્યાંક તમે તમારી જાત સાથે અને તમારા લોકો પર અત્યાચાર તો નથી કરતાને?

પેશ-એ-ખિદમત

વો સુબ્હ આતે આતે રહ ગઇ કહાં,
જો કાફિલે થે આને વાલે ક્યા હુએ,
અકેલે ઘર સે પૂછતી હૈ બે-કસી,
તેરા દિયા જલાને વાલે ક્યા હુએ.
- નાસિર કાજમી

**( 'દિવ્ય ભાસ્કર', 'રસરંગ' પૂર્તિ, તા. 12 જુલાઇ 2020, રવિવાર, 'દૂરબીન' કોલમ)**

[kkantu@gmail.com](mailto:kkantu@gmail.com)

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

## દૂરબીન - ૫

# એક અંગત 'વીલ' બનાવીએ કે
# જિંદગી પૂરેપૂરી જીવી લેવી છે

### કૃષ્ણકાંત ઉનડકટ

**કોરોના કાળમાં લોકોએ વીલ બનાવવાના બહુ કામ કર્યા. એક ભાઇએ કહ્યું કે, મેં એક અંગત વીલ પણ બનાવ્યું છે કે, હવે મારે મારી જિંદગી દિલથી જીવવી છે**

**ક્યારેક ઠોકર પણ જિંદગી જીવવાનું કારણ પૂરું પાડતી હોય છે.**
**કોરોનાના કારણે આપણી જિંદગીમાં કેટલું અને કેવું પરિવર્તન થયું છે?**

જિંદગીની દરેક ઘટના આપણને કંઇક શીખવી જતી હોય છે. જો આપણે કંઇક શીખવું હોય તો! છેલ્લા છ મહિનાથી આખી દુનિયા ક્યારેય કલ્પના પણ કરી ન હોય એવા કપરા કાળમાંથી પસાર થઇ રહી છે. અનલોકની પ્રક્રિયા ચાલી રહી છે પણ કોરોનાનો ખતરો તો એવોને એવો બરકરાર છે. હા, થોડા સમયમાં વેક્સિન શોધાઇ જશે. બધું સારું નરવું થઇ જશે. આપણે બધા ન્યૂ નોર્મલમાંથી ફરીથી ઓલ્ડ નોર્મલમાં સરી જશું. સવાલ એટલો છે કે, કોરોનાથી આપણામાં કશો ફેર પડ્યો છે ખરો? કોરોના વિશે એક વાત એવી થાય છે કે, હવે કોઇપણ વાતનું મૂલ્યાંકન બિફોર કોરના અને આફટર કોરોનાના આધાર પર થશે. આફટર કોરોના પછી લાઇફ કેવી હશે? કોરોનાના સમયમાં બનેલી એક-બે સાવ સાચી વાત સાંભળવા જેવી છે. આપણે બધાએ એક વાત બહુ સાંભળી છે કે, આ સમયમાં ઘણા લોકોએ વીલ બનાવી લીધા. પોતે ન હોય તો કોને શું આપવાનું? એક ભાઇએ તેની સાથે જરાક જુદું પણ વિચાર્યું કે, પોતે હોય તો જિંદગી કેવી રીતે જીવવી?

કોરોના પહેલા એ ભાઇ રૂપિયા કમાવવામાંથી નવરા ન પડતા. આખો દિવસ કામમાં જ રચ્યા પચ્યા રહેતા. પોતાને જે કરવું હતું એના વિચાર આવે ત્યારે એવું વિચારતા કે, આરામથી કરીશ. અચાનક તેઓ કોરોના સંક્રમિત થયા. દવાખાને દાખલ થયા. વેન્ટિલેટર સુધી જઇને પાછા આવ્યા. તેણે પોતાનું વીલ બનાવ્યું. વીલ બનાવતી વખતે તેણે એના મિત્રને કહ્યું કે, એક અંગત વીલ પણ બનાવ્યું છે. એ વીલમાં એવું છે કે, હવે મારે મારી જિંદગી પૂરેપૂરી જીવવી છે. દવાખાનામાં હતો ત્યારે એ જ વિચાર આવતો હતો કે, મરી જઇશ તો? એની સાથે હું એ પણ વિચાર કરતો હતો કે, જીવી જઇશ તો? તો મારી જિંદગીને ભરપૂર જીવીશ. મારા

લોકો સાથે સમય પસાર કરીશ. ફરવા જઇશ અને જે ગમે એ કરીશ. હવે બચી ગયો છું ત્યારે એ વીલનો અમલ કરવો છે.

મોત જ્યારે નજર સામે આવે ત્યારે જ કદાચ જિંદગીના સૌથી વધુ વિચારો આવતા હોય છે. ક્યારેક ઠોકર પણ જિંદગી જીવવાનું કારણ પૂરું પાડે છે અને સાચો રસ્તો બતાવે છે. ઠોકર કહે છે કે, તું ખોટા રસ્તે હતો. હવે તક મળી છે. હવે તો સાચા રસ્તે આવી જા! વાત મોતથી ગભરાવવાની નથી. વાત જિંદગી જીવવાની છે. બીજી એક સાચી ઘટના પણ યાદ રાખવા જેવી છે. એક ભાઇને કોરોના થયા પછી દવાખાનામાં ખસેડવામાં આવ્યા. તેની હાલત નબળી પડતી જતી હતી. વીડિયો કોલથી એ ઘરના લોકોના સંપર્કમાં હતા. એક વખત તેણે વીડિયો કોલમાં વાત કરતી વખતે કહ્યું કે, મને નથી લાગતું કે હું બચું! તેણે એક નિઃસાસો નાખીને કહ્યું કે, મારી આજુબાજુમાં સારવાર લેતા લોકોમાંથી રોજ બે-ચાર મરી જાય છે. આ વાત સાંભળીને તેના એક સ્વજને કહ્યું કે, તારી આજુબાજુમાં કેટલા મરી જાય છે એ ન જો, એ જો કે કેટલા લોકો સાજા થઇ જાય છે? કેટલા લોકો હેમખેમ ઘરે જાય છે? મરી જવાના વિચાર ન કર, જિંદગી જીવવાના વિચાર કર! આ એક વાતથી એ ભાઇમાં પરિવર્તન આવી ગયું. એ બહાર આવ્યા ત્યારે કહ્યું કે, હવે પછી આખી જિંદગી મોત નહીં પણ જિંદગીના જ વિચારો કરીશ.

આ સમય જિંદગી જીવવાના કેટલા બધા પાઠ પૂરા પાડે છે? એક વધુ ઘટના જોઇએ. કોરોનાના પ્રારંભમાં જ્યારે સખત લોકડાઉન હતું ત્યારે એક ભાઇ બીમાર પડ્યા. એને કોરોના નહોતો પણ બીજી બીમારી હતી. ઘરના લોકો કોરોનાના કારણે અપસેટ હતા. ઘરમાં બીમારીના કારણે પણ વાતાવરણ બોઝિલ હતું. બીમાર વ્યક્તિના પલંગની સામેની દીવાલમાં એક ઘડીયાળ હતી. થયું એવું કે, એ ઘડીયાળ બંધ પડી ગઇ. એ ભાઇએ તેના સનને કહ્યું કે, ઘડીયાળ ચાલુ કરી દે. ઘડીયાળનો સેલ પૂરો થઇ ગયો હતો. ઘરમાં બીજો સેલ નહોતો. બહાર તો બધું બંધ હતું એટલે સેલ લઇ આવવાનો સવાલ નહોતો. દીકરાએ કહ્યું કે, સેલ તો નથી. બીમાર પિતાએ કહ્યું કે, તો એક કામ કર, ઘડીયાળ દીવાલ પરથી ઉતારીને કબાટમાં મૂકી દે! દીકરાએ પૂછ્યું કે, એવું કરવાનું કેમ કહો છો? પિતાએ કહ્યું, એટલા માટે કે મારે ઘડીયાળને બંધ નથી જોવી. મારે એ ફીલ કરવું છે કે, સમય ચાલે છે અને આ સમય પણ ચાલ્યો જવાનો છે. મારે મારી નજર સામે સમયને ચાલતો જોવો છે, અટકેલો નહીં!

કોરોનાના કારણે જિંદગી જીવવાના નજરિયામાં જો કંઇ ફેર ન પડે તો સમજવું કે, આ સમય એળે ગયો છે. આપણે આમ તો આખી જિંદગી રોદણાં રડવામાંથી જ નવરા પડતા નથી. હજુયે કોરોનાના નામના રોદણાં જ રડીએ છીએ કે, નવરાત્રિ બગડી અને હજુ દિવાળી પણ સારી જાય એવું લાગતું નથી. કોરોના તો વહેલો કે મોડો ચાલ્યો જશે પણ આપણામાં જે બદલાવ આવશેને એ કાયમી રહેવાનો છે. આ ચેન્જ, આ પરિવર્તન

પોઝિટિવ હોવું જોઇએ. એવું જે આપણને આપણી નજીક લઇ જાય, આપણને જિંદગીની નજીક લઇ જાય! આપણે કહીએ છીએ કે, જાન હૈ તો જહાન હૈ, સાચી વાત પણ જાન હોવા છતાં આપણે જીવીએ છીએ કેટલું? કેટલી હાયવોય કરીએ છીએ? એક હિંદી ભાષી મિત્રએ કહ્યું કે, કોરોના કા રોના છોડ દીયા હૈ, ઔર હસના શીખ લીયા હે! દિલ પર હાથ રાખીને વિચારજો કે, કોરોનાથી આપણે ખરેખર કંઇ શીખ્યા છીએ ખરા? એક અંગત વીલ બનાવો, જેમાં પોતાની મરજી મુજબ જીવવાનું લખો અને સમય બગાડ્યા વગર જિંદગી જીવવાનું શરૂ કરી દો!

**પેશ-એ-ખિદમત**

મુદતોં સે હમ ને કોઇ ખ્વાબ ભી દેખા નહીં,
મુદતોં ઇક શખ્સ કો જી ભર કે દેખે હો ગયે,
બસ તેરે આને કી ઇક અફવાહ કા એસા અસર,
કૈસે કૈસે લોગ થે બીમાર અચ્છે હો ગયે.
-નૌમાન શૌક

(‘દિવ્ય ભાસ્કર’, ‘રસરંગ’ પૂર્તિ, તા. 11 ઓકટોબર 2020, રવિવાર, ‘દૂરબીન’ કોલમ)

kkantu@gmail.com

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

દૂરબીન – ૬

# ન્યૂ નોર્મલ : નવી પરિસ્થિતિને તમે કેટલી ઝડપથી સ્વીકારી શકો છો?

## કૃષ્ણકાંત ઉનડકટ

સમય અને સંજોગો સતત બદલતા જ રહેવાના છે. આપણે આ બદલાવને જેટલી ઝડપથી સ્વીકારીએ એટલી જિંદગી સરળ અને સહજ રહે છે

જે કંઇ ચેન્જિસ આવે છે તેની સામે પહેલા સવાલ થાય છે, ફરિયાદ ઊઠે છે અને ધીમે ધીમે સ્વીકાર થાય છે અથવા તો સ્વીકાર કરવો પડે છે!

દુનિયાનો દરેક માણસ એક વાત જાણે છે કે, સમય ક્યારેય સરખો રહેતો નથી. અપ-ડાઉન એ જિંદગીની વાસ્તવિકતા છે. સમય જ્યારે આપણી ફેવરમાં હોય ત્યારે આપણને બધું સારું લાગે છે. સમય જરાકેય કરવટ બદલે કે તરત જ આપણે ફરિયાદો કરવા લાગીએ છીએ. કોરોનાએ આપણને બધાને એક વિચિત્ર અને ક્યારેય કલ્પના કરી ન હોય એવી સ્થિતિમાં મૂકી દીધા. લોકડાઉન પછી હવે અનલોકિંગની સિઝન ચાલુ થઇ છે. બધા લોકો ન્યૂ નોર્મલની વાતો કરી રહ્યા છે. આપણે બધાએ થોડીક નારાજગી, થોડીક ઉદાસી અને થોડીક બેચેની સાથે ન્યૂ નોર્મલનો સ્વીકાર કર્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો, સ્વીકાર કરવો પડ્યો છે. આપણી પાસે બીજો ઓપ્શન પણ ક્યાં છે? અગાઉ બિન્ધાસ્ત ફરનારા આપણે હવે માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝ પહેરીને ફરવા લાગ્યા છીએ. ઘણા લોકો પોલીસના ડરથી તો ઘણા લોકો સ્વાસ્થ્ય બગડવાની ચિંતાના કારણે ધ્યાન રાખવા માંડ્યા છે. બીજા પણ કેટલા બધા બદલાવ આપણી જિંદગીમાં આવી ગયા છે!

કોઇપણ પરિવર્તન આવે કે જિંદગીમાં કંઇ પણ થાય ત્યારે માણસ શું કરે છે? ગમે તે કરે પણ અંતે જે બદલાવ થયો હોય છે એનો સ્વીકાર કરવો પડે છે. હ્યુમન સાઇકોલોજીની એક ‘ધ કુબલર રોસ મોડલ’ની વાત જાણવા જેવી છે. 78 વર્ષના સ્વિસ-અમેરિકન સાઇક્યિાટ્રિસ્ટ ડોકટર એલિઝાબેથ કુબલર રોસે 1969માં લખેલા પુસ્તક ‘ઓન ડેથ એન્ડ ડાઇંગ’ માં આ મોડલની વાત કરી છે. તેમણે લખ્યું છે કે, જિંદગીમાં આવતા કોઇપણ દુ:ખના પાંચ તબક્કા માણસ ફીલ કરે છે. આ પાંચ સ્ટેજિસ

છે, ડિનાઇલ, એન્ગર, બાર્ગેઇન, ડિપ્રેશન અને એક્સેપ્ટન્સ. ગુજરાતીમાં કહીએ તો ઇન્કાર, ગુસ્સો, દલીલો, હતાશા અને સ્વીકાર. જ્યારે પણ આપણે કોઇ ટ્રેજેડી, ડિઝાસ્ટર, એક્સિડન્ટ, ડેથ, ડિવોર્સ કે બીજી કોઇ નેગેટિવ ઘટના બને છે ત્યારે આપણે આ પાંચ સ્ટેજમાંથી પસાર થઇએ છીએ.

કોરોનાના કિસ્સામાં પણ આપણે આ પાંચ સ્ટેજમાંથી પસાર થયા છીએ. આ વાત લાઇફ કોચ શ્રીજીથ ક્રિષ્નને સરસ રીતે સમજાવી છે. સૌથી પહેલા તો આપણે ડિનાઇલ મોડમાં હોઇએ છીએ. શરૂઆતમાં આપણે કોરોના આપણે ત્યાં નહીં આવે, આવશે તો પણ ગરમી અને બીજા કારણોસર બહુ સ્પ્રેડ નહીં થાય એવી વાતો કરી. કોરોના આવી ગયો પછી આપણે બીજા સ્ટેજમાં એટલે કે, એન્ગરના સ્ટેજમાં આવી ગયા. પરિસ્થિતિ સામે જ ગુસ્સો કરવા લાગ્યા, નારાજગી વ્યક્ત કરવા લાગ્યા. આવું એટલા માટે થયું કારણ કે આપણા હાથમાંથી બધો કંટ્રોલ જ ચાલ્યો ગયો. હરવા ફરવાવાળા આપણે ઘરમાં પુરાઇ ગયા. બહાર નીકળી ન શકાય. બધું મળવાનું બંધ થઇ ગયું. આપણી બધાની જિંદગી જ સાવ બદલી ગઇ. આવા સંજોગોમાં આપણે મનથી જ ગુસ્સે થતા હોઇએ છીએ. આવું તે હોતું હશે એવા સવાલો કરીએ છીએ. ઘણાને ગુસ્સો એટલે આવ્યો કે તેમણે જોબ ગુમાવી, ધંધામાં ફટકો પડ્યો, નોર્મલ લાઇફ ડિસ્ટર્બ થઇ ગઇ અને બીજુ ઘણું બધું થયું. ત્રીજા સ્ટેજમાં બાર્ગેનિંગ એટલે કે દલીલો શરૂ થાય છે. આવું શા માટે થયું? આટલી બધી ચિંતા અને વેદના શા માટે? બધા એવું ઇચ્છવા લાગ્યા કે, આ જલદીથી ખતમ થાય તો સારું! વેદના, ઉદાસી અને નિરાશા ચાલુ રહે એટલે હતાશા આવે છે. ભલે તીવ્ર ડિપ્રેશન ન હોય પણ હલકી ઉદાસી તો બધાએ મહેસૂસ કરી જ છે. ડિપ્રેશન કેવું અનુભવાય છે એ વ્યકિતની મેન્ટલ ફિટનેસ પર આધાર રાખે છે. આખરે છેલ્લા સ્ટેજમાં એક્સેપ્ટન્સ એટલે કે સ્વીકાર થયો. આપણે સ્વીકારી લીધું કે કોરોના રહેવાનો છે. આપણે હવે કોરોનાના અસ્તિત્વને સ્વીકારીને જીવવાનું છે. આપણે માસ્ક અને હેન્ડ ગ્લોવ્ઝ પહેરવાં લાગ્યાં, સેનિટાઇઝર સાથે રાખવા લાગ્યા, સોશિયલ ડિસ્ટન્સ મેઇનટેન કરવા લાગ્યા અને હકીકતને સ્વીકારીને જીવવા લાગ્યા. આ તો કોરોનાની વાત હતી, જિંદગીની બધી જ ખરાબ ઘટનાઓ વખતે આપણો પ્રતિભાવ અને પ્રતિસાદ આવો જ હોય છે. એ પછી કારમાં પંચર પડ્યું હોય, ફ્લાઇટ મિસ થઇ ગઇ હોય, કોઇએ દગો કર્યો હોય, બ્રેક-અપ થયું હોય કે ડિવોર્સ થયા હોય. ફરિયાદથી માંડીને સ્વીકારના તબક્કામાંથી આપણે પસાર થઇએ છીએ.

સવાલ એ થાય કે, માની લઇએ કે આ વાત સાચી છે, તો કરવું શું? સૌથી મહત્ત્વની વાત એ કે, જેટલી જલદીથી આપણે કોઇ ઘટનાનો સ્વીકાર કરી લઇએ એટલી ઝડપથી આપણે મુક્ત થઇ શકીએ છીએ. ઘણા લોકો લાંબો સમય સુધી કોઇ ઘટનામાંથી બહાર જ નીકળી શકતા નથી. એ લોકો વધુ પીડાય છે. આપણી સાથે કંઇ બને એ પછી આપણે જેમ બને એમ ઝડપથી ન્યૂ નોર્મલમાં આવી જવું જોઇએ.

વહેલું કે મોડું, ન્યૂ નોર્મલમાં આવવું તો પડે જ છે, તો પછી વહેલું શા માટે નહીં? જિંદગીમાં કંઇ પણ બને એટલે શોક લાગવાનો જ છે. મારી સાથે જ કેમ? મારો વાંક શું? મેં તો કોઇનું ખરાબ નથી કર્યું! આવા ઘણા સવાલો થાય છે. કોઇ જવાબ મળતા નથી. જવાબ હોય જ નહીં તો ક્યાંથી મળવાના? આપણી પાસે એક જ માર્ગ અમે એક જ ઉકેલ હોય છે, જે પરિસ્થિતિ, જે સંજોગ છે એનો સ્વીકાર કરવો. કોરોનાના અસ્તિત્વનો સ્વીકાર કરી લીધા પછી આપણું પેઇન ઓછું થયું છે, ધ્યાન રાખીએ છીએ પણ બહુ ચિંતા કરતા નથી. કોરોનાના ન્યૂ નોર્મલની જેમ જ લાઇફમાં બનતી ઘટના બાદ પણ ન્યૂ નોર્મલમાં આવી જવાનું હોય છે. શારીરિક અને માનસિક સ્વસ્થતા માટે સ્વીકારને સમજીને, સ્વીકાર કરીને મૂવ ઓન થઇ જઇએ તો જિંદગી ઝડપથી થાળે પડી જાય છે!

**પેશ-એ-ખિદમત**

બહસ મેં દોનોં કો લુત્ફ આતા રહા,
મુઝ કો દિલ, મૈં દિલ કો સમઝાતા રહા,
મૌત કે ધોકે મેં હમ ક્યૂં આ ગએ,
જિંદગી કા ભી મજા જાતા રહા
-જોશ મલસિયાની

( ‘દિવ્ય ભાસ્કર’, ‘રસરંગ’ પૂર્તિ, તા. 05 જુલાઇ 2020, રવિવાર, ‘દૂરબીન’ કોલમ)

kkantu@gmail.com

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

દૂરબીન - ૭

# કોરોનાની વેક્સિન તો શોધાઇ જશે પણ હતાશા, ગુસ્સા અને સંઘર્ષનું શું?

## કૃષ્ણકાંત ઉનડકટ

**કોરોનાની વેક્સિન થોડા સમયમાં આવી જશે એવા દાવાઓ થઇ રહ્યા છે. કોરોના તો વહેલો કે મોડો ચાલ્યો જશે, તેની બીજી અસરોથી આપણે મુક્ત થઇશું?**

**હતાશા, ઉદાસી, ગુસ્સો, સંઘર્ષ અને બીજી નેગેટિવ અસરો ટાળવા માટે કોઇ રસી આવવાની નથી. એને હટાવવા માટે દરેક માણસે જ પ્રયાસો કરવા પડશે**

આખીયે દુનિયા એક સાથે શેનીયે કાગડોળે રાહ જોતી હોય, તો એ છે કોરોનાની વેક્સિન. આખા જગતે કોઇ એક વસ્તુની એકસાથે ઝંખના કરી હોય તેવી કદાચ આ પહેલી ઘટના છે. વેક્સિનનું નામ પડે એટલે બધાનાં કાન ચમકે છે. કોરોનાએ બધાંના જે હાલ કર્યાં છે એની તો કોઇએ ક્યારેય કલ્પના પણ કરી નહોતી. કોરોનાની વેક્સિન એક્ઝેક્ટલી ક્યારે આવશે એ કોઇ છાતી ઠોકીને કહી શકે એમ નથી, પણ એક વાત નક્કી છે કે, વહેલી કે થોડીક મોડી, કોરોનાની વેક્સિન આવી તો જવાની જ છે. આપણે બધાંએ જેટલો ટાઇમ કાઢ્યો છે એટલો સમય હવે કાઢવાનો નથી. મહિનો, બે મહિના કે મોડામાં મોડા ત્રણ મહિનામાં તો કોરોનાની વેક્સિન આવી જ જવાની છે. કોરોના જવાનો જ છે. સવાલ એ છે કે, કોરોનાના પગલે પગલે જે આવ્યું છે, એનું શું થશે?

દુનિયાના મનોચિકિત્સકો અને સમાજશાસ્ત્રીઓ આજકાલ જે વાત કરે છે એ સમજવા અને અનુસરવા જેવી છે. તેઓ કહે છે કે, કોરોનાને કારણે લોકોની માનસિકતામાં ઘણોબધો બદલાવ આવી ગયો છે. કોરોનાની જેટલા લોકો ઉપર અસર થઇ છે, તેના કરતાં વધુ લોકો પર માનસિક અસર થઇ છે. હતાશા, નિરાશા, ઉદાસી, નારાજગી, ગુસ્સો અને બીજી નેગેટિવ અસરો આપણા સૌમાં આવી છે. મજબૂત મનવાળા લોકોને થોડીક ઓછી અસર થઇ છે, નબળા મનના લોકોને થોડીક વધુ અસર થઇ છે. ભાગ્યે જ એવા લોકો હશે જેને કોરોનાના કારણે કોઇ જ અસર ન થઇ હોય. નિષ્ણાતો કહે છે કે, કોરોનાની વેક્સિન આવશે, પણ આ હતાશા અને બીજી નેગિટિવ અસરો દૂર કરવાની કોઇ વેક્સિન આવવાની નથી. એ તો દરેક વ્યક્તિએ પોતાની રીતે

જ હટાવવા પડશે. એ રસી તો દરેકે પોતાની મેળે જ શોધવી પડશે. સવાલ એ થાય કે, એ કેવી રીતે બની શકે? એનો જવાબ છે, મનોબળને મજબૂત અને મક્કમ બનાવીને! તમારે જ તમારા તબીબ બનવું પડશે, તમારે જ તમારા મોટિવેટર બનવું પડશે અને તમારે જ તમારી પરિસ્થિતિ બદલવી પડશે.
સૌથી કફોડી હાલત બે લોકોની થઇ છે. એક તો જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યાં છે એની અને બીજા જેણે પોતાની નોકરી ગુમાવી છે કે બિઝનેસમાં ફટકો પડ્યો છે. કોરોનાના કારણે એમની માનસિક હાલત વિચિત્ર થઇ ગઇ છે. સ્વજન બીમાર હતાં ત્યારે એમનું ધ્યાન ન રાખી શક્યાં એનો વસવસો છે. દવાખાનાંમાં એકલા એકલા દમ તોડ્યો, વિદાય લીધા પછી ઘરે પણ ન લાવી શક્યાં, છેલ્લી વખત સરખી રીતે મોંઢું પણ જોઇ ન શક્યાં. આ વેદના અંદર ને અંદર ઘૂંટાતી રહે છે. જેને પોતાને કોરોનાની અસર થઇ હતી એ પણ હોસ્પિટલ કે ઘરના રૂમમાં સાવ એકલા હતા. ક્વોરન્ટાઇનના દિવસો પણ કંઇ ઓછા ખતરનાક નથી હોતા.

જોબ ગુમાવી છે એ લોકોને ઘર ચલાવવાની ચિંતા છે. અત્યારે માહોલ એવો છે કે નવી નોકરી પણ મળે એમ નથી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશનના રિપોર્ટ અનુસાર, કોરોનાના કારણે મહિલાઓની હાલત સૌથી વધુ કફોડી થઇ ગઇ છે. સૌથી વધુ નોકરી મહિલાઓએ ગુમાવી છે. માનસિક ફટકો પણ મહિલાઓને વધુ પડ્યો છે. મહિલાઓ મોટા પાયે ડોમેસ્ટિક વાયોલન્સનો ભોગ બની છે. આ બધી એવી અસરો છે જેમાંથી બહાર નીકળતાં ઘણી વાર લાગવાની છે. સાઇકિયાટ્રીસ્ટો એવું કહે છે કે, તમે તેમાંથી જેટલી વહેલી તકે બહાર નીકળી જશો એટલું તમારા હિતમાં હશે. એના માટે જરૂરી એ છે કે, જે ગયું છે એના વિશે બહુ વિચારો ન કરો. વિચારોને નવી દિશા આપો. તમને ગમતું હોય એવું કંઇક કરતાં રહો. સંબંધોને સ્વસ્થ રાખો. આવતી કાલ સારી ઊગવાની છે. હેલ્થ પ્રત્યે સજાગ રહો. માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે જ નહીં, માનસિક સ્વસ્થતા માટે પણ સજાગ રહો. હસવાનું થોડુંક વધારી દો. કોરોનાના સમય દરમિયાન સંબંધોમાં ડિસ્ટન્સ આવી ગયાના કિસ્સાઓ પણ બહુ બન્યા છે. એ અંતરને ઘટાડવાનો પ્રયાસ કરો.

ડિપ્રેશન એકાદ-બે નેગેટિવ વિચારોથી આવતું નથી. નકારાત્મક વિચારોનો સિલસિલો શરૂ થાય એ પછી માણસ ધીરે ધીરે હતાશામાં ગરકાવ થઇ જાય છે. આપણે જો પહેલાંથી જ થોડાક સતર્ક રહીએ, તો નબળા વિચારોથી બચી શકાય છે. એક્સપર્ટસ દુનિયાના દેશોની સરકારોને પણ એવી સલાહ આપે છે કે, વેક્સિન શોધાઇ જાય એ પછી પણ સંતોષ માની નહીં લેતાં. લોકોની હેપીનેસ માટેના પ્રયાસો ચાલુ રાખજો. દરેક ઉંમરના વ્યક્તિના પોતાના મેન્ટલ ઇસ્યૂઝ છે. નાનાં બાળકોને પણ ઘરમાં ને ઘરમાં પૂરાઇ રહીને કે શાળાથી દૂર રહીને ઘણી અસરો થઇ છે. કોરોના ભલે ન થયો હોય, પણ કોઇ વ્યકિત તેની અસરમાંથી મુક્ત નથી. ન્યૂ નોર્મલ નાછૂટકે સ્વીકારવું પડ્યું છે. નવરાત્રિ ઘરમાં બેસીને વિતાવવી પડી છે. દિવાળી પણ દર વખત જેવી રહેવાની નથી. સામાન્ય સંજોગો હોત તો દિવાળીની ખરીદી ચાલતી હોત, ફરવા જવાના પ્લાનિંગ થઇ ગયાં હોત અને વાતાવરણમાં પણ ફેસ્ટિવલ માહોલ વર્તાતો હોત!

હમણાં તો એવી જ વાતો ચાલે છે કે, તમને શરદી-ઉધરસ નથી ને, તમને તાવ નથી આવતો ને, તમને શ્વાસ લેવામાં તકલીફ નથી પડતી ને, તો તમારા જેવું સુખી કોઇ નથી! કોઇ ને કોઇ બહાને હસતાં રહો, પછી એ ભલે વોટ્સએપ ઉપર આવેલો કોઇ જોક કે મિમ્સ કેમ ન હોય! પેલો મેસેજ બહુ ચાલ્યો હતો કે, હે ભગવાન! 2020ને ડીલીટ કરી દો, એમાં વાઇરસ છે! બીજી એક વાત એ હતી કે, આ વખતે ન્યૂ યરના દિવસે 2021ના આગમન કરતાં 2020ની વિદાયની ખુશી વધારે હશે! જિંદગી છે, ચડાવ-ઉતાર તો ચાલતાં જ રહેવાનાં છે. આ સમય પણ ચાલ્યો જવાનો છે. આપણી જાતને નબળી પડવા ન દઇએ એ સૌથી વધુ મહત્વનું છે!

**પેશ-એ-ખિદમત**

મેરે દુ:ખ કી કોઇ દવા ન કરો,
મુઝ કો મુઝી સે અભી જુદા ન કરો,
ઇશ્ક હૈ ઇશ્ક યે મજાક નહીં,
ચંદ લમ્હો મેં ફૈસલા ન કરો.
- સુદર્શન ફાકીર

('દિવ્યભાસ્કર', 'રસરંગ' પૂર્તિ, તા. 01 નવેમ્બર 2020, રવિવાર, 'દૂરબીન' કોલમ)

kkantu@gmail.com

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

# હવે હું નહીં બચું!

## કૃષ્ણકાંત ઉનડકટ

તમારો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે!

હેં! માનસને આશ્ચર્યનો પાર ન રહ્યો. મેં તો તમામ પ્રિકોશન લીધા હતા. ક્યાંય બહાર પણ નથી ગયો. બહાર ગયો તો ત્યારે પણ માસ્ક પહેરી જ રાખ્યું હતું. આવીને તરત નાહી લેતો હતો.

જરાક ટેમ્પ્રેચર હતું. માનસને થયું કે, એ તો હોય! ઘરના લોકોએ દબાણ કર્યું ત્યારે માનસ કોરોનાનો રિપોર્ટ કરાવવા તૈયાર થયો હતો.

આખરે માનસને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો. 35 વર્ષનો માનસ મનનો મજબૂત હતો. તેણે કહ્યું કે, હવે કોરોના છે તો છે, હું વહેલી તકે આમાંથી બહાર આવી જઇશ. દવાખાને જતી વખતે ઉલટું એ બધાને કહેતો ગયો કે, કંઇ ચિંતા કરતા નહીં. હું કંઇ એમ મરી જવાનો નથી!

હોસ્પિટલમાં દાખલ થતાં વેંત જ સારવાર ચાલુ થઇ ગઇ. પહેલા દિવસે તો કંઇ વાંધો લાગતો નહોતો. બીજા દિવસે અચાનક વિકનેસ લાગવા માંડી. ઓક્સિજન લેવલ માપ્યું તો ખબર પડી કે, ઓક્સિજન લેવલ ડાઉન થતું જાય છે. ઓક્સિજન લેવલ મિનિમમ 95 પ્લસ હોવું જોઇએ, એના બદલે 70 થઇ ગયું હતું.

સિસ્ટર, આમને તાત્કાલિક ઓક્સિજન આપો. ડોકટરે આદેશ કર્યો એ સાથે નર્સે બેડની નજીકથી જ પસાર થતી ઓક્સિજનની પાઇપ સાથે નળી લગાવીને માનસને માસ્ક પહેરાવી દીધો.

ઓક્સિજનના માસ્કથી ગૂંગળામણ થતી હતી પણ કોઇ વિકલ્પ નહોતો. પાણી પીવાની ઇચ્છા થાય તો પણ માસ્ક હટાવવું પડતું હતું.

અત્યાર સુધી તો વીડિયો કોલથી બધા સાથે વાત પણ થતી હતી. હવે મોઢે માસ્ક હોવાથી વાત પણ થઇ શકતી નહોતી. ડોકટરે પણ કહ્યું હતું કે, કોઇ જોખમ ન લો, આરામ કરો!

ઘરના લોકોને ઓક્સિજનની ખબર પડી ત્યારે ધ્રાસ્કો પડ્યો. ડોકટર સાથે વાત કરી. ડોકટરે કહ્યું કે, માનસના રિપોર્ટ સારા નથી. વી આર ટ્રાઇંગ અવર બેસ્ટ.

બે દિવસ થયા. ઓક્સિજન લેવલ વધુ ડાઉન જવા લાગ્યું. તાવ પણ વધવા લાગ્યો હતો. શરીર પણ હવે સાથ આપતું નહોતું. ડોકટરે તરત જ માનસને આઇસીયુમાં શિફ્ટ કરી દીધો.

તબિયત તો બગડતી જ જતી હતી. આખરે ડોકટરે કહ્યું કે, હવે એક જ ઉપાય છે, માનસને વેન્ટિલેટર પર લેવો પડશે!

હા પાડવા સિવાય બીજો ઉપાય પણ ક્યાં હતો?

માનસને વેન્ટિલેટર પર લીધો. મજબૂત મનનો માનસ પણ હવે નબળો પડી ગયો હતો. એને એવું લાગવા માંડ્યું હતું કે, હવે અહીંથી બહાર જ નહીં નીકળી શકું! હવે મારું ડેડબોડી જ જશે!

માનસ ભયથી કાંપવા લાગ્યો હતો. તેને થયું કે, એકવાર, માત્ર એક વાર, ઘરના લોકો સાથે વાત કરી લઉં! પછી કદાચ વાત કરવા મળે કે ન મળે! મારું મોઢું પણ જોવા મળે કે ન મળે!

ડોકટર આવ્યા ત્યારે પણ માનસે ઇશારા કરીને કહ્યું કે, પ્લીઝ થોડી વાર વેન્ટિલેટર હટાવી લો. મને છેલ્લી વાર મારા ઘરના લોકો સાથે વીડિયો કોલથી વાત કરી લેવા દો. ઘરેથી પણ માનસના માત-પિતા ડોકટરને એવું જ કહેતા હતા કે, એકવાર માનસનું મોઢું જોઇ લેવા દો.

આખરે ડોકટર સંમત થયા. માનસનું વેન્ટિલેટર હટાવી જોયું. શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી પણ વાંધો આવે તેવું ન લાગ્યું. માનસના પિતાને વીડિયો કોલ જોડ્યો.

કોલ આવતા જ માનસના માતા-પિતા સ્ક્રીન પર એકટસે જોવા લાગ્યા.

માનસનો અવાજ તરડાયેલો હતો. મા-બાપને હાથ જોડ્યા. તેના શબ્દો હતા... હવે હું નહીં બચું. મારી આસપાસ રોજ ચાર-પાંચ લોકો મરી જાય છે. હવે કદાચ મારો વારો પણ આવી જશે! હવે હું નહીં બચું!

દીકરાની વાત સાંભળીને મા-બાપ બંને હતપ્રભ થઇ ગયા. પિતાએ મહેનત કરીને સ્વસ્થતા કેળવી. પિતાએ પછી કહ્યું કે, એ ન વિચાર કે તારી આજુબાજુમાં દરરોજ ચાર-પાંચ લોકો મરી જાય છે, એ વિચાર કે તારી આજુબાજુમાંથી સાજા થઇને દરરોજ કેટલા લોકો ઘરે જાય છે. મરવાના વિચાર ન કર, જીવવાની વાત કર! તું મારો સ્ટ્રોંગ દીકરો છે. તને કંઇ જ નથી થવાનું!

પિતાના આ શબ્દોએ માનસ ઉપર ગજબની અસર કરી. વીડિયો કોલ પૂરો થયો એ પછી માનસને વેન્ટિલેટર પાછું લગાવી દેવાયું.

પિતાના શબ્દો મનમાંને મનમાં ગૂંજતા હતા... મરવાના વિચાર ન કર... જીવવાનું છે એવું જ વિચાર! માનસે વિચારનો ટ્રેક બદલી નાખ્યો. ભલે વેન્ટિલેટર પર લેવાયો પણ મને કંઇ નથી થવાનું. હું જીવવાનો છું. ધીમે ધીમે એની જીજીવિષા પ્રબળ થવા લાગી!

અચાનક શરીરમાં પણ ચેતન આવવા લાગ્યું. ઓક્સિજન લેવલ વધવા લાગ્યું. વેન્ટિલેટર હટાવીને ફરીથી ઓક્સિજન પર લેવાયો. ઓક્સિજન હટાવ્યું તો પણ લેવલ સારું રહેવા લાગ્યું. સેટિસફેક્શન ખાતર ફરીથી કોરોનાનો ટેસ્ટ કરવામાં આવ્યો.

ડોકટર માનસના બેડ પાસે આવ્યા. ડોકટરના હાથમાં કોરોનાનો રિપોર્ટ હતો. માનસ સામે જોઇને થોડુંક હસીને ડોક્ટર બોલ્યા, નેગેટિવ!

માનસની આંખોના ખૂણા ભીના થઇ ગયા. તેનાથી બોલી જવાયું, થેંક ગોડ!

ડોકટરે કહ્યું કે, થેંક ગોડ સાથે થેંક ડેડ પણ કહો! અમારી સારવાર સાથે તમારા પિતાના શબ્દોએ પણ બહુ મોટી અસર કરી છે!

ચાર દિવસમાં માનસ ઘરે જવા જેવો થઇ ગયો. એમ્બ્યુલન્સમાં ઘરે પહોંચ્યો. પિતાને વળગીને રડી પડ્યો. તેણે કહ્યું, થેંક યુ ડેડી! હવે હું જીવીશ ત્યાં સુધી જીવવાના જ વિચાર કરીશ!

આ સાવ સાચી ઘટના છે. આમાં સૌથી મહત્વની કોઇ વાત હોય તો એ જ છે કે, વિચારોને નબળા પડવા ન દો. વિચારોમાં જબરી તાકાત હોય છે. રિપોર્ટ પોઝિટિવ આવ્યા પછી જે પોઝિટિવ રહ્યા છે એનો જ રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. એક વાત સાબિત થઇ છે કે, માણસ તન કરતા પહેલા મનથી મરી જાય છે. જેની જીજીવિષા પ્રબળ રહે છે એ મોતને પણ પડકાર આપી શકે છે. એ વાત તો સાજા નરવા લોકોને પણ એટલી જ લાગુ પડે છે કે, જિંદગીને નજર સામે રાખો, મોતને નહીં. જિંદગીને ભરપૂર જીવી લો! રોજ સવારે જાતને પ્રોમિસ આપો કે, મારી જિંદગી હું ભરપૂર જીવીશ!

કૃષ્ણકાંત ઉનડકટ
વરિષ્ઠ પત્રકાર-લેખક-ચિંતક

# કોરોનાકાળમાં પણ તાલ ગ્રુપે નૃત્યની પ્રવૃત્તિ જીવંત રાખી

કૃતિકા શાહ

કોરોનાની મહામારી એ આખા વિશ્વને સ્તબ્ધ કરી દીધુ. કોવિડ-૧૯ નો ખોપ અને ગંભીરતા જોતા લોકડાઉન ૧-૨-૩ ની જાહેરાતો થતી રહી. વેપાર, ઉદ્યોગ, વાણિજ્ય સાથે કળા પ્રવૃત્તિ પણ બંધ થઈ ગઈ. સીનેમાગૃહ, નાટયગૃહ, સભાગૃહ ને બંધ કરી દેવામાં આવ્યા. અમારુ તાલ ગ્રુપ જેમાં નૃત્ય અને ગરબાની પ્રવૃત્તિ કરીએ છીએ એને માટે સૌથી મોટો પ્રશ્ન એ હતો કે સ્ટેજ પરફોમન્સ બંધ થઈ ગયા તો હવે શું કરીશું ?

તાલ ગ્રુપ ગુજરાત, મહારાષ્ટ્ર, દિલ્હી ઉપરાંત અન્ય દેશોમાં ગરબા અને નૃત્યના કાર્યક્રમો આપી ચૂકી છે. તાલ ગ્રુપ દ્વારા અત્યાર સુધીમાં પાંચ દેશોમાં લોકનૃત્ય અને ગરબાના કાર્યક્રમો આપવામાં આવ્યા છે. સ્વીત્ઝરલેન્ડ, પ્રાગ, બલગેરિયા, જ્યોર્જીયા અને બેલજીયમ દેશમાં અમો એ ભારતિય લોકનૃત્ય ના પરર્ફોમન્સ આપ્યા છે.

ઉપરોકત વિવિધ દેશોમાં આંતર રાષ્ટ્રીય ફોકલોર ફેસ્ટીવલમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી, ભારતની સંસ્કૃતિને ઉજાગર કરવાના અમારા ધ્યેયએ ગુજરાત, રાજસ્થાન, બંગાળ, મહારાષ્ટ્ર, પંજાબ ના વિવિધ લોકનૃત્યની રજૂઆત કરી લોક ચાહના મેળવી છે. ૨૦૨૦ ના મે મહિનામાં અમારે નેધરલેન્ડના આંતર રાષ્ટ્રીય ફોક લોરમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાનું હતું. પરંતુ કોરોના ના કારણે આંતર રાષ્ટ્રીય વિમાની સેવા બંધ થઈ ગઈ અને અમારે તે ટ્રીપ કેન્સલ કરવી પડી. આમ કોરોનાએ અમારી આ કળા પ્રવૃત્તિ ઉપર વ્રજઘાત કર્યો.

પરંતુ તાલ ગ્રુપે હાર ન માની. અમે નક્કી કર્યું કે નૃત્યની પ્રવૃત્તિને કોરોના કાળમાં પણ જીવતી રાખીશું. એટલે અમે ઓનલાઈન નૃત્ય અને ગરબાની પ્રવૃત્તિ શરૂ કરી.

અમે સૌ પ્રથમ **“Fest Folk Mundi in Rede at Brazil”** માં ભાગ લીધો. અમારા લોકનૃત્યના વિડીયો આ આંતર રાષ્ટ્રીય ઓનલાઈન ફેસ્ટીવલમાં રીલીઝ થયા.

ત્યારબાદ ‘તાલ સે તાલ મીલા’ ના શિર્ષક હેઠળ અમે ભારતમાં થતા સાત પ્રકારના ક્લાસીકલ નૃત્યનો પ્રોગ્રામ ઓનલાઈન કર્યો જેમાં ભરતનાટયમ, કથક, કૂચીપુડી, ઓડીસી, મોહિનીઅટ્મ, કથકલી અને

મણીપુરી વગેરે નૃત્યના કલાગુરૂ દ્વારા જેતે નૃત્ય કલાની માહિતી આપવામાં આવી અને એ નૃત્યો પ્રસ્તુત પણ કરવામાં આવ્યા. આમ તાલ ગ્રુપ દ્વારા સાત નૃત્યના પ્રકારનું ઓનલાઈન શિક્ષણ આપવામાં આવ્યું અને નૃત્યો પ્રસ્તુત થયા.

"તાલ ગ્રુપ" **'CIOFF'** નુ સભ્ય છે. તેથી **CIOFF 50th Anniversary Folklore at Distance International Workshop Marathon** માં ભાગ લઈ દુનિયા ના ૭૦ દેશોના કલાકારોને ભારતના ગરબા અને ફોક ડાન્સ શીખવ્યા. આ વર્કશોપમાં તાલ ગ્રુપના ડીરેકટર અને કોરીયોગ્રાફર શ્રીમતી કૃતિકા શાહ ની કલા અને નૃત્ય શીખવવાની પધ્ધતિના ભરપૂર વખાણ થયા. આમ આંતર રાષ્ટ્રીય વર્કશોપમાં નૃત્યનું શિક્ષણ આપવાનો અમારો પ્રયત્ન સફળ રહ્યો.

અમે તા ૨૦, ૨૧, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૦ ના રોજ **20th Global Folk Dance Festival** માં ભાગ લઈ ફરીવાર આંતર રાષ્ટ્રીય તખ્તા ઉપર ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. અત્રે નોંધવું જરૂરી છે **CIOFF** ના ભારતના પ્રમુખ શ્રી પવનકુમાર અને ચારૂ ફેશન ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે અમે **20th Global Folk Dance Festival** માં આપણા દેશના લોકનૃત્ય રજૂ કરી શક્યા. આ ફેસ્ટીવલમાં ૨૫ દેશો ના કલાકારોએ પોતાની સંસ્કૃતિના ફોક ડાન્સ રજૂ કર્યા. આ ફેસ્ટીવલ યુનેસ્કો સાથે જોડાયેલું હતું.

નવરાત્રી એટલે ગુજરાતનો સૌથી મોટો લોક ઉત્સવ. કોરોના કાળમાં નવરાત્રી ઉત્સવમાં **Actual** ગરબા શક્ય ન હતા. આથી તાલ ગ્રુપ દ્વારા **"Virtual Navratri 2020"** નું આયોજન કરવામાં આવ્યું. આ આયોજનને સુરત મહાનગરપાલિકા, રાજ્ય સરકાર તથા ઈન્ડીયન કાઉન્સીલ ફોર કલ્ચરલ રીલેશન, ગુજરાતનો સહયોગ પ્રાપ્ત થયો.

આમ તાલ ગ્રુપ દ્વારા કોરોનાના આપત્તિ કાળમાં પણ નૃત્ય પ્રવૃત્તિને જીવંત રાખવામાં આવી અને નૃત્ય દ્વારા લોકોના દુ:ખ દર્દને ભૂલાવવાનો પ્રયત્ન થયો.


કૃતિકા શાહ

ફાઉન્ડર ડીરેકટર અને કોરીયોગ્રાફર, તાલ ગ્રુપ, સુરત – ૯૯૯૮૩ ૫૦૦૦૮

# કોરોના સામેનું યુદ્ધ અભૂતપૂર્વ પણ છે અને પડકારજનક પણ

## લવજીભાઈ ડી. ડાલીયા (બાદશાહ)

સામાન્ય રીતે સરકારશ્રીની ગાઈડલાઈન્સ મુજબ હું કોરોના મહામારી ના સમયમાં હમેશા તકેદારી રાખતો હતો, અને સામાન્ય રીતે હું મારા ફાર્મહાઉસ પર એકલોજ રહેતો હતો. એક રાત્રે હું સુતો હતો ત્યારે અચાનકજ મને ઠંડી લાગવા લાગી. બીજા દિવસે તાવ (ફીવર) જેવું પણ લાગ્યું અને ફરી પાછી ઠંડી લાગવા લાગી, એટલે તરત જ મેં મારા ફેમીલી ડોક્ટર સાથે વાત કરી અને પૂછ્યું કે 'આવા લક્ષણો કોરોનાના હોઈ શકે ખરા?'

એમણે મને કહ્યું, 'હા હોઈ શકે.' એટલે મેં તરત જ કિરણ હોસ્પિટલમાં સંપર્ક કર્યો. અને મથુરભાઈ સવાણીને વાત કરી એમણે કોરોના ટેસ્ટ કરાવવાની સલાહ આપી, રોગની ગંભીરતા જોઇને હું તરતજ હોસ્પિટલ ગયો આ વિભાગના સંબધિત ડોકટરે મારું ચેક-અપ કર્યું. સાચું કહું તો મારા મનમાં તો કોરોના હોઈ શકે એવી કોઈ કલ્પના પણ નહોતી. આતો હમણા થાકના કારણે બે દિવસથી ઠંડી, તાવ જેવું લાગતું હશે તેવું મનમાં ને મનમાં વિચારતો હતો, મારા મનમાં તો કોરોના પોઝીટીવ આવશે એવું એક ટકાના ભાગમાં પણ નહોતું. કોરોનાનો ટેસ્ટ કરાવી ને હજી તો ગાડીમાં બેઠોકે તરત જ મને કોલ આવ્યો કે રીપોર્ટ આવી ગયો અને તમારો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે, એટલે કે તમે કોરોના પોઝીટીવ છો.

થોડી વાર માટે જાણે હું સ્તબ્ધ થઇ ગયો હતો, મનમાં વિચારોનો વંટોળ ચાલુ થઇ ગયો હતો, મને ચિંતા હું કોરોના પોઝીટીવ આવ્યો તેના કરતા મારા પરિવાર જનોની વધુ હતી એટલે મેં કહ્યું કે 'હું ઘરે જ કોરોન્ટાઈન થઇ જાઉ ને અને ઘરે જ ટ્રીટમેન્ટ લઈશ તો ચાલશેને?'

એટલે ડોકટરે કહ્યું કે 'એના કરતા તમે અહીં દાખલ થઇ જાવ તો વધારે સારું રહેશે. ઘરમાં તો કોઈ બીજાને ચેપના લાગે એનું પણ ધ્યાન રાખવું પડે. એટલે પછી હું કિરણ હોસ્પિટલમાં જ એડમીટ થઇ ગયો. અને મારી ફેમીલી ને પણ જાણ કરી દીધી, હવે મારા પરિવારજનો ખુબજ ચિંતિત હતા કારણકે મને સુગર અને બી.પી. બંને છે. ત્યારબાદ હોસ્પિટલ ખાતે બન્ને ડોક્ટર મિત્રો દ્વારા મારી વિશેષ કાળજી રાખતા અને સુગર અને બી.પી નોર્મલ રહે અને હું સતત હકારાત્મક અભિગમ કેળવું તેવી કાળજી રાખતા હતા.

મારી ટ્રીટમેન્ટ કરતા ડોક્ટરે સઘન સારવાર સાથોસાથ માનસિક સધીયારો પૂરો પાડયો હતો, મારા પરિવારજનોના સતત હૂફથી મારામાં હકારાત્મક ઉર્જા પ્રાપ્ત થઇ હતી. હું સ્વસ્થ થયો અને સાથોસાથ મારામાં સકારાત્મક ભાવનાનો પણ વિકાસ થયો. એ પછી તો મારા ઘરે પણ મારા બે ફેમીલી મેમ્બરને કોરોના  પોઝીટીવ રીપોર્ટ આવ્યા હતા. જેની તો મને જાણ પણ નહોતી. એમની પણ ખુબ સારી રીતે ટ્રીટમેન્ટ કરી અને એ પણ આ મહામારી ગણાતા કોરોનાની ઝપેટમાંથી બહાર આવી ગયાં છીએ.

મિત્રો, કોરોના સામેનું યુદ્ધ અભૂતપૂર્વ પણ છે અને પડકારજનક પણ. એટલા માટે આ દરમ્યાન લેવાઇ રહેલા નિર્ણયો પણ એવા છે, જે દુનિયાના ઇતિહાસમાં કયારેય જોવા અને સાંભળવા ન મળ્યા હોય. કોરોનાને રોકવા માટે તમામ ભારતીયોએ જે પગલાં ભર્યા છે, જે પ્રયાસો હાલ આપણે કરી રહ્યા છીએ તે જ ભારતને કોરોના મહામારી પર જીત અપાવશે. પ્રત્યેક ભારતીયનો સંયમ અને સંકલ્પ આપણને આ મુશ્કેલ સંજોગોમાંથી બહાર કાઢશે.

અંતે મારી સારવાર કરનાર ડોક્ટર મિત્રો અને ભારતના તમામ ડોક્ટર કે જે આપણા માટે કોરોના વોરીયર્સ છે તેના માટે હું અર્પું છું

ન આત્માર્થમ્ ન અપિ કામાર્થમ્ અતભૂત દયાં પ્રતિ..
વતર્તે યત્ ચિકિત્સાયાં સ સવર્મ ઇતિ વર્તતે..
અર્થાત, ધન અને કોઇ ખાસ કામનાને લઇને નહિં પરંતુ દર્દીની સેવા માટે દયાભાવ રાખીને જે કાર્ય કરે છે તે સર્વશ્રેષ્ઠ ચિકિત્સક હોય છે.

લવજીભાઈ ડી. ડાલીયા (બાદશાહ)
અવધ - ગોપીન ગ્રુપ, સુરત. - lavjibhaibadshah@gmail.com

## *Let Your Own Light Shine*
### *Maharukh Zubin Chichgar*

**Sometimes we feel let down, perplexed and totally lost amidst the twists and turns of life. Our Plans go awry and we feel frustrated as we fail to understand what is happening around us. Such is the situation with the 'Demon' of 2019 the Corona Virus. It has made mankind feel helpless. Life around has become too hard with people being rendered jobless and the world around seems hopeless and cruel. We all have been waging a war against this faceless enemy Covid-19. Days drifting into weeks and weeks slipping into months and we are all waiting for a ray of light to lift us from this 'Depressing Darkness'.**

**In these troubling times, the best gift you can give everyone around you is your courage to shine, to help and to rise above your own pain just to bring a smile to thousand lives.**

**Surat witnessed some brave hearts which stretched out to help others. In the wake of novel corona virus, there was *Dr. Sanjibani Panigrahi* in Surat who serves in New Civil Hospital. On March 23, Monday she was threatened by residents of her building for travelling to hospital and back in lockdown. One night when she was returning back home she was stopped and warned severely. This did not stop her from her service to humanity in these trying times.**
**On Tuesday March 24, she tweeted about this threat and tagged PM Narendra Modiji. This tweet showed its effect and lot of her doctor friends came out to help her. She also received help from and support from police. Salute to such doctor's who are ready to help humanity even against odds.**

**Another great fighter of Surat is *Dr. Sanket Mehta*, an anesthetist. Even while on Oxygen support, fighting Corona Virus infection, this doctor did not lose a minute in risking his life to save the life of 71 year old Dinesh Purani who required urgent intubation for ventilator support. According to medical science intubation of a collapsed patient has to be done in 3 minutes or else could damage the brain rampantly. He removed his own Oxygen support, walked to the patient's bed in spite of his weakness and intubated him in no time. This humane gesture blessed him with extended life. Very proud of *Dr. Sanket Mehta*.**

**Friends, let us keep the light within us shining even in these difficult times. As Beth Moore says,**
**"Let your light shine today**
**and let your personality blossom too,**
**You don't have to be a people-pleaser,**
**be a people- lover too."**

**In these challenging times we need to put away the attitude, 'Nothing can happen to me', instead we must be careful and safe. Another way to be a Corona Warrior is to wear a mask (cover the nose and not on the neck), wash hands regularly, use sanitizer and maintain social**

**distancing. If you do this religiously you will keep others safe from this deadly Virus and make the world a better place to live in.**

**Stories of 'Brave Hearts' like  Dr. Sanjibani Panigrahi and Dr. Sanket Mehta shall keep inspiring people,**

**As Mr. Asim Bakshi Writes,**
*"જાણવું જરૂરી છે,*

*કેવી રીતે જીવાય છે,*

*અમૃત મૂકીને બાજુએ*

*ઝેર કેમ પીવાય છે;*

*ખરી પરીક્ષા તો વમળમાં છે*

*બાકી શાંત પાણીએ તો તરી જવાય છે."*

***Maharukh Zubin Chichgar***
**Stage artist, teacher – Surat – 98985 88822**

# સારવારની શરુઆત નવી સિવિલ હોસ્પિટલથી થઇ હતી

## ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ

સુરતમાં સૌ પ્રથમ નવી સિવિલ હોસ્પિટલ સુરત ખાતે કોવિડ-19 દર્દીઓને સારવારની શરુઆત થયેલ. મારી જાણ મુજબ અહીં જુદા જુદા નિષ્ણાત તબીબની ટીમ બનાવી સારવાર આપવામાં આવતી. મેડીસીન, એનેશ્થેસિયા, પલ્મોનરી મેડીસીન અને માઇક્રોબાયોલોજી જેવા વિભાગો મુખ્ય તેમજ અન્ય વિભાગો પણ કાર્યરત હતા. જેમ જેમ કેસોની સંખ્યા વધતી ગઇ તેમ તેમ જરૂરીયાત મુજબ ઓક્સિજન બેડ, વેંટીલેટર, આઇ.સી.યુ વગેરેની જે સંખ્યા હતી એમાં વધારો થયો. શરૂઆતમાં 1150 બેડની કાર્યરત હોસ્પિટલમાં જ સારવાર આપવામાં આવતી હતી પણ કેસોની સંખ્યા વધતા નવા 1075 બેડની નવી કોવિડ હોસ્પિટલ શરુ કરવામાં આવી હતી. અતીગંભીર દર્દી કે જેઓને 108 કે અન્ય એમ્બ્યુલંસ દ્વારા અહીં લાવવામાં આવતા અને તેઓને તાત્કાલીક સારવારની ખુબજ જરુર હોય, એવા દર્દીઓ માટે ટ્રાયેજ એરીયા બનાવી, નિષ્ણાત તબીબની ટીમ દ્વારા તાત્કાલીક દર્દીની સારવાર આપવામાં આવતી અને પછી જ જરૂરિયાત મુજબના વોર્ડ કે આઇ.સી.યુ. માં દર્દી ને દાખલ કરવામાં આવતા. બીજા વિભાગના તબીબો જેવા કે પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર, મદદનીશ પ્રાધ્યાપક, ટયુટર, રેસીડંટ અને ઇન્ટર્ન ડોકટર્સને પણ કોવિડ હોસ્પિટલમાં જરૂરિયાત મુજબ કાર્ય સોંપવામાં આવેલ. ડોક્ટર અને નર્સિંગ સ્ટાફની જરુરીયાત વધતા સુરત સિવાય જ્યાં કોવિડ-19 નું પ્રામાણ ઓછું હતુ ત્યાંથી ડેપ્યુટ કરીને પણ સેવાનો લાભ દર્દીઓને મળેલ. કોવિડ-19 ની ડ્યુટી દરમ્યાન તમામ સ્ટાફની રહેવાની, જમવાની ઉત્તમ વ્યવસ્થા પણ આવકારવા લાયક હતી. શબવાહિની દ્વારા મૃતકની અંતિમવિધિ પણ સરકારની ગાઇડલાઇન મુજબ અને એ પણ તેઓના ધર્મ મુજબની અંતિમ વિધિનું કાર્ય બીરદાવવા લાયક હતુ. દર્દીના સગાને કોવિડ-19 હોસ્પિટલમાં સરકારની ગાઇડલાઇન મુજબ જવા દેવા પર પાબંધી હોવાથી દર્દીની પળે પળ ની જાણકારી માટે અને દર્દી સાથે વિડિયો કોલથી વાતચીત થઇ શકે એ માટેની હેલ્પ ડેસ્ક ઉભી કરવામાં આવી હતી જે ખૂબજ ઉમદા કાર્ય કહી શકાય. એમ.બી.બી.એસ, ફીઝીયોથેરાપી, નર્સીંગ વગેરેના ફાઇનલ યર નાં વિદ્યાર્થીઓને પણ સરકારશ્રી દ્વારા કોવિડ સહાયક તરીકેની સ્ટાઇપેંડ સાથેની સ્વેચ્છીક નિમણુંક પણ દર્દીઓ માટે ખુબજ ઉપયોગી નીવડેલ.

ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ
આંખના નિષ્ણાત તબીબ, સુરત

# કાળમુખો કોરોના

## મયંક ત્રિવેદી

અમારા એપાર્ટમેન્ટના હસમુખા સદાબહાર એવા ભરતભાઈ સદાય દોડતા મદદરૂપ થતા બેંકમાં હતા ત્યારે પણ સહકર્મચારીને પણ મદદરૂપ એકદમ મોજીલા મસ્તાના માણસ એટલે અમારા ભરતભાઈ અસલ મોજીલા સુરતી.

નિવૃતિ પછી પણ સેવાનો સિલસિલો ચાલુ રહ્યો એમના પરિવારમાં પત્ની અને ફોઈ કે જેમની છત્ર છાયામાં એ મોટા થયા પરિસ્થિતિ વશ શેરીનું ઘર છોડીને સિટી લાઇટમાં અમારા એપાર્ટમેન્ટમાં રહેવા આવેલા અહીં આવી ને પણ ગણતરીના દિવસોમાં જ એપાર્ટમેન્ટના બધા જ સભ્યોની સાથે એવો મન મેળ કરેલો કે ભરતભાઈ ને યાદ કર્યા વગર કોઈનો દિવસ જાય નહીં. આવા ભરતભાઈ દોડી-દોડીને બધાનાં કામ કરે, સાચા અર્થમાં ઉત્સવ પ્રિય માણસ અને એક સવારે ખબર પડે છે કે કોરોના એ સમગ્ર દેશમાં ભરડો ભર્યો છે, સુરત પણ એમાંથી બાકાત નથી આથી સરકારે lockdown જાહેર કર્યું. બધા વિસ્તારોમાં અવર-જવર પર પ્રતિબંધ મૂકી દીધો.

અમારા ભરતભાઈ અમારા citylight વિસ્તારના જાણીતા અને સેવા કરવાની ભાવના વાળા એટલે કોઈને પણ કઈ વસ્તુની જરૂર હોય એમ કરીને નીકળી પડે. ઘરવાળા એમને વારે, અટકાવે તો એમના પત્નીને કહે ‘મને કંઈ થવાનું નથી’.

સુરતીઓ વિશે એવું કહેવાય સુરતી લાલા મોજીલા મસ્તાના, રેલના પાણીના પુર ભરાયા તો પણ એ એટલાં જ હિમ્મતવાલા, નોટ બંધી પર સેવ ખમણ ખાનારા એવો જ મિજાજ ધરાવનારા આ ભરતભાઈ કોરોનાને પડકારતા કહેતા ‘કોરોના અમે તો દરવાજા ખુલ્લા રાખ્યા છે, આવી જા  પડકાર આપીશું અમે સુર્યપુત્રો ડરતા નથી પણ જેવું lockdown ખુલ્યું એટલે મદદરૂપ થવાની ભાવનાથી બધે આવતા જતા રહ્યા અને દોડતા રહ્યા.

એક દિવસ ન થવાનું થઈને રહ્યું એમને કોરોનાના લક્ષણો દેખાવા માંડ્યા. ઓક્સિજન લેવલ ઘટી ગયું. શ્વાસ લેવામાં તકલીફ પડવા માંડી અને લોકોને માટે દોડાદોડી કરતા ભરતભાઈ ને આખરે હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. જેમની જવાબદારી એમને માથે હતી એવા તેમના સગા ફોઈએ પણ જૈફ વયે સેવામાં પાછી પાની નહીં કરી. તેમના પત્ની પણ નિવૃત્ત હતા તો એ પણ એમની સાથે રહ્યા, દીકરીઓ એમની પરદેશમાં હતી તે અહીં આવી શકે તેમ નહોતી. હોસ્પિટલમાં સારવાર ચાલતી

હતી. ડોક્ટરો સધ્યારો આપતા હતા કે સારું થઈ જશે. સારવાર માટેના જે ઇન્જેક્શન જરૂરી હતા એ પણ ઉપલબ્ધ થઈ ગયા. તે પણ આપવામાં આવ્યા અને તબિયત સુધારા પર છે, એવું ડોક્ટર કહેતા રહ્યા. સારવાર દરમ્યાન પણ એમનું જે મોજીલા-મસ્તીપણુ હતું એવું જ રહ્યું. પરિવારની વારંવારની ટકોર, સરકારની માર્ગદર્શિકા હતી કે સલામત રહો, સ્વસ્થ અંતર રાખો પણ એમનું એક જ રટણ કે 'એ બધામાં મને તો કંઈ જ થવાનું નથી', એવો જ એમનો સુરતી મિજાજ હતો.

એ  સુરતી મિજાજ નડી ગયો આખરે ન થવાનું થઈ ગયું. હસતો રમતો જીંદાદિલ માણસ પળવારમાં હતો ન હતો થઇ ગયો. પળવારમાં તસવીરમાં ટીંગાઇ ગયો. જે ફોઈને નિભાવવાની જવાબદારી એમણે લીધી હતી, તે ફોઈ નિરાધાર થઈ ગયા ને દીકરીઓ પરદેશ હોવાને કારણે તેમના પત્ની માયાબેન પણ એકલા થઈ ગયા. કાળમુખા કોરોનાને કારણે એક જીંદાદિલ માણસના પરિવારનો માળો પીંખાઇ ગયો.

૯૦ વર્ષના ફોઈ અને ભરતભાઇના પત્નીએ એકબીજાના સહારે બાકીનું જીવન વ્યતિત કરવું રહ્યું. દીકરીઓ અમેરિકા અને કેનેડાથી પણ આવી શકી નહીં એટલે પરદેશ બેઠી બેઠી એકબીજાનો સહારો બની રહી. કોરોના કાળમુખો બનીને જિંદાદિલ હસતા રમતા પરિવાર પર ત્રાટક્યો. મોજીલા, મસ્તાના, ભરતભાઈને સલામ.

મયંક ત્રિવેદી

નિવૃત્ત જી.ઈ.બી. ઈજનેર – સુરત – ૯૯૭૯૮ ૬૫૭૩૯

### કરકસર અને સાદગીની જૂની દુનિયામાં લોકડાઉને સૌને ડોકિયું કરાવ્યું

# લોકડાઉન .....આજ રુકને કા નામ હૈ જિંદગી

## લાઈવ વાયર - મયુર પાઠક

લોકડાઉનની પોઝિટિવ સ્ટોરીઓ પણ પુષ્કળ છે, સૌથી મોટી વાત એ છે કે લોકડાઉને દરેક ઘરનાં હજારો રૂપિયાં બચાવ્યાં છે. હોટલ, રેસ્ટોરન્ટમાં જવાનું અને ઓનલાઈન ફૂડ મંગાવવાનું બંધ થયું, પેટ્રોલનો ખર્ચ બંધ, પિકચર, ફરવા જવાનું બંધ, બીડી-સિગારેટ, પાન-પડીકી બંધ અને સૌથી મહત્વનું કામવાળી નહીં આવવાને કારણે કામની પરિવારના સભ્યો વચ્ચે વહેંચણી થઈ અને લોકો સેલ્ફ સફિશન્ટ બન્યાં. જાણે આખો દેશ ગાંધીજીનો આશ્રમ બની ગયો.

લોકડાઉનનો આજે પંદરમો દિવસ છે. આ પંદર દિવસમાં દુનિયા ઘણી બદલાઈ ગઈ છે લોકો આટલાં ભયભીત કયારેય નથી થયાં તેટલા ભયભીત કોરોના વાઈરસને કારણે થઈ ગયા છે. દેશના રહીશા આજથી પંદર દિવસ પહેલાં 24 માર્ચે દેશમાં 21 દિવસના લોકડાઉનની જાહેરાત કરાઈ ત્યારે સમગ્ર દેશ માટે આ લોકડાઉન શબ્દ નવો હતો, દેશની જનતાએ કરફ્યુ જોયો હતો પરંતુ લોકડાઉન એક નવી વાત હતી કોઈએ કામ-ધંધા પર જવાનું નહી ઘરમાં જ પુરાઈ રહેવાનુ દૂધ કે શાકભાજી લેવા માટે દિવસમાં એખવાર ઘરની એક વ્યકિત બહાર જઈ શકે આવી વાતો સાંભળીને લોકો હસતાં હતાં કે આવું તો કંઈ હોતું હશે? પરંતુ લોકડાઉન શરૂ થયું અને જેમ જેમ દિવસો પસાર થવા માડયાં તેમ તેમ લોકો સમજવા માડયાં કે કોરોનાની બીમારી સામે લડવા માટે એક જ સૂત્ર કામ લાગી શકે છે અને તે એ છે કે “ઘરમાં રહો અને સેફ રહો” દુનિયાનાં તાકાતવાર દેશોની પરિસ્થિતિ સૌએ જોઈ. અમેરિકા, ઈટલી, બ્રિટન, ફ્રાંસ, સ્પેન જેવા દેશો પોતાના નાગરિકોને કોરાનાથી બચાવવામાં નિષ્ફળ ગયા. તે જોઈને દેશના લોકોને ખબર પડી કે ભારતમાં જો કોરોનાના કેસો વધશે તો કોઈનાથી રોકી શકાશે નહીઅને એટલે જ લોકોએ લોકડાઉનને સફળ બનાવ્યું.

લોકડાઉન દરમ્યાન વડાપ્રધાનની અપીલને માન આપીને આપણે જનતા કરફયુના દિવસે થાળી વગાડીને કોરોના સામેના જંગમાં લડનારા ડૉકટર્સ, પોલીસ, મીડીયાકર્મીઓ, ગર્વમેન્ટ કર્મચારીઓ, સફાઈ કર્મીઓનો આભાર વ્યક્ત કર્યો, પાંચમી એપ્રિલ ઘેર ઘેર દીવા પ્રગટાવીને આપણે કોરોના સામેની લડાઈમાં આખો દેશ એક સાથે છે તે વાતનો સંદેશો પણ દુનિયાને આપ્યો. છેલ્લા પંદર દિવસથી આપણે ઘરમાં જ છે ત્યારે આપણે ઘરથી પણ થોડાં વધારે પરિચિત થયાં ઘરમાં એવી કેટલી બાબતો હતી જેની આપણને વર્ષોથી ઘરમાં રહેવા છતાં પણ ખબર ન હતી જેમ કે આપણાં જ

ઘરમાં એક સારો આર્ટિસ્ટ, સારો ગાયક, છૂપો શેફ, સ્ટેન્ડઅપ કોમેડી આર્ટિસ્ટ છે એ આપણને ઘરે રહ્યાં તો ખબર પડી ઘરના કબાટોમાંથી જૂના ફોટા આલ્બમ નીકળ્યાં અને સૂનહરી યાદોનો ખજાનો ઘરમાં વેરાયો જેનાથી સૌના મ્હોં પર ખુશી ફેલાઈ ગઈ આવી તો લોકડાઉનની સાથે જોડાયેલી સંખ્યાબંધ વાતો દરેક ઘરમાં બની.

જો કે સૌથી અગત્યની વાત આ લોકડાઉનમાં ધ્યાન પર લાવવા જેવી વાત એ બની કે સૌને ધીમે ધીમે ખબર પડવા માંડી કે આપણે પણ સ્વાવલંબી બની શકીએ છીએ લોકડાઉનને કારણે સંખ્યાબંધ ખર્ચાઓ ઓછા થયાં અને ધીમે ધીમે તેની નોંધ દરેક ઘરમાં લેવાવા માંડીએ ત્યારે બધાને ખ્યાલ આવવા માંડયો કે આપણે કેટલાં ખોટા ખર્ચ કરીએ છે. લોકડાઉનને કારણે બહારનું જમવાનું બંધ થયું. દર રવિવારે કે રજાના દિવસે હોટલ – રેસ્ટોરન્ટમાં જવાની જે આદત હતી તેના પર જોરદાર બ્રેક લાઈ ગઈ. સામાન્ય શોપિગ કરવા નીકળતી વખતે પણ લારી પર પાણીપૂરી ખાઈ લેવાની કે સેન્ડવિચ ખાઈ લેવાની ટેવ  સાવ છૂટી ગઈ. કોલ કરીને ઝોમેટો અને સ્વિગીમાંથી જમવાના ઓર્ડરો આપવાનું પણ બંધ થયુ. પરિણામે ઘરમાં નવી નવી રેસિપીઓનાં અખતરાં શરૂ થયા. ઘરમાં જ ટેસ્ટી વાનગીઓ બનવા માંડી. માળિયા પર ચઢી ગયેલા સેન્ડવીચ અને ટોસ્ટ બનાવવાના મશીનો કિચનમાં પાછા ઊતર્યા. મહત્વની વાત એ રહી કે લોકડાઉનમાં દર અઠવાડિયે ત્રણ થી પાંચ હજાર જે બહારનો ખાવાનો ખર્ચ હતો તે અટકયો. લોકડાઉનમાં બહાર ફરવાનું બંધ થયું એટલે પિકચર વિન્ડો શોપિંગ પણ ઓટોમેટિક બંધ થયું. શુક્રવારે નવું પિકચર પડે એટલે શનિ રવિમાં થિયેટરની મુલાકાત લેનારાઓ લોકડાઉનમાં ઘરે રામાયણસ મહાભારતની સિરિયલો જોઈને મન મનાવી લીધુ. આના કારણે બીજા ત્રણ–ચાર હજાર રૂપિયાની બચત થઈ ગઈ. દરેક શહેરમાં આ લોકડાઉન દરમિયાન પેટ્રોલના વેચાણમાં 55 ટકાનો ઘટાડો નોંધાયો છે. વાતવાતમાં બાઈક લઈને ગામમાં ફરવા નીકળી જવાની ટેવવાળાં લોકોનાં વ્હીકલ લોકડાઉનમાં ઘરે રહ્યાં. પેટ્રોલનો કોઈ ખર્ચ નહીં, રોજનું 100 રૂપિયાનું પેટ્રોલ બાળનારાઓ વ્હીકલદીઠ 21 દિવસના લોકડાઉનમાં 2100 રૂપિયાની બચત કરી.

સૌથી અગત્યની વાત ઘરમાં આવતી કામવાળી બાઈઓની છે એક દિવસ કામવાળી બાઈ ના આવે તો દરેક ઘરમાં જોયું છે કે બીજી કામવાળી બાઈને શોધવા નીકળવાનો જાણે રિવાજ હોય તેવી પરિસ્થિતિ હતી. છેલ્લા 15 દિવસથી ઘરમાં કામવાળી નથી, માળી કે ડ્રાઈવર રાખતા હોચ તે લોકો પણ રજા પર છે. આ સંજોગોમાં પૈસાની વાત તો બાજુ પર રાખીએ પણ માનવતાના ધોરણે કામવાળી બાઈઓને આપણે લોકડાઉનમાં તેમનો પગાર આપવો જ જોઈએ. પરંતુ લોકડાઉનને કારણે ગૃહિણીઓનો આત્મવિશ્વાસ વધી ગયા, માથે પડેલું કામ લોકડાઉનના પહેલા ત્રણ દિવસ સુધી તો

બબડાટ અને કચકચ સાથે ગૃહિણીઓએ કર્યું. પરંતુ ત્યારબાદ આ કામ કરવાનું જ છે તે કામ હસતા મોંઢે શા માટે ન કરીએ તે સમજ કેળવાઈ. પરિણામ એ આવ્યું કે જે ઘરોમાં કામવાળી બાઈઓ કે ભાઈઓ સિવાય ઘરનું તમામ કામકાજ ઠપ થઈ જતું હતું તેવા ઘરોમાં લોકડાઉનમાં પણ બધાં જ કામો થવા માડયાં. કોઈક જગ્યાએ પત્ની કચરો વાળ્યો તો પતિએ પોતું મારી આપ્યું. જે પતિઓ ઘરમાં છાપું વાંચવા સિવાય બીજુ કોઈ કામ કરતા ન હતાં તે લોકો શાક સમારતા અને ફ્રીજનાં બોટલોમાં પાણી ભરતાં થઈ ગયા. લોકડાઉનમાં હજારો ટીજર્જસ છોકરા-છોકરીઓએ કિચનમાં જતાં થયાં અને નવી નવી વાનગીઓ બનાવતા શીખી ગયાં. લોકડાઉનનની આ એક સૌથી મોટી પોઝિટિવ ઈફેકટ રહી કે કિચનમાં કામમાં ઘરનાં દરેક મેમ્બરોએ સક્રિયતાથી ભાગ લીધો. આ એક ખરેખર જોવા જેવા દ્રશ્યો દરેક ઘરમાં સર્જાયા. લોકડાઉનની બીજી પોઝીટીવ ઈફેકટમાં પાન-પડીકી અને સિગારેટના વ્યસનીઓના વ્યસન પર અસર આવી, પાનના ગલ્લાંઓ બંધ હોવાથી પાન, પડીકી અને સિગારેટનું રિતસરનું રેશનીંગ ચાલે છે. જે લોકો રોજનું એક પેકેટ સીગારેટ પીતા હતાં તે લોકો સિગારેટનું એક પેકેટ પાંચ દિવસ ચલાવતા થઈ ગયાં. પાન-પડીકી ખાનારાંઓ પણ સાચવી સાચવીને ખાતા નજરે પડતાં હતાં. લોન્ડ્રીવાલાનું બિલમાં લોકડાઉનમાં બચત હતી બહાર જવાનું જ ના હોય તો ઈસ્ત્રીવાળા કપડાં કોણ પહેરવાનું હતું?

ગાંધીજીએ આશ્રમવાસીઓ માટે પોતાનું કામ પોતે જ કરવાનો નિયમ બનાવ્યો હતો. લોકડાઉનમાં લગભગ ગાંધીજીનો આ નિયમ બધા જ ઘરમાં પળાયો હોય તેવું લાગ્યું. લોકડાઉનની પોઝિટીવ અસર એ થઈ કે લોકોના બિનજરૂર ખર્ચાઓ પર રોક લાગી. જે લોકો કામ માટે બીજા પર ડિપેન્ડન્ટ હતાં તે લોકોએ પોતાનું કામ જાતે કર્યું. સાદગી અને કરકરસર જે ભૂલાઈ ગયેલી બાબત હતી તે ફરીવાર દરેક ઘરમાં દેખાવા માંડી લોકડાઉનની અનેક તકલીફો વચ્ચે આવી બધી પોઝિટીવ વાતો તમારા ધ્યાનમાં આવી ખરી?

**શોર્ટસર્કિટ**

લોકડાઉનમાં ફરતાં થયેલાં મેસેજિસ

- ના રવિવારની ખુશી છે ના સોમવારનું દુઃખ
- 21 દિવસ પછી ગલીનાં કૂતરા અજાણ્યા સમજીને પાછળ ન દોડે તો સારું - 03-04-2020

મયુર પાઠક

વરિષ્ઠ પત્રકાર – સંદેશ – વડોદરા -

### કુદરતની મહેર કે કહેર પાછળ હંમેશા એક સંદેશો છુપાયેલો હોય છે.
### કોરોનાની મહામારી પાછળ શું શીખામણ માનવજાત માટે છૂપાયેલી છે?

# કોરોનાએ સમજાવ્યું કે પડોશી બીમાર હશે તો આપણે પણ સાજા નહી રહી શકીએ

## લાઈવ વાયર ર - મયુર પાઠક

**આજે દેશ અને દુનિયાની એવી દશા છે કે એકપણ ગરીબ જો સારવાર વગરનો રહેશે તો તેનું નુકશાન આખી દુનિયાને ભોગવવું પડવાનું છે, કોરોના એક કુદરતી ન્યાય લઈને આવ્યો છે તેનો સૂચિતાર્થ એટલો જ છે સમાજનો એક પણ વ્યકિત જો ઉપેક્ષિત કે વંચિત રહેશે તો આખા સમાજે તેનું નુકશાન ભોગવવું પડશે.**

કોરોના વાઈરસે દુનિયાની આખી ગતિવિધિ સાથે સાથે વિચારસરણી પણ બદલી નાખી છે. કોરોના વાઈરસ પહેલાં દુનિયાભરમાં વર્ચસ્વ મેળવવાની લડાઈ ચાલતી હતી. અમેરિકા અને ચીન વચ્ચે ટ્રેડવોર ચાલતુ હતું અમેરિકાએ ઈરાન પર પ્રતિબંધો નાખ્યાં હતા ઈરાન ન્યુકિલયર બોંબ બનાવવામાં આગળ વધી રહ્યુ છે તેવો આક્ષેપ કરી તેની સાથે યુદ્ધ કરવા પણ અમેરિકા તૈયાર થઈ ગયુ હતુ નોર્થ કોરિયાના મુદ્દે દુનિયાના દેશોની બે ધરી થઈ ગઈ હતી અમેરિકાની સામે રશિયા, ચીન, સાઉથ કોરિયા અને ઈરાન ભેગાં મળીને પોતાની નવી રણનીતિ બનાવી રહ્યા હતાં. બ્રિટને બ્રેકિઝટનો કાયદો પસાર કરીને યુરોપિયન યુનિયનની છુટ્ટૂં પડવાની ખુશી મનાવી રહ્યુ હતું ભારતમાં પડોશી દેશોમાથી ઘૂસી આવેલાં લોકોને કેવી રીતે બહાર  કાઢવા તેની મથામણ ચાલતી હતી જેના ભાગરૂપે સિટીઝન એકટ કાયદો પસાર કરાયો હતો અને તે અંગે વિરોધ અને તરફેણમાં ન્યૂઝ ચેનલો ગાજતી હતી. ટૂંકમાં દુનિયાભારમાં એકબીજા પ્રત્યે નફરત અને ધૃણાનું વાતાવરણ ફેલાયેલું હતું. અમીર ગરીબને સહન નહોતા કરી શકતાં તો શકિતશાળી દેશો કમજોર દેશોને દબાવવાની કોશિશ કરતાં હતા. ધર્મના નામે ઝઘડા ચાલતા હતા બીજા ધર્મવાળા લોકોને નાપસંદ કરતા હતા. આ માહોલમાં કોરોના વાઈરસે ચીનમાંથી દુનિયાભરમાં એન્ટ્રી મારી અને નવા વર્ષ 2020 નો આખો સિનારીઓ બદલી નાખ્યો.

દુનિયામાં પહેલી વખત માહિતીના આદાન-પ્રદાનનો સિલસિલો શરૂ થયો દરેક દેશ કોરોનાના ભયથી ફફડી રહ્યો છે ત્યારે કયા દેશે કંઈ દવાઓનો ઉપયોગ કર્યો જેનાથી દર્દીઓના જીવ બચે છે

લઈને કઈ ટેકનિકથી કોરોનાનો વાઈરસ ફેલાતો અટકયો તેની વાતો દુનિયાના દેશો એકબીજા સાથે અત્યારે શેર કરી રહ્યા છે કોઈપણ ચેપી બિમારી માટે અત્યાર સુધી ગરીબો તરફ આંગળી ચિંધાતી હતી. પ્લેગ હોય કે પછી બર્ડફલ્યુ હોય કે પછી સાર્સ જેવી બિમારી હોય, આ બીમારીઓ ગરીબોની ઝૂંપડપટ્ટીમાં શરૂ થઈને ફેલાતી હોવાનો આરોપ અત્યાર સુધી થયા છે કોરોના પહેલી એવી બીમારી છે કે જે અમીરોમાંથી ગરીબો તરફ આવી રહી છે પહેલીવાર એવું થયું છે કે પ્લેનમાં ટ્રાવેલ કરનારાઓએ દુનિયાભરમાં આ બીમારી ફેલાવી છે હવે જયારે અમીર વર્ગથી બીમારીની શરૂઆત થતી હોય ત્યારે સ્વાભાવિક છે કે તેની ચર્ચા પણ વધારે થાય.

દુનિયામાં આજે કોરોના વાઈરસને કારણે લોકો એકબીજાની વધારે ચિંતા કરતા થયા છે આની પાછળ ભલે અંગત સ્વાર્થ હોય પરંતુ કોરોના ચેપી બીમારી છે એટલે પડોશી બીમાર પડશે તો હું પણ બીમાર પડીશ તેવી ચિંતા સૌને છે. આ જ વાત મોટાપાયે એ રીતે વિચારાય છે કે પડોશ દેશને કે પડોશી રાજયમાં કોરોનાની મહામારી હશે તો આપણાં દેશમાં કે આપણાં રાજયમાં આ બીમારી ફેલાશે અને એટલે જ અત્યારે લોકો એકબીજાની ચિંતા કરતા વધારે દેખાઈ રહ્યાં છે જો કે આ ચિંતા ભયને કારણે છે આજે દુનિયામાં દ્વેષભાવ ઓછો થયો છે તેનું કારણ પ્રેમ નથી પરંતુ ચિંતા છે તે વાત જોકે સારી નથી..

ભારતીય સંસ્કૃતિમાં તો પહેલેથી જ સમગ્ર દુનિયાના સદભાવ અને વિકાસ માટેની વાત કરાઈ છે. ઉપનિષદનો એક શ્લોક છે.....

ઔમ સર્વે ભવન્તુ સુખીનઃ<br>
સર્વે સન્તુ નિરામયાઃ<br>
સર્વે ભદ્રાણિ પશ્યતુ<br>
મા કશ્ચિદુઃખ ભાગ્ભવેત્<br>
ઓમ શાંતિ, શાંતિ. શાંતિ.

જેમાં તમામ સુખી થાય. તમામ નિરોગી બને. બધાં જ મંગલમય ઘટનાઓના સાક્ષી બને અને કોઈપણ દુઃખી ના થાય તેવી મંગલકામના કરાઈ છે. આજે દુનિયામાં જો કોઈ સૌથી વધુ જરૂરિયાતવાળી વાત હોય તો તે આ જ છે. જયારે દુનિયામાં એક રોગને કારણે મોતનો આંકડો 1 લાખની ઉપર પહોંચી ગયો હોય ત્યારે ભારતના ઋષિઓની આ સદભાવના કેટલી સૂચક છે કે બધાં જ રોગમુક્ત થાય, દુનિયામાં ભારતીય સંસ્કૃતિની બોલબાલો એટલા માટે જ છે કે ભારતીય સંસ્કૃતિમાં કયારેય એકલાની વાત થતી નથી. સુખ, સમૃદ્ધિ અને શાંતિની મનોકામના સૌ માટે કરાય છે. આજે

એનો અર્થ આપણને અને દુનિયાને ખબર પડી ગયો છે. સર્વે ભવન્તુ સુખીનઃ અને સર્વે સન્તુ નિરામયાની વાત એટલા માટે કહેવાઈ છે કે બાજુવાળો દુઃખી હોય તો આપણે ખુશ કેવી રહી રીતે કહી શકીએ. પડોશી બીમાર હોય તો આપણે નિરોગી રહેવાના ચાન્સ બહુ ઓછા છે તેની આજે દુનિયાને ખબર પડી છે પરંતુ ભારતના ઋષિમુનિઓએ તો હજારો વર્ષ પહેલા લખ્યુ હતુ કે સર્વે સન્તુ નિરામયાઃ આપણે સ્વસ્થ રહેવું હોય તો પડોશીને પણ સ્વસ્થ રાખવો પડશે એ ભાવના જયાં સુધી સૌમાં નહી પ્રસરે ત્યાં સુધી દુનિયા અને આપણે ખુદ સ્વસ્થ થઈ શકવાના નથી.

આજે આપણે જોઈએ છીએ કે કોરોનાની મહામારી સામે જાન હથેળી પર લઈને દુનિયાભારના ડૉકટર્સ અને મેડિકલ સ્ટાફ કામ કરી રહ્યો છે તમે કલ્પના કરો કે જો આ ડૉકટર્સ મરવા માંડે તો પછી કોરોનાગ્રસ્ત લોકોની સારવાર કોણ કરશે? અત્યારે દુનિયાભરમાંથી જે આંકડા આવી રહ્યાં છે તે ચિંતાજનક છે. ઈટલી, સ્પેન, બ્રિટનમાં ડૉકટર્સ અને મેડિકલ સ્ટાફના મોટા પ્રમાણમાં મોત નીપજયાં છે. ભારતમાં અત્યાર સુધી બે ડૉકટરોના મોત નીપજયા છે અને સંખ્યાબંધ ડૉકટર્સ અને મેડિકલ સ્ટાફ કોરોનાગ્રસ્ત થયો છે. આ સંજોગોમાં આપણી ફરજ બને છે કે આપણે ઘરે રહીએ, સ્વસ્થ રહીએ. ચેપ વિનાના રહીએ જેથી ડૉકટર્સ અને મેડિકલ સ્ટાફ માટે બોજારૂપ ન બનીએ.

દેશ અને દુનિયામાં હંમેશા અમીર અને ગરીબ વચ્ચે એક મોટી ખાઈ રહી છે દેશમાં જયારે 21 દિવસનું રાતોરાત લોકડાઉન જાહેર કરી દેવામાં આવ્યું ત્યારે સૌથી પહેલી ચિંતા એ હતી કે આ મહામારી વધારે કે ફેલાય નહીં. પરંતુ આ મોટી ચિંતામાં એક વાત ભૂલાઈ ગઈ હતી કે દેશના ગરીબોનું શું થશે? ભારત જેવા દેશમાં રોજનું કમાઈને રોજ ખાવાવાળા કરોડો લોકો છે. દેશમાં કોરોના ફેલાયો. વિમાનમાં વિદેશયાત્રા કરીને આવેલા લોકોથી અને ગરીબોને ભૂખે મરવાનો વારો આવ્યો આ ગરીબો જયારે પોતાના ઘેર જવા શહેરો છોડીને જવા માડયા ત્યારે આપણે તેમન  રોકી રાખ્યાં એક રૂમ રસોડામાં રહેતા કુટુંબ પાસે આપણે સોશિયલ ડિસ્ટન્સિંગની અપેક્ષા રાખવા માડયાં અને આ લોકોને અભણ અને જાહીલ ગણવા માડયા. દુનિયામાં હંમેશા ગરીબી અને બિમારી વચ્ચે સીધો સંબંધ છે આવનારા દિવસોમાં જો કોરોનાનો વાઈરસ દેશનાં ગરીબોમાં ફેલાશે તો ખૂબ જ મોટી હોનારત સર્જાવાની શકયતાઓ છે. ગરીબોને હોસ્પિટલનું આઈસોલેશન પોષાતું નથી તેમને તો ટાઢ તડકો કે વરસાદ કે બીમારીમાં કામ કરવાનું હોય છે પરંતુ આજે દેશ અને દુનિયાની એવી દશા છે કે એકપણ ગરીબ જો સારવાર વગરનો રહેશો તો તેનું નુકશાન આખી દુનિયાને ભોગવવું પડવાનું છે કોરોના એક કુદરતી ન્યાય લઈને આવ્યો છે તેનો સૂચિતાર્થ એટલો જ છે સમાજનો એખ પણ વ્યકિત જો ઉપેક્ષિત કે વંચિત રહેશે તો આખા સમાજે તેનું નુકશાન ભોગવવું પડશે.

**શોર્ટસર્કિટ**

**કોરોનના આ આપત્તિકાળમાં ન્યૂયોર્ક ટાઈમ્સમાં એક લેખ લખાયો હતો તેમાં કહેવાયું છે કે કોરોના જેવી મહામારી સમાજમાં પહેલેથી જ રહેલી વિષમતાઓ તેના દુષ્પરિણામોને વધારી દે છે. ગરીબો પહેલેથી જ કુપોષણ, બિનઆરોગ્યપ્રદ વાતાવરણ અને ખાડે ગયેલી હેલ્થ સર્વિસનો ભોગ બનેલા હોય છે. કોરોના જેવી મહામારીઓ બાકીની કસર પણ પૂરી કરી દેતી હોય છે.**

mayur.pathak@sandesh.com **11-04-2020**

મયુર પાઠક

વરિષ્ઠ પત્રકાર – સંદેશ – વડોદરા -

*લોકડાઉનથી અકળાઈ ગયાં છો? તો વાંચો આ વર્લ્ડ વોર -2 ના કેદીઓની કહાની, તેમની પીડાઓ સામે આપણી તકલીફો તો કંઈ જ નથી*

## તૂફાન કો આના હૈ, આકાર ચલે જાના હૈ બાદલ હૈ કુછ પલ કા, છાકર ઢલ જાના હૈ

### લાઈવ વાયર 3 – મયુર પાઠક

**વર્લ્ડવોર 2 ના સમયમાં યહુદી ડૉ વિકટર ફ્રાન્કલને નાઝીઓએ ત્રણ વર્ષ સુધી જેલમાં રાખ્યાં આ સમય દરમ્યાન વિકટરે નોંધ્યું કે જેલી પીડા, ઘુંટન, એકલતનાને કેદીઓ મરતા ન હતા. પરંતુ જયારે કેદીઓ  નિરાશા ઘેરી વળતી ત્યારે તેમનું મોત નીપજતુ હતુ. જીવતા રહેવા માટે કોઈક ગોલ હોવો જોઈએ. એક મોટું સ્વપ્ન હોવું જોઈએ. કોરોના ક્રાઈસિસના સમયમાં આપણે નેગેટીવીટીને પાસે ફરકવા દેવાની નથી આપણી આજુબાજુ શું પોઝીટીવ બાબતો બની રહી છે તેના પર ધ્યાન આપવું જોઈએ.**

કોરોના વાઈરસને કારણે દેશભરમાં નખાયેલું લોકડાઉન હજુ 3જી મે સુધી ચાલવાનું છે આજે લોકડાઉનને 29મો દિવસ છે અને હજુ 11 દિવસ વધુ લોકડાઉન ચાલવાનું છે ખબર નહીં 11 દિવસ એટલે 3જી મે પછી લોકડાઉન ખુલશે કે પાછું ત્રીજી વખત રીપીટ થશે? જિંદગીમાં પહેલીવાર આખો દેશ જાણે ઘરમાં કેદ થઈ ગયા હોય તેવી પરિસ્થિતિ છે. આ લોકડાઉનનો તો જાણે કોઈ અંત જ ના હોય તેવું લાગી રહ્યુ છે અને પરિણામે લોકોની માનસિક અને શારિરીક સ્થિતિ પર પણ અસર થવા માંડી છે.

દુનિયાભરમાં ખૂબ જ વખણાયેલી બુક મેન સર્ચ ફોર વિનિંગ ખ્યાતનામ સાઈકિયાટ્રિસ્ટ અને ન્યૂરોલોજિસ્ટ ડૉ વિકટર એમીલ ફ્રાન્કલે લખી છે જેની કરોડો નકલો દુનિયાભરમાં વેચાઈ છે અને જુદી જુદી ભાષામાં તેનું ભાષાંતર પણ થયું છે શું છે આ બુકમાં કે જેના કારણે આ બુકને આટલી બધી પ્રસિદ્ધિ મળી છે. આ બુકમાં ડૉ ફ્રાન્કલે જિંદગીને જીતવાના અને જીવવાના ઉપાયો આપ્યાં છે. જે આજના કોરોના ક્રાઈસિસમાં ખૂબ જ ઉપયોગી છે.

ડૉ ફ્રાન્કલ યહુદી હતા વર્લ્ડ વોર 2 દરમ્યાન હીટલરે કત્લેઆમ કરી લાખો યહુદીઓને જેલમાં પૂરી દીધા હતા. આ ઘટનાઓના સાક્ષી ડૉ ફ્રાન્કલ બન્યા હતા. ડૉ ફ્રાન્કલને વર્લ્ડ વોર 2 દરમિયાન તેમના

કુટુંબીઓ સાથે નાઝીઓએ કોન્સન્ટ્રેશન કેમ્પમાં રાખ્યાં હતા. નાઝીઓના આ કેમ્પમાં યહુદીઓ પર પારાવાર અત્યાચાર ગુજારાતો હતો. કેદીઓ પાસે સખત કામ લેવાતું. જે કેદીઓ બીમાર હોય, અશક્ત હોય, કામ ના કરી શકે તેવા હોય તેવા કેદીઓને અલગ પાડીને રોજ ગેસ ચેમ્બરમાં ધકેલી દઈ મોતને ઘાટ ઊતારી દેવાતાં હતા. રોજ કેદીઓની નજર સામે આ ઘાતક હત્યાકાંડ સર્જાતો. જેના કારણે કેદમાં રહેલા લોકોનાં મનોબળ તૂટી જતાં હતા. ડૉ ફ્રાન્કલના પત્ની, તેમના મા-બાપ તેમની દીકરી સુદ્ધાં આ કેમ્પમાં મરી ગયાં.  ડૉ ફ્રાન્કલ જાતે સાઈકિયટ્રિસ્ટ હતાં એટલે તેમણે હીટલરના કેમ્પમાં જે જોયું તેની નોંધ રાખી અને પછી જયારે ત્રણ વર્ષ બાદ ડૉ ફ્રાન્કલનો કેમ્પમાંથી છુટકારો થયો ત્યારે તેમણે આ બુક લખી “મેન સર્ચ ફોર વિનિંગ”. ડૉ ફ્રાન્કલ નાઝીઓની જેલમાં નોંધ્યું કે વ્યકિત જુલ્મ, પીડા, ભૂખમરાથી નથઈ મરતો પરંતુ હતાશાથી મરી જાય છે જયારે તમારી જીવન પ્રત્યેની આશા ખતમ થઈ જાય છે ત્યારે તમને મોત ઘેરી વળે છે. ડૉ ફ્રાન્કલે નોંધ્યું કે જેલમાં એક કેદી હતો તેને ફેબ્રુઆરી મહિનામાં ડૉ ફ્રાન્કલને કહ્યું કે રોજ મને એક સ્વપ્ન આવે છે અને આ સ્વપ્નમાં મને કહેવામાં આવે છે કે તમારે મને જે કોઈ પૂછવુ હોય તો પૂછો ડૉ ફ્રાન્કલે એ કેદીને પૂછયું તે શું પૂછયું? ત્યારે કેદીએ કહ્યું કે મેં પૂછયું. અમે આ જેલમાંથી કયારે છૂટીશું?  અને મને જવાબ મળ્યો કે 30મી માર્ચે તમે સૌ છૂટી જશો. કેદીએ આ વાત કહી ત્યારે તેના મ્હોં પર ખુશી છવાયેલી હતી. આટલી વાત કહીને કેદી તો ડૉ ફ્રાન્કલ પાસેથી જતો રહ્યો. પરંતુ તે રોજ દિવસો ગણવા લાગ્યો. જેમ જેમ 30મી માર્ચનો દિવસ નજીક આવવા માડયો તેમ તેમ તેના ચહેરા પરથી ખુશી ગાયબ થવા લાગી હતી અને તે ચિંતામાં સરી પડયો હતો. 29મી માર્ચે એ કેદીને ડૉ ફ્રાન્કલે જોયો ત્યારે તે એકદમ ગુમસુમ હતો. 30મી માર્ચે જેલમાં ડૉ ફ્રાન્કલને ખબર મળી કે પેલા સ્વપ્ન જોવાવાળા કેદીનું મૃત્યુ નીપજયું છે. એ કેદીનાં મોતનું કારણ જેલનાં રજિસ્ટરમાં ન્યૂમોનિયા લખાયું હતું. પરંતુ ડૉ ફ્રાન્કલ જાણતા હતાં કે એ કેદીને નિરાશાએ મારી નાખ્યો હતો, જયારે તમે નાઉમ્મીદ થઈ જાઓ છો ત્યારે તમને બચાવવાવાળું કોઈ રહેતું નથી ડૉ ફ્રાન્કલ કહે છે કે માણસને તકલીફ નથી મારતી, મુશ્કેલીઓ નથી મારતી, પીડા નથી મારતી, માણસને નિરાશા મારી નાખે છે.

ડૉ ફ્રાન્કલે પોતાના બુકમાં લખ્યું છે કે તમારી પાસે જીવવાનું એક કારણ હોવું જોઈએ, એક મોટું સ્વપ્ન હોવું જોઈએ, શ્રદ્ધા હોવી જોઈએ, આત્મવિશ્વાસ હોવો જોઈએ, જે તમારી તમામ તકલીફો, પીડાઓથી મોટો હોવો જોઈએ. જયારે તમારા સ્વપ્ન મોટા હોય, તમારી આશા બળવાન હોય ત્યારે તમને કોઈ રોગ, કોઈ પીડા સ્પર્શી નથી શકતી. અત્યારે આપણે ટીવી પર રોજ કોરોનાના ન્યૂઝ જોઈએ છે કેટલાંના મોત થયાં, કેટલા કોરોનાના કારણે હોસ્પિટલમાં દાખલ થયાં, લોકડાઉનને કારણે લોકોને કેવી તકલીફો પડી રહી છે, કેટલા લોકો ભૂખે મરે છે,  આ બધું જોઈને આપણનું મગજ,

આપણું મન હતાશ થઈ જાય છે. જયારે આપણું મને હતાશ થાય છે ત્યારે આપણું શરીર કમજોર થઈ જાય છે. ત્રણ વર્ષ જેલમાં રહેલા ડૉ ફ્રાન્કલ કહે છે પ્રોબ્લેમને તમે કેવો મિનીંગ આપો છો તેના પર તમારી બોડીનો આધાર રહેલો છે કોરોનાને કારણે આપણી આજુબાજુ જે નેગેટિવીટી ફેલાઈ છે તેને અવગણીને આપણી આજુબાજુ જે પોઝિટીવીટી ફેલાય છે તે જોઈએ છે ખરાં? કોરોના ક્રાઈસિસમાં સૌથી મોટી પોઝિટિવ વાત તો એ છે કે આપણે આપણી ફેમીલીને સૌથી વધુ સમય આપતા થઈ ગયા છે જે આપણા શોખ હતા જેમ કે બુકસ વાંચવી, સંગીત સાંભળવું, મૂવી જોવી તેને આપણે પૂરતો સમય આપી શકયા છીએ. રાત્રે આકાશમાં તારા દેખાય છે, આકાશ આટલું કયારેય સ્વચ્છ નહોતું, નદીઓ સ્વચ્છ થઈ રહી છે કુદરતે જાણે રીસેટનું બટન દબાવ્યું હોય તેવું લાગી રહ્યું છે આ પોઝિટિવીટી આપણે જોવાની છે. કોરોના આપણું કંઈ બગાડી શકવાનો નથી. આપણે ફરી પાછી એક સુંદર જિંદગી જીવવાના છીએ. લોકડાઉન એ બીજું કંઈ નથી, પોતાની સાથે મજા કરવાનો એક મોકો કુદરતે આપ્યો છે. બસ એટલું જ છે. જો આટલી વાત સમજાશે તો કોરોના આપણું કાઈ બગાડી શકવાનો નથી.

mayur.pathak@sandesh.com - 20-04-2020

મયુર પાઠક

વરિષ્ઠ પત્રકાર – સંદેશ – વડોદરા -

# કોરોના નો અનુભવ - કિરણ હોસ્પિટલ

## ડો. મેહુલ પંચાલ

કોરોના શું છે ? આમ તો આ એક વાયરસ છે જે સામાન્ય શરદી અને તાવ કરાવે છે. એમ કહીયે તો સીઝનલ કોલ્ડ એટલે કે ઋતુ મુજબ ની શરદી નો એક પ્રકાર. અને લોકોને સીઝનલ કોલ્ડ મુજબની રોગ પ્રતિકારક શક્તિ પણ હોય છે.

વર્ષ ૨૦૧૯ ના અંત સમય એટલે કે ડિસેમ્બરમાં જયારે વુહાન શહેરના લોકોમાં એક અજીબ પ્રકારનું ઇન્ફેકશન જોવા મળ્યું. જેમાં વાયરસ કોરોનાનો એક નવો પ્રકાર હતો. સામાન્ય રીતે સીઝનલ ઇન્ફેકશનમાં અગાઉના વર્ષોમાં થતા ઇન્ફેકશનને લીધે લોકોમાં તેની અસર ઓછી હોય છે. પરંતુ આ નવા વાયરસ પ્રત્યે ચોક્કસ રોગ પ્રતિકાર શક્તિના અભાવે કોરોનાના દર્દીની સંખ્યા ત્વરિત વધી. એટલું જ નહિ શરીરમાં પણ માંદગીનું પ્રમાણ વધ્યું. જે રોગ સામાન્ય દવાથી કાબુમાં લાવી શકાતો હતો, તેને રોકવાનું અઘરું બન્યું. આ રોગ એ એક ડ્રોપલેટથી ફેલાતો હોવાથી રોગીની નજીક આવેલી બધી જ વસ્તુઓ સંક્રમણનું કારણ બને છે. જે લોકોમાં લક્ષણો ઓછા દેખાતા હતા અથવા તો તેમને તેની અસર ઓછી દેખાતી હતી તેઓ પણ રોગ ને જાણતા અજાણતા ફેલાવે છે.

વિશ્વમાં રોગ ચાઈનાના વુહાન શહેરથી અમેરિકા, યુ. કે., યુરોપ, રશિયા, ઇટલી જેવા વિવિધ શહેરોમાં ફેલાવા લાગ્યો અને લગભગ ૨ મહિનાની અંદર તો એક પણ એવો દેશ ન હતો કે જેમાં કોરોના નો કિસ્સો ના સંભળાયો હોય. આજ ના આ માહિતી સભર જમાનામાં જગતના કોઈપણ ખૂણે કોઈક ઘટના બને અને એની ત્વરિત ખબર દુનિયા ના દરેક દેશ માં મીડિયા અને ફોન ના માધ્યમ થી પહોંચી જતી હોય છે. જેને લીધે જનમાનસ માં ખુબ ઊંડી અસર થાય છે. રોગ ખુબ ઝડપ થી ફેલાયો અને દરેક દેશ તેના માટે સાવધાન થઇ ગયો હતો. આ સમય દરમિયાન દેશ ની પણ ફરજ હતી કે આપણે આપણા ભારત દેશ ને પણ કોરોના થી બચાવીએ. સાથે સાથે વિદેશ માં રહેતા આપણા ભારતીય ભાઈ બહેન ને પણ સલામત રીતે ભારતમાં લાવીએ. પ્રધાનમંત્રીશ્રીએ ચાઇના થી આવતી બધી જ વિમાન વ્યવસ્થા ને અટકાવી, તેમજ વિદેશ થી આવતા દર્દીઓનું પરીક્ષણ પણ સઘન બનાવ્યું. પરંતુ આ તો એક વૈશ્વિક મહામારી ની શરૂઆત હતી. જેમાં જાન્યુઆરી માં સૌપ્રથમ કેરળ માં અને ગુજરાત માં માર્ચ મહિના માં સુરત અને રાજકોટ માં વિદેશ થી આવેલ બે વ્યક્તિ માં કોરોના ના લક્ષણો જણાયા અને તે **NIV** પુણે દ્વારા પણ પુષ્ટી કરવામાં આવી.

હવે કિરણ હોસ્પિટલ પણ ગુજરાતની આગવી અને સૌથી મોટી હોસ્પિટલ હોવાથી કોરોનાના દર્દીને બરોબર નિદાનની વ્યવસ્થા જરૂરી હતી. પરંતુ રોગ નવો હતો અને એની માટેની નિદાન ની વ્યવસ્થા ફક્ત સરકારી હોસ્પિટલમાં જ હોવાથી શરૂઆત ના તબક્કામાં કિરણ હોસ્પીટલમાં આવતા દર્દીઓનું સંપૂર્ણ પરીક્ષણ જેમ કે ટ્રાવેલ હિસ્ટ્રી, શરીરનું તાપમાન, શરદી ના લક્ષણો વગેરેની સંપૂર્ણ તપાસ પછી જ હોસ્પિટલ માં પ્રવેશ. હોસ્પિટલ માં દર્દી પાસે ફક્ત એક જ સબંધી રહે તેની વ્યવસ્થા અને મુલાકાતી માટે ટેમ્પરરી પ્રતિબંધ લગાવવામાં આવ્યો. જેના કારણે કિરણ હોસ્પિટલ ના દર્દીઓમાં રોગ નું સંક્રમણ ના થાય.

રોગ નવો હતો, ઝડપ થી સુરતભર માં ફેલાયો, અને લગભગ એક મહિનામાં તો સુરત શહેર ની બંને સિવિલ હોસ્પિટલ અને સ્મીમેર હોસ્પિટલ ભરાઈ ગઈ. શરૂઆત ના તબક્કા માં ફક્ત સિવિલ અને સ્મીમેર માં કોરોના ના દર્દી ની સારવાર થતી હતી જૂન મહિનામાં કોરોના દર્દીઓની સંખ્યા ખુબ જ વધવા લાગી તેથી સરકાર દ્વારા શહેરની પ્રાઈવેટ હોસ્પિટલોમાં કોરોના દર્દી ની સારવાર ચાલુ કરવાનું નક્કી કર્યું. અમારી કિરણ હોસ્પિટલના ચેરમેન પદ્મશ્રી મથુરભાઇ સવાણી સાથે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી શ્રી નિતિનભાઈ પટેલ અને આરોગ્ય સચિવ ડો. જયંતિ રવિ વિગેરે મહાનુભાવો એ કિરણ હોસ્પીટલમાં કોરોનની સારવાર ચાલુ કરવા માટે આગ્રહ કર્યો. કિરણ હોસ્પિટલની અન્ય સેવાથી લોકો પ્રભાવિત હતા તેથી લોકો પણ એવું ઇચ્છતા હતા કે કિરણ હોપિટલમાં કોરોનાની સારવાર ચાલુ થાય.

અમો કિરણ હોસ્પીટલમાં કોરોના દર્દીની સરવાર ચાલુ કરવા તત્પર હતા પરંતુ કિરણ હોસ્પિટલ ના ૩૫ વિભાગો કાર્યરત રહે અને અલાયદી કોરોનાની વ્યવસ્થા ઊભી થાય તો હોસ્પિટલ સ્ટાફ અને હોસ્પિટલમાં અન્ય સેવા લેવા આવતા લોકો સલામત રહે, હરકોઈ વ્યક્તિમાં કોરોનાનો ભય હતો પછી ભલે તે આમ વ્યક્તિ હોય કે ડોક્ટર હોય તેથી અમોએ કિરણ હોસ્પીટલમાં B વિભાગમાં 253 બેડ સાથે અલાયદો કોરોના વિભાગ શરૂ કરવામાં આવ્યો જેમાં 48 બેડના આઇસીયુંની પણ વ્યવસ્થા હતી. કોરોના વિભાગનો પ્રવેશ ગેઇટ નં 4 થી રાખવામા આવ્યો હતો. હોસ્પિટલ ના કર્મચારી અને ડોક્ટરો નું સતત મનોબળ વધતું રહે તે માટે સતત ૮ દિવસ સુધી કિરણ હોસ્પિટલ માં ડોક્ટરો દ્વારા અને મેનેજમેન્ટ તરફ થી પદ્મશ્રી મથુરભાઈ સવાણી દ્વારા હોસ્પિટલ ના લગભગ ૧૬૦૦ કર્મચારીઓને સુરત શહેર માં જે આરોગ્ય સંકટ આવેલ હતું તે રોગ પ્રત્યે સાવધાની અને સમજ આવે તે માટે જાગૃત કર્યા અને કિરણ હોસ્પિટલના સ્ટાફમાં ફરજ માટેનો જુસ્સો વધાર્યો. આ ઉપરાંત હોસ્પિટલના કર્મચારીઓ જે

સોસાયટી કે મહોલ્લા માં રહે છે ત્યાંના પ્રમુખનો પણ સંપર્ક કરવામાં આવ્યો જેથી કરીને કોઈને કોઈ પણ પ્રકારના અન્યાય(છૂત અછૂત)નો સામનો ના કરવો પડે.

કોરોના વિભાગમાં કામ કરવા માટે સ્ટાફને તૈયાર કરવો તે ઘણું કઠીન હતું તે સમયે સ્ટાફને માનસિક તૈયાર કરવામાં આવ્યો તેઓને કઈપણ થાય તો સંપૂર્ણ ખર્ચ હોસ્પિટલ ભોગવશે એવી ખાત્રી આપવામાં આવી તેઓ માટે અલગથી પોલિસી લેવામાં આવી, ત્રણ ગણો પગાર આપવામાં આવ્યો તેમજ  ભોજન અને રહેવાની વ્યવસ્થા પણ કરી આપવામાં આવી હતી. કોરોના વિભાગમાં કામ કરતો સ્ટાફ સલામત રહે તેના માટે તેઓને PPE કીટ આપવામાં આવી હતી. PPE કીટ પહેરીને કામ કરવું ઘણું કઠીન હોય તે તો PPE કીટ પહેરે તેજ જાણી શકે જેથી દર પાંચ કલાકે તેઓને દોઢ કલાક ની રિસેસ આપતા તે દરમ્યાન તેઓ કીટ કાઢી નાખતા ત્યારે તેઓ ફ્રેશ થઈ નાસ્તો કરે અને થોડો સમય આરામ કરી પાછી નવી બીજી કીટ પહેરી લેતા. કોરોના વિભાગમાં કામ કરતાં 500થી વધારે સ્ટાફ માટે વિશેષ સુવિધા જરૂરી હતી એટલી જ તેઓની સલામતી જરૂરી હતી.

કોરોના વિભાગમાં કામ કરતાં ડોક્ટરો અને અન્ય સ્ટાફે અથાગ પ્રયત્નો કર્યા તેથી હોસ્પીટલમાં દાખલ દર્દીઓને ઉત્તમ કક્ષાની સારવાર મળી તેમજ સુંદર ભોજનની વ્યવસ્થા મળી. 253 કોરોના દર્દી પૈકી 65 દર્દીઓ સિવિલ અને સ્મીમેર હોસ્પિટલમાથી કિરણ હોસ્પિટલમાં ટ્રાન્સફર થતાં હતા. આ તમામ દર્દીઓને ક્વોલિટી સારવાર આપી તેનું કિરણ હોસ્પિટલ સાથે જોડાયેલ સૌ લોકો ગૌરવ અનુભવે છે. જે વ્યક્તિને કોરોના થયેલો તેને ખૂબ જ ભય લાગતો હતો. દાખલા દર્દીઓ પૈકી અમુક દર્દીઓ ખૂબ જ ગભરતા હતા તેઓને ડોક્ટર અને સ્ટાફ દ્વારા “તમારે કોઈ જ ચિંતા કરવાની જરૂર નથી તમને જલ્દી સારું થઈ જશે ” આવો અહેસાસ કરાવતા જ હતા પરંતુ આવા દર્દીઓ સાથે હોસ્પિટલના ચેરમેન પદ્મશ્રી મથુરભાઇ સવાણી પણ વાત કરતાં અને હુફ આપતા  જેથી દર્દીને એવો અહેસાસ થતો કે હું ભલે રૂમની અંદર એકલો છુ પણ મારી સારવારની ચિંતા હોસ્પિટલના ચેરમેન મથુરભાઇ અને સમગ્ર ડોક્ટરોશ્રીઓ પણ કરે છે જેથી દર્દીને  કોરોનનો ભય દૂર થતો હતો .

કિરણ હોસ્પિટલમાં  ડૉ. હરદીપ મણિયાર (ચેસ્ટ ફિજીશિયન),  ડૉ.કલ્પેશ ચોપડા (ફિજીશિયન),  ડૉ. વિતરાગ શાહ(ICU સ્પેશ્યલિસ્ટ)  અને ડૉ. દર્શન ત્રિવેદી (ICU સ્પેશ્યલિસ્ટ)ની ટીમ હતી જેમણે કોરોનાના દર્દીઓની ટ્રીટમેન્ટ કરવાનું બીડું ઉપાડ્યું.  હોસ્પિટલ તરફ થી તેમને જરૂરી વ્યવસ્થા  કરી  આપવામાં આવી.  કોરોનાની લડતની તો હજી શરૂઆત્ત હતી . લોકોનો સપોર્ટ પણ જરૂરી હતો તેમજ હોસ્પિટલ માં પણ બધી સવલતો ની જરૂર હતી. વૈશ્વિક બીમારી ના સંકટ માં બધુ જ ખૂટી જાય તેમ ગુજરાત અને ખાસ કરીને સુરત માં દવાની પણ અછત વર્તાતી  હતી.  જૂન, જુલાઈ મહિના માં જયારે કોરોના ના દર્દી ની

સંખ્યા ટોચ પર હતી ત્યારે બધી જ વસ્તુ ની અછત હતી. પરંતુ હોસ્પિટલ મેનેજમેન્ટના સતત પ્રયત્નો થી કિરણ હોસ્પિટલ માં ક્યારેય દર્દીની સેવામાં અછત નથી વર્તાઈ. લાઈફ સેવિંગ દવાઓ જેવી કે ટોસીલીઝુમેબ અને રેમડેસીવીર ઈંજેકશનની પણ અછત હતી. સમય એવો હતો કે કોને દવા આપવી એ માટે પણ મનોમંથન કરવું પડતું હતું. આ સ્થિતિ સુરતમાં જ નહીં પણ સમગ્ર ગુજરાતમાં હતી. દવા ની કાળા બજારી અને ડુપ્લીકેટ દવા નું વેચાણ પણ શરુ થયેલ હતું. પરંતુ કિરણ હોસ્પિટલ ની એથીકલ પ્રેકટીસ ના ભાગ રૂપે પ્રયત્નો શરુ થયા અને દવા બનાવતી કંપનીના સંપર્કથી કિરણ હોસ્પિટલ માં ઓરિજિનલ દવા મળવા લાગી. અને અન્ય બીજી હોસ્પિટલમાં દાખલ દર્દી ને પણ કિરણ હોસ્પિટલ દ્વારા જરૂર મુજબ દવા પહોચાડવામાં હતી. જયારે અમે અમારા મિત્રોને મળતા ત્યારે તેમનો અભિપ્રાય પણ એવો જ થતો કે કિરણ હોસ્પિટલમાં કોરોના માટે દાખલ થઇ જવું જેથી કરીને દવા માટે કપરા સમયે ભાગ દોડ ના કરવી પડે અને સમયસર દવા મળી રહે.

જેવી રીતે સમય બદલાય તેવી રીતે રોગની વધુ ઊંડી સમાજ પણ આવે. પરંતું દવાના યોગ્ય સમયે ઉપયોગ ન કરવાથી ધારેલ પરિણામો ના મળે. આવુજ કંઈક ટોસીલીઝુમેબ અને રેમડેસીવીર ઈંજેકશન માટે હતું. અને અમારી ડોક્ટરો ની ટીમ પણ આ બધા માટે દરરોજ મનોમંથન કરતી હતી. અમારી એક્સપર્ટ ડૉક્ટર ની ટીમે નક્કી કર્યું કે આપણે આપણા ટ્રીટમેન્ટ કરેલ દર્દીના પરિણામો જોઈ અને તારણ કાઢીએ. ત્યારબાદ નક્કી થયું કે શરૂઆત ના સમય માં રેમડેસીવીર ઈંજેકશન આપાવાથી ફાયદો થાય છે. અને ટોસીલીઝુમેબ ઈંજેકશનને દર્દીના વજન પ્રમાણે યોગ્ય સમયે આપવાથી એનો ખુબ સરસ ફાયદો થતો હોય છે. આ ઉપરાંત લોહી પાતળું કરવાની દવા, સ્ટીરોઈડ - જે ઇન્ફેકશન ઘટાડીને ફેફસા ને વધુ બગાડતા રોકે છે. આ ઉપરાંત પ્લાઝમા થેરાપી નો પણ ઉપયોગ યોગ્ય સમયે જ કરવો.

કોરોનાની બીમારી દિન પ્રતિદિન સમગ્ર દેશમાં વધી રહી હતી. હોસ્પિટલમાં 253 બેડની વ્યવસ્થા હોવા છતા રોજ 100 થી વધારે દર્દીઓ દાખલ થવા માગતા લોકોને અમારે ના પદવી પડતી હતી કિરણ હોસ્પિટલની સારવારથી લોકો ખૂબ ખુશ હોય છે એવી જ રીતે કોરોનના વિભાગની સારવારથી લોકો ખૂબ ખૂશ થયા. કિરણ હોસ્પિટલમાં સુરત ઉપરાંત દક્ષિણ ગુજરાતનાં લોકોતો દાખલ થતાં જ હતા પરંતુ મુંબઈ, પુણે, દિલ્લી, ભાવનગર, જયપુર અને રાજકોટ જેવા શહેરો ના કોરોના દર્દી કિરણ હોસ્પિટલમાં દાખલ થવાનો આગ્રહ રાખતા હતા. જૂન જુલાઇ માં અમારી હોસ્પિટલમાં દાખલ થવા માટે ઘણા ફોન આવે પરંતુ જગ્યા નહીં હોવાથી અમો હરકોઈ વ્યક્તિને ના પાડીએ અને તેઓ દુખી થતાં હતા. દર્દીના રિલેટિવ દાહકલ થવા માટે લાગણી સભર વિનંતી કરે અને અમો તેઓને દાખલ કરી શકતા ન હતા જેથી અમો ખૂબ દુખી થતાં હતા. પ્રાઈવેટ હોસ્પિટલમાં કોઈ જગ્યાએ કોરોના વિભાગમાં 253 બેડની વ્યવસ્થા ન હતી. સૌથી મોટી વ્યવસ્થા કિરણ હોસ્પિટલ માં હતી જૂન જુલાઇમાં

ટોસીલીઝુમેબ અને  રેમડેસીવીર ઈંજેકશન અમારી હોસ્પીટલમાં ઉપલબ્ધ હોવાથી સમગ્ર ગુજરાતમાંથી ફોન આવતા હતા એ બધાને પણ અમે ન્યાય આપી શકતા ન હતા કારણકે અમારી પાસે જે દવાનો સ્ટોક હતો તે દાખલ દર્દી માટે હતો તેમ છતાય અમોએ આની બીજી હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તે ઈંજેકશનો પહોચડવાનો શક્ય તેટલો પ્રયાસ કર્યો.

ડો. મેહુલ પંચાલ
ડિરેક્ટર, મેડીકલ સર્વિસીસ, કિરણ હોસ્પિટલ, સુરત

# કોરોનાકાળ અને આપણે...

## મેહુલ શર્મા

ડીસેમ્બર ૨૦૧૯ના ત્રણ ચાર મહિના પહેલાં કોરોના વાઇરસ ચીનમાં વુહાન શહેરમાં દેખાયો અને જાન્યુઆરીમાં  ભારતમાં આવ્યો. સરકારે બહારથી આવતી ફ્લાઇટ્સ ઉપર કડક પહેરો લગાવ્યો, યાત્રીઓના ટેસ્ટ કર્યા, કોરોન્ટાઇન કર્યા છતાં તેને રોકી ન શકાયો.

મને યાદ છે તે મુજબ ૨૧મી માર્ચના રોજ યઝદી કરંજિયા પદ્મશ્રી એવોર્ડ સમિતિની એક મિટિંગ ચેમ્બર્સ ઓફ કોમર્સની ઓફિસમાં રાખવામાં આવી હતી, જેમાં શહેરના મેયરશ્રી સહિત પ્રતિષ્ઠિત સભ્યો હાજર હતાં. આ મિટિંગ કરોનાને કારણે સન્માન કાર્યક્રમ મુલત્વી રાખવા માટેની હતી. સર્વાનુમતે નિર્ણય લેવાયો કે કોરોનાનો માહોલ સુધરી જાય પછી જુન- જુલાઈમાં કાર્યક્રમ યોજી શકાશે.

આ મિટિંગમાં ડૉ. મુકુલ ચોક્સી હાજર હતાં. તેમણે કોરોના વાઇરસ વિશે ઉંડાણપૂર્વક માહિતી આપીને જણાવ્યું કે આ રોગની ખરી શરુઆત તો જુન- જુલાઈમાં થશે અને ઓગસ્ટમાં વિકરાળ સ્વરૂપ ધારણ કરશે. આ વાત સાંભળીને બધાં જ આશ્ચર્ય પામ્યા. મેં તો મનોમન પ્રાર્થના પણ કરી કે આ વાત ખોટી સાબિત થાય પણ આપણે સૌ જાણીએ છીએ કે ડૉ. મુકુલની આ વાત અક્ષરસહ: સાચી પડી .

આપણા માનનિય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી એ ૨૫મી માર્ચે જનતા કર્ફ્યુ લગાવ્યો. ત્રણ દિવસ બાદ ૨૧ દિવસનું લોકડાઉન લગાવવામાં આવ્યું. લોકો ઘરમાં પુરાયા બધું જ બંધ, સોશિયલડિસ્ટસ્ટીંગ, સેનેટાઇઝેશન, કોરોન્ટાઇન જેવા શબ્દો રોજબરોજની જિંદગી સાથે વણાઇ ગયાં. તાળીઓ પાડી, થાળી પીટી, દિવાઓ કર્યા. લોકડાઉન-૧ પછી લોકડાઉન ૨-૩ આવ્યું. અનલોકડાઉન ૧-૨-૩ આવ્યાં. કોવીડના કેસના આંકડાઓ વધતાં જ ગયાં. સતત  ટી.વી. ઉપર ન્યૂઝ બુલેટીંગ જોતાં જોતાં ભયના માહોલ વચ્ચે જીવતાં હતાં. રોજ અખબારમાં, ટી.વી. પર કે સોશિયલ મિડિયા મારફતે સ્નેહિઓ, મિત્રો અનેક નામીઅનામીઓના કોરોના પોઝિટિવ હોવાના સમાચાર મળતા રહ્યા. પછી તો કોરોનાને કારણે મૃત્યું થયું હોય તેવા સમાચારની સંખ્યામાં વધારો થતો રહ્યો. આ બધી હતાશા અને ભયના માહોલ વચ્ચે સુરતીઓએ જીવતાં શીખી લીધું હતું . ત્યાં હિન્દી ફિલ્મોના પ્રતિભાસંપન કલાકાર ઇરફાન ખાનનું દ:ખદ અવસાન થયું, બે ત્રણ દિવસમાં જ બીજો આચકો અનુભવ્યો એક સમયના રોમેન્ટિક હિરો અને હાલનાં સમયના મશહૂર ચરિત્ર અભિનેતા ઋષિ કપુરનું  નિધન થયું, ટી.વી. ઉપર સતત પ્રસારિત થતાં કરોનાલક્ષી સમાચારો વચ્ચે આ બે અભિનેતાઓના ગુણાનુવાદના કાર્યક્રમો

જોવામાં પ્રજાનું ધ્યાન પોરવાયું. ત્યાં ૧૪મી જુને બપોરે ટી.વી. ઉપર એક સમાચાર ફ્લેશ થયા, યુવા અભિનેતા સુશાંતસિંહ રાજપૂતે આત્મહત્યા કરી. હિન્દી ફિલ્મોના દેશી વિદશી ચાહકો માટે આ આઘાતો જીરવવા કઠિન હતાં. સુશાંતે આત્મહત્યા ન'તી કરી પણ તેને આયોજનબધ્ધ રીતે મોતને ઘાટ ઉતારવામાં  આવ્યો છે, એવી ચર્ચાઓ ટી .વી. અને સોશિયલ મિડીયામાં થવા લાગી. લોકડાઉન દરમિયાન ઘરે સાવ નવરાં બેઠેલા લોકો વચ્ચે આ ચર્ચાઓ રસ જગાડવા લાગી. રોજ નવી નવી થીયરીઓ આવતી. કોણ કોણ કેવી રીતે આ ઘટનામાં સામેલ છે. બીજી બાજુ આત્મહત્યાની થીયરી આવતી રહી. મુંબઇ પોલિસ અને મહારાષ્ટ્ર સરકારની શંકાસ્પદ ભુમિકા માટે પણ અનેક સવાલો સામે આવતાં. લોકો કોરોનાને બદલે સુશાંતની હત્યા કે આત્મહત્યા ઉપર ચર્ચાઓ કરવા લાગ્યા.

આ બધા વચ્ચે કોરોના તો તેનું કામ કરતો જ હતો. જે આંકડાઓ સો માં આવતા હતાં તે હવે હજારો અને લાખોમાં આવવા લાગ્યા. પહેલાં કરોનાના કેસની સરખામણી રાજ્યો વચ્ચે થતી તે હવે દેશો સાથે થવા લાગી.

ભારતીયો કોરોનાને સહેજ કોરાણે મુકી સુશાંત જેવા વિષયો તરફ વળ્યાં. સી.બી.આઇ. આવી,  ઇ.ડી. આવી અને એન.સી.બી.પણ આવી. સુશાંતનો મામલો ડ્રગ સાથે જોડાયો. આખું બોલીવુડ ચુપ હતું કોઇ કંઇપણ બોલવા માંગતુ ન હતું. આ ચુપકીદી વચ્ચે એક અવાજ આવ્યો તે કંગનાનો. તેણે સુશાંતના નામે આખા બોલીવુડની પોલ ખોલવા માંડી. નેપોટીઝમ, ડ્રગ, પ્રોસ્ટીટ્યુશન, માફિયા અને આઇ.એસ.આઇ. કનેક્શન વિશે ચોંકાવનારા અનેક ખુલાસાઓ કર્યા. ટી.વી. ન્યૂઝ ચેનલો માટે તો દર દશ મિનિટે બ્રેકિંગ ન્યૂઝનો ખજાનો મળી ગયો. અનેક યુટ્યુબરો ઉભરી આવ્યાં. એન.સી.બી.એ તો સી.બી.આઇ. કરતાં નોંધપાત્ર ઝડપ દાખવી. ડ્રગ પેડલરોને પકવવામાં આવ્યાં, નામાંકિત કલાકારોની પરેડ કરાવી. ફિલ્મી માફિયઓ, પોલિટિશયનો અને મુંબઇ પોલિસ ગુનેગારોને છાવરવા યેનકેન પ્રયત્નો કરવા લાગી. ધીમે ધીમે એક બુલંદ ઉંચા સ્વરે મધાંતાઓને લલકારતો અવાજ ગુંજવા લાગ્યો. રિપબ્લિક ટી વી નેટવર્કના સંપાદક અર્નબ ગોસ્વામી ખુબ લોકપ્રિય બની ગયાં. અર્નબે ટુકડે ટુકડે ગેંગ, લુટીયન ગેંગ, બોલીવુડ માફિયા, ઉધ્ધવ સરકાર, મુંબઇ પોલીસ, દ્રોપદીના ચિરહરણ સમયે કરૌવસભામાં ઉપસ્થિતિ મહાનુભાવો જેવું મૌન જાળવી બેઠેલા મહાનાયકોને આડે હાથે લીધા. જે કલાકારોને ભારતમાં અને ભારત બહાર વસતી પ્રજા પુજતી હતી તે ધિક્કારવા લાગી. કલાકારોની કાળી કરતુતો લોકચર્ચાનો વિષય બની ગયી.

આ બધા વચ્ચે કોરોનાનો કહેર જરાય ઓછો થયો ન હતો બલકે વધ્યો હતો અને ન તો ભવિષ્યમાં ઓછો થવાના  એંધાણ આપ્યા હતાં . કોરોના ની સાથે બિહાર માં ચુંટણી આવી મતદાન પુરું થયું પરિણામની રાહ જોવાય છે. આખરે મુંબઇ પોલિસે અર્નબની ધરપકડ કરી આજે ચાર દિવસ

પછી પણ જામીન મળ્યા નથી .આખા ભારતમાં અર્નબ ને છોડાવવા માટે નું જનઆંદોલન શરૂ થયું . ભારતના ઇતિહાસ માં એક પત્રકાર માટે નું  આ આંદોલન અંકિત થઈ જશે.ફ્રિડમ ઓફ ધ સ્પીચ માટે કટોકટી પછી પહેલી વાર આટલો મોટો લોક જુવાળ જોવા મળ્યો .

આજે અખબાર અને ટી .વી. ઉપર કોરોના ના સમાચાર બહુ ઓછા કે જરુર પુરતા જ આવે છે. કોરોનાકાળ દરમિયાન ઘણાં ગુજરાતી દિગ્ગજો ને આપણે ગુમાવ્યા છે અને આનો કોઈ નજીકમાં અંત દેખાતો નથી . શું આપણે આ બધા  આઘાતો વેદના સહન કર્યા પછી દિવાળી ને ઉત્સાહપૂર્વક આવકારવા આતુર છીએ ? આનો જવાબ હા અને ના બંનેમાં મળી રહેશે પરંતુ સદીમાં એકાદ જ વાર આવતી આવી મહામારી સામે આપણે લડીને આપણી જાત ટકાવી રાખી છે એ એક નક્કર સત્ય છે. આખી દુનિયા આ મહામારી માથી ઉગરી શકાય એવી વેક્સિન ની રાહ જોઇ રહી છે અને આપણે વેક્સિન સાથે સાથે સુશાંત નો કાતિલ પણ મળી જાય એવાં આશાવાદ સાતે જીવી રહ્યા છીએ .

મેહુલ શર્મા
સહમંત્રી, રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત – ૯૮૨૫૬ ૫૮૪૦૮

# “હે પ્રભુ એમને કોવિડનો ચેપ લગાડી, દે !”

## ડો. મુકુલ ચોકસી

મારો એક જૂનો દર્દી. હરીશ એનું નામ. નર્વસ પ્રકૃતિનો માણસ. નાનો હતો ત્યારે બાબરી ધ્વંસ પછી જે રાયટસ થયા ત્યારે ખૂબ ગભરાઈ ગયેલો. બે મહીના સુધી ઘરમાંથી બહાર જ નહોતો નીકળ્યો. એ પહેલા સુરતમાં પ્લેગ આવ્યો ત્યારે તે એકદમ ગભરાઈને ગુજરાતની બહાર ભાગી ગયેલો. કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે તો એટલો હેબતાઈ ગયેલો કે પોતાના એક માળના ઘરમાં નીચે ગ્રાઉન્ડ ફલોર પર બેડરૂમ ન હોવા છતાં હોલમાં જ સૂઈ રહેતો. પૂરથી બચવા હાઈરાઈઝમાં ચાલ્યા જવું કે ભૂકંપ આવે તો ઊગરી જવાય તે માટે ગ્રાઉન્ડ ફલોર પર રહેવું તેની કશમકશમાં જ તેણે મહીનાઓ વિતાવ્યા હશે.

વચ્ચે ઊકાઈ ડેમ તૂટવાની અફવા બાબતે પણ તેને આઈ.સી.યુ. માં દાખલ કરવો પડેલો. શહેરમાંથી એકવાર ડઝનેક જીવતા બોમ્બ પકડાયા ત્યારથી તેની આંખો સતત કોઈ અજાણી ચીજ જુએ કે “બોમ્બ હોય તો !” એવું વિચારવા માંડે! હરીશને દરરોજ એકવાર તો એવો વિચાર આવે જ કે ગ્લોબલ વોર્મીંગથી નોર્થ પોલના ગ્લેશિયર પીગળી જશે અને દરિયાઓની સપાટી વધી જશે તો સુરતની શું હાલત થશે ? આથી એ ડુમસ રોડ પર બંધાયેલા એના નવાનકોર બંગલામાં રહેવા જતાં પણ ડરે ! તેનો સૌથી ખરાબ સમય પ્લેનમાં બેસતી વખતે એરહોસ્ટેસ્ટ પ્લેન તૂટી પડે તો સેફટી માટે શું કરવું તેની સમજ અને ડેમો આપે, તે હોય છે ?

‘સીવીયર એન્કઝાઈટી પ્રોન’ હરીશને જ્યારે કોરોના ના ન્યૂઝ આવવા માંડયા ત્યારથી જબ્બર ચિંતાઓ થવા લાગી હતી. તેણે લોકડાઉનના પહેલા જ દિવસે વીલ બનાવી નાખ્યું હતું. લોકોમાં દીવા પ્રગટાવવાનો અને થાળીઓ વગાડવાનો માસ સેલીબ્રેશનનો માહોલ હતો ત્યારે હરીશ હરિને મનોમન કહેતો હતો કે પોતે કેવા મૂર્ખાઓ વચ્ચે જીવી રહ્યો છે ?

હરીશની ખરી તકલીફ માર્ચ ૨૦૨૦ થી શરૂ થઈ. તેણે માસ્કના ઢગલે ઢગલા ખરીદી રાખ્યા અને સેનીટાઈઝર્સની બોટલોથી કબાટ ભરી દીધો. રખેને કદાચ કરફયુ લાંબો ચાલે તો ? એવું વિચારીને ઘરવખરી, ગોસરી વગેરે પણ ઘરમાં બેશુમાર માત્રામાં ખડકી દીધા !

કોરોનાની માહિતીઓ એ એટલી ચીવટાઈથી વાંચતો કે આગલે દિવસે ભારતમાં ખરેખર બારસો અઠ્ઠાવન કેસ હતાં કે બારસો સત્તાવન ? તે બે કલાક બાદ રીસર્ચ કરીને શોધી કાઢતો !

હરીશનો દેખાવ એપ્રિલથી જ બદલાવા માંડયો હતો. માથે ટોપી, મોં પર ત્રણ કચકચાવીને બાંધેલા માસ્ક, હાથ-પગમાં લાંબા મોજા અને આંખો ઉપર ટાઈટલી ફીટીંગ ગોગલ્સ ! ગજવામાં દિવાસળીનું ખોખું રાખતો જેથી કોઈ લીફટનું બટન કે સ્વીચ દબાવવાની આવે તો આંગળીમાં ઈન્ફેકશન ન લાગી જાય ! તે ઘર બહાર ભાગ્યે જ નીકળતો. બારી-બારણા પણ લગભગ બંધ જ રાખતો.

ફેરિયાઓને તે સુપરસ્પ્રેડર જ સમજતો. આથી આંગણે મૂકાયેલી દૂધની કોથળીઓ, તેમજ શાકભાજીને ધોઈને ડીસઈન્ફેકટ કરવામાં તેને દોઢ બે કલાક લાગતા. ચારવાર નહાવાનું અને ચૌદવાર હાથ સાફ કરવામાં તેને કોઈ તણાવ નહીં લાગતો ! પણ જો કોઈ અચાનક ઘરમાં આવી જાય અને હરીશને હાથ સેનીટાઈઝ કરવામાં વિલંબ થાય તો જબરદસ્ત સ્ટ્રેસથી તે ધ્રૂજી ઊઠતો !

યોગ, પ્રાણાયમ, ઊકાળો, કાઢો, મીથીલીન બ્લ્યૂ ..... વગેરે કોરોનાને હરાવનાર જેટલા ઊપાયો વિશ્વમાં પ્રચલિત હતાં, તે બધા હરીશ તો અચૂક અજમાવતો !

કમનસીબે આ બધું કરવા છતાંય હરીશને તાવ આવ્યો. ઘરમાં વિશ્વયુધ્ધ ફાટી નીકળ્યું હોય એવો માહોલ રચાઈ ગયો. તાવ તો બીજે જ દિવસે ઊતરી ગયો અને ઓકિસજન લેવલ પણ હંમેશ ૯૮% થી વધુ રહેતું. પણ હરીશને ડોકટરના શબ્દો યાદ આવ્યા કરે, “મોટેભાગે તો કંઈ વાંધો નહીં આવે !” – એટલે ‘નાનેભાગે’ વાંધો આવી શકે ? એવું વિચારી વિચારીને હરીશ થાકી જતો.

આટલા વર્ષોથી તેના ઘરવાળા તેના ચિંતાતુત અતિઅતિઅતિ ચિંતાતુર સ્વભાવ માટે મારી પાસે લઈ આવતાં..., પણ દવાઓની આડઅસરના ડરને લીધે હરીશ કદીય મારી સૂચવેલી દવા લેતો નહીં.

આ વખતે તે કોવિડ પોઝીટીવ આવ્યો હોવાથી ભયંકર ડરી ગયો હતો. લગભગ એક અઠવાડિયા સુધી આખી રાત જાગ્યા પછી ઘરના સહુએ નક્કી કર્યું કે તેને પરાણે પણ એન્કઝાઈરી દૂર કરવાની દવાઓ આપવી. અને દબાણપૂર્વક દવાઓ આપીને હરીશનો કબજો ઘરના સભ્યોએ લઈ લીધો.

પંદરેક દિવસ પછી જ્યારે કોરોના અને તણાવમાંથી તે મુક્ત થયો ત્યારે સહુએ તેને જીવનમાં પહેલીવાર ખડખડાટ હસતા જોયો. એક સાંજે તો ઈવનીંગ વોક માટે બહાર નીકળી ગયો. બીજે દિવસે મને સામે ચાલીને મળવા આવ્યો ત્યારે મેં જુદા જ હરીશને જોયો.

તે મને કહેવા લાગ્યો, “સાહેબ ! કોવિડથી કંઈ થતું નથી. જુઓને, હું તો સાજોમાજો છું. પણ તે થઈ જશે તેવા ડરથી વધુ હેરાન થવાય છે અને માળું ! જેનાથી ડરીએ છીએ, તે અંતે તો થઈને જ રહે છે? મને કોવિડ કરતાં તેની ચિંતાએ વધુ સતાવ્યો છે. આજથી હું બધો ડર ખંખેરીને મુક્ત થઈ ગયો છું.”

મેં એટલું જ કહું, “જો હરીશ ડર ખરાબ નથી પણ અતિશય ડર, અકારણ ડર અને અતાર્કિક ડર ખરાબ છે. તું એટલો નીડર ન બની જતો કે માસ્ક ફગાવીને ફરતા લોકો જેવો ‘જીવંત બોમ્બ’ બની જાય ! પણ માપસરનો ડર રાખજે !”

કોવિડના કપરા કાળમાં મેં આવા અસંખ્ય દર્દીઓ જોયા છે અને જીવન તથા મૃત્યુની વચ્ચેના અવકાશમાં અસંખ્ય સંવેદનાઓને ફંગોળાતી જોઈ છે. નાસ્તિકમાંથી અચાનક આસ્તિક બની જતાં, આંખોના ખાડાઓમાં યમરાજનું પ્રતિબિંબ ઝીલતા, ઘડપણની કરચલીઓમાં ભવ્ય ભૂતકાળના ખંડેરોને ધરબીને જીવતાં અસંખ્ય લોકો.

પ્રભુ આ સહુને એકવાર હળવો, એસીમ્પ્ટમેટિક, તકલીફ વિનાનો કોરોનાનો ચેપ આપી દે એવી પ્રાર્થના કરું છું. જેથી વેકસીન મૂકાઈ જાય ત્યાં સુધી તો તેઓ “હાશ, હવે વાંધો નહીં” – એમ વિચારીને થોડા આનંદથી જીવી શકે !”

ડૉ. મુકુલ ચોકસી
**કવિ – મનોચિકિત્સક – સુરત – 9825142406**

# આ તો કેટલો મોટો આઘાત અને કેટલી મોટી વિડંબણા!

## ડૉ. મુકુર પેટ્રોલવાલા

મિત્ર ડૉ. નીતિન વ્યાસને કોરોનાની બીમારી માટે દાખલ કરવાના હતા ત્યારે મેં તેમને પૂછેલું, 'ચિંતા છે? તેમનો હૃદયસ્પર્શી  જવાબ ભુલાયો નથી. "ડર મરવાનો નથી! ડર એકલા મરવાનો અને કોઈ સ્વજનો  દ્વારા અગ્નિસંસ્કાર વગર બળીને ફૂંકાઈ જવાનો છે!" આ બીક કમનસીબે, થોડા લોકોમાં વધતે ઓછે અંશે સાચી પડી છે!

2020ના જુલાઈ-ઓગસ્ટમાં જયારે કોરોના સુરતમાં ચરમસીમા પર હતો ત્યારે એક વયસ્ક કપલને કોરોના માટે દાખલ કરવાના હતા. ઘરે એ બે સિવાય કોઈ મળે નહીં એટલે અને હાલત તે સમયે સારી હતી એટલે હોટેલ-હોસ્પિટલ પ્રોગ્રામ હેઠળ એમને જીંજર હોટલમાં રાખવામાં આવ્યા. એમના દીકરા-દીકરી બેઉ અમેરિકામાં - એ સંજોગોમાં કોઈ આવી શકે એવું તો હતું  જ નહીં. એમની દીકરી પ્રિયંકા મારી દીકરી સાથે સ્કૂલમાં અને એનો એક મિત્ર ડો. સિધ્ધાર્થ અમારી હોસ્પિટલમાં જ ચાઈલ્ડ સ્પેશિયાલિસ્ટ એટલે એણે ઘરના માણસની જેમ દોડાદોડ કરી. દિવસ જતાં બંનેની તબિયત બગડી અને એમને હોસ્પિટલમાં ખસેડવા પડ્યા. બેઉને વધુ ઉંમર ઉપરાંત મોટાપો, ડાયાબિટીસ, હૃદયરોગ જેવા બધા જ જોખમી પરિબળો પણ ખરા. તે વખતે મળતી બધી સારવારથી ભાઈની તબિયત તો સુધરી પણ એમના પત્ની ને વેન્ટિલેટર પર લેવા પડ્યા અને પછી કશું કારગત ન નીવડતા એ અનંતની યાત્રા પર નીકળી પડયા.

એ દુઃખદાયક પ્રસંગની સાથે સાથે શરૂઆતમાં જે વાત કરી તે જાણે જીવંત થઇ રહી હતી. દીકરા-દીકરી પરદેશમાં અને પતિ હોસ્પિટલમાં - ડો. સિધ્ધાર્થ ની મદદથી ગણેશભાઈ પત્નીનું મોઢું તો જોઈ શક્યા પણ છેલ્લી યાત્રામાં માંડ પહોંચી રહેલો દીકરો એના તબીબ મિત્ર સાથે પીપીઈ કીટમાં મા ના દર્શન કરી શક્યો. સ્મશાનમાં પણ પાછી એટલી લાઈન કે ત્રણ-ચાર કલાક્ની રાહ જોવી પડે! વિડીયો કોલથી સાંત્વના મેળવવાની અને આપવાની! દીકરી પરદેશમાં એકલી, દીકરો ક્વોરેન્ટાઇનમાં અને પતિ હોસ્પિટલમાં - બધા જ એકલા! કોઈ પણ મૃત્યુ કુટુંબ માટે ભારે તો હોય જ છે પણ આવા સમયે સગા અને મિત્રોનો સહાનુભૂતિ વાળો સાથ હોય છે. આ તો કેટલો મોટો આઘાત અને કેટલી મોટી વિડંબણા! ગમે એટલું મોટું દિલ રાખું, પણ આવા પ્રસંગો જોવાની ફરજ પાડનાર ચીનને માફ કરવા જેટલી ઉદારવૃત્તિ તો નહીં જ આવે!

ડૉ. મુકુર પેટ્રોલવાલા

ડિરેક્ટર, મેડીકલ સર્વિસીસ, ટ્રાયસ્ટાર હોસ્પિટલ્સ, સુરત

# ગીતો ભર્યા એ ૧૪ કલાક

## નરેશ કાપડીઆ

એ ૨૧ માર્ચ, ૨૦૨૦ હતી. થોડાં સમયથી ચીનમાં કોઈ વાઈરસ હાહાકાર મચાવે છે એવા સમાચાર હતાં. જોકે એ બાબતને આપણા સમાજે બહુ ધ્યાન પર લીધી નહોતી. એકાએક વડાપ્રધાને આખા દેશને એક થવાની વાત કરી અને રવિવાર, તા. ૨૨ માર્ચના રોજ સવારે સાતથી રાત્રે ૯ સુધી 'જનતા કર્ફ્યુ' જાહેર કર્યો. ભલે એ અપીલ સરકારની હતી પણ તેની પ્રસ્તુતિ એવી રીતે થઈ કે દેશની જનતા સ્વયંભુ બંધ પાળીને ૧૪ કલાક આખા દેશમાં તમામ પ્રવૃત્તિઓ થંભાવી દેશે. એ પ્રસંગને એકતા, મક્કમતા અને સંયમના ઉત્સવ રૂપે ઉજવવાનો હતો.

અમને શું શૂર ચડ્યું કે એ ૧૪ કલાક સમાજના એક ભાગને સતત સંગીતથી બાંધી રાખીએ તો કેવું? અમારા વોટ્સએપ ગ્રુપ્સમાં 'માય રેડિયો'ના ૧૦ અને 'ઓલ્ડ સૉંગ્સ લવર્સ'ના ૦૫ મળી કૂલ ૧૫ ગૃપ્સના મિત્રોને અમે રાત્રે જ આમંત્રણ આપ્યું કે આપણે આપણા ઘરમાં રહીને મોબાઈલ ફોન દ્વારા આખો દિવસ અંતાક્ષરી રમીને ગીતો ગાઈશું. સવારે બરાબર સાત વાગ્યે અમે શરૂઆત કરી. મિત્રોને સૂચવ્યું કે 'ક કમળના ક' પરથી જે પણ ગીતો યાદ આવે તે ગ્રુપમાં ગાવ. ખૂબ સારો પ્રતિભાવ મળ્યો. જે આખો દિવસ ચાલતો રહ્યો.

અમે અંતાક્ષરી સાથે દેશમાં અને સુરત શહેરમાં 'જનતા કર્ફ્યુ'ની સફળતાની વાતો દોહરાવતા જતા હતા. ત્યારે દેશમાં કોરોના વાઈરસથી ૧૬૯ લોકો સંક્રમિત હતાં અને તેનાથી ચાર વ્યક્તિના મૃત્યુ નીપજ્યાં હતાં. વડાપ્રધાને તેજ દિવસે કહ્યું હતું કે 'જગત આ વાઈરસને કારણે ખૂબ ખરાબ સ્થિતિમાં મુકાઈ ગયું છે, જે બંને વિશ્વયુદ્ધ કરતાં પણ વધુ ખતરનાક છે.'

વડાપ્રધાને દેશને એક કરવા માટે અને જાણે ખતરાની ઘંટી વગાડતાં હોય તેમ સુચન કર્યું હતું કે 'જનતા કર્ફ્યુ' દરમિયાન સાંજે પાંચ કલાકે નાગરિકો પોતાના ઘર બહાર, બારી કે બાલ્કનીમાં આવીને તાળી વગાડે, ઘંટડી વગાડે અથવા થાળી વગાડે. જાગૃતિ લાવવા માટે ૧.૩ અબજની વસ્તીવાળો આખો દેશ એક સાથે આવું કરતો હતો, જે ઐતિહાસિક હતું.

બીજી બાજુ રાત્રે નવ સુધી અમારી અંતાક્ષરી સતત જારી રહી. એક નવો વિક્રમ બન્યાનું સૌને ગૌરવ થયું. સેંકડો મિત્રોએ હજારો ગીતો એકસાથે ગાયા, ક થી જ્ઞ સુધીની આખી બારાક્ષરી આ અંતાક્ષરીમાં પુરી થઈ હતી. એ સંગીતમય ૧૪ કલાક કદી ભૂલી નહીં શકાય. પછી તો ત્રણે લોકડાઉન દરમિયાન રોજ સાંજે બે કલાક એ સેંકડો મિત્રો એક અલગ વિષયના ગીતો ગાતાં રહ્યાં.

નરેશ કાપડીઆ - સુરત - ૯૯૦૯૯ ૨૧૧૦૦

# પ્રસ્થાન

## નરેશ કાપડીઆ

ગોપીનું મન માનતું નહોતું કે ગોપાલ કહે છે તેમ કરવું કે નહીં. જોકે ગોપી હજી છોકરી જ કહેવાય. ભલે માતા બની ગઈ પણ હજી વીસ વર્ષની ઉમર પણ ક્યાં તેણે પાર કરી હતી!

લાઈનમાંથી દોડતા આવીને ગોપાલે એક જ વાક્ય કહ્યું, 'ગોપી, ઢીંગલીને લઈને આજે ગામ જાવા ઉપડી જઈશું. તું તૈયાર રહેજે.'

ગોપીને સમજાતું નહોતું, કોઈ સાધન વિના ગામ કેવી રીતે પહોંચાશે? ગામ તો એકદમ દૂર છે. જોકે, તેણે કોઈ ઝાઝી તૈયારી કરવાની નહોતી. તેમને રહેવા માટે હજી ઘર જ ક્યાં હતું? નવી બનતી કોઈ ઈમારતમાં એ અને ગોપાલ મજુરી કામ કરતાં હોય તેમાં સ્લેબ ભરાય એટલે મુકાદમ પાસે મંજૂરી લઈને ગોપાલ એકાદ ખૂણામાં ગોપી સાથે પોતાનો સંસાર માંડી દેતો.

ગોપીની આંખ સામેથી બધું ફિલ્મની જેમ પસાર થઈ ગયું. ગોપાલને પરણી ત્યારે એક જ વાતનું કુતુહલ હતું કે સુરત જોવા મળશે. પોતાના ગામમાંથી કદી બહાર જઈ શકેલી ગોપી માટે માયાનગર સુરત માટે ગોપાલે જે વાતો કરી હતી તેનાથી ગોપીને મન સુરત કોઈ સ્વર્ગથી ઊતરતી જગ્યા નહોતી. પરણીને હાથ પીળા પણ નહોતાં થ યાં અને ગોપાલ સાથે સુરત આવી ગઈ હતી. ચારે બાજુ ઊંચી ઊંચી ઈમારતો, આટલાં બધાં વાહનો, વિશાળ રસ્તાઓ અને મરાઠીમાં જેને 'ઉડડન પુલ' કહેતાં તે ફ્લાય ઓવર્સ જોઈને ગોપી હેબતાઈ ગઈ હતી.

ગોપાલ જે રૂમમાં ચાર જણા સાથે રહેતો હતો તે મિત્રોએ એક મહિના સુધી ગોપાલ-ગોપીને એકાંત આપવા માટે રાત્રે બહાર સુવાની તૈયારી કરી હતી. કોઈ પણ સાથીના લગ્ન થાય ત્યારે આવું એકાંત આપવાનો વણલખ્યો રીવાજ બની ગયો હતો. એ દિવસો યાદ કરતાં ગોપીનું મોં શરમથી લાલચોળ થઈ ગયું. પછી એવું એકાંત તેમને નવી બનતી ઈમારતના માળખામાં મળતું. એક ગોદડી, નાનો ચૂલો અને થોડાં કપડાં, બસ એટલો એમનો અસબાબ. તેમાં હવે ગયાં વર્ષથી એક ઘોડિયું ઉમેરાયું હતું.

'ચાલ ગોપી, ઉભી થા. આ થોડું ખાઈ લે, આપણે ગામ જવા નીકળીએ છીએ.' ગોપાલે આવીને કહ્યું. ગોપી એની સામે જ જોઈ રહી. એની અણસમજુ આંખોમાં અનેક પ્રશ્નો હતાં. ગોપાલે બોલવા માંડ્યું, 'જો ગોપી, કોરોના હવે કાળ બની ગયો છે. રોજ બહુ નવા કેસ આવે છે અને લોકો મરે છે. મફતનું

ખાવાનું વધારે દિવસ મળવાનું નથી. વોચમેને અહી રહેવાની પણ ના પાડી છે. રાત પડશે તો પોલીસ બહાર નહીં જવા દે. હવે અહીં નહીં રહેવાય, જીવતા કે મરેલા આપણે આપણા ગામે જ જવું પડશે.’

‘કેવી રીતે જઈશું?’ માંડ એક સવાલ ગોપીની મુખેથી સર્યો.

‘ખબર નથી, હાઈ-વે પર પહોંચીએ, ત્યાંથી કોઈ સાધન મળે તો ઠીક, નહીતર ચાલવા માંડીશું. દસ દાડામાં તો પહોંચી જઈશું ગામ. તું ઢીંગલીને ઉઠાવ, હું આ પૈડાવાળી બેગ લાવ્યો છું, તેમાં મુકાય એટલો સામાન નાખીને ચાલવા માંડીએ.’

કોરોનાની મહેરબાનીથી ગોપાલ, ગોપી અને ઢીંગલીનો સંસાર પોતાના ગામે ડગ માંડવા રસ્તે પડ્યો. (અનેક સત્ય ઘટનાઓ આધારિત કલ્પના.)

નરેશ કાપડીઆ – સુરત - ૯૯૦૯૯ ૨૧૧૦૦

# કોરોનાકાળની કેટલીક ફેક્ટ ફાઈલ્સ

## નરેશ કાપડીઆ

કોરોનાકાળની સત્યકથાઓના આ ઈ-પુસ્તકનું લોકાર્પણ ૨૧ જુલાઈ, ૨૦૨૧ની સાંજે થાય ત્યારે જોગાનુજોગ કોરોનાકાળનાં સોળ મહિના ભારતમાં પુરા થશે. ડિસેમ્બર, ૨૦૧૯માં ચીનના વુહાન નગરથી તેનો આરંભ થયો હતો, માટે તેને 'કોવીડ – ૧૯' રૂપે ઓળખાયો. આમ આ વીસ માસના અંતે જગતમાં કોવીડની કેવી અસર થઇ છે તેને આંકડાઓ દ્વારા સમજીએ.

આ સમય દરમિયાન જગતમાં અત્યાર સુધી ૧૯.૨૦ કરોડ લોકો કોરોના સંક્રમિત થયાં છે. જગતમાં સૌથી વધુ અમેરિકાના લોકો કોરોનાથી સંક્રમિત થયાં છે. એ આંક ૩.૫૦ કરોડ છે, જેમાં બીજા ક્રમે ભારત છે, જે આંક ૩.૧૨ કરોડ છે. વર્લ્ડોમીટર ડોટ કોમ પર જણાવવા મુજબ સૌથી વધુ મૃત્યુ ૬.૨૫ લાખ લોકોના અમેરિકામાં થયાં છે, બીજા ક્રમે બ્રાઝીલમાં ૫.૪૩ લાખ લોકોના મૃત્યુ થયાં છે અને ત્રીજા ક્રમે ભારતમાં ૪.૧૫ લાખ લોકોના મૃત્યુ આ મહામારીમાં થયાં છે. ચોથા ક્રમે રશિયા અને પાંચમાં ક્રમે ફ્રાંસમાં મૃત્યુ નીપજયાં છે. આ મહામારીમાં અત્યાર સુધી જગતમાં કોરોનાથી કૂલ ૪૧.૦૭ લાખ લોકોના મોત નીપજયાં છે.

જગતમાં જેમને કોરોના રોગનો ચેપ લાગ્યો હતો તેમાંથી ૧૭.૪૮ કરોડ લોકો સાજા થયાં છે. જગતમાં કોઈ પણ દેશ કરતાં વધુ લોકો ભારતમાં સારા થયાં છે. અહીં ૩.૧૨ કરોડને આ રોગનો ચેપ લાગ્યો હતો, જેમાંથી ૩.૦૪ કરોડ લોકો સારા થયાં છે. આ એક બહુ મોટી ઉપલબ્ધિ છે. જગતમાં બીજા ક્રમે ૨.૯૪ કરોડ અમેરિકામાં અને ત્રીજા ક્રમે ૧.૮૧ કરોડ લોકો બ્રાઝીલમાં સારા થયાં છે.

હાલ અમેરિકામાં સૌથી વધુ ૪૯.૮૭ લાખ લોકો કોરોનાની સારવાર હેઠળ છે, જયારે બીજા ક્રમે યુ.કે. માં ૯.૭૯ લાખ, ત્રીજા ક્રમે ૭.૮૨ લાખ બ્રાઝીલમાં, ચોથા ક્રમે ૪.૭૪ લાખ રશિયામાં અને પાંચમાં ક્રમે ભારતમાં ૪.૨૧ લાખ સક્રિય દર્દીઓ કોરોનાની સારવાર હેઠળ છે.

દર દસ લાખની વસ્તીએ કોરોના સંક્રમિત થયેલાં લોકોની યાદીમાં પ્રથમ ક્રમે ૧.૦૫ લાખ અમેરિકામાં, બીજા ક્રમે આર્જેન્ટિનામાં ૧.૦૪ લાખ, ત્રીજા ક્રમે બ્રાઝીલમાં ૯૦.૬ હજાર, ચોથા ક્રમે કોલંબિયામાં ૯૦.૪ હજાર અને પાંચમાં ક્રમે ફ્રાંસમાં ૯૦ હજાર લોકો દર દસ લાખની વસ્તીએ સંક્રમિત થયાં હતાં. ભારતમાં આ આંક દસ લાખની વસ્તીમાં બાવીસ હજાર સંક્રમિત થયાનો છે, જે જગતના મોટા દેશોની તુલનાએ ઘણો ઓછો ગણાય. આ યાદીમાં સૌથી વધુ વસ્તી ધરાવતો દેશ ભારત છે, જ્યાં ૧૩૯ કરોડ લોકો વસે છે, જયારે અમેરિકામાં ૩૩ કરોડ, બ્રાઝીલમાં ૨૧ કરોડ અને રશિયામાં ૧૪ કરોડ લોકો વસે છે.

કોરોના રોગ સામેની પ્રતિકારક બે રસી વિકસાવીને ભારતે કમાલ કરી છે. અહીં કોરોના સામેનું દુનિયાનું સૌથી મોટું રસીકરણ અભિયાન ૧૬ જાન્યુઆરી, ૨૦૨૧થી શરુ થયું છે. આ સાત માસના

અંતે ૨૦ જુલાઈની હાલત આ મુજબ છે. સૌથી વધુ રસી ભારતે આપી છે. ભારતમાં અત્યાર સુધી ૪૧.૨ કરોડ ડોઝ રસી અપાઈ છે અને બંને ડોઝ લેનારા ૮.૫૫ કરોડ લોકો છે. ત્યાર બાદ અમેરિકામાં ૩૩.૮, બ્રાઝીલમાં  ૧૨.૪ કરોડ અને જર્મનીમાં ૮.૬૧ કરોડ લોકોને રસી આપવામાં આવી છે. પોતાની વસ્તીની ટકાવારીમાં રસીકરણ કરવામાં અમેરિકા ટોચ પર છે, ત્યાં ૪૯.૨ ટકા વસ્તીને રસી આપવામાં આવી છે. ત્યાર બાદ જર્મનીમાં ૪૬.૪ ટકા, બ્રાઝીલમાં ૧૬ ટકા વસ્તીને રસી આપવામાં આવી છે. ભારતમાં અત્યાર સુધી વસ્તીના ૬.૩ ટકાને રસી આપવામાં આવી છે.

નરેશ કાપડીઆ – સુરત – ૯૯૦૯૯ ૨૧૧૦૦

# કોવીડ સામેના યુદ્ધમાં આપણે ક્યાં?

## નરેશ કાપડીઆ

દુનિયા આખીની સાથે ભારત પણ ખુબ મોટી જવાબદારી લઈને કોરોના સામે લડી રહ્યું છે. આજે, ૨૦ જુલાઈએ, બરાબર ૧૬ માસ પુરા થયાં આ જંગને. આપણે ક્યાં પહોંચ્યાં છીએ? શું છે હાલત? દુનિયાના સૌથી મોટા રસીકરણ અભિયાનમાં આપણે ૪૧.૧૮ કરોડ ડોઝ રસી નાગરિકોને આપી છે. કદાચ દુનિયામાં સૌથી વધુ, ચીનને ગણતરીમાં લીધાં વિના. જેઓ આ રોગથી સંક્રમિત થયાં તેમાંના ૯૭.૦૪ ટકા યાને ૩.૦૪ કરોડ લોકોને સારા કર્યાં. આપણે કેટલાં લોકોના કોરોના ટેસ્ટ કર્યાં? ૪૪.૭૩ કરોડ. કદાચ દુનિયામાં સૌથી વધુ, ચીનને ગણતરીમાં લીધાં વિના.

છેલ્લાં ૨૪ કલાકમાં દેશમાં ૩૦,૦૯૩ વ્યક્તિઓ આ રોગથી સંક્રમિત થઇ છે, જે છેલ્લાં ૧૨૫ દિવસનો સૌથી નાનો અંક છે. તો એ ૨૪ કલાકમાં દેશમાં ૪૫,૨૫૪ લોકો સારા થયાં છે. હાલ દેશમાં કોરોનાની સારવાર લેતાં દેશબંધુઓની સંખ્યા ૪.૦૬ લાખ છે, જે પણ છેલ્લાં ૧૧૭ દિવસોમાં સૌથી ઓછી છે. આ માહિતી ભારત સરકારના ૨૦ જુલાઈ, ૨૦૨૧ના ‘કોવીડ-૧૯ અપડેટ’ આધારિત છે.

નરેશ કાપડીઆ – સુરત – **99099 21100**

# કોરોના અને બાળઉછેર

## નરેશ કાપડીઆ

આમ પણ બાળ ઉછેર સરળ નથી હોતો, તેમાંય જયારે જગત મહામારી સામે ઝઝૂમતું હોય ત્યારે મા-બાપે વધારાની સંભાળ લેવી પડે છે.

બાળકના જીવનનો શરૂઆતનો સમય તેમના વિકાસ અને વધવાની જડ હોય છે. માથાનો શરૂઆતનો વિકાસ એ નક્કી કરે છે કે બાળક કેવું વિચારશે, શીખશે અને કેવો વ્યવહાર કરશે. લાંબા સમયમાં બાળક જીવનમાં સફળ થવાનો આધાર માથાના વિકાસ સાથે જોડાયેલો છે. જીવનના પહેલાં એક હજાર દિવસો દરમિયાન, એક બાળકનું માથું ખુબ ઝડપથી વિકસિત થતું હોય છે, તેમાં દર સેકંડે દસ લાખથી વધુ નવા ન્યુરલ કનેક્શન બનતા હોય છે!

આ સમય, એક બાળકના શીખવા, વધવા અને સમાજમાં પોતાનું પૂરતું યોગદાન દેવાની ક્ષમતાને આકાર આપવાની તક આપે છે,  જે જીવનમાં એક જ વાર મળે છે. આ બધું ત્યારે સરળ અને શક્ય બને છે, જયારે બાળકને યોગ્ય આરોગ્ય, પૂરતું પોષણ, સુરક્ષા, જવાબદારી સહિતની સંભાળ અને ઝડપથી શીખવાનો મોકો મળે છે.

ન્યુરો સાયન્સ હવે એ વાતની સાબિતી આપે છે કે ભલે જીન્સ માથાના વિકાસ માટે બ્લ્યુ-પ્રિન્ટ તૈયાર કરે છે, પણ આસપાસનું વાતાવરણ જ તેના માથાના વિકાસને આકાર આપે છે.મા-બાપે બાળકના જીવનના પહેલાં પાંચ વર્ષમાં બાળકને યોગ્ય વાતાવરણ આપવામાં મોટી ભૂમિકા નિભાવવાની હોય છે. જયારે બાળકની સીખવાની, બદલાવોને અપનાવવાની ક્ષમતા નક્કી થતી હોય છે અને મનોવૈજ્ઞાનિક લચીલાપણું વિકસિત થાય છે.
બાળકના વિકાસમાં આરંભની પળનું મહત્વ સમજાવતા તથ્યો તમામ મા-બાપે સમજવા જોઈએ: ગર્ભધાનથી ત્રણ વર્ષ સુધી માથું સૌથી વધુ ઝડપથી વિકસિત થાય છે. ૪૦ સપ્તાહના ગર્ભકાળ સુધી એક વ્યક્તિમાં એક સો અબજ ન્યુરોન બને છે. સ્ટીમ્યુલેશન દ્વારા દર સેકંડે એક હજાર ન્યુંર્લ કનેક્શન બને છે. જવાબદારી સાથે સંબંધ નિભાવવા અને સ્વસ્થ, પ્રેરક વાતાવરણ એક પુષ્ટ માથું બનાવે છે. બાળકને ત્રણ વર્ષની ઉમરથી લિંગની સમજ આવવા માંડે છે. ભારતમાં તો જન્મ પહેલાં જ લિંગ સામાજીકરણનો એહસાસ બાળકને થવા માંડે છે. ઘરમાં જ લાલન-પાલનનું એક વાતાવરણ આપવું

એ માતા-પિતાનું કર્તવ્ય છે. તેઓ જ બાળક માટે સૌથી જરૂરી લોકો છે, તેઓ પોષણ, સુરક્ષા, દેખભાળ અને પ્રેમ બાળકને આપે છે.

યુનિસેફ માને છે કે માતા-પિતાની જવાબદારી નિભાવવી એ દુનિયાનું સૌથી મોટું કામ છે. સારા સંબંધની કમી, પૂરતું ધ્યાન ન આપવું અને માતા-પિતાનું પોતાના બાળકો સાથે ન જોડાવું, આ બધું જ બાળકના વ્યવહારાત્મક અને ભાવનાત્મક સમસ્યાના વધતા જોખમ સાથે સંકળાયું હોય છે. એની અસર બાળક પર લાંબા સમય સુધી રહે છે અને તે માથાના વિકાસને પણ પ્રભાવિત કરે છે. તેથી જ એ મહત્વનું છે કે માતા અને પિતા, બંને, બાળકો સાથે સારો સમય વિતાવે અને પોતાના બાળકને જીવનની સારી શરૂઆત આપે. દરેક ભેટવું, ચુંબન કરવું, રમાડવું એ બાળકને સારી રીતે વધવામાં મદદ કરે છે.

કોવીડ સમયમાં આ બધું જ ખુબ મુશ્કેલ હતું. જ્યાં વધુ બાળકો અને પરિજનો નાના ઘરમાં હોય ત્યાં કોવીડ સમયમાં બાળઉછેર પ્રભાવિત થયો હશે. તેમાંય માતા કે પિતા કે ઘરના અન્ય સભ્યો સંક્રમિત થયાં હોય કે કમનસીબે મૃત્યુ પામ્યાં હોય તેવાં બાળકોના ઉછેર અને વિકાસની સમસ્યા ઘેરી બની છે.

માટે જ કોવીડથી નિરાધાર બનેલાં બાળકોની સમાજે વિશેષ સંભાળ લેવી જોઈએ. સરકાર આ બાબતે અગ્રેસર છે, તેમના સમગ્ર ભણતરની જવાબદારી સમાજે પણ ઉઠાવવી જ રહી.

નરેશ કાપડીઆ – સુરત – ૯૯૦૯૯ ૨૧૧૦૦

# આપણે જાતને આમ બચાવી, બચાવતા રહીશું

## નરેશ કાપડીઆ

ડિસેમ્બર, ૨૦૨૧૯થી શરુ થયેલો કોરોના કાળ આ ઈ-પુસ્તક પ્રગટ થાય છે ત્યારે હવે ૨૦ માસનો થાય છે. આ કોરોનાકાળે જગતમાં ઉથલપાથલ મચાવી દીધી છે. હવે બધી જ વાતો 'કોરોનાકાળ પહેલાં અને પછી' એ રીતે જોવાશે. જગતે કરોડો લોકોને ગુમાવ્યાં છે, કરોડો સંક્રમિત થયાં છે અને તેમાંના ઘણાખરા સારા પણ થયાં છે. આપણી આસપાસ પણ સંક્રમણ થઈને જીવનના ખરાબ અનુભવોમાંથી પસાર થઈને સારા થયેલાં અનેક લોકો જોવા મળે છે. છતાં, લગભગ દરેક જણ પાસે પોતાના કોઈને કોઈ પોતીકાને ખોવાનો અફસોસ પણ છે.

આપણે મહામારીની પહેલી અને તેથીય ખતરનાક બીજી લહેરનો વિકરાળ અનુભવ કર્યો છે. હજી ત્રીજી લહેર આવી જાય તેની ભીતી સૌને છે. સરકારો તે માટે સજ્જ થઇ રહી છે. રસી શોધાઈ, તૈયાર થઇ અને રસીકરણના જંગી કાર્યો દુનિયાભરમાં ચાલી રહ્યાં છે. ભારતે પણ ઉજળો દેખાવ કર્યો જ છે. આ વીસ માસના કારમાં કાળમાં આપણે કોરોના રોગથી કેવી રીતે બચ્યાં? હજી બચતા રહીશું? આ રહ્યાં તેના જવાબ:

માસ્કએ બચાવ્યા: બે વર્ષથી મોટી ઉમરના તમામે માસ્ક પહેર્યાં. હજી પણ ભારત સહીત દુનિયાના ઘણાં દેશોમાં માસ્ક પહેરવું ફરજીયાત છે અને ન પહેરવાથી એક હજાર રૂપિયાનો દંડ થાય છે. દરેક રાજ્ય સરકારોએ આવો કરોડો રૂપિયાનો દંડ ઉઘરાવ્યો છે. જ્યાં સારું રસીકરણ થયું છે તેવાં કેટલાંક દેશોમાં મોલ, સિનેગૃહ જેવાં બંધિયાર જાહેર સ્થળો પર હજુ પણ માસ્ક પહેરવાનું ફરજીયાત મનાયું છે, જોકે ત્યાં ખુલ્લામાં માસ્ક પહેરવાથી મુક્તિ મળી છે.

જેમણે રસીના બંને ડોઝ લીધાં હોય તેવાં લોકો સહીત જેમનું સ્વાસ્થ્ય નબળું છે, તેમને હજી પણ પૂર્ણ સલામત માની શકાતા નથી. તેમણે તકેદારીના તમામ પગલાં લેવાં જ જોઈએ. વિમાન, બસ, ટ્રેન, જાહેર વાહનોના યાત્રીઓએ માસ્ક પહેરવા જરૂરી છે.

બે ગજની દૂરી, છે બહુ જરૂરી: ઘર બહાર નહીં, ઘરમાં પણ જ્યાં એવાં સાથીઓ છે જેમને કોવીડનું જોખમ છે, કે જેઓ કોવીડ સંક્રમિત છે, ત્યાં પણ બે હાથની દૂરી જરૂરી મનાય છે. ઘરની બહાર તો અન્યો સાથે બે ગજની દૂરી હોવી જ જોઈએ એવી અપેક્ષા છે. એ યાદ રાખવું જોઈએ કે જેમને કોઈ લક્ષણો નથી તેઓ પણ વાઈરસ ફેલાવી શકે છે.

જેમનો વારો આવે તેમણે રસી લેવી જ જોઈએ અને રસીના બે ડોઝ અને બીજા ડોઝ પછી પણ આઠેક સપ્તાહ વિતી ગયા પછી થોડી સલામતિ અનુભવી શકાય. જોકે હજી પણ પોતાનું અને અન્યોનું સ્વાસ્થ્ય જોઈને જ અંતર જાળવવા કે માસ્ક ન પહેરવાનું જોખમ લઇ શકાય.

ભીડભાડથી દૂર જ રહીએ: ઘર બહાર જઈએ એટલે ભીડથી બચવું જ જોઈએ. રેસ્ટોરાં, જીમ, સિનેગૃહો જેવાં સ્થળોને 'હાઈ રિસ્ક' ગણાય છે. જ્યાં ચોક્ખી હવા વહેતી રહેતી નથી, તેવી બંધિયાર જગ્યામા ખુબ જ સાવચેત રહેવું જોઈએ. જો એવાં અંદરના સ્થળે હોઈએ તો બારી-બારણાં ખુલ્લા રાખીને સલામત થવું જોઈએ. કારમાં કે વાહનોમાં એરકન્ડીશનને બદલે ખુલ્લી બારી સાથે જ બેસવું જોઈએ.
વારંવાર હાથ ધોયા: કોવીડ સમયે જ આપણને હાથ ધોવાનું મહત્વ શીખવ્યું હોય તેવું ઘણાં કિસ્સામાં બન્યું. સાબુ અને પાણી વડે ઓછામાં ઓછી વીસ સેકંડ સુધી હથેળી-આંગળા-નખ સહિત હાથ વારંવાર ધોતા રહેવાનું આપણે શીખ્યા. એમાં ખાતાં પહેલાં, કે ખાવાનું બનાવતા પહેલાં, ચહેરાને હાથ લગાવતાં પહેલાં, શૌચ ક્રિયા પછી, જાહેર સ્થળેથી ઘરે પરત થતા, નાક સાફ કર્યાં બાદ, ખાંસી કે છીંક ખાધાં પછી, માસ્કને હાથ લગાવ્યા બાદ, ડાઈપર બદલ્યા બાદ, કોઈ રોગીની સંભાળ લીધાં બાદ, પ્રાણી કે પાળેલા જીવને સ્પર્શ્યાં બાદ આ રીતે હાથ ધોવા જોઈએ.
જો હાથ ધોવા માટે પાણી અને સાબુ સાથે ન હોય તો એવા હેન્ડ સેનેટાઈઝરનો ઉપયોગ કરવો જોઈએ  જેમાં ૬૦ ટકાથી વધુ આલ્કોહોલ હોય. સેનેટાઈઝરને હાથની તમામ સપાટી પર લગાવીને તે સુકાઈ નહીં જાય ત્યાં સુધી હાથ ઘસતા રહેવું જોઈએ. ન ધોયેલા હાથ વડે આંખો, નાક અને મોં ને અડકવું જ ન જોઈએ. જો માસ્ક પહેર્યું હોય અને ખાંસી કે છીંક આવે તો તરત જ માસ્ક બદલવું જોઈએ અને હાથ ધોઈ લેવા જોઈએ. જયારે માસ્ક ન પહેર્યું હોય અને ખાંસી કે છીક આવે તો નાકને ટીસ્યુ વડે ઢાંકવું જોઈએ અથવા કોણીથી નાક-મોં ઢાંકવા જોઈએ, થૂંકવું ન જોઈએ અને વપરાયેલું ટીસ્યુ કચરા ટોપલીમાં નાંખવું જોઈએ. વળી, તરત જ હાથ ધોવા જોઈએ.
જેને વારંવાર હાથ લાગતો હોય તેવી સપાટીઓ, જેમકે ટેબલ, દરવાજાના હેન્ડલ, લાઈટની સ્વિચ, ફોન, કી-બોર્ડ, ટોઇલેટ કે સિંક રોજ ધોવા કે સાફ કરવા જોઈએ. જો એ સપાટી ગંદી હોય તો તેને સાબુ-પાણી વડે ધોયાં બાદ જંતુમુક્ત કરવા જોઈએ. ઘરમાં, ઘર બહાર, ઓફિસ/કારખાના કે અન્ય જગ્યાએ આસપાસની કોઈ વ્યક્તિને તાવ, ખસી, શરદી કે શ્વાસની તકલીફ જેવાં લક્ષણ હોય તો તરત સાવધ થઇ જવું જોઈએ.

નરેશ કાપડીઆ – સુરત – ૯૯૦૯૯ ૨૧૧૦૦

## કોરોના કાળની સંવેદનાઓ...
## જીવનમાં પહેલી વખત પિયરના સંબંધોથી બંધાઈ
## અને ભાઈ બહેન સાથે રહેવાનો સમય ફાળવી શકયા
### નયનાક્ષી વૈદ્ય

રવિ રશ્મિના ઋજુ સ્પર્શે સ્પર્શે
અવનિનું અંગ રણઝણ રણઝણ રણકે
તૃણ તૃણ પ્રકૃતિનું કણ કણ
રૂમઝૂમ રૂમઝૂમ રણઝણે

અદ્ભૂત ચિત્રકાર, પરમકૃપાળુ પરમશ્રેષ્ઠ સર્જકે સર્જેલા સૌંદર્યમયી ‘કુર્ગ’ જેવા પર્વતીય સ્થળમાં કુદરતના ખોળે, સૂર્યાસ્તના ટાણે માણી રહ્યા છીએ એનું સૌદર્ય. વર્ષો વીત્યા આવી નિરાંત, આવી શાંતિ, આવા કુદરતી વાતાવરણની વચ્ચે નિરવ, શાંત, એકાંતમય ક્ષણ માણવાની ઈચ્છા પ્રત્યેક જણાની હોય છે. હું અને મારા જીવનસાથી દિનેશ વૈદ્ય સાથે મારા ભાઈ-ભાભી બાળપણની ક્ષણોંને વાગોળતા સંગીતને માણી રહ્યા છીએ. આ અમૂલ્ય સમયને પણ ભગવાનની ભેટ સિવાય બીજું શું માનવું ?

બેંગલોરથી લગભગ ૩૦૦ કિ.મી. દૂર વસેલાં આ સૌદર્ય સ્થળે જવાનું અગાઉથી જ નક્કી હતું. બીજી તરફ ભારતના કેટલાંક શહેરોમાં ‘કોરોના’ વાયરસના પ્રવેશના ભણકારા સંભળાઈ રહ્યા હતા. પરંતુ આ ‘કોરોના’ બધુંજ ‘ના’  કરોના સ્વરૂપમાં ફેરવાઈ જશે એવી તો કલ્પના જ નહોતી. એટલે ભાઈને ત્યાં બેંગલોર એક દિવસ રહી અમે બધાંજ સાથે ‘કુર્ગ’ જવા ઉપાડયા. ચાર પાંચ કલાકની અંદર અમો ત્યાં પહોંચ્યા. પ્રવેશતાં જ ત્યાંના મુકત અને શુધ્ધ પ્રાકૃતિક વાતાવરણનો અનુભવ થયો અને દિલમાં અગમ્ય આનંદની અનુભૂતિ થઈ. પરંતુ બીજી જ ક્ષણે હોટલ પર પહોંચતા ત્યાંના સંચાલકોએ સમાચાર આપ્યા કે અહીં તો બધું જ બંધ છે. તમે કયાંય ફરવા ન જઈ શકશો. હવે પહોંચી જ ગયા છીએ તો શાંતિની ક્ષણો માણીશું ના વિચાર સાથે ત્યાં રહી જ ગયા થયું કે --

મુસ્કુરાઓ ક્યા ગમ હૈ,

જિંદગી મે ટેંશન કિસકો કમ હૈ,
અચ્છા યા બુરા તો કેવલ ભમ્ર હૈ
જિંદગી કા નામ હી
કભી ખુશી કભી ગમ હૈ

જીવનમાં પહેલી વખત પિયરના સંબંધોથી બંધાઈ અને ભાઈ બહેન સાથે રહેવાનો સમય ફાળવી શકયા. એ વાતનો આનંદ હતો અને માતૃપક્ષ તરફથી મળેલા સંગીતના વારસાને કારણે અમારી પાસે રેકોર્ડેડ સંગીતનો ખજાનો ભરપૂર ભર્યો હતો. સાંજની ચા નો સ્વાદ માણીને સંગીતને શ્વાસમાં ભરી લેવા અમે આતુર હતા. ભાઈ પાસે ભારતના અનેક સ્થળોએ પ્રસ્તુત થયેલા શાસ્ત્રીય સંગીતના ધુરંધર કલાકારો દ્વારા રજૂ થયેલા સૂરોને વારાફરતી અમે સાંભળતા રહ્યાં અને સરી પડયાં બાળપણની યાદોમાં.

સંગીતનો ચસ્કો એટલો બધો કે અમે જ્યાં શિક્ષણ મેળવ્યું એ શહેરોમાં જો સંગીતના કાર્યક્રમ યોજાય તો ગમે તેમ કરી એને માણવાની પેરવીમાં રહેતા. આર્થિક સ્થિતિ સાધારણ એટલે મોંઘી ટીકીટ લઈ કાર્યક્રમમાં જવાનું તો પાલવે નહિં, ભાઈ નાનપણથી જ તોફાની અને ઉસ્તાદ, એક ધનાઢ્ય પરિવારના સભ્યો સાથે એમની આંગળી પકડી એમના પરિવારના સભ્યો બની કાર્યક્રમમાં પહોંચી ગયાં અને આખો કાર્યક્રમ માણી શક્યા. આ યાદો સાથે આંખમાં ઝળઝળીયા આવી ગયા, પણ મન હસતું હતું.

બચપન કે દિન ભી ક્યા દિન થે,
ઉડતે ફિરતે તિતલી બન કે.

સૂર્યાસ્ત પછીનો અંધકાર છવાતા, મન પણ થોડું વિષાદથી ભરાઈ ગયું. કારણ સમાચાર સૂચવતા હતા કે કોરોનાનો કેર ધીમે ધીમે વધી રહ્યો છે અને એનું સ્વરૂપ વધુને વધુ વિકરાળ થવા લાગ્યું છે. છતાંય પ્રકૃતિના સાનિધ્યમાં બધીજ વ્યથાઓને ભૂલી જઈ, કોરોનાની ભયાનકતાને પણ મનમાં પ્રવેશવા ન દીધી વિચાર્યું કે --

જીંદગીના રણમાં
પોતેજ કૃષ્ણ અને પોતેજ અર્જુન બનવું પડે છે
રોજ પોતાના જ સારથી બની
જીવનના આ મહાભારતને લડવું પડે છે.

‘પડશે તેવા દેવાશે’ વિચારી ત્રણ દિવસ ખૂબ આનંદથી પસાર કર્યા. ‘કુર્ગ’ ત્યાંની સવાર, ત્યાંની સાંજ, ત્યાંનો સૂર્યોદય, ત્યાંનો સૂર્યાસ્ત, વૃક્ષોના પાંદડામાંથી ફેલાતી ભીનીભીની સુગંધ, પક્ષીઓનો સંગીતમય કલરવ, રાત્રિના અંધકારમાં ઝળકતા આગિયા, અવર્ણનીય ચાંદ અને ચાંદનીનું સૌંદર્ય, કવિ શ્રી જયશંકર પ્રસાદની પંક્તિઓ યાદ આવી ગઈ --

શશિ મુખ પર ઘુંઘુટ ડાલે,
આંચલ મેં હૈં દિપ છિપાયે,
જીવન કી ગૌધૂલિ મેં,
કૌતૂહલ સે તુમ આયે.

શબ્દ ચિત્ર દોરનાર સાહિત્યકાર અને આ અદ્ભૂત દિવ્ય ચિત્રકાર, પરમ શ્રેષ્ઠ, પરમેશ્વર સર્જકને મસ્તક ઝુકાવી નમન કરવાનું મન થાય. એક પ્રશ્ન મનમાં કોરાયા કરે --

કોણ રચે ગિરિવર શિખરોને, કોણ રચે આ ખીણ ?
કોણ રચે તરૂવર સંગ તરણું ને ઊંચા ઊંચા તાડ ?
કોણ રચે પંખીનો કલરવ, વાઘ સિંહની ત્રાડ ?

કોટિ કોટિ વંદન એ અદ્ભૂત ચિત્રકારને.

જીવનનુ એક પાસું સુખ તો બીજું પાસું દુ:ખ, ફરી જીવનના કોલાહલમાં ડૂબી જવાનો વિષાદ લઈ બેંગ્લોર પાછા ફર્યા. બીજા જ દિવસે પોતાના ઘરે આવવાની તૈયારી હતી ત્યાં રાત્રિએ જ ફોન આવ્યો. ‘સૂરત આવશો નહી અહીં ‘લોકડાઉન’ છે અને સૂરત આવતી પ્રત્યેક ફલાઈટના પેસેન્જરોને ૧૪ દિવસ માટે ‘ક્વોરેન્ટાઈન’ કરી દેવામાં આવે છે. ક્ષણભર તો વિચારશૂન્ય થઈ ગયા સામે ઊભી થયેલી પરિસ્થિતિને સ્વીકારવી જ રહી.

હવે સમય હતો વિતાવેલ સમયમાં મેળવેલ આનંદ અને આરામને કામે લગાડવાનો. લોકડાઉનને કારણે સૌ કોઈએ ઘરમાં રહી પોતાનું કામ પોતે કરવાનું હતું. હવે સમજાવા લાગ્યું શ્રમનું મહત્વ શું છે ? સમયના આયોજનનું મહત્વ શું છે ? આપણા સેવક બની સેવા કરતાં લોકોનું મહત્વ શું છે ? કોરોના કાળની કપરી પરિસ્થિતિમાં તો સૌની જેમ અમારો પણ આખો જીવનક્રમ બદલાએ ગયો. સૂરતથી ડો. પુત્રના સતત સલાહ સૂચનો અને પરિસ્થિતની ક્ષણેક્ષણની જાણકારી રાખતા ભાઈની કાળજીએ જાણે દૈનિક જીવનની આસપાસ એક સુરક્ષાકવચ રચી દીધું.

બહારથી આવતી પ્રત્યેક વસ્તુને બેકીંગ પાવડરથી ધોવાનું કામ, સાફ પાણીથી ધોવાનું કામ, કોરું પાડવાનું કામ આમ કંઈ જ કામ નહી અને વળી કામ જ કામ એ જ જીવન બની ગયું.

ટીવી પર, વ્હોટસએપ પર આવતા સૂચનો અને સમાચારોથી સૌ એટલાં ભયભીત હતાં કે જ્યાંથી પણ કોઈ સલાહ સૂચન મળે એનું પાલન અવશ્ય કરવામાં જ આખો દિવસ વીતે, કયારેક થાય કે 'જે થવાનું હશે તે થશે'. આ બધું કરવાનો કંટાળો આવે, છતાંય કરવું અનિવાર્ય હતું.

ફરી અહીં પણ સંગીતે સહાય કરી. સવાર શાસ્ત્રીય સંગીતના સૂરોથી થતી, ગઝલ, ઠુમરી અને મનપસંદ ગીતોના સૂરો કાને પડે. વિસરાયેલા અપ્રાપ્ય ગુજરાતી હિન્દી બધાંજ ગીતો સાંભળવાનો મોકો મળ્યો અને આ કોરોના કાળનો સદુપયોગ કર્યો.

અહીં મજબૂરી હતી ભાષાની, ભાગ્યેજ કોઈ હિન્દી સમજે, આપણે એમની સાથે વાત કરવા માત્રના આંખના ઈશારા, હાથના ચાળા કે અભિનય નો જ સહારો લેવો પડે. ત્યાં યાદ આવે આપણું કલામંદિર રાષ્ટ્રીય કલા કેન્દ્ર, જ્યાં અભિનય કર્યો, કળા ના રંગો પાથર્યા. એ જ્ઞાન અપરોક્ષ રીતે આ કોરોના કાળમાં વિચારો અને સંદેશાઓના આપ-લે  માટે સહાયક બન્યું. સૌ કળા યાત્રાના સાથીઓ યાદ આવ્યા  એ સૌનો સતત સંપર્ક કરી આપણાં પોતીકા વાતાવરણને જીવંત રાખવા કોશિશ કરી.

કોરોના કાળની ઘટનાઓ વિશે તો ઘરમાં રહી (સીનીયર સીટીઝન) વ્યક્તિગત માહિતી કે સમાચાર તો કયાં થી પ્રાપ્ત થાય. પરંતુ ટીવીના માધ્યમથી દેશ અને દુનિયાની પરિસ્થિતિ જાણતાં કેમેય કરી આવી પડેલ સમય સાથે સમાધાન કરવાનું હતું. કોરોનાથી બચવાના ઉપાયોનો નિત્યક્રમ બનાવી લીધો.

આમ આખું સમયચક્ર બદલાઈ ગયું. હા નિરાશાના માહોલ વચ્ચે આપણા દ્રઢ અને મજબૂત મનોબળના લાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અંધકારમય સમયમાંથી બહાર લાવી આશાવાદી બનાવવા 'દીપ પ્રગટાવો' કાર્યક્રમ થકી ઉજાસ પાથરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો. સાથે આ કોરોના સામે રક્ષણ માટે લોકોની સેવામાં રચ્યા પચ્યા રહેતા સૌ સેવાધર્મીઓને પણ બિરદાવી, સૌના જીવનમાં આશાનો, ઉત્સાહનો દીપ પ્રગટાવ્યો. 'ઘર ઘર દિવડા પ્રગટાવો' ની ઝુંબેશમાં નાના મોટા, બાળકો વૃધ્ધો સૌ જોડાયા અને 'અંગ્રેજો ભારત છોડો' ની જેમ કોરોનાને પણ પડકાર્યો. 'કોરોના પીછો છોડ'. લોકોના જીવનમાં આશાનો સંચાર થયો. ત્યારે જ તુરંત નવો કાર્યક્રમ 'થાળી પીટો, ઢોલ વગાડો, ધ્વનિ સ્પંદનો જગાડો' જેવો ઉત્સાહવર્ધક કાર્યક્રમ પણ વહેતો મૂકયો. મોદીજી 'જાઓ' માં તો માનતા

જ નથી તેથી 'ચાલો' નું આહવાન કર્યુ. અને આખાય દેશમાં મંત્રીથી માંડીને નિમ્નવર્ગના શ્રમિકો આ કાર્યક્રમમાં જોડાયા, જાણે યુધ્ધની રણભેરી વાગી અને સૌના મનમાં આશા જાગી, હવે તો કોરોનાએ ભાગવું જ પડશે. આ બધાં વચ્ચે, મોદીજીએ પોતે પણ દીપ પ્રગટાવ્યો અને લોકોના મનમાં થયું --

કભી જીને કી આશા,
કભી મન કી નિરાશા,
કભી ખુશિયો કી ધૂપ,
કભી હકીકત કી છાંવ,
કુછ ખોકર પાને કી આશા,
શાયદ યહીં હૈ જીવન કી પરિભાષા |

જીવનની આ વાસ્તવિકતાને સ્વીકારી દિવસો વીતતા ગયાં ત્યાં ધીરે ધીરે 'કોરોના' હાર સ્વીકારતો હોય એવું લાગ્યું અને ધીરે ધીરે જીવનમાં પણ ફરી સળવળાટ શરૂ થયો. બેંગલોરથી સૂરતની ફલાઈટ પણ શરૂ થશે  એવી આશા બંધાઈ. ગુલઝારજીની પંક્તિઓ યાદ આવી ગઈ કે સૌએ સ્વંયશિસ્ત પાળવું અને કોરોનાથી બચવાના સૂચનોનું ચુસ્તપણે પાલન કરવું એ જ આ 'રાક્ષસ' ને ભગાડવાનો ઉત્તમ ઉપાય છે. ગુલઝારના જ શબ્દોમાં કહીએ તો --

બેવજહ ઘર સે નિકલને કી જરૂરત ક્યાં હૈ ?
મૌત સે આંખે મિલાને કી જરૂરત ક્યાં હૈ ?
સબકો માલૂમ હૈ બાહર કી હવા કાતિલ હૈ
યૂં હી કાતિલો સે ઉલઝને કી જરૂરત ક્યાં હૈ ?
દિલ કો બહલાને કો ઘર મેં હી વજહ કાફી હૈ
યૂં હી ગલિયો મેં ભટકને કી જરૂરત ક્યાં હૈ ?

કોરોના સામેની લડાઈમાં તંત્રની સજાગતા અને લોકોની સમજ અને સક્ષમતા સાથે સાથે ચાલશે તો આપણે સૌ સાથે મળી ગાઈશું --

"હમ હોંગે કામયાબ, હમ હોંગે કામયાબ,
એક દિન, મનમે હૈ વિશ્વાસ, પૂરા હૈ વિશ્વાસ,
હમ હોંગે કામયાબ એક દિન |"

પ્રધાનમંત્રી મોદીજીએ પ્રગટાવેલા આશાના દિપનો પ્રકાશ માત્ર ભારતે જ નહી, વિદેશો એ પણ અનુભવ્યો. સૌને એક જ ઉમ્મીદ છે,

ગુજર જાયેગા, ગુજર જાયેગા
મુશ્કીલ બહોત હૈ
મગર વકત હી તો હૈ – ગુજર જાયેગા
જિંદા રહને કા યે જો જજબા હૈ,
ફિર ઉભર આયેગા – ગુજર જાયેગા

નયનાક્ષીબેન વૈદ્ય
પ્રમુખ, રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત

## The stillness and the silence of the lockdown

### Nayeem Quadri

**Born and brought up in the walled city in the sixties, many people of my generation have over the years seen the city of Ahmedabad falling silent for days on end because of the imposition of curfew following riots between the two big communities. This kept on reoccurring on a regular basis in the sixties, seventies and eighties.**

**After a long interval, the city fell silent once again after the nationwide lockdown was announced on March 24 evening. The experience of a lockdown may have come as a novel and first-time experience for many including my three children. But for me, it took me back to 1985 when the old walled city of Ahmedabad fell into silence after an unprecedented run of nearly three weeks of curfew following bloody violence because of an anti-reservation stir which later turned into a fullscale communal riot.**

**Most of us by now know what exactly this pandemic is but just to refresh the knowledge after one full year let me say COVID-19, caused by novel coronavirus SARCoV2, is a highly contagious disease and it emerged at the end of calendar 2019 at the Wuhan seafood market of China with a case of unknown pneumonia being reported.**

**Within days, this killer disease spiralled and spread like a wildfire and rapidly spread its tentacles worldwide. The clinical characteristic of this disease is very much similar to viral pneumonia. On January 7, 2020, the World Health Organization (WHO) officially named it as COVID-19. Novel coronavirus belongs to a large family of viruses and has an exponential growth characteristic.**

**Coming back to the announcement of the lockdown on March 24 nobody had thought how lives of all of us will change forever in the next 68 days. Also, these turbulent times saw three words entering our day to day dictionaries: LOCKDOWN, SOCIAL DISTANCING and WORK FROM HOME.**

**But at a personal level, it was the lockdown which created an unparalleled and unmatched impact both physically and psychologically.**

**Gone was the hustle and bustle of the area known for its huge and sprawling automobile accessories market and other small metal and machine workshops and garages. As the quiet and the hush engulfed the nation at large, the sheer sharpness of the stillness and the silence helped us in listening to our own breadths and also gave a new voice to our thoughts.**

**In just a week's time by March 31, I could sense the new elements of freshness and crispness in the air of Mirzapur where I reside in a fifth-floor flat. As thousands of petrol and diesel-fired vehicles went off the roads and factories, shops, workshops closed down it appeared the air of**

**Ahmedabad laden with pollutants was gradually getting a new lease of life. Within 15 days of the lockdown, I could see the sky attaining a much clear and bluer tint and the scattered clouds most of the time appearing with a greyish tinge looking healthy and fluffy in serene white.**
**Another very interesting aspect was the sudden rise in the bird population on our terrace garden. Besides the common sparrows, doves, parrots, mynahs and bulbuls, I could spot a number of other colourful birds making a daily appearance in the small terrace garden dexterously created by Rafat (my better-half!).**

**As I sat silently on a comfortable plastic reclining chair and watched the world around me, I suppose the 68 days of lockdown have taught has new lessons which I think we would have never learnt otherwise.**

**Nayeem Quadri**
**Sr. Journalist – Ahmedabad – 9909913857**

# ડરથી બચવાનો માર્ગ છે પ્રવૃત્તિ

## નિખિલ મદ્રાસી

તા. ૨૧ માર્ચ, ૨૦૨૦ના રોજ કોરોનાના ડાગલા સમગ્ર દેશમાં વાગવા માંડ્યા હતા. રવિવાર, તા. ૨૨ માર્ચના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલથી એક દિવસનો જનતા કર્ફ્યુ લાદવામાં આવ્યો. ક્યારેય ઘરમાં ન બેસવા માટે ટેવાયેલો હું સાંજ સુધીમાં તો કંટાળી ગયો. સાંજે મોદીજીની સૂચના પ્રમાણે થાળી-વેલણ લઈને બાકીનાની જેમ મેં પણ આ દિવસને ઉત્સવ તરીકે ઉજવ્યો.

હું તે સમયે રોટરી ક્લબ ઓફ સુરતનો પ્રમુખ હતો. સુરત મહાનગરપાલિકા પરથી સવારે કહેણ આવ્યું કે રેલ્વે સ્ટેશન અને બસ સ્ટેશન પર હેન્ડવોશ સ્ટેશનની તાત્કાલિક જરૂરિયાત છે. અને સાંજ સુધીમાં અમોએ કુલ ૧૭ હેન્ડવોશ સ્ટેશનો કાર્યરત કરી દીધા. અને ત્યારપછી લોકડાઉનની શરૂઆત થઇ.

સુરતમાં ત્યારે માંડ એક-બે કેસ કોરોનાના આવતા હતા. પરંતુ તેને કારણે ડર ખૂબ વ્યાપી ગયો હતો. અચાનક આવી પડેલા લોકડાઉનને કારણે લોકો રોજી વગરના થઇ ગયા. કારખાનાઓ બંધ થવાથી કારીગરોની હાલત કફોડી બની. અને તે દિવસથી શરૂ થયો રોટરીનો સેવા મહાયજ્ઞ.

પહેલા તો બધું જ બંધ હોવાને કારણે તેઓને માટે ફૂડ પેકેટ્સ બનાવવાની ઈચ્છા હોવા છતાં પણ ક્યાં બનાવવા તે પ્રશ્ન સતાવતો હતો. ગોપીપુરા કાજીના મેદાન સ્થિત ભિક્ષુક ભોજનના સંચાલક શ્રી વિરેનભાઈ લાકડાવાલાને સમજાવીને કાર્યરત કર્યા અને ભિક્ષુક ભોજનના રસોડામાંથી જ પહેલા ખીચડી અને પછી પૂરી અને શાક બનાવવાનું શરૂ કર્યું. તે વખતે સૌથી મોટી તકલીફ એ હતી કે અમો સેવાકાર્ય કરવા માટે તત્પર હતા પરંતુ બહાર ફરવા માટેની મંજૂરી નહોતી. પરંતુ તે વખતે મારી પોતાની સુરત ચેનલ કે જેમાં મેં વર્ષો સુધી કામ કર્યું હતું તે મને કામ લાગી. સુરત ચેનલના કવરેજની સાથે સાથે પાસ વગર ફોરવ્હીલરની સાથે અમોએ આ ફૂડ પેકેટ્સ વિતરણ શરૂ કર્યું. પૈસા હતા નહિ તેથી દાનની અપીલ કરી અને પછી તો સુરતની દાનવીર પ્રજાએ અમારો ખજાનો છલકાવી દીધો. ત્યારબાદ અમોએ જાતે જ અમારું રસોડું શરૂ કર્યું.

મધ્યમ વર્ગની હાલત દિન-પ્રતિદિન બગડતી જતી હતી તેથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓની કીટ વિતરણનું કાર્ય શરૂ કર્યું. ડાંગ સુધી અમોએ આ મદદ કરી. જીવના જોખમે માસ્ક પહેરીને નીકળી પડવાનો અને લોકોને મદદરૂપ થવાનો એ ગાળો જીવન માટે અવિસ્મરણીય સંભારણું બની રહ્યું.

કદાચ પહેલી વખત જીવનમાં કોઈકના માટે સારું કર્યાનો આનંદ થયો. માસ્ક વિતરણ, ફેસ શિલ્ડ વિતરણ, હેન્ડ સેનિટાઇઝર વિતરણ પણ કર્યું.

નવી સિવિલ હોસ્પિટલમાં જુનિયર તબીબોને દોઢ મહિના સુધી સવારનો અને સાંજનો નાસ્તો પૂરો પાડ્યો. સમય આગળ વધતો ગયો. કારીગરોની અકળામણ વધતી ગઈ. અને પછી શરૂ થઇ સામૂહિક હિજરત. આ સમયગાળા દરમ્યાન અમોએ સુરતથી બહાર જઈ રહેલા કારીગરો અને કર્મચારીઓ માટે ફૂડ પેકેટ્સ અને છાસનું વિતરણ શરૂ કર્યું. રોજ સવારે આઠ કલાકે કામની શરૂઆત થતી હતી જે બપોરે બે સુધીમાં સમાપ્ત થતી હતી. સાંજના છેડે સુરત ચેનલ માટે પ્રાસંગિક ઇન્ટરવ્યુ અને સમગ્ર શહેરની રોજેરોજની પરિસ્થિતિથી લોકોને માહિતગાર રાખવામાં અખબારી ધર્મ બજાવ્યાનો આનંદ લીધો. જૈન આચાર્ય શ્રી હર્ષસાગરજીનો ઇન્ટરવ્યુ સમગ્ર વિશ્વમાં પહોંચ્યો.

લગભગ ૧૫ જૂન સુધી સેવાયજ્ઞ ચાલ્યો. ત્યાં સુધી કોરોના મને ન અડ્યો. પરંતુ જેવો અન્ય પ્રવૃત્તિમાં દાખલ થયો તેવો કોરોનાએ ભરડો લીધો અને મારા સહિત મારા પત્ની અને પુત્રને પણ કોરોના આવ્યો. જોકે, ત્રણ જણાએ ભેગા થઈને આ ૧૪ દિવસના વનવાસને પણ અનોખી રીતે ઉજવ્યો અને જીંદગીમાં ક્યારેય પણ આટલી શાંતિથી ભેગા ન થતા પરિવારના ત્રણ સ્વજનો મોજમસ્તીથી સંકટમાંથી બહાર આવ્યા.

આંખ મીંચીને જયારે હું આ દિવસો યાદ કરું છું ત્યારે હજુ પણ એ જ વિચાર આવે છે કે આવી યાદોના નથી હોતા કોઈ ફોટા કે નથી હોતા કોઈ એવોર્ડ્સ.


નિખિલ મદ્રાસી

માનદ્દ મંત્રી, ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી, સુરત – ૯૮૨૫૪૭૨૯૦૮

# હમણાં તો માસ્ક જ રસી છે

## ડૉ. નિર્મલ ચોરારિયા

સૌથી પહેલાં વિશ્વ આરોગ્ય સંસ્થાએ કોરોના વાઇરસ (COVID 19) ના કારણે આ બીમારી મહામારી (Pandemic) સ્વરૂપની છે અને એ આખા વિશ્વમાં પ્રસરી જશે એવી ચિંતા વ્યક્ત કરી. સુરત શહેરની કોરોના સામેની લડતની વાત કરીએ તે પહેલાં પૂર્વભૂમિકા રૂપે ઇતિહાસને પણ યાદ કરવો રહ્યો.

હું છેલ્લા ૪૦ વર્ષથી સુરત શહેરમાં બાળરોગ નિષ્ણાત તરીકે પ્રેક્ટિસ કરું છું અને સુરત શહેર ૮૦ ના દાયકામા ડેન્ગ્યુની બીમારી અને ઝેરી મલેરિયાના ઉપદ્રવનું સાક્ષી બન્યુ. ૨૦૦૯ -૧૦માં સ્વાઇન ફ્લૂ ના કેસો જોવા મળ્યા પણ આ વખતે જો કોરોનાની બીમારી આવશે તો એ બહુ જ ગંભીર સ્વરૂપે આવશે અને એની સાથે આરોગ્ય વિષયક ઘણા બધા પડકારોનો સામનો કરવો પડશે, એવું મને લાગતુ હતુ. વારંવાર આવતા પૂર, ડેન્ગ્યુ અને મલેરિયાની બીમારીઓ, પ્લેગની બીમારી દરમ્યાન સુરત શહેરમાં પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપના ધોરણે આ બધા પડકારોનો સામનો કરવામાં આવ્યો એનો મને વ્યક્તિગત અનુભવ હતો. દરેક વખતે એક તબીબ અને સુરત શહેરના જાગૃત નાગરિક તરીકે મેં મારી ફરજ બજાવવાની કોશિશ કરી છે.

૧૨ માર્ચ ૨૦૨૦ ના રોજ મેં IMA સુરત ના પ્રેસિડેન્ટ ડૉ. પારૂલ વડગામા સાથે વાત કરી અને કોરોનાની બીમારી સામે અગમચેતીના પગલાં ભરવા માટે બધા મેડિકલ અસોશિએશન ના હોદ્દેદારોને ભેગા કરીને એક એક્શન કમિટી બનાવવાનું સૂચન કર્યું . ૧૪ માર્ચ ના રોજ ૪૫ સભ્યો સાથે IMA સુરત કોરોના એક્શન કમિટી બનાવવામાં આવી જેના ચેરમેન પદે મારી નિમણૂક કરવામાં આવી. આ કમિટી માં આરોગ્ય સેવા પૂરી પાડનાર ગુજરાત સરકાર ના અધિકારીઓ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સામાજિક સંસ્થા ના અધિકારીઓને જોડવામાં આવ્યા . આ કમિટી નું મુખ્ય કાર્ય સુરત ની જનતાનો વિશ્વાસ સંપાદન કરવાનું હતું તેથી સુરત શહેરના બધાંજ તબીબોને તેમની ક્લિનિક અને હોસ્પિટલ ચાલુ રાખવાની સૂચના આપવામાં આવી.

આરોગ્ય સેવા આપનારા અગ્રણી તબીબો, નર્સિંગ સ્ટાફ અને આરોગ્ય કર્મચારીઓ કોરોનાગ્રસ્ત થયા જેમાં તબીબો અને સ્ટાફ નર્સ મળીને ૬ થી ૭ લોકો મૃત્યુ પામ્યા જે આપણા સૌ માટે ખૂબ જ દુખદ છે. વ્યક્તિગત રીતે મારા માટે સુરત શહેરના ખ્યાતનામ બાળરોગ નિષ્ણાત ડોક્ટર અશોક કાપ્સે નું મૃત્યુ ખૂબ જ આઘાતજનક રહ્યું. ડોક્ટર અશોક કાપ્સે સાહેબે સુરત શહેરની ખૂબ જ સેવા

કરી છે. ડેન્ગ્યુ અને મલેરિયાની બીમારીની સારવાર કઈ રીતે કરવી એના વિશેનું એમનું યોગદાન ફક્ત સુરત શહેર માટે નહીં પણ આપણાં આખા દેશ માટે ખૂબ જ મહત્વનુ રહ્યું છે . મારા કોલેજ કાળ દરમિયાન તેઓ મારા ગુરૂ રહ્યા છે અને છેલ્લે સુધી પથપ્રદર્શક બની રહ્યા. મારા જીવનમાં ડોક્ટર અશોક કાપ્સેના મૃત્યુથી જે અવકાશ સર્જાયો છે તથા સુરત શહેર ને જે ખોટ પડી છે એ કોઈ રીતે પૂરી શકાય એમ નથી.

જ્યાં સુધી રસી આપણને સુરક્ષિત નહીં કરે ત્યાં સુધી આપણે બધાએ પૂરેપુરી કાળજી રાખવાની છે. હમણાં તો માસ્ક જ રસી છે. સુરત શહેરની સામાજિક સંસ્થાઓ,ગુજરાત રાજ્ય સરકાર તથા  સુરત શહેર મ્યુનિસિપલ કોર્પોરેશન અને તબીબી સમુદાયે મળીને આ સંકટ સમય દરમિયાન જે કામ કર્યું છે તે અભિનંદન ને પાત્ર છે. આ પ્રકાર ની પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ (PPP) પૂરા ભારત વર્ષ માં ફક્ત સુરત માં જ જોવા મળી છે જે તમામ માટે પ્રેરણા સ્વરૂપ છે.

ડૉ. નિર્મલ  ચોરારીયા
બાળરોગ નિષ્ણાત, સુરત - મો. ૯૮૨૫૧૪૨૫૪૯

## હાલ પૂછવાથી કોઈ સારુ નથી થઈ જતું પણ...
## એક આશા મળે છે કે દુનિયાની ભીડમાં કોઈ આપણું પણ છે....
## ડૉ. પરેશ વૈદ્ય

કોવિડ-૧૯ કહો કે કોરોના કહો... મહામારી શબ્દ પાછળ આવતાં જ એની ભયાનકતા તાર્દ્રશ્ય થાય છે. આ પૃથ્વી કે આ વિશ્વએ અસંખ્ય મહામારીઓનો પછડાટ સહન કર્યો છે. જે કયારેય માનવ સર્જીત નહોતી. દરેક ૧૦૦ વર્ષોમાં દેખા દેતી અનેક મહામારીઓએ માનવજાતને અનેક રીતે પડકારી છે... પરંતુ, ઉપરોકત પંક્તિઓ પ્રમાણે આ ભૂમિ પર કોઈ ખબર પૂછનાર હંમેશા હતું... પરંતુ, કોરોના... ગર્ભનાળથી વિખૂટા પડતા બાળકની જેમ એણે સમગ્ર માનવજાતને વિખૂટી પાડી દીધી... કોઈ દેશ કે પ્રદેશ એકમેકને મદદગાર નહોતા થઈ શકતા, કિન્તુ, સરહદોને બંધ કરી દેવા સુધીની નોબત આવી હતી... દેશ, પ્રદેશ, શહેર કે ગામડાંઓ શું એક-મેક ને ઘરમાંય વિખૂટા પાડી દીધાં...

હું મારી વાત કરું તો – એક દિવસ સાંજે હોસ્પિટલથી આવીને મે મારી પત્નીને કહ્યું – મને ઠીક નથી લાગતું – ફિવરીશ (તાવ) જેવું લાગે છે... માસ્ક-મુખવટો પહેર્યો જ હતો છતાં, એણે મારા હાથમાંથી સામાન લીધો... ને હું ઉપર રૂમમાં ચાલ્યો ગયો... કદાચ વિષયની ગંભીરતા એણે ના સમજીને, મારી સારવારમાં લાગી ગઈ... છતાં બીજા દિવસથી હું અલિપ્ત થઈ ગયો... ૨૮ વર્ષના લગ્નજીવનમાં કંઈ કેટલીય વસ્તુ એકબીજાને આધિન હોય – શું છુટ્ટં પાડવું, ને શું બીજા ઓરડામાં લઈ જવું ? ખરું – પરંતુ, અંતે, હું મારી બાકીની દુનિયાથી અલગ થઈ ગયો અને ૪ થા દિવસે અલગ થવાની એની નોબત આવી. સાથે જ સાથે રહેતા વયસ્ક માતા-પિતા તથા બેન બાળકોને પણ અલગ કરવાની તજવીજ કરવી પડી. સાહેબ, કેવો વખત આવ્યો કે, જે ઘરમાં વડીલો હોય તેવા ઘરમાં મારા વડીલો ને મોકલવા પડયાં. હ્રદય ખૂબ વલોવાયું કારણ કે, હું મોટું રિસ્ક ફેકટર હતો, ને મારા ઘરેથી જે બીજા ઘરે મારા મમ્મી-પપ્પા જતાં હતાં... ઈશ્વરનો આભાર માનું એટલો ઓછો કે એણે એટલું આપ્યું કે, હું ઉપર-નીચેનું ઘર બનાવી શકયો...

બા-દાદાની વિદાય પછી મારા બંને બાળકોનો નિવાસ નીચે થયો અને આખા ઘરની જવાબદારી આવી એમના શિરે... ૨૪ કલાક જે બાળકો માણસોથી ઘેરાયેલા રહેતા તે બન્ને આખો દિવસ મોટા ઘરમાં એકલા... અમારા બંનેના ખાવા-પિવાથી માંડીને અમારા કપડા ધોવાના – દવાઓ મેનેજ કરવાની, ખાવાનું મેનેજ કરવાનું, વાસણો, ટીફિન, દૂધ ગરમ કરવું – ને ઘરની સફાઈ – હું અને

મારી પત્ની બન્ને અલગ રૂમમાં સંતાપીએ કે હે ઈશ્વર કેમ અમે જ ? ૮ મા દિવસે મોટો દિકરો કોરોના ના સકંજામાં સપડાયો... અને બધોજ ભાર મારા નાના દિકરા પર આવી પડયો...

હું, જેને બધાની તબીયતની ફિકર રહેતી તે અચાનક, હાંસિયામાં હડસેલાઈને – એક ભયાનક – અણગમતું ચિત્ર જોવા લાગ્યો કે ... ?? અમારા બંને વગરના આ અમારા બાળકોનું શું થશે ? અત્યાર સુધી એ ક્રમ હતો કે ઘરમાં કોઈ માંદુ-સાજું થાય તો અમે ખડે પગ રહેતા; અહિંતો અમે કોઈના જ નહિં કારણ, સ્પર્શ, સહવાસ કે સન્મુખ થવાય જ નહિં –

મારા કોમ્પ્લીકેશન એવા ક્રિએટ થયા કે હું ખાઈ જ ન શકું – સતત ૧૨ દિવસ તાવ આવતો રહ્યો – બિલકુલ ખવાયું નહિ ને, વક્તા એવી કે, પત્ની કે મા કશું જ ના કરી શકયા - મારી પત્ની ની પણ આજ હાલત કે, કોઈ શુશ્રુસા લઈ ના શકે, કે કરી ના શકે – ખરેખર, હું એવો રાંક બની ગયો કે મારા હાથમાંથી બધું જ સરી જતું ભાળ્યુ – અમે હતા જ ભીતર એકબીજાનાં – કિંતુ જોઈ જ ન શક્યા – સ્પર્શ કે સહવાસની તો કલ્પના જ નહોતી – દ્દષ્ટિ પણ નહોતી પડી, બાકી તો દૂરી તો બે બારણા સરખી જ હતી --

કુટુંબ જીવન, સામાજિકતા, વ્યવહારની શૃંખલા કે, આર્થિક વ્યવસ્થા – સર્વના પાયા હચમચાવી નાંખનાર, આખી દુનિયાને સ્તંભિત કરનાર આવા અકલ્પનીય રોગને ફેલાવી કોણ કોને શું કહેવા માંગતું હતું, ઈશ્વર જાણે --

૧૪ દિવસની એકલતા, ૧૪ વર્ષના વનવાસને પણ ભૂલાવે એવી હતી... પરંતુ હે, ઈશ્વર અમે તો ફિનિકસ પંખી – રાખમાં થી બેઠા થયા અને તે આપેલ જીવન ના અન્ય મોકાને ઉજાળવા ફરીથી આ રણે ચડયા – પણ તે મૃત્યુની નહિં શ્વાસની મહત્તા સમજાવી દીધી...

ડૉ. પરેશ વૈદ્ય
રીજીયોનલ મેડીકલ ડિરેક્ટર, આઈ-ક્યુ દેસાઈ સુપરસ્પેશિયાલીટી આઈ હોસ્પિટલ, સુરત
મોબાઈલ: **98241 00682**

# કોરોનાકાળ મારા જીવનનો-સુવર્ણકાળ

## પ્રો. પર્સી એન્જીનીયર

૨૦૨૦નું વર્ષ એટલે પેન્ડેમિક ...મહામારીનું વર્ષ.... **lockdown** નું વર્ષ ... એકલતા નું વર્ષ ... ને કોરોના એટલે, માનવજાત ને લાગેલું ગ્રહણ' એવું આખી દુનિયા માને છે. એકે એક માણસ કહે છે કે, " કોરોના કાળ મારી જિંદગીનો સૌથી કપરો ...સૌથી મુશ્કેલ... સૌથી દુષ્કર.... અને જીવનમાં ક્યારેય ફરીથી સ્વપ્નમાં ન આવે એવો કાળ .." એમના માટે કદાચ આ વાત બરાબર હશે કારણ કે માર્ચ મહિનાથી આપણે ત્યાં સામાજિક પ્રસંગો બંધ... ટ્રાવેલ બંધ...રેસ્ટોરાં, મુવી, નાટક બધુંજ બંધ ....અને ઉપરથી માનસિક દબાણ.... બાજુવાળાને કોરોના થયો અને સામેવાળાનું મૃત્યુ થયું ... ખુબજ નજીકથી આપણે માનવીની કુદરત સામેની અસહાયતા તેમજ મોતનું તાંડવ જોયું.

દોસ્તો, ચોંકશો નહીં. પરંતુ કોઈએ કહ્યું છે ને કે, "દુનિયા કહે મુજને પાગલ અને હું કહું દુનિયાને પાગલ" પંક્તિ મુજબ કદાચ મારે માટે આ સમય મારી જિંદગીનો સૌથી સારામાં સારો સમય.. કદાચ સુવર્ણકાળ હતો. કારણકે.... આ સમય દરમિયાન મેં એવું ઘણું બધું કર્યું ,મેળવ્યું કે; જે કદાચ નોર્મલ સંજોગોમાં .... જો દુનિયા એ જ ગતિથી આગળ વધતી રહેતે.... તો, દુનિયાના ચકડોળની ગતિની સાથે કદમ મિલાવવા જતાં..... હું એ ન કરી શક્યો હોત.

મારી અંગત વાત કરું તો, માર્ચ મહિનામાં જ્યારે **lockdown** જાહેર થયું ત્યારે મને ખ્યાલ આવી ગયો હતો કે, આ તો ખૂબ લાંબુ ચાલશે. આ માટે પર્સનલ અને પ્રોફેશનલ બંને ફ્રન્ટ માટે સ્ટ્રેટેજી બનાવવી પડશે કારણકે, હું વર્કોહોલિક માણસ છું. મને દુનિયાના કદમ સાથે કદમ મેળવવા ગમે છે; તે મને સંતોષ આપે છે. મને એવુ જ લાગતું રહે છે કે, 'જો હું કામ ન કરીશ અથવા તો હું કામથી દૂર રહીશ.... તો દુનિયા મારાથી આગળ જતી રહેશે'. પરંતુ **lockdown** દરમિયાન અચાનક દુનિયા થંભી ગઈ. વિચારો, વર્કોહોલિક માણસને કેટલું અઘરું પડે? ને મને વિચાર આવ્યો કે, સારું થયું કે દુનિયા થંભી ગઇ અને રેગ્યુલર કામો બંધ થયાં. હવે, જીવનના બાકી રહી ગયેલાં કામો કરવાનો, ફક્ત મનમાં મમળાવેલા વિચારો, કે જે; કરવાનો સમય ન હતો મળતો કે પછી જીવનની ભાગ-દોડ જેનો ભોગ લેતી હતી, એવા કામો કરવાનો સમય આવી ગયો છે. ને હું જીવનનાં અધૂરા કામે લાગી ગયો. કદાચ અંદરથી મારો ઈગો પણ પોસાયો કે, જયારે દુનિયામાં કોઈ કામ નથી કરતું, ત્યારે તે હું સવપ્નો પુરા કરી રહ્યો છું. મને આ સમયમાં જે આંતરિક સંતોષ મળ્યો, તેને લીધે જ આ કોરોના કાળ મારા માટે સુવર્ણકાળ બની ગયો.

15 માર્ચે કોલેજ બંધ થઈ ને 21 માર્ચે હું મારા ફાર્મ પર પહોંચ્યો; જીવનમાં પ્રથમ વખત ફાર્મ ઉપર વીકએન્ડ ને બદલે એક સાથે લાંબો સમય પરિવાર સાથે રહેવાનો મળ્યો ..અને મારી વાડી પર ગાયનું પ્રથમ બચ્ચું નંદિની ની પધરામણી થઇ . એકસાથે નંદીની, પરિવાર ને સાથે ફાર્મમા રહેવાને કારણે મને ઓર્ગેનીક ફાર્મીંગનો વિચાર આવ્યો અને ધીરે ધીરે વૈદિક સંસ્કૃતિમાં મને રસ પડવા માંડ્યો. મેં વૈદિક અને ઓર્ગેનિક ફાર્મિંગ તો વાડી પર શરુ કર્યું જ, પરંતુ આ બધામાં એવો આનંદ તો આવવાં માંડ્યો કે મને થયું કે મારે એક ગૌશાળા તો જરૂરથી બનાવી જ જોઈએ. આમ પાર્વતી અને ગૌરી; બીજી બે ગાયો મારા કુટુંબમાં પ્રવેશી.

મને લાગ્યું કે, વાડી, ગાયો, વૈદિક જ્ઞાન અને ઓર્ગેનીક ફાર્મીંગમાં મને આવતા આનંદમાં હું મારા મિત્રો, સંબધીઓ, પારિવારિક મિત્રો તેમજ મારા ગામના લોકોને પણ સહભાગી બનાવીને, સાથે રાખીને આગળ વધી શકું છું. અને એ રીતે જન્મ થયો "યઝદ ફાર્મ - **YAZAD FARM** " નો! અને શરુ થઈ યઝદ ફાર્મની પરિકલ્પના - સ્ટ્રેટેજી, તેની ગોઠવણ, વ્યવસ્થા. જે વેબસાઈટ ડીઝાઇન સુધી પહોંચી. આ પછી તો ગાયના દુધની બરી, ઓર્ગનીક શાકભાજી, ઓર્ગનીક કેરી ને સાથે એ બધાથી વિશેષ એ બધાનો આનંદ. મારા જીવનનું આ એક અદભૂત ડેવલોપમેન્ટ હતું કે જે કદાચ સમય મળવાથી હું કરી શક્યો.

આ તો થઈ મારી પેર્સનલ- પોતાની વાત. જો કોલેજની વાત કરું તો, ૧૫મી માર્ચે **lockdown** શરૂ થતાની સાથે જ અધ્યાપકો સાથે મિટિંગ કરી અને હવે કેવી રીતે ભણાવું અને ચાલું સેમેસ્ટરનો કોર્સ કઈ રીતે પૂરો કરવો એ અમે સૌએ વિચારી લીધું. જયારે ઓનલાઇન ક્લાસીસની વાતો હજુ કોઈએ વિચારી પણ નહોતી, તે વખતે અમે - અધ્યાપકોએ ઓનલાઇન વીડિયો રેકોડીંગ તેમજ ઓન લાઈન ડીસ્કસનો કરીને, પૂર્ણ ન્યાય અને સંતોષ સાથે અમારો એપ્રિલમાં પુરા થતાં સેમેસ્ટરનો સિલેબસ પૂરો કર્યો. અમે ઓન લાઈન એસાયન્મેન્ટો કરાવ્યાં, ડીઝાઇન ડિસ્કસ કરીને ઇન્ટરનલ એકઝામ પણ લીધી. મે મહિનાથી શરુ થએલ નવાં સેમેસ્ટરમાં પણ અમે વ્યવસ્થિત રીતે **google** ક્લાસીસ પર સિલેબસ તો ભણાવવાનું તો ચાલું જ રાખ્યું. સાથે સાથે દેશ–વિદેશના તજજ્ઞોનો લાભ પણ વિદ્યાર્થીઓને આપ્યો. **'Blessing in Disguise'** કહેવત મુજબ કોરોનાને કારણે નવરાશને વરેલા; દુનિયા અને દેશના મોટા મોટા આર્કિટેકો તેમજ ઇન્ટિરિયર ડિઝાઇનરોના ઓનલાઇન લેકચરો ગોઠવીને અમે વિદ્યાર્થીઓને દેશ-વિદેશના નોલેજનો લાભ આપીને ધન્ય ધન્ય કરી, આખી દુનિયા ખરેખર અમે **google** માં સમાવી દીધી.

ગર્વથી કહું તો, હમે ૨૦ વર્ષથી કોલેજમાં આર્કિટેક્ચર માં ખૂબ જ કામ કર્યું છે, પરંતુ છેલ્લા આઠ અને નવ મહિનામાં અમે જે પ્રકારનું કામ કર્યું, જે રીતે દુનિયા આખીનું નોલેજનો લાભ વિદ્યાર્થીઓને આપ્યો અને બીજી કોલેજોની સરખામણીમાં વિદ્યાર્થીઓને જુદો, વધુ બહોળો અનુભવ અને જ્ઞાન આપ્યાં, એને કારણે પણ અમારી કોલેજને વિદ્યાર્થીઓને અને શિક્ષકોને સંતોષ મળ્યો આનંદ મળ્યો. આખી સંસ્થા એક જુદા જ લેવલ પર જઈને આજે ઊભી રહી છે, એ મુકતમાં મોરપિચ્છ સમાન છે.

આ ઉપરાંત મારા બાળકો જોડે અમે આખું પરિવાર પહેલી વાર એટલા બધાં દિવસો ઘરની અંદર સાથે રહ્યાં. પહેલાં તો સવારે તેઓ સ્કુલે ગયાં હોય ને રાત્રે આપણે ઘરે જઈએ ત્યારે તેઓ સુવાની તૈયારી કરતા હોય. પરંતુ આ સમયમાં અમે બધા અંદર અંદર પણ એકબીજાને ખૂબ જ સારી રીતે ઓળખી શક્યા છીએ. ઉપરાંત મારો એક શોખ હતો, કૂકિંગનો. એ પણ થોડો સરફેસ ઉપર આવ્યો અને ધીરે ધીરે મારાં કૂકિંગ અને બેકિંગ શરૂ થયાં.

છેવટે સૌથી અગત્યની વાત કરું તો અત્યાર સુધીના જીવનના સંભારણાં, મારા આલ્બમો, મારી ફાઈલો, મારા બધા પેપર વર્ક.. એમ બધું જ એકદમ સુવ્યવસ્થિત થઈ ગયું, એટલે કે ખરેખર કહું તો આખી જિંદગીનું સરવૈયું - ડોક્યુમેન્ટેશન એકદમ પરફેક્ટ થઈ ગયું.

સાચું કહું તો, મારા માટે આ સમય, જીવનને આગળ-પાછળથી જોવાનો, વિચારવાનો, તોલવાનો, મોલવાનો, ભૂલો શોધવાનો - સમજવાનો ને સુધારવાનો તેમજ અધૂરા સવપ્નો જીવી લેવાનો હતો. એકંદરે કહું તો, જીવનમાં અચાનક આવી પડેલો એક ઠરાવ, પડાવ ને રુકાવટ ગણી બેસી રહેવાને બદલે મેં જીવનને પંપાળીને મઠાર્યું અને તેને સુંદર ગતિ આપી. એટલેજ તો કહું છું કે કોરોનાકાળ મારા જીવનનો સુવર્ણકાળ બની રહ્યો છે.

પ્રો. પર્સી એન્જીનીયર

પ્રિન્સીપાલ, ફેકલ્ટી ઓફ આર્કીટેક્ચર, સ્કેટ & પ્રમોટર, ‘યઝદ ફાર્મ’, સુરત. 9825147653.

# પેન્ડેમિક એક ટીમવર્ક છે અને સુરત ટીમવર્કને કારણે જીત્યું છે

## ડો. પારૂલ વડગામા

કોવિડ વિશે લખવાનું આવે ત્યારે આંગળીઓ ધ્રુજી જાય છે. કોવિડ-મારા માટે બહુ ચેલેન્જીંગ હતો. મારામાંની ડોક્ટર, મારી આઇ.એમ.એ.ની પ્રેસિડન્ટશિપ, મારામાંની મા-મારામાંની પત્ની, મારામાંની ચેસ્ટ ફિઝીશ્યન...આ તમામે-તમામને મારે એક જ લેવલ પર લાવીને મૂકી દેવા પડ્યા. ઇનફેક્ટ, સાચું કહું તો-આઇ.એમ.એ. સુરતની પ્રેસિડન્ટ પારૂલ વડગામા આગળ રહે એ માટે બંસરીની મમ્મી પારૂલ વડગામાએ ક્યાંય પાછળ રહેવું પડ્યું, કારણ કે આ પેનડેમિકમાં મારા માટે એક વાત બહુ ક્લીઅર હતી કે-મારા શહેરને, મારા શહેરનાં લોકોને મારી જરૂર છે.

કોવિડ. આ શબ્દ આપણાં સૌની ડિક્ષનરીમાં ન્હોતો. સરકારની ડિક્ષનરીમાં પણ નહીં અને ડોક્ટરોની ડિક્ષનરીમાં પણ નહીં. આમ જોવા જઇએ તો આપણાં સૌ માટે કોવિડ એક અનુભવ હતો. કોવિડનાં સમયમાં હું અઘરી પરિસ્થિતિઓ વચ્ચે ડિલ કરતા શીખી ગઇ. મારા માટે આ જીવનભરનો અનુભવ હતો. જ્યારે તમે ખુદ-પ્રોબ્લેમમાં હોવ-તમારું પરિવાર પ્રોબ્લેમમાં હોય-એવા સમયે તમારે બેલેન્સ રાખીને સમાજની પડખે અડીખમ ઊભા રહેવાનું હોય.

15મી ફેબ્રુઆરીથી એવી વાતો થઇ રહી હતી કે દેશમાં કોવિડની પરિસ્થિતિ આવશે. કોવિડ શું છે-કેવું હશે-એનાં વિશે ઝાઝી ખબર ન્હોતી. લોકડાઉનનાં સમાચાર પણ સંભળાયા કરતા હતા. ત્યાં જ ગાંધીનગરથી ફોન આવ્યો-એમણે જણાવ્યું કે કોવિડની સિચ્યુએશન ડેવલપ થઇ રહી છે-તમે એલર્ટ થઇ જાવ. એ સમયે તો મારી જીપીએસસીની એક્ઝામ ચાલતી હતી. માર્ચમાં- હું આઇ.એમ.એ સુરતની પ્રેસિડન્ટ હતી એટલે મને કહેવામાં આવ્યું કે-હવે તમે તૈયારી કરવા માંડો. કલેક્ટરશ્રી, મેયરશ્રી, કમિશ્નરશ્રી, સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પિટલ-બધેથી ફોન આવવાની શરૂઆત થઇ. શું કરીશું-કેવી રીતે કરીશું-કોવિડ સામેની સ્ટ્રેટેજી શું હશે-કશી વધારે ખબર ન્હોતી. પણ મેં મુઠ્ઠીઓ વાળી દીધી. નક્કી કરી લીધેલું કે-કામ કરવાની આ જ તક છે. લોકડાઉન શરૂ થયું. લોકડાઉન એક ફોબિક પિરિયડ હતો-સામાન્ય લોકો માટે તો ખરો જ પણ અમારા ડોક્ટર્સ માટે પણ. કામ કેવી રીતે કરવું-એ વિશે ડોક્ટર્સનાં મનમાં પણ એક ડર હતો. ગાઇડલાઇન તો તૈયાર કરવાની જ હતી પણ ડોક્ટર્સ કામ કરવા તૈયાર થાય એ માટેનાં પ્રયત્નો પણ શરૂ કરી દેવાનાં હતા. સૌથી પહેલા અમે દરેક મેડિકલ એસોસિએશનનાં પ્રેસિડન્ટ-સેક્રેટરીની એક કમિટી બનાવી-એને નામ આપ્યું-'એક્શન કમિટી'. આ કમિટીનાં ચેરમેનપદે સુરતનાં સિનિયર ડોક્ટર નિર્મલ ચોરારીયાને રહેવા વિનંતી

કરી. એમણે પ્લેગ જોયેલો. પેન્ડેમિકમાં કેવી રીતે કામ કરવું એની એમને ખબર હતી. જો કે-અમારા સૌ ડૉક્ટર્સ માટે કોવિડ એક સૌથી મોટી ચેલેન્જ હતી.

મારા માટે સૌથી મોટી ચેલેન્જ એ હતી કે-બધું જ મેનેજ કરવું. પ્રેસિડન્ટ તરીકે આઇ.એમ.એ સુરતનું ફ્રંટ સંભાળવું, સિવિલમાં હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ તરીકે ત્યાંનું ફ્રંટ સંભાળવું, કોવિડ વોર્ડમાં કન્ટ્રીબ્યુશન આપવું-જો કે આ બધું જ હું બહુ સરળતાથી સંભાળી શકી-મારા પરિવારનાં સપોર્ટનાં કારણે. સિવિલ હોસ્પિટલમાં હું કોવિડ ઓપીડીની ઇન્ચાર્જ હતી. કોવિડ ઓપીડીમાં જેટલા પણ પેશન્ટ આવે એમની રોજની માહિતી પરથી એનાલિસિસ કરવું, બીજા દિવસની સ્ટ્રેટેજી બનાવવી-આ બધું જ હું કરતી. મેડિસીન અને એનેસ્થેસિયા ડિપાર્ટમેન્ટ સાથે મળીને અમે ખભેથી ખભા મેળવીને કામ કર્યું છે. એની સાથે સાથે જે નવી કોવિડ હોસ્પિટલ બની-એની ડેવલપમેન્ટ કમિટીમાં પણ મને મૂકી હતી. આ હોસ્પિટલમાં શું ખૂટે છે-શું લાવવાનું છે-એનું ધ્યાન રાખતી.

આ દરમિયાન લોકોમાં ભય વધતો ગયો અને ભયની સાથે-સાથે કોરોના પણ. સિવિલમાં તો કામગીરી શરૂ થઇ ગઇ હતી-પણ હવે પ્રાઇવેટ સેક્ટર્સને એક્ટિવ કરવાનાં હતા. એમને ગાઇડલાઇનથી સુસજ્જ કરીએ-પીપીઇ કીટ અને N95 માસ્ક આપી કામ ચાલુ રાખવા માટે સમજાવવાનાં હતા. એ દરમિયાન મેં અને મારી ટીમે સૌને એક જ સવાલ પૂછ્યો-ક્યાં સુધી કામ બંધ રાખીશું? અને સૌથી મોટો સવાલ એ હતો કે કોવિડ વોર્ડ તો સિવિલમાં ચાલી રહ્યો હતો પણ નોન કોવિડ પેશન્ટ્સનું શું? જેમને હાર્ટ ડિસીઝ છે, જેમને ડાયાબિટીસ છે, બ્લેડપ્રેશર છે, થાઇરોઇડ છે-એવી અન્ય બિમારીવાળા પેશન્ટ્સ ક્યાં જશે? અને એટલે જ-આઇ.એમ.એ સુરતનાં પ્રેસિડન્ટ તરીકે મેં અને મારી ટીમે સૌથી પહેલી અપીલ એ જ કરી કે-કોવિડમાં હોસ્પિટલ્સ બંધ રહેશે નહીં. અમારી આ અપીલ પછી-અમારો થોડો ઘણો વિરોધ પણ થયો-પણ મોટાભાગનાં દરેકે સપોર્ટ કર્યો. સિનિયર સિટીઝન ડોક્ટર્સ ક્લિનીક બંધ રાખે એવું અમે નક્કી કરી લીધેલું. જેમની મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ હતી-એમણે હોસ્પિટલ ચાલુ રાખી જેને કારણે નોન કોવિડ પેશન્ટ્સને પણ ટ્રીટમેન્ટ મળી રહે. અને-મને સૌથી વધારે ગર્વ એ વાતનો છે કે-ગુજરાતનાં અન્ય શહેરો કરતા સુરતમાં સૌથી વધારે હોસ્પિટલ્સ અને ક્લીનિક્સ ચાલુ રહ્યા.

ડોક્ટર્સને હોસ્પિટલો ચાલુ રાખવાની અપીલ તો કરી દીધી પણ પીપીઇ કીટ અને માસ્ક ખૂટી પડ્યા. મેં જામનગર અને રાજકોટથી 2000 પીપીઇ કીટ અને 20,000 N 95 માસ્ક મંગાવી લીધા. ડોક્ટર્સ માટેનાં પ્રિકોશન્સ ખૂબ જરૂરી હતા. આ જ સમય દરમિયાન ગાઇડલાઇન અંગે મૂંઝવણો થવા માંડી. મારી અધ્યક્ષતામાં આઇ.એમ.એ સુરત દ્વારા એક હેલ્પલાઇન શરૂ કરવામાં આવી-જેમાં ફક્ત સુરતથી જ નહીં, અમદાવાદ-મુંબઇ-મધ્યપ્રદેશથી પણ રોજનાં 50થી 100 ફોન આવતા. અમે ધીમે-ધીમે ગાઇડલાઇન પણ

તૈયાર કરવા માંડી. ઘણાં બધા બ્રેઇન સ્ટોર્મિંગ બાદ અમે ગાઇડલાઇન બહાર પાડી. જો કે-ટ્રીટમેન્ટ માટે માત્ર અને માત્ર અમે સરકારની ગાઇડલાઇન જ ફોલો કરતા હતા. એ પછી એક બીજો સવાલ ઊભો થયો-લોકડાઉનમાં વધી ગયેલા સ્ટ્રેસનો. તરત જ એનો ઉકેલ પણ લઇ આવ્યા. ગ્લોબલ સનશાઇન અને સોચ હોસ્પિટલ સાથે મળીને સ્ટ્રેસ મેનેજમેન્ટ માટે એક હેલ્પલાઇન શરૂ કરી. જેનો 15 દિવસ સુધી લોકોએ ફ્રીમાં લાભ લીધો.

આ બધી તૈયારી વચ્ચે એક બીજો મોટો પાયાનો પ્રશ્ન ઊભો થયો. જે પેશન્ટ્સને સિવિલ અને સ્મીમેરમાં નથી જવું-એમણે શું કરવું? સુરતમાં તાત્કાલિક 6 જગ્યાએ સ્પેશિયલ કોવિડ ઓપીડી શરૂ કરાવી. ટ્રાઇસ્ટાર અને મિશન હોસ્પિટલે સામેથી આવીને કોવિડ ઓપીડીની તૈયારી બતાવી. આ દરમિયાન બધા જ પેશન્ટ્સ સિવિલ અને સ્મીમેરમાં સચવાશે નહીં-એવું પણ લાગી રહ્યું હતું. જ્યારે આપણે પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશિપની વાત કરીએ છીએ ત્યારે સરકારની સાથે મળીને કામ કરવું ખૂબ જરૂરી છે. પેરેલલી અમે ડોક્ટર્સ અને એમનાં સ્ટાફને ટ્રેનિંગ આપવાનું ચાલુ કર્યું-જેને કારણે એ સૌ કોવિડ ઓપીડી શરૂ કરી શકે.
હું ટ્રાઇસ્ટાર, મિશન અને એ તમામ પ્રાઇવેટ હોસ્પિટલ્સનો આભાર માનું છું કે જેમણે કોવિડ ઓપીડી શરૂ કરી. જુલાઇ મહિનો મારા માટે સૌથી વધારે સંઘર્ષમય મહિનો સાબિત થયો. આ સમયે સુરતમાં કોરોના પીક પર જઇ રહ્યો હતો. સિવિલ અને સ્મીમેરમાં બેડ ભરાઇ જવા માંડ્યા. બેડ નહીં મળે એવી પરિસ્થિતિ થઇ ગઇ. આ સમય દરમિયાન સૌથી વધારે દર્દીઓ એવા દાખલ થયા કે જેમનું ઓકિસજન લેવલ ઓછું થઇ રહ્યું હતું. વેન્ટિલેટર્સ ખૂટી રહ્યા હતા. એક ડોક્ટર તરીકેનો આ સૌથી મુશ્કેલ સમય હતો. કયા પેશન્ટને વેન્ટીલેટર પર મૂકવું અને કયા પેશન્ટને નહીં મૂકવું-આવો નિર્ણય ક્યારેય કોઇ ડોક્ટરે એમની જીંદગીમાં કરવો ના પડે ! આ દિવસો-એવા નિર્ણયનાં દિવસો હતા. આ સમય દરમિયાન જ મને પણ કોવિડ થયો. મારે પણ હોસ્પિટલમાં એડમિટ થવું પડ્યું. મને ખૂબ વીકનેસ હતી. પણ મારી જવાબદારીઓ વીકનેસ પર હાવી થઇ ગઇ અને હું કામ કરતી રહી. આ સમય દરમિયાન મારે મારા પતિ, મારી કુક હેતલબેન અને મારા કેરટેકર માસી સીતાબેનને થેંક યુ કહેવું છે. આ ત્રણ જણ વિના હું કશુંપણ મેનેજ નહીં કરી શકી હોત...

આ સમય દરમિયાન મેં સૌથી વધારે જો કોઇને મિસ કરી હોય તો એ મારી દીકરી બંસરીને. કોવિડની પરિસ્થિતિ શરૂ થતાં જ અમે એને મારા મમ્મીને ત્યાં મૂકી આવ્યા હતા. મારા પતિ પણ ડોક્ટર છે. અમે બંનેએ એવું નક્કી કર્યું હતું કે-કોવિડની ડ્યૂટી વચ્ચે દીકરી તો સલામત જ રહેવી જોઇએ. પાંચ મહિનાથી દીકરીને ન મળી શક્યાનું ગિલ્ટ પણ મને કોરી ખાતું હતું-પણ મક્કમ થઇને મેં મારામાં રહેલી માને મારામાં રહેલી ડોક્ટર પર હાવી થવા દીધી નહીં. કોવિડ પોઝિટીવ હતી ત્યારે પણ કામ કરતી રહી અને કોવિડ બાદ પણ કામ કરતી રહી. એ પછી તો ટોસિલિઝુમાબ કોને આપવું એ કમિટીમાં પણ મારી નિમણૂંક થઇ. મેં ખૂબ કામ કર્યું, અમે ખૂબ કામ કર્યું, સુરતનાં સૌ ડોક્ટર્સે ખૂબ કામ કર્યું.

કોઇપણ પેન્ડેમિક એક ટીમ વર્ક છે. એમાં ન તો તમારે એકલાંએ કામ કરવાનું હોય છે કે ન તો કોઇ એકલું કામ કરી શકે છે. પ્રાઇવેટ-ગવર્મેન્ટ-વોલેન્ટિયર્સ-સોશિયલ એક્ટિવિસ્ટ, સામાન્ય માણસ-આ સર્વનું ભેગા મળીને કરાયેલું ટીમ વર્ક. જો આ ટીમ વર્ક ન હોત તો સુરત આ પેનડેમિકમાંથી બહાર નહીં આવી શક્યું હોત.

સુરતના કલેકટર ડો. ધવલ પટેલ, કમિશ્નર બંછાનિધી પાની સર, ડે.હેલ્થ કમિશ્નર આશિષ નાયક, મેયર ડો.જગદીશ પટેલ સર અને મહેન્દ્રભાઇ પટેલ સર. જો મહેન્દ્ર સરે સુરતની બાગડોર ન સંભાળી હોત તો સુરતને બહુ અઘરું થઇ પડ્યું હોત ! એમણે ખૂબ સારી રીતે સુમેળથી સુરતની બાગડોર સંભાળી લીધી. જે ડોક્ટર્સે સિવિલ-સ્મીમેરમાં પોતાની ઓનરરી સેવા આપી-એમને હું વંદન કરું છું.

હું નસીબદાર છું કે મને કોવિડનાં સમય દરમિયાન મારી પ્રેસિડન્સી કરવાની તક મળી. શક્ય એટલું કામ કરી શકી-એનો મને સંતોષ છે. જો કે-એકવાત ખાસ કહીશ કે આ પેનડેમિક વચ્ચે સુરતનાં ડોક્ટર્સને એકતાએ આખા શહેરને તારી લીધું છે.

આ લખી રહી છું ત્યારે મારી આંખમાં પાણી છે. ઇશ્વરને મારે એક વાત કહેવી છે-કે દરેક ડોક્ટર માટે એનું પ્રત્યેક પેશન્ટ ખાસ હોય છે. બેમાંથી એકને પસંદ કરવાનું આવે એવી પળ ક્યારેય કોઇ ડોક્ટરને ના બતાવીશ...બાકી-એક ડોક્ટર તરીકે કોવિડમાં કામ કર્યાનો સંતોષ !!!

ડૉ. પારુલ વડગામા
પ્રેસિડેન્ટ, ઇન્ડિયન મેડીકલ એસોસિએશન, સુરત શાખા

# કોરોનાકાળ રાષ્ટ્રના શિરે આવેલી અણધારી આફત...

પ્રમોદ આહિરે

આ કાળમાં સહાયક થનાર દાતાઓ, સેવાભાવી સંસ્થાઓ, પોલીસ ના જવાનો,સરકારી અધિકારીઓ, કર્મચારીઓ,તબીબો,તેમનો સ્ટાફ....જેવા પ્રાણ ના ભોગે સેવા બજાવનાર, કોરોના વોરિયર્સ સાચ્ચે જ સલામી ના હકદાર છે.

આ કાળમાં ભારતે કોરોના ઉપરાંત પણ ઘણી બાબતો વેઠી છે. તેમાં ચીનનું આક્રમણ, ઓરિસ્સા અને પશ્ચિમ બંગાળને ૧૩૦ કરોડ ડોલરનું નુકશાન કરી ગયેલું અમફાન વાવાઝોડું, પાકિસ્તાનની જૂની આદત, રાષ્ટ્રના જુદા જુદા રાજ્યોમાં ઘટેલી વિવિધ ઘટનાઓ મુખ્ય છે.

કોરોના કાળમાં મંદી આવી, નોકરીઓ ગઈ, શિક્ષણ પર અસર પડી, શ્રમિકો બેહાલ થયા.... વગેરે જેવું તો થયું જ પણ સાથે સાથ ડિપ્રેશન, કુટુંબ કલેશ,તથા આપઘાતની સંખ્યા પણ વધેલી જોવા મળી.આજ કાળમાં બહુચર્ચિત અને વિલંબિત એવા નિર્ભયા કેસ નો ચુકાદો આવ્યો પણ તે સાથો સાથ જ રાષ્ટ્રના વિવિધ રાજ્યોમાં બળાત્કાર તથા ખૂનની ઘટના પણ જોવા મળી. આ સમયમાં **W.H.O.**પર થી પ્રજાનો વિશ્વાસ ડગ્યો છે. કેટલાક તબીબોએ સારવાર કરતાં જાન ગુમાવ્યા છે, તો કેટલાકે કોરોનાના નામે વ્યવસાયિક રોટલો શેક્યાનો પણ અહેવાલ છે. કેટલાક સેવાભાવી લોકો-સંસ્થાઓએ પૂરા પ્રાણથી લોકોની સેવા કરી છે, તો કેટલાકે તેમાં ગોબાચારી આચરી હોવાનું પણ બહાર આવ્યું છે. આમ કોરોના કાળની હકીકતોની યાદી ઘણી લાંબી, કોઈ મોટા ગ્રંથ જેટલી છે. પણ આ લેખમાં તે બધું જ કહેવાય એમ નથી.કારણ કે આ કાળમાં મને-તમને પ્રત્યેક ને કોઈ ને કોઈ તકલીફ તો પડી જ છે. પણ હવે એ પીડાના રોદણાં રડવા કરતા આત્મનિર્ભર થવાનો સમય છે.

આમ તો વર્ષ ૨૦૨૦ કોરોનાના લીધે ઈતિહાસમાં કાળા અક્ષરે લખાશે, પણ છેક એવું નથી આ વર્ષે કેટલીક સારી બાબતો પણ ઘટી છે ખાસ કરીને વૈજ્ઞાનિક ક્ષેત્રે તેમાંના બે ચાર દાખલાઓની વાત કરીએ તો દેખાય છે કે..

ફેબ્રુઆરી મહિનામાં નાસાનું ન્યુ કોરાઈઝન નામક સ્પેશ ક્રાફટ સોલાર સિસ્ટમની બહાર જઈ કયૂપર બેલ્ટમાંથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેને એરોકોય દેખાયો. એપ્રિલ મહિનામાં આકાશ ગંગામાંથી કેટલીક ધ્વનિ લહેરો (રેડિયો સિગ્નલ) આપણા સુધી પહોંચ્યા હોવાનો પણ અહેવાલ છે. મે મહિનામાં અવકાશ વીરો ને નરી આંખે જોઈ શકાયા એવા આપણા સૂર્ય કરતાં ચાર ગણો મોટો

અને પૃથ્વીથી એક હજાર પ્રકાશ વર્ષ દૂર એવા બ્લેક હોલની ભાળ મળી છે. જુલાઈ ૩૦ ના રોજ નાસા તરફથી મિશન માર્સ ૨૦૨૦ લોન્ચ થયું. ૧૪ સપ્ટેમ્બરે રોયલ એસ્ટ્રોનોમિકલ સોસાયટી એ શુક્ર પર ફોસપીન નામક વાયુ છે એવું જાહેર કર્યું. આમ પૃથ્વી પરનું જીવન ભલે અસ્તવ્યસ્ત ને ઠપ્પ જેવું રહ્યું પણ વૈજ્ઞાનિક સંશોધનોમાં પ્રગતિ જોવા મળી.

અંતે, જેમ કોઈ ચક્રવીર સમ્રાટને મહાન યુધ્ધ બાદ અહિંસાનો આત્મ બોધ થાય તેવું કોરોના સંદર્ભે ઘટે એવી પ્રાર્થના સાથે તેમજ સર્વ ને નૂતન વર્ષ ની શુભેચ્છાઓ સાથે અસ્તુ !

પ્રમોદ આહિરે
તંત્રી-પત્રકાર – સુરત – ૯૮૨૪૧ ૩૪૦૬૧

# જિંદગીભર ભુલાશે નહીં

## પ્રવીણ સરાધીઆ

મારી સાથે બેંકમાં કામ કરતા હેતાબેન નાયકના એલ & ટી માં મેનેજર તરીકે કામ કરતા હસબંડ ચિરાગભાઈનો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવતાં સુરતની મિશન હોસ્પિટલમાં દાખલ કર્યા. ઘરમાં સિનિયર સિટીઝન પપ્પા રવિભાઈ અને આ બે બહેનો, બંને નોકરી કરે, ની સ્થિતિ કફોડી થઈ ગઈ.ચિરાગભાઈ ના કોરોનાના સમાચાર જાણી રવિભાઈ આઘાત સહન ન થતાં બે દિવસ બોલતા પણ બંધ થઈ ગયાં. લોકડાઉન અને ચિરાગભાઈ હોસ્પિટલમાં, રવિભાઈને ડોક્ટરને બતાવવા પણ કોણ લઈ જાય? સગાં કે આજુબાજુના લોકો પણ આવી ન શકે એટલે ગભરામણ અનેકગણી વધી ગઈ. હેતાબેને સ્વસ્થ રહી નિર્ણય લઈને પપ્પાને નિર્મળ હોસ્પિટલમાં દાખલ કર્યા તો રવિભાઈ પણ પોઝીટીવ. ઘરમાં બે બહેનો જ, દીકરી બહારગામ, સગાવહાલા કોઈને બોલાવી ન શકાય કે તેઓ અાવી પણ ન શકે. અઠવાડિયા પછી ચિરાગભાઈ ને રજા મળી, હોમ કવોરં ટાઈન કર્યા. રવિભાઈ તો છ દિવસ પછી ગુજરી ગયા..અને શરૂ થઈ વિકરાળ પરિસ્થિતિ..ઘર સેનેતાઈઝ થયું, હોમ કવોરાં ટાઈનનું બેનર લાગ્યું. હવે તો પાડોશીઓ અને સોસાયટીવાળા પણ એમની સાથે ગુનેગાર જેવું વર્તન કરે. કચરાવાળી કચરો ન ઉપાડે, એસ.એમ.સી. વારંવાર ફોન કરી ઘરમાં જ રહેજો..ની ધમકી જેવી સૂચના ઓ આપે..બહાર ન નીકળવા,.. ચૌદ ચૌદ દિવસના બે બ્લોકમા એક બહેન તો ભાંગી પડી. હેતાબેન હિંમત ન હાર્યા.એક ઘર મા બે વ્યક્તિ કવોરાંતાઈન. .બીજાને ક્યાં રાખવા એ યક્ષ પ્રશ્ન બની રહ્યો. હોસ્પિટલમાં તો બંને ભગવાન ભરોસે જ હતાં. કોઈ કેર ટેકર ન હોય.. વોર્ડબોય દૂર દવા મુકી જાય, ડોકટરો 'હેલ્લો, કેમ છો'. દૂરથી પૂછી જાય.

આવા અણધાર્યા વિપરીત સંજોગોમાં પણ હેતાબેન ઓફિસના કામની ચિંતા કર્યા કરે. ચિરાગભાઈ ધીમેધીમે રીકવર થયા. હેતાબેનના અવાજમાં થોડો રણકો સંભળાવા માંડ્યો. એમનો આત્મવિશ્વાસ અને સંજોગો પ્રમાણે નિર્ણય લેવાની આવડત કામ કરી ગઈ. પપ્પા રવિભાઈ ના મૃત્યુ નો ઘા તો સમય જતાં રુઝાતા રૂઝાશે, પણ આ સમય દરમિયાન નું વાતાવરણ, પળ પળ નું એકાંત, નજરકેદ જેવા દ્રશ્યો ક્યારેય ભુલાશે નહી.

પ્રવીણ સરાધીઆ

બેંક મેનેજર – સુરત – ૯૮૯૮૮ ૮૪૨૬૮

# સન્નાટો - કોરોનાકાળની સત્ય ઘટના.

## પૂર્ણિમા ભટ્ટ

વિપીનભાઈ ભટ્ટ. અમારાં ભટ્ટ ફેમિલીનાં વડીલ. ઉંમર 78 વર્ષ. પણ નિયમિત પ્રાણાયમ, યોગ, મુદ્રા, એક્યુપ્રેશર પણ કરે. તંદુરસ્ત કહી શકાય.

એમની સાથે રહેતાં ભત્રીજા પુલકિતને કોરોના પોઝિટિવ આવ્યો હતો. પુલકિતને ઘરે જ કોરોન્ટાઇન થવાની સૂચના મળી ગઈ હતી. વિપીનભાઈને સૌ 'ભાઈ' જ કહેતાં. 3 ઓગસ્ટ રાતે ભાઈને શ્વાસમાં તકલીફ થવા માંડી. ઓક્સિમીટર ઘરે જ હતું. માપતા રહ્યા. સવાર પડતાં શ્વાસ લેવામાં તકલીફ વધી ગઈ, બીજાં બે દીકરા-- સૌથી મોટો ચિરાગ, સૌથી નાનો કલ્પિત. સૌએ ચર્ચા કરીને, ફેમિલી ડૉકટરની સલાહ મુજબ સિવિલમાં દાખલ થવાં કહ્યું.

જાતે જ 108ને ફોન કરી, સિવિલમાં દાખલ થયાં. બે દિવસ સારું હતું. પણ કોરોના પોઝિટિવ આવ્યો. પોતે ભસ્ત્રીકા આસન કરતો વિડિયો બધાંને મોકલ્યો. કહ્યું, 'હું બે દિવસમાં તો સાજો થઈને ઘરે આવી જઈશ.'

પણ... ત્રીજા દિવસે અચાનક સુગર ઘટી ગઈ, પેરાલિસિસનો એટેક આવ્યો. ત્યાંથી ચિરાગ અને કલ્પિતે લઈ જઈ INS હોસ્પિટલમાં શિફ્ટ કર્યા. ડૉ. આપ્ટેની એડવાન્સ સારવારની હોસ્પિટલ. 30/70% ચાન્સની સ્પષ્ટ વાત કહી દીધી. ચિરાગને હાઈ સુગર, એથી દોડવામાં ફક્ત કલ્પિત. કલ્પિતને એક વર્ષનો નાનો દીકરો. એથી ચિરાગને ઘરે ત્રીજા માળે કલ્પિત કોરોન્ટાઇન રહે, અને જરૂર પડ્યે હોસ્પિટલ દોડેની સમજૂતી કરીને ભારે માનસિક તાણ હેઠળ સૌ રહ્યાં.

પુલકિત પોતાની હાલતથી લાચાર. એની હાલત જોઈ ફોન પર કોઈ સમાચાર સરખા જણાવતાં નહીં. એક, બે, ત્રણ.... દિવસો નીકળતાં ગયાં. સૌ ચિંતિત. બે ભાઈ, બે બહેનોના સતત અમારે ત્યાં ફોન આવતાં. "સ્ટેબલ". માત્ર એક જ જવાબ. દરેક, એકબીજાં પર અકળાઈને લડી પડતાં.

" તું અમને કશું કહેતો નથી. તને બધી ખબર છે. તારે કહેવું નથી તો હવે ફોન નહીં કરીએ." કલ્પિત રોજ હોસ્પિટલમાં અપડેટ્સ લેવાં જતો. પણ પિતાનું મ્હોં જોઈ નહોતો શકતો. કાઉન્ટર પર જ મળવાનું. દર્દીની હાલત વિશે માત્ર "સ્ટેબલ". એ અકળાતો. બધાં એનાં ફોનની ચાતક ડોળે રાહ જોતાં. 8 દિવસે કહ્યું, "24 કલાક રાહ જોઈએ."

બધી જ જાતની ટ્રીટમેન્ટ કરી ચૂક્યા. આયુર્વેદિક, હોમીઓપથી, મહામૃત્યુંજય જાપ, કશું જ બાકી નહોતું. આ એવાં સમાચાર હતાં, જે ભાઈ બહેનને જણાવવાનું જરૂરી હતું.

અંતે કોન્ફરન્સ કોલ દ્વારા ઘરનાં સૌને એક સાથે વાત જણાવી. અને એક સન્નાટો છવાઈ ગયો. સૌ સતત તાણમાં રહેવા લાગ્યાં. દરમ્યાન કોઈપણ ફોનની રિંગ ધડકન વધારતી હતી. રાતે ઊંઘી ન શકાય. નળમાંથી ટપકતું પાણી પણ ત્રાસ લાગે. બે દિવસ નીકળી ગયા. ચૌદ દિવસ પૂરાં થતાં હતાં. થોડી આશા બંધાઈ. ચૌદ દિવસની લડત પૂરી થઈ રહી હતી. પુલકિતને કોરોના મુક્ત જાહેર કર્યો. પણ એને બહાર નીકળવાની સૌએ મનાઈ કરી હતી.

ચૌદમાં દિવસે, 17 ઓગસ્ટ, રાતે 10 વાગે ફરી કોન્ફરન્સ કોલ જોડાયા. ચિરાગે કહ્યું, "પપ્પાનો સ્વર્ગવાસ થઈ ગયો છે."

એકપણ અક્ષર કોઈથી બોલાયો નહીં. ના કોઈ ડૂસકાં, ના રુદન. માત્ર એક સન્નાટો... અને પ્લાસ્ટિક બેગમાં પૅક થઈ અમારાં 'ભાઈ' ચૂપચાપ અમારી વચ્ચેથી સરી ગયાં. અને મૂકતાં ગયાં, પૃથ્વીથી આકાશ સુધી ધુમરાતો મહાકાય સન્નાટો..!!!

પૂર્ણિમા ભટ્ટ – સુરત – ૭૦૯૬૨ ૧૦૭૦૯

# અનાથ

## પૂર્ણિમા ભટ્ટ

પલ્લવી પુલકિત ભટ્ટ. 3 ઓગસ્ટના રોજ પુલકિતને કોરોના પોઝિટિવ આવ્યો. રાતથી સસરાને શ્વાસમાં તકલીફ પડવા માંડી. સસરા પિતા સમાન. ઘણાં સમજું. રાત જેમતેમ કાઢી, સવારે ઓક્સિજન લેવલ ઘટવા માંડ્યું. 108 ફોન કરી એમબ્યુલન્સમાં સિવિલમાં દાખલ થયાં.

પલ્લવીએ કહ્યું,' પપ્પા, હું જોડે આવું? પુલકિતને તો કોરન્ટાઇન કર્યા છે.'

'ના, ના. ત્યાં તારાથી ન અવાય. હું બે દિવસમાં પાછો આવી જઈશ. તું પુલકિતને સાચવજે.' અને એ ગયા. પલ્લવીની આંખો ભીની થઈ ગઈ. બે દિવસ પછી તો સિવિલથી બીજે શિફ્ટ કરવા પડ્યા. દિયરે જવાબદારી લીધી. હાલત ખાસી બગડી ગઈ હતી. પુલકિત પોતાને પિતાની હાલત માટે કારણભૂત માનીને રડ્યા કરે. દરમ્યાન હોસ્પિટલ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સતત ફોન રણકીને ઘરનો સન્નાટો તોડે.

ઘરમાં સાસુ, વહુ બન્ને એકબીજાથી આસું છુપાવી ચહેરો ફેરવે. નાનો દીકરો જય, રમતમાં રત. સ્ટેબલ.. સ્ટેબલ.. સ્ટેબલનાં ચૌદમાં દિવસે, પુલકિત કોરોના મુક્ત થયાં. અને રાતે પપ્પાએ શ્વાસ મૂક્યો. કોણ કોનાં આસું લૂછે!! પુલકિત પોતાને ગુનેગાર માની ખૂબ રડ્યા. પપ્પાને અગ્નિદાહ તો શું, મ્હોં પણ કોઈ જોઈ ન શક્યા. ન તુલસી, ગંગાજળ કે ના કોઈ કાનમાં મંત્ર!

પલ્લવીને કાનમાં સતત ભણકારા વાગે.. 'અરે, હું બે દિવસમાં તો આવી જઈશ.' પપ્પાને જાણે અંતિમ વિદાય પોતે આપી આવી. ના કોઈ વિધિ. ના કોઈ સગા આવીને આશ્વાસન આપી શક્યા. જાણે કોરોના નામનો અજગર મ્હોં ફાડીને બેઠો જ હતો.

સાસુએ જાતે જ ચૂડી ચાંદલો કાઢ્યા. ડુમાં, ડૂસકાંથી ભીંતો વીંધાઈ ગઈ. ધીમે ધીમે દસ, બાર દિવસો વીત્યા. ને... પિયરમાં.. પલ્લવીનાં પિતાજીને કોરોના વળગ્યો. ઠાસરાથી નડિયાદ લાવ્યા. હજુ વેન્ટીલેટર પર મૂક્યા ત્યાં તો એમણે પણ શ્વાસ મૂકી દીધો. પુલકિત ખબર કઈ રીતે આપે? અંતે કહ્યું, 'પલ્લવી તું સાવ અનાથ થઈ ગઈ છો. તારાં  બન્ને પપ્પા ગયાં.' પલ્લવીની આંખો કોરી કટ. એક જ આશ્વાસન મારો દીકરો અનાથ નથી !!

(સત્યકથા)

પૂર્ણિમા ભટ્ટ – સુરત – ૭૦૯૬૨ ૧૦૭૦૯

# જીવનની સૌથી કપરી સવાર

## સીએ રાજ અસ્તી

તા. ૨૦ જુલાઈ ૨૦૨૦ ને વાર સોમ અને તીથી અમાસ. એક એવી સવાર કે જેને મારા જીવનની સૌથી કપરી સવાર ગણી શકાય. આજ રોજ હું મારો કોરોના રિપોર્ટ કઢાવવા કોરોના સેન્ટર ઉપર સ્વૈચ્છિક ગયો. પરંતુ કોને ખબર હતી કે થોડા સમય પછી મારુ સમગ્ર જીવન બદલાઈ જશે. જી હા, મારો રિપોર્ટ પોઝીટીવ નિદાન થયો હતો અને જીવનનો ઘટનાક્રમ ખુબ જ ઝડપથી બદલાવા લાગ્યો. ઘરમાં માતા-પિતા, ભાઈ, પત્ની અને કુમળા ફૂલ જેવી નાનકડી દિકરી કે જે માત્ર ૧૫ માસની જ હતી. સદ્દનસીબે મારા પરિવારજનોના રિપોર્ટ નેગેટીવ નિદાન થયા હતા.

હવે મારે બે અલગ-અલગ સ્તરે આ અદ્રશ્ય દુશ્મન સામે લડવાનો પડકાર આવીને ઉપસ્થિત થયો હતો. એક હતો ખુદને સ્વસ્થ કરવાનો અને બીજો હતો અન્ય પરિવારજનોને આ દુશ્મનના વારથી બચાવવાનો.

સૌ પ્રથમ પરિવારજનોની ચિંતા કરવાની હતી. જેમાં સૌથી મહત્વની વ્યક્તિ એટલે મારી દિકરી કે જેને બચાવવી એક કપરો પડકાર હતો. આરોગ્ય વિભાગના અધિકારીઓ દ્વારા સત્વરે તેને મારાથી દૂર કરવા જણાવવામાં આવ્યું. જે સંદર્ભે ઘણા વિકલ્પોની તપાસ કર્યા બાદ આખરે એક વિકલ્પ ઉપર પસંદગી ઉતારી કે જે હતો તેના નાના-નાનીનું ઘર આણંદ. તેને અહીં સલામત રીતે પહોંચાડવી એ પણ એક પડકારરૂપ કાર્ય હતું. આ સમયે એક વ્યક્તિ કે જેને મારા મોટાભાઈ સમાન ગણી શકાય, તેમણે ઘણા પ્રયાસોથી તેને સલામત રીતે આણંદ પહોંચાડી.

હવે મારે એક જ રૂમમાં ખુદને ૧૭ દિવસ સુધી રાખી મૂકવાનું હતું. પરંતુ ઈશ્વરની કૃપાથી આ સમયગાળો પસાર થઈ ગયો જેમાં શરૂઆતના દિવસોમાં ખુબ જ અસ્વસ્થ રહ્યા બાદ ધીમે ધીમે સ્વાસ્થ્ય સુધારા તરફ હતું, જેથી ઈશ્વરના આર્શીવાદ લઈ દિવસની શરૂઆત કરતો અને ઓફિસ સાથે સંકાળાયેલ નાના મોટા કાર્યો એક ઓરડામાં બેસીને કરતો રહ્યો.

પરિવાર અને મિત્રગણનું શું મહત્વ હોય છે એ વાત આવા સમયે જ જાણી શકાય, કે જેમણે દિવસ રાત મારી સેવા ચાકરી કરી અને મને સ્વસ્થ કરવામાં એક નિર્ણાયક ભાગ ભજવ્યો. અંતે હું હોમ કોરોન્ટાઈનનો સમય સફળતાપૂર્વક પસાર કરી સ્વસ્થ થયો અને ફરીથી મારા કાર્યમાં બમણા જોશથી મંડી પડયો.

સીએ. રાજ અસ્તી – સુરત - મો. નં. : ૯૦૯૯૬૪૨૦૯૭

# એક કલાકાર માટે કોરોનાકાળ

## રાજર્ષિ સ્માર્ત

આમ જોવા જઈએ તો કલાકાર પોતાની સાધના કરવા માટે હંમેશા એવું સ્થાન પસંદ કરે છે. જ્યાં બીજી કોઈપણ પ્રકારની હેરાનગતિ નહી હોય. જ્યાં તે પોતાનું ચિંતન અને મનન કરી શકે. અથવા એવું સ્થળ જ્યાં પ્રકૃતિ  એની કલા સાધના ને વેગ આપે. પ્રકૃતિમાંથી જ કલાકાર હંમેશા પ્રેરણા મેળવતો રહ્યો છે. અને એ પ્રેરણાને પોતાની કળામાં ઢાળતો રહ્યો છે.

કોરોના કાળ કલાકાર માટે અદ્દલ આવી જ ભૂમિકા ભજવી રહ્યો છે. કોરોના કાળથી સામાન્ય માણસના જીવનમાં તો ફેરફાર આવ્યા જ. જેમકે પૈસા પૈસા કમાવવાની હોડમાં તે પોતાનો સમય વેડફતો રહ્યો એવુ એને ધ્યાને આવ્યું કારણકે પૈસા સિવાય પણ  બીજી ઘણીબધી વસ્તુઓ એને કોરોના કાળે શીખવી. પોતાની ઉપર વધુ ધ્યાન આપતા શીખ્યો અને ઓછામાં ઓછા પૈસાથી કેવી રીતે દિવસો પસાર કરી શકાય, અને તે ચોક્કસ છે જ, એવુ તેણે અનુભવ્યું અને પાછું જીવનમાં પણ ઉતારયું. આવાં ઘણાં લોકોએ આ અનુભુતિ લીધી અને હવે પછીના સમયને માત્ર પૈસાની હોડમાં નહી પરંતુ આના સિવાયની ઘણીબધી પ્રવૃત્તિઓમાં પોતાને વ્યસ્ત કરી કોરોના કાળને ખરેખર પ્રોઝીટીવલી લઈને જીવનમાં ઘણા આયામો સર કર્યા અને પોતાના જીવનને વધુ સુંદર બનાવ્યું.

કલાકાર માટે આમ તો કોરોનાકાળ પહેલાનો સમય જેવોજ રહ્યો કારણ કે જ્યારે પણ કોઈ પણ કલાકાર પોતાની ક્લા સાધનામાં પોતાને વ્યસ્ત કરે છે. ત્યારે તે પોતાની જાતને અલુપ્ત કરી દેતો હોય છે. અથવા કોઈ એવી જગ્યાએ ચાલ્યો જાય છે જ્યાં તેને કોઈપણ પ્રકારની માનવ નિર્મિત ઉપકરણૉ હેરાન ન કરે. તે પોતાનો વાંચવાનો, વિચારવાનો કે ક્લા કૃતિ તૈયાર કરવાનો સમય મળે.

આખા કોરોનાકાળમાં આજુબાજુના ઘોંઘાટ શાંત થયા. પશુ-પક્ષીઓ અને જીવસૃષ્ટિ ખીલી ઉઠી, પ્રદુષણ ઓછું થયું અને પ્રકૃતિ તેની સોળે કળાએ ખીલી ઉઠી. હવા સ્વચ્છ થવા માંડી, પક્ષીઓ આકાશમાં વિહરતા જોવા મળ્યા, કેટલીક જગ્યાએ જંગલી પશુઓ પણ શહેરમાં લટાર મારવા નીકળ્યા. આ બધા જ અનુભવ માત્ર ને માત્ર કોરોનાકાળને લીધે જ શક્ય બન્યા. જેને કારણે કલાકારને એક નવી ઉષ્મા મળી, નવા વિષયો મળ્યા, નવા કારણૉ મળ્યા.

ચિત્રકાર માટે (Image-Making) Visuals બહુ જ મહત્વની ઘટના છે. ચિત્રકાર Visual થી જ પોતાની વાતો ચિત્રમાં મૂકે છે. અને લોકોના મન સુધી પહોંચે છે. Visuals ની જે તાકાત છે. તે તમે જોઈ જ

છે. તમે ફિલ્મ જુઓ છો ત્યારે તેમાં આવનાર દરેક Visuals અને તેની સાથે સંગીત પણ એક મહત્વનો ભાગ ભજવે છે.  આમ ચિત્ર અને સંગીત બન્ને મળીને જોનારને મજા કરાવે છે. જ્યારે ચિત્રમાં માત્ર ને માત્ર Visual થી જ લોકોના મન સુધી પહોંચવાની વાત છે.

કોરોના કાળને લીધે કલાકારોને નવાં નવાં Visuals મળ્યા જેમાંથી પ્રેરણા મેળવીને ઘણી બધી કળા પ્રવૃત્તિઓને વેગ મળ્યો. જેમકે પહેલા દેશ વિદેશની કળા પ્રવૃત્તો જોવા માટે ક્યાં તો ત્યાં જવું પડતુ અને ત્યાં જવા-આવવાનો ખર્ચ જ એટલો મોટો થતો કે સામાન્ય કલાકાર માટે એ શક્ય નહોતું. પરંતુ હવે આ સમયને લીધે જે ઓનલાઈન પ્રવૃત્તિઓ વધી છે જેમકે ઓનલાઈન ચિત્ર પ્રદર્શનો, ઓનલાઈન આર્ટ ટોલ્કસ, ઓનલાઈન આર્ટ સેમીનાર, ઓનલાઈન આર્ટીસ્ટ મીટ જેવી પ્રવૃત્તિઓને કારણે એક કલાકાર બીજા દેશના કલાકારના સંપર્કમાં આવ્યો, એનાં પરદેશના પ્રદર્શનો જોતો થયો. પોતાના દેશમાં રહીને પણ તેનો સંપર્ક પરદેશના કલાકારો કે ચિત્રકારો સાથે વધ્યો. આમ કોરોના કાળમાં ક્લાકાર વિશ્વવ્યાપી બન્યો. પહેલા માત્રને માત્ર તે શહેર, રાજ્ય કે દેશ પૂરતો મર્યાદિત હતો પણ ઓનલાઈન પ્લેટફોર્મનાં કારણે આજે લોકો અહીં બેઠા બેઠા પણ જર્મની, ફ્રાંસ, અમેરિકા કે યુરોપની કોઈપણ આર્ટ ગેલેરી ફરી શકે છે. કે આર્ટીસ્ટ મીટ કે આર્ટીસ્ટ ટોલ્ક્સ નો ભાગ બની શકે છે. ઘરે બેઠાં બેઠાં પણ તે National અને International કલાકારોનાં ચિત્ર પ્રદર્શનો જોઈ શકે છે.

આમ, કોરોના કાળે માત્ર સામાન્ય માણસને જ નહી પરંતુ કલાકારની કલામાં પણ નવા આયામો ઉમેરીને કલાકારને “વિશ્વવ્યાપી” બનાવ્યો છે.

રાજર્ષિ સ્માર્ત

કન્વીનર, ચિત્રકળા સમિતિ, રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત. - મો. નં. ૯૮૨૪૭ ૯૯૦૬૬

# કોરોના સામે સાવધાની અને સમજદારી જરૂરી છે
## જ્યારે કોરોનાનો હાઉ પ્રાણઘાતક નીવડ્યો
### રાજુ સાલુંકે

21 માર્ચની સાંજ ઢળવા આવી હતી અને હું 'સામના'ની ઓફિસ તરફ મોટરસાયકલ ઉપર જઈ રહ્યો હતો. રસ્તામાં મહાવીર હોસ્પિટલની બહાર પોલીસ તથા મ્યુનિસિપલ કોર્પોરેશનનાં અધિકારીઓની વધારે પડતી હલચલ જોઈ. પત્રકારનો જીવ હોવાથી સ્વાભાવિકપણે થંભી ગયો અને પુછપરછ કરી તો અત્યંત ચોંકાવનારા સમાચાર સાંભળવા મળ્યા. અઠવાલાઇન્સનાં ગીતાંજલિ એપાર્ટમેન્ટમાં રહેતા વેપારીનું કોરોનાથી મૃત્યુ થયું હતું. સમગ્ર રાજ્યમાં કોરોનાનાં માત્ર 20 જ પોઝિટિવ કેસ હતાં ત્યાં સુરતમાં કોરોનાથી સૌપ્રથમ મૃત્યુ થયું હતું.

પ્રેસ ઉપર જવાનું માંડી વાળ્યું અને લગભગ એક કલાક સુધી હોસ્પિટલ કેમ્પસમાં જ મોંઢે રુમાલ બાંધીને વેપારીનાં મૃતદેહની રાહ જોઈ. કોવિડ ગાઈડલાઈન અનુસાર પ્લાસ્ટિક-પોલિથીન બેગમાં મૃતદેહને સંપૂર્ણ વિંટાળીને ભોંયતળિયે લાવવામાં આવ્યો ત્યારબાદ એકતા ટ્રસ્ટની એમ્બ્યુલન્સ, હોસ્પિટલનાં કોરીડોરને સેનિટાઈઝ કરવામાં આવ્યા. સગા-સંબંધીઓને દુર રાખવામાં આવ્યા હતાં, કોરોનાનો હાઉ દર્શાવીને લોકોને ડરાવવામા આવતાં હતાં પણ મારામાં રહેલાં પત્રકાર જીવે જોખમ ખેડવાનું નક્કી કર્યું હતુ.

કોરોનાથી સૌપ્રથમ મૃત્યુ પામનાર વેપારીનાં મૃત્યુથી દુ:ખ થયું હતું પરંતુ સાથે સાથે પત્રકાર ધર્મ પણ નીભાવવાનો હોવાથી નજીકથી મોબાઈલ ફોનમાં ફોટા ક્લિક કરીને 'સામના'ની ગુજરાતી અને હિન્દી આવૃત્તિમાં એક્સક્લુસિવ છાપ્યા. ત્યારપછી તો કોરોના પોઝિટિવ કેસોથી ઉભરાતાં વિસ્તારોમાં પણ ફરીને લાઈવ રીપોર્ટિંગ કર્યું પરંતુ સાવધાની રાખીને.

કહેવાનો મતલબ એ છે કે કોરોના અંગે સાવધાની અને સમજદારી જરૂરી છે પરંતુ એનો હાઉ રાખીને ખોટી રીતે ડરાવવાની સ્હેજપણ જરૂર નથી. કોરોનાનો હાઉ પ્રાણઘાતક કેવી રીતે નીવડી શકે તે માટે એક કિસ્સો જ કાફી છે. મારા મિત્ર નરેશનાં અઠવાલાઈન્સ વિસ્તારમાં રહેતાં 69 વર્ષીય સસરા અશ્વિનભાઈને શરદી, ખાંસી અને તાવની અસર હોવાથી રીપોર્ટ કઢાવતા કોરોના પોઝિટિવ હોવાનું ડોક્ટરોએ જણાવ્યું. નરેશની પત્નીનાં પરિવાર ઉપર તો જાણે આભ તૂટી પડ્યું. અશ્વિનભાઈ પહેલાંથી

જ બ્લડપ્રેશરની બીમારીથી પીડાતા હોવાથી તેમના તબીબ ભાઈએ સમગ્ર વાત અશ્વિનભાઈથી છુપાવવાનો નિર્ણય લીધો અને ટ્રાઈ સ્ટાર હોસ્પિટલનાં ડોક્ટરો, નર્સ તેમજ સ્ટાફને પણ ખાનગી રાખવા સમજાવી લીધા. સારવાર માટે આઈ.સી.યુ.માં રાખ્યા હોવાનું જણાવ્યા કરીને 10 દિવસ સારવાર આપવામાં આવી. ત્યારબાદ અશ્વિનભાઈનો બીજો રીપોર્ટ નોર્મલ આવ્યો એટલે એમને હોસ્પિટલમાંથી રજા આપવાની હતી, રાત્રે 11 વાગ્યે અશ્વિનભાઈએ પુત્ર નરેશ સાથે મોબાઈલ ફોન ઉપર વાત કરીને બીજા દિવસે સવારે ઘરે આવવાની ખુશી વ્યક્ત કરી અને થોડીવારમાં જ નરેશનાં મોબાઈલ ફોન ઉપર હોસ્પિટલમાંથી પિતાનાં મૃત્યુની ખબર મળી. નરેશ તો માની પણ શકતો ન હતો કે થોડીવાર પહેલાં ખુશીથી મલકાતાં પિતાનું અવસાન કેવી રીતે થયું.

ટ્રાઈ સ્ટાર હોસ્પિટલની જાણીતી નર્સે ડરતાં ડરતાં જે વાત કહી એ સાંભળીને પરિવારનાં સભ્યો ચોંકી તો ઉઠ્યાં સાથોસાથ ગુસ્સે પણ ભરાયાં. નાઈટડ્યુટીમાં રાઉન્ડ ઉપર નીકળેલાં હોસ્પિટલનાં જ ડોક્ટરે અશ્વિનભાઈને કોરોનામાંથી સાજાસમા થઈને જઈ રહ્યા છો તે બદલ અભિનંદન આપ્યા હતાં. ડોક્ટરે તો અભિનંદન આપ્યા પરંતુ અશ્વિનભાઈને પોતાને કોરોના થયો હતો એ જાણીને મનમાં એટલો ધક્કો લાગ્યો કે હાર્ટએટેકથી એમનું મૃત્યુ થયું. સુરતના મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ પણ માની રહ્યાં છે કે મોટી ઉંમરના લોકોને કોરોના થયો હોય હોય પરંતુ તેમનાં મૃત્યુના કેસમાં કોરોના કરતાં ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવી અન્ય બીમારી વધારે કારણભૂત જણાઈ છે.

(દર્દી અને સંબંધીઓના નામ બદલ્યા છે.)

રાજુ સાલુંકે
એક્ઝિક્યુટિવ એડિટર, સામના - મો. 9825062121

# કેન્દ્ર સરકારની આર્થિક સહાય યોજના

## રૂપીન પચ્ચીગર

વિશ્વને હચમચાવી મૂકનારો કોરોના વાઈરસ, માનવીને શારીરિક રીતે તો દુ:ખ આપતો ગયો પરંતુ સાથે સાથે આર્થિક રીતે પણ પાયમાલી તરફ દોરતો ગયો. માર્ચ ૨૦૨૦ માં કોરોનાના એંધાણ વરતાઈ રહ્યાં હતાં. રોગની તીવ્રતા જોતા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૪ માર્ચ ની રાત ના ૧૨ વાગ્યાથી આખા દેશમાં લોકડાઉન જાહેર કર્યું. આ પ્રકારનું બંધ જીવનમાં આવશે એવી કલ્પના પણ આપણે નહોતી કરી. સામાન્ય રજાના દિવસોમાં ન જોયો હોય તેઓ બંધ લોકોએ અનુભવ્યો. બધુ જ બંધ. વેપાર, ઉદ્યોગ, રેલ્વે, વિમાની સેવા, ટ્રાન્સપોર્ટ, થિયેટર, સીનેમા, સભાગૃહ બધાને લોકડાઉન નામનું ગ્રહણ લાગુ પડયુ. જો કે જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, દવાઓ, દૂધ, શાકભાજી, પાણી, વિજળી અને તબીબી સારવાર લોકોને મળતી રહી.

એક પછી એક એવા સંપૂર્ણ લોકડાઉન લગભગ ત્રણ માસ ચાલ્યા. લોકડાઉને ભારતના અર્થતંત્રને પણ ડાઉન કરી નાખ્યું. વેપાર, ઉદ્યોગ અને વાણિજય બંધ થવાને કારણે લોકો પાસે નાણાં આવતા બંધ થયા, આવક બંધ થઈ. કર્મચારીઓને પગાર ક્યાંથી આપવો એ પ્રશ્ન વેપારીઓને સતાવતો રહ્યો. વેપાર જ બંધ હોય તો નાણાં ન આવે એટલે કેશ કન્ચનો પ્રશ્ન લોકોને સતાવતા માંડયો.

અર્થતંત્રને ધબકતુ રાખવા નાણાંનું ફરતુ રહેવુ જરૂરી હતું એટલે કેન્દ્ર સરકારે અનેક આર્થિક પેકેજની જાહેરાત કરી. કેન્દ્ર સરકારે એપ્રીલ ૨૦૨૦ માં જ "ગરીબ કલ્યાણ પેકેજ" જાહેર કર્યું. આ પેકેજના નેજા હેઠળ જનતાને ૨૦ લાખ કરોડ રૂપિયાની આર્થિક સહાય જાહેર કરી અને લોકોને જીવન નિર્વાહ કરવાની સગવડ કરી આપી. આ યોજના હેઠળ ૮૦ કરોડ લોકોને ત્રણ મહિના સુધી વ્યક્તિ દીઠ પાંચ કિલો ઘઉં અથવા ચોખા અને એક કિલો દાળ આપવામાં આવ્યા. ૮ કરોડ ગરીબ પરિવારને ત્રણ મહિના સુધી મફત ગેસ સિલિન્ડર આપવામાં આવ્યા. મનરેગાની યોજના હેઠળ, મજૂરો પાસેથી કામ લઈ એને આપવામાં આવતી રોજગારીની રકમ વધારવામાં આવી. મનરેગાની દૈનિક મજૂરી જે ૧૮૨ રૂપિયા હતી તે વધારીને ૨૦૨ રૂપિયા કરવામાં આવી.

"પીએમ ખેડૂત યોજના" હેઠળ ૮.૭ કરોડ ખેડૂતોને વ્યક્તિ દીઠ રૂ. ૨૦૦૦ ની રોકડ સહાય આપવામાં આવી. ખેતીના કામ માટે લીધેલી રૂ. ૩ લાખની ટૂંકી મુદતની લોનની ચૂકવવાની તારીખ લંબાવી ખેડૂતોને મદદ કરી. તદુપરાંત લોનના વ્યાજમાં કપાત આપવાની જોગવાઈ કરી. સમયસર લોનના હપ્તા ભરનારને નવી લોન માત્ર ૪ ટકાના દરે મળે એવી યોજનાની જાહેરાત થઈ. અનાજ માટે

ટેકાના ભાવમાં વધારો કરી ક્વિન્ટલ દીઠ ૧,૮૬૮ રૂપિયા નક્કી થયાં. જ્યારે જુવાર માટે ટેકાના ભાવમાં વધારો કરી ક્વિન્ટલના ૨,૬૨૬ અને બાજરી માટે ક્વિન્ટલના ૨,૧૫૦ રૂપિયા નક્કી કરવામાં આવ્યા.

કોરોના કાળમાં સૌથી અગત્યની કામગીરી, હોસ્પિટલમાં કામ કરતાં ડોકટર, નર્સીસ, હેલ્પર અને હેલ્થ વર્કરોની હતી. એમણે કોરોનાગ્રસ્ત દર્દીઓની સેવા કરવા માટે રાત દિવસ એક કરી, પૂરી નિષ્ઠાથી એમની સેવા બજાવી હતી. કેન્દ્ર સરકારે આવા હેલ્થ વર્કરોને ૫૦ લાખનું વિમા કવચ પૂરૂ પાડયું.

આશરે ૩ કરોડ જેટલા ગરીબ, વયોવૃધ્ધ નાગરિકો, વિધવાઓ અને દિવ્યાંગોને વ્યક્તિદીઠ રૂ. ૧૦૦૦ રોકડા આપવામાં આવ્યા.

આ સમય દરમ્યાન સૌથી ખરાબ પરિસ્થિતિ ‘રોજનું રળીને રોજ ખાનારા’ લારી ગલ્લાવાળાની અને ફેરિયાઓની થઈ. આથી ૧-૬-૨૦૨૦ થી “પીએમ સ્વનિધિ યોજના” હેઠળ દેશમાં પહેલીવાર લારી ગલ્લાવાળા તથા ફેરિયાઓને એક વર્ષ માટે રૂ. ૧૦,૦૦૦ ની કોઈપણ પ્રકારની ગેરંટી વગરની લોનની જોગવાઈ કરવામાં આવી. આ યોજનાનો લાભ આશરે ૫૦ લાખ નાના ફેરિયાઓને મળ્યો. આ યોજના હેઠળ લોન લેનાર ફેરિયા જો નિયમિત હપ્તા ભરે તો તેને વ્યાજમાં ૭ ટકા સબસીડીની પણ જોગવાઈ રાખી. આ યોજના હેઠળ વ્યક્તિને ૨% ના દરે વ્યાજે લોન મળી. આ યોજના ૨૦૨૨ સુધી ચાલુ રહેશે એવી જાહેરાત કરવામાં આવી છે.

લોકડાઉન વચ્ચે જ વડાપ્રધાનશ્રીએ ‘આત્મનિર્ભર ભારત’ નું સુત્ર આપ્યુ. એમણે ‘વોકલ ફોર લોકલ’ ની વાત દ્વારા દેશી ઉત્પાદનને પ્રોત્સાહન આપવાની દેશને હાકલ કરી. દેશમાં ઉત્પન્ન થયેલો માલ લોકો ખરીદે તો ભારતનું અર્થતંત્ર પણ સુધરે અને આપણા ઉદ્યોગો પગભર થાય. આત્મનિર્ભર ભારતના નેજા હેઠળ ૧૨-૫-૨૦૨૦ ના રોજ વડાપ્રધાનશ્રી દ્વારા રૂ. ૨૦ લાખ કરોડના ખાસ પેકેજની જાહેરાત કરવામાં આવી હતી. જે ભારતના જીડીપી ના ૧૦ ટકા બરાબર હતી.

દેશના અર્થતંત્રની થંભી ગયેલી ગાડીને ફરી પાટા ઉપર મૂકવી જરૂરી હતી. આર્થિક વિકાસને ગતિમાન કરવા કેન્દ્ર સરકારે અનેક પગલાં લીધાં. માઈક્રો, મધ્યમ અને નાના ઉદ્યોગો (MSME) ને પ્રોત્સાહન આપવા માટે સરકારે રૂપિયા ૨૦,૦૦૦ કરોડની ફાળવણી કરી. જેને પરિણામને MSME માં કાર્યરત આશરે બે લાખ ઉદ્યોગકારોને એનો લાભ મળ્યો. MSME ની વ્યાખ્યા બદલીને વધુને વધુ લોકોને લાભ આપવાનો પ્રયત્ન થયો. ૫૦ કરોડ સુધીનું રોકાણ ધરાવતા એકમોને MSME હેઠળ સમાવી લેવામાં આવ્યા. એટલું જ નહી ટર્નઓવરની વ્યાખ્યામાં સુધારો કરી વર્ષે ૨૫૦ કરોડનો વેપાર કરનાર એકમોને પણ MSME માં સમાવી લીધા. MSME જે નિકાસ કરે તે આંકડો ટર્નઓવરમાં ન ગણાય

એવી જાહેરાત કરવામાં આવી. દેશની નિકાસમાં ૪૮% નિકાસનો હિસ્સો **MSME** નો છે. એટલે **MSME** ને પ્રોત્સાહન આપવું જરૂરી હતું. વધુમાં સરકારે મુશ્કેલીમાં આવી પડેલ યુનીટોને માટે ૪૦૦૦ કરોડના ડિસ્ટ્રેસ ફંડને પણ મંજૂરી આપી. અને બંધ પડેલ **MSME** ઉદ્યોગોને બેઠા કરવા રૂપિયા ૨૦,૦૦૦ કરોડનું ફંડ પણ બનાવવામાં આવ્યું.

સીએ રૂપીન પચ્ચીગર
મહામંત્રી - રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત
**98251 21217**

# લોકડાઉન કે લોકઅપ?

## રવીન્દ્ર પારેખ

ગઈ ૨૪ માર્ચની મધરાતથી દેશમાં લોકડાઉન જાહેર થયું છે ત્યારથી હું મને ‘લોકઅપ’માં હોઉં એવું લાગ્યા કરે છે. ‘લોકઅપ’માં હોવાનું સાંભળેલું, પણ ઘર જ લોકઅપ થઈ જશે તેની તો કદી કલ્પના પણ નહીં કરેલી. આમ તો લોકઅપનો પહેલો હપ્તો આંબેડકર જયંતીએ પૂરો થયો, પછી ‘ચોકીદાર’ને લાગ્યું કે આ નમૂનાઓ સખણા નહીં રહે, એટલે લોકડાઉનની આગોતરી વરદી નોંધાવી દીધી. આ બીજો હપ્તો ૩ મે સુધી ચાલવાનો છે. એ પછી પણ કેટલા હપ્તા વાત લંબાશે તે વરદી, શરદી ને દરદી પર આધારિત છે. જો ત્રીજો હપ્તો જાહેર નહીં થાય તો આને ચાળીસેક દિવસની હનુમાન ચાલીસા ગણવાની રહે. આમ તો આટલા દિવસમાં કેટલાની પથારી ફરી ગઈ છે ને કેટલાની ફરશે તે અત્યારે કહેવાનું મુશ્કેલ છે, તો પણ થોડાં લેખાજોખાં માંડીએ.

ભણવાની વાત કરીએ તો દસમું-બારમું તો પતી જ ગયું હતું.એમને તો વેકેશન હતું જ.એમને ઈર્ષા એ વાતની આવે છે કે ૧થી ૯ ને ૧૧વાળાને વહેલું વેકેશન મળી ગયું, તે પણ પરીક્ષા આપ્યા વગર. એ લોકોને ‘ક્લાસ’ પ્રમોશન નહીં, પણ માસ પ્રમોશન મળી ગયું. દસમાં-બારમાંવાળા એટલે રડે છે કે લોકડાઉન માર્ચની શરૂઆતમાં જ જાહેર થયું હોત તો આ પરીક્ષાનાં લફડામાંથી બચી જતેને! વારુ, મોટે ઉપાડે પરીક્ષા તો આપી,પણ પેપર તપાસવાનાં ઠેકાણાં નથી તેનું શું? ધારો કે પેપર ધ્યાનથી વંચાય તો પરીક્ષાર્થીને તો આપઘાત કરવાનો જ વારો આવે કે બીજું કંઈ? કારણ એ લોકો બરાબર જાણે છે કે પરીક્ષામાં મહેનત તો એમના માબાપે કરી છે. કોર્સ તો રજાઓ મૂકીને એ લોકોએ પતાવ્યો છે. પરીક્ષામાં ઉતારવાનાં કાપલાં એ લોકોએ ઉજાગરા કરીને બનાવી આપ્યાં છે. આ લલ્લુઓને તો ચોરી કરતાંય નથી આવડી. અમારા એક સગાનો છોકરો ગુજરાતીના પેપરમાં વિજ્ઞાનનાં કાપલાં લઈ ગયેલો ને પેપર કોરું મૂકીને આવેલો. એવા તો ઘણાં હશે, હવે પરીક્ષક એમનાં પેપર વાંચવાનું રાખે તો શું હાલત થાય તે કહેવાની જરૂર ખરી? જોકે પરીક્ષકોનેય વાંચવું તો પડે જ. હવે આખું વરસ વાંચ્યું જ ન હોય તો એમનેય કેટલીક ખબર પડે? વાંચ્યું  હોય તોય કામ ન લાગે એવું પણ બનવાનું. કારણ, ગુજરાતીનું વાંચ્યું હોય ને અંગ્રેજીનું પેપર તપાસવા આપે તો જવાબ તપાસવા એણેય કાપલાં તો બનાવવાં જ પડેને!

આ બધી બબાલ કોરોનાને કારણે થઈ છે.મોટે ભાગે બહારનું ખાનારા ઘરનું ખાઈને માંદા જેવા થઈ ગયાં છે.કામવાળીઓ આવતી નથી.રસોઈ કરવાવાળી આવતી નથી એટલે ઘરવાળીને જોઇજોઇને

ઘણા ઘરવાળાઓ ત્રાસ્યા છે.ઘરવાળીઓ પણ એકનાએક પતિને જોઇને કંટાળે તેમાં આશ્ચર્ય નથી.ચોવીસે કલાક ઘરમાં રહેવાને કારણે ને કોઈ કામધંધો ન હોવાને કારણે ધણીની ને ઘરના બીજા પુરુષોની ખાવાની ફરમાઈશો વધી ગઈ છે.સ્ત્રીઓ ચાનાં તપેલાં ઉતારી ઉતારીને ઉતરેલી કઢી જેવી થઈ ગઈ છે. ઘણી સ્ત્રીઓએ તેમના પતિઓને ને બીજા પુરુષોને ઘરઘાટી ગણીને કામ લેવા માંડ્યું છે.મારા જેવાના જનમ ધરીને હાડકાં વળ્યાં નો'તાં એ કચરાપોતાં કરતાં કરતાં બેવડ વળી ગયાં છે.એકવાર તો હું ઝાડું મારતો હતો,ત્યાં સામેવાળી બાઈએ મારી પત્નીને પૂછ્યું પણ ખરું, 'તમારે ત્યાં રામો કામ પર આવવા માંડ્યો.? એવું હોય તો મારે પણ વાસણ બાકી જ છે. મોકલજોને, જરા.' મારી આબરૂ બચાવવા ગંજી બદલીને મારે નવું શર્ટ પહેરીને સામેવાળીને પરાણે દર્શન આપવા પડ્યા. જોકે એ પછી દર્શન આપવાની ટેવ પડી ગઈ છે.

મારી એકની એક પત્નીએ મને કરફ્યુમાં મુક્તિ મળે તેમ વાસણકૂસણમાંથી મુક્તિ આપી છે. તે આપવી જ પડે એમ હતી. કારણ, ડિટરજન્ટથી વાસણ ધોયાં હતાં, પણ ડિટરજન્ટ કાઢે નહીં તો ચા ડિટરજન્ટવાળી લાગે એમ હતું. એમ તો ચા પણ મારી પાસેથી પત્નીએ કરાવી છે, પણ એકાદ વખત તપેલી દાઝેલી એટલે પત્ની બાઝેલી ને મને એણે પાણીથી પાતળો કરેલો.

બહાર જવાતું નથી એટલે લોચા વગર જીભના લોચા વળે છે. સુરતી પાસેથી ખમણ ને દમણ લઈ લો તો એ વગર કોરોનાએ જ મરી જાય એમાં શંકા નહીં. પહેલાં તો શું હતું કે બેચાર લગ્નમાં જવાનું થતું ને બુફેમાં ઘણું બફાતું, તોય રતાળુની પૂરી કે ઘેબર, મઠો કે મગની દાળનો શીરો ચાટવાનું તો થતું જ. હવે આ સિઝનમાં તો એ બધું ગયું જ ને! કેટલા વખતથી પિઝા કે બર્ગર ખાધાં નથી. ઢોસો ખાવા જાઉં તો પોલીસનો ઠોંસો મળે એમ છે. ઘારી, ભૂસું, પેટીસ તો હવે પુનર્જન્મમાં જ મળશે એવું લાગે છે.

ઘણાં ઘરોમાં તવા પર ઢોસા બનતા નથી, પણ ડોસા તવા પર મૂકવા જેવા થઈ ગયા છે. તેઓ તેમના ફાધરની વાત કરે તે તો સમજાય,પણ એકનહીં, બે નહીં, ત્રણ નહીં, પણ 'ફોર' ફાધર્સની વાતો કરે છે તો ઉનાળામાં શ્રાદ્ધ કરવાનું મન થઈ જાય છે. એમના સમયમાં એમણે ભાગ્યે જ કંઈ કર્યું હશે, પણ એમના જમાનાની 'બડાશ' ને 'ભડાશ' એટલી લાંબી ચાલે કે આપણું પેન્શન ચાલું થઈ જશે કે શું એવી ફાળ પડે. એમને આદર ને ચાદર બંને આપીએ, જો એ ફેંકવાનું બંધ કરે તો!

આ બધાંમાં પ્રેમી પંખીડાઓની હાલત કફોડી થઈ ગઈ છે. એ બધાંને ઘર પિંજરા જેવું લાગે તેમાં નવાઈ નથી. રોજ ફિલ્મમાં, રેસ્ટોરન્ટમાં, બસસ્ટોપ પર, બાગમાં, મોલમાં મળતાં હતાં તેના પર

લોકડાઉને મોટી ચોકડી મારી છે. પ્રેમીનો ફોન આવે ને પ્રેમિકાને તે લેવાનું મન હોય ને બાપ સામે હોય તો પાપ જેવો જ લાગે કે બીજું કંઈ? એપ્રિલમાં તો લગન લીધેલાં ને હનીમૂન પર ઓસ્ટ્રેલિયા ને અમેરિકા જવું હતું, પણ હવે તો ગૂગલ મેપ પરથી જ ઓસ્ટ્રેલિયા ને ત્યાંથી અમેરિકા જઈને સંતોષ માનવો પડે તેમ છે. વોટ્સએપ પર મેસેજ મોકલાય, વીડિઓ પણ અપલોડ કરાય, પણ જાત વગરની જાતરા તો ખોટી જ ને! વોટ્સએપ પર પ્રેમિકાનો ગાલ દેખાય તો હાથ તો ફેરવાય,પણ સામે હોય ને ફેરવાય એવી ફીલ તો ન જ આવેને! વોટ્સએપ પર કોઈ કેડબરી મોકલે તો તે જોવાય,પણ ખવાય તો નહીં જ ને!

બધું બંધ છે. ઘર પણ અને મંદિર પણ! ભગવાન પોતે કોરોનાથી ડરેલો છે, એટલે એણે પણ મંદિરમાં જાતને ગોંધી દીધી છે, એ સ્થિતિમાં માણસની તો વાત જ શું કરવાની?ભગવાને પોતે સેલ્ફ ક્વોરન્ટાઈન સ્વીકાર્યું હોય તો આપણે પણ ઘરમાં જ રહેવું જોઈએ. જીવન છે તો બધું જ છે. જીવન જ નહીં હોય તો આખી પૃથ્વી આપણી હોય તેનો શો અર્થ છે? કોરોનાની કોઈ દવા નથી. એ સંપર્કથી ફેલાય છે. એ સંપર્ક તો જ  તૂટે, જો ઘરમાં રહીએ. ઘરને આખી દુનિયામાં લઈ ગયાં, હવે દુનિયાને ઘરમાં લાવીએ. ઘરને જ મંદિર બનાવીએ જેથી મંદિરે ન જવાય તો પણ ભક્તિ થઈ શકે. અસ્તુ!

રવીન્દ્ર પારેખ
કવિ – લેખક – સુરત – ૯૩૭૭૯ ૩૯૧૨૩

# પ્રભાવતી

## રવીન્દ્ર પારેખ

પ્રભાવતી મારી બહેન. મારાથી નાની. શાંત અને સ્વસ્થ. એ નાનેથી મોટી થઈ એની બહુ ખબર જ પડી નથી. ત્રણ બહેનો ગુજરી ગયેલી. એ પછી ઘરમાં અમે ચાર ભાઈઓ ને ત્રણ બહેનો એમ સાત ભાઈબહેન રહેલાં. સાધારણ કુટુંબ. એમાં તો છાનાંમાનાં જ મોટાં થઈ જવાનું હોય. ઉપદ્રવ કરીએ તોય કોઈ કાને ન ધરે. વધારે ઉછળવા કોઈ જાય તો માનો હાથ અને બાપનો પટ્ટો શરીરે ફરી વળતો. પ્રભા પણ એમ જ ગુપચુપ મોટી થયેલી. વાડિયા વીમેન્સમાં બે વર્ષ ભણી. પછી અટકી ગઈ. એ અટકી તેનીય નોંધ કોણ લે? મોટી મંજુ અને તે પછી બચેલી બહેનોમાં પ્રભાનો ક્રમ આવે.
બંને કોલેજ પૂરી ના કરી શકી. ભાઈબહેનોમાં હું સૌથી મોટો. મને પહેલેથી જ ઘરમાં કોઈ ભણતું અટકી જતું તે ગમતું નહીં. પણ મારો અણગમો જોવાની કોઈને ફુરસદ હતી નહીં. એમાં છોકરી ભણતી અટકે એનો તો મોટાં કુટુંબમાં કોઈ હિસાબ રાખે એમ હતું જ નહીં. માબાપ માંડ રોટલા ભેગા થતાં ત્યાં ભણવા ગણવાનું છોકરાઓ પૂરતું જ સીમિત હતું, તે પણ માફીમાં !

મારા બાપુજી સોનીકામ કરતા હતા. ઘરમાં જ દુકાન હતી. એકંદરે ઠીક ચાલતી, પણ ગોલ્ડ કંટ્રોલ આવ્યો એને કારણે સોનીનો ધંધો ઠપ થઈ ગયો. હવે કરવું શું?-એ મોટો પ્રશ્ન બાપુજી માટે હતો. નાછૂટકે મારા બાપા ચૌટામાં એક કાપડિયાની દુકાને નોકરીએ લાગ્યા. એ ન ફાવ્યું. આમ પણ બાપુજીનો સ્વભાવ કોઈને તાબે થવાનો હતો જ નહીં એટલે એ નોકરી કરે એ શક્ય જ ન હતું. તો પણ કૈંક તો કરવાનું જ હતું. કાકાની દરજીની દુકાન હતી, એના ઓટલા પર બાપુજીએ કાપડ વેચવાની વ્યવસ્થા કરી. એ પણ ન ફાવ્યું તો ઘરને ઓટલે કાપડ વેચવા માંડ્યુ, પણ પત્તો ન લાગ્યો. આ સ્થિતિ ગોલ્ડ કંટ્રોલ ન હટ્યો ત્યાં સુધી રહી. એમાં બે બહેનો મંજુ અને પ્રભા ભણી કે ગણી તેનો ખ્યાલ ન રહ્યો. પછી સંજોગો બદલાયા પણ ખરા ને ભણવાનો લાભ સૌથી નાની મીનાક્ષીને મળ્યો અને તે બી. એડ કરીને પ્રાઇમરીમાં શિક્ષિકા થઈ.

એ દરમિયાન મારાં લગ્ન વડોદરા થયાં. મારા મોટા સાળા મનોહર. તેના સાળા પ્રકાશ ભડાનકર. એની જોડે પ્રભાનાં લગ્ન થયાં. બે દીકરાની તે મા બની એ દીકરાઓ પણ પરણ્યા. મોટો દીકરો વંદન બીલીમોરા પરણ્યો ને નાનો રોહિત વડોદરા પરણાવ્યો. એ બંને પણ બાળકોના પિતા બન્યા. બનેવી પ્રકાશભાઈ વૃધ્ધ હોવાથી ઠીક ઠીક સમયથી નિવૃત્તિ ભોગવે છે. વંદને વલસાડમાં ઘર લીધું છે ને તે રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે. નાનો રોહિત સિરામિક ટાઈલ્સની કંપનીમાં નોકરી કરે છે.

બહુ જગ્યાએ ભાડે રહ્યાં પછી પ્રભા અને પ્રકાશભાઈએ થોડાં વર્ષો પર વિશ્વામિત્રીમાં ફ્લેટ લીધો ને બંને સાથે, રોહિત ને તેનું કુટુંબ રહે. બેન બનેવી ઘણીવાર મોટા દીકરા વંદનને ત્યાં પણ જતાં ને થોડા દિવસ વલસાડ રહીને વિશ્વામિત્રી પાછાં ફરતાં.

પ્રભાએ એક કામ બહુ સારું કર્યું હતું. દેવેન્દ્ર કરીને મારો  છેલ્લા નંબરનો એક ભાઈ હતો. તે અમારા કુટુંબમાં સૌથી નાનો ભાઈ હતો ને લાડકો હતો. બાપુજીનો બહુ જ ભાવ એના પર હતો. તે હીરા ઘસતો, પણ વ્યસની અને જુગારી હતો. તેને ભણવાની બધી જ તકો હતી, અમે બધાંએ બહુ જ કોશિશો કરી પણ તે ન જ ભણ્યો. પરણ્યો ત્યારે એના લગ્નમાં હું ગયો ન હતો. મને લાગતું હતું કે તે જેને પરણશે તેનો સર્વનાશ કરશે. તેની ચિંતામાં ને તાણમાં તેની પત્ની મોટો દીકરો અને નાની દીકરી નાનાં મૂકીને ગુજરી ગઈ. દેવેન્દ્ર રખડી ખાતો હતો ને છોકરાંઓ રખડી જાય તેની ચિંતા તેને ન હતી. આવામાં તેનાં દીકરાને પ્રભા વિશ્વામિત્રી લઈ ગઈ અને દીકરીને મારી માસીના નિ:સંતાન દીકરા રાજુએ વિધિવત દત્તક લીધી. તેને ઉછેરીને પરણાવી પણ ખરી. દીકરાને પ્રભાએ મોટો કર્યો ને નોકરીએ વળગાડયો. એકંદરે બધું ઠીક ચાલતું હતું.

-ત્યાં કોરોના આવ્યો. મારા કુટુંબમાં એ પહેલવહેલો વિશ્વામિત્રીમાં પ્રવેશ્યો. જુલાઈની આસપાસ પ્રભાનાં નાના દીકરા રોહિતને એ વળગ્યો. કુટુંબમાં બધાં સાથે રહે તો જોખમ વધે એવું હતું એટલે રોહિતની પત્ની સ્વાતિ બાળકોને લઈને વડોદરાનાં તેનાં પિયર ગઈ અને પ્રભા તથા પ્રકાશભાઈ મોટા દીકરા વંદનને ત્યાં રેલમાર્ગે વલસાડ પહોંચ્યાં. ટ્રીટમેન્ટ પછી, પંદરેક દિવસે રોહિત સાજો થયો. તેને બોલવામાં થોડી તકલીફ પડતી હતી, પણ મોબાઈલ પર તેને જોતાં લાગતું હતું કે તે સુધારા પર છે. તેને હોસ્પિટલમાંથી રજા મળી ને તે વિશ્વામિત્રી, ઘરે પાછો આવ્યો.

વલસાડમાં પ્રભા રોહિતની ચિંતા કરતી, રહેતી હતી. આમ પણ તે ઘણા સમયથી મનથી બહુ જ ચિંતામાં હતી. ધોધમાર હસતી પ્રભા ધીમે ધીમે ચહેરા પર ચિંતાની રેખાઓ ઉપસાવતી જતી હતી. રોહિત ઘરે આવ્યો એ જ દિવસે કદાચ રાત્રે પ્રભાને ઊલટી થઈ. એસિડિટી તેને રહેતી હતી. તેને ઊલટી અને માથાના દુખાવાની ફરિયાદ રહેતી હતી. કોરોનાએ ભય એવો ઊભો કર્યો હતો કે ખાનગી દવાખાનાઓ બંધ હતાં અને કોઈ પણ સારવાર માટે સિવિલ તરફ જ મોં કરવું પડે એ હાલત હતી.

પ્રભાની ઊલટીઓ બંધ થતી ન હતી. તેને શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. સવારે તેને સિવિલમાં દાખલ કરવામાં આવી. તે વખતે સ્થિતિ એવી હતી કે રોગ કોઈ પણ હોય તેની સારવાર કોરોનાથી જ થતી હતી ને વિચિત્રતા એ હતી કે તેની કોઈ ચોક્કસ દવા ન હતી.  બીજી તકલીફ એ

હતી કે એક વાર દર્દી સિવિલમાં દાખલ થાય કે નજીકનાં સગાંઓને પણ તેની પાસે ફરકવા દેવામાં આવતાં ન હતાં. દર્દી દાખલ થાય કે દેખાતો બંધ થઈ જતો હતો. પછી તો બહારથી જ તેની ભાળ મેળવવાની હતી. પ્રભા દાખલ થઈ પછી તેને ઓક્સિજન પર રાખવામા આવી કે વેન્ટિલેટર પર એ દેખાતું ન હતું. ખબર આવતી હતી કે સારું છે.

કેટલાય વખતથી વાયરસે એ સ્થિતિ સર્જી છે કે દર્દી જોડે શું થાય છે ને એના પર શું વીતે છે એની એના સંબંધીઓને ખબર પડતી નથી. એવું જ દર્દીના સંબંધીઓ પર શું વીતે છે એની ખબર પણ સારવાર દરમિયાન દર્દીને પડતી નથી. પ્રભાની કૈં ખબર મળે એની એક એક સેકંડમાં રાહ જોવાની હતી. સેકન્ડ પસાર થતી દેખાતી હતી ને એમ ધારવાનું હતું  કે બધું ઠીક ચાલી રહ્યું છે.

સાંજે લગભગ પાંચેક વાગે મારો દીકરો વિવર્ત મને વળગીને રડી પડતાં બોલ્યો, 'પપ્પા, પ્રભાફોઈ ગઈ!' થડકો આંસુ થઈ ગયો. મારી બહેન એક જ ક્ષણમાં ભૂતકાળ થઈ ગઈ.

કમનસીબી એ હતી કે એને શું થયું અને એને શી ટ્રીટમેન્ટ અપાઈ એ આજની તારીખ સુધી જાણી શકાયું નથી. શ્વાસની તકલીફ થઈ એવી વાત બહાર આવી, પણ એને ઓક્સિજન પર કે વેન્ટિલેટર પર રખાઈ કે કેમ એની ખબર નથી. ખબર એટલી જ છે કે એને **18** જુલાઈ, **2020** ને રોજ સિવિલમાં દાખલ કરાઈ અને એ જ તારીખે સાંજે પાંચેકને સુમારે એ ગુજરી ગયાની ખબર આપવામાં આવી. તેનો કોરોનાનો ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો, તે પોઝિટિવ આવ્યો, પણ રિપોર્ટ શું આવ્યો તેની દરકાર કર્યા વગર જ તેણે સૌને "આવજો" કહી દીધું હતું.

તે અમને ક્યાંકથી ચીરી નાખતી ચાલી ગઈ હતી. સૌથી આઘાત આપનારી વાત તો એ છે કે ચેપ ન લાગે એટલે કોરોનાનાં મૃતકનું શરીર એના સગાંવહાલાંઓને આપવામાં આવતું નથી કે કોઈ સંબંધીને પણ એના સુધી પહોંચવા દેવામાં આવતું નથી. અમે કોઈ છેલ્લી વખત પ્રભાનું મોં જોવા ન પામ્યાં એનો વસવસો છેવટ સુધી રહેશે. કેવી લાચારી છે આ ! જિંદગી આટલી ખરાબ તો ક્યારેય લાગી નથી. હશે, સારો કાળ નથી રહ્યો તો આ ખરાબ સમય પણ નથી રહેવાનો એવું આશ્વાસન પણ કામ લાગતું નથી. શું કહું?   બરાબર જાણું છું, પ્રભા કે તું નથી જ આવવાની તોય ભીની આંખે કહું છું, "આવજે, બહેન !"

રવીન્દ્ર પારેખ

કવિ – લેખક – સુરત – ૯૩૭૭૯ ૩૯૧૨૩

# Covid 19 – માનવપ્રેરિત કે પ્રકૃતિપ્રેરિત?

## શૈલેશ ઠાકર

વરસ ૨૦૨૦, એક સંપૂર્ણ નવી વૈશ્વિક મહામારી સાથે વિશ્વ સમક્ષ આવ્યું. વરસની જ્યારે શરૂઆત થઈ ત્યારે સ્વપ્નેપણ નો"તું વિચાર્યુ કે વરસ આ રીતે પસાર થશે.

સો મિલિયન ડોલરનો પ્રશ્ન એ છે કે આ માનવ નિર્મિત છે કે પ્રકૃતિ પ્રેરિત છે ? આ અંગે જવાબદાર કોણ છે ? વિશ્વના કૈંક દેશો એ અને તેમના નેતાએ અથવા સરકારે જાત-જાતનાં દાવા કર્યા છે, આક્ષેપો કર્યા છે, આરોપ મુક્યા છે. આ કરવા પાછળ તેમની પાસે તર્કબંધ દલીલો અને પુરાવા પણ છે. વિશ્વ એક અદ્રશ્ય શત્રુ સામે લડી રહ્યું છે. તે સ્પષ્ટ છે અને માનવતા છિન્નભીન્ન થઈ ગઈ છે તે પણ હકીકત છે. આ અંગે કોણ જવાબદાર છે તે મારો વિષય નથી પરંતુ એક વિચાર સ્પષ્ટ પણે રજુ કરૂ છું કે પ્રકૃતિએ માનવતા પ્રત્યે ભુતકાળમાં ક્રોધ પગટ કર્યો છે. આ જવાળામુખી, પૂર કે ઘરતીકંપ કોઈપણ સ્વરૂપમાં હોય, પણ તે ક્ષણીક છે. એ ઘટના પછીનુ જીવન સંપૂર્ણ નિર્મળ છે. મહામારીના પ્રશ્ને વરસ ૨૦૨૦ પૂર્ણતાની નજીક છે પરંતુ માનવી હજુ ભયભીત છે. શા માટે ? હા, એ સ્પષ્ટ છે કે પૈસા વિરુધ્ધ શ્વાસની રમત માં જિંદગી જતી છે. જીવનની કિંમત વધુ આંકવામાં આવી છે. સ્વપ્નને સંઘરી રાખવા વરસ ૨૦૨૧ માટે એ જ સાચુ જ્ઞાન લાગ્યુ છે. જો શ્વાસ જ ન રહ્યા તો ? સ્વાસ્થય અને અસ્તિત્વ માટેની લડત આપતુ આ વરસ કૈંક કિસ્સા પાથરતુ જાય છે.

તમે જ્યારે બહાર ના જઈ શકો તો અંદર તરફ જવુ તે આ વરસે જ શીખવાડયુ છે. જીવન સંપૂર્ણપણે નવી તરેહમાં આવી ગયુ છે. **Digital, Internet, Global Model** તો સંપૂર્ણ નજીક છે અને સૌ કોઈ એ તરફ છે. માણસે વૈશ્વિક પરંપરાઓ અનુસરવાનુ શરૂ કર્યુ છે.

માણસે અસ્તિત્વ ટકાવી ને ચાલવાનુ છે. નવી રીતરસમો ને અનુસરવાની છે, જેમ કે, **Social Distancing, Masking** અને **Digitally Processing.** આર્થિક રીતભાત સંપૂર્ણપણે તહસ-નહસ ના થાય તેના માટેની દોડધામ કરવાની છે. સતત સુર્યોદય સાથે જાગી બજાર તરફ નીકળવાનુ છે. આ પણ, આજ જીવનનું સત્ય છે.

એક મહત્વની વાત એ છે કે **Covid – 19** દ્વારા માણસનું મૃત્યુ ગમે તે ક્ષણે થઈ જાય છે. આ ઘટનાથી આ પૃથ્વીના આપણે સૌ પ્રવાસી છીએ, માલિક નહીં, આ પૃથ્વી આપણી પહેલા પણ હતી અને આપણા પછી પણ રહેશે, તેમજ પૃથ્વી પાસે આપણને લાત મારવાની તાકાત છે, તે સ્પષ્ટ થયું છે.

સાથે સાથે, **Law of Co-existence** પણ પૂર્ણત: સાબિત થયો છે. આ પૃથ્વી ઉપર પ્રકૃતિએ ઘણી બધી જાતિનું સર્જન કર્યું છે, તેને પણ, જીવવાનો અધિકાર છે, તે પણ જોવું જ રહ્યું, પૃથ્વી ઉપર પ્રદુષણ ઘટ્યું છે, કદાચ ! તેથી જ ચંદીગઢ થી હિમાલયની પર્વતમાળા (આશરે ૨૦૦ કિ.મી. દૂર) સ્પષ્ટ દેખાઈ છે.

**Covid – 19** માં માણસો લાખમાં મર્યા છે. કરોડો જિંદગી તહસ-નહસ થઈ છે. દરેક વ્યક્તિ પ્રત્યેક એક કહાની છે. કોણ અને ક્યારે શિકાર બને છે તે સમય અને સ્થાન કહે છે, આની વચ્ચે, માનવજાત એક સંપૂર્ણ નવા અનુભવથી પસાર થઈ છે, તે સ્પષ્ટ છે. (૧૧-૧૧-૨૦૨૦)

ડૉ. શૈલેશ ઠાકર - ટોરેન્ટો, કેનેડા - **91-9825324928 (M)** - drskt.1960@gmail.com

# Violence against healthcare workers should stop!

## Dr Shiv Narain Kalia

**We all know of superheroes whizzing around the streets skies & seas saving innocent lives from the evil forces. This year we saw healthcare workers as reallife superheroes who risked their lives to save us.**

**My name is Dr Shiv Narain Kalia, working as vice president of a chain of hospitals in Gujarat & this article is dedicated to all the frontline healthcare workers who soldiered on & especially to those laid their lives & served the humanity.**

**In the hindsight I can tell you that never in the history of mankind has there been a social experiment where 1.3 billion people in India & almost 6 billion people across the world were put under lockdown for such a long time. This was the most politicized virus & in the age of social media, the news both fake & real reached every corner of the world which made it a digital pandemic. Little did the world know that it would have such long lasting effects? With close to 50 million cases worldwide & more than 1.24 million deaths!**

**I succinctly remember the date & it was 19th of March 2020 when the first two cases were reported in Gujarat, one was from Rajkot & other a 19 year old girl from Surat with a travel history of London. The virus had finally arrived in Surat.**

**On 24th of March the Hon Prime Minister of India Shri Narendra Modi announced a nationwide lockdown for 21days. When the whole world was under lockdown, it was an emergency for healthcare workers. We reported to duties as usual & honestly, we had no clue of how this will go from here. Our hearts went out for the staff & doctors of civil hospital, which was the only hospital allowed to take covid patients to prevent the further spread of the Virus.**

**I did not have an iota of doubt that we would want to volunteer & serve if the need so arise & there is a disease outbreak. Looking at the way things happened in Italy & other European countries, I was mentally prepared for it.**

**The most difficult part was taking all staff on board so I presented the plan to our group chairman to dedicate one of our hospitals as dedicated covid hospital. He left the final decision to me little did I know then that my decisions will have such lifelong lasting effects on our memory.**

**The first meeting of all head of department’s was organised. But & I vividly remember that the meeting went on for more than four hours. The staff members had a lot of valid questions, which included Personal protection equipment’s for their own safety, where will they stay after duty? For how long will be the duty hours, what if someone contacts the virus? What if a staff member dies...?**

**I remember starting my talk with Guru Govind Singhji words "chidiyan nall je baaj ladavan, tan Giovind Singh naam taravan" & reminding everyone of the Hippocrates, charka & nightingale oath. The staff was motivated everyone just probably needed a little push. Next three weeks we extensively prepared for necessary PPE'S, Equipment, ventilators & training of staff. There was an atmosphere of an Army preparing to go for a war in the hospital, there were late night discussions & strategies were made to handle any amount of patients. The staff was divided in four teams in such a way that at any point of time not more than one or maximum two teams come in contact with the virus.**

**We finally submitted the proposal to government Authorities & dedicated one hospital only for Covid patients on 21st of April. In the very first week we realised how difficult it was to work in PPE kits, which completely drains you of fluids, it is suffocating & very difficult to breathe & once you wear the kits you can't go to washrooms, can't eat. My staff is very professional, they could handle hundreds of patients & not complain but with covid the difference was that it is an airborne virus, highly contagious & it was mentally more taxing than physically. The staff could not home after duties & had to be put in a hotel, which only increased the Anxiety & stress.**

**The first few weeks were routine with hardly three to four patients coming for admission's per day but hen after the first unlock in the month of May the hell broke down , there were 15 to 20 patients coming for admission everyday & within a fortnight people were struggling to find an oxygen bed & ventilator for themselves .**

**In the mean while the healthcare workers were fighting another war, at an individual level & a fight to defeat the death. Let me share a few stories-**

**I remember there was this young ICU doctor, who was highly motivated & one of best we had, he had just got married a year ago & his wife was seven months pregnant. Since he was working with only critical patients, his exposure was the highest. His family obviously was very worried for him & especially his wife & she was herself going through his most important & challenging phase of her life. Not able to meet the family & working under such difficult conditions, I remember he used to make some videos every night for his unborn daughter just in case he doesn't make it alive, it was heart wrenching. Later He contacted the virus & was successfully treated for same at the hospital. He is now the father of a beautiful daughter.**

**The other story is one of our very dedicated young female doctors who was the only child of her parents & her father had expired few years ago & was the sole bread earner of the family. She worked hard day & night in covid. She contacted the virus in the month of June & had to be treated on a ventilator for almost a month. She is doing fine now. But imagine the amount of mental agony & pain the family herself & we all had to undergo for the weeks that this young girl was on ventilator.**

**Since most of our staff was young most of the nursing staff had young kids, with many of them breast feeding, I remember that their families used to come & meet them across the walls of**

**the hotel where they were staying, with young kids crying on one side & a mother on the other side of the wall not able to meet the kid due to call of duty was a scene that I wouldn't ever forget.**

**There were everyday news that some doctor or nurse had died, so we can't imagine the mental agony of families who sons or daughters or husband or wives were working in covid hospitals. The staff used to sleep with pulse oximeter on their fingers, so much was the fear & precaution that every staff had to be tested every 10 days.**

**By the end of July, even after the best of precautions & protocols almost 50% of the staff had contacted the virus.**

**These were not he only challenges that healthcare workers faced, doctors were doubted, there was violence against healthcare workers , there was a media trial of the hospitals for high treatment charges .The patients relatives wouldn't come inside to meet the patient out of fear of contacting the virus but would accuse the healthcare of not giving appropriate attention & care to patients .**

**Mentally the healthcare workers broke down by the end of august & September beginning. The healthcare workers worked under extreme stress with shortage of PPEs, shortage of live saving medicines, oxygen, ventilators & excessive patient loads, these were the most challenging circumstances that we had ever worked on. Most of the healthcare required counselling & support after working in Covid hospitals.**

**My humble appeal to all fellow brethren is that please understand that 65% of Indian healthcare providers are working in private sector & they are equally committed. No one would work only for money, you need a higher purpose in life to fight such life threatening pandemics. As the covid has not yet gone & with winters & festive season around, the second wave is again knocking on our doors I expect that we would be able to conquer this one as well.**

**So next time when you meet a healthcare worker, he wouldn't expect you to stand in respect but please don't misbehave & cooperate with them, and its high time that Violence against healthcare workers should stop!**
**Jai Hind.**

**DR SHIV NARAIN KALIA**

**Vice president, Tristar Group of Hospitals, Surat**

# દિલને સ્પર્શી જાય એવા કોરોનાકાળના સંસ્મરણો

## ડૉ. શિવ નારાયણ કાલિયા

હમને દેખા હૈ, કઈ ઐસે ખુદાઓં કો યહાં -
સામને જીનકે, વો સચમુચ કા ખુદા કુછભી નહીં !

દુનિયાભરના માણસોને મોતનો ખોફનાક ચહેરો તદ્દન નજીકથી બતાવી દેનાર કોરોનાના કપરાકાળમાં પણ ભીતરની માનવતાને જીવંત રાખીને તબીબ જગતે જે રીતે બેજોડ સેવાકાર્ય કર્યું છે, એ જોઈને રાજેશ રેડ્ડીનો ઉક્ત શેર જરૂર યાદ આવી જાય. ફિલ્મોમાં બિલ્ડીંગો પરથી, શેરીઓમાં છત પરથી કે પછી દરિયાપારથી ઝૂ....મમમમ કરીને આફતમાં આવી પડેલા લોકોની વહારે પહોંચી જતા સુપરમેનને ક્યારેક જોયા હશે. કોરોના કાળમાં પોતાના જીવનનું એક યા અન્ય પ્રકારે બલિદાન આપીને ડોક્ટરો તો સવાયા સુપરહીરો સાબિત થઈ રહ્યા છે.

પોતાના સુખ-સગવડ કે જીવન સુદ્ધાંની પરવા કર્યા વિના જેમણે માનવતાને ખાતર પ્રાણ ન્યોચ્છાવર કરી દીધા કે પછી અગ્રીમ હરોળમાં હાથમાં હાથ મિલાવી જેમણે આ જીવલેણ મહામારી સામે બાથ ભીડી એવા તમામ આરોગ્ય કર્મચારીઓના સંનિષ્ઠ પ્રયાસોને દિલથી બિરદાવવાનું બહુમાન - ગુજરાતની અગ્રણી હોસ્પિટલ ચેઈનના વાઈસ ચેરમેન એવા -આ લેખક ડૉ. શિવનારાયણ કાલીઆને આજે સાંપડ્યું છે.

માનવજાતની તવારીખમાં હુ દ્રષ્ટિપાત કરૂં તો, વાચકને જરૂરથી કહી શકું કે, એવો સામાજીક સંજોગ ક્યારેય ઊભો નથી થયો, જ્યારે ભારતભરમાં ૧.૩ અબજ અને દુનિયાભરમાં આશરે ૬ અબજ જેટલી માનવવસ્તીને આટલા બધા લાંબા સમયગાળા સુધી બંધબારણે-લોકડાઉનમાં રહેવાનો વારો આવ્યો હોય. આ ઘટના ખુદ એક રાજકીય વાયરસ થઈ પડી અને સોશ્યલ મિડિયાના આજના યુગમાં તેના થકી સાચા-ખોટાં સમાચારો દુનિયાનો ખૂણેખૂણો ખૂંદી વળતાં માનોકે આંકડાકીય મહામારી ફેલાઈ ગઈ. દુનિયામાં ભાગ્યે જ કોઈએ ધાર્યું હશે કે, આ ઘટનાઓની આટલી બધી દુરગામી અસરો જોવા મળશે.

હું આ લખું છું ત્યારે, દુનિયાભરમાં કોરોનાના અજગરભરડામાં ૫.૮૫ કરોડ લોકો સપડાઈ ચૂક્યા છે, અને ૧૩.૮૭ લાખ લોકોને એ ભરખી ગયો છે. ભારતમાં ૯૦.૯૫ લાખ લોકો આ મહામારીનો શિકાર બન્યા અને ૧.૩૩ લાખ લોકો એમાં બલિ ચઢી ગયા!

મને ખૂબ જ ચોક્કસપણે યાદ છે કે, ગુજરાતમાં ગયા માર્ચ મહિનાની ૧૯મી તારીખે કોરોનાના સૌ પ્રથમ બે કેસ નોંધાયા હતા, જે પૈકી એક રાજકોટનો હતો અને બીજો સુરતનો હતો, જેમાં લંડનનો પ્રવાસ ઈતિહાસ ધરાવતી એક ૧૯ વર્ષીય યુવતીને કોરોના ડિટેક્ટ થયો હતો. તો આખરે જીવલેણ વાયરસ સુરતમાં પ્રવેશી ચૂક્યો હતો.

૨૪મી માર્ચે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ દેશભરમાં ૨૧ દિવસનું લોકડાઉન જાહેર કર્યું. વિશ્વભરમાં જ્યારે લોકડાઉન હતું, ત્યારે આરોગ્ય કર્મચારીઓને માથે કટોકટી હતી. અમે તો રોજની જેમ જ કામ પર હતા અને સાચું કહું તો, ત્યાંથી આગળ આ સંજોગો આપણને ક્યાં દોરી જશે તેનો અમને એ સમયે કોઈ જ અંદેશો નહોતો. નવી સિવિલના સ્ટાફ અને ડોક્ટરો માટે અમને લાગી આવ્યું કેમકે, આ મહામારીને આગળ વધતી અટકાવવા માટે માત્ર એ જ હોસ્પિટલને દર્દીઓ લેવાની પરવાનગી અપાઈ હતી.

છતાં એવી જરૂર ઊભી થાય અને આ રોગ મહામારીનું રૂપ લઈ લે તો, અમારે સ્વૈચ્છિકપણે સેવા કરવી જ હતી એ બાબતે પણ મને કોઈ સંશય નહોતો. ઈટલી અને અન્ય યુરોપિયન દેશોમાં જે પ્રકારે સ્થિતી સર્જાઈ હતી એ જોતાં હું માનસિક રીતે તૈયાર પણ હતો.

તમામ સ્ટાફને એકસાથે રાખવો એ કપરૂં કાર્ય હતું, તેથી મેં અમારા જૂથના ચેરમેન સમક્ષ એક પ્લાન રજૂ કર્યો જેથી અમે એક સમગ્ર હોસ્પિટલ કોરોના દર્દીઓની સારવારને સમર્પિત કરી શકીએ. એમણે વળી છેવટનો નિર્ણય મારા પર છોડ્યો અને હું ત્યારે નહોતો જાણતો કે, આ મારા નિર્ણયો મારા સમગ્ર જીવનને પ્રભાવિત કરશે.

બધા જ વિભાગીય વડાઓની પહેલી મિટીંગ યોજાઈ. પણ મને ખાસ યાદ એ છે કે, એ મેરેથોન મિટીંગ ચાર-ચાર કલાક સુધી ચાલી હતી. પોતાની સુરક્ષાનું શું કે પછી ડ્યુટી કર્યા બાદ તેઓ ક્યાં રહેશે સહિતના અનેક પ્રશ્નો સ્ટાફના સભ્યોને હતા, કે જે યોગ્ય પણ હતા. ડ્યુટી કેટલા કલાકની હશે કે પછી જો કોઈકને વાઈરસનો ચેપ લાગે તો, કોઈક મોતને ભેટે તો....?

ચીડીયાનાલ્લ જે બાજ લડાવાં, તન ગોબિંદસિંઘ નામતરાવાં - મને યાદ છે, મેં મિટીંગની શરૂઆતમાં જ ગુરૂ ગોવિંદસિંઘજીના શબ્દોને સંભાર્યા હતા અને તબીબી જગતમાં જેને ભક્તિભાવથી જોવાય છે, એવા ફ્લોરેન્સ નાઈટીંગલના શપથને પણ યાદ કરાવ્યા હતા. સ્ટાફ અભિપ્રેત થઈ ચૂક્યો હતો અને તેમને જરાક જેટલા ચાલકબળની જરૂર હતી. ત્યાર પછીના ત્રણ અઠવાડિયા અમે સ્ટાફ ટ્રેનિંગ ઉપરાંત પીપીઈ, સાધનો અને વેન્ટીલેટર્સની વ્યવસ્થા કરવા પર ધ્યાન આપ્યું. હોસ્પિટલમાં માનોકે યુદ્ધના

મોર્ચે જવા માટે સેના તૈયાર થતી હતી અને ગમે તેટલા કોરોના પેશન્ટોને સારવાર આપવા સજ્જ થવા માટે મોડી રાત સુધી ચર્ચાઓ ચાલતી અને વ્યૂહ બનાવાતા. સ્ટાફને ચાર ટૂકડીઓમાં એ રીતે વહેંચી દીધો કે જેથી, કોઈપણ સમયે એક યા વધારેમાં વધારે બે જ ટીમ કોરોના વાયરસના સંપર્કમાં આવી શકે.

આખરે અમે ૨૧મી એપ્રિલે સરકારી સત્તાધીશોને માત્ર એક જ હોસ્પિટલ સોંપવાનો પ્રસ્તાવ રજૂ કર્યો જે કોરોનાના દર્દીઓની સારવાર કરે. પીપીઈ કીટમાં કામ કરવાનું કેટલું કપરું છે, તેનો પરચો અમને પહેલા અઠવાડિયામાં જ મળી ગયો. આ કીટ પહેરવાથી તમારા શરીરનું બધું પ્રવાહી બહાર ધસી આવે છે, અને તમારો શ્વાસ રૂંધાય છે. એટલું જ નહીં, એકવાર એ પહેર્યા પછી તમે બાથરૂમ પણ નથી જઈ શકતા કે નથી ખાઈ શકતા. મારો સ્ટાફ પ્રોફેશ્નલ છે અને સેંકડો દર્દીઓની સારવાર કરે છે, પણ કોરોના વાઈરસમાં ફેર એ હતો કે, આ વાઈરસ હવાજન્ય-ચેપી છે અને એકવાર ચેપ લાગ્યા બાદ એ શારીરિક કરતાં માનસિક રીતે વધારે તોડી નાંખે છે. ડ્યુટી ખતમ કર્યા બાદ સ્ટાફ ઘરે નહોતો જઈ શકતો અને હોટેલમાં રહેવાથી તેમની વ્યગ્રતા અને તણાવ વધતા જ હતા.

પહેલા થોડા અઠવાડિયા દરમિયાન રોજના ત્રણ-ચાર દર્દીઓ આવતા હોવાથી સ્થિતી ઠીક હતી પણ પહેલા લોકડાઉન પછી મે મહિનામાં રોજના પંદરથી વીસ દર્દીઓ આવવા માંડતાં માનો કે આભ તૂટી પડ્યું અને પછીના પખવાડિયામાં તો હાલત એટલી બગડી કે લોકોને વેન્ટીલેટર અને ઓક્સિજન બેડ માટે ફાંફા પડવા લાગ્યા.

આ દરમિયાનમાં આરોગ્ય કર્મચારીઓ અલગ મોરચે લડી રહ્યા હતા અને એ લડાઈ હતી મોત સામે જીંદગીને ટકાવી રાખવાની. આવી કેટલીક સંવેદનશીલ વાતો તમને કહું.

અમારા સ્ટાફના શ્રેષ્ઠ ડોક્ટરો પૈકીના એક આઈસીયુ ડોક્ટર છે જેમના લગ્ન માંડ વરસ પહેલાં થયા હતા અને તેમની પત્નીને ત્યારે સાતમો મહિનો જતો હતો. કોરોનાના કટોકટ પેશન્ટોને જ તેમણે જોવાના હોવાથી તેમને ચેપ લાગવાનો ખતરો સૌથી વધારે હતો. દેખીતું છે કે, તેમના પરિવારને તેમની ઘણી ચિંતા હતી અને તેમની પત્ની પોતાના જીવનના સૌથી મહત્વના અને પડકારજનક તબક્કામાંથી પસાર થઈ રહી હતી. આ ડોક્ટર પોતાના પરિવારને મળી નહોતા શકતા અને આવી કપરી પરિસ્થિતીમાં કામ કરવાનું હતું તેથી મને યાદ છે કે, આ ડોક્ટર રોજ રાત્રે પોતાના આવનારા સંતાન માટે મોબાઈલ પર કેટલાક વિડિયો બનાવતા રહેતા, કે જેથી કદાચ જો તેઓ જીવી ન શકે તો તેમનું સંતાન તેમને કમસે કમ આવા વિડિયોઝમાં જોઈ તો શકે! આ જોઈને મારૂ હૃદય વલોવાઈ

જતું હતું. પાછળથી તેમને ચેપ તો જો કે લાગ્યો જ, પરંતુ તેમની સારવાર અમે કરી અને આજે તેમના આંગણે સુંદર બાળકીનાં પગલાં થયા છે.

આવી બીજી વાત એક યુવાન અને સમર્પિત મહિલા ડોક્ટરની છે, જે પરિવારનું એકમાત્ર સંતાન છે અને તેમના પિતા વર્ષો પહેલા ગુજરી ગયા હોવાને લીધે પરિવારની એકમાત્ર આજીવિકા કમાનારી વ્યક્તિ પણ છે. તેમણે કોવિડના દર્દીઓની સારવારમાં દિવસ-રાત પાછું વળીને જોયું નથી. તેમને જૂનમાં કોરોના લાગ્યો અને સારવાર માટે એકાદ મહિના સુધી તેમને વેન્ટીલેટર પર રાખવા પડ્યા. હવે તેમને સારૂં છે, પણ તેઓ વેન્ટીલેટર પર હતા ત્યારે તેમના પરિવારે અને અમે, કેવા માનસિક આઘાત અને દુ:ખમાંથી પસાર થયા હોઈશું તેની તમે કલ્પના કરી શકો.

અમારા સ્ટાફનો મોટો ભાગ યુવાન હોવાથી અમારા નર્સિંગ સ્ટાફની મોટાભાગની નર્સોને નાના ધાવણા બાળકો હતા, જેમને સ્તનપાન જરૂરી હતું. આ નર્સિંગ સ્ટાફની માતાઓ ઘરે ન જઈ શકતા તેમના ઘરના પરિવારજનો નાના ધાવણા બાળકોને લઈને હોટેલ કમ્પાઉન્ડની બહાર આવતા. એક બાજુ વિલાપ કરતી માતા અને બીજીબાજુ નવજાત બાળકોનું સ્વજનોનું આક્રંદ હું ક્યારેય ભૂલી નહીં શકું. દરરોજ એવા સમાચાર આવતા કે અમુક ડોક્ટરો કે નર્સો કોરોનાથી મોતને ભેટ્યા, તેથી જે પરિવારના પુત્રો, પુત્રીઓ, પતિ કે પત્નીઓ કોવિડ હોસ્પિટલમાં ફરજ બજાવતા હશે તેમની માનસિક વેદનાનો તમને ખ્યાલ પણ ન આવી શકે.

કોરોનાનો ભય એટલો ફેલાયો હતો કે, દરેક સ્ટાફનું અમે દર ૧૦ દિવસે ચેકીંગ કરતા, એટલું જ નહીં પણ કેટલાક સ્ટાફના સભ્યો તો આંગળી પર ઓક્સિમીટર ભરાવીને જ સૂઈ જતા હતા. સારામાં સારી તકેદારી અને અટકાયત રાખ્યા છતાં જૂલાઈ સુધીમાં તો અમારો અડધો અડધ સ્ટાફ કોરોનાથી સંક્રમિત થઈ ચૂક્યો હતો.

આરોગ્ય કર્મચારીઓની સમસ્યાઓ અહીંથી જ પૂરી નહોતી થઈ, ડોક્ટરો પર શંકાઓ કરાઈ, આરોગ્ય કર્મચારીઓ પર હુમલા થયા અને ક્યાંક વળી કોરોનાની સારવાર માટેના ઊંચા બીલ માટે ડોક્ટરોની મિડિયા ટ્રાયલ પણ થઈ. વિચારો તો ખરા કે પોતાને કોરોના લાગી જશે એવી બીકે દર્દીઓના સ્વજનો અંદર સુદ્ધાં નહોતા આવતા પણ એવા જ સ્વજનો પાછા આક્ષેપબાજી કરતા હતા કે, તેમના દર્દીની ઠીક સારવાર નથી કરાઈ.

આખરે ઓગષ્ટના અંતભાગે અને સપ્ટેમ્બરની શરૂઆતમાં આરોગ્ય કર્મચારીઓ માનસિક રીતે તૂટી ગયા હતા. પીપીઈ કીટ, જીવનરક્ષક દવાઓ, ઓક્સિજન કે વેન્ટીલેટર્સની અછત તથા કોરોનાના

દર્દીઓના ધસારાની હાલતમાં આરોગ્ય કર્મચારીઓએ ભારે તણાવ હેઠળ કામ કર્યું અને આવો પડકાર અમે ક્યારેય જોયો નહોતો. મોટાભાગની આરોગ્ય સેવાઓમાં માર્ગદર્શન અને સહાયની જ મુખ્ય ભૂમિકા હોય છે.

આ સાથે હું મારા સૌ સાથી બાંધવોને નમ્ર ગુજારીશ કરૂ છું કે, આ દેશમાં આરોગ્ય કર્મચારીઓનો ૬૫ ટકા જેટલો મોટોભાગ ખાનગી ક્ષેત્રોમાં કામ કરે છે અને તેઓ પણ પોતાની ફરજ પ્રત્યે સમાન નિષ્ઠા ધરાવે છે. કોઈપણ વ્યક્તિ માત્ર પૈસા માટે જ કામ કરતી નથી હોતી. કોરોના જેવી જીવલેણ મહામારીને પરાજીત તમે કરી શકો એ માટે તમારા જીવનમાં પૈસાથી ઊંચેરો કોઈ હેતુ હોવો ઘટે.
શિયાળો ઉંબરે આવીને ઊભો છે અને તહેવારોની ભારે ભીડમાંથી આપણે હજી માંડ પરવાર્યા છીએ ત્યારે લાગે છે કે, કોરોનાની બીજી લહેર ડોકાઈ રહી છે, અને આપણે તેને પણ સક્ષમ રીતે પહોંચી વળીશું.

તો સુજ્ઞ વાચક હવે પછી તમને આરોગ્ય કર્મચારી મળે તો, તમે તેને ભલે સલામ ન કરો પણ તેની સાથે ગેરવર્તાવ તો નહીં જ કરતા અને તેને સહકાર આપજો. આરોગ્ય કર્મચારીઓ સામેનો હિંસાત્મક વ્યવહાર બંધ કરાય અને આપણે તેમનું મૂલ્ય સમજીએ એ આજના સમયની માંગ છે.

ડૉ. શિવ નારાયણ કાલિયા
વાઈસ પ્રેસિડેન્ટ, ટ્રાયસ્ટાર ગ્રુપ ઓફ હોસ્પિટલ્સ, સુરત

# કોરોનાકાળમાં સંગીત અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ પર અસર

## સુધીર ચાર્દી

"કોરોના વાઈરસ", આ શબ્દ પ્રથમ વાર કાન પર પડયો, ત્યારે કલ્પના નહોતી કે સુક્ષ્મ જીવાણું જીવનમાં આવી ઉથલપાથલ કરી નાંખશે. જોતજોતાંમાં આ વાઈરસ દેશ-વિદેશ ના સીમાડા વટાવી ગયું. માનવ જીવનની લય ખોરવી નાંખી અને જીવન બેસુરું બનાવી દીધું. કોરોના વાઈરસ એ સદીની સૌથી મોટી હેલ્થ ક્રાસિસ બની ગઈ. અનેક લોકોએ જીવ ગુમાવ્યો અને આર્થિક સામાજીક વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઈ ગઈ. આ વાઈરસનો દુષ્પ્રભાવ અનેક ક્ષેત્ર પર પડયો, જેમાં સંગીત ક્ષેત્ર પણ શામીલ છે.

સૌથી પહેલા અસર તો એ થઈ કે સંગીતના તમામ કાર્યક્રમ બંધ થઈ ગયા. નાંમાંકીત કલાકારોના પણ દેશ-વિદેશ ના કાર્યક્રમ રદ થઈ ગયા. આ ઉપરાંત સંગીતના સ્ટુડીયો, રેકોર્ડીંગ વગેરે પણ બંધ થઈ ગયા. વધુમાં તમામ પ્રકારના સાંસ્કૃતિક, સામાજિક અને ધાર્મિક કાર્યક્રમો બંધ રહેવાથી નાના-મોટા અનેક સંગીતકારો પર આર્થિક સંકટ આવી પડ્યું. જે લોકો સંગીતનું શિક્ષણ-પ્રશિક્ષણ આપતા હતા, સંગીતના વર્ગો ચલાવતા હતા તે પણ બંધ થયા. જોકે સંગીતનું શિક્ષણ ઓનલાઈન પધ્ધતિથી ચાલુ રહ્યું પણ સંગીત જેવી ગુરૂમુખી વિદ્યાને ઓનલાઈન પધ્ધતિથી શીખવવામાં અનેક તકલીફ પડી. આમ કોરોના કાળમાં સંગીતકારોની આર્થિક પરિસ્થિતિ નાજુક થઈ. સંગીતની સંસ્થાઓ જે સંગીત વિશારદ – સંગીત અલંકાર વગેરે પરીક્ષાનું આયોજન કરી પદવી આપે છે, તે તમામ પરીક્ષાઓ પણ રદ થઈ.

આ સમયમાં તમામ પ્રવૃત્તિઓને આધુનિક ટેકનોલોજીની મદદથી આગળ વધારવાના પ્રયત્નો શરૂ થયા. સંગીતના કાર્યક્રમ પણ ઓનલાઈન થવા લાગ્યા. શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત, ફીલ્મ સંગીત, ગીત-ગઝલ ના કાર્યક્રમ વિવિધ એપ દ્વારા શ્રોતાઓ સુધી પહોંચવા માંડયા. શ્રોતાઓને પણ ઘરબેઠાં જ વિવિધ કાર્યક્રમો માણવા મળ્યાં. જરૂરતમાં ફક્ત એક સ્માર્ટ ફોન અથવા કોમ્પ્યુટર અને સારી નેટ કનેકટીવીટી. સંગીતના વર્ગો પણ ઓનલાઈન થઈ ગયા.

પરંતુ આ પ્રકારના ઓનલાઈન કાર્યક્રમમાં કલાકારોને અનેક તકલીફ પણ આવી. મુખ્યત્વે તો સંગીતના કાર્યક્રમની પ્રસ્તુતિ સાજીંદા અને સાથીદાર વગર કરવી એ પણ મુશ્કેલ વાત હતી. ઉપરાંત યોગ્ય મીક્ષ સીસ્ટીમ ન હોવાથી ગાયકનો અવાજ તથા વાદ્યના અવાજમાં બેલેન્સ ન રહેવું તથા ઈન્ટરનેટ દ્વારા વિક્ષેપ વગર પ્રસારીત કરવામાં પણ કલાકારોને મુશ્કેલી પડી. સૌથી મોટી તકલીફ તો શ્રોતાની ગેરહાજરીમાં કોઈપણ જાતના પ્રતિભાવ વગર અને માહોલ વગર પ્રસ્તુતી કરવી, એ

હતી. સામે પક્ષે શ્રોતાઓને પણ લીંક મેળવી, વિક્ષેપ વગર કાર્યક્રમ માણવામાં ઘણી વખત તકલીફ પડી. સૌથી મોટી ઉણપ કલાકાર તેમજ શ્રોતાઓ માટે કાર્યક્રમના માહોલની હતી. ટેકનોલોજી દ્વારા કલાકાર અને શ્રોતા જોડાયા તો ખરા પણ તેમની વચ્ચે સેતુ બંધાતો નહિ. આમ સંગીતના એ મહોલની ખોટ વખતોવખત વર્તાઈ.

પણ આ સમય દરમ્યાન ઘણી વાતો સારી પણ થઈ. સતત પ્રવાસ અને કાર્યક્રમમાં વ્યસ્ત રહેતા કલાકારને ઘરે કુટુંબ સાથે રહેવાનો સમય મળ્યો. ઉપરાંત રીયાઝ કરવા અને નવી વાતો શીખવા પણ સમય મળ્યો. ઓનલાઈન કાર્યક્રમ અને ઈન્ટરવ્યુ દ્વારા નામી કલાકારોને સાંભળવા મળ્યા, ચિંતન અને નવીન કૃતી ના સર્જન માટે સમય મળ્યો. કલાકારો નવીન ટેકનોલોજીથી માહીતીગાર પણ થયા.

કોરોના કાળ દરમ્યાન વિવિધ સંસ્થાઓએ ઓનલાઈન કાર્યક્રમનું આયોજન શરૂ કર્યું. રાષ્ટ્રીય કલા કેન્દ્ર દ્વારા ૧૫ ઓગસ્ટ, ૨૦૨૦ના રોજ દેશભક્તિ ગીતની ઓનલાઈન સ્પર્ધાનું આયોજન કર્યું, જે કાર્યક્રમ યાદગાર રહ્યો. સંસ્થા દ્વારા 'ઓનલાઈન સંગીત સભા'નું આયોજન પણ થયું.

અંગત રીતે મને જયપુર સંગીત મહાવિદ્યાલય તથા સ્વર મલ્હાર, બેલગાંવ સંસ્થા દ્વારા ઓનલાઈન હાર્મોનિયમ વાદન પ્રસ્તુત કરવાનો અવસર મળ્યો.

સંગીત ઉપરાંત વ્યવસાવિક રીતે શિક્ષણ ક્ષેત્રમાં અનેક પડકાર ઉભા થયા. સમગ્ર શિક્ષણ વ્યવસ્થા ઓનલાઈન થઈ. ઓનલાઈન કલાસ, ઓનલાઈન આંતરીક કસોટી, ઓનલાઈન પરીક્ષા, ઓનલાઈન એસાઈન્ટમેન્ટ વગેરે નવા અનુભવ હતા અને તમામ માટે નવીન પ્રકારે આયોજન જરૂરી લાગ્યું. ઉપરાંત 'ઓનલાઈન ટેકફેસ્ટ' નું પણ આયોજન કર્યું. વિદ્યાર્થીઓને પણ આ તમામ બદલાવથી માહીતીગાર કરવા પડયા તથા તેમના પણ અનેક નવા પ્રશ્નો સામે આવ્યા. એટલે કોરોના કાળમાં ટેકનોલોજીના સહારે પ્રવૃત્તિઓ આગળ વધારી જેમાં ઘણી સફળતા મળી. ટચ સ્ક્રીન હવે જીવનના તમામ પાસાને ટચ કરી ચૂકયું છે. ઓનલાઈન હવે રોજીંદો શબ્દ બની ગયો છે.

કોરોના કાળમાં ઘણું નવુ શીખવાનું મળ્યું. આ સમય કઠીણ છે, પરિક્ષાનો છે. પણ માનવજાતી હંમેશા પરિસ્થિતિ સામે સંઘર્ષ કરીને તેમાંથી બોધપાઠ લઈને આગળ વધી છે. માનવ સંસ્કૃતી ચોક્કસ જ આ કપરા કોરોના કાળમાંથી વધારે સજ્જ થઈને આગળ વધશે એ નક્કી છે.

પ્રા. સુધીર ચાર્દી

હેડ-ટેક્ષ્ટાઈલ ટેકનોલોજી વિભાગ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જીનીયરીંગ એન્ડ ટેકનોલોજી

વિખ્યાત હાર્મોનિયમ વાદક, કન્વીનર, સંગીત સમિતિ, રાષ્ટ્રીય કલા કેન્દ્ર - શાસ્ત્રીય સંગીત કલાકાર

# યમદૂત રાહ જોઇને તો નહીં બેઠો હોયને...??

## વિજય ઠક્કર

કપરો સમય છે... ડરામણું વાતાવરણ છે. સહેજ ચૂકનું, દર્દનાક પરિણામ આવી જાય એવો બિહામણો માહોલ છે. એકધાર્યા સાત – આઠ મહિનાના એકલવાસ પછી ભયના ઓથાર હેઠળ જીવતાંય થોડીક રાહત તો મળેલી, થોડીક હળવાશ પણ મળેલી અને ત્યાં તો ફરી પાછા એ કપાતર કોરોનાએ એના તીક્ષ્ણ નહોરવાળો ક્રૂર પંજો ઉગામ્યો છે. એ અદ્રશ્ય દાનવના મૃત્યુપ્રહારથી બચવા ફાંફે ચડેલો માણસ હવાતિયાં મારે છે. છાતી કાઢીને ફરતો ઊંચો પહોળો ખડતલ પહેલવાન પણ સલામત એકલવાસ શોધે છે. સ્પર્શસુખ માટે હંમેશાં તલસતો માણસ આજે ભૂલથીય સ્પર્શ ના થઈ જાય એની સાવચેતી રાખે છે. અન્યોન્યના શ્વાસથી હૂંફ પામતો જીવ આજકાલ એ હૂંફ મેળવવાથી અળગો રહેવા મથે છે. ભયના ઓથાર નીચે દિવસો પસાર કરવાનું કેટલું કપરું છે...??? હા, સૌએ ફરી એકવાર નજરકેદ સ્વીકારી લીધી છે. અગાઉની એની રૌદ્રતાનો પરચો મળ્યા પછી માણસ જો કે સ્વયમ શિસ્તમાં તો આવી ગયો અને જાત બચાવતા પણ શીખી ગયો.... પણ તોયે ક્યારેક એમ્બ્યુલન્સની સાયરનની ચિચિયારી ઘરમાં બેઠાય કંપાવી જાય છે. આ તો કેવી વિડંબના હેં...?

અમેરિકાના સૌથી વધારે અસરગ્રસ્ત રાજ્યોમાંના એક ન્યૂ જર્સીમાં હું અને મારી પત્ની નયના સીનીયર હોમમાં રહીએ છીએ. સીનીયર સિટીઝન્સ હોવાથી આમ પણ અમે હાઈ રિસ્ક ઝોનમાં. સામાન્યત: વયસ્ક લોકોને કશીકને કશીક વ્યાધી તો હોય જ એટલે સંક્રમણની પૂરેપૂરી શક્યતા રહે એટલે અમે તો સ્વયમ એકલવાસ સ્વીકારી લઈને નજરકેદમાં બંધ થઈ ગયાં. એપાર્ટમેન્ટનો દરવાજો ફક્ત બે દિવસે ગાર્બેજ નાખવા અને અઠવાડિયે એક વખત પાંચ-સાત મિનિટ માટે એડલ્ટ ડે કેર સેન્ટરમાંથી રોજ વપરાશનાં શાકભાજી અને દૂધ, દહીં, નાસ્તા વગેરેનો પુરવઠો આપવા આવે ત્યારે જ ખોલીયે.
અધૂરાંમાં પૂરું અમારા પાડોશી બે ગુજરાતી વૃદ્ધ સદગૃહસ્થો કોરોનામાં ઝપટાયાં અને સ્વધામ શરણ થયાં એટલે મનમાં સતત ભય સતાવે કે હવે કોનો વારો આવશે ???

અમારા જાણીતા પરિવારનો પડછંદ યુવાન દીકરો પાંચ છ કલાકમાં તો હતો નહોતો થઈ ગયો. હજુ દિવસ ઊગતા તો એ યુવાન સ્ત્રી એના થનગનતા પતિને પડખે બેઠી હતી અને સાંજ પડતાં તો કોરોનાએ એને ગ્રસી લીધો. એનો થનગનાટ કાયમ માટે શમી ગયો. એ સ્ત્રીને પતિનો છેલ્લો છેલ્લો

મ્હો મેળાપ કરવાની પણ પરવાનગી ના મળી. જુવાનજોધ દીકરાને અગ્નિદાહ દેવાથી  બાપને પણ અળગા રહેવું પડ્યું. આ તો કેવી કરુણતા..?? છ ફૂટ નો ઊંચો પહોળો જુવાન બે મુઠ્ઠી રાખ થઈ જાય અને એ રાખને નાનકડા બૉક્સમાં ભરીને ફ્યુનરલ ડાયરેક્ટર આહત પરિવારના ઘરે આવીને એ બૉક્સ સોંપી જાય. કેવી દર્દનાક પરિસ્થિતિ..??

અમારી નજીકના ન્યૂયોર્ક સ્ટેટનાં અસંખ્ય પીડાદાયક કિસ્સા સાંભળ્યાં કે જેના પર કોરોનાનાં ચેપનો કોરડો વીંઝાયો એવા મૃત લોકોને મોર્ગને બદલે પ્લાસ્ટિકની સીલબંધ બેગોમાં પેક કરીને ફૂડ ફ્રોઝન કરવાની ટ્રકોમાં સંગ્રહવામાં આવે. કમકમા આવી જાય એવાં દૃશ્યો ભલભલા ભડવીરની પણ ઊંઘ અને ભૂખ હરામ કરી નાખે ને..??

ફરી એકવાર કોરોનાનું કાળસંકટ ઘેરાયું છે... લોકો ભયગ્રસ્ત છે.

સતત એવી ભ્રમણા થાય કે જાણે આપણા બારણે યમદૂત રાહ જોઈ ને તો નહિ બેઠો હોય ને...??? (૨૮.૧૧.૨૦૨૦)

વિજય ઠક્કર – ન્યુ જર્સી, અમેરિકા - Vijaythakkar55@gmail.com

# કોરોનાકાળમાં સધ્ધર કુટુંબના લોકોને હાથ લંબાવતા જોયાં છે ‘મે’...

## વિજયસિંહ એન. રાઠોડ

1લી જાન્યુઆરી-2020ની શરૂઆતે લોકોના જીવનમાં કેટલીય આશાઓ જગાવી હશે. દેશ-વિદેશના સમાચારોમાં કોરોના વાયરસની ઝલક સૌને જોવા મળતી હતી. ફેબ્રુઆરીમાં કોરોનાનું જોર વિશ્વમાં વધી રહ્યું હતું અને અંતે માર્ચમાં ભારતદેશ પણ કોરોનાની ચપેટમાં આવી જ ગયો. સુરત શહેરમાં 24 કલાક ધમધમતા રોડ માર્ચ માસની 21 તારીખ બાદ એકાએક શાંત પડી ગયાં. સજ્જડ લોકડાઉનની અમલવારી પોલીસે શરૂ કરાવતા આવશ્યક સેવાઓ સિવાય બીજી તમામ સેવાઓ સદંતર બંધ, દરેક ચાર રસ્તે પોલીસકર્મીઓ સતત પહેરો ભરી રહ્યાં હતાં. હું પત્રકાર જેથી આવશ્યક સેવામાં મારો સમાવેશ થતાં મને મારી કામગિરી દરમિયાન કોઈ જ અડચણ હતી નહીં. જે પરિવારો ક્યારેક હજાર-પાંચ હજારનો હિસાબ રાખતા ન હતાં તેવા પરીવારો છતાં રૂપિયે અન્ન માટે હાથ લંબાવવા મજબૂર બન્યાં હતાં. નાના બાળકોની કિલકિલાટ ક્યારે ચીચીયારીમાં બદલાઈ ગઈ તે આજે પણ સાવ સ્વપ્ન લાગી રહ્યું છે. પારકી ભૂમિ પર મરવા કરતાં પોતાના વતન જઈને મરીશું જેવા હ્દયના ધબકારા ચૂકવી નાંખે તેવા વેધક શબ્દો સાથે મજૂરવર્ગ વતન જવા પગપાળા ચાલી નિકળ્યો, વહેલી સવારે રોજે રોજ લાંબી કતારોમાં લોકો પોતાનો જીવનજરૂરી સામાન લઈને વતન જવા ચાલી નિકળતાં મેં જોયા છે. તેમાં સૌથી દયાજનક સ્થિતી હતી તો તે માત્ર  એક ‘માઁ’ ની, જેની કાખમાં બાળક, માથે વજન અને ઉઘાડા પગે પગપાળા ચાલતું બાળક! કેટલાંય સમાજસેવીઓ અને ઉદ્યોગકારો મન મૂકીને અન્નકીટ અને રસોડાના માધ્યમથી ભૂખ્યાઓને જમાડતાં હતાં. હું પત્રકાર હોવાથી મને ક્યારેક પોલીસ મિત્રો પણ કહેતા કે અમુક પરીવારને અન્નની જરૂર છે તો તમારા સંપર્ક હોય તો કંઈક સગવડ કરાવજો!, મેં મારા પત્રકારત્વની સાથે થોડું સમાજસેવામાં ઝંપલાવ્યું અને સચિન જીઆઈડીસીમાં ચાલતાં અનાજ વિતરણ કેમ્પના દરવાજે દસ્તક દિધી. આ કેમ્પના મુખ્ય સંચાલક મયૂર ગોળવાલા અને નિલેશ ગામીને સીધી ભાષામાં મદદ માટે વાત કરી તેઓ તૈયાર થયાં અને તેમના માધ્યમથી અનેક ભૂખ્યા પરિવારોને જમાડવાનું પુણ્યનું ભાથું મેં પણ બાંધી લીધું. ચોવીસે કલાક નોકરી કરીને થાકેલાં કોરોના યોદ્ધાઓ પણ હવે સમય જતાં નિરાશ દેખાવા માંડ્યાં જેથી સચિનના એક આયુર્વેદિક તબીબ ડો.પિનલ રાણાનો સંપર્ક કરી તેમની પાસે રૂપિયા 1.50 લાખના ખર્ચે કોરોના યોદ્ધાઓમાં વિનામુલ્યે દવાનું વિતરણ કરાવવામાં સફળ રહ્યો. ક્યારેક એવું થતું

હતું કે જો સમાજસેવીઓ ન હોય તો? આ તમામ વચ્ચે હું મારું સંપૂર્ણ ફોકસ મારા પત્રકારત્વ ઉપર રાખતો અને સારું કહી શકાય તેવું ફાસ્ટ રીપોર્ટીંગ કરવા બદલની નોંધ ભારત સરકારની યુથ-અફેર્સ અને સ્પોર્ટસ મિનિસ્ટ્રીના સુપરવિઝન હેઠળ ચાલતી નહેરુ યુવા કેન્દ્ર સુરતની સંસ્થાના પ્રમુખ આદેશભાઈ સાબળેએ નોંધ લઈ મને કોરોનાકાળ દરમિયાન કરેલાં પત્રકારત્વ બાબતે સુરત જીલ્લાં કલેક્ટરના માધ્યમથી પ્રશંસા પત્ર પણ પાઠવવામાં આવ્યું છે. લખવા બેસુ તો ઘણું લખાય તેમ છે પરંતુ શબ્દોની મર્યાદા હોવાથી હું મારા નાનકડાં હ્દયસ્પર્શી અનુભવને વિરામ આપી રહ્યો છું. રાષ્ટ્રીય કલાકેન્દ્રના મહામંત્રી એવા શહેરના ખ્યાતનામ ચાર્ટડ એકાઉન્ટન્ટ શ્રી રૂપીન પચ્ચીગર સાહેબે આ લેખ બાબતે મારામાં આત્મવિશ્વાસ પુર્યો તે માટે હું તેમનો પણ આભારી રહીશ.

વિજયસિંહ એન. રાઠોડ
પત્રકાર, ધબકાર ગુજરાતી દૈનિક

# કોરોનાકાળના અનુભવોથી અનુકૂલન તરફ

## ડૉ. વિકાસ કિશોર દેસાઇ

કોરોનાની શરુઆત થઈ ત્યારે લોકોને લાગતુ હતુ કે આપણાથી બહુ દૂર છે ડરવાની જરુર નથી પણ આ તો મહામારીનો પંજો હતો, મોડો વહેલો આવ્યા વગર રહે નહી. અને માર્ચ 2020 ના પહેલા કેસે લોકોને થોડો ઝટકો અને ડર આપ્યા અને ત્યાર પછી કોરોનાની વણથમ્ભી રફતાર ચાલુ રહી. નવો વાયરસ, શરુઆતમાં તો નિદાન અને સારવારનો અનુભવ નહીં, કદાચ વાયરસની જલદતા વધારે, મરણ પ્રમાણ વધારે ફક્ત સરકારી સંસ્થાઓમાં સારવાર, અન્ય વિકસિત દેશો જેની આરોગ્ય સેવાઓ ભારત કરતા ઉચ્ચકક્ષાની ગણાય ત્યાંથી મહામારી વિષયે આવતા ગમ્ભીર સમાચારોએ સુરતીઓમાં સનસનાટી ફેલાવી દીધી. સાથે જ લોકડાઊનના વિવિધ તબક્કે સમ્પુર્ણ બંધથી માંડી મર્યાદિત વ્યવસાયીક પ્રવૃત્તિઓ, જીવન જરુરિયાતની વસ્તુઓની અછત, અન્ય પ્રદેશમાંથી આવેલ લોકોની વળતી હિજરતથી માંડી ભાવવધારો અને આર્થિક મંદીએ સુરતીઓની જીવનશૈલી અને વિચારધારા પર શું અસર છોડી છે તે જાણવા સોસિયલ મિડીયા પર પ્રશ્ન મુક્યો હતો, જેના 15 વર્ષથી ઉપરની 675 વ્યક્તિઓના ‘કોરોનાની મહામારીથી શું મહત્વની શીખ મળી?’ એ પ્રશ્નના પ્રતિભાવો અહીં પ્રસ્તુત છે:

જિંદગી આપણને મળેલ મહામુલી ભેટ છે. આપણે આજ સુધી જે સમસ્યાઓ ને મોટી અને ગમ્ભીર ગણતા હતા તે ખરેખર સમસ્યાઓ જ નથી. જિંદગી ટૂંકી છે અને તેનો ભરોસો નથી એટલે એને સમ્પૂર્ણ જીવવાનો પ્રયત્ન કરવો. કશા વગર અને કોઇના વગર જીંદગી અટકી જતી નથી. આપણા વિના કશુ જ અને કોઇ થોભતું નથી.

હું મારા પર વધુ ભરોસો રાખીશ. કવિએ કહ્યુ છે, “ધીરા પડો, નહી તો થાકશો”. જીવનની ગતિ ધીમી રાખો અને દરેક પળને જીવો. હુ ખરેખર નસીબદાર છુ અને તેને ભગવાનના આશિષ ગણું છું. પરીસ્થિતિ મુજબ જીવવાની તક મળી છે. જન્મ, મરણ, વૃદ્ધાવસ્થા અને બિમારી માનવ જીવનનું સનાતન સત્ય છે. ધીરજ, ખંત અને શ્રદ્ધાના કોઇ પર્યાય નથી.

જિંદગીની જરુરિયાતો ઘણી ઓછી છે અને ઘણી વસ્તુઓ અને સગવડોનો વળગાડ આપણે ખોટો રાખ્યો હતો. આવશ્યક અને બિનઆવશ્યક વસ્તુનો તફાવત હવે સમજાય છે. નાણાની કિંમત સમજાઈ અને એને સમજીને કસરથી વાપરવાનું શીખ્યા. મર્યાદિત આવક અને મર્યાદિત ખર્ચ જિંદગીને વધુ

શાંતિ આપે છે. ભવિષ્ય માટે નાણાની બચતને મહત્વ આપવું. દરેક વસ્તુ નાણા અને સગવડથી પ્રપ્ત કરી ન શકાય, કેટલીક કુદરત / સમય / ભગવાનના નિર્ણય પર અવલંબે છે.

આધુનિક અને શહેરી જિવનની દોડમાં આપણે ઘણું ગુમાવ્યું, જાણે  જીવવાનું જ ભુલી ગયાં. આવા આકસ્મિક સંજોગોમાં સાદગી અને આધ્યાત્મિકતાના કોઇ પર્યાય નથી. એક કુદરતી શક્તિ છે, જે સઘળાં નિર્ણયો કરે છે. કોરોનાની મહામારી કુદરતનો શ્રાપ છે. માનવી અને વિજ્ઞાન કરતાં કુદરત મહાન છે. કુદરતની સામે માનવ લાચાર છે. પણ જો તમે તકલીફમાં નિરાશ થયા વગર પ્રયત્નો ચાલુ રાખો તો જીતી શકો. કુદરતનો આભાર માનો કે એણે તો તમને જિંદગીની રફતાર ધીમી પડવાની તક આપી છે. કુદરતનો આભાર માનો એણે તો તમને આત્મનીરિક્ષણ કરવાની અને આંતરીક શક્તિ વિકસાવવાની તક આપી છે. આફતના સમયે તટસ્થ રહેવું.  ગભરાટ નહી કરો આત્મવિશ્વાસ રાખો.

સંબંધોની કિંમત હવે સમજાઇ છે. મેં મારા કુટુંબની ઘણી અવગણના કરી છે. કદાચ પહેલી વાર કુટુંબ કોને કહેવાય તે સમજાયું. આવી ગંભીર મુસિબતના સમયે આપણું કુટુંબ જ કામ આવે છે. કુટુંબીજનોને મારી જરુર છે, નહીં કે મારી કમાણીની. ભાગદોડની જીદગીમાં કુટુંબીજનોના સમ્પર્કમાં રહેવું મુશ્કેલ હતું પણ આ સમયમાં એ તક મળી અને એની કિંમત સમજાઈ. કમાણી અને કામની આંધળી દોડ છોડી કુટુંબને સમય આપવો જરુરી છે. કોરોનાના સમયમાં રજા અને તહેવારોમાં જ સાથે મળતાં કુટુંબના સભ્યો સતત સાથે રહી શક્યાં અને એના ફાયદા નવી પેઢીને શીખવા મળ્યાં. ગ્રુહિણીઓનું કામ ખુબ વધ્યું, જે એમણે હસતા હસતા ઉપાડી લીધું. એમની શક્તિનું સાચુ મુલ્યાંકન થયું. ઘરના જે પુરુષો ઘરની વ્યવસ્થા, ઘરકામ વિષે અજાણ હતાં, તેઓ પણ હવે તે અંગે માહિર થયા છે.

આરોગ્યની જાળવણી શ્રેષ્ઠ મૂડી છે કારણ એની અસર આર્થિક અને વ્યવસાયીક પણ થાય છે. આરોગ્યની જાળવણીમાં સાબિતી કરતાં અનુભવ વધુ મહત્વનો છે. કુદરતે સ્વસ્થ જીવનશૈલી અપનાવવાની અમુલ્ય તક આપી છે. આખરે આરોગ્ય માટે વધુને વધુ પરંપરાગત પ્રણાલીઓ અપનાવવી પડી છે, જે જમાનાઓ પહેલાં કદાચ આવા અનુભવોમાંથી જ ઉદભવી છે. આયુર્વેદ, ઘરગથ્થુ ઉપાયો ફક્ત વડીલો માટે મર્યાદિત નથી, બાળકો અને યુવાનો માટે પણ જરૂરી છે. રોગપ્રતિકારક શક્તિ અને શાંત મગજ કોઇ પણ અજાણ્યા રોગચાળા સામે રક્ષણ આપવા સક્ષમ છે. પાનડેમિક લોકો વચ્ચે  અંતર નથી રાખતું પણ અંતર જરુર રખાવે  છે. સ્વચ્છતાનું મૂલ્ય સમજાયું. કોરોનાએ આરોગ્ય શિસ્ત શીખવી છે. સમયસરની સારવારની સતર્કતા રોગની ગંભીરતાને રોકી શકે છે. સ્થાનિક આરોગ્ય સેવાઓમાં સંદેશા વ્યવહાર માટે અધુનિક ડિજિટલ ક્રાંતિની જરુર છે.

રોગ ચાળા / મહામારીમાં લોક સહભાગીતા ખૂબ અગત્યની છે. સ્વયં શિસ્ત સફળતા તરફ દોરે છે. અન્યને મદદ કરવામાં શક્તિ વાપરવી જરુરી છે. ફક્ત જાતની સંભાળ કરતાં કુટુંબના સભ્યોની અને જરુરિયાતમંદોની સંભાળ વધુ સંતોષ આપે છે.

મિત્રોના આ સુંદર પ્રતિભાવોનો સાર એ છે કે મહામારી જેવી તકલીફોનો સામનો કરતાં માનવ મન ઊંડા વિચારો અને લાગણીઓ અનુભવે છે. તાણ અને ભય સાથે જિંદગીના ભૂત, વર્તમાન અને ભવિષ્યનાં વિચારોમાં પડે છે. રોજીંદી  જિંદગીમાં જે વાતોને ભુલવા કે અવગણવા માંગતાં હતાં, લાગણી છોડી પ્રેક્ટીકલ થવા માંગતા હતાં, તે વાતો મહત્વની લાગવા માંડી છે. વડીલોની જીવનધારા સાથે વર્તમાનની સંજોગવશાત બદલાયેલી જીવન શૈલી સાથે મનોવિશ્લેષણ કરી ભવિષ્યની જીવનશૈલી માટે કેટલાક નિર્ણયો કરે છે. એમાં મોટાભાગના સફળ થાય છે, કેટલાક હળવી, ટુંકાગાળાની હતાશા અનુભવે છે, તો કેટલાક વધુ પડતી હતાશા અનુભવે છે.

નિષ્કર્ષ એવો તારવી શકાય કે  કે આફતો ઝડપી પ્રગતિ તરફની દોડ અને આધુનિકતાની હોડનું પરિણામ હોય છે અને કદાચ કુદરત ઝડપી અને નુકશાનકર્તા જીવન શૈલી ને ‘રુક જાવ’ કહેવા જ આફતો મોકલે છે.

સૂરત શહેરની જનતાએ સ્થાનિક આફતો, જેવી કે રેલ-આગ, પ્લેગ, મેલેરીયા-ડેન્ગ્યુની સામે ઝીંક ઝીલી ફરી શહેરને હસતુ રમતુ કર્યું છે, ત્યારે પણ લોકોને આવાં વિચારો આવ્યાં હશે. પણ હકીકત છે કે સુરતીલાલા ગમે તે  કપરો કાળ આવે છતાં જલદી લહેરીલાલા થઈ જાય છે. અને તેથી જ પ્રશ્ન એ છે કે મહામારીની **આપત્તિના આ સમયમાં કેટલો સમય એમના મનનો આ બદલાવ ટકી શકશે?** મહામારીની **આપત્તિ બાદ લોકોએ દર્શાવેલી આવી લાગણીઓ કેટલો સમય બદલાવ સામે ઝીંક ઝીલી શકશે? આવતા થોડા વર્ષ હકારાત્મક જીવન શૈલી તરફનો ઝોક જળવાઈ રહે તે માટે શું કરી શકાય?**

અને હા, સોશિયલ મીડીયા પર મારા પ્રશ્નોનો જવાબ મોકલનારા સહુનો ખુબ ખુબ આભાર માનું છું.

ડૉ. વિકાસ કિશોર દેસાઈ
પૂર્વ સરકારી અધિકારી – સુરત

# કોરોનાકાળના એક ટુકડાને પત્ર

## યામિની વ્યાસ

પ્રિય **lockdown**,

**lockdown!** તેં તો શાંત કરી દીધું અમારું ધબકતું ટાઉન. દોસ્ત એમ કહું કે તું અમારા ટાઉનની ચોમેર પથરાયેલું પારદર્શક કવચ, ગાઉન છે ખરું ને! તું અમારા જીવનમાં પહેલી વાર આવ્યું. હા અમે તો તારામાં સલામત રહીએ છે! ભાઈ માની ગયા, તેં તો  જિંદગીમાં કદી ન થયો હોય એવો અનુભવ કરાવ્યો છે મિત્ર! અરે અમે ઘરની અંદર રહેતાં ને ખુદની  અંદર ઝાંકતા  શીખી ગયા છીએ! ઘરની સાથે મનના ખૂણેખૂણાની સફાઈ કરી છે. ઘર બેઠાં ક્યાંથી ક્યાંની સફર થઈ, ચાલ તું કંટાળીશ, તત્વજ્ઞાન ઝાડવાનું બંધ, બસ?

પેલી પંક્તિ યાદ છે ને ‘સાથે રમીએ, સાથે જમીએ, સાથે કરીએ સારાં કામ’. બસ એવું જ, આખો પરિવાર સાથે હોય, સમયની કોઈને મર્યાદા જ નહીં નડે, એવું તો પહેલી વાર જીવનમાં થયું! મર્યાદા હોય તો કોઈ ચીજ વસ્તુઓની! અરે તોય, એમાં નવા નવા અખતરા કરીને અમે કંઈ કેટલું બની ગયાં છીએ? વૈજ્ઞાનિક, રસોઈયા, કવિ, ગાયક, કામવાળા, માળી, વૈદ્ય અરે કંઈ કેટલુંય.

હેં, તને એક વાત કહું? તેં તો આખી પૃથ્વી કેટલી ચોખ્ખી કરી દીધી! આહાહા, કેટલું પ્રદુષણ દૂર કર્યું! ઓવારણાં લેવાનું મન થાય છે યાર! જો તને આ વખતે પ્રદુષણ નિવારણ કેટેગરીનો પદ્મભૂષણ એવોર્ડ નહીં મળેને તો જ નવાઈ! હા જો, કહે છેને કે ઓઝોનનાં પડમાં હાનિકારક ગાબડું હતું, એ પણ પુરાઈ ગયું! વળી, તેં અમને શીખવ્યું છે કે ઘરનાં ઉંબરા સુધી જવું, દૂરના ડુંગરા સુધી નહીં! પણ જો તો,  ડુંગરાને નદી નાળા તો એકદમ નિર્મળ ને સ્વચ્છ! જો જો, ત્યાં આકાશના લોભમણાં તરોતાજા રંગો! તું થોડું વધુ રહે તો આકાશની પેલે પારનું પણ કદાચ દેખાય!

એય ને, કાળી કામણગારી રાતની તો શું વાત કરવી? ધ્રુવ તારો વધુ નજીક નથી લાગતો? નિરવ શાંતિમાં તો ફૂલ ખીલે એ પણ સંભળાય, એ 'ખો' ક્યાં સંભળાયું? નવી પેઢીને ખો આપીને જતું ખરતું પુષ્પ! સંભળાય છે તારામાં…

તારામાં કેટલા વખત રહેવાનું છે એ તો દોસ્ત, ખબર નથી, પણ હા.. તારામાં  અમારું આર્થિક તંત્ર સાવ ખોરવાઈ ગયું છે! રોજનું કમાઈને રોજ ખાનારા વર્ગને ખૂબ તકલીફ પડી રહી છે! શક્ય એટલી મદદ કરવામાં આવે છે, છતાં લાચાર!

સાચુ કહું? અમે બધાં યોદ્ધા બની ગયાં છીએ. પણ આગલી કતારમાં જે દેવદૂતો  લડી રહ્યાં છે એમને દિલથી સલામ. તું એમને ખૂબ સાચવજે. અને દુનિયાના સર્વે દિવંગત આત્માઓને ભીની આંખે વંદન.

બોલ બીજું તો શું લખું? અમે તો બસ કોઈ પણ વરણાગી વગર ખાઈપીને મજામાં છીએ. જોકે નશા કરનારનો નશો છૂટ્યો, રંગવાના અભાવે ધોળા વાળનો વસવસો છૂટ્યો, તારામાં માસ્ક વગર ન જવાય એટલે લિપસ્ટિક, શેવિંગ ક્રીમનો ખર્ચો ઘટ્યો.

હવે તું જ્યારે પણ વિદાય લે ત્યારે એટલું યાદ રાખજે કે દર વર્ષે વધુ  નહીં પણ થોડા દિવસ તારામાં રહેવા દેજે. અરે હું કાળમુખા ચીનના જમડાં કોરોનાની વાત નથી કરતી! એ કાળમુખો ભૂલથી જ અહીં આવી ચઢ્યો છે, આપણા ભારતની પ્રકૃતિ ને સંસ્કૃતિ એવી અનેરી છે કે એ અહીં વધુ નહીં ટકી શકે, ફેફસામાં જરાતરા ભરાયો છેને! ત્યાંથી તો ભગાડી જ દઈશું, એ ભારતનાં હ્રદયને તો નહીં જ છંછેડી શકે. શરત માત્ર તારું પાલન કરવાની. તું સરળ છે, સીધો છે, માની જઈએ છે દોસ્ત.. તારામાંથી ક્યાંય બહાર ના જઈએ! તને નજર ના લાગે. યાર, તને ક્યારેય નહીં ભૂલી શકીએ. લવ યુ.. બાય. ફરી મળીશું.

લિ. તારી ચાહક. યામિની વ્યાસ.

તા.ક.: સદાય તારા ઋણી રહીશું આવા સુરક્ષા કવચ બદલ

**યામિની વ્યાસ**

કવયિત્રી-લેખિકા-અભિનેત્રી – કન્વીનર, સાહિત્યિક સમિતિ, રાષ્ટ્રીય કલા કેન્દ્ર, સુરત – ૯૯૨૫૧૯૫૨૩૯

# કોરોનાની કમાલ અને ધમાલ

## યઝદી કરંજિયા

કોરોનાનું આગમન થયું માર્ચ 2020માં. લગભગ નવ માસ થયા પણ તેનું ગમન નથી થયું. બધાં કહે છે હવે તો કોરોના સાથે જ જીવવું પડશે. એનો અર્થ એ થયો કે કાયમી રીતે માસ્ક પહેરવો પડશે, વારંવાર હાથ ધોવા પડશે અને દો ગજ કી દૂરી'નો નિયમ જાળવવો પડશે.

કોરોનાએ તો કમાલ કરી. આ કોરોના વાઈરસે તો આખી દુનિયાને એવા પાઠ ભણાવી દીધા કે જે કદી ન સાંભળ્યા હોય, કદી ન જોયા હોય કે કદી ન અનુભવ્યા હોય. આ મહામારીએ તો આપણી જીવનશૈલી જ બદલી નાંખી!

જેઓ કહેતાં હતાં કે 'મને ખૂબ કામ રહે છે, મરવાની પણ ફુરસદ નથી; તેઓ મરવાના ડરથી મહિનાઓથી ઘરમાં ફુરસદથી બેઠા છે. જાએ તો જાએ કહાં! ચંદ્ર પર જવાની વાત કરતો માણસ, ચોકમાં જતાં ગભરાય છે અને મંગળ પર જવાની વાત કરતો માણસ મામાને ત્યાં જતાં ગભરાય છે!

દુનિયાભરના પતિઓને ખબર પડી ગઈ કે ઘરકામ એટલે શું? અને સમજી ગયા કે પત્ની એ કોઈ મામુલી ચીજ નથી પણ મહામૂલી ચીજ છે. અને પતિઓને ખબર પડી ગઈ કે પતિઓમાં ઘરકામ કરવાની ઘણી સારી આવડત છે. હું તમને મારો જ દાખલો આપું.

એક દિવસ મારી વીરાએ કહ્યું, 'ડાર્લીંગ, (પત્ની જયારે પતિ પાસે કોઈ કામ કરાવી લેવા માંગતી હોય ત્યારે 'ડીયર' અને 'ડાર્લિંગ'થી જ વાત કરે છે.) આજે મારે મહિલા પરિષદમાં 'પત્નીઓનાં હક્ક સામે પતિઓની ફરજો' વિષય પર 'ઓનલાઈન' બોલવાનું છે. તો તમે સાંજના ડીનર માટે સાબુ દાણાની ખીચડી બનાવી દેશો? મેં પત્નીવ્રતા પતિ તરીકે તરત જ હા કહી દીધું. વીરા તૈયાર થઈને મિટિંગ માટે બેસતી જ હતી ત્યારે મેં પૂછયું, 'વીરા, જરા એટલું કહેજે કે સાબુ દાણાની ખીચડીમાં કયો સાબુ વપરાય?' આટલું કહેતાં જ આપણે કીચનમાંથી ડીસમીસ.

થોડી ગંભીર વાત કરું તો, કોરાના કાળમાં જે 'રોજ લાવી, રોજ ખાતા હોય' તેઓને ખૂબ જ વિપરીત અસર થઈ. શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ નુકશાન થયું. શાળાઓ અને કોલેજો સાત-આઠ માસથી બંધ છે. ઓન-લાઈન શિક્ષણ પ્રથા સારી છે પણ ખૂબ સફળ થઈ શકી નથી. એમાં ઘણાં કારણો છે પણ આપણે હાલ તેમાં ઊંડા ઉતરવું પડે.

હા, ફેમિલીનાં સભ્યોને એક બીજાની વધુ નજીક આવવાની તક મળી, એમ જરૂર કહી શકાય. પતિની પત્ની અને બાળકો પ્રત્યે સહાનુભૂતિ વધી અને પત્ની પણ ફેમિલી તરફ વધુ પ્રેમાળ બની. ઘણાં લોકોમાં એવી એક માન્યતા કે ફેશન હતી કે 'રવિવારે બહાર ફરવા જવું અને પછી સારી હોટલમાં જમવા જવું.' કોરોનાએ આ બધાં પર બ્રેક લગાવી અને લોકો કરકસરનો પાઠ શીખ્યાં અને ઘરે બનાવેલું તાજું, સાત્વિક ભોજન વધુ ખાતાં થયાં.

આપણાં વડીલો-દાદા-દાદી-નાના-નાની કહેતાં કે તમારા શરીરના રક્ષણ માટેની તમામ દવા તમારા રસોડામાં જ છે, એ સાચું બનતું નજરે જોઈ શકાય છે. સૂંઠ, હળદર, તજ, મધ, અજમો એ કોરોના સામેની લડતના મુખ્ય શસ્ત્રો છે. વારંવાર હાથ મોંહ ધોવાની ટેવ કોરોનાએ જ પાડી. જેથી શરીર સ્વાસ્થ્ય માટે લોકો વધુ કાળજી લેતાં થયાં.

જે બાંધવાથી બંધાય અને તોડવાથી તૂટી જાય તે તો બંધન કહેવાય. જે આપ મેળે બંધાય અને તોડવાથી પણ ન તૂટે એને સંબંધ કહેવાય. સંબંધ નખ અને વાળ જેવો હોવા જોઈએ - ગમે એટલા કાપો પણ ઉગ્યા જ કરે.

આ મહામારીએ દેશની ઇકોનોમી, ધંધા, ઉદ્યોગ અને નાણાંકીય પરિસ્થિતિ પર ઘણી જ અવળી અસર કરી. એ સ્વિકારવું જ રહ્યું. પણ માનવીને એટલું સમજાઈ ગયું કે 'ઈશ્વર–અલ્લાહ-ગોડ' જ સર્વોપરી છે. માણસ માત્ર ઈશ્વરના હાથમાં રમતી કઠપૂતળી છે.

આ નાના લેખમાં વિવિધક્ષેત્રોમાં કોરોનાથી ઉત્પન્ન થયેલી ઉપાધિઓ વર્ણવી ન શકું. પણ ચાલો, આપણે પોઝીટીવ બનીએ. ધર્મ માણસને કયારેય એક કરી શકશે નહીં, માણસ જાતને એક કરવા શિક્ષણ, સાહિત્ય, કલા અને નિર્દોષ હાસ્ય જ જરૂરી છે.


ભલાઈ કરતે રહો, બહેતે પાણી કી તરહ બૂરાઈ ખુદ કિનારે લગ જાયેગી, કચરે કી તરહ. ભગવાને મને રતન તાતા જેવી અદભૂત બુધ્ધિ, આવડત અને દોલત નથી આપી, ફીલ્ડમાર્શલ માણેકશા જેવી સ્કીલ અને તાકાત નથી આપી. આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી જેવું લોખંડી મનોબળ અને દૃષ્ટિ નથી આપી. એટલે હું બધાને ખુશી- હાસ્ય અને મનોરંજન પીરસું છું. એટલે આ રીતે **I am also a Corona Fighter.**

કોરોના સામે લડવા સાફ દિલ, હળવું મન અને ચહેરા પર સ્મિત જરૂરી છે. કોરાના મુકત રહેવા માટે પડદા પર રાજ કપૂરે ગાયેલું શૈલેન્દ્રનું આ ગીત, વધુ એક વાર મને જીવનમંત્ર સમું લાગ્યું,

કીસી કી મુસ્કુરાહટોં પે હો નિસાર
કીસી કા દર્દ મિલ સકે તો લે ઉધાર
કીસી કે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર
જીના ઈસીકા નામ હૈ,
યઝદી ઈસીકા નામ હૈ.

આભાર.

પદ્મશ્રી યઝદી કરંજિયા
મહાન નાટ્યકાર, આજીવન શિક્ષક – સુરત – ૯૮૨૪૧ ૩૩૦૧૦




# માનવતાની મહેંક

# થ્રી સ્ટેટ

## આરતી રામાણી "એન્જલ"

ગુજરાતમાં રહેતી ઊર્મિનાં ગોળધાણા; કર્ણાટકમાં રહેતા સાહિલ સાથે, સાહિલના મૂળ વતન મહારાષ્ટ્રમાં, ફેબ્રુઆરી મહિનામાં થયા. આ સંબંધ પરિવાર દ્વારા અને બન્નેની સહમતીથી થયેલો હોવા છતાં, થોડા દિવસોમાં બન્ને મનથી એકબીજાની ખૂબ નજીક આવી ગયા. ગોળધાણાની વિધિ પૂરી થયા પછી બન્ને ફરવા ગયા, અને આખો દિવસ સાથે વીતાવ્યો. બીજા દિવસે ઊર્મિ તેનાં પરિવાર સાથે ગુજરાત પાછી ફરવા નીકળી. સાહિલ બધાને છોડવા, સોલાપુર રેલ્વે સ્ટેશન સુધી આવ્યો. બન્નેની આંખોમાં વિરહના આંસુ છલકાઈ રહ્યા.

માર્ચ મહિનો અડધો પસાર થતાં અચાનક વિશ્વ કોરોનાની મહામારીમાં જકડાઈ ગયું. અને એક મહિનાનું સંપૂર્ણ લોકડાઉન જાહેર કરાયું. આ વાતને એક-બે મહિના વીતી ગયા. બન્ને પરિવારે મે મહિનામાં લગ્ન નક્કી કર્યાં. બધી તૈયારીઓ થવા લાગી. પરંતુ, ફરી લોકડાઉન થતાં લગ્ન અટકી ગયાં.

બે મહિના જેવું વીતવા આવ્યું. ધીમે ધીમે વાતાવરણ થોડું સાધારણ થવા લાગ્યું. લોકડાઉન ખોલવામાં આવ્યું. જુલાઈ મહિનામાં ફરીથી લગ્નની તારીખ કઢાવવામાં આવી. અને બધી તૈયારીઓ થવા લાગી. પરંતુ, સાહિલના માતા-પિતા સિનિયર સિટીઝન હોવાથી, મહારાષ્ટ્રથી ગુજરાત આવવું સલામત ના હતું. વળી, સાહિલ કર્ણાટકથી અને માતા-પિતા મહારાષ્ટ્ર સરકારની પરવાનગી સાથે કાર કરીને ગુજરાત આવે તો પણ, કોરોન્ટાઇનનો ડર. અને જો બધું સારી રીતે પાર પડી જાય તો પણ, લગ્ન પછી ઊર્મિ અને સાહિલને ગુજરાતથી કર્ણાટકમાં જતા જ, હોસ્પિટલમાં અલગ-અલગ કોરોન્ટાઇન થવાનું !.... ફરી લગ્ન અટક્યા.

આ "થ્રી સ્ટેટ" વચ્ચે ઊર્મિ અને સાહિલના લગ્ન અટવાતા રહ્યા. પરંતુ, સાહિલના માતા-પિતા હિંમત કરી ગુજરાત આવવા તૈયાર થયા. ફરી જુલાઈ મહિનામાં લગ્નની એ જ તારીખે લગ્ન નક્કી થયા. પરંતુ, સાહિલના માતા-પિતા જ્યારે મહારાષ્ટ્રથી નીકળવાના હતા, તેના આગલા દિવસે સાહિલના કાકાને કોરોના થયો. બન્ને પરિવાર આ બનાવથી ખૂબ ડરી ગયા. અને લગ્ન ફરી અટકી ગયા.

સાત મહિના થયા, બન્ને એકબીજાને મળ્યા પણ ના હતા. સપ્ટેમ્બર મહિનો શરૂ થતાં, ફરીથી લગ્નની તારીખ કઢાવવાની વાત થઈ. પરંતુ, કેલેન્ડરમાં નજર કરતાં, હાલ ભાદરવો મહિનો અને પછી અધિક મહિનો જોતા જ બન્નેના મનમાં ઉદાસી અને ચહેરા પર ખોટું હાસ્ય ફરી વળ્યું.
(સત્ય ઘટના આધારિત – પાત્રોના નામ બદલીને)

આરતી રામાણી "એન્જલ" – જેતપુર - મો. ૯૯૨૫૪૪૫૪૩૭

# સેવાનો આવો અવસર બીજો ક્યાં

## અજ્ઞાત

તામિલનાડુના મદુરાઈમાં હેર કટિંગ સલૂન ચલાવતા સી.મોહનને ત્યાં 13 વર્ષ પહેલાં એક દીકરીનો જન્મ થયો. દંપતીએ દીકરીનું નામ રાખ્યું 'નેત્રા'. સી.મોહનનું સપનું હતું કે નેત્રાને ખૂબ ભણાવવી છે અને કલેકટર બનાવવી છે. દીકરીના અભ્યાસ માટે સી.મોહન ઓવરટાઈમ કામ કરીને પણ બચત કરે જેથી દીકરીને આગળના અભ્યાસ માટે ક્યારેય રૂપિયાની ખેંચ ન પડે.13 વર્ષમાં સી. મોહને રાત-દિવસની મહેનતથી વાળ કાપવાનું કામ કરીને 5 લાખ જેવી બચત કરી.

નેત્રા પણ સમજુ અને ડાહી દીકરી હતી એટલે પિતાનું સપનું પૂરું કરવા દિલ દઈને અભ્યાસ કરતી હતી. કોરોના વૈશ્વિક મહામારીને કારણે સમગ્ર દેશમાં લોકડાઉન આવ્યું. નેત્રા જે વિસ્તારમાં રહેતી હતી એની આસપાસના વિસ્તારમાં રહેતા અને રોજે રોજનું કમાઈને ખાતા ગરીબ પરિવારો લોકડાઉનને કારણે મુશ્કેલીમાં મુકાયા. એ લોકોને ખાવાના પણ સાંસા પડતા હતા.

8માં ધોરણમાં અભ્યાસ કરતી નેત્રાએ એકદિવસ  એના પિતાને પૂછ્યું, 'પપ્પા, મને આઈએએસ બનાવવા તમે કેટલી બચત કરી છે ?' પપ્પાએ કહ્યુ, 'બેટા, અત્યાર સુધીમાં 5 લાખ બચાવ્યા છે અને બેંકમાં ફિક્સ ડિપોઝીટ તરીકે મુક્યા છે.' નેત્રાએ કહ્યું, 'પપ્પા, મારી ઈચ્છા છે કે એ બધી જ બચતમાંથી જીવન જરૂરિયાતની વસ્તુઓ લાવીને આ ગરીબો વચ્ચે વહેંચીએ જેથી એને ટેકો મળે.' પિતાએ કહ્યું, 'બેટા, એ રકમ તો તને કલેકટર બનાવવા માટે ભેગી કરી છે.'

13 વર્ષની આ દીકરી એના પિતાને જવાબ આપે છે કે 'પપ્પા, કલેકટર બનીને મારે લોકોની સેવા જ કરવાની છે. સેવાનો આવો અવસર બીજો ક્યાં મળવાનો હતો. કલેકટર તો બનતા બનીશ પણ કલેક્ટરે જે કામ કરવાનું હોય એ કામ અત્યારે જ કરવું છે.' સી.મોહનની આંખો દીકરીની આ વાત સાંભળીને ભીની થઇ ગઇ. ભવિષ્યનો બીજો કોઈ વિચાર કર્યા વગર બેંકમાંથી 5 લાખની બધી જ બચત ઉપાડીને તેમાંથી રાશન ખરીદી 600 પરિવારને મદદ કરી. લોકડાઉનમાં પિતાનું હેર કટિંગ સલૂન પણ 2 માસ બંધ હતું અને ઘરમાં બીજી કોઈ આવક નહોતી આવા સંજોગોમાં પણ પોતાના અભ્યાસ માટેની બધી જ બચત આ દીકરીએ અન્ય માટે વાપરી નાંખી.

નેત્રાના આ સેવા કાર્યની વાત છેક વડાપ્રધાનના કાન સુધી પહોંચી અને વડાપ્રધાને 'મન કી બાત' કાર્યક્રમમાં નેત્રાની આ હૃદયભાવનાને બિરદાવી. ત્યાંથી પણ આગળ વધીને આ વાત યુનાઇટેડ

નેશન્સ સુધી પહોંચી. સમગ્ર વિશ્વના તમામ દેશો જેના સભ્ય છે એવા યુનાઇટેડ નેશન્સે નેત્રાને યુનોના ન્યુયોર્ક ખાતેના અને જીનીવા ખાતેના એક કાર્યક્રમમાં પ્રવચન આપવા આમંત્રણ આપ્યું છે.

તમે જ્યારે નિસ્વાર્થ ભાવે કોઈનું દુઃખ દૂર કરવાનું કામ કરો છો ત્યારે પરમાત્મા કોઈને કોઈ રૂપે તમારી સેવાનું ફળ તમને આપે જ છે. કદાચ હજુ કોઈ કલેકટરને યુનાઇટેડ નેશન્સમાં પ્રવચન માટેનું આમંત્રણ નહીં મળ્યું હોય પણ આ દીકરી કલેકટર ન હોવા છતાં યુનાઇટેડ નેશન્સમાં માત્ર 13 વર્ષની ઉંમરે પ્રવચન આપશે.

અજ્ઞાત - વોટ્સએપ પર વાંચેલું

# ક્વોરેનટાઈન

## અલ્પા શાહ

અમારા વિસ્તારમાં કોરોના ખૂબ જ ફેલાઈ ગયો હતો. ચાર-પાંચ જણ તો મોતના મુખમાં પણ ચાલ્યા ગયા . અમારી સોસાયટીમાં જ કોરોનાનો પ્રવેશ થયો ન હતો. અમારી સામેની વિંગ માં રહેતા મારા જેઠને કોરોના આવ્યો. ઓફિસમાં સાથે કામ કરતા એટલે ડોક્ટરે મારા પતિ ને રીપોર્ટ કઢાવવા કહ્યું .એમને પોઝીટીવ આવ્યો. હું ગભરાઈ ગઈ. ઘરે જ ક્વોરેનટાઈન થવાનું હતું. પણ હું ખૂબ જ ડરી ગઈ. બહુ જ રડી કે આમને કાંઈ થઈ જશે તો? પરિવાર વાળા ફોન કરીને આશ્વાસન આપતા કે ઘરમાં છે તો ચિંતા નથી. બી. એમ. સી વાળા ૧૪ દિવસ માટે ઘર સીલ કરી ગયા. ૪ દિવસ પછી ચિંતા ઓછી થઈ કેમ કે એમને કોઈ લક્ષણ ન હતા.

પણ આ ૧૪ દિવસ પોતાની વ્યક્તિ જોડે અછૂત જેવું વર્તન કરવાનું બહુ કપરું લાગ્યું. પણ પતિ એ પણ મક્કમતા થી આ દિવસો કાઢ્યા. આ સમયમાં પણ અમારો પ્રેમ એકબીજા પ્રત્યે ખૂબ વધ્યો.૧૪ દિવસ પછી બહાર આવ્યા તો કોઈ જંગ જીત્યા હોય એવું લાગ્યું. પાડોશીઓ પણ બધી વસ્તુઓ લાવવા તત્પર રહેતા. સાચે જ પહેલો સગો પાડોશી જ હોય એ સાર્થક થયું.

અલ્પા શાહ - મલાડ (મુંબઈ) - ૯૮૨૦૫૧૯૬૩૮

# જવાન વીરો
## અલ્પા વસા

મિત્રો, જેમ ઈશ્વર દેખાતા નથી, છતાં પણ સૌને એનામાં શ્રદ્ધા ભરપૂર છે, એમ જ કોરોના પણ દેખાતો નથી, છતાં પણ સૌને એનો ડર ખૂબ જ છે. અત્યારે ઘરની બહાર તો જવાતું નથી પણ ટી.વી. માં કે કોઈની સાથે ફોનમાં વાત કરતા એક જ વાત સંભળાય, "અહીં પાંચ કેસ આવ્યા, પેલા ભાઈને હોસ્પિટલમાં દાખલ કર્યા, ફલાણાનું મૃત્યુ થયું." આ સિવાય ક્યાં બીજી કોઈ વાત છે? બીજાનું સાંભળીએ ત્યારે તકલીફ ખૂબ થાય, પણ ઘરના જ કોઈને, આપણા અંગતને કોરોના પોઝીટીવ આવે ત્યારે હલી જવાય.

મારા નાના ભાઈને ઠંડી લાગીને તાવ આવ્યો. તરત બ્લડ રિપોર્ટ કરાવ્યો તો મલેરિયા આવ્યું, એટલે હા..શ થઈ કે ચાલો મલેરિયા તો મલેરિયા... આપણો ઓળખીતો તાવ છે... કોવિદ તો નથી એટલે બચ્યા. અઠવાડિયા સુધી મલેરિયાની દવા ખાતા પણ ઝીણો તાવ રહે, અને કફ શરદી વધી ગયા. આ આઠ દિવસમાં તો ચાર કિલો વજન, સાબુની ગોટી પાણીમાંથી કાઢતા અડધી થઈ જાય એમ ઉતરી ગયું. અમારી ડો. સાથે સમયાંતરે ફોનમાં વાત થતી હતી. તેઓ કહે, "હવે કોવિદ ટેસ્ટ કરાવો." તેમણે જ ગોઠવણ કરીને ઘરે કોવિદ ટેસ્ટ કરાવવા માણસ મોકલ્યો. પહેલી સલામ એ ટેસ્ટ કરનાર ભાઈને. એને ખબર છે એ સામે ચાલીને મોતના મોમાં હાથ નાખે છે.

બીજે જ દિવસે સવારે નવ વાગે બે માણસો સાધનો લઈને આખું ઘર સેનેટાઈઝ કરવા આવ્યા. અમે સમજી ગયા કે રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તરત બી. એમ. સી.માં થી ફોન આવ્યો ને પંદર મિનીટમાં ગાડી પણ આવી ભાઈને લેવા માટે. અમે જલદીથી પહેલા ડો.ને ફોન કર્યો. તેમણે મહેનત કરી 'બ્રીચ કેન્ડી' હોસ્પીટલમાં જગ્યા કરાવી દીધી. અહીં નિયમ હતો દિવસમાં ત્રણ વાર જ ફોનમાં વાત કરાય. સાત દિવસ અમે ફક્ત અવાજ સાંભળીને કાઢ્યા. વાતોથી સમજાતું હતું કે સારું થઈ રહ્યું છે. સાતમે દિવસે ફરી ટેસ્ટીંગ થયું. અને હા.....શ, નેગેટીવ રિપોર્ટ કેટલો વહાલો લાગ્યો કે ન પૂછો વાત. કોરોના સામે લડીને, જીતીને મારો ભાઈ ઘરે આવ્યો.
જીઓ વિરા જીઓ.

અલ્પા વસા - **98190 19051**

# કોરોનાનો ખોફ
## અનિલ દવે

"નીચે વાળી સીતાને તાવ આવ્યો છે..!!!" વહું બારણામાં પ્રવેશતા જ બોલી, અને મેં ચમકીને પુછ્યું, "તું એનાં ઘરે ગઈ નથી ને..!!!?" "ના પપ્પા પણ એને મને બોલાવી એટલે હું એનાં બારણાં પાસે ગઈ હતી..!!!" ખલાસ..!! અને મારો પિત્તો ગ્યો, "જખ મારવા ગઈ'તી" ગુસ્સામાં મારાથી બોલાઈ ગયું, પણ બીજી પળે મેં ગુસ્સાને કાબુમાં લઈ લીધો, અને વહુંને પ્રેમથી કહ્યું, "પણ બેટા, એને ક્યાં'ક કોરોનાના લક્ષણો હશે તો એના જંતુઓ.." ત્યાં જ વહું અધવચ્ચે બોલી, "શું તમે'ય પપ્પા એને કોરોના જ થયો છે એ તમને ખબર છે ?, એ બિચારી તો મારાથી પાંચ ફૂટ દૂર હતી એણે'ય માસ્ક પહેર્યો હતો અને મેં પણ માસ્ક પહેર્યો હતો..!!!" "હાશ!, મારાથી બોલાઈ ગયું". ત્યાં ફરી વહું બોલી "સીતા એ જ મને સામેથી કહ્યું હતું કે, મને તાવ આવે છે એટલે દવાખાને દવા લેવા જાઉં છું". "હઅ, મેં હકાર ભણ્યો.

તે પછીના રવિવારે અચાનક મને સીતા યાદ આવી અને મેં વહુંને પુછ્યું "અરે હા બેટા, પેલી સીતાને હવે કેમ છે". "સારું છે" વહુંએ બસ આટલું જ કહ્યું પણ મને સંતોષ ન થયો એટલે ફેરવીને પુછ્યું "એને કોરોના-બોરોના તો નથી ને..!!?, વહું તરત જ ગુસ્સે થઈને બોલી, તમને લોકોને તો બસ કો'કને સ્હેજ તાવ આવે એટલે કોરોના માનો છો, પપ્પા તમે ઈ'સીતાથી બી'તા'તા ઈ'તો એ ઘોડા જેવી થઈ ગઈ અને જલસેથી આખો દિવસ ટીવીમાં સિરીયલો જોવે છે ઈ'તો ન્યુઝ જોતી જ નથી બોલો...!!" મેં પુછ્યું "કેમ ન્યુઝ જોતી નથી..?". "એટલાં માટે કે ન્યુઝ ચેનલવાળા રજનું ગજ દેખાડતા હોય છે એટલે માનસિક ત્રાસ પડે છે..!!". અને મારે વહું પાસે મીણો ભણવો પડ્યો, "સાચી વાત છે તારી બેટા..!!!".

અનિલ દવે – અમદાવાદ – **9879006451** - addave68@gmail.com

# સરહદ વગરનો સિપાહી

## અંજના ગાંધી "મૌનું"

અને અત્યારે જ્યારે આ કોરોના કાળમાં ડોક્ટર, સફાઈ કામદારો, પોલીસ આ બધાંજ કામ કરનારા ભાઈ-બહેનોની સ્પેશિયલ ડ્યૂટી થઈ ગઈ છે,ત્યારે અમારી બાજુનાં ગામની આ સાંભળેલી એક સત્ય ઘટના રજૂ કરું છું. નામ બદલેલા છે.

ડો. આશુતોષ પટેલ પોતાના જ દવાખાને કોરોના પેશન્ટ ને ઓછા પૈસામાં સાજા કરવા માટે સજ્જ થયાં હતાં. ચોવીસ કલાક એઓએ પોતાની જાતને કોરોના દર્દીઓને સમર્પિત કરી દીધી હતી. લગભગ ૧૫ દિવસે પણ તેઓ ઘરે જતાં ન હતાં. એમનાં પત્ની સરોજ બહેન પહેલી વખત એક બાળકને જન્મ આપવા જઈ રહ્યાં હતાં. હજુ લગભગ બે મહિનાની વાર હતી. પણ અવારનવાર તેઓ પત્નીને અને પોતાના માતા - પિતાને ઓનલાઈન કોલ પર મળી લેતાં.આમ બધાંજ ખુશ હતાં. પણ.. પણ નિયતીને કાંઈ અલગ જ મંજૂર હતું. લગભગ દોઢેક મહિના પછી ડો. આશુતોષ પણ કોરોનાનાં સકંજામાં જકડાયા. એક બાજુ સરોજને પણ પ્રસુતિકાળ નજીક આવતો ગયો. અને અચાનક ચાર - પાંચ દિવસ પછી એક રાત્રે ડો. આશુતોષને શ્વાસ લેવામાં તકલીફ વધવા લાગી. અને સરોજને પણ એજ રાત્રે દુઃખાવો ઉપાડ્યો.!

ડો. આશુતોષનાં દવાખાનામાં એક વોર્ડમાં સરોજ એક જીવને જન્મ આપવા માટે મથી રહી હતી, અને બાજુમાં જ બીજા વોર્ડમાં એક ડો. પોતાનો જીવ બચાવવા ઝઝૂમી રહ્યાં હતા. બંન્ને પોત પોતાની રીતે પોતાની જિંદગીનો જંગ ખેલી રહ્યાં હતાં. પણ.. વિધિનાં લેખમાં તો કોઈ મેખ મારી શકતું નથી! રાજા રામે પણ વનવાસ તો ભાગ્યમાં લખ્યો હતો. આમ એક બાજુ સરોજિની કુખેથી બાળકનો જન્મ થયો અને બીજી બાજુ ડો. આશુતોષ નું પ્રાણપંખી કાયમ માટે દૂરનાં પ્રણાયે ઊડી ગયું!

રડવું કે ખુશ થવું એ પરિવારમાં કોઈ પણ નક્કી કરી શક્યા નહિં. એક એવી પરિસ્થિતિ આવીને ઉભી રહી. પણ આજે એક કોરોના વોરિયર પોતાના કર્તવ્યને એક નવી જ સીમા પર લાવીને પોતે જગતમાં નામ કરી ગયો હતો. આવા સૈનિકને શું રાષ્ટધ્વજમાં, માનપૂર્વક લપેટીને આદરાંજલિ આપી ન શકાય? આપનું શું માનવું છે???

અંજના ગાંધી "મૌનું" – વડોદરા - **98673 83672**

# આપવીતી

## ડૉ. અંજલિ પ્રજાપતિ

આ સત્ય ઘટના લખાણ માં હું મારી પોતાની જ વાત જણાવી રહી છું.

આ વાત છે લગભગ દોઢ બે મહિના પહેલાની. જ્યારે હું પોતે નામ અંજલી પ્રજાપતિ એક વેટરનરી ડૉક્ટર તરીકે ની ઇન્ટરનશીપ માં હતી. મારે આખો દિવસ ની ઇન્ટરનશીપ દરમિયાન અગણિત પશુઓ ની સારવાર માં દિવસ પસાર થતો. આ દરમિયાન મને કોરોના નો ચેપ લાગેલો અને એના એક મહિના પછી તરત મારે ઉચ્ચતર અભ્યાસ માટે ની પરિક્ષા આપવાની હતી. આમ તો અમેં કોરોના ને લાગતા બધા જ નિયમો નું પાલન કરતા હતા અને ત્યાં આવનાર દરેક પશુપાલક ને પણ નિયમો પાળવા માટે જણાવતા હતા. પણ આ તો એક ચેપી રોગ છે, જે કોઈ ને દેખાતો નથી. ન જાણે ક્યાં થી અને ક્યારે આ રોગ નું મારા શરીર માં આગમન થયું કંઈજ સમજ ન પડી. અને આ રોગ ની શરૂઆત થઈ મને તાવ આવવાથી. એક દિવસ ઠંડી ચડી ને તાવ આવ્યો. મેં મારા ઘરે આ વાત કરી તો એમના મુજબ આ એક વાતાવરણ ના બદલાવ ને લીધે થયું હોવાનું માનવામાં આવ્યું. તો અમે એક દિવસ માટે અવગણ્યું. બીજા દિવસે હું સવારે ઉઠું છું પણ મારું ગળું સાવ બેસી ગયું હોય છે, કે મારા થી પાણી પણ નથી પીવાતું. આ લક્ષણ પણ અમે વાતાવરણ ના બદલાવ નું કારણ ઘણી અવગણ્યું અને ગરમ પાણી ના કોગળા ચાલુ રાખ્યા. પણ આ તો લક્ષણો ઘટવાને બદલે વધારે પ્રબળ બનતા જતા હતા. ધીમે ધીમે મારું જમવાનું ઓછું થઈ ગયું મને ચક્કર આવવા લાગ્યા અને ઉધરસ જામી ગઈ, અને પછી મેં કોરોના ટેસ્ટ કરવાનું નક્કી કર્યું. અમે સૌપ્રથમ તો શહેરી બુથ ઉપર ટેસ્ટ કરવા ગ્યા, પરંતુ રજા નો દિવસ હોવાથી ત્યાં કાઈ મેડ પડ્યો નઈ. ત્યાર પછી અમે સાંજે પાંચ વાગ્યે સિવિલ હોસ્પિટલ માં ટેસ્ટ માટે ગયા. સિવિલ માં બાર જણા ની લાઈન માં ઉભા રયા પછી મારો નંબર આવ્યો. ડોક્ટર એ મારા નાક માં છેક ઊંડે થી સમ્પલે લીધું અને પાંચ મિનિટ રાહ જોવા માટે કહ્યું. પાંચ મિનિટ પછી ડૉક્ટર રિપોર્ટ લઈ ને આવ્યા અને મને કોરોના પોઝિટિવે હોવાનું જણાવ્યું. આ વાત સાંભળી હું અને પપ્પા બન્ને ચિંતા માં મુકાઈ ગયા.

ઘરે આવી ને મમ્મી અને ભાઈ ને આ વાત જણાવી અને ઘરે ઉપરના રૂમમાં કવોરંટાઇન થઈ ગઈ.

હવે હું વાત કરું મારા કવોરંટાઇન સમય ની,જેમાં મેં એકવીસ દિવસ વિતાવ્યા. સૌથી પહેલા તો મારો ભાઈ મને મારી આવનારી પરીક્ષા માટે ના પુસ્તકો ઉપર આપી ગયો અને ત્યાર થી એના આંટા રોજ ચાલુ જ રહ્યા. ક્યારેક નાસ્તો આપવા તો ક્યારેક પાણી આપવા ને ક્યારેક જમવાનું આપવા ને રાત્રે ઉકાળો ને દૂધ આપવા. બસ મારા કોરોના સમય માં ભાઈ તરફ થી બવ સેવાઓ મળી. મમ્મી પાપા

ને તો હું ક્યારેક અગાસી પાર નીકળી ને મળતી તો ક્યારેક એક જ ઘર માં રેવા છતાં અમે વિડિઓ કોલ થી વાતો કરતા. કોરોના પોઝિટિવ ને ત્રણ દિવસ થયા હતા પણ મારે લક્ષણો માં કોઈ જ બદલાવ નહોતો દેખાતો. તો અમે પ્રાઈવેટ ડૉક્ટર ની દવા લેવાનું નક્કી કર્યું. ત્યાં ડૉક્ટર એ x-ray અને CT-scan કરાવ્યું. ત્યાર બાદ શરૂઆત નું ઇન્ફેકશન હોવાનું જણાવ્યું અને દવાઓ આપી. સવાર સાંજ બપોર બસ દવાઓ દવાઓ દવાઓ. મારા આ ચેપ ના કારણે મારા પરિવાર એ પણ કોરોના ટેસ્ટ કરાવ્યો અને સદનસીબ એ બધાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. મેં મારી દવાઓ ચાલુ રાખી અને સફળતા થી કોરોના ને હરાવ્યો અને કવોરંટાઇન સમય બાદ ફરી કોરોના ટેસ્ટ કરાવી કોરોના નેગેટિવ નું પરિણામ મેળવ્યું અને મારી આવનારી પરીક્ષા માં ખૂબ જ પોઝિટિવ પરિણામ મેળવ્યું.
આ મહામારીમાં આપનિ બસ હિમ્મત અને પોઝિટિવ થીંકીંગની જરૂર છે, તો જ આપણે આ મહામારીથી બચીને તેને હરાવી શકીશું...!!!

ડૉ. અંજલિ પ્રજાપતિ – હિંમતનગર - **7359332155**

# કોરોનાનાં મોતમુખેથી પિતાની છત્રછાયા ફરી પામ્યાં

## અવની શિવાંગ દવે

હું અવની શિવાંગ દવે, વડોદરા રહેવાસી મારા પપ્પા સાથે બનેલી સત્ય ઘટના રજૂ કરી રહી છું. મારા પપ્પા એટલે મહેશભાઈ ત્રિવેદી તેમને જન્માષ્ટમી ની આગલી રાત્રે ખૂબ પરસેવો થતો હતો. આવું બે ત્રણ દિવસ થી ચાલતું હતું. એર કંડીશન ફૂલ હોય તો પણ પપ્પા ને રેલા ઉતરે એટલો પસીનો વળી જાય. અમારા ઘર એટલે સમારોડ વડોદરામાં જ નજીક માં આવેલ ડૉક્ટર ને બતાવ્યું તો બે ત્રણ લોહીના રિપોર્ટ કરાવ્યાં,પિતાજીને "સિપિઆર" એટલે પ્રોટીન ૩૫૦ આવ્યું, ખરેખર દરેક મનુષ્ય માં માત્ર ૬ જેટલું જ હોવું જોઇએ અને પપ્પા ના ધબકારા ખૂબ વધી ગયા હતા. તે ડોકટરની સલાહ મુજબ હાર્ટ ની હોસ્પિટલ માં પપ્પા ને લઈ ગયા ત્યાં ' ઈ સિજી ' અને 'એક્સ રે ' કરી કહ્યું કે પપ્પા ને

' નીમોનીયાં ' ની અસર છે. કહી તેમણે હાથમાં ગલોસ અને બીજું માસ્ક પહેરાવી બાજુ માં બેસાડી દીધા કહ્યું 'કોરોના' છે. રિપોર્ટ કર્યો પણ ન હતો . છતાં પણ. મારા પપ્પા બઉ ગભરાય ગયાં. ધબકારા વધી ગયા. હાર્ટ ની હોસ્પિટલ વાળા એ એમ કહી દીધું કે અહીં " કોરોના ના જ દર્દી " છે .એટલે અહીં દાખલ નહિ કરીએ .૧૧ ઑગસ્ટ ની રાત વરસાદ મુશળધાર.... વડોદરા ની જાણીતી હાર્ટ ની હોસ્પિટલ માં પણ દાખલ કરવાની ના પાડી દીધી.

તો શું પપ્પા ને કોરોના હતો ? કેમ ના દાખલ કર્યાં?

પણ કહે છે ને " રામ રાખે તેને કોણ ચાખે"?

મારા માસા ને પણ ચાર દિવસ પહેલા કમળો થયો હતો અને તેઓ સમા માં જ આવેલી " ગોપીનાથજી હોસ્પિટલ " માં દાખલ થયા હતા. તેમની ઉંમર ૬૩ વર્ષ ની હોવા છતાં ખૂબ જ સરસ ડોકટર હતાં "ડૉ. મહેન્દ્ર મોકાણી " તેમને સાજા કરી દીધાં.

મારા પપ્પા ને રાત્રે ૧૨:૦૦ વાગ્યે તે હોસ્પિટલમાં દાખલ કરવા મારો ભાઈ અને મારા પતિ લઈ ગયા. ડૉકટર તરત આવી ગયાં અને મારા પપ્પા ની સારવાર ચાલુ કરી દીધી. ખરેખર હું તો ડૉકટર મહેન્દ્ર મોકાણી ની ઘણી આભારી છું. મારા પપ્પા ને થાઈરોઈડ , કોલેસ્ટ્રોલ, સાથે પ્રોટીન ખૂબ હતું. છતાં પણ '૯' દિવસ ઓકિસજન આપવું ના પડ્યું અને દવા - બોટલ - ઇંજેક્શન થી જ મારા પપ્પા ને ફરી અમારી પાસે સાજા કરી મોકલી આપ્યાં.

નવ દિવસ પપ્પા ને ' વિડિયો કોલ ' થી જોતા ,વાત કરતાં તો વિદેશમાં રહેતા હોય એવું લાગતું. " ખરેખર કહું તો હું મારા લગ્ન ની વિદાય વખતે જેટલું નતી રડી એટલું આ નવ દિવસ માં રડી

હતી." " વિદાય બાદ સાસરે આવી પણ આ નવ દિવસ માં તો જાણે હું અને પપ્પા ઘણાવર્ષો થી નાં મળ્યાં હોય એવું લાગતું હતું."

અંતે કહીશ કોરોના ઘણાં આખા ને આખા ઘર ને ભરખી ગયો છે. પણ મને મારા પપ્પા કાળમુખા કોરોના ને હરાવી પાછા મળ્યાં છે.

સાચા અર્થ માં મારા પપ્પા " કોરોના વોરિયર " છે. હું મારા પપ્પા ને મળેલ નવાં જન્મથી ખૂબ ખુશ છું. સાથે ડોકટર અને દરેક વ્યક્તિ નો દિલ થી આભાર માનું છું. જેમણે મને આવી કપરી પરિસ્થિતિમાં સાથ આપ્યો.

અવની શિવાંગ દવે 'શિવે સ્વરી' – વડોદરા – **9601964113**

# રાંકનું રતન
## ભગવતી પંચમતીયા 'રોશની'

એક કંપનીનું પ્રાઈવેટ ગામ. સુંદર, સ્વચ્છ અને હરિયાળું. તેમાં વર્કરો માટે નાની-મોટી કેટેગરી પ્રમાણે સુંદર સુવિધાયુક્ત મકાનો. ખૂબ મોટાં ફળિયા અને તેમાં કુદરતપ્રેમી રહેવાસીઓએ વાવેલાં વૃક્ષો. આવા હરિયાળા આંગણા સાફ કરવાનું કામ એક માજી કરતાં. પાંસઠેક વર્ષની ઉંમર, કરચલિયાળો ચહેરો, સફેદ વાળનો ઉંચો અંબોડો, માથે જર્જરિત પાલવ અને મુખમાં રામનું નામ....આ રતનમાની ઓળખાણ. ફળિયાનાં વૃક્ષો અને પશુ-પંખીઓને વ્હાલ કરતાં જાય ને આંગણું સાફ કરતાં જાય! ગમે તે ઋતુ હોય રતનમા સવારમાં આવી જ ગયાં હોય. બપોર થાય ત્યારે જેને ઘેર કામ કરતાં હોય તે જ ફળિયામાં બેસી સાથે લાવેલો રોટલો જમી લે. કોઈ કંઈ આપે તો પ્રેમથી લઈ લે. પરંતુ, કોઈ પાસે માંગે ક્યારેય નહીં. પ્રામાણિક અને ભરોસાપાત્ર પણ ખરાં. ગૃહિણીઓને કામસર બહાર જવું હોય તો ઘર અને નાનાં બાળકો રતનમાને ભરોસે મૂકીને નચિંતપણે જઈ શકતી.

કહે છે ને કે બધાં દિવસો સરખાં નથી જતાં. અચાનક જ કોરોનાએ સમગ્ર દુનિયાને બાનમાં લીધી. લોકડાઉન જાહેર થયું ને પછી થોડું હળવું પણ થયું. પરંતુ, કંપનીએ પોતાના પ્રાઇવેટ ગામમાં બહારની કોઈ પણ વ્યક્તિની અવરજવર પર પ્રતિબંધ લગાવી દીધો. તો પણ રતનમાએ ગામમાં જવાની કોશિષ કરી અને સીક્યુરીટીનાં માણસોએ તેમને પકડી લીધાં. ઓફિસરોએ તેમની પૂછપરછ કરતાં તેમણે ભીની આંખે આપવીતી કહી. એકલે હાથે ઉછેરેલો દીકરો જેવો કામ માટે બહાર નીકળતો એટલે વહુ તેમને કાઢી મૂકતી. દીકરો ઘેર પાછો ફરે ત્યારે જ ઘરમાં જવાની છૂટ. ઘરમાં પૈસા ન આપે તો વહુ જમવા પણ ન આપતી. આ સાંભળીને ઓફિસરોએ તેમને આર્થિક મદદ કરવા તૈયારી બતાવી પણ સ્વમાની રતનમાએ હાથ જોડીને ગામમાં કામ કરવા માટે અનુમતિ માંગી. અને મળી પણ ખરી! ફળિયા ફરી સજીવ થઈ ગયાં!

***

છેલ્લાં થોડાં દિવસથી રતનમા નથી દેખાયાં. તેમનો સંપર્ક કરવામાં પણ નિષ્ફળતા સાંપડી. સ્વમાની અને વ્હાલપનાં વડલા જેવાં રતનમાને સ્વસ્થ રાખવા રોજ પ્રાર્થનાઓ થાય છે. ચિંતાગ્રસ્ત મનનાં એક ખૂણે આ પ્રશ્ન રોજ પરેશાન કરે છે કે ક્યાંક આ કાળમુખા કોરોનાએ તો....અને હાથ આપોઆપ આકાશ તરફ ઊઠી જાય છે.

(સત્ય ઘટના પર આધારિત આ વાર્તામાં પાત્રનું નામ બદલી નાખ્યું છે.)

ભગવતી પંચમતીયા 'રોશની' – જામનગર - **9824242322**

## માણસાઈ નામે પોસ્ટ

## ભરત ભટ્ટ

ઇન્સ્પેકટર રાહુલ શર્માને સર્વિસમાં આજે પંદરમું વર્ષ બેઠું.એ સવારમાં વહેલા ઉઠીને પાઠપૂજા~નિત્યકર્મ કરી તૈયાર થઈ ગયા..ત્યાં જ અમિત એ.એસ. આઈ.નો મોબાઈલ.." સર,શહેરના સીમાડે ભીડ એકત્રિત થઈ છે..અસંખ્ય કામદારો ભેગા થયાં છે..પથ્થરમારો..આગજનીનાં બનાવો બની શકે એમ છે.આપ જલ્દી આવો".રાહુલ શર્મા તરત જ સ્થળ પર ધસી ગયા સ્ટાફ સાથે.ટોળું મોટું હતું.. પણ પોલીસની હાજરી અને રાહુલ શર્માએ માઈકમાં કહ્યું," કોઈપણ કામદાર મિત્ર ઉશ્કેરાય નહિ..શહેરની જ નહીં સમગ્ર દુનિયામાં આ મહામારી ફેલાયેલી છે..તમે ભાગી ભાગીને ક્યાં જશો..!

ટોળામાંથી એક યુવાન ગુસ્સામાં બોલ્યો," પણ અમારે કરવું શું...?નથી આવક..કારખાના બંધ છે..કેટલાય દિવસોથી..રોટી નથી મળતી..અરે..સાહેબ ભૂખ લાગે છે ત્યારે બહાર નીકળીએ છીએ તો પોલીસના દંડા ખાવા પડે છે..અમને અમારાં વતન જવા દો..માં બાપને અમારી ચિંતા હોય કે નહીં..ગામડામાં સૂકો રોટલો ને ડુંગળી તો મળી રહેશે ને..!અહીં તો આ ફૂડપેકેટ.."~ કહેતાં એ યુવાન રડી પડ્યો..

" જુઓ થોડી ધીરજ રાખો..સૌને જમવાની સરસ વ્યવસ્થા અંગેની મારી જવાબદારી..તમારે ગામ જ જવું છે એ પણ વ્યવસ્થા તંત્ર કરશે..પણ આમ પગપાળા કે પોતાના વાહન લઈને હાઈ - વે પર જોખમ ન ઉઠાવતાં આ મારી અમારા તંત્રની અપીલ છે..સવાલ સમયનો છે.."

ટોળામાં શાંતિ પથરાઈ ગઈ..ઇન્સ્પેક્ટરે સ્થાનિક નેતાઓ અને ઉત્સાહી યુવાનો સાથે વાતચીત કરી સૌની વ્યવસ્થા સરકારી સ્કૂલમાં કરી..

ઇન્સ્પેક્ટરે એક જગ્યાએ જીપ ઉભી રાખી..લોકોને બહાર ન નીકળવાની અને માસ્ક પહેરવાની અપીલ કરી..ઉપરી અધિકારીને કામદારોની ઘટના અંગે જાણકારી મોબાઈલ પર આપી..એટલામાં થોડે દૂર કચરપેટીની આસપાસ રડવાનો અવાજ સંભળાયો.. એ સ્ટાફને લઈ એ તરફ ગયાં..

ઓહ.. કંઇક બોક્સ જેવું ..અને કણસવાનો અવાજ રડી રડીને થાકી ગયેલો અવાજ..ઇન્સ્પેક્ટરે તરત એ બોક્સ લીધું..જોયું તો બાળક લોહીલુહાણ..નાજુક શરીર પર કૂતરાનાં કરડવાનાં નિશાન..

" અરે અમિત સિવિલ તરફ ગાડી લઈ લે..જલ્દી..ફાસ્ટ.."

" જી સર"

અને સિવિલ બળવિભાગમાં બાળકને લાવવામાં આવ્યું..ડૉકટર,નર્સ,સ્ટાફની દોડધામ..

" સર આ કેવો જમાનો એક તો ખોટું કરે અને પ્રેગ્નન્સી રહી ગયા બાદ માસુમને આવી રીતે તરછોડી દેવું .....એ...- અમિત.

" અમિત માનવતા મરી પરવારી છે..આવા કિસ્સા બને એ સમાજ માટે સારી નિશાની નથી..આ બાળકના માતાપિતા કોણ..!..એનું હવે કોણ..!ઇન્સ્પેક્ટરે કહ્યું.

દિવસો વીતતાં ગયાં.. રાહુલ શર્માએ સિવિલ હોસ્પિટલમાં જઈ બાળકની પૃછા કરી..ડૉ.. નર્સ અને સમગ્ર સ્ટાફે સરસ કાળજીથી બાળકને જીવતદાન આપ્યું..બાળક નર્સનાં ખોળામાં સ્મિત આપી રહ્યું હતું..

" સિસ્ટર.. આપનો આભાર. આપ સૌએ આ બાળકની સારી સંભાળ લીધી... એક જિંદગી બચાવી.." ઇન્સ્પેક્ટરે કહ્યું.

" સર, માનવતા તો તમારી.. તમે ઓન ડ્યુટી હતા અને અચાનક તમારી નજર.. આ બાળકને અહીં લઈ આવ્યા.." નર્સે કહ્યું.

એટલામાં પોલીસ કમિશ્નરશ્રી આવી પહોંચ્યા...

" ઇન્સ્પેકટર રાહુલ, ડોકટર, નર્સ અને સ્ટાફ.. પ્રાઉડ ઓફ યુ ઓલ." કમિશ્નરશ્રીએ કહ્યું.

સૌ ખુશખુશાલ હતા...બાળક પણ મરક મરક હસતું હતું. નર્સ એને રમાડી રહી હતી.

*પણ..*

*ઇન્સ્પેક્ટર રાહુલના ચહેરા પર વેદના હતી...એ વેદના આપણે સૌ વાંચી શકીએ છીએ.*

(સત્ય ઘટના આધારિત).

ભરત ભટ્ટ – સુરત –

## કોરોન્ટાઈનની કેદ

## ભરત ગોસ્વામી "ભાવુક"

આખા કચ્છના આ શહેરમાં લોકડાઉનની થોડી છુટછાટમાં  શાકભાજીની લારી કાઢીને માંડ માંડ ઘર ચલાવતા રામજીભાઈ ને કોરોના પોઝીટીવ આવતાં, એમ્બ્યુલન્સ આવીને રામજીભાઈ ને લઈ ગઈ, નગરપાલિકા વાળાએ ઘરને સેનેટાઈઝ કરીને  શેરીને સીલ કરી નાખી, પત્નીની દર મહિને ટીબીના ઈલાજ માટેની દવા પણ જનરલ હોસ્પિટલેથી રામજીભાઈને લેવા જવું પડતું, એવી સાવ ભોળી છે, ઘરમાં વૃદ્ધ માબાપે  જાન્યુઆરીમાં રણછોડ સેવા ટ્રસ્ટમાં મોતિયાનું ઓપરેશન કરાવેલું હતું,બાળકો પાંચ ને આઠ વર્ષના સાવ નાના છે.

રામજીભાઈ ને કોરોના વોર્ડ માં પલંગ પર ડૉક્ટરો ને હાથ જોડીને એકજ રજૂઆત કરતાં હતાં, "સાહેબ મારા ઘરે કોઈ કરવા વાળું નથી, આમેય કોઈ અમારા ગરીબની પૃચ્છા કરતું નહોતું, માટે તમે મહેરબાની કરીને મને ઘરે જવા દો, મારા પરિવાર ને પુરતું જમવાનું પણ નહીં મળતું હોય, તમારી આ "કોરોન્ટાઈનની કેદમાં".

ભરત ગોસ્વામી "ભાવુક" - નયા અંજાર કચ્છ - **9925976986**

# ઝૂંપડાની માણસાઈ

## ભરત ગોસ્વામી 'ભાવુક'

અંજાર ડેપોમાં કંડકટર તરીકે હોવા છતાં કોરોના કાળમાં અલગ અલગ પાળીમાં મારી નોકરી લોકડાઉનમાં ડેપોના ફક્ત ચોકીદાર જેવી હતી.

ડેપોની બરાબર સામે આર.કે.એપાર્ટમેન્ટમાં ત્રીજા માળે રહેતા સુમિત્રા ચાવડા કે જે નાની ઉંમરમાં વિધવા થયેલા. બે બાળકો ને સાસુ સસરાની જવાબદારી સાથે સામુહિક આરોગ્ય કેન્દ્ર નર્સિંગમાં હેડની પણ ફરજ બજાવતા હતા.

તેમના બાળકો અમદાવાદ અભ્યાસ કરતા હોવાથી લોકડાઉન થતાં તેઓ ત્યાં બાજુમાં મોસાળના ગામમાં ચાલ્યાં ગયા,

આ તરફ સુમિત્રા બહેન ને ઘરમાં વૃદ્ધ સાસુ સસરા સારસંભાળ ની સાથે એકલા મુકીને પણ સતત ફરજ માં હાજર રહીને

દવાખાને દર્દી સાથે કપરા કાળમાં પણ ભય વિના કોરોના વોરિર્યસ જેવી કામગીરીની સાથે આખા એપાર્ટમેન્ટમાં રહેતા બધાની પણ એટલી જ ધ્યાન કરતા હતાં, સરકાર તરફથી મળતા માસ્ક, સેનેટાઈઝર, હોમીઓપેથી કોરોના રક્ષક ગોળીઓનું વિતરણ કરતા, સાથે સંકટ સમયે ઝુંપડાના બે ગરીબ મજુર પરિવારને રાશન કીટ અપાવીને વગેરેની મદદ કરતા, ને કોઈ પણ બિમાર પડે તો આજુબાજુના બધાં સુમિત્રા બેન ની સલાહ પ્રમાણે જ ઈલાજ કરાવતા,

એવી સેવાભાવી છાપ ધરાવતા,

પરંતુ,,! અચાનક 13 એપ્રિલના સવારે એમના સસરાની તબિયત કથળતા ઈલાજ કરવવા ગયા. સાથે સાસુ સસરા બન્ને નો ટેસ્ટ કરાવ્યો તો કોરોના પોઝીટીવ આવતા

108 એમ્બ્યુલન્સ આવીને બન્ને ને દાખલ કરવા લીલાશા કુટીયા આદીપુર લઈ ગઈ, સુમિત્રા બેનને ઘરમાં એકલાને હોમ કોરોન્ટાઈનમાં રાખીને અધિકારીઓ ઘરને સીલ કરી નાખ્યું,

બે ચાર દિવસમાં બધાં પાડોશીઓના અસલ રંગ દેખાવા લાગ્યા, જરૂરી ચીજ વસ્તુ ની વસ્તુ પુછપરછ તો એક બાજુ રહી પરંતુ દુધ કે શાકભાજી ને છાપા વાળા આવતા બંધ થઈ ગયા.

બીપી ની ગોળીઓ પણ ખલાસ થવા આવી હતી, એક બે દિવસ

ગેલેરીમાં ઉભા રહીને અવાજ કરીને બોલાવ્યા, પણ કોઈ મદદ કરવા આગળ આવ્યું નહીં,

આ જોઈને જેમને સુચિત્રા બેને જેને રાશન આપાવ્યું હતું એ પંચમહાલના બે મજુરો મહેશ તડવી ને મનુ નિનામા બન્ને લોકડાઉનમાં છુટછાટના સમયે પાસેની મણીધર કિરાણાં સ્ટોરની દુકાનમાંથી ,દુધ,શાકભાજી તથા મેડીકલ સ્ટોર માંથી દવાઓ વગેરે લાવીને સુંડલા નાખી દે, રસ્સી વડે સુમિત્રા બેન ઉપર ખેંચી વસ્તુઓ મેળવી લે, આમ જેમતેમ મજુર આદિવાસીની મદદથી પસાર કરેલા ચૌદ દિવસના સમયનો અનુભવ તેમને પાડોશમાં વસતાં અમીરોના અહંમ ને *ઝુંપડાની માણસાઈ* નો ભેદ સમજાવતો ગયો.
(નામ ને અટક બદલી છે.)

ભરત ગોસ્વામી 'ભાવુક' - નયા અંજાર કચ્છ - **9925976986**

# રજા

## ભરત ગોસ્વામી ‘ભાવુક’

સંગીત સર મહેશ્વરી સાહેબના ત્રણેય દીકરાઓ એક મકાનમાં ઉપર નીચે અલગ રહેતાં, લોકડાઉનમાં ઉપરના માળે રહેતા જોન્ટુ, હેમલ બધાં છોકરાઓ સ્કૂલની રજામાં ઘણાં મહિનાથી મોજ કરતાં પરંતુ જોન્ટુના કાકી ને મુશ્કાનની  મમ્મીને કોરોના પોઝીટીવ આવતા બધાને ઘરમાં ચૌદ કાઢવામાં જોન્ટુ રોજ ઉઠીને એની મમ્મીને એકજ સવાલ કરતો,
"મમ્મી અમને આ ઘરમાં પુરાવામાંથી રજા કયારે મળશે"?

(તમામ નામ એમની પરવાનગીથી સત્ય રાખ્યા છે.)

ભરત ગોસ્વામી "ભાવુક" - નયા અંજાર કચ્છ - **99259 76986**

# વહેમનો વાઈરસ
## ભરત ગોસ્વામી "ભાવુક"

કોરોનાના કરફ્યુમાં રાત્રે અગિયાર સમયે દેકારો સંભળાતા, મેં ઉઠીને જોયું તો ! પારુલબેન તુફાનમાં દિલ્હી જવા નીકળેલ પણ, લોકડાઉન અડધા રસ્તેથી પાછા વળેલા તેના વૃદ્ધ માબાપ ને ઘરમાં પરત લાવવા મથતા હતાં. ને ગામ ભેગું થઈને એમને ગામથી બહાર મોકલવા રકઝક કરી રહ્યા હતાં.
પારુલબેન શિક્ષક બનીને વર્ષોથી જયાં હળીમળી ગયા હતાં. આજે એજ લોકોને ભલાઈ બાપા કરતાં હતાં કે, "મારા વૃદ્ધ માબાપ ને અહીં રહેવા દો" એ ચેકઅપ થઈને બોર્ડરેથી જ પાછા આવ્યા છે.
'તમે કહો તો ગામ બહાર નિશાળના રુમમાં રાખું, પણ મહેરબાની કરીને એમને રોકાવા દો" અત્યારે અડધી રાત્રે આ વૃદ્ધ બિચારા કયાં જશે? સાવ અજાણ્યા છે,"
"એમની ઉમ્ર પર તો રહેમ ખાઓ"
પારુલબેન હાથ જોડીને લોકોની પાસે રડતા રડતા કરગરીને વિનંતી કરી રહ્યા હતા.
પરંતુ ! ગામ વાળા એકના બે ન થયા.
સરપંચ બોલ્યા : તમે પ્રેમથી રહો, પણ ! તમારા માતાપિતા તો નહીં જ ! એ લોકો
મુસાફરી કરીને આવેલા છે. માટે કોઈ પણ સંજોગોમાં એમને ગામમાં રહેવા દેશું નહીં, એમને રોકાવા દઈને અમારે શું ! ગામ આખાને કોરોનામાં ધકેલી દેવા ??,
પારુલબેને ના છુટકે બોલાવેલી પોલીસના પી.એસ.આઈ.એ
બધાને સાંભળ્યા,ને
ગામલોકોને કહ્યું કે "તમારા સંતોષ ખાતર કહો તો ડૉક્ટરને બોલાવીને આ વડીલોનું ચેકીંગ કરાવી દઈને પછી જ રહેવા દો"
પરંતુ...
ગામના મુખે એકજ વિરોધનો સુર હતો. આ લોકો કોરોના વાળા વિસ્તાર માંથી આવ્યા છે. એટલે જલ્દીથી ગામ બહાર નીકળી જાય,
આ વિવાદનો વકરતો માહોલ જોતાં,
પરમાર સાહેબ બોલ્યા "બહેન તમે તો ભણેલા છો. એક કામ કરો, માતાપિતાને લઈને શહેરમાં કોઈ સંબંધીને ત્યાં થોડો સમય રોકાઈ જાઓ ત્યાં સુધી,

વાઈરસ કાબુમાં આવે, લોકડાઉન હટી જાય ને વાતાવરણ થોડું પડે. કાનૂન ને સાવ મજબૂર જોઈને પારુલબેન જેમતેમ થેલો ભરી, ઘરને તાળું મારીને તુફાનમાં આંસુ ને ક્રોધ ભરેલા ચહેરા સાથે બેસી ગયાં.

રવાના થતાં પહેલાં પારુલબેન શ્રાપ દેતા હોય એમ ત્રાડ નાખીને બોલ્યા : " ગામમાં મારા દશ વર્ષ પાણીમાં ગયા. "કોરોના તો જતો રહેશે" પણ,,,!

"તમારા મનમાં રહેલા વહેમના વાયરસમાં તમે કાયમ સડતાં રહેશો ભગવાન પણ તમને કાઢી નહીં શકે,,,!

ભરત ગોસ્વામી "ભાવુક" - નયા અંજાર કચ્છ - **99259 76986**

# વિદાયવેળા

## ભરત ગોસ્વામી "ભાવુક"

નિમેશ લોકડાઉનમાં જેમતેમ કરીને મુંબઈથી કચ્છ પાછો આવી ગયો, ઘરમાં માબાપ, બે દીકરી ઉપર આવેલો દોઢેક વર્ષના દિકરા મિલનને મળીને જાણે કે કોઈ જંગ જીતી આવ્યો હોય એવો આનંદિત થતો હતો.

પંદરેક દિવસ પછી એમની પત્ની રૂપા જે શાંત સદાય ઘરકામમાં પરોવાઈ ને દિવસો પસાર કરી દેતી, પણ ! અચાનક એક દિવસ રૂપા ને રસોઈ બનાવતાં કંઈ સ્વાદની ખબર ન લાગતા, તેણીએ તેના સાસુ નીમુબેન ને કહ્યું," બા કોણ જાણે કેમ ? આજે અવાજ તો બેસી ગયો છે. ને આ દાળ શાકમાં સ્વાદ કેમ નહીં આવતો હોય,

નીમુબેન : રૂપા બેટા ગરમ મીઠાના પાણી કોગળા કરી નાખ, બરોબર થઈ જશે,

બીજા દિવસે સવારે મારી પત્ની નીતા કહ્યું , નીતા ભાભી ચાલોને આજે માર્કેટમાં માંથી શાકભાજી લઈ આવીએ ને સાથે સીટી ડિસ્પેન્સરીમાં દેખાડતા આવીએ,

બન્ને બપોરે શાકભાજી સાથે દવાઓ  લઈને ઘરે આવ્યા,

હું બપોરે જમવા આવ્યો ત્યારે મારી પત્નીએ મને કહ્યું, સાંભળો છો..! આજે તો ડૉકટરે સ્વાદના ઈલાજ માટે રૂપા ભાભીને નાકમાં રાડ પડાવી નાખે એવી સળી નાખી હતી. ને ઈ,,,,! કેમ??ને

નામ, નંબર  ઠેકાણું,ની પુછપરછ કરતાં હતા,

હશે,,,! એમાં શુ ?? મેં સહજ સમજીને પત્ની ની વાત ને ઉડાડી દીધી,

સાંજ પડી તો,,,108ની ગાડી,ને પોલીસ ડોક્ટર, નર્સની ટીમ  આખો કાફલો નિમેષના ઘર પાસે આવીને ઉભા હતાં, ફળિયામાં સ્ત્રીઓ, પુરુષો દુર ઉભા ગુસપુસ કરતાં હતા,

"આ નિમેશીયો મુંબઈ આવ્યો એટલે,,? કે શું છે. કેમ આ બધાં???

એક ડૉક્ટર કાગળ કાઢીને બોલ્યો,

"રૂપાબેન નિમેષભાઈ મહેશ્વરી" ,કોણ છે ,? બહાર આવો , તમારે આ 108માં ચાલવાનું છે. તમારો કોરોના ટેસ્ટ પોઝીટીવ આવ્યો છે.

થોડીવાર માં ઘરમાંથી નિમેષની પત્ની રૂપા બહાર નીકળી ને બોલી મેં શું ગુનો કર્યો છે, કે તમે બધાં મને લેવા આવ્યા છો, હું આ ઘર છોડીને કદીયે કયાંય ગઈ નથી ને જાવાની પણ નથી,

છેવટે બધાની સમજાવી કે, બસ ચાર આઠ દિ ની વાત છે. જો ત્યાં રહીશ તો ઘરના કોઈને ચેપ ન લાગે એટલે,

રૂપા જેમતેમ કરીને જવા તૈયાર તો થઈ પણ,,,,!

ઘરમાંથી બહાર નીકળતાં, એના  પુત્ર મિલન સામે જોઈને
પગલાં ઉપડતા નહતા, માંડ માંડ રડતાં રડતાં 108 ના દરવાજે પહોંચી,મા દિકરા બન્નેના ચોધાર આંસુથી એકબીજાની વિદાયવેળા, આખા ફળીયો ગમગીન કરી દીધો, એકબીજા વાતું કરતા હતા. કે આ તે કેવો રોગ કહેવાય ? સાવ ધાવણાં દીકરાને મા થી અલગ કરી દીધો.
(પાત્રોના નામ બદલ્યા છે.)

ભરત ગોસ્વામી *ભાવુક* -   નયા અંજાર કચ્છ - 9925976986

# હવે કોણ?

## ભરત ગોસ્વામી "ભાવુક"

વજો પ્રજાપતિ સવારે શાકભાજી ને સાંજે નાસ્તાની ઈ સાઈકલ પર ફેરી કરતો,
વહેલી સવારે શાકભાજી ખરીદી કરે,વેંચીને ને બપોરે જમીને ફરી પાછો સાંજની તૈયારીમાં લાગી જાય, બાળપણમાં પિતાની છત્રછાયા ગુમાવી ને સાત ધોરણ ભણીને માર્કેટમાં મજુરી કરતાં કરતાં ઉધાર સુધાર કરીને શાકભાજી ફેરી ને નાસ્તાની ફેરીમાં મકાન પાકું કર્યું, બે બહેનો પરણાવી, પોતે પરણી ગયો, સમય જતાં પત્ની ડીલીવરીમાં પુત્રને જન્મ આપીને કોમામાં ચાલી ગઈ ને ત્રીજા દિવસે અવસાન પામી, યુવાન પુત્રવધૂના મૃત્યુનો આઘાત ન જીરવાતા વજાની માતા પણ થોડા મહિનામાં મૃત્યુ પામી, યુવાન વજો ને સાવ નાના દીકરાને સંભાળ માટે વજાની મોટી બહેને પોતાના ગામમાં એક છુટાછેડા વાળી સ્ત્રી જોડે ઘર સંસાર બાંધી દીધો,
વજા ને ત્યાં ફરીવાર પુત્રનો જન્મ થતાં દિલમાં ફરીથી ખુશીનું વાતાવરણ છવાઈ ગયું, પરંતુ થોડા સમયમાં ખબર પડી કે આગલી મૃત પત્નીનો સંતાન મંદબુદ્ધિનો છે.
બીજી પત્ની હવે પોતાના પુત્રને સાર સંભાળ રાખે ,ઓરમાન પુત્ર પ્રત્યે ઓરમાયુ વર્તન કરે,
વજો પત્ની પર મંદબુદ્ધિ વાળા દીકરાની હાલત જોઈને રોજ ગુસ્સો કરતો,પરતું પછી જાતે રોજ ફેરી કરી આવે દીકરાને  નવડાવી,ખવડાવી ને પાલન પોષણ જાતે કરતો,
લોકડાઉન માં છુટ મળતા ધંધા ને ફરી પાછો ધબકતો કરવા સવારે શાકભાજી ને સાંજે નાસ્તાની ફેરી કરવામાં કયાંક સંક્રમણ થતાં,
બે ત્રણ દિવસની ઉધરસ ને તાવ ને જોતાં ગામના ડોકટરે ભુજ મોકલ્યો ને ત્યાં ટેસ્ટમાં કોરોના પોઝીટીવ આવતા મુંદ્રાના  કોરંન્ટાઈન હોમમાં બે દિવસમાં વજો અવસાન પામ્યો, ત્યાં જ બધી વિધિ કરવામાં આવી, આ બાજુ પત્ની બધું ક્રિયા ક્રમ પતી ગયાના મહિનામાં જ બધુંય ભેગું કરીને ઓચિંતી પુત્ર સાથે માવતરે કાયમને ચાલી ગઈ, આજુબાજુના ફળિયા વાળા એ એની મોટી બહેનને બોલાવીને મંદબુદ્ધિના સાત વર્ષ ને પુત્ર સોંપતા કહ્યું, "બહેન જગતમાં મા -બાપ વગરના આ અબુધ બાળકનું હવે કોણ....???
(સત્ય ઘટના)

ભરત ગોસ્વામી *ભાવુક* -   નયા અંજાર કચ્છ - 9925976986

# કોરોનાનો જાત અનુભવ

## ભરતચંદ્ર શાહ

તા.૩૦મી ઓગસ્ટે સુરત મ.ન.પાનો ધન્વંતરિ રથ આવ્યો અને સીધા અમારા એપાર્ટમેન્ટ નજીક ઊભી રાખી દરેક ફ્લેટમાંથી બધાને જબરદસ્તી બહાર બોલાવી રેપિડ ટેસ્ટ કરાવડાવ્યું. હું ,પત્ની અને પુત્ર લાઈનમાં ઊભા રહ્યા.અમારો નંબર આવ્યો. પુત્રનો, મારો પોઝિટિવ અને પત્નીનો નેગેટિવ રિપોર્ટ. અમે ત્રણે ત્રણ ગભરાયા.

ડોકટરએ દવા આપી અને કહ્યું "નોર્મલ છે,ગભરાવા જેવું નથી.પાંચ દિવસમાં સારું થઈ જશે"

૧૪દિવસ ફરજિયાત ઘરે જ અલાયદા (ક્વોરોન્ટાઇન )રૂમમાં રહેવા કહ્યું. પુત્રની છેલ્લા સત્રની છેલ્લી પરીક્ષા યુનિવર્સિટી ખાતે ચાલુ થઈ ગઈ હતી.અમે બધા ટેન્શનમાં આવી ગયા.પરીક્ષા આપવા જશે કેવી રીતે? પકડાય તો પાલિકા દંડ કરે અથવા પોલીસ કેસ થઈ જાય તેની બીક.

ડોક્ટરે.કહ્યું" તમે પરીક્ષા આપવા જઈ શકો પણ પરીક્ષા આપી સીધાજ ઘરે આવવાનું બીજે કશે હરવા ફરવા નહિ જતા. પકડાઇ જાઓ તો અમે જવાબદાર નહિ"

ડોક્ટરની.સલાહ મુજબ પુત્રએ પરીક્ષા આપી અને ભગવાનના કૃપાથી હેમખેમ વગર કોઈ મુશ્કિલથી પરીક્ષા પાર પડી.

બે - ત્રણ દિવસ બાદ મને અચાનક ઠંડી લાગી તાવ ચઢ્યો. ફેમિલી ડોક્ટરને ફોન કર્યો. ડોકટરે રૂબરૂ બોલાવ્યા પણ મારી ત્યાં જવા જેવી હાલત બિલકુલ નહોતી. ઘરે લેબવાળાને બોલાવી લોહી લઈ ગયા અને રિપોર્ટ ઈ મેઈલ દ્વારા મંગાવી ડોક્ટરને બતાવ્યું. રિપોર્ટમાં શ્વેત કણો ઓછા હતા. વધુ પાણી, તારોપા અને ગ્લુકોઝનું પાણી પીવા કહ્યુ પણ કશો ફેર ના પડ્યો.ફેમિલી ડોકટરે બાપ્સ હોસ્પિટલમાં જવાની સલાહ આપી. બાપ્સ હોસ્પિટલમાં ગયા. ત્યાં એક્ષ રે પડાવ્યો, સિટી સ્કેન કરાવ્યું, બ્લડ રિપોર્ટ કઢાવ્યું. સિટી સ્કેન પરથી માલુમ પડ્યું કે ૧૫-૨૦ ટકા કોરીનાની અસર છે. ડોકટરે પૂર્ણ આઇસોલેશનમાં રહેવાની સલાહ આપી.હોસ્પિટલમાં દાખલ થવાની જરૂરી નહોતી. તે મુજબ બીજા બે ત્રણ દિવસ ઘરમાં જ આઇસોલેશનમાં રહ્યો.

આ દિવસો દરમ્યાન સુરત મહાપાલિકામાંથી ડૉક્ટરોના ફોન આવતા હતાં અને તબિયત વિશે પૂછપરછ કરતા હતા. તેમણે ખાસ સલાહ આપી કે," દિવસના ૪ વખત ઓક્સિજન લેવલ તપાસવું.૯૪ની નીચે જાય તો તાત્કાલિક સિવિલમાં દાખલ થઈ જવું.

બે દિવસ ઓક્સિજન લેવલ નોર્મલ રહેતું હતું. કોઈકવાર ઓછું થઈ જાય તો ઊંડા શ્વાસ લેવાની સલાહ આપી.  ઊંડા શ્વાસ લઈએ ત્યારે લેવલ નોર્મલ રહે પણ જ્યારે વગર શ્વાસ લીધા વગર તપાસીએ તો લેવલ ૯૪-૯૩ થઈ જતું.
એક દિવસે રાતના મારા પુત્રએ મારું ઓક્સિજન લેવલ તપાસ્યું તો ૯૦ થી ૯૨ થઈ ગયું. ઊંડા શ્વાસ લીધા તો ૯૪ થયું. પાછું થોડીવાર પછી માપ્યું તો ૯૨-૯૩. રાતના એક વાગેલો હતો.પુત્રએ તેના એક ખાસ મિત્રને ગાડી લઈ આવવા કહ્યું અને રાતના દોઢ વાગે સિવિલમાં લઈ ગયા.ત્યાં તપાસવામાં આવ્યું. જરૂરી કાર્યવાહી કર્યાં બાદ મને સિવિલ કોરોના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો.
સ્ટ્રેચર પર સુવડાવી સાતમાં માળે કોરોના વોર્ડમાં લઈ ગયા અને ઓક્સિજન માસ્ક પહેરાવી ઉપચાર ચાલુ કર્યો. બે દિવસ સદંતર ઓક્સિજન પરજ રાખવામાં આવ્યો. ત્રીજા દિવસે ઓક્સિજન લેવલ ૯૮-૯૯ થતાં ખાનગી હોસ્પિટલમાં  વધુ નિગરાની હેઠળ મને ખસેડવામાં આવ્યો.

જેમ નાના બાળકોને નવી નવી વસ્તુઓ બાબત જાણવાની ઉત્સુકતા હોય તેમ મને પણ ઘણા દિવસથી ૧૦૮ રુગ્ણ વાહિકાની અંદર કેવું હોય તે જાણવાની ઉત્સુકતા હતી જે આખરે પૂરી થઈ જ્યારે મને નવી સિવિલમાંથી ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો ત્યારે ૧૦૮મા લઇ જવામાં આવ્યા હતા.

નવ દિવસ ખાનગી હોસ્પિટલમાં નિગરાની હેઠળ રાખ્યો તે દરમ્યાન પણ એક્ષ રે અને બ્લડ રિપોર્ટ લેવામાં આવ્યા અને સદભાગ્યે એ નોર્મલ આવ્યાં. દવાઓ ચાલુજ હતી. શરીર ગળાઈ ગયું હતું. નવમા દિવસે ખાનગી હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી ત્યારે એવું મહેસુસ થતું હતું કે જાણે હું કોઈ  જંગ જીતી આવ્યો. ઘરે પત્નીએ પાણી ઉતારી મને ઘરમાં હસતા મોએ આવકાર્યો. ઘરે આવ્યા બાદ પણ દસ દિવસ હું  કવોરંટાઈન  રહ્યો.

લગભગ ૨૮ દિવસ સુધી પરિવારથી અળગા રહ્યા. પરિવારના સભ્યોને સ્પર્શ કરવાની તાલાવેલી જાગી હતી.
પત્નીએ ઘરમાંજ ભગવાન સામે અશ્રુભરી નયને પ્રાર્થના કરી,  હે ઈશ્વર ,"કૃતજ્ઞ છું તારા એ પ્રેમ અને ઉપકાર માટે..."
(જાત અનુભવ)

**ભરતચંદ્ર શાહ – સુરત - 9328974240**

# પરિવારથી કોઈ વાત છુપાવવી જોઈએ નહીં...!

## ભરતસિંહ એમ.ઠાકોર (સરલ)

**કેમ , તમે આજે આનંદમાં છો ?**

**છેલ્લા પંદરેક દિવસથી મૂંઝાયેલા હતા એવું લાગે છે. પત્નીએ પૂછયું.**

**તને એક વાત કહું. !**

**બોલો.**

**પંદર દિવસ પહેલા આપણે તા .10/9/2020 ના રોજ લુણાવાડા ગયા હતા તે યાદ છે ?**

**તો શું થયું? હા, યાદ છે ને!**

**તું સૂયા ે કટલરીમાં કટલરીની ખરીદી કરતી હતી ત્યાંરે હું એક્સીસ બેંકમાં મારી મેક્સલાઈફ પોલીસી રીન્યુ કરાવવા માટે ગયો હતો.**

**તો શું થયું ?**

**મારી પૂરી વાત તો સાંભળ...**

**તે દિવસે બેંકમાં પ્રવેશતા હાથ સેનેટાઈઝ કરી પૂરતી તકેદારી સાથે સામેના ટેબલ પર બેઠેલા વિરકભાઈને મળ્યો.**

**લગભગ તેમની સાથે અડધો કલાક સુધી ચર્ચા કર્યા બાદ ચેક આપીને કામ પતાવ્યું. આ દરમિયાન બંનેએ માસ્ક પહેરેલુ હતું.**

**કોરોનાની ગાઈડ લાઈન મુજબ સોશ્યલ ડિસ્ટનસીંગ પણ જાળવેલ હતું. કામ પતાવી આપણે ઘરે આવ્યા. રૂટિન જીવનમાં પરોવાઈ ગયા.**

**ત્રીજા દિવસે મેં વિરકભાઈને મેસેજ કર્યો. કે મારો ચેક કલીઅરિંગમાં મોકલ્યો?**

**સામેથી મેસેજ આવતાં જ હું અવાક થઈ ગયો.**

**મને કોરોના થયો છે.!**

**તે ઘડીથી હું આજ દિન સુધી ભયના ઓથાર નીચી જીવી રહ્યો હતો. મહામારીના આ માહોલમાં પોઝિટીવ વ્યક્તિના સંપર્કમાં આવ્યા પછી કોરોના આપણને થાય જ એવું મનમાં ઘૂસી ગયું હતું.પંદર વીસ દિવસ પછી કંઈ ન થતાં આ છૂપો ડર દૂર થયો હતો. ત્યારે શાંતિ થઈ.**

**મનમાં એમ કે વિરકભાઈ જો મારું નામ આપશે તો પણ આરોગ્યની ટીમ આપણો ટેસ્ટ કરશે અને પંદર દિવસ કોરંટાઈન કરશે એ જૂદા..ઘરમાં કોઈને આ વાતની જાણ નહતી.**

 પરિવારથી આ વાત છુપાવી એ મારી મોટામાં મોટી ભૂલ હતી.સદનસીબે મને કાંઈ ચેપ ન લાગ્યો એ મારા અને પરિવાર માટે સારું કહેવાય.મને પસ્તાવો થાય છે કે મારી ભૂલ પરિવારને મુશ્કેલીમાં મૂકત.

 મારુ મન આજે ઉદ્વિગ્ન,ગ્લાનિ અનુભવે છે,આવા સમયે પરિવારથી કોઈ વાત છુપાવવી જોઈએ નહિ...!

(સત્ય ઘટના આધારિત અનુભવ)

ભારતસિંહ એમ.ઠાકોર (સરલ) - મુ.ચોરસા તા.વિરપુર જિ.મહિસાગર - **9427185736**

# હર તરફ આગ હૈ દામન કો બચાયે કૈસે...

## ભાર્ગવી પંડ્યા

બહુ જ ચોકસાઈથી બધા બારી-બારણાં બંધ રાખ્યાં હતાં, છતાં પાછલે બારણેથી એ ઘરમાં પ્રવેશી જ ગયો. કોરોના એક એવો ગાંડોતૂર હાથી છે કે જેને હજુ સુધી નાથવો મુશ્કેલ રહ્યો છે. બરાબર બેસતા વર્ષની સાંજે મારા હસબન્ડને ટેમ્પરેચર આવ્યું, ટેસ્ટ કરાવ્યા અને કોરોના ડિટેક્ટ થયો.

હવે એવા દિવસોની સફર શરુ થવાની હતી જે ચિંતા, ભય અને અજંપાથી ભરેલી રહેવાની હતી. બેસતા વર્ષે આમ પણ નક્કી કર્યું હતું કે અમદાવાદમાં કોરોના વિસ્ફોટ છે એટલે ક્યાંય કોઈ સગાવ્હાલા ને મળવા ન જવું. હવે તો ૧૪ દિવસ બધાએ ઘરમાં જ રહેવાનું હતું. રિપોર્ટ આવ્યા પછી બે કલાક મનમાં ખૂબ ગડમથલ ચાલી. કેવી રીતે હું બધું સંભાળીશ ? નોકર વગર ,બહાર ગયા વગર બધું ખૂબ અઘરું હતું. પણ ધીરે ધીરે મન મક્કમ કર્યું અને આખી સિસ્ટમ  ગોઠવી દીધી. અમારા જ ફેમિલી ડોક્ટરે હોમ  આઈસોલેશન ટ્રીટમેન્ટ કરવાની શરૂ કરી.

પળે પળે પડકાર ઝીલવાનો હતો. આટલાં વર્ષો રોજ સવારે સાથે ચા પીધી હોય ,સાથે જમવા બેઠા હોઈએ એ બધાથી વિરુદ્ધ સહેજ બારણું  ખોલીને એમની ચા, ઉકાળા,

દૂધ ,જમવાનું મૂકી દેવાનું.એક વ્યક્તિ અચાનક જ જાણે કાળા પાણીની સજા ફરમાવી હોય એમ ઓરડામાં પુરાઈ જાય .મારું મન ઘણા પ્રશ્નો પૂછી રહ્યું હતું અને મારે જ જવાબ શોધવાના હતા .સંબંધની ઉષ્મા તો બરકરાર હતી પણ રૂમમાં નહીં જઈ શકવાની નિ:સહાયતા મને ખૂબ વસમી લાગતી . આખરે ચૌદ દિવસ પૂરા પણ થઈ ગયા. કોરોના વિદાય થયો .જીવનનો આ કાળખંડ થોડો કપરો હતો પણ બાકી રહેલા જીવનનું મૂલ્ય સમજાવતો ગયો. કદાચ પ્રેમનો રંગ વધુ ઘેરો બની જીવનને સતરંગી બનાવી જ દેશે .

ભાર્ગવી પંડ્યા – અમદાવાદ - ૮૩૪૭૯૩૨૯૦૦

# નવી રાહ

## ભાવના ઉપાધ્યાય

કોરોના કાળ એટલે મારા વિતેલા 48વર્ષો દરમ્યાન ન જોઈ હોય તેવી કપરી સ્થિતિ  અને એક સિક્કાની બે બાજુ હોય તેમ પીડા અને સેવાભાવના મિશ્રિત દ્રશ્યો !અમે પતિ -  પત્ની અને બે બાળકો એમ અમારો નાનો અને સુખી સંપન્ન પરિવાર. અમે પતિ પત્ની બંને ખાનગી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છીએ.મારા પતિ મર્યાદિત આવકના કારણે ડ્રોઈંગ ક્લાસ ચલાવતા હતા.આ કાળમુખા કોરોના વાયરસે પરિવર્તનનો એવો વાયરો ફૂંક્યો છે કે લોકોના જીવનની દશા અને દિશા બંને બદલી નાખ્યા છે  ! આ સ્થિતિમાંથી અમે પણ બાકાત રહી શક્યા નહિ.જુલાઈ પછી મારા પતિના પગારમાં 50% નો કાપ મૂકાયો. લોકડાઉનના લીધે ડ્રોઈંગ ક્લાસ બંધ હતા .આમ તો મારો સહારો અને કરકસરપૂર્વકનું  આયોજનબદ્ધ જીવન જીવતા હોવાથી કોઈ મુશ્કેલી નહોતી પરંતુ આ સ્થિતિ લાંબો સમય રહી તો પછી શું ? આ ચિંતા મારા પતિને સતાવા લાગી હતી. તેથી  અનલૉક થતાં હજુ નિયમિત શાળા ચાલુ ન થાય ત્યાંસુધી સમય હોવાથી નવા કોઈ ધંધામાં તકદીર અજમાવવાનું નક્કી કર્યું.મને મદદના બહાને થોડું  રસોઈ કરતા આવડતું હતું તેથી ખાણી પીણી ના ધંધામાં જંપલવવાનું નક્કી કર્યું.જોકે આ મારા પતિના દિલના કોઈ ખૂણે દબાયેલો શોખ હતો તે જાગી ઊઠ્યો અને તે દિશામાં પ્રયત્નો શરૂ કર્યા.એક હિતેચ્છુ મિત્રના દિશાસૂચનથી સદનસીબે સુરતના પાલ વિસ્તારમાં ગૌરવપથ રોડ પર જગ્યા મળી ગઇ .આ રીતે એક આત્મનિર્ભરતા ના  પ્રયાસે  ભાગીદારીમાં શરૂ થઈ '  જલારામ  તડકા ખીચડી એન્ડ ચાટ હબ '. પાપા પગલી ભરતાં આ ધંધામાં સફળતા કેટલી મળશે ? તે તો આવનારો સમય જ કહેશે પરંતુ કોરોના એ આપદામાં અવસર શોધવાની એક રાહ ચીંધી છે એ એક હકીકત છે. કહેવાય છે ને કે ' ચાહ  છે તો રાહ  છે '.

ખરેખર કોરોનાએ ઘણા લોકો ને પોતાના વ્યવસાય બદલવા મજબૂર કરી દીધા છે એ કડવું સત્ય છે. (કોરોના કાળ- સ્વાનુભવ.)

ભાવના ઉપાધ્યાય – સુરત - **8153822441**

# ૮૬ વર્ષમાં આવી બીમારી કોઈ દિ જોઈ નથી.

## ચંદ્રિકા પ્રભાકર ભટ્ટ

કોરોના એક ભયાનક બીમારી છે અને મારી ૮૬ વર્ષોની ઉંમરમાં મેં આવી બીમારી કદી જોઈ નથી. ધરતી ઉપર જે અત્યાચાર, ખૂનખરાબા વધી રહ્યા છે એને પહોંચી વળવા સરકાર, પોલિસ કે ન્યાયતંત્ર કામ કરે પણ આ કોરોના સામે આપણે સૌ લાચાર છીએ. અમારી ઉંમરે તો ઘરમાં જ પૂરાઈને બેસી રહેવું જરૂરી છે. તબિયત સાચવવી અને જો થાય તો આમાંથી હેમખેમ બહાર નીકળી જવું, એ જ મોટી સફળતા ગણાય.

લોકડાઉનનાં કપરાં કાળમાં ઘરમાં જ બંધ સૌ કોઈ કંટાળ્યા હતા. સપ્ટેમ્બરનાં છેલ્લાં અઠવાડિયામાં અમારા બે દીકરાઓ અને બે દીકરીઓ અને એમનાં સૌ કુટુંબીજનો મળીને કુલ ૨૬ વ્યક્તિઓ ઉદેપુર ફરવા ગયા હતા. મારી જવાની ઈચ્છા નહોતી પણ સૌની ઈચ્છાને માન આપીને મેં પણ જવા તૈયારી બતાવી. ત્યાં સૌ સાવચેતીનું પાલન કર્યું. રીસોર્ટની બહાર ફરવા પણ નહોતા ગયા પણ ચેપ લાગ્યો. કુટુંબનાં આઠ વ્યક્તિઓનો વારાફરતી કોરોના પોઝિટિવ રીપોર્ટ આવ્યો. ઉદેપુરથી પાછા આવીને હું મારા દીકરીને ત્યાં અમદાવાદ રોકવાની હતી પણ મારા જમાઈ અને મને કોરોના પોઝિટિવ આવતા હું તરત જ મારા ગામ વ્યારા આવી ગઈ.

મને તાવ હતો અને કશી ય સૂઝ પડતી નહોતી. કોઈ ભાન નહોતું. વ્યારા ક્યારે આવી, એ પણ ખ્યાલ ન રહ્યો. મારા પૌત્રએ મને વાહનમાંથી ઉતારી. ગામમાં પરત આવીએ ત્યારે બધા બોલાવે, વાતો કરે પણ આ તો કોરોના. બધા પાસે આવતા જ ડરે. દીકરાએ સીટીસ્કેન, બ્લડ રીપોર્ટ કરાવ્યો. દરમ્યાન હું વધારે સારી સારવાર મળે એ હેતુથી એમ્બ્યુલન્સ મારફત મારા બીજા દીકરાને ત્યાં સુરત આવી, હોસ્પિટલમાં દાખલ થઈ. કોઈ મળવા ન આવે, સાથે કોઈ હોય પણ નહીં. મનમાં સતત ડર રહે. એટલું સારું કે મને અન્ય કોઈ બીમારી નહોતી. પાંચ દિવસની સારવારનાં અંતે હું સાજીસામી ઘરે આવી ગઈ. અશક્તિ ખૂબ જ. દસ દિવસ પછી વ્યારા પાછી ફરી. ખાવાનું ભાવે નહીં. કોઈ મળવા આવે નહીં. લોકો ય અછૂત જેવુ વર્તન કરે. આ તે કેવી બીમારી! દીકરા વહુએ ખૂબ સેવા કરી. અશક્તિ બે મહિના સુધી રહી. હવે સારું છે. બસ, ભગવાનને એ જ પ્રાર્થના. આ વિકટ પરિસ્થિતિમાંથી સૌને બચાવે.

ચંદ્રિકા પ્રભાકર ભટ્ટ - કોટમાં, વ્યારા

# બેદરકારી

## ચાર્મી મજીઠીયા "ચારુ"

"મહામારીની આ પરિસ્થિતિમાં મુખ્યમંત્રી શ્રીનરેન્દ્ર મોદીજીએ લોકડાઉન હજુ એક મહિનો વધાર્યું." ટી.વી.માં આ મુખ્ય સમાચાર સાંભળી તપન ચિંતિત થયો.

એટલામાં રસોડામાંથી ઉધરસનો અવાજ આવતાં બાજુમાં બેસીને મોબાઈલમાં રમતી તેની પુત્રી દિયા બોલી, 'પપ્પા, મમ્મીને ત્રણ દિવસથી શરદી ને તાવ છે છતાં તે દવાખાને જવાની ના કહે છે. તમે જ સમજાવો એમને.'

ટકટક કરી રસોડામાંથી વાસણનાં પડવાનો અવાજ આવ્યો. તપન દોડીને ત્યાં ભાગ્યો ને જોયું તો ગેસ પરનાં ઉકાળાને લેવા જતાં મીતા લથડીયા લેતી હતી ને તપન તેને પકડે એ પહેલાં જ તે ભોંય ભેગી થઈ ગઈ. તેને તરત હોસ્પિટલનાં આઈ.સી.યુ.માં દાખલ કરી. તેને ઓક્સિજનની નળી લગાવામાં આવી. તપાસ પછી પાકું થયું કે તેને કોરોનાનો ચેપ લાગ્યો છે.

સાત દિવસ થયાં ને હજી તેની હાલત સુધરી ના હતી. દિયા પણ તેની માતા વગર કશું ખાતી પીતી ના હતી. તપન હોસ્પિટલનો ખર્ચો ઉધાર લઈ ચૂકવી રહ્યો હતો. તેની નાની કપડાંની દુકાન લોકડાઉનમાં ઘણાં મહિનાથી બંધ હોવાથી તેની પૂંજી ખૂટતાં કફોડી હાલત થઈ હતી. એકતરફ તપનની આર્થિક સ્થિતિ સામે લડત ને બીજીતરફ મીતાની કોરોના સામે લડત.

એક અઠવાડિયાનાં સંઘર્ષ બાદ અંતે મીતાએ દમ તોડ્યો. ફક્ત બત્રીસ વર્ષની યુવાવયે તેનો જીવનદીપ બુઝાઈ ગયો. તપનનાં પગ નીચેથી જાણે જમીન સરકી ગઈ. તેને પોતાની પ્રિય પત્નીનો અંતિમ સંસ્કાર કરી શકવાનું પણ નસીબ ના થયું. તેને ખુદથી વધું પાંચ વર્ષની દિયા માતા વિના કેમ જીવશે તેની ચિંતા હતી. તેને પોતાની જાતને મીતાનો દોષી માન્યો. આખો દિવસ ઘરે હોવાં છતાં તેની માંદગીની જાણ મોડી પડી. વહેલાસર ઈલાજ ન થવાનો વસવસો તેને અંદરથી ખાઈ રહ્યો હતો. એ જ ક્ષણે તેણે આંસુ લુંછી હિંમત ભેગી કરી તેની મૃત પત્નીને વચન આપ્યું કે તે ફરી આવી બેદરકારી નહીં દાખવે અને દિયાને પિતા અને માતા બન્નેનો પ્રેમ આપશે.

એક ના દેખાતાં વાઈરસે દુનિયાભરમાં હાહાકાર મચાવ્યો. કેટલાંયનાં જીવ લીધાં ને કેટલાંયનાં જીવનનો આધાર. પ્રભુ સૌને આની સામે લડવાની તાકાત આપે એવી તપને પ્રાર્થના કરી.

(સત્યઘટના.પાત્રોનાં નામ બદલ્યા છે.)

ચાર્મી મજીઠીયા "ચારુ" – જામનગર - **7359930591**

# માણસાઈ

## ચેતના ગણાત્રા

કોરોનાનો હાહાકાર બધાના હૈયાને હચમચાવી રહ્યો છે. એક સત્ય હકીકત એ પણ છે કે, આ કપરાં સંજોગોમાં માણસાઈ પણ મહેકી રહી છે. અમારા પાડોશમાં બનેલી ઘટનાથી એવું લાગ્યું, આપણાં મહાન ભારત દેશના બાળકોના સંસ્કાર આટલાં સારાં છે... નક્કી જ દેશનું ભવિષ્ય ઉજ્જવળ છે.

સોના ઘરમાં રમી રહી હતી. અચાનક ઉઠીને એના રૂમમાં ગઈ. એક બેગમાં પોતાના રમકડાં ભરીને લઈ આવી. મમ્મીને કહ્યું, "આપણાં હેલ્પર રમામાસી નથી આવતાં ને? એમની દીકરી રૂપા શું કરતી હશે? એમને ત્યાં તો ટી.વી. પણ નથી. એ કેટલી કંટાળી જતી હશે? પાછું હમણાં તો બહાર પણ નથી જવાનું. મારાં રમકડાં એને મોકલી દઈએ તો?"

આ સાંભળીને એનો ભાઈ અમન પોતાની પિગી બેંક લઈને આવ્યો અને કહ્યું, "મમ્મી, રમામાસીને આ આપીને કહેજે, રૂપાને જે ભાવે તે બનાવી આપજો. મને રાખડી બાંધે છે, મારી બહેનને તકલીફ ન થવી જોઈએ." ત્યાં જ દાદીમા આવ્યાં અને મમ્મીને ભગવાનની ભેટની રકમ આપતાં કહ્યું, "રમાબહેનને કહેજો કે ચિંતા નહીં કરતાં અને કોઈ પણ મુંઝવણ નહીં રાખતાં."

આ બધું જોઈ રહેલા વિજયભાઈ બોલ્યા, "મને આજે ખુશી થઈ કે પરિવારના બધા સભ્યોમાં સંવેદના છે. આ બધું હું જાતે જઈને પહોંચાડી દઈશ, તમે ચિંતા નહીં કરતા. પરંતુ એક વાત કહી દઉં કે આ બધાની સગવડ મેં પહેલેથી જ કરી રાખી છે. રમાબહેનના ઘરે બધી વસ્તુઓ પહોંચી ગઈ છે જેથી તેમને કોઈ જાતની તકલીફ ન થાય... અને મૂક પશુ-પક્ષીઓ માટે પણ મેં સગવડતા કરી લીધી છે. બસ, ભગવાનને એક જ પ્રાર્થના કરું છું કે આ કટોકટીના સમયમાં કોઈ પણ માણસાઈ ના છોડે."

આ પરિવારની ભાવનાને શત શત નમન. આ પ્રસંગના સંદર્ભમાં એવો વિચાર આવ્યો કે, આત્મા સો પરમાત્મા માનીને, "જનસેવા એ જ માનવસેવા" નો મંત્ર બધા જ  અપનાવે તો?
(સત્ય ઘટના)

ચેતના ગણાત્રા. "ચેતુ" – મુંબઈ - **91672 61361**

# કોરોનામાં એક દુઃખી પરિવાર

## દર્પણ પિનાકીનકુમાર સુરતી ( દિયું )

૨૦ માર્ચ ૨૦૨૦ નો દિવસ હતો હજી તો આવતા મહિને મારી પરીક્ષાઓ આવવાની હતી કે લોકડાઉન જાહેર થઇ ગયું. બધી જ દુકાનો બંધ થઇ ગઈ અને માત્ર ને માત્ર જીવન જરૂરિયાત ની વસ્તુની જ દુકાનો ખુલ્લી હતી. ઘરમાં ને ઘર માં જ રહેવાનું હતું .એ વખતે અમને કોરોના વિશે એટલી સમજ ન હતી અને અમે એની ગંભીરતાને પણ સમજતા ન હતા. લોકડાઉનમાં ઘણી સોસાયટીના લોકો ક્રિકેટ,લુડો,કેરમ જેવી રમતો રમતા હતા અને તે પણ સરકાર ની ગાઇડલાઇન નું પાલન કર્યા વગર. અમારી સોસાયટીમાં પણ લોકો આ જ વર્તન કરતા હતા.પરંતુ ધીરે ધીરે દિવસો વીતતા ગયા અને ત્યાં તો 3 મહિના વીતી ગયા.જે ચાલતું હતું તેમનું તેમ જ ચાલી રહ્યું હતું.ત્યા અચાનક એક દિવસ મારા ઘરની સામે મારા મિત્ર તુષાર ના પપ્પા ને કોરોના રીપોર્ટ પોસિટીવ આવ્યો.ઘણા લોકો અમારી સોસાયટીમાં આવ્યા અને મારુ,મારા બાજુનું અને તુષાર નું ઘર ક્વોરોન્ટાઇન કરી દીધું.આ વાત લગભગ બધાને ખબર પડી ગઈ હતી કે તુષારના પપ્પા ને કોરોના રીપોર્ટ પોસિટીવ આવ્યો છે એટલે બધા જ લોકો માસ્ક પહેરીને ફરવા લાગ્યા અને સાવચેતી પણ રાખવા લાગ્યા. સોસાયટીના ઘણા લોકો એ મારા અને તુષાર ના ઘરની આસપાસ ખાટલા અને દોરીઓ બાંધી દઈ અને રસ્તો બંધ કરી દીધો , કોઈ પણ અમારી ઘર પાસે ના આવે અને અમારી સાથે વાત પણ ન કરે, જે લોકો તુષાર અને તેના પરિવાર ના સંપર્ક માં આવેલા તેઓને પણ મન માં ડર થઇ ગયો કે ક્યાંક મને આ બીમારી ના થઇ જાય. બીજા દિવસે તુષારના પરિવાર ના બીજા સભ્યો એ પણ કોરોના ટેસ્ટ કરાવ્યો, પરંતુ બધાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. અમારું ઘર ૧૪ દિવસો માટે ક્વોરોન્ટાઇન હતું.કોઈ અમારા ઘર પાસે નહિ આવતું અને કોઈ અજાણ્યું આવી જાય તો પણ લોકો એને સાવચેત કરી દેતા ,લોકો એના પરિવાર સાથે ઘણો ભેદભાવ કરતા હતા .તુષારના પરિવાર ના લોકો ૧૪ દિવસો સુધી દરવાજા બંધ કરીને ઘરમાં જ બેસી રહેતા, ના એ ઘરની બહાર આવતા કે ના કોઈ ની સાથે વાત કરતા. ના જાણે એ ઘર માં એકલતામાં એમનો શ્વાસ પણ રૂંધાતો હશે .જયારે કોઈ નાનું છોકરું ઓચિંતે એમના ઘર પાસે આવી પણ જાય તો ત્યારે તેની મમ્મી એને જોર ધમકાવી ને એને ના પાડતી કે ત્યાં નહિ જવાનું,જયારે મારી મમ્મી તુષાર ના ઘર ની બારી પાસે દૂરથી તુષાર ના પપ્પા ની ખબર-અંતર પુછતી અને કોઈ જરૂરિયાત ની વસ્તુ મંગાવી હોય તો હું લાવીશ એમ કહેતી ત્યારે લોકો મારી મમ્મી ને પણ બોલતા કે કેમ તમે એમની પાસે જઈને વાત કરો છો. એમ કહેતા અને ભેદભાવ રાખતા આ સાંભળી ને ખુબ દુઃખ થતું. તુષાર ના પપ્પા કોરોના સામે ખુબ લડ્યા પણ આખરે કોરોના એ મારા અંકલ એટલે કે તુષાર ના પપ્પા ને જીતવા ના દીધા

અને  એમને કોરોના ભરખી ગયો.જે દિવસે આ ઘટના બની એ દિવસ રવિવાર હતો સવાર નો સમય હતો. હજુ તો અમે ચા નાસ્તો જ કર્યો હતો.હું અને મમ્મી ઘર ની સાફ સફાઈ કરતા હતા ત્યાં તો તુષાર ના ઘરે થી જોર જોર થી રડવાના અવાજો આવવા લાગ્યા. હું અને મમ્મી એક ક્ષણ માટે તોહ સ્તબ્ધ થઇ ગયા. એમના પરિવાર ની આ ચીકાલો અને એ રડવાનો અવાજ સાંભળી ને મને અને મારી મમ્મી ને તો રડવું જ આવી ગયું.ખરેખર એ દિવસે સમજાયું કે આ કોરોના કેટલી ગંભીર અને વિનાશક બીમારી છે. કોરોના  એ એક પરિવાર ના સભ્યને એમના થી છીનવી લીધો અને આ જ પરિવાર નહિ કોરોના એ તોહ બીજા પણ ઘણા પરિવારો ને છિન્નભિન્ન કરી નાખ્યા છે. કોરોના એ બાળકોના પાસે થી તેમના પિતા,એક  પત્ની પાસે થી તેનો પતિ ,એક બહેન પાસે થી તેનો ભાઈ છીનવી લીધો. આ ઘટના ક્યાંક તમારી સાથે પણ ના બને તે માટે કોરોના થી સાવચેત રહો અને સરકાર ની ગાઇડલાઇન નું પાલન કરો. **Be safe and be happy.**

સુરતી દર્પણ પિનાકીનકુમાર ( દિયું ) - કુબેરનગર,અમદાવાદ -  ધોરણ:-૧૦ - **Mo : 95376 80249**

# કોરોનાનો ભય

## દાયમા-જશપાલ સિંહ

ઝમકુ અને જમન બંને નવદંપતી હતા .અને તેઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. આથી તેઓ મહેનત-મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવતા હતા .ધીરે-ધીરે સમય વીતતો જાય છે .અને કોરોના જેવા ભયંકર રોગનો આગમન થાય છે અને ઝમકુ અને જમાનો ગુજરાતી કરવું મુશ્કેલ બની જાય છે.પણ તેઓ હિંમત હારતા નથી .અને અનલૉક મા થોડી છૂટછાટ મળતા તેઓનો ગુજરાન કરવું થોડા અંશે સહેલું બને છે.

કોરોના જેવા ભયંકર રોગ સામે દેશના નાગરિકોને રક્ષણ મળી રહે તે માટે સુરત મહાનગર પાલિકા દ્વારા દવાઓનું વિતરણ શરીરનું ચેક-અપ વગેરે કરવામાં આવતું હતું. અને એક દિવસ ઝમકુ અને જમન બંને ઘેર પહોંચ્યા હતા .અને ત્યાં તેમને એવી ખબર પડે છે કે કોરોના નું ચેકિંગ માટે "ધન્વતરી રથ"આપણી શેરીમાં આવ્યો છે અને આ સાંભળી જ ઝમકુ ગભરાઈ જાય છે અને જમન ને ઘરમાં રહેવા માટે વિનંતી કરે છે.

જમન આ વાતથી ગભરાતો ન હતો .અને તે જમકુ ને સમજાવે છે કે આપણી પડોશમાં રહેતા "કોકિલાબહેન"એ કોરોના નું ચેકપ કરાવ્યું તો તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો અને તેમને સમયસર સારવાર મળવાથી તેઓ સારા થઈ ગયા આથી આપણે કોરોના નું ચેકિંગ કરવામાં ગભરાવવું જોઈએ નહી.

ઝમકુ જમન ને  વાત સમજી જાય છે. અને તેનામાં કોરાના  નો ભય હતો. તે પણ દૂર થઈ જાય છે. ઝમકુ અને જમન   જ્યારે કોરાના નું ચેકિંગ કરાવે છે તો ત્યારે તેમનો રિપોર્ટ નેગેટિવ આવે છે અને જ કોરોના નો ભય હોય છે .તે પણ દૂર થઈ જાય છે.

(સત્ય ઘટના)

દાયમા-જશપાલ સિંહ - સુરત - મો, ૯૮૯૮૩૪૫૭૬૦

# કોરોનાની બીમારીમાં તો આપણે જાતે જ લડવાનું હોય

## આર જે દેવકી દીદી

માંદગી, બિમારી આવા શબ્દ સાથે તમારા મનમાં ક્યાં વિચાર આવે, દવા, ડોક્ટર,ખાસ પ્રકારની હોસ્પિટલ, અગવડ, કળતર,થાક,રજાઈ,......., શું આવે? દેવકી દીદી ના મનમાં માંદગી કે બીમારી આવા શબ્દ સંભળાય એટલે તરત જ એમને યાદ આવે કાળજી, વ્હાલ, ધ્યાન,મદદ, સથવારો એવા વ્હાલ ભરેલા શબ્દો......

કોરોના સમય માં જ નહીં પરંતુ બીજી બીમારીઓ ની શ્રેષ્ઠ દવા એ માં એ બનાવેલ ગરમ શીરા માં, મગના પાણી માં, સૂંઠ-મરીની ફાંકીમાં, તાપથી ગરમ શરીર પર પાણીના પોતા મૂકતા હાથ કંઈ દુઆઓથી ઓછા ના કહેવાય.

દેવકી દીદી કહેતા કે કોરોના ની માંદગી માં ન કંઈ ખાવું ગમે,ન કંઈ કરવું કારણકે પોતાના સ્વજનો અને પોતાનું શરીર જ કાબૂમાં ન હોય. કોરોનાની બીમારીમાં તો આપણે જાતે જ લડવાનું હોય છે અહી કળતર માં કે તાવ માં પાણી ના પોતા મૂકવા વાળું કોઈ મદદ ના કરે. ડોક્ટર ની દવા અને મનની તાકાત આ બે જ તમારા અંગત કો તો અંગત અને શસ્ત્ર કો તો શસ્ત્ર.

દેવકી દીદી કહેતા કે જીવનમાં પહેલી વાર ૪૦ દિવસ એક જ રૂમમાં એકાંતમાં એકલા કાઢયા.ડોરબેલ વાગે એટલે સમજવું કે કોઈ જમવાનું મૂકી ગયું,દવા થી લઈ ને બાથરૂમ ની સાફ-સફાઈ બધું જાતે જ કરવાનું. દેવકી દીદી ને એક અઠવાડિયા માં એટલા ઉબકાર આવ્યા કે પાણી પણ ન પી શકાય અને એક કોળિયો જમાય પણ નહીં.ખાલી વિડિયો કોલ થી મમ્મી પપ્પા સાથે વાત થતી.પપ્પા નો વ્હાલ અને મમ્મી નો હેત જ હિંમત આપતા. રીકવરી આવ્યા બાદ તેઓએ તેમની પસંદગી ની સીરીઝ ફ્રેન્ડસ નો આનંદ માણ્યો.

તેઓ ની એક મિત્ર જે તેમના ઘર થી ૧૮ કિલો-મિટર દૂર રહે તેઓ એ પોતાના બાળકના ભણતર તેમજ પોતાના ઓનલાઇન ટીંચીંગ કલાસ વચ્ચે ટીફિન મોકલી ને પણ હૂંફ પૂરી પાડતા. કોરોનામાં બનેલી ‘તમારા અને મારા ઘરની સત્ય ઘટના’માંથી આવરી લેવામાં આવેલો **94.3 my fm** ના **R.J.Devki** દીદી નો એક અંશ.

આર.જે. દેવકી દીદી – અમદાવાદ -

# સ્વમાન

## દિપકકુમાર ઈશ્વરભાઈ ટુંડજવાળા

હું સ્કૂલ જતો હતો. એક ભાઈ રસ્તા માં મને મળીયા...તે ખુબજ ગરીબ હોય તેવું તેમના કપડાં પરથી મને લાગ્યું. તે ભાઈ મને કહે સાહેબ હું ખારીસિંગ વેચુ છે તમે લો તો સારૂં. મેં કહ્યું ભાઈ મારા ઘરે ખારી સિંગ છે.

નથી લેવી.

સાહેબ, તમે ખારીસિંગ લો તો મારા બૌરી છોકરાના રોટલા નીકળી જાય. લોકડાઉન ના લીધે એક ટાઈમ નું જમવાનું નીકળી જાય. તે ભાઈ મને કહેવા લાગ્યો હું પાણીપુરી વેચતો હતો...પણ લોકડાઉન ના લીધે પાણીપુરી ની લારી બંધ છે.ઘર માં શાકભાજી લાવાના પણ પૈસા નથી. એટલા માટે ખારી સિંગ વેચું છું. તમે સાહેબ થોડી ખારીસિંગ લેશો તો ઉપકાર તમારો.

મેં ખારી સિંગ હાથમાં લીધી પછી વિચાર આવ્યો..મેં તે ભાઈ કહ્યું ભાઈ ખારીશીંગ તમે રહેવા દો.. હું તમને પૈસા આપું છુ... મેં **100** રૂપિયા આપ્યા.

પેલો ભાઈ મારી બાજુ જોવા લાગ્યો. સાહેબ હું ગરીબ ભલે છું પણ હું મહેનત કરી ને પૈસા કમાઈ છું. હા તમે મને પૈસા આપશો હું પૈસા લઇ લવ. પણ સાહેબ, મારું સ્વમાનનું શું...? મારી આબરૂ નું શું? મહેનત નો રોટલો થી મારા છોકરાં જમાડુ છું.

હું તે માણસ ને જોતો રહી ગયો. તે માણસ મને ખારીસિંગ આપી...જતો રહ્યો.

આજે દેશ માં કેટલાય લોકો અનીતિ થી પૈસા કમાઈ છે. જયારે હજી પણ આવા માણસો પોતાની મહેનત થી જ જીવે છે.

(સત્ય ઘટના)

દિપકકુમાર ઈશ્વરભાઈ ટુંડજવાળા ( દિપ) - ગામ :- વાગરા (ભરૂચ) - **7567819186**

# કોરોના સમયે પરિવારના પારખાં

## ગાયત્રી પટેલ

રિયા શર્મા વ્યવસાયે સરકારી શાળામાં શિક્ષિકા. સરળ સ્વભાવની ક્યાયરેય કોઈ અજાણી વ્યક્તિને મદદ માટે પણ ના નહિ કહે, ઉંમરના અભાવે તેને થાક અને કામ કરવામાં કરે એટલું ધાર્યું ન થતું. 16 માર્ચ પછી મહિનાના અંતમાં સરકારે લોકડાઉન જાહેર કરી દીધું, ત્યાર બાદ ખરી કસોટી થઈ રિયાની. એક સ્ત્રી સાથે વધતી ઉંમર અને સરકારી નોકરી ઘરની જવાબદારીમાં સાસુ અને દીકરો મંત્ર. લોકડાઉનથી જે રાહત સરકારના અમુક ભાગના કર્મચારીઓને થઈ તે રિયાને નહિ, નગરપાલિકા તરફથી પ્રાથમિક શાળાના શહેરના સર્વ શિક્ષકોનો કોરોના કામગીરીનો સર્વેના ઓર્ડર કાઢવામાં આવ્યા. સાથે બાળકોને શિક્ષણ આપવાનું, બાળકના પરિવારની સ્થિતિથી અવગત રહેવું અને સાથે કોરોનાની કામગીરી શરૂ કરી. સમય સુચકતા અને શુધબુધથી પોતાને આ કામમાં પણ ઢાળી દીધી,કામગીરી અને શિક્ષણ કાર્ય  કરતા કરતા ક્યારે એના ઘર પરિવારના સભ્યને કોરોના થઈ ગયો તે ખબર ના પડી.તો પછી પોતાને હોમ કોરેન્ટાઇન કર્યા બાદ એકલા હાથે તે એક સ્ત્રી થકી દર દર ભટકી ઘરના સભ્યને હોસ્પિટલમાં દાખલ કર્યા ત્યાર બાદ ઘરને સાચવ્યું સાથે દીકરાનું ભણવાનું અને બધી જ બાબતમાં તે આગળ વધી,પરંતુ તે હવે એકલી પડી ગઈ.માતા પિતા સિવાય કોઈએ એને સાથ તો દૂર સહકાર પણ આપવાની ના પાડી દીધી, રિયાને જતાવવામાં આવ્યું કે તું સરકારી નોકરી કરે તમારે શું બધી મદદ મળી રહે,અહીં કોણ ?માનવતાનો જે ધર્મ કરતી હતી તેને આજે માનવતા પરથી વિશ્વાસ ઉડી ગયો,જે નણંદને સખી સમજતી હતી તે આજે પારકા કરતા પણ દુશમનની જેમ વ્યવહાર કરતા  તે અંદરથી સમસમી ગઈ.આમ જોવા જઈએ તો રિયા ઘણી મજબૂત અને કઠણ મનની પણ આ પરિસ્થિતિમાં તે અંદરથી જ ભાંગી પડી,એકબાજુ પતિ શહેરથી દૂર અને નાનો દીકરો,સાથે સાસુને કોરોના, હોસ્પિટલમાં જવાનું 12 વર્ષના દીકરાને એકલો ઘરમાં બંધ કરવાનો,રોગ પણ એવો કે જેમાં પરિવારથી અલગ થઈને રહેવું,જ્યાં પરિવાર દરેક તહેવારમાં એકઠા થતા હતા ત્યાં આજે પરિવારોમાં રોગને લીધે દરાર પડતી જોવા મળી. બાહ્ય રોગે લોકોના બાહ્ય દેખાવની સાથે  આંતરિક મનની વાત પણ ખબર પડીગઈ.  આ મહામારીએ તેને બધા જ રીતના અનુભવો  કરાવી દીધા.

(સમય, સ્થળ, નામ બદલ્યા છે.)

ગાયત્રી પટેલ – સુરત - **8000276441**

# કોરોના –કોરોના
## ગિરિમા ઘારેખાન

માર્ચ મહિનાથી એનાથી બચવા માટે શું શું ન હતું કર્યું? કેટલા બલિદાન? હળવું,મળવું, તહેવારો ઉજવવા, ફરવું, –બધું જ છોડી દીધું હતું. પણ દિવાળી પહેલા જ લાગવા માંડ્યું કે આ અણગમતા મહેમાનના જોર સામે બધા બલિદાન વ્યર્થ છે. શરદી, ઉધરસના ઠુસકા અને અંદર અનુભવાતો તાવ-બધું જ શાહમૃગની જેમ 'દિવાળીકામ અને ફટાકડા'ની રેતીમાં મોં નાખીને અવગણ્યા કર્યું. પણ એક રાત્રે સુગંધે સાવ સાથ છોડી દીધો એટલે બીજે દિવસે ના છૂટકે હું અને મારા પતિ હાર્દિક કોરોના ટેસ્ટ કરાવવાની લાઈનમાં જઈને ઊભા રહી ગયા.

પરિણામ ધાર્યું હતું એ જ આવ્યું. ડોકટરે જણાવ્યું કે 'તમે પોઝીટીવ' છો. પેટમાં તેલ તો રેડાયું પણ તમાચો મારીને ગાલ લાલ રાખવાનો પ્રયત્ન કરતાં મેં કહ્યું, 'હા, હું તો બહુ જ પોઝીટીવ છું.' દવાઓની કીટ લઈને ઘેર આવી. સદનસીબે હાર્દિક 'નેગેટીવ' હતા.

એક તો ઘરમાં બે જણ એકલા રહેતા હોઈએ, એમાં ય સ્ત્રીને આવી તકલીફ થાય એટલે બંનેની હાલત ખરાબ. હું તો ઘરમાં જઈને ઉપરના માળ ઉપર ચડી ગઈ. નીચે હાર્દિકને કંઈ સુઝે નહીં એટલે 'ફલાણું-ઢીકણું ક્યાં છે ?' અને 'અહીં જુઓ-ત્યાં જુઓ'ની જુગલબંદી વચ્ચેનો દાદરો સાંભળતો રહ્યો. સંજોગો એવા હતા કે બે ય જણને એકબીજાની ફિકર થાય. પણ ટેન્શન નથી જ કરવું એવું નક્કી કરી લીધું. મારા ક્યાંય બહાર ગયા વિના આ કોરોના મહેમાન શરીરમાં પધારી જ ગયા છે તો એમને બીજા કોઈ પાસે જવા દીધા સિવાય એમના સમયે એમને વિદાય કરી દેવાનો પ્રયત્ન ચાલુ કરવાનો હતો. મુંબઈથી એ જ દિવસે સાંજે દીકરો આવી ગયો અને પછી તો અમારા બંનેની શારીરિક-માનસિક લડાઈ જાણે હળવી થઇ ગઈ. જીવનસાથી અને પુત્રનો સહકાર, કાળજી અને ન આવી શકતી દીકરીના અવાજમાંથી નીતરતા આંસુ મને 'ઓક્સીમીટર' ના વધઘટ થતા રહેતા આંકડાઓ વચ્ચે હિંમત આપતાં રહ્યાં. શ્વાસ ચડી જાય ત્યારે શ્રદ્ધાના શ્વાસ લેવાના ચાલુ કરી દેતી હતી.

ચૌદ દિવસના આ અનુભવે ઘણું બધું શીખવાડ્યું. જીવન 'ક્ષણભંગુર' કેમ કહેવાય છે એ સમજાયું . આગળના જીવનની થોડી યોજનાઓ 'સમયસર' બનાવવાની ખબર પડી. સગાં-વહાલાના ઘેરથી આવતા ટીફીનમાં એમનો ભરાઈ ભરાઈને આવતો પ્રેમ આરોગ્યો અને મિત્રોના રોજ રોજ આવતા સ્નેહભર્યા ટેલીફોનમાંથી વરસતી એમની દરકારની છાલકોથી ભીંજાઈ જવાયું. ઘણું બધું વાંચવાનો, વિચારવાનો સમય મળ્યો. એકાંતવાસમાં પણ હું 'એકલી' ન હતી.

**અત્યારે તો કોરોનાએ આપેલો ફરજીયાત એકાંતવાસ પૂરો થઇ ગયો છે. ધરતીકંપની જેમ એની ‘after effects’ શરીરમાં તો છે જ, પણ માનસિક રીતે એણે મને વધુ પરિપક્વ બનાવી છે એમ લાગે છે. ‘પોઝીટીવ’ રહીએ તો દરેક આપત્તિ કંઇક તો શીખવાડી જ જાય છે ને?**

ગિરિમા ઘારેખાન – અમદાવાદ - ૮૯૮૦૨૦૫૯૦૯

# હું સ્ત્રી છું

## હંસા એસ. ઝાલા "લાગણી"

" મારું મન થયું છે લાચાર ઘાયલ જિંદગી !
તો યે રે હું ના હારતી...રે !
મન મારું મક્કમ કરું મારા પ્રભુ રે જિંદગી !
હું રે ના જોને હારતી....રે. !
મારી લઈ લે તું અગન પરીક્ષા મારા પ્રભુ !
તો યે રે હું ના હારતી... રે !
હું તો કસોટી માટે સર્જાય મારા પ્રભુ !
તુંયે જોઈ લે મારું મનડું મક્કમતાથી...
આંખ મારી વરસે ભલે ચોધાર રે જિંદગી !
રુદિયુ ભલે ચીરાય, દર્દ મને આપતું.. રે.. !
તોયે રે હું ના હારતી.. રે.. !

" ભગવાને માણસનું સર્જન કરી તો બહુ મોટી માનવીને ભેટ આપી છે. બુધ્ધિ આપી છે. બળ આપ્યું છે. અને એ ભેટ સાથે અનેક સમસ્યા, દુઃખ, દર્દ, પીડા, વિયોગ, આંસુ, સુખસાહ્યબી, મોજશોખ, હસીમજાક અને લાચારી સાથે માનવ, ભગવાનની આ આપેલ, અનમોલ ભેટ " માનવ " તરીકે કે પછી દાનવ તરીકે મહેસૂસ કરે છે. કોઈ કઠોર બને છે. કોઈ લાગણીમાં તણાય છે. કોઈ રાક્ષસ બને છે, કોઈ સદાચારી, સુવિચારી બને છે. કોઈ હુંપદ મેળવવા ગમે તે કરે છે. કોઈ ભલમનસાઈ અને પ્રેમભાવના ફેલાવવા ગમ પીવે છે.

" હેલો મિત્રો! આ લાગણીની કલમ છે. માઁ સરસ્વતીની સાથે માઁ સરસ્વતીના આશિષથી કલમ અટકવાનું નામ નહિં લે. પરંતુ અન્ય વાતો પર વિરામ આપતાં, લાગણી આજ એનો વિષય અનુસાર એક સ્ત્રી તરીકે કોરોના, કપરો કાળ ! દર્દ ભર્યું લોકડાઉન ખુદનો અનુભવ વ્યક્ત કરી રહી છે. અને પ્રભુ પાસે દુવા માગી રહી છે. " હે ભગવાન ! બસ હવે હાથ જોડી સાચા હ્રદયપૂર્વક નમન કરું. હવે માનવને ઉગારી લે પ્રભુ. આ મહાભયાનક વાયરસનો નાશ કરી હે ભગવાન સૌ માનવીનું જીવન ખૂશી ભર્યું કરી દે.

અહીં લેખન સમય મર્યાદાના લીધે મર્યાદિત લખી રહી છું. જોકે મારો આ અનુભવ, મારી લખેલ સ્ટોરી ઘણી મોટી છે. પરંતુ સમય મર્યાદાના લીધે પ્લસ પોઈન્ટ્સ જ લઈ રહી છું. 🙏👍.

અરે એટલું ઝડપી આ બધું બની ગયું કાંઈ ખબર જ ના પડી. બસ આ ગોઝારો વાયરો, પુરી દીધા સૌ કોઈને ઘરમાં. બધુંજ જલ્દી ઠપ્પ થઈ ગયું. મારા પતિ ડાયમંડ કારીગર છે. હું ટેક્સટાઇલ સાથે સિલાઈમશીનનું કામ કરું છું. કામ સદંતર બંધ. અરે નાના મોટા દવાખાના પણ બંધ થઈ ગયા. ઘરમાં ઉંમરલાયક બાપુજીનું પગનું ઓપરેશન અને લોકડાઉન...! ઘરમાં ગર્ભવતી દીકરી, એના અઢી વર્ષના બાળક સાથે..આરામ માટે આવેલી. અને લોકડાઉનના પંદર દિવસમાં જ બેઉ માઁ દીકરો બીમાર થઈ ગયા. ફૂલ કોરોના જેવા જ લક્ષણો...સતત ઘરગથ્થું ઉપચાર અને એક ભગવાન સમાન અહીંના ડોક્ટર અનિલભાઈ...દૂર રહેતા હોવા છતાં એકજ ફોનથી આવી જતા. અને મારી દીકરીનું બાળક સાજું કર્યું. પણ એ સમય... અહીં ટૂંકમાં જ લખું છું. એટલે વિસ્તારપૂર્વકની મારી કહાની નહિં સમજાય.

સતત લોકડાઉનનું અમે પાલન કર્યું. ક્યાંય ગયા નહિં. ગામડે પણ ભાગ્યા નહિં. અહીં સૂરત જ રહ્યાં. અને લોકડાઉનનું પાલન કરતા રહ્યા.

મારા દૂર રહેતા દીકરાઓ. મારી ઢીંગલી.. મારાથી બહુ દૂર પડી ગયા. દરેક રસ્તા બંધ થઈ ગયા. મારો મોટો દીકરો ડોક્ટર છે. અમદાવાદ એક હોસ્પિટલમાં નોકરી કરે છે. જ્યારથી કોરોના ત્યારથી આજ સુધી સતત, કોરોના દર્દીની સારવારમાં જ છે. મારી પુત્રવધૂને પણ એના મમ્મીના ઘરે મુકી દીધી. એકલો રહ્યો. હોસ્પિટલ નોકરી સતત સંભાળતા રહ્યો અને ઓનલાઇન પણ કોરોના દર્દીની સારવાર આજ પર્યન્ત ફ્રી માં જ કરે છે. કોરોના દર્દીને સાચવતા સાચવતા, મારો દી. ખુદ પોજીટીવ થઈ ગયો. તોયે હિંમત ના હાર્યો. અમને જાણ વાત પણ ના કરી. પોતે જ પોતાનો ઇલાજ કરી, સાજો થઈ, ફરી લાગી હોસ્પિટલ નોકરી પર. હજી પણ કોરોના દર્દી જ સાચવે છે. અને હજી પણ અમને એનાથી દૂર રાખે છે. મારું મમતા ભર્યું મન હવે એની પાસે જવા આતુર બન્યું છે. મારો દી. પણ અમને મળવા રાહ જોઈ રહ્યો છે.

મારો નાનો દીકરો વિદેશ ભણી રહ્યો છે. ત્યાં બિલકુલ સાદાયથી રહેતો મારો નાનો દીકરો પણ મોટા જેવો જ પ્રેમાળ છે. પોતે ભૂખ્યો રહી જાય પણ, બીજાને ખવડાવીને ખાય એવો એ મારો દીકરો, ત્યાં આપણા ઘણા ભારતીય બાળકોને દરેક રીતે મદદ કરી, એની લાગણી વ્યક્ત કરતો હોય છે. એવું

મારું આ નાનકડું બાળક પણ ત્યાં એકલો અટૂલો વાયરસના લક્ષણમાં આવી ગયો. ઘરમાં રહીને જ હિંમત પૂર્વક દવા અને ઘરેલુ ઉપચારથી સાજા થયા પછી અમને જાણ કરી.. 😑😑
મારા માટે... હું હજી પણ આ મારા બાળકોની વાયરસની વાત સહન નથી કરી શકતી. 😑

બહુ ચિંતા અને લાચારીમાં જ સમય કાઢતા... આંખે આંસુની ધાર ....અને ત્યાં તો મારા મોટાભાઈ જેઓ ગાંધીનગર રહે છે. ઉપસચિવ અધિકારી છે. તેઓ કોરોના ની ચુંગાલમાં ઘેરાય ગયા. પોજીટીવ. શ્વાસની પણ તકલીફ થઈ ગઈ. ઑકિસજન પર રાખવા પડ્યા.ત્યાં એપોલો.. હોસ્પિટલમાં એડમિટ કર્યા. અને ઘરે ભાભી, ત્રણ બાળકો, મમ્મી, બધા જ પોજીટીવ...😑એ બધા ને ઘરે જ રાખી ઇલાજ કર્યો. ડોક્ટર ઘરે આવતા અને મારો દીકરો ઓનલાઇન સારવાર કરી. એક મહિના પછી બધા સારા બન્યા.

અને ત્યાં તો બે મહિના પહેલા મારી દીકરીને, અહીં સૂરત જ સીઝીરીયનથી ડિલિવરી થઈ દીકરી જન્મી અને બીજા જ દિવસે એના સાસુ સસરા અને જમાઈ.. કોરોના પોજીટીવ..😑
પંદર દિવસની સારવાર પછી સાજા થયા. અને હું મારી દીકરીની ડિલિવરીમાં ત્યાં હાજર હતી, તો હું પણ સંક્રમિત થઈ. તરત જ મારા ડોક્ટર દીકરાએ ઓનલાઇન સારવાર ચાલુ કરી દીધી..અને ઘરેલુ ઉપચાર સાથે હિંમત...અને ક્યાંય પણ બહાર નહિં. સતત ઘરમાં જ રહી ગયા. ફૂલ કાળજી રાખી. કોઈને ઘરે આવવા પણ ના દીધા, અને હું તો હજી સુધી કોઈના ઘરે નથી જાતી. બસ હજી પણ ફૂલ નિયમો મારા બાળકો પળાવે છે.

આ સમય ખૂબજ પીડાદાયક અને દુઃખભર્યો રહ્યો. પરંતુ આખા ભારત દેશનું દુઃખ સમજી, વ્યથા મહેસુસ કરી, તો હું મારું દુઃખ ભૂલી જાવ છું. અને મારા દૂર રહેતા બાળકોની હું રાહ જોઈ રહી છું. મારો ડોક્ટર દીકરો.. કહે છે..મોમ.. ચિંતા ના કરો, તમારો દીકરો સેવાનું કામ કરી રહ્યો છે.બસ દુવા વરસાવો.તમારો દીકરો નીડર છે. મારો નાનો પણ કહે છે...માઁ... ચિંતા ના કરો...પરમાત્માના ઘરે દેર છે, અંધેર નથી. અને બસ હું મારા બાળકોની આવી વાતો સાંભળી મારા આંસુ પી જાઉં છું. એક શ્રમજીવી માતાપિતાના બાળકો..
સેવા ને અને ફરજ ને પહેલા સમજે છે, એ માટે મને ગર્વ છે અને પ્રભુને નમન કરું છું.
(સત્યકથા)

હંસા ઝાલા " લાગણી " – સુરત - **9998833450**

# જ્યારે સચવાયેલો ડૂમો ખાલી થયો

## હિના એમ. દાસા

મારી વ્હાલામાં વ્હાલી સખી રવીનાનો એક દિવસ અચાનક મેસેજ આવ્યો,

"જ્યારે મારે ખરેખર તારી જરૂર હતી ત્યારે મને એક કોલ પણ ન કરવા બદલ આભાર, જ્યારે અમે આખું ઘર માનસિક રીતે તૂટી પડ્યા હતા ત્યારે જેની પાસેથી મને સાંત્વનાની સૌથી વધુ આશા હતી એવી તે મને બે શબ્દો પણ ન કહ્યા એ બદલ તારો આભાર....."

વાંચીને  હું ડઘાઈ ગઈ, કે મારાથી બહુ મોટી ચૂંક થઈ ગઈ. મેં એને સીધો કૉલ કર્યો. એણે મને બધી વાત કરી કે

"મારા સસરાને કોરોના પોઝિટિવ આવ્યો છે. અમે એમનાથી અહીં દૂર ભાવનગર ને મારા સાસુને સસરા ત્યાં ઘરે છે. એ હોસ્પિટલ હતા એ દિવસો અમારા માટે સૌથી જીવનના સૌથી ખરાબ દિવસો હતા. એક તો એમની પાસે જઈ ન શકીએ. ઘરે સાસુ એકલા. એમની પણ ઉંમર ખાસી, ને મારો બાબો છ મહિનાનો તો ન અમે એમની પાસે જઈ શકીએ કે ન એ અમારી પાસે આવી શકે. વળી હોસ્પિટલ ફોન કરીએ એટલે પપ્પાનો અવાજ બહુ ઢીલો લાગે, કારણ કે એમને શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી, વળી એ રોજ હોસ્પિટલમાં કોઈને કોઈના મોતના સમાચાર સાંભળે ને સામે લોકોને તરફડતા જુએ એટલે આજીવન એકદમ મજબૂત રહેનાર પપ્પા એકદમ જ હિંમત હારી ગયા. અમે બંને પતિ-પત્ની રાત આખી પડખા બદલીએ કે પપ્પાને એકદમ સારું થઈ જાય. એ સમય અમારા માટે સૌથી કપરો સમય હતો. સમસ્યા સાંભળવી અને અનુભવવી એ બંને બહુ અલગ વસ્તુ છે. ને આવા સમયે તે એક કૉલ પણ ન કર્યો તો મને બહુ દુઃખ થયું..."

મેં સખીને બોલવા દીધી. એ ધ્રુસકે ધ્રુસકે રડતી હતી. દિલ હળવું કરતી હતી. મને ખબર હતી આટલા દિવસમાં એણે જે અનુભવ્યું એટલે આમ અંગત પાસે બોલવું સ્વાભાવિક હતું. મેં બધું સાંભળ્યું. પછી એની માફી માંગી કે હા મારી ચૂંક થઈ કે જ્યારે તારે હિંમતની જરૂર હતી ત્યારે હું તારી સાથે ન હતી. આ સમય જ એવો કપરો ચાલે છે માણસ ઇચ્છવા છતાં પોઝિટિવ રહી નથી શકતો. આટલા દિવસ જે ડૂમો એણે સાચવ્યો હતો એ આંસુ દ્વારા ખાલી થઈ જવા દીધો. પછી એણે કહ્યું કે,

"સખી ખરેખર પોતાનાઓ પર આવે ત્યારે કશું જ નથી સૂઝતું, ઈશ્વર આવો કપરો સમય કોઈને ન આપે, હવે પપ્પાને સારું છે, ઘરે આવી ગયા છે, ને બીજા કોઈને પણ કોરોના થયો નથી..."

ત્યારે મને સમજાયું કે આ સમયે તમારા બે શબ્દો કોઈને હિંમત આપતા હોય તો એમને હિંમત આપજો. ભલે એ કહે નહિ પણ સાંત્વનાના શબ્દો એમની હિંમત જરૂર વધારશે. આસપાસ કોઈ વિશે ખબર પડે તો હિંમત વધારજો, એમનો ડર નહીં.. હવે જ્યારે પણ કોઈ અંગતના સમાચાર સાંભળું હું એને એક વખત કૉલ કરી સાંત્વના જરૂર આપું છું....

હિના એમ. દાસા – જૂનાગઢ - **99090 25234**

# ફરજ નામે કર્મ

## હિના એમ. દાસા

"આજે તો રજા રાખી દો.. એવું તો કેવું કામ કે જે તમને પરિવાર કરતા પણ વધુ પ્રિય છે. પરિવારની થોડી તો દરકાર કરો, રેગ્યુલર દિવસોમાં તો હું ક્યાં ક્યારેય કઈ કહું છું, પણ આજે તો રવિવાર છે ને બહાર પરિસ્થિતિ તો જુઓ, ચકલું પણ નથી ફરકતું ને તમે તો બસ ફરજ ફરજ કરતા નીકળી પડ્યા છો...."

મને બરાબર યાદ છે જનતા કર્ફ્યુ પછી જરૂરી સેવાઓ રાબેતા મુજબ ચાલુ થઈ ગઈ હતી અને એમાં બેંકો પણ સામેલ હતી. મારા પતિ રાષ્ટ્રીયકૃત બેંકમાં ઓફિસર છે. ઘરમાં ડરનો માહોલ હતો. અમે ઘરમાં બાળકો અને વડીલોને ક્યાંયથી ચેપ ન લાગે એની સતત કાળજી રાખતા હતા. બેંકો પહેલાની જેમ ચાલુ થઈ એટલે હું મારા પતિ સામે નારાજગી સાથે ઉભી રહી ગઈ. ઘણાનું સાંભળ્યું હતું કે આજુબાજુમાં કોઈ પોઝિટિવ આવે તો બધા હોમકવોન્ટાઇન થતા હતા. મને પણ વિચાર આવ્યો કે તમે આ આધારે રજા ન લઈ શકો..

મને મારા પતિએ સમજાવી. "જો હું કદાચ રજા લઈ પણ લઉ તો એ કેટલા દિવસ ! પછી તો જવું જ પડશે. ને એ તો કામચોરી થશે ને ! તું ટી.વી.માં જોતી નથી આ આટલા ડૉક્ટર ને પોલીસ આટલું કામ કરે છે તો પૈસા વગર લોકોનું કામ કઈ રીતે આગળ વધી શકે. બેન્ક બંધ રહેશે તો લોકો હેરાન થશે. અત્યારે લોકો પૈસા વગર બધું લાવે ક્યાંથી ? ને હું એક ન જાવ તો મારા સહકર્મીને બેગણું કામ કરવું પડશે. શું એ પાપ મને નહિ લાગે ? હું પૂરતી તકેદારી રાખીશ, મારું ધ્યાન રાખીશ પણ આમ કચવાતા દિલે નહિ પણ તું મને હસતા હસતા જોબ પર જવા દે...."

હવે મને પણ સમજાયું કે એમનું નોકરી પર જવું કેટલું મહત્વનું છે. મેં હસતા હસતા એમને રજા આપી, ને રવિવારની પણ રજા વગર એ ક્યારેક કામ કરે છે એ બાબત પર હું ગર્વ અનુભવવા લાગી.. કોઈ ક્રેડિટ આપે કે ના આપે છતાં એ એમની ફરજ કર્મ સમજીને કરે છે એ બાબત માટે મને મારા પતિ પર માન ઉપજી આવ્યું..
(સત્યઘટના - મારી પોતાની)

હિના એમ. દાસા – જૂનાગઢ - **99090 25234**

# કપરોકાળ

## હિના એમ. દાસા

"વ્હાલી ઢીંગલીઓ હિત્વા બ્રિન્દા

તમારા વિના ઘર માયુશ થઈને બેઠું છે, ઢીંગલાઓ મોઢું બગાડીને ખૂણા માં પડ્યા છે. ચકીઓ અને ખિસકોલીઓ તમને ગોત્યા રાખે છે. હિત્વા ના જન્મ દિવસ માટે આપડે ચારે એ મળી ને ઘણું પ્લાનિંગ કર્યું તું, પણ ભગવાન નું પ્લાનિંગ અલગ હોય ને દિકા. જ્યારે કેલેન્ડર માં **27th** સપ્ટેમ્બર માં હિત્વાએ પોતાના જન્મ દિવસ ની તારીખ માં પોતાનું નામ લખાવેલ છે એ જોઈને અમે તમને  ખૂબ **miss** કરીએ છીએ. પણ મમ્મી હવે કોરોના માંથી સાજી થઇ રહી છે. તમને બેઉ ને ખૂબ યાદ કરીને રડે છે ક્યારેક. તમને બેય ને હું નાનું  ને ત્યાંથી પછી લઈ જાઈશ ને આપડે ખૂબ **celebration** કરીશું.ખૂબ શોપિંગ કરશું..મમ્મી પપ્પાથી એક મિનિટ પણ દૂર ના થયેલી તમે બેઉ મામા ને ત્યાં એકલી રહેવા લાગી . કઠિન સમય જ તમને જિંદગીમાં આવનારા ઉતાર ચઢાવમાં મજબૂત કરશે. અને એક વાત કહું કે બ્રિન્દાએ પોતાના પડેલા **4** દાંત જે ડબીમાં રાખ્યા છે તે દાંત ટૂથ ફેરી લઈ ગઈ છે ને બેય માટે ગિફ્ટ મૂકી ગઈ છે..

મમ્મી પપ્પા ની પરીઓને ખૂબ બધી પપ્પીઓ....."

મારા ભાઈ સંદીપ દાસાની આવી પોસ્ટ જોઈ મારા મમ્મી,પપ્પા, બહેનો બધા રડી પડ્યા. ભાભીને કોરોના પોઝિટિવ આવ્યા પછી રોજ વિડીયોકોલમાં એની હાલત જોઈ દ્રવી જવાતું. હવે ધીમે ધીમે રિકવર થાય છે. પણ નાની બે ઢીંગલીઓની દયા આવે છે. ક્યારેય એક દિવસ પણ દૂર ન રહેનાર બંને દીકરીઓ, નાની તો ચાર વર્ષની જ છે તો પણ, એની મમ્મીને સાંત્વના આપે છે. ઈશ્વર આવી કસોટી કોઈની ન કરે...

હિના એમ. દાસા – જૂનાગઢ - **99090 25234**

# પરિવારે પોતાની વ્હાલસોયી દીકરી અને આધારસ્થંભ વડીલ ગુમાવ્યા

## હિમાની કિરણભાઈ શાહ

કિંજલ, મારી સખી. મનથી મોજીલી, સ્વભાવથી ખુશહાલ અને વાણીથી પ્રેમાળ. દરેકની સાથે આત્મીયતા અને સમ્માનભર્યું વર્તન. પરિવારની લાડકી. સકારાત્મક વ્યક્તિત્વ અને ખુબ ઉત્સાહી. પ્રકૃતિના અઢળક સૌંદર્યનો મન ભરીને લ્હાવો લેવો એનું એકમાત્ર સ્વપ્ન. કપડાં અને ગેજેટનો ભરપૂર શોખ. અમારા બન્નેની ખાસ વાતચીત તો એ મુદ્દા પર જ હોય.

આ વર્ષે મહામારીનો કપરો કાળ અને આખા જગતની કસોટી અને સંઘર્ષનો આરંભ થયો. આ મુશ્કેલ સમયમાં આપણે દરેક મક્કમ મનોબળ રાખવાના પ્રયાસ કરતા હતા પરંતુ આ ભેદી અજાણ્યો શત્રુ ક્યાંથી ત્રાટકે, કોને સમજાય? આવું જ કિંજલ સાથે થયું. એની જિંદગીમાં એ આગળ વધતી હતી અને અચાનક આ વાઇરસ!એનો અને એના દાદા-દાદીનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો. હોસ્પિટલાઈઝડ થયા. ટ્રીટમેન્ટ શરુ થઇ. એક ક્ષણ પરિવારથી દૂર ન રહેનારી કિંજલે સાત દિવસ સારી રીતે પસાર કર્યા.એના માતા-પિતા એને સતત હિંમત આપતાં રહ્યા. પરંતુ ત્યાર પછી એકલતા એના મનને આકુળ-વ્યાકુળ કરવા લાગી. એ લડતી રહી. સ્થિતિનો સામનો કરતી રહી. પરંતુ એકલતાની ચીસ કોને સંભળાય? કિંજલને વાઇરસની સાથે હતાશા અને નિરાશાએ પણ ઘેરી લીધી. ધીરે ધીરે આ આઈસોલેટેડ જિંદગી એને બંધન લાગવા લાગી. એના મનના દરેક વિચારની અસર એના સ્વાસ્થ્ય પર થઇ. એના માતા-પિતાનો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો. એની તબીયત લથડી.ડોક્ટર્સે બનતા દરેક પ્રયત્નો કર્યા પણ આખરે એ આત્માએ શરીરથી જન્મોજન્મનું અંતર સાધી લીધું. આખા જગતના સૌંદર્યને નિહાળવા ઉત્સુક કિંજલ સ્વર્ગની યાત્રાએ એકલી ચાલી નીકળી.પરિવાર પર આભ તૂટ્યુ.માતા-પિતાનો દિલનો ટુકડો અને દાદા-દાદીની ઘડપણની લાકડી-એમની વ્હાલી પૌત્રી આ દુનિયા છોડી ચાલી ગઈ. દાદા પોતાની પૌત્રીનો વિયોગ સહન ન કરી શક્યા અને પંદર દિવસમાં એ પણ મૃત્યુ પામ્યા. પરિવારે પોતાની વ્હાલસોયી દીકરી અને આધારસ્થંભ વડીલ ગુમાવ્યા.

કિંજલને એના દાદાને દુબઈ ફરવા લઈ જવાની ખૂબ ઈચ્છા હતી, એ હસીને કહેતી કે સૌથી પહેલાં મારી અને દાદાની જ ટિકિટ નક્કી થશે અને આજે દાદા-પૌત્રી એકસાથે પરમધામની યાત્રાએ ચાલી ગયા. કિંજલની ફેસબુક વૉલ પર કવરફોટો હયાત છે જેમાં એણે લખ્યું છે **"I wish i can find the meaning of my life"**, કદાચ એની જિંદગીનો અર્થ એણે શોધી લીધો હશે... (આ સત્યકથા છે)

હિમાની કિરણભાઈ શાહ - વ્યારા. - **6352407101.**

# જયારે આખુ જગત એક પરિવાર બની અજાણ્યા શત્રુ સામે લડી રહ્યું છે

## હિમાની કિરણભાઈ શાહ

પૃથ્વીના ઇતિહાસમાં આ પ્રથમવાર હશે જયારે આખુ જગત એક પરિવાર બની અજાણ્યા શત્રુ સામે લડી રહ્યું છે. સ્વાભાવિક છે કે ડર, ભય અને ચિંતા દરેકને સતાવતી હોય છતાં આ વૈશ્વિક મહામારીમાં એવા યોદ્ધાઓ જેઓ પોતાની ફરજ ભૂલ્યા નથી, ડરથી હાર્યા નથી, પરિસ્થિતિની સામે ઝૂકયા નથી અને લાખો દર્દીની સારવારમાં દિવસ રાત એક કરી રહ્યા છે.

અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં ફરજ બજાવતા ડોક્ટર્સ જણાવે છે કે "જયારે દર્દી સાજો થઇ હસતો હસતો ઘરે જાય ત્યારે અમે બાકીનો સ્ટ્રેસ ભૂલી જઇયે છીએ. હોસ્પિટલમાં રહેતા રેસિડન્ટ ડૉક્ટર અને દર્દી વચ્ચે તો લાગણીનો સંબંધ બંધાય જાય છે." આ વાત ખરેખર માનવતાને મહેકાવે છે. આ યોદ્ધાઓ  માત્ર આપણા જેવા અનેકની સુરક્ષા ખાતર કેટલાય દિવસો સુધી પરિવારથી દૂર રહી પોતાના કર્તવ્યને પ્રાથમિકતા આપી રહ્યા છે.

કોઈએ વિચાર્યું નહિ હોય કે ટેકનોલોજીની મદદથી કૉરોનાને કઈ રીતે નિયંત્રિત કરી શકાય!પરંતુ સુરતમાં કૉરોનાની જંગ માટે એવો વોરરૂમ તૈયાર કરવામાં આવ્યો છે કે જે દવાથી નહિ પણ ડિજિટલી-ડેટાના ઉપયોગથી કૉરોનાની ચેન તોડે છે અને સંક્રમિતોને ઝડપથી શોધી અન્યને બચાવે છે. દુનિયામાં જયારે વેન્ટિલેટરની અછત વર્તાય રહી છે ત્યારે સુરતની એસટીપીએલ કંપની દ્વારા 6 કલાક પાવર વગર ચાલી શકતું વેન્ટિલેટર બનાવવામાં આવ્યું છે જેની કિંમત માત્ર 50,000₹ છે.

એ જ રીતે આવડત અને કુશળતા દરેક પાસે હોય પરંતુ જગત આખુ થંભી જાય તો માત્ર એના સહારે કેટલા લોકોની મદદ કરી શકાય? સુરતમાં રહેતા જીગ્નેશ વાઘેલા જે લુહારી કામ કરે છે તેમને 8 કલાકમાં 30,000 રોટલી વણી શકાય એવા 3 મશીન દાન કર્યા જેથી કોઈ શ્રમિક ભૂખ્યો ન રહે. ધોરણ-10માં 5 વખત અસફળ થયેલા એક  વિદ્યાર્થીએ ભૂખ્યા લોકોને જોઈ ડ્રોન બનાવ્યા જેના વડે ફૂડ પેકેટ અને દવાઓ પહોંચાડી શકાય.બીલીમોરાના એક ટેલરે તો સ્વાસ્થ્યકર્મી માટે જરૂરી એવા 40,000 પીપીઈ સૂટ બનાવ્યા.

જેમને આ વાઇરસથી સંક્રમિત થવાનો સૌથી વધુ ભય છે છતાં જીવને જોખમમાં મૂકી દર્દીની સારવાર કરી રહ્યા છે એવા તમામ ડોક્ટર્સ આજે સાક્ષાત દેવતાં જણાય છે. આવા જ એક કર્તવ્યનિષ્ઠ સુરતના ડૉ.સંકેત, કે જેઓ પોતે ડ્યૂટી દરમ્યાન સંક્રમિત થયા અને હાઈફ્લો ઓક્સિજન પર હતા પરંતુ પોતાની બાજુમાં 70વર્ષના વૃદ્ધને જિંદગી સામે લડતા જોઈ પોતાનું ઓક્સિજન પાઇપ કાઢી દર્દીને વેન્ટિલેટર પર ચઢાવવામાં મદદ કરી જેના કારણે ડૉ.સંકેતની તબિયત લથડી ગઈ અને સ્થિતિ નાજુક થઇ. ચેન્નાઇના ડોક્ટર્સની ટીમ ખડેપગે ડૉ.સંકેતની સારવારમાં લાગી અને અંતે તેઓ 90દિવસની સારવાર

બાદ સાજા થઇ પાછા ઘરે આવ્યા.મુશ્કેલ સમયે પણ જેમણે માત્ર દર્દીનો જીવ બચાવ્યો એવા ડૉ.સંકેતની કર્તવ્યનિષ્ઠા માટે આપણે નતમસ્તક છે. ગુજરાતના આ તમામ યોદ્ધાને નમન છે.આ દરેક યોદ્ધા નિર્ભય અને નીડર બની લડી રહ્યા છે, જીતી રહ્યા છે અને બીજામાં જીતવાની આશા જગાડી રહ્યા છે. અમે સૌ આપના ઋણી રહેશું. (આ સત્યકથા છે)

**હિમાની કિરણભાઈ શાહ – વ્યારા - 6352407101**

# કોરોના વોરિયર નાની ઝિનુ

## ઈવેન્જલીના રાજેશ પટેલ

આ વ્હાલુ નામ મારા ભાઈની દીકરીનું છે .મારા ભાઈ પરિમલે એની ગમતી સોનુ (મારા ભાભીનું નામ )સાથે કુંટુંબની સંમતીથી માતાપિતા ની હાજરી માં કરેલા .

સમય જતાં ભાભી ને સારા દિવસો રહ્યા .ખુબ આનંદ કુંટુંબ માં છવાયો .નિયમીત ગાયનેકોલોજિસ્ટ ની મુલાકાત જરૂરી દવાઓ સારો ખોરાક બધુજ હાજર પણ સોનુ ખાવામાં ઘણી કાચી ખોરાક ની જગ્યાએ બિસ્કિટ અને જ્યુસ પીને ચલાવતી .સાતમ મહિને શ્રીમંત્ થયું પણ પોતના માબાપ ને ઘેર રેહવાને બદલે એજ દિવસની સાંજે સુરજ ઢળે પહેલા સ્વગૃહે આવી ગઈ .

બે દિવસ પછી રાત્રે **2:30** ના સુમારે એક તીવ્ર ચીસ સોનુની મારા પપ્પાએ સાંભળી એને ખેંચ આવી હતી .એકદમ મમ્મી પણ જાગી ગયાં .પરિમલે પાડોશી ને બૂમ પાડી જગાડ્યા હું નજીક માં જ રહુ છું હું પણ પહોંચી ત્યારે **108** ની સગવડ નહતી .આથી ઓટોમાં અમદાવાદ ની શારદાબેન હોસ્પીટલ માં લઈ ગયા જયાં હું નોકરી કરતી હતી અને સોનુની સારવાર ચાલતી હતી .ડો ખેંચ આવવા માટે ટોક્સિમિયા થયું છે એવું કહયું .અહીં સોનુ ની ખુબ સારી સારવાર થઈ એ સ્વસ્થ થઈ .બાજુમાં એના પપ્પા -મમ્મીને જોઈને એણે રાહતનો શ્વાસ લીધો .

આમ કરતાં એક અઠવાડિયુ હોસ્પીટલમાં થયું ડો ને તપાસ કરતાં લાગ્યુ કે બાળક ઓછા વજન નું છે ,અને ધબકારા ધીમા પડી ગયા છે .આવા સમયે ફરી લેબરરૂમ માં દાખલ કરવામાં આવી .ત્યાં નાના મોટા બેવ જીવ નું જોખમ છે એવી ડો સહી માંગી .સોનુના પપ્પાએ રડતી આંખે કહયું સાહેબ, મોટા જીવને બચાવો! માતાના પેટની અંદર બાળકના ધબકારા લગભગ બંધ થઈ ગયા. સ્વજનોને તબીબે નાના જીવ ને બચાવી નહીં શકાય એવું જાહેર કર્યું .અમારો પરીવાર ઈશ્વરમાં અખૂટ શ્રધ્ધા ધરાવે છે. બેવ જીવ ને જીવતદાન મળે માટે સતત પ્રાર્થના કરતાં હતા.હું વ્યવસાયે નર્સ છું , એથી ભાભીની સાથે ઉભા રહેવાની ડોકટર પરવાનગી આપી હતી .ઑક્સિજન પર રાખવામાં આવેલી સોનુ જીવનમરણ વચ્ચે ઝોલાં ખાતી , હું જોઈ શકતી નહતી પણ છતાં હું મનમાં પ્રભુને યાદ કરી હિમ્મત થી ઉભી રહેલી .

બાળક નહીં પણ માતાને બચાવવા તનતોડ મહેનત સિસ્ટર અને ડોકટર કરી રહયા હતા .ત્યાં જ એક કદરૂપી બાળકીનો જન્મ થયો.સાવ નાની કૃસકાય ઑક્સિજન ઓછો મળવાથી એ કાળી દેખાઈ. બાળનિષ્ણાત હાજર જ હતા .તેઓ એક ટ્રે ની અંદર એને લઈ ને નવજાતશિશુ તરફ દોડ્યા ત્યાં સુધી એનામાં જીવ જાણે નહતો .

આકરી મહેનત પછી, ઝીણો ઝીણો રડવાનો અવાજ મેં સાંભળ્યો ત્યારે જ એનુ નામ " ઝિનુ " મનમાં અચાનક પડી ગયું .એ રડી શકતી નહતી એ શ્વાસ લઈ શકતી નહતી , એ માત્ર **940/** ગ્રામ ની આવી છે .કદાચ એ જીવી નહીં શકે ! ! એવું ડોકટરે કહયું .સતત ઑક્સિજન પર માત્ર દૂધના ટીપાં આપવામાં આવતાં કારણ પચાવી શકે એમ નહતી .ડો અને સિસ્ટરની અથાગ મહેનતથી એક અઠવાડિયા પછી ઝિનુનો ઑક્સિજન કાઢી નાંખવામાં આવ્યો. હવે એ સ્વસ્થ હતી.

માતાનું દૂધ શ્રેષ્ઠ આહાર છે .સોનૂ ને દૂધ પીવડાવવા માટે ઝિનુ આપવામાં આવી. જોતા જ અશ્રુધારા સરી પડી. આમ ઝિનુ ને એક મહિનો કાચની પેટીમાં રાખવામાં આવી. પછી રજા આપવામાં આવી . જન્મથી છ મહિના સુધી એને પાણીથી નવડાવી નહીં ફક્ત રૂ થી લપેટી રાખીને પછી કપડાં પહેરાવતા. આ ઝિનુ હાલ **21** વર્ષની સુંદર યુવાન સેવાભાવી નર્સ તરીકે અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં **3**જી માર્ચ **2020**થી કાર્યરત છે.

સિવિલ હોસ્પીટલમાં નર્સની નોકરી મળ્યા બાદ થોડા સમય માટે રોટેશનમાં દરેક કામગીરીનો અનુભવ લીધો. એક દિવસ મને એણે કહયું કે મારે તાત્કાલિક સારવાર વિભાગમાં કામ કરવાની ઈચ્છા છે! મેં કહયું ‘ત્યાં બહુજ કામ રહેશે, તુ કરીશ? તો કહે છે હા હું કરીશ! ત્યાં આવતા દરેક દર્દીઓને તરતજ સારવાર કરવાની તક મને મળશે ! ! કેટલાય લોકોને હું મારી સેવાઓ થકી બચાવીશ. મને તમે સમયસર  સારવાર ના આપી હોત તો **940/**ગ્રામ ની જન્મેલી હું , જીવતી હોત ? ? તો મારી ફરજ હવે છે કે લોકોને હું જીવતદાન આપવામાં નિમિત્ત બનું!

મારી આંખમાં આંસુ એ જોઈ રહી ને બોલી, ફોઈ મેં તમને કર્ફ્યુમાં વરસાદમાં તહેવારોમાં નોકરી પર જતાં જોયાં છે, તમે જ મારા આદર્શ છો, તમારી જેમ સેવા કરવા માટે જ નર્સીંગ કર્યું છે. ત્યાર પછી નવી બનેલી કોવિડ **19** હોસ્પીટલમાં પોસ્ટિંગ આવી ફરી મારી શ્રધ્ધા ડગી. મેં કહયું બેટા તારા ઉછેરમાં બહુજ તકલીફ પડી છે. તુ કોરોના દર્દીઓની સારવારમાં બ્રેક લઈ લે! ફરી એક આશ્ચર્યજનક જવાબ આવ્યો, જેની આશા મને નહતી. એ મારી સામે ટટ્ટાર આત્મવિશ્વાસથી ઉભી રહી . નર્સિંગ સોગંદનામુ બોલવા લાગી ."હું મારું આખુ જીવન અને જ્ઞાન ડહાપણ સમય  બિમાર ,નિ:સહાય ,એવા મારા શરણે આવેલા દરેક દર્દીઓને અપર્ણ કરું છું , અને કોઈપણ નાતજાતના ધર્મના જાતીના ભેદભાવ વિના એમની સેવામાં વિતાવવાનું વચન આપું છું .

મારી આંખો માં હર્ષ ના અશ્રુ , મોં પર ગર્વનો ભાવ છલકાઈ ગયો . મેં ઉચકી લીધી કહયું , "શાબાશ મારા બેટા જા ઈશ્વર તારી રક્ષા કરશે" .

બીજા જ દિવસે કોવિડ **19** ના દર્દીઓની સેવા માટે **10** દિવસ હોસ્ટેલ માં રહેવાનું હતું એમ રહી . હાલ માં બીજું  પોસ્ટિંગ રોટેશન પર પણ પુરૂ કર્યું .

મારી નાની ઝિનુ આજે એક મહાન વિચારધારા ધરાવે છે. અનેક લોકોને સહાય અને મદદરૂપ બની રહી છે .

(સત્યકથા સાચા નામ સાથે)

ઈવા પટેલ – અમદાવાદ - **98799 19091**

# કવોરોન્ટાઈન

## જીગીષા સમીપ દેસાઈ

સવારનું કામ પતાવીને શર્વરી પોતાની ઓફિસ પ્હોંચી જ ત્યાં તો એના દિકરા જશનો ફોન આવે છે કે, "મમ્મી, મને તાવ ભરાયો" બે દિવસ પહેલા એની સાસુને તાવ આવ્યો હતો.કોરોનાને કારણે શર્વરી એની સાસુની તબિયતને લઈને ચિંતામાં જ હતી ત્યાં તો હવે,એના દિકરાને પણ તાવ આવ્યો.શર્વરીનું મન ઓફિસમાં લાગતું ન હતું.છતાં પણ,ઉચાટ મને પોતાનું ફિલ્ડવર્ક પતાવીને રિસેસમાં ઘરે ગઈ.શર્વરીનું શરીર પણ કળતર તો કરતું જ હતું એટલે મનમાં એને કોરોનાની શંકા ઘેરી થવા માંડી.

બીજે દિવસે એને 'વીકલી ઓફ' હતો,શર્વરી એના ઘરનાં બધાંને લઈને વ્યાકુળ મને નજીકના હેલ્થ સેન્ટર પર ગઈ.આખરે એની શંકા સાચી ઠરી.એના પતિ રાજને છોડીને બધાં જ 'કોરોના પોઝીટીવ' હતાં.હવે,ખરી ચિંતા થઈ,કોરોના પોઝીટીવ આવતાં રાજને છોડી બધાંએ કવોરોન્ટાઈન થવું પડ્યું.

શર્વરીને હવે,રાજની ચિંતા સતાવતી હતી.પછી રાજના બીજા ટેસ્ટ કરાવ્યા તો તે પણ નેગેટીવ આવ્યા.હવે તો ખરે જ શર્વરીનો ચિંતાનો દૌર શરૂ થયો.ત્યાં તો બીજે જ દિવસે સાંજે રાજને પણ તાવ આવ્યો.શર્વરી હવે રઘવાઈ બની.શું કરૂ? શું નહિ કરૂની અસમંજસમાં અટવાઈ પડી.ફરી પાછો 'ટેસ્ટ' કરાવ્યો તો રાજ પણ કોરોના પોઝીટીવ નીકળ્યો.પણ રાજની હાલત નાજુક હતી.એનો તાવ ઉતરતો જ ન હતો.શર્વરી પોતાની તકલીફ તો ભૂલી જ ગઈને રાજની સેવામાં લાગી ગઈ,સાથે તેણે આદર્શ વહુ, પ્રેમાળ માતા અને સફળ ગૃહિણીનો રોલ પણ નિભાવતી રહી.

આજે શર્વરીને કવોરેન્ટાઈન રહ્યાંને પંદર દિવસ થયા, બધાની સારવાર કરવામાં એ એની બધી તકલીફ ભુલી ગઈ હતી. ઘરનાં બધાં સારા થઈ ગયાં છે. કોરોનાનો ફરીવારનો ટેસ્ટ પણ નેગેટીવ આવ્યો. રાજને પણ હવે ઘણું સારું છે છતાં રાજને હજી બીજાં પંદર દિવસ આરામ કરવા કહ્યું ને શર્વરી પોતાની ફરજ પર હાજર થવા ગઈને સાથે સાથે એની કવોરેન્ટાઈન થયેલી લાગણીઓ પણ બહાર આવી રહી છે.

(પાત્રોનાં નામ બદલ્યાં છે)

જીગીષા સમીપ દેસાઈ – સુરત - ૯૯૨૫૫૫૫૨૦૫

# કોરોના સંગ જંગ

## જીગીષા સમીપ દેસાઈ

ઉર્વીને બે દિનથી શરીરમાં કરકસર હતી.રમ્યા એની ચિંતામાં જ ઓફિસ આવતી.રમ્યાનો પતિ પુર્વ પણ શાળામાં અમુક કલાક માટે જતો.મહામારી કોમ્યુનિટી બેઈઝ થઈ હોવાથી,ઈન્ફેકશન ક્યાંથી લાગે તે ખબર નહી પડેને એ દશામાં ઉર્વી બીમાર થતા રમ્યાની ચિંતા વધી.

ઓફિસથી રમ્યા બ્રેકમાં ઘરે ગઈ ત્યાં એની તબિયત લથડતી હોય એવું લાગ્યું.એટલે રમ્યા ને પુર્વ નજીકના હેલ્થ સેન્ટર પર કોરોનાની ટેસ્ટ કરાવવા ગયા.બંને પોઝીટીવ આવ્યા.પછી તો રમ્યાના બાળકો અને પિયરમાં પણ બધા જ પોઝિટીવ...રમ્યાની હાલત તો રડું રડું થઈ ગઈ.

રમ્યાના બાળકો દિવસના એના પિયર ને રાતનું જમવાનું સાસરીમાં ને સુવા માટે બીજે ફ્લેટ ત્યાં જાય.પણ, બધા પોઝીટીવ આવતાં એ પોતાના સુવાના ફ્લેટ પર  બધાને લઈને ક્વોરેન્ટાઈન થઈ ગઈ.

હવે,આ ફ્લેટ પર કોઈ જ સગવડ ન મળે.પોતાના ચાર વર્ષના દીકરાને સાચવવો અઘરો હતો એટલે રમ્યા ખુબ ચિંતિત હતી.પાછું બે ટાઈમ ટિફિન આવે તેમાં જે હોય તે ખાઈ લેવાનું.બાકીના સમયમાં ભુખ લાગે તો વિચારવું પડતું.તેમ છતાં રમ્યા પોતાની માનસિક સ્થિતિ છુપાવી પતિ અને બાળકોની દિલથી સરભરા કરવા લાગી.ચૌદ દિવસનો ક્વોરેન્ટાઈન,ચૌદ વર્ષના વનવાસ જેવો લાગ્યો પણ કોરોનામાંથી હેમખેમ બધા બ્હાર નીકળી ગયાનો સંતોષ રમ્યાના મુખ પર રામના ગાદીગ્રહણ કરતાં પણ વિશેષ દેખાયો.

ક્વોરેન્ટાઈન પુરૂ થયા પછી ઓફિસ હાજર થઈ ત્યારે રમ્યાના મુખ પર યુધ્ધના મેદાનમાં ઝાંસીની રાણીની જેમ જંગ લડ્યાનો આનંદ છલકાતો હતો.

(પાત્રોના નામ બદલેલ છે)

જીગીષા સમીપ દેસાઈ  - સુરત - **99255 55205**

# પ્રિયતમ

## જિજ્ઞેશકુમાર ડી. ત્રિવેદી 'પ્રકાશ'

પ્રિયતમ શબ્દ બોલતા હ્રદયભાવ ડોકયા કરવા લાગે.ઉરમાં કંઈક અલગ થનગનવા લાગે. શબ્દકોશ પ્રિયતમ એટલે સૌથી વ્હાલું એવો એક અર્થ કરે છે પણ હું તો કહીશ જેના માટે તમને પરમ વ્હાલ ઉભરાતું હોય એ બધા પ્રિયતમ જ કહેવાય..પ્રિયતમ એ બંધનથી મુક્ત આઝાદીનો સંબંધ છે.જ્યાં ચાહવાનું કોઈ કારણ પણ હોય ને ક્યાંક અકારણ પણ હોય ,વ્હાલપ વિસ્તરીને પ્રિયતમ બને છે.જ્યાં તમારું મન તમને ત્યાં ખેંચે છે.જ્યાં વ્હાલ એની ચરમસીમા હ્રદયમાંથી પ્રગટ થાય છે. પ્રિયતમ એટલે એવી કોઈ વ્યક્તિ જે દિલથી નજદીક હોય.

આવી વ્યક્તિ જો જીવનમાં હોય તો સમજવું સદભાગ્ય,પુણ્યકર્મ.જેની સાથે દૂરી, દૂરી નથી રહેતી.પ્રિયતમ એટલે માત્ર સ્ત્રી માટે કોઈ પુરુષ પાત્ર કે કોઈ પુરુષ માટે કોઈ સ્ત્રી પાત્ર એવું નહીં. પ્રિયતમ એટલે પ્રિયતમ !

એક મજાની વાત વ્હાલની.જ્યારે કોઈના માટે તમારા હ્રદયમાં શુદ્ધભાવ હોય ત્યારે કંઈક અનુપમ જીવનમાં ઘટે છે.

આ વાત છે મારા મામાની. જે વ્યક્તિની વાતો સાંભળવા અમારું કુટુંબ જ્યારે મળે ત્યારે આનંદ લે.ખૂબ સારી વાતો થાય.જાણે ડાયરો ભરાય એમ લાગે પણ મારા મામા સમયના વેહણે બધું ગુમાવી બેઠા.અચાનક તેમની યાદદાસ્ત ગુમ થવા લાગી.વાતોમાં શબ્દો ચૂકવા લાગ્યા.ઘરનાને અંદાજ આવતા દવાખાનામાં દાખલ કર્યા પણ કોઈ સારાવાટ ના આવી.આખરે ઘરે લાવ્યા.દાક્તરે કહ્યું એમની જોડે વાતો કરો ભૂતકાળની વાતો યાદ કરાવો.હું પણ ખૂબ નજીક મામાથી.મામાને જ્યારે ઘરે લાવ્યા ત્યારે હું પણ મળવા ગયો ત્યારે ઘરના બધા કહે મામા સાથે વાત કર.એટલે મેં સહજ પૂછ્યું મામા ઓળખ્યો? મામાનો જવાબ 100 ટચ સોનુ હતું.મામા કહે" ભાણિયાં અને બહેન ઓછા ભૂલી જવાય!" જવાબ સીધો હ્રદયને સ્પર્શી ગયો.મામાની ભાવ ભરેલી નજરોમાં બધા જવાબ હતાં. એનાથી આગળ કાઈ પૂછાયું પણ નહીં અને કંઈ બોલાયું પણ નહીં.

જિંદગીમાં પ્રિયતમ થવું કે પ્રિયતમનું મળવું એ જીવનની ઉપલબધ્ધિ છે.દરેકને પ્રિયતમ હોય જ અને ના હોય તો મળે અને તમે પણ કોઈના પ્રિયતમ થાવ એવી શુભેચ્છા.

જિજ્ઞેશકુમાર ડી. ત્રિવેદી 'પ્રકાશ' – અમદાવાદ - **96627 49582**

# સમજદાર દંપતિ

## કાજોલ રમેશભાઈ ડેરિયા

કોરોના માં બનેલી તમારા અને મારા ઘરની સત્ય ઘટના માંથી આવરી લેવામાં આવેલો એક અંશ કે જેમાં પતિ ના કપરા કાળમાં સાથ આપતી પત્ની ની સમજણ ને લાખો સલામ.

અગરબત્તી.અને શ્રીફળ ના **Rs.150,**દૂધ દર મહિને **Rs.2000,**ઘર નો હપ્તો. **Rs.5000,**વીજળી બિલ **Rs.2000,LPG** ગેસ **Rs.500,**ઘર ચલાવવા મહિને કરિયાણું **Rs3000,**(તેલ,ઘઉં,ચોખા,દાળ સાબુ, કઠોળ ઘી ગોળ વગેરે)બે બાળકો ની ફી અને સ્કૂલ રીક્ષા મહિને. **Rs 3000,**તેનો ભણતર ખર્ચ મહિને **Rs.1000,**
(ટ્યૂશન..ચોપડી પેન્સીન વગેરે), ફ્લેટનું મેન્ટનેશન મહિને **Rs.500,TV** કેબલ કનેક્શન. ..**Rs.250,**વેજીટેબલ....**Rs 1000,**છાપું.....**Rs.120,**ઘર કામ. (ફક્ત વાસણ)**Rs 500,**

પેટ્રોલ ઘરે થી ઓફીસે ઑફિસે થી ઘરે મહિને **Rs.2000,** ટોટલ **Rs.21,020,** પગાર **Rs.25000, Balance 2000,** કોરોના જેવી વૈશ્વિક મહામારી માં ધંધો બંધ હતો તેથી હું ખર્ચા લખવા બેઠો.

ક્યાર ના શુ લખો છો...ડાયરી ની અંદર...?

અચાનક મારી પત્ની બાજુ માં આવી બેસી ગઈ....

મેં ડાયરી ઊંધી કરી ચશ્મા અને કેલ્ક્યુલેટર બાજુ ઉપર મુક્યા...

અરે ગાંડી..કહી નહીં....મેં વાત બદલવા પ્રયત્ન કર્યો

તમે ખોટું બોલો છો....લાવો ડાયરી...કહી પત્ની એ મારી ડાયરી ઉઠાવી લીધી....અમારા બન્ને ના ચશ્મા નંબર સરખા હોવાથી...તેને મારા ચશ્મા પહેરી...લીધા.. જાણે દેશ ના નાણા. ...મંત્રી નિરીક્ષણ કરતા હોય તેમ..એ મારી ડાયરી નું નિરીક્ષણ કરવા લાગી....

જેમ..જેમ ડાયરી માં લખેલ હિસાબ તે વાંચતી તી હતી તેમ પત્ની ના ચેહરા ઉપર ધીરે ધીરે ગંભીરતા અને ચિતા આવતી જતી હતી....એ ધીરે થી બોલી... આમા હજુ....મેડિકલેમ નો હપ્તો ???

વાર્ષિક **9000** કોર્પોરેશન નું વાર્ષિક ટેક્ષ બિલ **2000** આકસ્મિક નાની મોટી બીમારી કે વ્યવહાર તો દેખતા નથી... પત્ની ને ખબર હતી..... હું ચિંતા માં હતો.. તેને વાત ને હળવી બનાવવા માટે કીધુ, તમારા મસાલા નો.ખર્ચ તો લખવા નો રહી ગયો ?

મેં કીધું.. ડાર્લીંગ મસાલા છોડે એક મહિનો થઈ ગયો.

મતલબ તમારૂ બજેટ ખાધ વાળું છે..આવક કરતા જાવક વધી રહી છે....પત્ની બોલી.

ડાર્લીંગ એજ ચિંતા માં હું છું....

નથી આપણે ગરીબ કે નથી આપણે મધ્યમ વર્ગ
આપણે બોટોમ મિડલકલાસ છીયે....

હું...તને બચત કરવાનું પણ શું કહું..બધી જીવન માટે જરૂરી વસ્તુ અને સર્વિસ છે..ક્યાં કાપ મુકવો...તું જ બતાવ .?

પત્ની બોલી.. ચિંતા ન કરો...

વાસણ હું જાતે સાફ કરીશ. **.Rs500x12 Rs6000**
**TV** ચેનલ કઢાવી નાખો આમે છોકરા ભણતા નથી **250 x 12 Rs3000** ટોટલ **Rs9000** બચી જશે ...
તે આપણા મેડિકલેમ માટે કામ આવશે

મેં પત્ની ના માથે હાથ ફેરવી કીધુ..ડાર્લીંગ..જેની પત્ની સમજદાર...અને પ્રેમાળ હોય તે જીંદગી ની અડધી લડાઈ તો હસ્તા હસ્તા જીતી લે...છે....**I love you**

ફકત ફેસબુક કે વોટ્સ એપ ઉપર વાણીવિલાસ થી જીંદગી ની સફર ચાલતી નથી....લગ્ન ના ચારફેરા વખતે એકબીજા નો પકડેલ મજબૂત હાથ કોઈ પણ વિકટ પરિસ્થતિ માં ન છૂટે... તેને તો સફળ દામ્પત્ય જીવન કહેવાય..

ડાર્લીંગ આપણે.. વર્ષ માં એક વખત તારા જન્મ દિવસે ફક્ત પિક્ચર જોવા જઈએ છીયે...એ પણ બે વર્ષ થી ગયા..નથી છતાં પણ તે કદી મને ફરિયાદ કે અસંતોષ જાહેર નથી કર્યો....ડાર્લીંગ.....આવી સ્થતિ.માં ઘરમા **TV** એક તો સસ્તું મનોરંજન નું સાધન છે..તે તું બંધ કરવાની વાત કરે છે.....સમય તારો કેમ જાય...

**TV** જોવા પાછળ સમય બગડવા કરતા...હું પણ બે ત્રણ આર્થિક પ્રવૃત્તિ..જેવી કે સીવણ કામ અને ટ્યૂશન કરી તમને મદદ રૂપ.કેમ.ન થાવ... પત્ની.....ઢીલી હતી પણ પરિસ્થિતિ સામે લડવા તે મક્કમ હતી....

મેં કીધું..ડાર્લીંગ... ચિંતા ન કર....હજુ તકલીફ ગળા સુધી આવી નથી .. એ .નાક સુધી આવે તે પેહલા હું..એક.મોટો નિર્ણય લઈશ..

કયો....પત્ની એ ડાયરી બાજુ ઉપર મૂકી ચશ્મા કાઢ્યા...

મેં કીધું.. આપણા લગ્ન વખતે..મારી ઈચ્છા ધામધૂમ થી લગ્ન કરવા ની હતી..દુનિયા ને બતાવી દઈએ કે

"હમ કિસીસે કમ નહીં" એવી મારી વાતો અને વહેમ હતો

પપ્પા એ મને વાસ્તવિકતા સમજાવી રૂપિયા નું મહત્વ સમજાવ્યું....અને એ વખતે પપ્પા એ મારી બચત અને તેમની બચત ભેગી કરી...એક મોટો પ્લોટ ખરીદી લીધો હતો...અને કીધુ હતું..જયારે જીંદગી માં તકલીફ આવે ત્યારે આ પ્લોટ વેચી નાખજે...12 વર્ષ માં આ.પ્લોટ શહેર ની મધ્ય માં આવી ગયો છે...લગભગ આ પ્લોટ ના 75 લાખ રૂપિયા આવે તેમ છે....

પત્ની એ મારા પપ્પા ના દીવાલ ઉપર લટકતા ફોટા સામે જોઈ....

બોલી..વાહ....પપ્પા...વડીલો ની સલાહ જો યોગ્ય સમયે માનીએ તો... આપણે કોઈ પાસે હાથ લાંબા કરવા નો વખત ન આવે

સ્વમાન ની જીંદગી જીવવા...માટે સંતોષ ,ધૈર્ય જરૂરી છે..

ઘણી વખત તકલીફ આવતી નથી..આપણે તેને આમંત્રિત કરતા હોય છે....અને એ માટે ફક્ત આપણે જ જવાબદાર હોઈએ છીયે...

મિત્રો..

આજે દેખાદેખી મા.... આપણે આપણી જીવનશૈલી બદલી નાખી .. આનંદ તો બેન્ક ના હપ્તા ભરવા મા ખોવાઈ ગયો...બિનજરૂરી લોન લીધા પછી....તેના હપ્તા..કાંટા ની જેમ.ખૂંચવા લાગ્યા...એક વખત ખોટી લાઈફ સ્ટાઇલ સ્વીકર્યા પછી વાસ્તવિકતા આપણે સ્વીકારી શકતા નથી....પરિણામ સ્વરૂપ... અસંતોષ... અપેક્ષા અને અશાંતિ ને આપણે આમંત્રિત કરીયે છીયે.

ધન્યવાદ.

કાજોલ ડેરિયા રમેશભાઈ - સુરત - **94997 88525**

# કેન્સર, કોવિડ અને કલ્યાણી વ્યાસ

## કલ્યાણી પરેશ વ્યાસ

હું કલ્યાણી વ્યાસ, ઉંમર વર્ષ ૫૯. જીવનમાં સઘળું ઇચ્છયું, એ મળ્યું. પ્રેમાળ પતિ. બે જોડિયાં પુત્રો અને સુખી  સંસાર. પણ વર્ષ ૨૦૧૪માં સ્ટેમ સેલ કેન્સરનું નિદાન થયું. ત્યારબાદ ઓટોલોગસ સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ પણ કેન્સરમુક્ત સમયગાળો અઢી વર્ષથી વધારે ન રહ્યો. કેન્સર ફરી આવ્યું અને કેમોથેરાપીની વણથંભી સારવાર ચાલુ થઈ. કોવિડ-૧૯ મહામારીમાં મારે તો સવિશેષ કાળજી લેવી પડે. જો કોઈ વ્યક્તિને કેન્સર, હાઇપર ટેન્સન, કલેસ્ટરૉલ કે ડાયાબિટીસ હોય તો કોવિડ જીવલેણ બનવાના ચાન્સ વધારે હોય છે. અને મને તો આ બધી જ બીમારીઓ પહેલેથી જ હતી. કાળજી તો લીધી પણ આખરે પહેલાં મારા મમ્મી અને પછી મારા પતિ અને પછી હું આરટીપીસીઆર ટેસ્ટમાં પોઝિટિવ જાહેર થયા. મારા મમ્મીને તાવ હતો એટલે ઘરનાં બધાની ટેસ્ટ્સ કરાવી હતી અને..

મુશ્કેલીનો પાર નહોતો. મુખ્યમંત્રીસાહેબનાં પત્ની મારા સહેલી. એમને મારી મેડિકલ હીસ્ટ્રી ખ્યાલમાં હતી. તેઓએ રાજ્યનાં શ્રેષ્ઠ કોવિડ એક્સપર્ટનો અભિપ્રાય લીધો અને ઉત્તર મળ્યો: ‘દાખલ થઈ જાવ’. અલબત્ત મને તાવ કે એવા કોઈ લક્ષણ નહોતા. રાજકોટમાં અમારા ડોક્ટર્સ ફેમિલી ફ્રેંડ્સનું માર્ગદર્શન સતત રહ્યું. સગાવહાલાઓએ નાણાંકીય મદદની ઓફર કરી. પૂજ્ય મમ્મીને તો ભાઈને ત્યાં મોકલી દીધી હતી કારણ કે અહીં એમની સારવાર કોણ કરે?

પ્રથમ આઠ દિવસ તો કોઈ લક્ષણો નહોતા. ડોકટરની સૂચના કે તાવ ૧૦૦થી વધે કે ઑક્સિજન ૯૫થી ઘટે તો હોસ્પિટલ ભેગા થઈ જવું. રસોઈ સહિત ઘરકામ કરી શકતી હતી પણ પછી તાવ આવ્યો. હોસ્પિટલ જવાનું મન ન જ થાય પણ ન છૂટકે દાખલ થઈ. એકલા જ જવાનું સાથી વિના, સંગી વિના, એકલા જ જવાનું. પણ હું ય ફાઇટર છુ. આમ ઘણું અઘરું. મારા કોવિડગ્રસ્ત પતિને જો કે કોઈ લક્ષણો નહોતા. મને પણ થયું કે હું ય બહાર આવી જ જઈશ. હોસ્પિટલ કોઈ રહેવા જેવી જગ્યા હોતી નથી. શ્વાસ માટે વલખાં મારતા દર્દીઓ જોઈએ, ‘ઓ મા, મરી ગઈ, મરી ગઈ, મરી ગઈ’- એવી બૂમો સંભળાય એટલે હિંમત ઓગળી જાય. ફોનથી બધા પોતીકાં સાથે સંપર્ક રહ્યો, એ સારું થયું.  ૧૪ દિવસ માંડ વીત્યા. પણ હું બચી ગઈ. કેમોથેરાપી બંધ હતી. કેન્સર વકરવાનો ભય હતો પણ નસીબ સંજોગે સ્થિતિ વધારે બગડી નહોતી.

અત્યારે કેમોથેરાપી ફરી ચાલુ છે. જન્મ, મૃત્યુ અને લગ્ન નિશ્ચિત જ હોય છે. મૃત્યુ આવવાનું હશે ત્યારે આવશે જ. હિંમત રાખવી, ખૂબ હસવું અને સૌને મદદ કરવી એવો મારો સ્વભાવ. ઈશ્વર પર શ્રદ્ધા તો છે જ. કુટુંબનાં સભ્યોનો સ્નેહ અને સંભાળ અનન્ય. એટલે અત્યારે શ્વાસ ચાલે છે.

કલ્યાણી પરેશ વ્યાસ – અમદાવાદ –

# નવી સવાર..

## કામિની મહેતા

કોરોના કાળ..અવિસ્મરણીય કાળ.ક્યારેય સપનામાં પણ નહોતું વિચાર્યું કે એક નાનકડો વિષાણુ આખી માનવ જાતિને બાનમાં રાખી દેશે.માનવે પોતાને સર્વોપરિ માની પ્રકૃતિનું નિકંદન કાઢવામાં કોઇ કસર નહોતી છોડી.હવે પ્રકૃતિ વિફરી છે.માનવને તેની લઘુતાનું ભાન કરાવી દીધું.

ડો. જીતુ હુંડિવાલા એક ચાઈલ્ડ સ્પેશિયલાઇસ્ટ છે.પોતાનું નર્સિંગ હોમ છે.તેમની પત્નિ તૃપ્તિ ગાયનોકોલો જિસ્ટ છે.દીકરો હર્ષ પનવેલ મેડીકલ કોલેજમાં બીજા વર્ષમાં અભ્યાસ કરે છે.તેજસ્વી દીકરી તિથી નીટની પરીક્ષાની તૈયારી કરી રહી છે.

કોરોના ત્રાટક્યો..જનજીવન જાણે થંભી ગયું.નર્સિંગ હોમ બંધ કર્યું.પણ રોજના દર્દિયોના કેટલાય ફોન આવે.દસ દિવસમાં તો ડોકટરે દવાખાનું ખોલવાનું નક્કી કર્યું.મેડીકલ પ્રોફેશનમાં આવતા વખતે દર્દીઓની સુખાકારી માટે શપથ લીધી હતી,તો હવે ભાગવાનું કેમ..?

પૂરા પ્રિકોશન સાથે દવાખાનું ચાલું કર્યું.સ્ટાફને માસ્ક,પી.પી.ઇ.કીટ પ્રોટેકશન સાથે પોતાની ગાડીમાં તેમના આવવા જવાની વ્યવસ્થા કરી.પોતે પણ સવાર સાંજ દર્દીઓને તપાસી ઘરમાં એક અલગ રૂમમાં રહેતા.પરિવારજનોથી દૂર રહેવાનું..ખાવા પીવાનું પણ અલગ.ડો.તૃપ્તિ પણ સાંજના ત્રણ કલાક ઓ.પી.ડી.માં દર્દીઓને તપાસી, આવીને માથાબોળ નહાઇ પછી જ ઘરમાં પ્રવેશે.

'નીટ'ની પરીક્ષા બે વાર પોસ્ટપોંડ થતા દીકરી નર્વસ થઈ ગઈ .એમાય હમેશાં ટોપ પર આવતી દીકરી બારમા ધોરણમાં 85%માર્ક આવ્યા, તેમાં ડિપ્રેશનમાં આવી ગઈ .મા તેને સાચવે છે, સમજાવે છે. દીકરાના ઓન લાઈન ક્લાસ ચાલું છે,પણ પ્રેકટીકલ વગર કંઈ સમજાતું નથી.મા તેને શીખવાડે છે.ઘરમાં નોકરો નથી,એટલે ઘરકામ તો ખરું જ..બપોરના સમયમાં તૃપ્તિ સિલાઈ મશીન પર નીત નવા માસ્ક બનાવે છે..સ્ટાફમાં બધાને વહેચે છે.રોજના બધાંને બે માસ્કની જરુર પડે ને.

એટલું ધ્યાન રાખવા છતાં..ડો.જીતુને સખત તાવ આવ્યો.એક દિવસ દવા લીધી પણ તાવએ મચક ન આપતા કોરોના ટેસ્ટ કરાવી, જે પોઝિટીવ આવી.તરત તેમને હોસ્પિટલમાં ખસેડાયા.ટ્રીટમેન્ટ ચાલું કરી.બાકી બધાનાં કોરોના ટેસ્ટ કરાવ્યા,જે ઇશ્વર કૃપાથી નેગેટીવ આવ્યા.ડો.તૃપ્તિ કહે છે..હું

અને તિથી રોજ એક કલાક યોગ અને પ્રાણાયામ કરીએ છીએ.એને કારણે અમારી રોગ પ્રતિકારક શક્તિ વધી છે.કોરોના અમને અડી ને નીકળી ગયો..

ડો. જીતુના બે દિવસ જરા ક્રિટીકલ ગયા. હવે જોકે તાવ ઉતર્યો છે. હજુ હોસ્પિટલમાં  આઠ દિવસ રહેવાનું છે.તિથીની 13 સપ્ટેંબર નીટ પરીક્ષાની તારીખ ઘોષિત થઈ છે..હવે કમર કસીને તેની તૈયારી ચાલે છે..

આખો પરિવાર એક નવી સવાર તરફ મીટ માંડી રહ્યો છે..

(સત્યકથા)

કામિની મહેતા - વિલે પાર્લે પૂર્વ મુંબઈ - 9322657056

# મા - દીકરો

## કવિતા મોદી

ભરૂચની સિધવાઈ સોસાયટીમાં રહેતા, સુરેશભાઈને કોરોનાને લગતા ચિહ્નો દેખાતા, પામલેન્ડ હોસ્પિટલમાં દાખલ કરાયા. ડો. વસીમરાજની દેખરેખ હેઠળ ભાઈનો દીકરો પણ ડોક્ટર પણ સાથે હતા, લોહીના રીપોર્ટ કરાવ્યા, સી.ટી સ્કેન કરાવ્યુ. હાલત કાબુમાં ન આવતા, ચાર દિવસ વેન્ટિલેટર પર રખાયા. સુરતથી ૨૫ હજારના એક એવા બે ઈંજેકશન આપવામાં આવ્યા, દીકરો જે, પપ્પાને પહેલીવાર હોસ્પિટલ લઈ ગયો હતો. તે પી.પી.ઈ.કીટ પહેરી રોજ જતો હતો. આખરે જીંદગીની જંગમાં કોવિડની જ જીત થઇ. અગ્નિ સંસ્કાર પણ આપ્યા.

બીજે જ દિવસે બા ને શ્વાસમાં તકલીફ પડી. પામલેન્ડ હોસ્પિટલમાં જગ્યા ન હોવાથી, વેલફેર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. ત્યાં અઢાર દિવસ વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા, અને છેવટે તેઓ પણ ભગવાનને પ્યારા થયા.

કુદરતની લીલા જુઓ, જે દીકરો પહેલી વાર, પપ્પા અને બાને હોસ્પિટલ લઈ ગયો તે સંક્રમિત ના થયો, તો બેન અને મમ્મીને પણ કવોરેન્ટાઇન થવું પડ્યું. હવે બંને સાજા થઈ ગયા છે..

(નામ બદલ્યાં છે)

કવિતા મોદી – ૯૮૯૮૨૫૮૮૧૮

# રાતે તો જોયા હતા

## કવિતા મોદી

ભરૂચ શહેરમાં, મોટે ભાગે મુસ્લિમ અને મોઢ જ્ઞાતિના લોકો વધુ. એમાં મોઢ લોકો ઘરગથ્થુ વેપાર કરતા જ હોય છે,તેવો એક  ફરસાણ નો ધંધો કરે, લીંક રોડ પર, મોઢેશ્વરી ફરસાણ માર્ટ નામે  દુકાન પર વર્ષોથી ગલ્લા પર બેસતા વડીલ કાકા.

આગલે દિવસે મોડી રાત સુધી તો દુકાને બેસીને ફરસાણ વેચ્યું હતું. કાકા દુકાન બંધ કરી ઘરે ગયા બાદ તેમની તબિયત એકદમ બગડી. તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. તદ્દન ટૂંકી સારવાર બાદ, સવારમાં તો મોઢેશ્વરી ગૃપમાં સમાચાર વહેતા  થયા કે, મોઢેશ્વરી ફરસાણ માર્ટના પીઢ વડીલનું ખૂબ જ ટૂંકી માંદગી બાદ કોરોનાગ્રસ્ત થયા અને સવારે જ મૃત્યુ પામ્યા છે. માહોલને ધ્યાને લઈ, કોઈ મરણોત્તર ક્રિયા કરવાની નથી. બેસણું રાખવામાં આવેલ નથી.

આ સમાચાર  જાણીને,  કેટલાયે લોકો, જે જે એમની દુકાન પર ગયાં હતાં તેઓ કહેતાં થયાં કે હજુ હું કાલે જ તો એમની પાસેથી ફરસાણ લાવ્યો હતો. ઓહ એ કાકા હવે ક્યારેય જોવા નહીં મળે.

(સત્યકથા)

કવિતા મોદી – ભરૂચ – ૯૮૯૮૨૫૮૮૧૮

# કોરોના કાળ બન્યો

## કવિતા મોદી

સુરતમાં પોતાના ભાઇ સાથે રહેતી મા નું કોરોના ને લીધે મુત્યુ થતાં, ભરૂચ નિવાસી નરેશભાઈ જોધ્ધાવાલા પત્ની સોનલબેન સાથે મરણોત્તર વિધી માટે સુરત ગયાં. ત્યાં, તેરમું પતાવ્યું અને અચાનક જ નરેશભાઈની તબિયત બગડતાં ભરૂચથી છોકરો અને જમાઈ સુરત ગયા અને ત્યાં આવેલી બેંકર્સ હોસ્પિટલમાં દાખલ કરી દીધા. ત્યાં તાત્કાલિક સારવાર શરૂ કરી દેવામાં આવી. નરેશભાઈ શરીરે ભરાવદાર હતા, ડાયાબિટીસ હતો, થોડો ઘણો બી.પી.નો પણ પ્રોબ્લેમ હતો.

બેંકર્સ હોસ્પિટલમાં બધી આધુનિક સુવિધાઓ હોવાથી નરેશભાઈની નાજુક હાલતને લીધે તેમને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા હતા. હજુ નરેશભાઈને દાખલ જ કર્યાં કે સોનલબેનને કોરોનાના ચિન્હો દેખાવા લાગ્યા અને ક્રમશઃ તેમની હાલત તો નરેશભાઈ કરતા વધુ બગડતી જતી હતી. તેઓ તો એવા થઈ ગયા કે બચી જ નહીં શકે, તે પણ વેન્ટિલેટર પર. બંને મમ્મી પપ્પા હોસ્પિટલમાં એટલે દીકરો અને જમાઈ ભરૂચથી પરિવારથી દૂર સૂરત. પણ છૂટકો જ ન હતો. ૪-પદિવસની કશ્મકશ, જીવન-મરણની લડાઈમાં કોરોનાની જીત થઇ, દીકરાઓના માથેથી બાપનું છત્ર ઉડી ગયું,

એક જ હોસ્પિટલમાં સોનલબેનને પોતાની સેંથીનું સિંદુર ભૂંસાઈ ગયું છે તેની જાણ પણ કરવામાં આવી ન હતી. ખૂબ જ જોરથી, પટકાયા બાદ પણ ક્રમશઃ સોનલબેનની સારવાર સફળ થઈ અને તેઓ બેઠા થયા. જ્યારે સ્વસ્થ થયા ત્યારે પતિને વિદાય થયાને ઘણા દિવસો થઈ ગયા હતા. વિધીની વક્રતા આગળ ક્યાં કશું યે કોઈનું ચાલે છે!

આતો મેં નરેશભાઈ અને સોનલબેન જોધ્ધાવાલાની વાત કરી પણ આ કુટુંબની કરૂણતા એ કે જેમના ઘરમાં બા રહેતા હતા તેની સારવાર કરતી નાના ભાઇની વહુ પણ કોરોના સંક્રમિત થતાં પરલોક સિધાવ્યા, એટલે એક જ કુટુંબના કુલ ત્રણ સભ્યો એક જ મહિનામાં મૃત્યુ પામ્યા. એકભાઈની પત્ની અને બીજો મોટો ભાઈ, એક કુટુંબ “મા” વગરનું , અને બીજું “બાપ “વગરનું, અને વડીલ “બા”.

કોરોના અમે તારૂં શું બગાડ્યું છે? તે આમ બે બે કુટુંબ ને નિરાધાર કરી દીધા!

(સત્ય કથા)

કવિતા મોદી – ભરૂચ – ૯૮૯૮૨૫૮૮૧૮ - kavitavmodi18@gmail.com

# હાય રે કોરોના
## કવિતા મોદી

ભરૂચમાં  રહેતા અશોકભાઈને , શરીરમાં અસ્વસ્થતા લાગતા સુરેન્દ્રડોકટરને , ડોકટર ભદ્રેશ ઝવેરીને બતાવ્યું, ઘરમાં રહેલ મશીન થી ઓકિસજન , ક્રમશઃ માપતા છેલ્લે, ૬૦થી પણ  નીચુ જવાથી, નછૂટકે હોસ્પિટલમાંદાખલ થયા હતા.

અશોકભાઈને એક જ દીકરી, જે વડોદરા હોવાથી તરત આવી ના શકી. આવેલો કાળ નથી કોઈને બોલાવતો કે રાહ જોતો. પડોશીઓએ મદદ કરી હતી અશોકભાઈ અને તેમના પત્ની નીતા એકલા જ રહેતા હતા. બે દિવસ પહેલાં જોયેલા. અશોકભાઈને સારવાર દરમ્યાન બે દિવસમાં જ સોસાયટી સભ્યોના ગૃપમાં મેસેજ મૂકાયો કે 'બંગલા નં-ર માં રહેતા અશોક ભાઈ, સસપેકિટવ કોરોનાની ટૂંકી સારવાર બાદ પરલોક સિધાવ્યા છે. તો હાલના સંજોગોમાં, તેઓની મરણોત્તર કિયાકર્મ કરવાના ન હોવાથી બેસણું રાખેલ નથી.'

ખૂબ જ દુઃખદ અવસાન ગણાતા હમદર્દી સભ્યો એમના ઘર પાસે બહાર પહોંચી ગયા. દશ્ય જુઓ તો કાપો તો લોહી ન નીકળે એવું, બિચારા નીતાબેનનો તો જીંદગીનો સાથ સથવારો છૂટી ગયો હતો. એની મન: સ્થિતિ કેવી દયનીય કે તરતના આટલા મોટા વજ્રાઘાતની સામે કોઈ સહારો આપનારૂ નહીં, કોઈ આંસુ લૂછનારૂ નહીં કે કોઈ આશ્વાસન આપનારૂ નહીં. મરણ તો ખૂબ જ દુઃખદ પણ પછી વર્તાતી સ્થિતિ એનાથી વધુ દુઃખદ, જોવાય નહિ ને ઉપસ્થિત સર્વેને પણ આ કોરોનાએ, લાગણીના પ્રવાહને વહેતાં રોકેલા.

ઘણાને નીતા બેન માટે લાગણી થતાં દૂરથી પાણી-ચા નાસ્તો મોકલતા હતા. એટલામાં દીકરી મીના પણ બરોડાથી રડતી કકળતી, અરે મોટેથી ચિત્કારો પાડતી, દોડતી દોડતી એકલી પડી ગયેલી માને ભેટવા અંદર જતી હતી તેને, બહાર ઊભેલાઓએ બે હાથથી પકડી લીધી. સમયની ગંભીરતાને સમજવાની સલાહ આપી. તે માનતી જ નહતી. એકાએક આવી પડેલા પિતાના દુઃખદ અવસાનથી તે બાવરી બની ગઈ હતી. જે ઘરમાં આખી જિંદગી સાથે વિતાવી ત્યાં ન તો દેહ આવ્યો કે ના એને યાદ કરી રહેવાવાળું કોઈ રહ્યું.

દીકરીએ પોતાની મા ને ગાડીમાં અલગથી બેસાડી વડોદરા કવોરેન્ટાઇન માં રહેવા મૂકી દીધી. કોરોનાએ મોતને ચણા-મમરાના પડીકાં જેવું બનાવી દીધું.

કવિતા મોદી – ૯૮૯૮૨૫૮૮૧૮ - ભરૂચ.

# ડર

## કિરણ પિયુષ શાહ

લોકડાઉનનો બીજો તબક્કો ચાલું હતો. આસપાસ કોવિડ-૧૯નાં કેસ વધી રહેલ.

અમારી નાનકડું અમૂલનું પાર્લર. સવારે ચારથી નવ દુકાન ચાલું હોય. જરૂરી સાવચેતી સાથે ડરતા ડરતા કામ કરતાં. અમારી સોસાયટીના બસો ઘર હજી કોવિડ-૧૯નાં પંજાથી બચેલ હતાં. આ બચાવ ક્યાં સુધી હશે એ નહોતું સમજાતું.
બીજી મેએ દીકરાના મિત્રના ભાઈનો પ્રાથમિક રિપોર્ટ પોઝિટીવ આવ્યો. એ ખબર સાથે અમારા તો હોંશ ઉડી ગયાં. લોકડાઉન દરમિયાન પણ મારો દીકરો સતત એ લોકોનાં સંપર્કમાં હતો. એએમસીની વેબસાઈટ પર એ છોકરાનું નામ પોઝિટીવ દર્દી તરીકે ચડી ગયું.. આ વાંચી એક સખીએ મેસેજથી પૂછ્યું કે, 'તમારી સોસાયટી છે આ?' આ સાથે મનપર એક અજબ ડર હાવી થઇ ગયો. મિસ્ટર અને હું બંને બી. પી. અને ડાયાબિટીસવાળા, મિસ્ટરનું બ્રેઈન ટયુમરનું ઓપરેશન કરાવ્યે હજી છ મહિના જ થયેલ. એમની ઈમ્યુનિટી ખૂબ ઓછી.. તો મને પણ હ્રદયમાં એક વેઈન બ્લોકેજ એને લીધે શ્વાસની તકલીફ રહે.
હજી તો આ વિચાર કરતી હતી ત્યાં દીકરો ઘરે આવી રડવા લાગ્યો. "મમ્મી, સોરી.. તારી વાત ન માની બહાર જતો અને બધા સાથે રમતો હતો. પ્લીઝ તું ને પપ્પા મારાથી દૂર રહેજો.. " એ સાથે સીધો શાવર લેવા ચાલ્યો ગયો.
એ રાત્રે દીકરાને બહાર ન નિકળવા સમજાવ્યો અને ઘરમાં જ રહેવા કહ્યું. એક મિનિટ પગવાળીને ન બેસતો દીકરો ચૂપચાપ અમારી વાત માનતો રહ્યો. એ ડર સાથે ઇન્ફેક્શન ન લાગે તેનું ધ્યાન રાખી એ છોકરાના બીજા રિપોર્ટની રાહ જોતા રહ્યાં. સહેજ ખાંસી કે શરદી, અરે સામાન્ય કળતર પણ આતંકિત કરી મૂકતી. એમાં મને અને મારા મિસટરને ખાંસી અને તાવ આવી ગયો. ડોક્ટરે વાયરલ કહી દવા સાથે આરામની સલાહ આપી. દીકરાને કાકડાનો દુઃખાવો ઉપડયો. ઈશ્વર જાણે કસોટીના મૂડમાં હતો.
ત્રીજે દિવસે એ છોકરાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. એને હોસ્પિટલને બદલે હોમ કવોરન્ટાઈન કર્યો. એ સમાચાર જાણે જંગમાં મળેલી ફતેહ જેવા હતા. વગર કોવિડે જાતે હોમ કવોરન્ટાઈન થયા એ દિવસો આજે પણ ડરાવી જાય. અસ્તુ..

"કાજલ" કિરણ પિયુષ શાહ - **90163 17619**

# સમગ્ર દુનિયાનું તેમ જ મારા ઘરનું વહેણ બદલી નાખતું કોરોના વાઈરસ

## કિરીટ વખારિયા

જાતે અનુભવેલ , દુનિયાએ અનુભવેલ નકરી વાસ્તવિકતા .

કોરોના વાઈરસ , તારા આગમનની પહેલા બ્રહ્મા હસ્તક સર્જિત , આ દુનિયા , આગળ ને આગળ વિકસતી જતી હતી . એવું લાગતું હતુ કે પૃથ્વી પરનો વિકાસ અવિરતપણે ચાલતો જ રહેવાનો !!! હા , ઘણા વાઈરસ એવા છે કે જેની રસી આજ સુધી શોધાઈ છે અને કોઈની નથી . પણ માનવી , અસંખ્ય મરણો પછી પણ ટકી ગયો . આવા અનેક વાઈરસોથી થતાં મૃત્યુ , જાણે સંદેશો આપતા જતા હતા કે સૃષ્ટિ , માનવ-સર્જિત ભાર હળવો કરવા માંગે છે .

કોરોના , વિવિધ વાઈરસોમાં અને તારામાં એજ એક ફરક છે કે , એબધાં કુદરતની દેન અને તું માનવ-સર્જિત - જેની જાળ ચીનાઓએ બિછાવીને આખી દુનિયાને ડગુમગુ કરી નાખી .

ચીનાઓ , વસતિ-વધારો તો તમારા દેશમાં હતો . તો ચીનમાં , કોરોના તારા થકી , આટઆટલા બેફામ મૃત્યુ થયા પછી , સમગ્ર દુનિયાના માનવ-વર્ગને આવરી લેવાની જરૂર હતી ???

ચીન , તારા સિવાયના બાકીના બધાં દેશોને પોત-પોતાનો સંક્રમિત-આંક , મૃત્યુ-આંક , કોરોનાના સંક્રમણમાંથી બહાર આવવાનો આંક ખબર છે અને તેની જાણ એકબીજા દેશોને કરી છે . એક તું જ આ વાઈરસનો જન્મદાતા દેશ છે , જેના આ બધાં આંકની અમ સૌ સૃષ્ટિવાસીઓએ અટકળ જ કરવી રહી .

ચીન , તારા રાષ્ટ્રએ ફેલાવેલ આ જીવલેણ વાઈરસ હસ્તક અધધ મૃત્યુ થયા , પણ અમારી ભારતીય સંસ્કૃતિને દુનિયામાં ઉજાગર કરતા ગયા .

હાથ જોડીને એકબીજાનું અભિવાદન કરવું , બહારથી આવી - ઘરમાં દાખલ થઈને હાથ-પગ-મોઢું ધોવું , બૂટ-ચંપલનું સ્થાન તો ઘરની બહાર જ હોવું જોઈએ . એ આનંદનો અહેસાસ , જે તમે મિત્ર-મંડળમાં માણવા થનગની રહ્યા હતા , તે આનંદની ક્ષણો સૌ ઘર-આંગણે કુટુંબીજનોની નિશ્રામાં માણતા થઈ ગયા .

અમે તો , નાના હતા ત્યારે રમેલી વિવિધ વિસરાયેલી રમતગમતો , જેમકે પકડદાવ , સાંકળી-પકડદાવ ,આંધળી-ખિસકોલી , ચલક-ચલાણું , ચીચુકા , કૂકા , અમદાવાદ-બાજી , ડોજીંગ-ઘ-બોલ , નદી કે પાણી , નદી કિનારે ટામેટું , ટેલિફોન , પાનાની વિવિધ રમતો , દિકરાએ ખરીદેલ બાળકોની આધુનિક બોર્ડ-ગેમ્સ , સવારે યોગા અને હળવી કસરતો , નાહી-ધોઈ ઘરની બાજુમાં આવેલ દેરાસરે દર્શન કરવા નિયમિતરૂપે જવું એકબીજાને હળવા જોક કહેવા અને એજ જોકનું બાળકો દ્વારા થોડું રૂપાંતર કરી પોતાના જોક તરીકે કહેવું , જોડકણા બનાવવા , ગુજરાતી ભાષા સ્પષ્ટ રીતે બોલતા ,

આપણા દેશના સાહસિક નર-નારીઓના દ્રષ્ટાંતો બાળકો કોઈ-કોઈ વાર રસથી સાંભળતા અને તેમને લગતા-વળગતા કાંઈ કેટલાય સવાલો પૂછી લેતા.
અમો વડીલો સાથે પસાર થયેલા સમયને માણતા-મમળાવતા તો, ૨૩માર્ચે શ્રી નરેન્દ્રભાઈ મોદી હસ્તકનું ફક્ત બે દિવસનુ લોક-ડાઉન , જે ભારતના બધાં જ રાજ્ય-મંત્રીઓ દ્વારા લંબાવાયો , ત્યારથી અત્યાર સુધીનો સમય, એકદમ સહજતાથી અમારા કુટુંબીજનો સાથે અમે પસાર કર્યો છે . આ લોક-ડાઉનના સફળ પગલાને બહુ બધાં દેશ અનુસર્યાં .
ઘણાં મિત્રો-સંબંધીઓ ફરિયાદ કરતાં કે કંટાળો આવે છે , સમય પસાર નથી થતો , ત્યારે હું , આ રમતો-થકી માણેલી , આ હળવાશભર્યા માહોલની વાત કરતો , તો ઘણાં મારા સૂચનને અનુસરતા અથવા તો ઘણાં હસી કાઢતા . હા , સંગ્રહ કરી રાખેલા ગિલ્લી-દંડા , લખોટીઓને ખૂબ યાદ કર્યાં , પણ કોંક્રિટ -જડિત જમીનો પર , ઘરની બહારના રસ્તા પર કે કાર-પાર્કિંગની જગાએ , મારા નબીરાઓને રમાડી ન શક્યો . ફક્ત ,અા રમતોની માહિતિ આપી .
કોરોનાના વાઈરસ તેં મને , પ્રજ્ઞાને અને દિકરા નૈનીશને પણ તારા સંક્રમણથી બાકાત નથી રાખ્યા અને ભલે દુનિયા થોભાવી દીધી પણ અમે તો અમારી ભારતીય સંસ્કૃતિનો અખૂટ વારસો અમારી આગળની પેઢીને આપી દીધો .....

કિરીટ વખારિયા - સુરત

# પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવોની સત્યકથા
## કિરીટ વખારિયા

કોરોના - તું બદ-ઈરાદાથી ભલે આવ્યો, અમે તો માનવતાવાદને ઉજાગર કરી દીધો .

પ્રત્યક્ષ અને પરોક્ષ અનુભવોની સત્યકથા

કોરોના - તારા અકળ આગમન, સાથે કેટલાય નિર્દોષ જીવોનો તેં ખાતમો બોલાવી દીધો પણ અમે એટલે કે માનવ-સમાજે , એના પર નિયંત્રણ મૂકી મૃત્યુ-આંકને નીચો કર્યો છે .

આમ તો ચીન , તારી બનાવેલ ચીજો બે-ચાર મહિનામાં પણ ટકતું નથી , તો આ કોરોનાવઈરસ કેમ ટકી રહ્યું છે ?

તારી સામે ટક્કર લેતા-લેતા સામાજીક-કાર્યકરોમાં સજાગતા-સતર્કતા- એકતા આવી ગઈ. હજુ તો CBSC કોર્સવાળા વિધ્યાર્થીઓની રજા પૂરી થઈ-ન-થઈ ત્યાં તો લોક-ડાઉનની જાહેરાત . દિકરાની વહુ તેમના છોકરાઓ સાથે પિયરમાં હોવાથી ઘરકામની પૂરેપૂરી જવાબદારી પ્રજ્ઞાના શિરે આવી ગઈ . મેં અને દિકરાએ સહર્ષ મદદરૂપ થઈ એના કામને હળવું કરી નાખ્યું ,જેમકે ઝાપટ-ઝૂપટ કરી ફર્નિચર લૂછવું , વોશીંગ મશીનમાંથી કપડાં લઈ સૂકવી દેવા , શાક સમારી આપવું , વાસણો વિછળી આપવા , અંતાક્ષરી રમતા-રમતા તેને રસોઈ કરે ત્યારે કંપની આપવી . અમારા મોટા ઘરના કચરા-પોતા કરતા-કરતા પ્રજ્ઞાને , ત્રણ વર્ષ પહેલા ઘાયલ થયેલ પગમાં સખત દુ:ખાવો ઉપડતા ડો.ની એપોઈન્ટમેન્ટ લીધી . પગમાં અસહ્ય પીડાને લીધે તે ગાડીમાં ડ્રાઈવરની બાજુની આગલી બેઠક પર જ બેઠી .ડો.ને ત્યાં જતા રસ્તામાં ત્રણ જગાએ પોલીસ- ચેકીંગ થયું . ડો.ના રિપોર્ટસની માંગણી કરી અને હળવી પણ સખતાઈભર્યા અવાજે સૂચન કર્યું કે કોરોનાયુક્ત સંજોગોમાં એણે પાછલી સીટ પર જ બેસવું જોઈએ .

પ્રજ્ઞા, દિકરોને હું કોરોનાના સંક્રમણમાં આવ્યા પછી પ્રજ્ઞાની હાલત વધુ કથળતા , મહાવીર-ટ્રોમામાં દાખલ કરી. ડોક્ટરોએ આપેલ  માહિતિ અને સૂચન પ્રમાણે સિસ્ટરો અને તેમની નીચેનો સ્ટાફ ખડે પગે દરદીઓની કાળજી લેતા હતા. બધીજ હોસ્પિટલોમાં કોવિડ-દરદીઓ માટે અલાયદા માળ રાખવામાં આવ્યા હતા . કડક તકેદારી રાખવામાં આવતી કે દરદીના કોઈ પણ સગા-વહાલા , એ પ્રતિબંધકારક વિભાગમાં દાખલ ન થાય. PPE -કિટ પહેરીને ફરજ બજાવતો સ્ટાફ ગરમીથી અકળાય ત્યારે જે બે-પાંચ મિનિટનો ફાજલ સમય મળે ત્યારે તેઓને ફાળવેલી સાતેક ખુરશી પર બેસી , સતત ચાલુ રહેતા સિલિંગ -ફેન , પેડસ્ટ્રિયલ-ફેન , પાસે ઠંડક મેળવી લેતા . કુદરતી -હાજતે જવા માટે પણ

સંયમ જાળવવો પડતો . કારણ — ૧ — જુદા-જુદા દરદીઓની સરભરાની અ ાવશ્યકતાને પહેલું પ્રાધાન્ય

૨ — કિટ કાઢી કરીને હાજતે જવા વધારે સમય લાગે. કિટ પહેરેલી અવસ્થામાં હાથની હથેળીમાં મેડિકેટેડ પાવડર લગાડ્યા પછી પણ સતત ખંજવાળ આવતી .

દરદીઓને ગરમ-પાણી , લીંબુ-પાણી , કાઢો , નાસ્તો , બે સમયનું જમણ નિયમિત મળતું .

અમૂક જગ્યાઓએ ,દાતાઓ તરફથી સ્વૈચ્છિક દાન મળતા ,ફળ-ફળાદિ , સૂકો મેવો અને સૂંઠ-ગંઠોડાની ગોળીઓ પણ અપાતી .

હું ટ્રસ્ટી હોવાથી હોસ્પિટલની આ સેવાઓથી વાકેફ હતો પણ મારી પત્ની પ્રજ્ઞા એ સેવાઓની સાક્ષી બની.

સામાજીક પ્રસંગોએ ભાડે અપાતા વિવિધ પાર્ટી-પ્લોટ , હોલ , ભવનોને જરૂરી સુવિધા વડે કોરોનાગ્રસ્ત દરદીઓ પાસે નજીવી રકમ લઈને ડોક્ટરો અને કાર્યક્ષમ માણસોને રોકી , દરદીઓની કાળજી લેવાતી. કેટલીયે સંસ્થાઓ અથવા તો મિત્ર-વર્તુળોઓએ ભૂખ્યા માણસોને બે વખતની રસોઈ સમયસર મળે તેની જવાબદારી ઉપાડી લીધી. સરકાર તેમજ ખાનગી સંસ્થાઓએ જરૂરિયાતમંદ નાગરિકોને અનાજનું વિતરણ કર્યું .અમૂક લોકોએ બહારગામ રહેતા ગરીબ વર્ગને ગામ જવાની વ્યવસ્થા કરી આપી.

આ રીતે ભારતના દરેક શહેરના સામાજીક-કાર્યકરો જેમકે — ડોક્ટર , નર્સ ,સિસ્ટર , તેમની નીચેનો સ્ટાફ , હોસ્પિટલના ટ્રસ્ટી તેમજ વિવિધ કાર્યકરો, દવાની દુકાનવાળા , પોલીસ -ટ્રાફિક પોલીસ , રસોઈયા, દરેક શહેરોના કોર્પોરેશનના વિવિધ વિભાગના કર્મચારીઓને ખડે પગે ઊભા રહી નાગરિકોને સહકાર આપતા જોયા છે, તે કેમ કરી ભૂલાય?

જે વ્યક્તિઓ હંમેશા મિત્રોમાં જ આનંદ માણતા તેઓને પરિવારના સભ્યોની અગત્યતા ધ્યાનમાં આવી. મહામારીના આ રોગે તો માનવતાવાદના દ્વાર ખોલી દીધા .

કિરીટ વખારિયા - સુરત - ૯૮૨૪૧૧૨૬૬૧

# કોરોનાનાં કહેરમાં

## કોકિલા રાજગોર

અમારી સોસાયટી માં ઉપરનાં માળે રમીલા બેન ૮૦ વર્ષ ને એમના પતિ શંકર ભાઈ ૮૪વર્ષ નાં એક દિકરો વહુ પૌત્ર પૌત્રી છ વ્યક્તિ એક બેડરુમ હોલ માં રહેતાં... રોજ કાંઇને કાંઈ વાતે લડવાનો અવાજ આવતો.. કોઈને આ ડોસાઓ ન ગમે... પણ શુ થાય... ઘરમાં કકળાટ ગમે
ત્યારે થાય.. દીકરો વહુ સતત કહે.. ક્યારે મરસે કોને ખબર... આટલું આયુષ્ય ન જોઈએ... મને લાગે છે એમનાં થઈ પહેલાં આપણે મરી જશું... પણ.. ડોસલાઓ સમસમી જતાં...
એમને ખબર હતી નકામા જીવ કોઈને ન ગમે... પણ પોતાના માટે પોતાએ ઝીલવું અઘરું હતું તેથી ખટપટ થતી... માંગ્યું કાંઈ ન મળે પણ ચડભડ જરુર થતી...
એવામાં આ કોરોના કોવિદ ૧૯/આવતાં લાંબું લોક ડાઉન.. બેકારી.. અસમતુલન થી સૌ કતરાતાં. એક બીજાથી.. એમાં આ ડોસલાઓની દવા નાં ખર્ચે તડફડ થતી ને લેવી પણ પડતી.... હવે ડોસલાં બંન્ને કંટાળી ગયાં...
એટલામાં.. તપાસ અર્થે સરકારી માણસો આવ્યાં.. તે ઘરનાં સાઠ વરસથી મોટાં સૌનું ઓક્સિજન લેવલ તપાસમાં એ ડોસલા બંન્ને નું ખૂબ ઓછું આવતાં એમને સરકારી દવા ખાને આવવા કહ્યું... દીકરો વહુ મનોમન હવે છૂટશું આ ડોસલાઓ થી... કોરોના તારો પાડ.. મનોમન માન્યો...
એમ્બ્યુલન્સ આવી એમાં એ ડોસલાં ઓ ને બેસાડ્યા... ને ટ્રીટ મેંન્ટ કરાવી...
ચાર દિવસે.. એમ્બ્યુલન્સ પાછી આવી બંન્ને ડોસલાઓ ને લઈને... તેઓ કોરોનાથી બચી ગયાં હતાં ને... થોડી દવાઓ લખી આપી હતી થોડી સરકારી દવાખાનાં થઈ આપી હતી...
તેઓ ધીરેથી ઘરમાં આવ્યા... તો જોયું એમનાં સૂવાના પલંગ ને ગાભા બધા જ બદલાઈ ગયાં હતાં... ઘરમાં પહોંચતાં દીકરો વહુ.. ધીમુ ધીમુ બડબડી રહ્યાં હતાં... કોરોના કેટલાય ને મારી નાંખ્યા આ આપણાં ડોસલા ઓને કાઈ નથયું... ને મૂકી દીધાં ગાભા ની પથારી કાઢી રહી.
લઘુકથા

કોકિલા રાજગોર - ભીવંડી થાના - **97300 27882**

# જેમને નખમાં રોગ નહતો એ ચાલ્યા ગયા

## કોકિલા રાજગોર

કોરોના શબ્દ જાણે કાળનો કોળિયો લઈને આવ્યો જણાય છે જેમ કેન્સર નું નામ પડતાં લોક જીભે કેન્સલ.. થી જવાનું એવુંજ આ કોરોના કોવીદ ૧૯ હરકોઈનાં મોઢે જાણે હવે ખલ્લાસ... ફલાણાને કોરોના થયો છે..... ઢીકળાને કોરોના થયો છે... બસ મરવાની રાહ આંખમાં ઊગી નીકળે નહીં કોઈને મળવું અડવું... કે કોઈ સગપણ જ ન હોય એવું વ્યકિત નાં વ્યક્તિત્વની સાવ હરાજી થઇ જાય... અને. ઘણાં નું એવું થાય છે હોસ્પિટલમાં જતાં વ્યક્તિ પાછી નથી આવવાની દહેશત માં... ધન નાં ખર્ચ માં ઘર ધોવાઈ જાય છે અહીં કહેવું જેટલાં લોકો એટલી વાતો થાય છે પણ માનવતા નેવે મુકાઈ ગયેલી જોવા મળે છે... અદ્દશ્ય રીતે કોને ખબર ક્યાય થઈ લાગી જાય છે. એવું કે ગાફેલ ને જ લાગે છે... આ તો તમે સાવધ હો છતાં લાગી જાય છે ને ઘણી વાર આખા ઘર નાં વ્યક્તિ ઓને પણ એ સકંજામાં ભીડે છે ત્યારે કોણ કોને સહાનુ ભૂતી આપે?... લાખો નાં બીલો થતાં પણ માણસ ને ખોવો પડે છે... આમ કરો તેમ કરો કહેતાં સાંભળતાં એવું જીવવા માટે કરતાં સૌ થાકી ગયાં છે પણ એ શું છે એ સમજી શકાતું નથી... ક્યાંક સાચા તો ક્યાંક બધાજ બચાનો ખોટા પડે છે...

અહીં વાત કરું મારા એક નજીક નાં.. સગાં ની... જે આખું કુટુંબ માં દીકરો વહુ.. જે પહેલી વાર પ્રેગ્નંટ હતી સાસુ સસરા... દીકરી જમાઈ બધાં સુખ સાધન સંપન્ન મીરાં રોડ રહેતાં... સાવધાની માટે નવા લીધેલા બંગલામાં રહેવા તૈઓ બાય કાર... ગામ ગયાં... ત્યાં સુખથી ત્રણ મહિના રહ્યાં કામ કાજ બધાં બંદ હતાં એટલે ચિંતા નહતી..... આરામથી રહેતાં પોતે સેફ છે એમ સમજતાં... એક દિવસ દીકરાએ હવે પપ્પા હું ઘરે જવા ચાહું છું તમે અહીં રહો હવે કોરોના હળવો થયો છે... તો જાઉં... વહુ માવતરે હતી કંટાળેલા તો હતાં જ.. એકનો એક દીકરો જાય એ ડરથી માબાપ પણ જવા ભેગાં થયાં... દીકરી જમાઈ પણ એમની કારમાં.. આમ બેઉ પરિવાર દેશ માં ખુશ હતાં એ આવ્યા મુંબઈ... ને... વહુને હવે ડીલીવરી આવવાની હતી તો ફરી થી જશું... વિચારી આવ્યા... ને હવામાન બદલી થતાં... આપણે નામ આપીએ... રમેશ ભાઈ... દીકરાના પપ્પા... ને તાવ આવ્યો અશક્તિ લાગી.. આમ તો તેઓ મેડિકલ માંજ હતાં ધંધામાં તેથી બેદિવસ ચાલુ દવાથી ચલાવ્યું પણ... લક્ષણ... અલગતાં લાગી કંઈજ ન સમજાતાં.. બ્લડ ટેસ્ટ કરાવતાં કોરોના.. આવ્યું ને હોસ્પિટલમાં દાખલ થયાં... ને... બે દિવસમાં. વધતું જતું લાગતાં દીકરાને બીજે લઈ જવા કહ્યું... ત્યાં વહુને પ્રથમ પુત્રી જન્મી... ફોન થઈ સમાચાર એનો ફોટો લઇ એ નાણાં કરતાં વ્યાજ વધુ વ્હાલું હોય એ દીકરો સમજે એમ વિચારી... ઘણી રીક્વેસ્ટ કરી પપ્પા ને ડોક્ટરના જેવું સુરક્ષા સુટ પહેરી મળ્યો... પપ્પા રડી પડ્યા... પોત્રી નો

ફોટો મોબાઇલ માં જોઈ હરખાયા પણ... મને અહીંથી બીજે લઈ જા અહીં સારું નથી લાગતું... પણ દીકરાએ રડવું છુપાવી સારું થઈ જશે નો દિલાસો આપી વાતો કરી બહાર નીકળી ખૂબ રડ્યો પણ શું થાય અડાય નહીં કે... માનવતા કેવી...? વિચારી રહ્યો... ઘેર જઈ મા ને આશ્વાસન આપ્યું પણ એના રુમમાં રાત્રે ખૂબ ડર્યો રડ્યો... ને બીજા દિવસે બપોરે ફોન આવ્યો સ્વર્ગ વાસ થયાનો.... અંતે ક્યાં બોડી મળે કે... એવું પણ... ના... જાણે કોરોના નો કાળ અહીં બોલાવી લાવ્યો સુખમાં રાચતાં પરિવાર માંથી એ.. સપડાઈ ગયાં કાળનાં પંજામાં જેમને નખમાં રોગ નહતો એ... સાવ.. આમ... ચાલ્યા ગયાં... સો રડી ને બેસી રહ્યાં... લાચાર... સહસા આવેલ કાળમુખા કોરોના.. ને... ભાંડી રહેવાની તાકાત પણ એમનામાં નરહી...... અસ્તુ.

કોકિલા રાજગોર - ભીવંડી થાના - **9730027882**

# ફરજ અને નિષ્ઠા

## કુસુમ કુંડારિયા

આજે મારે વાત કરવી છે મારાજ ફ્લોર પર રહેતા અને સરકારી હોસ્પિટલમાં નર્સ તરીકેની ફરજ બજાવતાં નયના બહેનની. તેઓ ઘણાં વર્ષોથી દર્દીની સેવા કરે છે. શીફ્ટમાં કામ કરે છે. તેમાં નાઈટ ડ્યુટી પણ હોય. એકદમ સરળ સ્વભાવ. અને કર્તવ્ય નિષ્ઠ એવા આ નયનાબહેન છ મહિનાથી કોરોના પેશન્ટની સારવાર પણ કરે છે.

પૂરતી તકેદારી પણ રાખે. વારા પ્રમાણે તેમને કોરાના પેશન્ટના આઇ.સી.યુ. વિભાગમાં મૂક્યાં. આ વિભાગમાં કામ કરવું સૌથી જોખમી અને પડકારજનક પણ ખરું. આખો દિવસ પી.પી.ઇ. કીટ પહેરીને કામ કરવાનું. દસ-દસ દિવસ આ વિભાગમાં નિયમ મુજબ સેવા બજાવવાની. આ દસ દિવસ ઘરે નહિ આવવાનું. ત્યાંજ જમવા અને રહેવાની સગવડ હોય છે. સેફ્ટી માટે એ જરૂરી પણ છે. ડ્યુટી પૂરી થાય પછી ચાર દિવસ ત્યાં રાખે પછી નેગેટીવ રિપોર્ટ આવે પછી ઘરે આવવાનું. નયનાબહેનની ડ્યુટી પુરી થઈ અને નેગેટીવ રિપોર્ટ પણ આવી ગયો. અને ઘરે આવી ગયા. ઘરમાં અને ફ્લેટમાં પણ બધાને રાહત થઈ.

મારા ઘરે મારી દિકરી મુંબઈથી આવી છે. તેમનો દિકરો શ્લોક એક વર્ષનો છે એટલે ડર પણ લાગે. પણ નયનાબહેન અને તેના ઘરના સભ્યો દૂરથી રોજ રમાડે. ફ્લોર પરના બધાજ ફેમિલી દૂરથી રમાડે. બધા સમજે કે અત્યારે આ મહામારીમાં તકેદારી રાખવી ખૂબ જરૂરી છે.

હવે નયનાબહેનની વાત કરું તો આ સપ્ટેમ્બરની દસ તારીખની આજુબાજુ થોડો તાવ આવ્યો. તેઓ તુરતજ લેબોરેટરી કરાવા ગયા. રિપોર્ટ પોઝીટીવ આવ્યો! તેમના પતિએ રિપોર્ટ આવ્યો કે તુરતજ અમને જાણ કરી. તમે શ્લોકને ઘરની બહાર કાઢતા નહીં. નયનાને કોરાના પોઝીટીવ છે. કેટલી ઇમાનદારી અને બીજાની ચિંતા! સાથે તેમના દીકરાનો પણ પોઝીટીવ રિપોર્ટ આવ્યો. પણ નયનાબેનના પતિને કંઇ વાંધો ન હતો. ચૌદ દિવસ તેઓ ત્રણેય હોમ કોરન્ટાઇન થયા. નગરપાલિકા વાળા સ્ટીકર લગાવી ગયા. પણ આ ફેમિલી એટલું સમજદાર છે કે ચૌદ દિવસ સુધી કોઇ ઘરની બહારજ નથી નીકળ્યું તેમનો કચરો પણ સફાઈકામદારને ન આપતા નયનાબેનના પતિ જાતેજ નિકાલ કરતાં. મા-દીકરા બંનેની તબિયત સારી હતી. દવા ચાલુ હતી. મેં તબિયત પૂછવા ફોન કરેલો. નયનાબેને કહ્યું તબિયત ઘણી સુધારા પર છે. રોજનું ત્રણેક લિટર લિકવીડ અમે બંને પીએ છીએ. તેમના પતિ રસોઇ બનાવતા. અને લિકવીડ પણ તૈયાર કરી રૂમની બહાર મૂકે એટલે બંને પી લે. ત્રણેય અલગ-અલગ રૂમમાં રહે અને મોબાઈલથી વાત કરી લે. આ રીતે પૂરી તકેદારીથી બંને એકદમ

સ્વસ્થ થઈ ગયા. અને નયનાબહેનના પતિ પણ સ્વસ્થ છે. ફરી રાબેતા મુજબનું જીવન જીવવા લાગ્યાં.

છેલ્લે એટલુંજ કહીશ. આ સમય પણ જલદી જતો રહેશે. બસ કોરોનાથી ડરો નહિ પણ તેની સામે લડો.

કુસુમ કુંડારિયા – જૂનાગઢ - **94091 51212**

## લોકડાઉન

### કુસુમ કુંડારિયા

લોકડાઉન દરમિયાન એક એવો કિસ્સો બની ગયો કે હ્યદયને હચમચાવી ગયો.

મારા કાકાજીના દીકરા રમેશભાઈનું હાર્ટ એટેકથી મૃત્યુ થયુ. લોકડાઉન-૨ ચાલતું હતું. લોકોમાં ડર પણ ફેલાયેલો હતો. એક રાત્રે અચાનક તેમને છાતીમાં અસહ્ય દુખાવો ઊપડ્યો. મેડી ઉપર એકલાં સૂતા હતા. તેમના પત્નિ અને દીકરો નીચે રૂમમાં સૂતા હતાં. રમેશભાઈ છાતી પર હાથ રાખી નીચે ઉતર્યા. તેમના પત્નિને હલાવીને ઊઠાડ્યાં અને બોલ્યા, "મને અતિશય દુખાવો થાય છે" અને નીચે ફસડાઈ ગયા. તેમના પત્નિએ ત્યાં રહેતા કુટુંબીજનોને ફોન કર્યો. અને ૧૦૮માં પણ ફોન કરી દીધો. ગામડામાં હજુએ ભાઈચારો અને લાગણી જોવા મળે છે. કુટુંબના દસ-બાર વ્યક્તિ આવી ગયા. થોડા દુર ઊભીને ચર્ચા કરી બે વ્યક્તિ એમ્બ્યુલન્સમાં સાથે ગયા. રમેશભાઈના પત્નિને ઘરે રાખ્યા. અને કહ્યું જરૂર પડશે તો તેડી જઈશું. માણાવદર સરકારી હોસ્પિટલમાં લઇ ગયા. ડોક્ટરો તપાસીને કહ્યું, "એકદમ હેવી એટેક હતો. તેઓ મૃત્યું પામ્યા છે! કોઇને માનવામાં આવતું ન હતું. પણ હકિકત સ્વીકારવા સિવાય છૂટકોજ નહોતો. વહેલી સવારે ડેથ બોડી લઇ એ લોકો ગામમાં આવ્યા ત્યારે આખા ગામમાં અરેરાટી વ્યાપી ગઈ. હવે વડીલોએ બહારગામ રહેતા તેમના અંગત સ્વજનોને ફોન કર્યા. અમને પણ સવારે પાંચ વાગ્યે ફોન આવ્યો, ખૂબ દુ:ખ થયું પણ જઇ શકાય તેમ તો હતું નહીં! ત્યારે થયું હે, ઇશ્વર આ કેવી કસોટી છે? અને કેવી લાચારી! માણસ પોતાના અંગત સ્વજનના મૃત્યુ સમયે પણ જઇ ન શકે!

રમેશભાઇની દીકરી જામનગર સાસરે છે. તેમને પણ ફોન કર્યો. પિતાના સાવ અચાનક અવસાનથી તે હતપ્રભ બની ગઈ. જલદી પપ્પાનું મોઢું જોવા માટે બહાવરી થવા લાગી. તેમના પતિ રીલાયન્સ કંપનીમાં નોકરી કરે છે. આથી કંપનીમાં જાણ કરી અને પરવાનગી માટે ભલામણ કરી. કંપનીવાળાએ મદદ કરી અને જામનગરથી બહાર નીકળવાની પરવાનગી પણ અપાવી દીધી. પણ આ બધી પ્રોસેસમાં બહુ સમય નીકળી ગયો. અંતે તેમના પિતાને અગ્નિદેહ દેવો પડ્યો! દીકરી તેના વહાલસોયા પપ્પાનું મોઢું ન જોઈ શકી. એ આવી ત્યારે અગ્નિદાહ દેવાઈ ચૂક્યો હતો. એણે હૈયાફાટ રૂદન કર્યું. આ કોરોનાકાળનું લોકડાઉન અને આઘાતજનક સમયને તે કદી નહીં ભૂલી શકે!

કુસુમ કુંડારિયા – જૂનાગઢ - **94091 51212**

# ઓનલાઈન શિક્ષણ

## લીલાબેન પટેલ 'ઝલક'

કોરોના કાળ અને ઓનલાઈન શિક્ષણ.એમ જોઈએ તો લોઢાના ચણા ચાવવા જેટલું કપરું કામ.છતાં શિક્ષક તરીકે ફરજ કે બાળક ઘરે રહીને પણ શિક્ષણથી વંચિત ના રહે.વળી પ્રાથમિક શાળાનાં બાળકો. બાળકોને વ્હોટસેપ પર વિડિયો બનાવીને વિષયવસ્તુ મોકલવાનું, માઈક્રોસોફ્ટ ટીમ્સ પર વર્ચ્યુઅલ ક્લાસ લેવાના .એ બધામાં પણ સહકાર ઘણો ઓછો મળે.કેટલાક બાળકો પાસે સ્માર્ટ ફોન નથી,તો કેટલાક પાસે સ્માર્ટ ફોન તો છે પણ રિચાર્જ કરાવવાની આર્થિક સમસ્યા.

કેટલાક કામ ધંધા બંધ થવાથી ગામડે ગયા હોય નેટવર્કની સમસ્યાઓ...કેટલાક વાલીઓની ફરિયાદ રહે છે,કે અમે તો મોબાઈલ આપી કામ પર જઈએ છીએ બાળકો મોબાઈલ પર ભણે કે ગેઈમ રમે અમને સમજાતું નથી. કારણ અમને વાંચતા આવડતું નથી.આવા અનેક દુષ્પરિણામોની સાથે કેટલાક આંખે ઉડીને વળગે એવાં પરિણામ પણ મળ્યાં છે.

એવું સુંદર કાર્ય કરનાર બાલિકા છે વંશીકા યોગેશભાઈ પટેલ. કે જે ન.પ્રાથમિક મિશ્રશાળા નં. 7,નવસારીની શાળામાં ભણે છે.પિતા રત્ન કલાકાર અને માતા ઘરકામ કરે છે.એમ જેમતેમ ગુજરાન ચલાવે છે. તેમાં આવ્યું લોકડાઉન. અને ઓનલાઈન શિક્ષણ ! હવે સ્માર્ટ ફોન વગર તો ઓનલાઈન શિક્ષણ થઈ ના શકે! એટલે વંશીકાના માતા પિતાએ જે થોડીઘણી બચત હશે તે વાપરીને મોબાઈલ (સ્માર્ટ ફોન)લઈ લીધો. જેની કિંમત સોળ હજાર.(16000)કારણ કે એમની બંને દીકરીઓ ભણવામાં હોંશિયાર. વંશીકા ધોરણ 7મા અને નાની બહેન ધોરણ 3માં.બંને દીકરીઓ ખૂબ જ સરસ રીતે ઓનલાઈન શિક્ષણ મેળવવા માંડી.

શિક્ષણની સાથે સાથે પાઠ્યપુસ્તકોમાં આપેલી પ્રવૃત્તિઓ જાતે કરવાની સૂચના મળતાં વંશીકાને કંઈ અલગ કરવાનું સૂઝ્યું. ધોરણ.7ના ગુજરાતીના પાઠ્યપુસ્તકની કવિતા "માલમ હલેસાં માર"કાવ્યનો અભિનય સાથેનો વિડિયો બનાવ્યો. એના માટે હોડી અને હલેસું જોઈએ તે પિતાની મદદથી પડી રહેલા ખોખામાંથી હોડી અને હલેસું બનાવ્યું. નાની બહેનને નાવિક બનાવી પોતે કાવ્ય નાયક.વિડીયો ખૂબ વખણાયો.પ્રોત્સાહન મળતાં બીજા વિષયવસ્તુના વિડીયો બનાવ્યા. જે વિડીયો અન્ય બાળકોને ભણવા માટે ઉપયોગી બને છે.અને એની નોંધ નવસારી શિક્ષણ સમિતિના શાસનાધિકારી શ્રી ભૂમિકાબેન પટેલ એ લીધી.નવસારીના ઝટપટ ન્યૂઝ ચેનલને જાણ થતાં વંશીકાના ઘરે જઈ કેટલીક પ્રશ્નોત્તરી કરી.માતા પિતા સાથેની મુલાકાત.ન્યૂઝ ચેનલ પર એના આ સરાહનીય કાર્યને બિરદાવ્યું છે.

હું પણ વંશીકા માટે ખૂબ જ ગૌરવની લાગણી અનુભવું છું.અને અન્ય વિડીયો બનાવવા પ્રોત્સાહન અને માર્ગદર્શન પૂરું પાડું છું.

કહેવાય છે, કે કોઈ દરવાજો બંધ થાય છે, તો બીજો ખુલી જાય છે.બસ ક્યાંક ટકોરા મારવા પડે તો ક્યાંક ધક્કો મારવો પડે.

લીલાબેન પટેલ 'ઝલક' - નવસારી - **94288 82566**

# કોરોના - પ્રભુની અકળ લીલા
## માલિની પાઠક

સમગ્ર વિશ્વને અજગરી પાશમાં કસનારી મહામારીએ અમારાં ઘરનાં બારણે પણ ટકોરા દીધાં. નવ સભ્યોનો અમારો આનંદ-કિલ્લોલ કરતો સંયુક્ત પરિવાર,તેમાં છત્ર સમાન ઘરનાં વડલા અને બાળકોનાં દાદા મારાં શ્વસુરજી શ્રી પ્રદ્યુમ્ન પાઠક કેન્દ્ર સ્થાને.તેમને હું પપ્પાજી કહીને બોલાવું. એંસી વર્ષની ઉંમરે પણ આત્મનિર્ભર. નિયમિત કસરત,યોગ,ધ્યાન,ભજન મૌન, લેખન અને અર્થપૂર્ણ સંવાદ સાથે સાત્વિક જીવન જીવનારા.ઘરમાં જ રહે તેમ છતાં 20 ઓગસ્ટના રોજ અચાનક તાવ આવતાં તેમનો કોરોના ટેસ્ટ કરાવ્યો,જે પોઝિટીવ આવતા તેમને 22 ઓગસ્ટે સત્યમ હોસ્પિટલ વડોદરામાં દાખલ કર્યાં. અમારાં પરિવારમાં ખૂબજ સંપ.મારી બન્ને દીકરીઓને અને દીયરના દીકરાને મારો ભાણો તેને ગામ તારાપુર લઈ ગયો,તેથી ઘરનાં ત્રણ સભ્યો કોરોનાથી બચી ગયા.ત્યાં હળી-મળીને ભાઈ-બેનો રહ્યાં.ઘરનું બધુંજ કામ અને ઓનલાઇન ભણવા-ભણાવવાનો તાલમેલ બેસાડી જીવન કૌશલ્યો સભર આત્મ નિર્ભર જીવન જીવતાં શીખ્યા.

23 ઓગસ્ટે મારાં દીયર અને તેમની દીકરીને કોરોના પોઝિટીવ.29 ઓગસ્ટે 1 ઝટકા ઔર!મને અને મારાં પતિ ડૉકટર સતીશ પાઠકને પણ કોરોના પોઝિટીવ.આ આંધીમાં તે ધીરજ રાખી ઘરમાં જ કોરોન્ટાઈન રહ્યાં. ડાયાબિટીસના કારણે હું પણ સત્યમ દવાખાનામાં દાખલ થઈ.

બીજા દિવસે મને ખબર પડી કે પપ્પાજી બાજુની રૂમમાં જ છે.

દર્દીઓથી ભરેલાં દવાખાનામાં જયાં એક પણ પલંગ ખાલી ન મળે, ત્યાં ઇશ્વરની અદ્ભુત કૃપાથી પપ્પાજીની બાજુ વાળો પલંગ ખાલી હતો ને હું ત્યાં સિસ્ટરની મદદથી જતી રહી.દસ દિવસથી દવાખાનામાં એકલાં રહેતાં પપ્પાજીને જોઇ મારી આંખો ભીની થઈ. અમને બન્નેને ખૂબ સારું લાગ્યું. દવાખાનામાં અમે સાથે પ્રાર્થના કરતાં,જમતાં. હું મોસંબીનો રસ પીવડાવું, કપડાં ધોઇ દઉં,આમ તેમની નાની-નાની સેવા કરવાનો અમૂલ્ય અવસર મળ્યો. આ ઇશ્વરની અકળ લીલા છે કે મને કોરોના થયો તો પપ્પાજી સાથે કોરોના વોર્ડમાં રહેવા મળ્યું. 5 સપ્ટેમ્બરના દિવસે અમને બન્નેને રજા મળી. દવાખાનાનાં ડોક્ટર,નર્સિસ,સેવકો,તમામ સ્ટાફનો આભાર માની અમે ઘરે આવ્યાં.તેમને 7મી તારીખની સાંજ સુધી સારું હતું.સાંજે આરતી બાદ પ્રાર્થના સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરી. મેઁ પ્રાર્થના પોથી ખોલી તો 'મંગલ મંદિર ખોલો દયામય' પ્રાર્થનાનું પાનું નિકળ્યું.તેમણે ખૂબ ભાવથી મગ્ન થઈ પ્રાર્થના સાંભળી.પછી થોડોક તાવ આવ્યો, તે રાત્રે ખૂબ વધી ગયો. મારાં દેરાણી કોમલ બેન અને

ઘરનાં બધાંએ ખૂબ સેવા કરી,પણ 8 સપ્ટેમ્બરે તેમને ફરી દાખલ કરવા પડ્યા.આ વખતે ડૉકટરે કોરોના મુક્ત દર્દી ગણીને ને દાખલ કર્યાં. કિડનીમાં સંક્રમણના કારણે તેઓ તે દિવસે જ ધામમાં ગયાં.આ પણ ઇશ્વરની અસીમ કૃપા કહેવાય કે જો 5 તારીખ સુધીમાં દવાખાનામાં તેઓ ધામમાં જતાં તો અમને તેમનાં અંતિમ દર્શન કરવા ના મળત.

વિશ્વ કલ્યાણની ભાવનાને ક્યારેય લૉકડાઉન થવા ન દઈને, દાનનો અપાર મહિમા સમજીને, પપ્પાજીએ દેહ દાનનો મહાન સંકલ્પ વર્ષો પૂર્વે લીધો હતો .તેમની અંતિમ ઇચ્છા પૂર્ણ કરવા મારાં પતિ અને દીયરે કાયદેસર પ્રયત્નો કર્યાં પરંતુ સયાજી હોસ્પિટલ વડોદરાના એનેટોમી વિભાગના સત્તાધીશોએ દેહદાનનો અસ્વીકાર કરતાં તેમની પરંપરાગત રીતે અંતિમ વિધિ કરવામાં આવી.

મૃત્યુને એક અનિવાર્ય,શાશ્વત, મંગલ ઘટના અને આત્માને અમર સમજી અમે વિરહ તપ્ત મનને શાન્ત કર્યું.તેઓ તો સર્વે આસક્તિઓથી મુક્ત થઈ છતાં દેહે જ મોક્ષ પામી ગયાં હતાં.તેથી તેઓ મૃત્યુ પામ્યાં એમ ન કહીને જીવન જીવી ગયાં એમ કહીશું.તેમણે આપેલ સંસ્કારોની સુગંધથી મહેકતી લીલી વાડીનાં પાંદડે-પાંદડે સદાય તેમનું અસ્તિત્વ અમર રહેશે.

માલિની પાઠક - **27/2,** ભગીરથ સોસાયટી, સૈનિક છાત્રાલય પાસે, છાણી જકાત નાકા, વડોદરા

# ઉદાત્ત સેવાભાવના

## મનીષા કે. સોલંકી

કોરોના જેવી વૈશ્વિક મહામારી એ માનવજાત માટેનું ભીષણ સંકટ હતું. આ સંકટ એક શહેર, એક ગામ કે સમુદાયના લોકો માટે ન હતું. આ અેક વૈશ્વિક સંકટ હતું. છેલ્લી સદીમાં કયારેય ન આવ્યુ હોય અવું સંકટ સમગ્ર વિશ્વ માટે આવીને ઊભું રહી ગયું, આ એક એવું યુધ્ધ હતું જે આપણે સૌએ ફરજિયાતપણે લડવાનું હતું અને એ પણ ઝાઝા હથિયારો વગર!!

એની માત્ર એક જ દવા હતી, 'ઘરમાં રહો, સુરક્ષિત રહો', સેનેટાઇઝર કરવું, માસ્ક પહેરવું, સોશિયલ ડિસ્ટન્સ રાખવું ઇત્યાદિ.. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાહેબના અૈતિહાસિક નિર્ણયથી સમગ્ર વિશ્વ આ મહામારી સામે લડવા તૈયાર થઈ ગયું.

લોકડાઉન લાગુ પડતાં જ યુવાનો,વૃધ્ધો, બાળકો, નોકરિયાત, ધંધાદારી વ્યકિત કે આમ જનતા પોતાના ઘરે સુરક્ષિત રીતે પૂરાઇ રહેવા પડયું, સરકારશ્રીના આદેશનું દઢપણે પાલન કરતાં સમસ્ત નાગરિકો પરોક્ષ રીતે કોરોનાની સામે પોતાની જાતને માટે,પરિવાર માટે ,દેશના માટે યુધ્ધ લડી રહ્યાં હતાં, ધરતી પર ભગવાન સ્વરૂપ ડૉકટરોની ટીમ, સુરક્ષા કરનાર પોલીસકર્મચારી, દુનિયાના ખબર પહોંચાડનાર પત્રકારો, સમાજ સેવકો જેમણે સેવાકીય ઉમદા ભાવનાથી સેવા આપી એ સૌનો આપણે માનવતાની રાહે આભાર વ્યકત કરીએ.
હવે હું સત્ય કથાના પટ પર આવીશ.

લોકડાઉન -2 ચલી રહયું હતું, એ સમય -કાળ એવો હતો કે ભાગયે જ કોઈ અંદરોઅંદર હતાશા-નિરાશા, પીડા, દર્દ, વિવશતા-લાચારી, બિમારી, વિયોગ, વિષાદ, આંસું વગેરેથી વંચિત રહ્યું હોય. હા, પણ બિમારીથી લાચાર વ્યથિત થયેલો વયકિત ખરેખર અંદરથી મરી રહયો ,પરંતુ વિવશતા એ હતી વર્તમાન પરિસ્થિતિને આધિન થવું રહયું, હું પણ એક સામાજિક કાર્યકર છું, પરંતુ નાની સરખી બિમારીને લઇને ઘરની બહાર હૉસ્પિટલ સિવાય કયાંય જતી ન હતી. અમારી સંસ્થા તેમજ અન્ય સેવાકીય સંસ્થાઓ, મિશન થકી અનેકવિધ ચીજવસ્તુઓનું વિતરણ, મુખ્યમંત્રી રાહતનિધી ફંડ સહાય કરવામાં આવી.

સેવા એજ સંગઠનના સૂત્રને વરેલા અને પોતાના લોહીમાં જ જાણે સેવાભાવના રોમ રોમમાં હોય એેવા આણંદ નગરપાલિકા તેમજ લોકસભા સાંસદ શ્રીમિતેશભાઇ પટેલે કોરોનાના સમયમાં ખૂબ સરાહનીય કામગીરી કરી દેશ પ્રત્યેની અને માનવતાની ઉમદા સેવામાં-ઉકાળા વિતરણ, માસ્ક વિતરણ, ફૂડ-કીટ વિતરણ, દરેક સોસાયટી સનેટાઇઝ કરાવવુ, આઇરીસ હૉસ્પિટલ માં ppf કીટનું વિતરણ, રામજન્મભૂમિ આંદોલનના કારસેવકોનું સન્માન,Covid-19 સંક્મિત દર્દીઓના સેવા માટે જરૂરી સાધનોથી સજ્જ *એમ્બયુલનસ* સેવા માટે વિકલાંગોને ૭૦ જેટલી સાયકલનું સ્વ- ખચેંએે વિતરણ કયુઁ, એટલું જ નહી, કોરોનાના કપરા સમયમાં આણંદના હાડગુડ વિસ્તારમાં રહેતાં એક મુસ્લિમ પરિવારમાં ગફફરભાઇ કિડનીના પેશન્ટ હોય, જેમને ડાયાલિસીસ કરાવવુ ખૂબજ મહત્વનું હોય, પણ લોકડાઉનમાં એમની પરિસ્થિતિ ગંભીર બની, બહાર જઈ શકે તેમ ન હોવાથી ઘરના બધા જ ખૂબ ચિંતિત બન્યા ત્યાં જ મિતેશભાઇને ફોન કરી સહાયરૂપ થવા કહયુ, *'સેવા પરમો ધમઁ'* જેમનામાં હોય એેવા મિતેશભાઇ એ કલેકટરશ્રી અને આરોગ્ય વિભાગના અધિકારી સાથે વાત કરી અને આણંદની ઝાયડસ હૉસ્પિટલના ડૉકટર સાથે વાત કરી કિડની પેશન્ટની સારવાર માટે મંજૂરી લીધી અને એ ભાઇને ડાયાલિસીસ કરાવી બચાવી લેવામાં આવ્યા.આવા ઉદાત સેવાભાવના રાખતાં વ્યકિત જો દરેક શહેરમાં કે ગામમાં મળી જાય તો સાક્ષાત ભગવાન ઉતયાઁની અનુભૂતિ થાય. હિંમત રાખનાર માટે ગમે તે રીતે રસ્તો નીકળી જ આવે છે, જેનું જીવતું જાગતું ઉદાહરણ છે.

'હિંમતે મદોૅ, તો મદદે ખુદા' એ અહીં સાચું પુરવાર થાય છે.
ઉદાત સેવાભાવના રાખનાર દેશભક્ત ,સેવાભાવીઆેને શત્ શત્ વંદન....
(સત્ય કથા - પાત્રનું નામ યથાવત્)

મનીષા કે. સોલંકી – આણંદ - **78742 94382**

# કોરોનાથી કૈલાસ

## મનોજકુમાર પંચાલ

ઘરમાંથી અમૃતસરના વૃદ્ધાશ્રમમાં ધકેલાયેલા હસમુખભાઈ અને હીનાબેન ઓરડાની બાલ્કનીમાં કોરોના નાં હાહાકારની દુનિયા જોઈ રહ્યા હતા. હસમુખભાઈ ઝીણી નજરે આકાશમાં સફેદ રંગ જોઈને કહે છે," મને તો સફેદ પર્વત દેખાય છે, તેમાં કૈલાસનાથ દેખાય છે."

હીનાબેન કહે," અત્યારે થોડા કૈલાસનાથ દેખાઈ જાય. તમારે કૈલાસની જાત્રાએ જવું હતું ને આપણે ગયાં નહીં એટલે સપનાં આવે છે."

હીનાબેન ઝીણી નજરે જોતાં કહે," હા.. હા.. શંકર ભગવાન કૈલાસ પર્વત પર જ છે."

ત્યારે બંને હાથ જોડીને કહે," હે કૈલાશપતિ દસ વર્ષથી તારી જાત્રાએ ન આવી શક્યો. પણ, અહીં વૃદ્ધાશ્રમમાં અમે આવી ગયા. તું પોતે અમને દર્શન આપવા આવ્યો.બસ પ્રભુ ,હવે ફક્ત ગંગા નદીના દર્શન થઇ જાય....વાહ કોરોના...

**'મન' મનોજકુમાર પંચાલ - પાલનપુર - 97371 00680**

# વાંક કોનો?

## મનોજકુમાર પંચાલ

"રોજ છાપું સમયસર આવે છે. પણ આજે કેમ ના આવ્યું?"સવારથી કાગડોળે રાહ જોતી મારી પત્નીએ મને કહ્યું. મારી પાસે જેટલી વાર છાપાં વિશે ફરિયાદ લઇને આવે તેટલી તેનામાં છાપાંની આતુરતા વધતી જતી હતી. અંતે છાપું આવ્યું ને બધી આતુરતાનો અંત આવ્યો.

છાપું હાથમાં આવતાં દિલનો ડર ક્યાંક સમી જશે એવું લાગતું. પણ જેવું હાથમાં છાપું લેતાં ડર લાગવા માંડતો.એક તો .... અમેરિકામાં સાત લાખ દર્દીઓ કોરોનાનાં છે. ઈટાલીમાં, ફ્રાન્સ,અમેરિકા,ઈરાન જેવા કુલ એકસો પંચાણું દેશોમાં કોરોના વ્યાપી ગયો. આપણા દેશમાં બે લાખની ઉપર કોરોનાનો આંકડો વધી ગયો છે. સાથે મરણનો દર પણ વધવા માંડયો છે.

મજૂરો વતનમાં જવા માટે પગપાળા ચાલીને જઈ રહ્યા છે, ટ્રેનો દોડી રહી છે. ક્યાંક છુટા છવાયા અને ક્યાંક થોકબંધ કોરોનાનાં કેસ મળી રહ્યા છે.ને આવા કપરાં સમયનો લાભ લઈને ત્રાસવાદીઓનો આર્મી પર હુમલાથી બે જવાન જમ્મુમાં શહીદ થયા. હવે એ રોજના એ સમાચારો મારા માટે એક રોજિંદા હોય તેમ તેના પડઘા પડી રહ્યા હતા.ને થતું રોજ આ જ સમાચારો....રાજરમતમાં નિર્દોષો... વાંક કોનો?

હું અને મારી પત્ની ચાના ઘૂંટડા સાથે સમાચારને પચાવી રહ્યા હતા. એટલી જ વારમાં બાજુમાંથી રાજુભાઈ દોડતા દોડતા આવીને કહે ,"આપણી બાજુમાં ની ગલીમાં પરીતા છોકરી હતી ને એને કોરોના થઈ ગયો."

દિલમાં હજી ધ્રાસ્કો શમે એ પહેલા જ સામેના ઘરમાંથી માલતીબેન દોડતા આવીને રડમસ અવાજે કહે," આપણી સોસાયટીમાં રહેતાં પરપ્રાંતીય છોકરાઓ સેવા એમનાં વતન જતાં સમયે ભયંકર એક્સિડન્ટ થયો છે. તાત્કાલિક બધાંને દાખલ કર્યા છે. આ સમાચાર હમણાં જ ટી.વી. પર આવ્યા. આઘાત ઉપર આઘાત લાગતા હતાં.

એટલી જ વારમાં ફોન આવ્યો કે....તમારો પાક્કો મિત્ર જમ્મુમાં ત્રાસવાદીઓ સાથેની અથડામણમાં શહીદ થયો...ને..

આ ઘટનાઓ સમાચારપત્ર કરતાં વધારે મારા હૃદયને કોરી ખાતી ,દબાણ કરતાં કહેતી'તી,"હે ભગવાન ,વટે ચડેલાઓની રાજરમતમાં નિર્દોષોનો શું વાંક છે?"

'મન' મનોજકુમાર પંચાલ - પાલનપુર - **97371 00680**

# જવાબદારી

## માનસી દિવાકર 'મન'

સંજયભાઈ ઘરે પૂજા આરતી કરી ઓફિસે જાય છે. રોજની જેમ આજે ઓફિસમાં બધાને શુભ સવાર કહે છે. સવારના શુભ દિવસની શરૂઆતમાં ભગવાનને પ્રાર્થના કરીને પોતાનું કામ શરૂ કરે છે. થોડી વારમાં ઓફીસ નું વાતાવરણ શાંત થઈ જાય છે. સૌના મુખ પર ચિંતાની રેખાઓ દેખાઇ રહી છે. સંજયભાઈ પોતાનું કામ પડતું મૂકી બધાને પૂછે છે. કેમ અત્યારમાં બધા ઉદાસ લાગો છો? ત્યારે એક સહકર્મચારી કહે છે કે આ કોરોનાને કારણે અમુક કર્મચારીઓને નોકરીમાંથી બરતરફ કરવાના છે તો કોનું નામ આવશે એ વિચારથી બધા ઉદાસ છે. એક તો અત્યારે અડધા પગારથી જ બધાનું ગુજરાન માંડ માંડ ચાલે છે એમાં આ નવી ચિંતા.

ઘરની જવાબદારી માટે સંજયભાઈને આ પગાર પણ ઓછો પડતો એટલે કંઈ બચત કરેલી નહીં. એમાં જો નોકરી જતી રહે તો ઘરની હાલત કફોડી થઈ જાય. ક્રેડિટ કાર્ડથી લોન લીધેલી તો એનું વ્યાજ એટલું બધું આવતું કે મહિનાના અંતમાં બધું જ પૂરું થઈ જતું. માણસ ખર્ચા પર કાપ રાખે પણ ઘરમાં જે ખાવા-પીવા, દવા નો ખર્ચો થાય એ તો કરવો જ પડે.

થોડીવાર પછી ખબર પડે છે કે યાદી માં સંજયભાઈ નું પણ નામ છે. આવી સ્થિતિ સર્જાય ત્યારે ભલભલાનું હૃદય ઢીલું પડી જાય છે.સ્ત્રી પોતાનું દુઃખ રડીને પણ વ્યક્ત કરી શકે છે પણ પુરુષ એવું પણ નથી કરી શકતો. સંજયભાઈના મન પર ઘરની જવાબદારીઓના વિચારોની વણઝાર શરૂ થાય છે. વિચારોમાં ને વિચારોમાં શરીર પર ખૂબ પરસેવો થઈ જાય છે અને શરીર ઠંડું પડી જાય છે. અને ક્યારે ગબડી પડે છે એનો ખ્યાલ જ નથી રહેતો. જ્યારે આંખ ખુલે છે ત્યારે સામે ડોક્ટર, નર્સ, ઘરના સભ્યો અને ઓફિસના મિત્રો નજરે પડે છે.

આ માત્ર સંજયભાઈ ની કહાની નથી આવા ઘણા માણસો હશે જે આ પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. સંજયભાઈ તો એક ઉદાહરણ છે. જ્યારે કપરો સમય હોય ત્યારે સાથ આપવાના બદલે કર્મચારીને બરતરફ કરવાની જે કંપનીની સ્ટ્રેટેજી છે એ શું વ્યાજબી છે?
(પાત્રનું નામ બદલેલ છે)

માનસી દિવાકર 'મન' - વલ્લભવિદ્યાનગર - **99250 40506**

# નાસમજનું વેકેશન

## મેહુલ ત્રિવેદી

શહેરના સારા વિસ્તારમાં એક સોસાયટી. આ સોસાયટીમાં બધા સભ્ય અને સમજુ તેમ જ ભણેલો અને કહેવાતો બુધ્ધિજીવી વર્ગ.

રાકેશભાઈ એમના પત્ની, બાળકો અને માતા-પિતા સાથે રહે. પુષ્કળ પૈસો, અને પૈસાને કારણે એ જે કરે છે તે સાચું જ છે તેવી ગેરસમજ. રાકેશભાઈ નો સ્વભાવ મદદરૂપ થવાનો અને ઝઘડાળુ પણ ખરો. પાર્કિંગ માટે દરેક ને અનુભવ થયેલો.

કોરોના વાયરસ ને પગલે લોકડાઉન જાહેર થયું. રાકેશભાઈ અકળાઈ ગયા, લોકડાઉન જાહેર થયાના ૨ દિવસ પછી સંબંધીઓ ને પોતાના ઘરે બોલાવી લીધા અને વેકેશન ની મજા માણવા લાગ્યા.
સોસાયટીના સભ્યો, વડીલો સૌ જોવે, એકબીજાની સામે જોવે અને સમજે પણ ખરા કે આમને કંઈ કહેવાશે નહીં.

અચાનક, લોકડાઉનના ૧૮મા દિવસે રાકેશભાઈ ના ઘરે પોલીસવાન અને એમ્બ્યુલન્સ આવી.સોસાયટીના સભ્યો પોતાના ઘરની બારીમાંથી ત્યાં શું થાય છે તે કૂતુહલ પૂર્વક જોવા લાગ્યા.

રાકેશભાઈ ના સંબંધીને કોરોના પોઝિટિવ આવ્યો હતો. જે સગાંસંબંધીઓ વેકેશન માણવા આવ્યા હતા તે સૌ થોડા દૂર ઉભા રહી ગયા.

રાકેશભાઈ જોઇ રહ્યા, આરોગ્ય ટીમ કાર્યરત હતી અને પોલીસ ટીમ પણ તેમના માટે કામ કરી રહી હતી.
પોલીસ , લોકડાઉન માં કેવી રીતે મહેમાનો અહીં આવ્યા તેના વિશે કડકાઈ થી પૂછપરછ કરી રહી હતી અને સોસાયટીના સભ્યો મોબાઇલ માં વીડિયો ઉતારી રહ્યા હતા.

મેહુલ ત્રિવેદી - પ્રેમનો માણસ – ગાંધીનગર - ૯૭૨૩૮૯૩૨૨૦

# મારી વીતક-કથા

## મીનાબેન માંડલેવાળા

કોરોના તને બે વખત હાર આપીને આવી છું , મનમાં મમળાવ્યા કરજે કે કેવા હાર કે કેવી હાર :—
કોરોના આજે કાળ-સ્વરૂપ , સૌને ગભરાવતો શબ્દ . મારું પણ તા. ૪સપ્ટેમ્બરે પોસિટીવ નિદાન થયું અને મને બેંકર્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી . નિદાન થયુંને રજા આપી , ત્યાં સુધીમાં મને કોઈ વખત શરદી , ખાંસી , કફના લક્ષણો નહોતા . ફક્ત શરીર દુખતું હતું એની અશક્તિ લાગતી હતી .

ઓક્સિજન લેવલ પણ ઓછું હતું જે દવાદારૂના સેવનથી ૮૬%—૯૧% સુધી પહોંચ્યું . દાખલ થયાના ૧૫ દિવસ સુધી લંચ કે ડિનરનો અભાવ રહ્યો . ત્યાં અપાતા લીંબુપાણી , હળદરવાળું દૂધ અને આયુર્વેદિક કાઢા પર દિવસ ખેંચ્યા . પંદર-પંદર દિવસની એકલતાથી કંટાળી , સતત મરવાના વિચાર આવતા , પણ મારું ઓક્સિજન-લેવલ ૯૫% થાય ત્યાં સુધી મારી સારવાર ચાલુ રહેશે તેવી માહિતિ ડો.ચિરાગે આપી . કોરોના વાઈરસના હુમલાથી હું ન્યુમેનાઈટીસ અને પેરીકાર્ડિયાટિસ પીડાતી હતી . યોગા , હળવી કસરતો સ્નાયુઓને ટોન-અપ કરવા કરતી . સ્વાસ્થય સારું લાગતા મને ૧૫સપ્ટેમ્બરે રજા મળી . ઘરે એક મહિના સુધી આર્ટિફિસિયલ રેસ્પિરેટરી સિસ્ટમથી ઈલાજ કરતી-કરાવતી રહી .

પણ મને આલ્યુમિન ૧% થઈ ગયું અને સ્નાયુઓમાં નબળાઈ આવતા બીજી વખત નોન-કોવિડ ગ્રીન-લીફ હોસ્પિટલ દાખલ કરી , દવા સાથે ડ્રીપ ચઢાવી  મને સારું લાગતા રજા આપી .

હાલમાં ૭૫ વર્ષે અને એમાં ૪ વર્ષ મુંબઈ અને ૪૯ વર્ષ સુરતમાં - ૫૩ વર્ષથી મારા દિવાળીબાગ સ્થિત ક્લિનિકમાં ફિસિઓથેરપિસ્ટ તરીકે સેવા આપું છું.

આ માંદગી આવ્યા પછી મને એવું લાગે છે કે મારે મારા પ્રોફેશનને બંધ કરી , મારા વિવિધ શોખ જેમકે ગાર્ડનિંગ , વાંચન , સંગીત સાંભળવું , ગાવું , ને કેળવવા જોઈએ. .મને જ્યારે મરી જવાનું જ મન થતું હતું , તેવા કટોકટીભર્યા સમયમાં મારા દિકરાઓએ સતત પ્રોત્સાહન આપી નવું જીવનદાન મેળવી આપ્યું એવા પરિવારનો સહેવાસ માણવો છે .

મીનાબેન માંડલેવાળા – સુરત

# અનોખો પ્રેમ

## મુકેશ રાઠોડ

" તો કેવો ગયો આજનો દિવસ રાજ ?".ડોક્ટર પત્ની એના ડોક્ટર પતિ ને બેડ પર સૂતા સૂતા વાતો કરે છે.

"ખુબ જ સરસ , કહેતા રાજે તરત દિશા ને (રાજ ની પત્ની) પોતાની પહોપાશ માં જકડી લીધી.".

"બસ - બસ હવે આટલો બધો પ્રેમ સારો નહિ , કાલ સવારે મને કંઇક થઈ ગયું તો" દિશા એ રાજ ને માથે હળવે ચુંબન કરતા કહ્યું.

"તારા વગર તો હું એક પળ પણ ના રહી શકું હો .અને એમ થોડો હું તને કંઈ થવા દઈશ. આપણે સાત ફેરા ફર્યા ત્યારે યાદ છે, સાથે જીવવા મારવા ના કૉલ પણ દીધા હતા. " રાજ બોલ્યો.

બસ - બસ હવે આમ ઘડીયાળ સામુ જોવો .હવેતો એ પણ આપણને સુવા નું કહી રહી છે . જોવો રાત ના અગિયાર વાગવા આવ્યા છે " દિશા બોલી.

કૂતરઓ પણ જાણે સુઈ ગયા હોય એમ શહેર સાવ શાંત પડી ગયું છે. આજુ બાજુ ના ઘરો ની લાઈટો પણ બંધ થઈ ગઈ છે.તેઓ પણ એના બેડરૂમ ની લાઈટ બંધ કરીને સુઈગયા.

**

" આ કોરોના મહામારી આખા વિશ્વમાં ફાટી નીકળી છે.આપડે થોડી સાવચેતી રાખવી જોઈએ." રાજે દિશા ને કીધું. દિશા તું થોડી ઈમોશનલ વધારે છે, તારું ધ્યાન રાખજે હો.

" હા - હા મને કંઈ નહિ થાય , આ માણસો ને આમ મારતા હું નથી જોઈ સકતી યાર." દિશા બોલી.

**

દિશા વેન્ટિલેટર પર સૂતા સૂતા હાથ થી ઈશારો કરી રાજ ને એનાથી દૂર રહેવુ જણાવી રહી હતી.દિશા કોરોના પોઝીટીવ આવી છે. અને આજે અને શ્વાસ લેવાના બહુ તકલીફ પડી રહી છે. રાજ ,દિશા ની પાસેજ છે.

ઓય, તને હું આમ એકલી નહિ જવા દવ.તારા વગર જીવીને હું શું કરીશ.તું જ મારી દુનિયા છો. તો જ ના હોય તો હું જીવીને શું કરું?.કહેતા રાજે દિશા ને પોતાના આલિંગનમાં લઈ લીધી. લાંબી લિપ કિસ કરીને બંનેએ તેમના છેલ્લા શ્વાસ લીધા.

કોરોના ડોક્ટર દંપતિ ને ભરખી ગયો.

મુકેશ રાઠોડ – રાજકોટ - **9727343001**

# પ્રેમની શક્તિ

## નીલા સંઘવી

82 વર્ષના ઈંદુબેન આમ તો કડેધડે.ઘરમાં પુત્ર,પુત્રવધૂ અને પોતે ત્રણ જ જણ.સવારે ઊઠીને સેવાપૂજા કરીને, જમીને આરામ કરીને સાંજે ચાર વાગે હવેલીએ જાય.દર્શન,કિર્તન કરે.સાડાસાતે ઘરે આવે.

માર્ચ મહિનામાં કોરોનનો ઉપદ્રવ શરુ થયો,લોકડાઉન આવ્યુ.ઈંદુબેનથી બહાર જવાય નહીં.વૃધ્ધાવસ્થા અને ડાયાબિટીસને કારણે ઘરની બહાર નિકળવાની સખત  મનાઈ.ઇન્દુબાને ઘરમાં કંટાળો આવે,ડિપ્રેશન જેવું લાગે.પણ શું કરી શકાય?

એક દિવસ ઇન્દુબાને ઉબકા આવવા લાગ્યા.ભૂખ ન લાગે.પુત્રવધૂ સ્વાદિષ્ટ રસોઈ બનાવે પણ ઇન્દુબા મોઢામાં મુકેલો કોળીયો થૂ થૂ કરીને થૂંકી નાખે.પુત્રને થાય બા આવી ગંદકી કેમ કરે છે?પુત્ર મુંઝાયો.ડૉક્ટરને ફોન કર્યો.ડૉક્ટરની સલાહ અનુસાર રિપોર્ટ કઢાવ્યા.ફેફસાંમાં ઇન્ફેકશન હતુ.ખાવાનું ભાવતું ન હતુ,તાવ હતો,ગંધ આવતી ન હતી.આ લક્ષણો જોતા ડૉક્ટરે કોરોનાનુ નિદાન કર્યું.દીકરા ભરતભાઈએ પુછયું,"બા ઘરે રહેવું છે કે હોસ્પિટલમાં જવું છે?"

બાએ કહ્યુ,"ઘરે રહેવું છે". ભરતભાઈએ બીજો સિટીસ્કેનનો રિપોર્ટ કઢાવવાનું માંડી વાળ્યું જેથી બીએમસી વાળા ઘરે આવી ન જાય.

ઘર મોટુ છે.બાનો પોતાનો રૂમ છે.ભરતભાઈએ બાને કહ્યું,"તમે રૂમની બહાર આવતા નહી." કોરોના માટેની દવા બાને નિયમિત આપવા માંડી.સ્ટીમ લેવડાવી,ગરમ પાણી પીવડાવ્યું.પુત્ર,પુત્રવધૂ દૂર રહીને એમની સાથે વાતો કરી આવતા.ટીવી પર ફિલ્મ મૂકી આપતા,ભાગવત વાચવા આપ્યુ.પોષણયુક્ત ખોરાક આપતા.દસ દિવસમાં તો બા સાજા થઈ ગયા.આમ પુત્ર-પુત્રવધૂની પ્રેમભરી સંભાળથી બ્યાસી વર્ષના ઇન્દુબા કોરોનામાં હોસ્પિટલ ગયા વિના જ સાજા થઈ ગયા.

આ વિષે વાત કરતા ભરતભાઈ કહે છે,"બાને હું હોસ્પિટલમાં મુકું પછી મળી ન શકું.કાંઈ થઈ જાય તો ફક્ત લાશ માંડ જોવા મળે.મારે મારી બાને એકલા નહોતા રાખવા.જે થવુ હોય એ મારી નજર સામે થાય એ મને મંજુર હતુ.અમે રિસ્ક લીધી.પણ યોગ્ય સારવાર,પ્રેમાળ દેખભાળ અને દીકરા-વહુ સાથે જ છે એવી ધરપત ને કારણે મારા બા બચી ગયા."

ઇશ્વરકૃપા અને પુત્ર-પુત્રવધૂની સ્નેહાળ દેખરેખને કારણે ઇન્દુબા પાછા કડેધડે થઈ ગયા છે.

(સત્ય કથા)

નીલા સંઘવી - મુંબઈ - **9987696948**

# રામબાણ વાગ્યા હોય  તે જાણે..

## નીલમ દોશી

ઈ.સ. ૨૦૧૯, નવેમ્બરમાં છ મહિના માટે અમેરિકા આવ્યા.. અને આજે આ લખું છું ડીસેમ્બર ૨૦૨૦માં ત્યારે હજુ પણ અહી અમેરિકામાં જ છીએ. કેટકેટલું બની ગયું આ વરસમાં.. કોરોનાના કારમા ખપ્પરમાં ન જાણે  કોણ અને કેટલા લોકો હોમાશે. ગમે તેટલા પોઝીટીવ રહેવાનો પ્રયાસ કરીએ તો પણ ભીતરમાં એક ફફડાટ કયાં શમે છે ? એમાં યે ઘરમાં ત્રણ વ્યક્તિ  ડોકટર હોય( દીકરો, દીકરી અને વહુ ) ..ત્યારે એ ફફડાટ અનેકગણો વધી જતો હોય છે.

૧૯  જુલાઈ..૨૦૨૦ નો એ દિવસ. સમાચાર આવ્યા. “ ડો. દિપક દોશી, જેતપુર,..કોરોના પોઝીટીવ. કોઈ પેશન્ટને તપાસતા ઇન્ફેકશન લાગી ગયું. રાજકોટ હોસ્પિટલમાં દાખલ થયા.” જેતપુરથી મિત્ર આલોક ચટ્ટ છાપાનું આવું કટિંગ પણ વોટ્સ અપમાં  મોકલે છે.

આ ડો.દિપક યુ. દોશી એટલે મારા જેઠ, અમારા કુટુંબના મોભી. ભાભીની વિદાયને હજુ પૂરા છ મહિના પણ નહોતા થયા. ત્યાં, કોરોનાના દર્દીની આસપાસ તો કોઈને ફરકવા ન દે.માત્ર મોબાઈલનો સહારો. “ અરે, ભાઈ, તું ચિંતા ન કર. હું થોડાં દિવસમાં સાજો થઇને ઘેર આવી જવાનો.”

બાર દિવસ ઝઝૂમ્યા. રોજ વાતો થાય અને પોતે એકદમ બરાબર છે એ જ રટણ ચાલુ રાખે. દીકરો આશિષ સુરતમાં પેથોલોજીસ્ટ. તે રાજકોટ આવ્યો.  માંડ માંડ મળી શકયો. બસ..એટલું જ.

૩૧ જુલાઈ. બસ.. બધું પૂરૂં. ભીની આંખે આશિષે એકલાએ અગ્નિદાહ દીધો. આટલું વિશાળ  કુટુંબ પણ ચાર ખભ્ભા પણ  આજે નસીબ ન થયા. અમને બધાને તો ફક્ત મોટા ભાઈ હવે નથી રહ્યા એટલા સમાચાર જ. શું કરવું ? શું કરી શકાય ?

 “ એકલા આવ્યા અને એકલા જવાના..”  આ વાતનો એહસાસ  સાંપ્રત સમયમાં કદાચ સૌ કરી રહ્યા છે. જયારે અનેક લોકો ભીડમાં બિન્દાસ ફરતા જોવા મળે છે. ત્યારે અફસોસ સાથે એક જ સવાલ થાય છે કે આ લોકો શું આવો  કોઇ અનુભવ જાતે થાય ત્યારે અને તો જ સમજશે ? જીવનમાં બધા અનુભવો જાતે લેવા જેવા નથી હોતા.  તમે તમારી જિંદગી માટે બિન્દાસ બની શકો. પણ અહી સવાલ તમારા એકની જિંદગીનો જ નથી. એ અનેકને સ્પર્શે છે. એનું શું ?

ખેર !  રામબાણ વાગ્યા હોય તે જાણે. આ કપરા કાળમાં જેમણે સ્વજનો ગુમાવ્યા છે. એમની  જિંદગીમાં પડેલી અંગત ખોટ કોણ પૂરી શકવાનું ? એ સૌ દિવંગત આત્મા માટે પ્રાર્થના.

“ હે ઈશ્વર, એ સૌ  માટે મંગલ  મંદિર ખોલીશ ને ?

નીલમ દોશી – અમેરિકા

# એકલતાનો સાદ

## નિરજ મોહન

વહેલી સવારે લખમી ડોશી ટોકરી રણકાવતાની સાથે ઠાકોરજીના મંદિરયામાં આરતી ગાતા હતાં.

આવો આવો નંદનાલાલ અમઘેર આવો રે.
મારા મનના મનોરથ પુરા પાડો રે.
ચૌદેભૂવનના નાથ અમઘેર આવો રે.
મારા આતમના દુ:ખડા ટાળો રે.
આવો આવો નંદનાલાલ અમઘેર આવો રે.

લખમી ડોશીની પરોઢયાની આરતી સાંભળવા ગામની એક રેઠીયાર ગાય પણ દરરોજ સવારે ડોશીની ઝાંપલી પાસે આવીને બેસી જાય, અને ડોશી પણ સવારમાં ભાવથી તરબોળ બે ભાખરી બનાવે એક પોતે ખાયને બીજી ગાયને ખવડાવે, આતો નિત્યક્રમ બની ગયેલો પણ આજે આરતી પુરી કરે કરે ત્યાં તો ઝાંપલ'યેથી અવાજ આવ્યો,

"બા એ હવ બા
ઝાંપલી ખોલજો...
આ કાંટા વાગી જશે
હાથ પણ આંબતો નથી
બા એ હવ બા"

ડોશી સાદ સાંભળે ન સાંભળે ત્યાં તો બે દા'ડાથી સાસરેથી પિ'રમાં માંની ખબરઅંતર લેવા વિજુ આવેલી, એણે જટ જઈને ઝાંપલી ખોલી પણ કશું બોલતી નથી જાણે કોઈક અજાણ્યા જ સામે આવી ચડયા હોય! પણ પેલી ઢીંગલી જેવી સાથે આવેલી છોકરીને વ્હાલથી ઉંચકી લે છે.

વાત જાણે એમ હતી, બાપનું જીવન તો ચબુતરે જ ગામની ફાંકા-ફોજદારીમાં ટુંકૂં થઈ ગયેલ કામેકાજે શરીર વળેલું જ નહીંને ભોં જોને વારસાઇમાં હામટી ઉતરેલી એટલે જરૂર પડયે મુખીને વેચી મારેલી અંતે માંને ગામના વાછીંદાને દાડીયું પણ કરવી પડેલી, આમ તો આજને દા'ડે પણ ડોશીને ત્રણ ત્રણ દિકરા હોવા છતાં ક્યાં દુ:ખડા ટળ્યાં છે? ઇ તો ભલુ થાય પેલા ભુમાશેઠનું કે અમારા ચારેય ભાંડરડાના

વિ'વામાં ટેકો કરેલો. થોડી ઘણી વઘેલી ખારીયાની ભોં બાબતે ત્રણેય ભાયું વચ્ચે ખો પડી ગયેલો અને એમા ડોશી જ પીસાતીને પીડાતી રહી. મોટાભાઈ હરગોવિંદને ગુજરી ગયા પછી લખમી ડોશીને ભાભીએ નોખાં કાઢેલ, મોટાભાઈનો એકનો એક દિકરો પાદરમાં કુવાની મોટરૂ બાંધવાનીને વલોણા હમા કરવાની હાટડી ચલાવે છે, જે ક્યારેક ક્યારેક લખમી ડોશીને ભાવતી પાલખને તાંજળીયો લઈ આપે. જ્યારે નાનકાની બૈરી વિ'વાના વરહ દા'ડામાંતો પોતાના પિયર જઈ રીહામણે બેઠેલી, અને એના મનામણાંને અંતે આજે હંસરાજ પણ સાસરી ગામમાં જઈ જમાઇરાજા બન્યો છે અને સાળાનો તમાકું બિડીનો વેપાર ચલાવે છે. અને આ ઘણાં વર્ષો પછી પરીવાર સાથે માંની ઝાંપલીએ આવી ચડયો તે વચેટ રેવલો, જે તાપી કિનારે મોટા શહેરમાં જઈ વસી જરીકામે વળગેલો અને બે પાંદડે થયા પછી ઇ મોંઘવારીવાળા શહેરમાં એના બે દિકરાના વિવાહ લીધા પણ શું કામના? જે વિ'વામાં નાતભાયુંને તો ન'ય પણ આ જનમ દેનારી માં ને પણ નય તેડાવેલી!

ડોશી આરતી પતાવીને ઓરડાની બહાર કશોક ગણગણાટ સાંભળતાં બોલી દિકરી વિજુ કોણ મે'માન પધાર્યું? વિજુ કશો પ્રત્યુત્તર આપતી નથી. ડોશી બહાર આવીને જુવે છે તો મોઢા પર માસ્ક લગાવીને દીકરો રેવલ પોતાના પરીવાર સાથે આવ્યો છે, મુડી કરતાં વ્યાજ વધુ વ્હાલું એમ લખમી ડોશીતો નાનકી દિકરીને દેખી રાજીપો અનુભવે છે.

આ બૈરાઓએ તો વડીલોની લાજ કાઢવાનું પડતું મૂકેલું પણ મોઢા પર આ પટ્ટો બાંધીને બધાં કાં આવ્યા છો? રેવા કેટ-કેટલાયે ચોમાસા વિતી ગયાં પણ આજે અચાનક પુરાં પરીવાર સાથે આવ્યો છો. બધું હેમખેમ તો છે ને ભાઈ? "માં તે માં બીજા બધા વગડાના વા" ડોશીના મોઢા માથી ચિંતા સરી પડે છે. પણ વિજુ જાણતી હતી શહેરમાં બિમારી અતિ ઉભરો લેતી જાય છે એનાથી બચવા ભાઈ વતનમાં આવ્યા છે, ભલેને આવ્યા. પણ માંની લાગણીને હોંકારો આપવા આવ્યો હોત તો સારું હોત! આ વિચારો માથી વિજુ બહાર નીકળી પણ હવે રહેવાતું નો'તું માં લખમીની લાગણીઓ પાછળ દફન થઈ ગયેલી એકલતાનો સાદ બની વિજુ બોલી ઊઠી.

"મોઢા પર માસ્ક લગાવીને નહીં...ભાઈ તમારે તો આખે આખો ચેહરો જ ઢાંકીને આવવા જેવું હતું!"
(કોરોના કાળની સત્ય ઘટનાને રૂપાંતરીત પાત્રો સાથે રજુઆત)

નિરજ મોહન - બુધેલ, ભાવનગર - વ્યવસાય:- ટેક્સટાઇલ સુરત.

# આવું કાંઈ હોય!

## નિર્ઝરી મહેતા

“મમ્મી, પ્લીઝ મારાં રૂમમાં તમે માસ્ક પહેરીને આવો!” તાવલી દીકરીને સાંજના ચા-નાસ્તો આપવા તેના રૂમમાં પેઠી કે દીકરીએ કહ્યું.

આજ સવારે જ તેની ‘રીંગસેરીમની’ ઉજવાઈ’તી! પરિચયમાં આવતાં બંગાળી યુવક તેના મનમાં વસી ગયો. અમે એ સંબંધ વધાવ્યો. સવારે જ ‘બંગાળી વધૂ’ થનારીને ઉલ્લાસ-ઉષ્મા સાથે લ્હાણ આપવા વરપક્ષનાં આણંદથી આવેલ. અમે પણ કોરોના અંગે તકેદારી રાખી પંદર જ જણ ભેગાં થયેલ. ખાણી-પીણી-સુશોભન બધુ જ અમે જાતે કરેલું... હોંશીલી સહેલીઓ, મિત્ર જેવાં કઝિન ભાઈ-બહેનો વિના જ જીવનનો અમૂલો પ્રસંગ ઉજવ્યો. બે ય બાજુનાં મોટેરાં દસેક હતાં.

આગલી સાંજે સ્હેજ ઢીલી દીકરીને તાવ હતો તે બધાંની વિદાય પછી ખયાલ આવ્યો. ને દીકરીને તેના રૂમમાં આરામ કરવા મોકલી... મેં દીકરીની આગ્રહભરી સૂચના સાંભળી – માની. મોટી થયેલ દીકરી મિત્ર જ ગણાય. ડૉક્ટરનો સંપર્ક કર્યો. પણ તેને શ્વાસ, સ્વાદ, ગંધ, કશામાં તકલીફ ન મળે. ગળું, આંખ, કાન, નાક, સાવ નરવાં! ઑક્સિજન લેવલ પણ ટનાટન! ડૉક્ટર કહે કોરોના સિવાય પણ વાયરસ હોય છે. પણ તાવ ચાર દિવસ અણઉતાર! આખરે ઘરે ટોપરાની લેબમાંથી આવી સેમ્પલ લઈ ગયા. સાંજે તો ભાઇલાલ અમીન હોસ્પિટલમાં લઈ જવાની સૂચના! લઈ ગયાં. તેને જ અંદર લઈ ગયાં. થોડી વારે બહાર આવી- હોસ્પિટલનાં કપડાં ને વ્હીલચેરમાં. ને... બસ હાથ હલાવતી તેને લઈ ગયા કોરોના વોર્ડમાં. સાથે કોઈએ રહેવાનું ન હતું! કાંઈ

હું ફાટી આંખે જોઈ રહી! આવું કાંઈ હોય! એને તો લગ્ન પછી ‘વહાલમ’ સાથે એકલી મોકલવાની હતી! અને આમ અહીં એકલી! – આવું તો કાંઈ હોય! હું અને મોટો પુત્ર ભારે મનથી ઘરે આવ્યાં. પતિ છેલ્લા વરસની કેન્સરની સારવાર પછી હજી સ્વસ્થ થયેલ. ડૉક્ટરની સલાહ પ્રમાણે ઘરનાં ત્રણે જુદા રૂમમાં રહી ક્વોરન્ટાઇન રાખ્યું. કામ કરનારાંને પણ ના કહી દીધી આવવાની!

ઘરમાં જે સન્નાટો સાંય સાંય કરતો હતો! ન છૂટકાનું મળવાનું, ખાવાનું, બોલવાનું! જાણે પેરા રોબોટ અમે!

દીકરી સાથે હોસ્પિટલમાં અમે અને સહુ પરિચિતો વાત વિડીયો કૉલે કરીએ. પણ પહેલા બે દિવસ તો દીકરી ફીકરમાં તરફડે. આટલાં મોટેરાં હાજર- તેમને કોરોના થયો હશે? તાવ આવે 6 દિવસ થયેલ. તેનાં બ્લડ રિપોર્ટમાં CT તત્ત્વ ઘણું વધું હતું તેથી અમને કોઈને સંક્રમણ ન થયું. ડૉક્ટર્સે અમને ‘ગ્રીન કાર્ડ’ આપી દીધું! ને તેને એટલી તો હાશ થઈ!

એમ થાય – સગાઈ પછીના સપનાંમાં મીઠી રાતો ગાળવાની જગ્યાએ આ કેવી nightmare જેવી રાતો ગાળી એણે! આવું કાંઈ હોય!!!

દીકરી દસ દિવસે ઘરે આવી. હોસ્પિટલમાં લેવાતી ઉષ્માભરી કાળજી સાથેની સારવારની વિગતો દીકરી પાસેથી અને હોસ્પિટલ અથોરિટી પાસેથી મળતી રહી. હોસ્પિટલાઇઝેશન પછી પણ પાંચ દિવસ તાવ ન ઉતર્યો. ફરીથી એક્સરે, બ્લડ ટેસ્ટ કરાયાં. તે મુજબ દિવસમાં ત્રણ વાર ઈંજેકશન, જરૂરી સ્ટીરોઈડ, વગેરે દવાનો દોર ચાલ્યો. આખરે તે ઘરે આવી. હજી સાત દિવસ તેને રૂમ ક્વોરન્ટાઈન હતું. અમે મા-દીકરાએ એનો રૂમ તસુએ તસુ સેનિટાઈઝ જાતે કર્યો. કામકાજ કરનારાં મહિને આવ્યાં. રસોઈવાળાં બહેન રોટલી-ઢેબરાં ઘર બહાર મૂકેલ ટેબલ પર મૂકી જાય. બાકી બધું દીકરીની રુચિ ઉઘડે – શક્તિ વધે તેવું હું બનાવું. 'અમને બહુ પહોંચે છે' તેનો મનમાં ભાર રાખતી દીકરીનો મૂડ હળવો રાખવાનો અમે સહુ પ્રયત્ન કરતાં. બાળવાર્તામાં પારધિની જાળમાં ફસાયેલ પંખીઓની જેમ અમે સહુએ મળી જાળ ઊંચકી કોરોનાનાં સકંજામાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો!!!

નિર્ઝરી મહેતા – વડોદરા - **9377690910**

# કોરોનાના અંધકારમાં અસ્તિત્વનો ઉજાસ

## નીતિ કનક શાહ

ઈ.સ ૨૦૨૦ એટલે કોરોના અને મનુષ્ય વચ્ચેની ટ્વેન્ટી ટ્વેન્ટી મૅચ! મૅચનું પરિણામ જાહેર થાય એ પહેલાં તો કંઈ કેટલાય બેટ્સમેન આઉટ થઈ ગયા. મેદાનમાં સંપૂર્ણ સુરક્ષાથી સજ્જ થયેલ અનુભવી ખેલાડીઓ પણ કોરોના ની સ્પીન બોલિંગ નો સામનો કરતા કરતા આઉટ થઈ ગયા; જેમાંથી એક છે મારા પપ્પા , શ્રી કિરીટભાઇ ગાંધી, કર્મનિષ્ઠ, કર્તવ્યનિષ્ઠ, ઉદાર અને સેવાભાવી એવા મારા પપ્પા લોકડાઉન દરમિયાન તો ઘરે જ રહ્યા. પત્ની, પુત્ર, પુત્રવધુ, પૌત્ર, પૌત્રી સાથે અવનવી કેરમ, કોડી, ચેસ જેવી રમતો રમી સમય પસાર કર્યો સાથે સાથે સમગ્ર ભારતના પોતાના સમાજના પ્રમુખપદે હોવાથી સમાજના ઉત્થાનની યોજનાઓ અમલમાં મૂકવાના આયોજન પણ કરતા ગયાં.

પરંતુ, લૉકડાઉનમાં અંશતઃ રાહત મળતા જ એમના કર્તવ્યનિષ્ઠ સ્વભાવને વશ થઈને નોકરી પ્રત્યેની ફરજ અને સમાજ પ્રત્યેની ફરજ બજાવવા ઘરની બહાર નીકળવા લાગ્યા. સંપૂર્ણ કાળજી રાખવા છતાં પણ "કોરોના" નામના રાક્ષસ નો એ કોળિયો બન્યા. શહેરની અતિ ઉત્તમ સુવિધાઓથી સજ્જ હોસ્પિટલમાં તેમનો ઈલાજ શરૂ થયો. અતિ મજબૂત મનોબળ ધરાવતા અને સિંહ જેવા નીડર સ્વભાવવાળા વ્યક્તિ પણ કોરોના સામેની જંગમાં આત્મવિશ્વાસ ખોઈ બેસે છે. કદાચ! એનું કારણ હશે... કુટુંબીજનો , સ્નેહીજનો થી દૂર એકલતામાં જ દિવસો પસાર કરવા!! આવા સમયમાં ચિંતા, ગભરામણ, શંકા કુશંકાઓના મનમાં જે મોજાઓ ઉછળે છે, એ સુનામી નું સ્વરૂપ ધારણ કરી લે છે અને એ સુનામી, મારા પપ્પા જેવા કુટુંબ અને સમાજના મોભીને ભરખી જાય છે; ત્યારે તે કુટુંબ અને સમાજને વેરાન બનાવી દે છે, દિશાહીન,શૂન્યમનસ્ક બનાવી દે છે. હોસ્પિટલના ફરજ પરના ડોક્ટર્સ અને પેરા મેડિકલ સ્ટાફે, પપ્પાને જીવંત રાખવા માટે કરેલ મરણિયા પ્રયાસોને કારણે, સારવારના દસ દિવસ બાદ આશાનું એક કિરણ પ્રજવલ્લિત થયું હતું, જેના અસ્તિત્વથી અમારા સૌના મનમાં આનંદ નો ઉજાસ ફેલાયો; પણ એ ક્ષણભંગુર હતો. અનંત સૂર્યદેવના તેજપૂંજમાં એ કિરણ પણ વિલય થઈ ગયું!!

ઓ, કોરોના! તું મારા પપ્પાને તો લઈ ગયો, પણ એમના- આદર્શ સેવાભાવના , ઉદારતા, કર્તવ્યનિષ્ઠા- જેવા સંસ્કારોનું સિંચન જે અમારામાં કરી ગયા છે, એ તું નહીં લઈ જઈ શકે."એ બધા થકી, પપ્પાનું અસ્તિત્વ જીવંત છે." અમે ભાઈ બહેન એમના સપનાઓને પૂરાં કરીને આ અસ્તિત્વના ઉજાસને ઉજાગર કરીશું.

સત્યકથા

નીતિ કનક શાહ – સુરત - ૯૪૨૮૬૨૮૧

# કોરોનાનો ડર

## નિતી સેજપાલ

જમનાબહેન એક પ્રતિષ્ઠિત સ્કૂલના શિક્ષિકા છે. તેમનાં બે બાળકો છે. સાથે આખો પરિવાર રહે જેમાં વૃધ્ધો પણ આવી જાય. તે અને તેમના પતિ બન્ને મળીને કમાય તેથી ઘર ખર્ચમાં કઈ વાંધો ન આવતો. આજે પણ રોજની જેમ તેમના પતિ ઘરે આવ્યાં. રાતનું ભોજન કર્યું. તેમનાં પતિ તેમનાં છોકરાઓ સાથે રમ્યા, ઘરના સભ્યો સાથે વાતો કરી અને રોજની જેમ જમનાબહેન સાથે સુખ-દુઃખની વાતો કરીને, તો થોડી કોરોનાની વાતો કરીને શુભરાત્રી કહીને સુઈ ગયા.

સવારના ઘરનાં બધાં સભ્યો ઉઠ્યા. નાસ્તો પણ કર્યો. અને પછી સમાચારો વાંચ્યા. ક્યાં કેટલા કેસ? કોનું મૃત્યુ થયું? કેટલાની સારવાર થઈ? પણ જમના બહેનના પતિને તો કોરોના નામ સાંભળીને જ રુવાટા ઉભા થઇ જાય. હમેશાં તે ચિંતા કર્યા કરે કે જો કોરોના આપણા ઘરે આવી જશે તો શું? મારા પરિવારનું ધ્યાન કોણ રાખશે? આટલું વિચારતાં હતાં ત્યાં જ જમનાબહેન તેમને હાંફતા અવાજમાં કહેવા આવ્યા. તેમને કહ્યું કે આપણી બાજુના ઘરે જ કોરોનાનો કેસ આવ્યો છે. હવે તેમને કોરોન્ટાઇન પણ કર્યા છે. મને તો ખૂબ ચિંતા થાય છે. જમના બહેન તરત જ તેમના નાના બાળકોને કહેવા ગયા કે રમવા માટે ભૂલથી પણ બહાર ન જતા. બહાર નીકળતા જ નહીં. આટલું કહેતા ફરિ પોતાના પતિ પાસે આવે છે અને જોવે છે તો શું? તેમના પતિ છાતી પર હાથ રાખીને ખૂબ દર્દમાં હતા અને અચાનક જ તેમને હાર્ટ એટેકનો સ્ટ્રોક આવ્યો. જમનાબહેન અને તેમના પરિવાર તેમને હોસ્પિટલ લઈ ગયા. પણ ખૂબ મોડું થઈ ગયું હતું. પતિએ કોરોના ઘરે તો નહીં આવે? તે ડર સાથે પોતાનો આખરી શ્વાસ લીધો. કોરોનાએ તેમને મૃત્યુ ન આપી પણ તેમના ડરે તેમને મૃત્યુ આપી. હવે જમનાબહેન પર તેમના નાના બાળકોની જવાબદારી હતી, તેમનાં આખા પરિવારની જવાબદારી હતી અને પોતાને પણ સભાળવાનું હતું. કોને ખબર હતી કે કોરોનાનો ડર તેમનાં પતિનો જીવ લઈ જાશે. અને તે પતિ વિનાની થઈ જશે.

આ એક સત્યઘટના છે. અને ખૂબ દુઃખદ ઘટના છે. કોરોના કરતા કોરોનાનો ડર વધુ ખતરનાક છે. આપણે સાવધાની રાખવી જોઈએ અને ડરવું ન જોઈએ. નહિતર એક દિવસ કોરોના નહિ તો તેનો ડર આપણને ખાઈ જશે.

(નામ બદલ્યા છે)

નિતી સેજપાલ – જામનગર - **9924702294**

# એ ચૌદ દિવસ

## પારૂલ બારોટ

સાંજથી થોડું થોડું શરીર કળતું હતું.મને અને મિસ્ટર બંનેને.ધીરે ધીરે રાતની જમાવટ જેમ થઈ એમ એમ કળતરે વધારેને વધારે ઘેરો ઘાલ્યો.ઊંઘ તો પાંખો આવી સાવ ઊડી જ ગઈ હતી.બંને ભયભીત હાલતમાં લગભગ રાતના **3.30** સુધી એકબીજાની સામે કણસતા અને ધગધગતા બેસી રહ્યાં જ્યારે પીડા હદ બહાર વધી ગઈ ત્યારે એંટીબાયોટીક ડોલો કેપ્સૂલ એક એક ગળી લીધી .થોડો ફર્ક લાગ્યો .સહેજ ઊંઘ આવી પણ ગળામાં જાણે ખીલો ફસાયો હોય એમ લાગ્યા કરે.કર્કશ ખોખારો અને સુકકી ઉધરસે એકદમ હુમલો કર્યો અને ફેફસા ઉખડી જાય એવી ઉધરસ ચાલુ થઈ ગઈ.આખું શરીર લોચો વળી ગયું .એક ડગલું ચાલી શકવાની તાકાત નથી .ફેફસા તો જાણે મદારીની ટોકરીમાં પુરાયેલા નાગ જેવા થઈ ગયા ઘડીકમાં ગૂચળું વળે અને ઘડીકમાં ફૂફાડા મારે.એનું ઝેર ધીરે ધીરે આખા શરીરને ગળી રહ્યું હોય એમ લાગે.આંખો તો ધગ ધગતા ગોળા .સ્વાસની આવન જાવન સાથે આંખના પોપચાં બિચારા માંડ બિડાય અને ખૂલે.બીજો દિવસ થતાં મગજ બહેર મારી ગયું હોય એમ લાગે .કશી જ ગતાગમ ના પડે .મે અને મિસ્ટરે અલગ અલગ રૂમ લઈ લીધો હતો .ગુગળામણ,અકળામણ અને બેચેનીએ બરાબરની ભિસ ભરાઈ હતી.એમાય વળી માસ્કના પડદાઓ સ્વાસ લેવો કે છોડવો કઈ સમજાય જ નહીં.

સારું હતું કે અમે બે એકલા હતા.સોસાયટીના એક બહેને ટિફિન આપવાની હા પાડી એટ્લે થોડી રાહત થઈ .પણ ખાવાનું ભાવે તો ને!જાણે પરાણે જીવવા માટે જબજસ્તી ખાવાનું.ના કોઈ સ્વાદ અને ના કોઈ રુચિ.ફકત ઇમ્યુનિટી માટે ખોરાક લેવો અત્યંત જરૂરી છે.બધુ જ અલગ જમવાની થાળી થી માંડી .પીવાના પાણી નો ગ્લાસ અને કપડાં બધુ જ અલગ એક અછૂત ના જેવુ મહેસુસ થાય.આડોશ પાડોશ પણ એવી નજરે જુએ કે આપણને ખૂબ ખરાબ લાગે.

વારે વારે કફ,ખાંસી પાણી પીવા જઈએ તોય પેટમાથી વળી જઈએ તેવી ખાંસી આવે.ફોન દ્વારા એકબીજાને ખબર પૂછીએ અને સાત્વના આપીએ.ઓક્સિમીટર ઘરે લાવી દીધું હતું એટ્લે વારે વારે પલ્સ માપતા રહેતા હતા.એકવાર મિસ્ટરનું જોખમ થઈ ગયું હતું.એકદમ ઓક્સિજનના કાઉન્ટ ઘટી ગયા, પણ ફટાફટ લીંબુ પાણી અને ગંઠોળાની રાબ આપી જેથી રાહત થઈ ગઈ હતી.જીવ પડિકે બંધાઈ ગયો હતો એમાય એમનો ખાસ મિત્ર હમણાં જ કોરોનામાં અવસાન પામ્યો હતો એટ્લે વારે વારે એને યાદ કરે અને બેન્ક તેમજ ઇન્શ્યોરન્સ વિગેરેની ફાઇલ કાઢી તમામ વિષે જાણકારી આપવા લાગ્યા.હું વિહવળ થઈ ગઈ અને ડરી ગઈ પણ એમના સામે હિમ્મત રાખી બોલી ;'અરે કશું નથી થવાનું અરવિંદ પાંચ દિવસમાં બધુ સારૂ થઈ જશે.ટેન્શન ના લો'.પણ મારા શરીરમાં જે વેદના થતી

હતી એની ફક્ત મને જાણ હતી અને અરવિંદને થોડું વધારે હતું તેથી બહારથી બહાદુરી બતાવતી પણ અંદરથી ચિંતા કોરી ખાતી હતી.

મને ખાંસી કફ હતો પણ અરવિંદ જેટલો નહીં.અરવિંદથી બેસાય નહીં .સુવાય નહીં. બોલાય નહીં .ખાસી ખૂબ જ આવતી હતી.આખી જિંદગી પોઝેટિવ વિચારો અને પોઝેટિવ રહોનું રટણ કરનાર આજે નેગેટિવ રિપોર્ટ માટે વલખાં મારે છે.જબરો ખેલ જામ્યો છે.કશી સૂઝ પડતી નથી.જીવીશું કે પછી?આ બીક હમેશા ભરડો ભરાઈને બેઠી છે.કદાચ હવે થોડા દિવસના મહેમાન છીએ પછી રામ ભાઈ રામ.

એક અઠવાડીયા પછી અમે ડિસ્ટ્ન્શ જાળવી અને કામ કરવા લાગ્યા.ઘણી સાફ સફાઈ,ઉકાળો,લીંબુ પાણી,રાબ આ બધુ તો હું ધીરે ધીરે બનાવતી હતી, પણ હવે અરવિંદ પણ મદદ કરવા લાગ્યા.થાક બહુ જ લાગે.અશક્તિ તો જાણે બાવડું ઝાલી બેઠી.ઘરની તમામ વસ્તુ તેમજ ઘર બહારની વસ્તુઓને ધારી ધારી જાઉં છુ કદાચ ઓચિંતાના ઉકલી જઈએ તો આ બધુ આમ નું આમ જ એટ્લે એકવાર મનભરી જોઈ લઉં.દીકરીઓ,જમાઈ.દીકરો,ભણીયા.બધા જ નજર સામે તરવરી રહ્યા હતા.શું થશે ?આજ ચિંતા ભમિ રહી હતી આસપાસ.

મિસ્ટર અરવિંદને હિમ્મત આપું પણ અંદર ખાને મને મારી અને એની ખૂબ જ ચિંતા હતી.એની ખાસી અને કફ મટવાનું નામ નથી લેતા.એમાય વોટ્સઅપ વાળા નવું નવું મોકલી અને ડરાવે.

હવે તો ફોન લેવો કે વાત કરવી ગમતી જ નથી.મે મારા મનને લખવામાં તેમજ ઓનલાઈન રેકોર્ડિંગમાં વાળવાની કોશિશ કરી જેમાં થોડી સફળતા મળી. .ઘરના,બહારના તથા સગા વહાલા જેમ ખબર પડી તેમ  ફોન કરતાં.  સહુ પોતાની સમજ મુજબ ફોન પર સાંત્વના આપે. દસેક દિવસ થયા હશે.હું પડખું ફરી આંખોને આરામ આપી અમસ્તી પડી હતી .

'મને ખાંસી મોતી નથી કશું થશે તો નહી ને?'

‘અરે ના ના ગભરાવો નહીં .હવે તો સાજા થઈ ગયા સમજો.મહાદેવ પર શ્રધ્ધા છે.એ બધુ સારું કરી દેશે.એમણે મારી સામે જોઈ અને હળવું સ્માઇલ આપ્યું જેણે મને સોસરવી ધ્રુજાવી દીધી.

બાર દિવસે અમે લગભગ ઠીક થઈ ગયા હતા.હજી કફ ક્યારેક નીકળે છે.પરંતુ મોતને હરાવ્યું એની ખુશી કે પછી જીવન જીતી ગયાનો આનંદ માણવો એની હજી ખબર નથી પડતી. કાળના જડબામાથી છટક્યા એવું લાગે.

સાંજે બહાર આંગણામાં હું હીંચકે બેઠી હતી અને અરવિંદ ખુરશીમાં .આજે ખૂબ રાહત હતી.

ચૌદમાં દિવસે એકદમ તાજગી અનુભવી રહ્યાં હતા આ દિવસો દરમિયાન સતત ઈશ્વરની આરાધના અને પ્રાર્થના કરેલી ફળી. એકમેકની હુફ અને લાગણી તેમજ મિત્રો અને સગા વ્હાલની દુઆ ખૂબ કામ કરી ગઈ.

હવે ફરી ,સુગંધ અને તાજગીની મહેફિલ જામશે અને જીવન મહેકી ઉઠશે.ત્યાં જ એક રિક્ષા આવી જોરથી લાઉડસ્પીકરમાં બધાને ચેતવણી આપતી હતી...”સાંભળો સાંભળો ચિકનગુનિયા અને મેલેરિયાનો ઉપદ્રવ વધી ગયો છે.સાંજ પડે ઘરના બારી-બારણાં બંધ રાખો સહુ જનતાને સહકાર આપવા નમ્ર વિનતિ છે.?

પારૂલ બારોટ

**એ-5, ક્રિષ્ના બંગલોઝ વિભાગ-2, મોટેરા, અમદાવાદ 05 - મો. 9426863311**

# સાવચેતી એજ સલામતી
## પીના પટેલ "પિન્કી"

અમારી વિસ્તારની એક સોસાયટીમાં એક બેન ને શરદી ઉધરસ કંઈ નહોતું, ફક્ત કફ જામી ગયેલો તેમના પતિએ તેને કહ્યું ચાલ કોરોનાનો રિપોર્ટ કરાવી લઈએ. તેમણે ના પાડી.

હજુ તો કોરોનાની શરૂઆત હતી તેથી ડર લાગતો હતો કે જો મને રિપોર્ટ પોઝિટિવ આવશે તો મને હોસ્પિટલમાં અને ઘરના બધાને ઘરની અંદર પુરી દેશે એટલે તેમને લોકલ ડોક્ટરની દવા શરૂ કરી.

પરંતુ એક અઠવાડિયું થયું, તેમને કોઈ ફેર ના પડ્યો ત્યારે તેમના પતિ રિપોર્ટ કરાવવા લઈ ગયા. જ્યારે રિપોર્ટનું સેમ્પલ આપી ઘરે આવ્યા ત્યારે આખી સોસાયટી તેમની માટે ભગવાનને પ્રાર્થના કરતી હતી રિપોર્ટ નેગેટિવ આવે તો સારું. પરંતુ બીજા દિવસે સવારે તેમના પર ફોન આવ્યો કે તેમનો રિપોર્ટ પોઝિટીવ છે.

તે બેન ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. તે વખતે તો ટીવીમાં નામ આવતું હતું. અમારા વિસ્તારમાં પ્રથમ કેસ હતો. તેથી અમારા આખા વિસ્તારમાં ફફડાટ વ્યાપી ગયો. જાણે સન્નાટો છવાઈ ગયો. **108** એમ્બ્યુલન્સ આવી ગઈ તે બેનને લઈ ગઇ તેમની આખી સોસાયટી આજુબાજુ વિસ્તાર સેનેટાઇઝ કરી દીધી અને આખી સોસાયટીને કન્ટેન્મેન્ટ ઝોન મૂકી દીધી.

તેમના ઘરના સભ્યો, આડોશી-પાડોશીના રિપોર્ટ કરાવ્યા, બધાને રિપોર્ટ નેગેટિવ આવ્યા. પરંતુ બધાને એટલી તકલીફ પડવા લાગી. કોઈ ઘરની બહાર નીકળતું ન હતું.

આજુબાજુની સોસાયટીમાંથી થોડીઘણી મદદ મળી રહી. **14** દિવસ તો કદી પણ ભૂલી શકાશે નહી. તે બેન સ્વસ્થ થઈને પાછા ઘરે આવ્યા. તે બહુ મોટી વાત હતી તેઓ કોરોના સામે જંગ જીતી ગયા હતા. એ બેન સ્વસ્થ થયા અને અમે બધા મુક્ત થયા.

હજુ એ કોરોના મહામારી વધી રહી છે. આપણા અંદરથી ડર નીકળી ગયો છે. તે સારી વાત છે. પરંતુ સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી છે.

"સાવચેતી એજ સલામતી"

પીનાપટેલ "પિન્કી" – વિસનગર - **95586 62604**

# પથ્થર

## પ્રભુદત્ત ભટ્ટ

મમ્મી નાનકડી રીંકુને વૉટસએપ વિડીઓ દ્વારા કોરોના જ્ઞાન આપી રહી હતી. ઘણું ઘણું એની સમજ બહારનું હતું છતાં કુતુહલભાવે એ સઘળું નિહાળી રહી હતી.રીંકુની ચકળ વકળ ફરતી આંખો થકી એની મથામણ સમજી શકાય એમ હતી.

પી.પી.ઇ. કીટ્સ પહેરેલા હેલ્થ સ્ટાફને જોઇ રીંકુ બોલી," મમ્મી, આ બધા તો રોબોટ જેવા જ દેખાય છે ને ! ભગવાને આ રોબોટને કોરોના મટાડવા મોકલ્યા છે કે શું ? " વિડીઓમાં હોસ્પિટલ,નર્સ,ડૉક્ટર્સ,પોલીસ સ્ટાફ,કોરોના વૉરિયર્સ અને એમ્બ્યુલન્સના પસાર થઇ રહેલા દ્રશ્યો જોતી રીંકુના માસુમ ચહેરા ઉપર અવનવા ભાવ ઉપસતા રહ્યા. મમ્મીએ જવાબ વાળ્યો," રીંકુ બેટા, હમણાં તો તેઓ જ બધા લોકો માટે ભગવાનના દૂત બનીને આવ્યા છે."

વિડીઓ આગળ ચાલ્યો.કોરોના પેશન્ટને લેવા આવેલ આ "દેવદૂતો" ઉપર ઊંચી અટારીએથી પથ્થરમારો થઇ રહ્યો હતો.આ જોઇ રીંકુ બોલી," મમ્મી, કોરોના ભગાડવા માટે આવેલા આ દેવદૂતોને પથ્થરો પણ મારવા પડે? એમની સાથે આવું  થાય? એ કેવું ?"

પ્રશ્નભરી આંખે નાનકડી રીંકુ મમ્મી સામે જોઇ રહી. નિરુત્તર મમ્મીએ વોટ્સએપ વિડીઓ બંધ કરી દીધો અને રસોડે જતી રહી.

પ્રભુદત્ત ભટ્ટ - એએ-17 સાંઇકૃપા     બંગલોઝ =  ઝાડેશ્વર,ભરૂચ - **99250 93438**

# કોરોનાના કાળમુખમાંથી અદ્દભૂત બચાવ

## પ્રજ્ઞા વખારિયા

૬૫ વર્ષની મારી જીંદગીમાં, બે મહિના પહેલાં મમ્મીની બાળસખી મળ્યા. અમારી વર્ષગાંઠ એક જ દિવસે – ૨૧ સપ્ટેમ્બર હતી. સ્કુલના **admission** વખતે પપ્પા હસ્તક ૨૧ ઓગસ્ટનું **adjustment** હતું, તે વાત જાણવા મળી.

૧૯મી સપ્ટેમ્બરે મારા પતિ, દિકરો કોરોનાથી સંક્રમિત થયા. ૨૧મીએ હું . **RT-PCR** નિદાન પોસિટીવ. ઘરે ક્વોરન્ટાઈન્ડ . દિકરી અને એક વયસ્ક રીક્ષાવાળાભાઈ, જેને મારા પતિએ કદીક આર્થિક મદદ કરેલી, અમારી દૈનિક જરૂરિયાતો પૂરી કરી .

ચાર દિવસ પછી મારા છાતી-ફેફસાનું સ્કેનિંગ કરાવવા મહાવીર જતાં ફોન આવ્યો કે મશીન ખોટકાયું છે . શક્તિ નહોતી , ઘરના બે દાદર પાછી ચઢું-ઊતરું . ૨—૩ જગ્યાએ તપાસ કરી. મહેર—પાર્કવાળા ક્લિનિક ગયા . બીજી ૨૦ મિનિટમાં અમો ઘરે , જમ્યા. સ્કેનિંગનો રિપોર્ટ ડો. કેતનભાઈ ચોકસીને ફોરવર્ડ કર્યો. તેમનું સૂચન કે મને તાત્કાલિક મહાવીરમાં ડો.કરસનભાઈની નિગરાની હેઠળ દાખલ કરવી. હું ઈમરજન્સી વોર્ડમાં દાખલ થઈ અને કલાક પછી કોમન રુમમાં.

બીજી સવારે ડો.કરસનની વિઝિટ , એમણે કહ્યું, પાંચમે દિવસે મારી છુટ્ટી. બપોરથી , ભાગીદારીવાળા રૂમમાં, હું અને મારો દિકરો ભેગા રહ્યાં. ત્રીજા દિવસથી થાક. ચોથે દિવસે દિકરાને રજા.

ધીરે-ધીરે તબિયત કથળી. લાશની જેમ બીજા બે-ત્રણ દિવસ. ડો. એકેક દિવસ વધારતા. બીજા ચાર દિવસ, હું સૂનમૂન, વાતચીત ટાળતી . અવિરત દિવસ-રાત—રાત દિવસ પસાર થતાં હતાં .

બપોરે લગભગ 3.30 વાગે ઓચિંતાને વિચારોએ ઘેરી લીધી .મારા દિકરાને ૨૫% બ્લોકેજ , તાવ , સારો થયો , તો મારામાં એટલી ક્ષમતા કેમ નહિ કે કોવિડરોગના ૧૭% વળગાડનો સામનો કરું !

બીજા ત્રણ ડો.ની વિઝિટ, બધી રીતે સારુંનું નિદાન કર્યું. કોઈક દૈવીશક્તિની મદદથી, કોરોનાના રોગને માત આપી પાછી ફરી રહી હોઉં એવી લાગણી અનુભવી.

મંગળવારનો દિવસ. બ્લડ-ટેસ્ટ માટે મોકલાયું. આજે ડો. મોડા. પૂછી નાખ્યું, ‘હજુ કેટલી માયા લગાવવાના?’ ડો. અને સ્ટાફ હસી પડ્યા.

કોરોના ફ્રીનું નિદાન આપ્યું. કિરીટ ટ્રસ્ટી હોવાથી તરત હોસ્પિટલમાંથી રજા મળી. મને લેવા આવેલ દિકરો પગે લાગ્યો. પતિદેવે હળવું આલિંગન આપી આવકારી, સોફા પર બેસાડીને ભગવાન પાસે મારા ઘરમાં પાછા ફર્યાની ખુશીમાં દીવો કર્યો. દિકરી સાથે વાત કરતાં , તે ખૂબ રડી . મારા હૈયાધારણ આપવા છતાંય.

કિરીટે કહ્યું — મને ૫૦% બ્લોકેજ હતું. મારા મનની ગફલત ૧૭%ને બદલે ખરેખરના ૫૦% ખબર હોત તો મારી જીજીવિષા સાર્થક નીવડતે, કોરોના વોરિયર બનવાનો ઉત્સાહ થનગનતે ?

હકીકતમાં સહુની દુવા, સમયસરની ડોક્ટરોની ચિકિત્સા કે મને આટલા વર્ષે પહેલી વખતની મારી અસલ બર્થ-ડેની ખબર પડવી કે જે દિવસે હું પાછી આવવા માટે બર્થ-ડેને દિવસે જ કોરોનાને થાપ આપી, પાછા ફરવાના નિર્ધાર સાથે કોરોનાગ્રસ્ત થઈ!!!
(મારી સત્યકથા)

પ્રજ્ઞા વખારિયા – સુરત - 98980 16611

# કોરોના, તને કયા નામનું બિરૂદ આપવું!

## પ્રજ્ઞા વખારિયા

કોરોના વાઈરસ . એનું બીજું નામ કોવિડ - ૧૯ . સને ૨૦૧૯માં સ્વસર્જિત નહિ પણ ચીનાઓ થકી માનવ-સર્જિત વિકસાવેલ વાઈરસ , કે જેની અગમ્ય શોધ કરી , આ વાઈરસ ફેલાવવાની એટલી ઉતાવળ કરી નાખી કે એના વેક્સિનની શોધ ચીનાઓ હસ્તક થઈ જશે જ , એવી ખાતરી સાથે આ વાઈરસને દુનિયાના લગભગ દરેક પ્રાંતમાં ફેલાવી દીધો. કેટકકેટલું હિણપતભર્યું પગલું !!!

આખી દુનિયાને હચમચાવી દીધી . હરણફાળ ભરતી સૃષ્ટિ થંભી ગઈ . આ રોગના ફેલાવાના પ્રાથમિક ક્ષેત્રમાં અમારા કેટકેટલા ડો. મિત્રો, સંબંધીઓનો ખાતમો બોલાવી દીધો . ડો. કાપ્સે , ડો. ખુશરૂ લશ્કરી, અમારા હિતેચ્છુ મિત્રો હતા . દર ત્રીજે દિવસે કોઈકને કોઈકના કોરોનાના સંક્રમણને લીધે , મૃત્યુના સમાચાર મળતા હૃદય દ્રવી ઊઠતું . ખરખરો કરવા , તેમના સ્નેહીઓને મળવા રૂબરૂમાં જવાનો ડર માત્ર , ફોનથી વાતચીત કરી ઔપચારિકપણે પતાવી દેતા . અસલ સુરતી હોવાથી જુદી-જુદી જ્ઞાતિના મૂળ સુરતીઓ સાથે રિશ્તા-નાતા તો ઘરોબા જેવા જ હતા . આ વાઈરસના ફેલાવા પછી દુનિયાના પ્રત્યેક ઘરમાં સહુ સોશિયલ-ડિસ્ટેન્સ રાખી રહેવા માંડ્યા . જેણે બેકાળજી દાખવી ,તે લોકો સંક્રમિત થતાં ગયા. કેટલાક હેમક્ષેમ પરત થયા તો કેટલાકે મોતને ભેટી લીધું .

આ સૃષ્ટિ પર લગભગ સન-૨૦૧૯ના છેલ્લા તબક્કામાં આ રોગનો પસારો થયો . આપણા ભારતમાં આ રોગની તીવ્રતાનો ખ્યાલ આવતા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૫-માર્ચ-૨૦૨૦ના દિવસથી લોક-ડાઉન જાહેર કર્યું . રોગની તીવ્રતાના અનેક તબક્કાઓમાં તેમણે વ્યવસ્થિત , માહિતિસભર સ્પીચ આપી દેશવાસીઓનું મનોબળ વધાર્યું . જૂલાઈ મહિનાથી હળવે-હળવે દેશના જુદા-જુદા ભાગોમાં લોક-ડાઉન હળવું થતું ગયું , તેમ-તેમ કોરોના સંક્રમણના નિદાન વધતા ગયા .

ધન્ય છે એ ડોક્ટરો , PPE-kit પહેરી દરદીઓની તહેનાતમાં રહેતી નર્સો , કોવિડયુક્ત મૃત્યુ પામેલ લાશોને વ્યવસ્થિત રીતે અગ્નિદાહ અપાવતી સંસ્થાઓ , શરૂઆતના તબક્કામાં નિરાશ્રિતોને ખાવાનું પહોંચાડતી સંસ્થાઓને અને આમજનતાની દેખરેખ રાખતો પોલિસ-વર્ગ .

એક વાત તો કબૂલ કરવી જ પડશે કે આ વાઈરસે આખી દુનિયાને ૮૦% ભારતીય પ્રણાલી પ્રમાણે રહેતા શીખવી દીધું . ભારતીઓ સાદગીભર્યું જીવન જીવતા શીખી ગયા .

જો તમારામાં થયેલ સંક્રમણનું સમયસર નિદાન થઈ જાય તો ચોક્કસપણે ડોક્ટરો તમને વ્યવસ્થિત દવાદારૂ prescribe કરી , આ રોગમાંથી રક્ષણ અપાવે છે .
મારા દિકરો ૨૫% અને હું ૫૦% આ વાઈરસથી સંક્રમિત થતાં મહાવીર-ટ્રોમામાં ડો.કરસનની ચિકિત્સા- સારવાર લઈ , કોરોના વાઈરસના સંક્રમણને થાપ આપી નવજીવન માણવા લાગ્યા છીએ

માનીએ તો કોરોના શાપ નથી પણ એક બોધપાઠ છે.

જાતે અનુભવેલ કોરોના વાઈરસ થકી વાતાવરણનો માહોલ અને તેનું સંક્રમણ.

પ્રજ્ઞા વખારિયા – સુરત - 98980 16611

# ત્યારે મેં ઈશ્વરને સમર્યા

## પ્રકાશ આર મહેતા

કોવિડને કારણે  ઘણા પરિવારો આર્થિક,સામાજિક અને શારીરિક રીતે ત્રસ્ત બન્યા છે. આ રોગ આપણા આર્થિક અને સામાજિક દરજ્જાનું માન નથી રાખતો પણ આપણી શારીરિક સજ્જતા ને આધારે નજીક કે દૂર રહે છે.

મારા પત્ની અને હું એમ અમે બંને બે માસના અંતરે આ રોગના ભોગ બન્યા પણ લોક ડાઉન ને કારણે ઘરમાં રહેવાનું વધારે બનતું હોવાથી શારીરિક સજ્જતા કેળવી લીધી હોવાથી ઝાઝા નુકસાન વગર હેમખેમ બહાર નીકળી શક્યા.

પચાસ પૂરા થયા છે ઉપરાંત વારસાગત ડાયાબિટીસ,બ્લડપ્રેશર અને વજન તો વધારે હતું જ. જેથી કોરોના થાય તો પરિસ્થિતિ કન્ટ્રોલ બહાર જાય તેમ હતું.આથી એપ્રિલ-૨૦૨૦થી આજદિન સુધી  દરરોજ ત્રણ -ચાર કિલોમીટર ચાલવાનું અને શ્વાસોશ્વાસની પ્રક્રિયા સુવ્યવસ્થિત રહે તે માટે બધા પ્રયોગો  અમે દરરોજ કરતા. ઉપરાંત વરાળ,કોગળા અને રોગ પ્રતિકારક શક્તિ વધે તેવો ખોરાક પણ શરૂ કરી દિધો હતો.

તેમ છતાં બનવાનું હતું તે બનીને જ રહ્યું.

૩૧મી ઓગસ્ટના દિવસે મારા પત્ની એ ઉઠતાની સાથે  સારું નથી લાગતું તેવી ફરિયાદ કરી.આ તેની સામાન્ય ફરિયાદ હોવાથી મેં બહુ ધ્યાને ન લીધી. પણ આ વખતે વાઘ આયો વાઘ આયો કહેવત વાત સાચી પડી. ખરેખર જ વાઘ આવ્યો હતો. બે ત્રણ દિવસ સુધી ઘરગથ્થુ દવાઓ કરી પણ તાવ ઉતરતો ન હતો. આથી ડોક્ટર ને મળવાનું નક્કી કર્યું. અહીં પણ એક તકલીફ ઊભી થઈ. ફોન પર ડોક્ટર પાસે એપોઇન્ટમેન્ટ માગી તો તેમણે કહ્યું કે તાવના પેશન્ટને અમે રૂબરૂ નહીં મળીએ. આથી અમે ટેલીકોન્ફરન્સ પર અમારી તકલીફ વર્ણવી. તેમણે જણાવેલ બ્લડ રિપોર્ટ કરાવ્યા અને સારવારનું માર્ગદર્શન મેળવ્યું. બીજા બે દિવસ પુરા થયા પણ કોઈ  ફેરફાર ન દેખાયો.આથી  અમારા પૂર્વ વિદ્યાર્થીઓ અને મિત્રો જેઓ હવે આ શહેર અને અન્ય શહેરમાં નામાંકિત તબીબ છે તેમની સલાહ લીધી. આટલું ખેંચવા બદલ અમને ઠપકો મળ્યો અને તાત્કાલિક ચેસ્ટ નું સીટી સ્કેન કરાવી લેવા જણાવ્યું. સીટી સ્કેન કરનાર પણ અમારા  મિત્ર હોવાથી એક જ કલાકમાં નિદાન કરી જણાવ્યું કે પેશન્ટને  ફેફસામાં ૨૫% ઇન્ફેક્શન છે. આથી શહેરના નિષ્ણાત ડોક્ટરને પૂછ્યું કે આ પરિસ્થિતિમાં શું કરવું? તેમણે ખાનગી કોવિડ હોસ્પિટલ નો સંપર્ક કરવા કહ્યું.રાતના આઠ વાગી ચુક્યા હતા. હજી સુધી પેશન્ટ ને માત્ર તાવ હતો પણ છેલ્લા કલાકથી હવે ઉધરસ પણ ચાલુ થઇ હતી. આથી કોરોના

ની વિશેષ સારવાર કરનાર ડોક્ટર નો ફોન પર સંપર્ક કર્યો. તેમણે તમામ રિપોર્ટ જોઈ અમને દવાઓનું લાંબુ લિસ્ટ અને હોમ કવોરોન્ટિંન થવાની સલાહ આપી.આથી અમે મારા પત્નીને ઘરના બીજા ફ્લોર પર શિફ્ટ કર્યાં. પણ આખી રાત ઉધરસ ચાલુ રહી. તેથી વહેલી સવારે આ જ ડોક્ટર ને ફરી ફોન કરી અમને હોસ્પિટલમાં દાખલ કરવા વિનંતી કરી. ડોક્ટરે જણાવ્યું કે હોસ્પિટલ માં દાખલ થવાની જરૂર નથી.**SPO2** લેવલ અને **temperature** માપતા રહો.જો નિયત માપ કરતા ઓછા - વધારે થાય તો દાખલ કરીશું. પણ હું ખૂબ ગભરાયેલ હતો અને હવે વધારે મોડું ન થાય અને વધુ પડતો આત્મવિશ્વાસ ક્યાંક આત્મઘાતી ન નિવડે માટે મેં દાખલ કરવા વિનંતી કરી.આથી ડોક્ટરે સવારે આઠ વાગે આવવા જણાવ્યું.

તા.૫/૯/૨૦૨૦ ની આ રાત મારા માટે ખૂબ જ કપરી હતી. એક મત એવો હતો કે હોસ્પિટલ માં શું સારવાર થાય છે તે ડોક્ટર આપણને જણાવતા નથી અને ઉપરથી ના હોય તેવા નવા ઇન્ફેક્શન લાગુ પડી શકે.

હજુ આ ઇન્ફેક્શન અમને ઘરના બાકીના ત્રણેય ને લાગ્યું છે કે કેમ તે પણ ચેક કરવાનું હતું. આવા વખતે મને ભગવાન યાદ આવ્યા. આખી રાત મેં ભગવાનને પ્રાર્થના કરી અને યોગ્ય નિર્ણય લેવાની મને શક્તિ આપવા વિનંતી કરી. ડોક્ટરને જ ભગવાન માની અમે સવારે બીજી કોઇ વિચારણા કર્યા વગર આઠ વાગ્યે હોસ્પિટલ પહોંચી ગયા. અને મારા પત્ની કોકિલાને તરત જ દાખલ કરી દીધી.

ઈશ્વર કૃપાથી ઓકિસજન લેવલ બરાબર હતું અને હોસ્પિટલમાં પગ મૂકતા જ તાવ ઉતરી ગયો હતો. હવે ભગવાનના સ્વરૂપમાં રહેલા ડોક્ટર જ મારી પત્નીને યોગ્ય સારવાર કરશે તેવી શ્રદ્ધા સાથે એક્સ રે,નવા બ્લડ રિપોર્ટ અને કોરોનાનો વિશેષ રિપોર્ટ કરાવવામાં આવ્યો. જે બધામાં ઘણી તકલીફો જણાઈ. આથી પાંચ દિવસ હોસ્પિટલમાં સઘન સારવાર કરવામાં આવી. આ દિવસોમાં હું અને મારા બે પુત્રો સતત ઘર અને દવાખાનુ સંભાળતા હતા.

લોક ડાઉન માં દીકરાઓને અમે ઘરકામ શીખવતા હતા. જે આજે ખૂબ કામ આવ્યું. નાનો દીકરો હોસ્ટેલમાં જવાનો હોવાથી તેની મમ્મીની પાસે રહીને જમવાનું બનાવવાનું અને કપડાં વાસણ ધોતાં શીખી ગયો હતો. મોટો દીકરો નોકરી કરતો હોવાથી તેની સાથે વિચાર વિમર્શ કરી અગત્યના નિર્ણયો લેવામાં સાથે રાખતો. તેથી બહારના કામ કરવામાં તે ખૂબ મદદરૂપ બન્યો. જ્યારે મારે સતત મારા પત્ની અને સગા-સંબંધીઓ સાથે ફોન પર તબિયતના તાજા સમાચાર મેળવવાના અને આપવાના હતા.

આ તકલીફ સામાન્ય દિવસો માટે સામાન્ય હતી, પણ આ દિવસો માટે ચિંતાજનક હતી. આથી મેં નક્કી કર્યું કે કોઈ ટેન્શન ના રાખી વાતાવરણને હળવું બનાવવું. મેં દરેકને ફોન પર સમાચાર આપવાને બદલે વોટસઅપ થી સંદેશા મોકલવાનું નક્કી કર્યું. અહીંથી સવા બસો કિલોમીટર દૂર

બેઠેલ અમારા ભાઈ બહેન અને માતા-પિતા ભરૂચ આવે એ જરૂરી નહોતું પણ તેમને તબિયતના સાચા સમાચાર મળે અને તે પણ કોઈ જાતની ચિંતા વગર તે ખાસ જરૂરી હતું. આથી મેં હળવી ભાષામાં સંદેશા લખવાનું શરૂ કર્યું જેનાં બે નમૂના નીચે મુજબ છે:

(૧) *અમારા ગ્રહ પ્રધાન શ્રીમતી કોકિલાબેન મહેતાનું હેલ્થ બુલેટિન*

- તેઓ રાત્રે ૧૧ કલાકે સૂઈ ગયા હતા
- આખી રાત સારી રીતે ઊંઘ આવી
- સવારે તમામ દૈનિક ક્રિયાઓ પૂર્ણ કરી હવે યોગ ક્રિયાઓ કરે છે.
- નારિયેળ પાણી હમણાં જ પીધું.

*બ્રેકિંગ ન્યુઝ*

હોસ્પિટલ ના પંખાની હવા ઓછી આવતી હોવાથી અમે ટેબલ ફેન તાત્કાલિક પહોંચાડ્યો.

(૨) *Evening bulletin*

આજે અમારા બેટર હાફ ને બેટર ફીલ નથી થતું.

બીજું કંઈ નથી પણ તેમની જૂની અને પ્યારી બીમારી *માથું દુખવું* અત્યારે વણમાગેલ આવી ગઈ છે.

એટલે અમે દોડતા જઈ ડોક્ટર ને પૂછ્યું.માલૂમ પડ્યું કે હવે તેમને હોસ્પિટલમાં ગમતું નથી અને વાતાવરણ બોઝિલ લાગે છે.તેથી આવું થતું હશે.

આજે અમારા વેવાણ વૈશાલીબેનની બર્થડે હોવાથી અમે સ્પેશિયલ સ્વીટ ડિશ પણ લંચ માં મોકલી હતી.પણ માથું દુખે એટલે ખલાસ😉.તા.૧૧/૯/૨૦૨૦ શુક્રવારે સવારે રીપોર્ટ કઢાવી બીજી કોઈ તકલીફ નહીં હોય તો રજા આપી દેશે.

આવું પાંચ દિવસ ચાલ્યું અને છઠ્ઠા દિવસે અમે હોસ્પિટલમાંથી રજા લઈને ઘેર આવ્યા. ડોક્ટરે ફરી 15 દિવસ એકાંતમાં રહેવાનું સૂચવ્યું. જેનું અમે અક્ષરશઃ પાલન કર્યું. હવે ઘરમાં હોસ્પિટલ જેવી સારવાર કરવાની હતી. જે કામ અમે ઉપાડી લીધું. કિચન કેમેસ્ટ્રી પણ સંભાળી અને સાફ-સફાઈ પણ. ધો - વિછળ માં હથેળીની ચામડી ઉતારવા માંડી. પણ અંતે

આ બધું સમુસુતરું પાર પાડ્યું અને એક માસ બાદ મારા પત્ની રાબેતા મુજબની જિંદગી જીવવા લાગ્યા.હજુ પણ અશક્તિ અને થાક વર્તાય છે.

હજુ આ બીમારી પૂરી થઈ નથી ત્યાં ખબર પડી કે વતનમાં રહેતા ૭૫ વર્ષના મારા મમ્મી ને પણ કમરના હાડકાંની તકલીફ અને હૃદય ની જૂની તકલીફ શરૂ થઈ હતી પણ અમને જાણ કરતા

ન હતા.મારા પત્ની સાજા થાય એટલે  તેમણે જણાવ્યું.  હું તાત્કાલિક વતન જઈ તેમને ભરૂચ લઈ આવ્યો.

સતત ૧૫ દિવસ  બબ્બે ડોક્ટર ની સારવાર અને ફિઝીઓથેરાપી કરી બા ને થોડા સારા કરી વતનમાં પાછા મૂકી આવ્યો.કારણકે હું જાણતો હતો કે કોરોના વૃદ્ધોને વધારે ઝડપથી  પકડે છે અને શહેરમાં ચેપની શક્યતાઓ વધારે હતી.

બાને વતનમાં મૂકીને આવ્યે માંડ પાંચ દિવસ પૂરા થયા અને નવરાત્રિના આઠમા નોરતે ફરી અમારા ઘેર કોરોના ની પધરામણી થઈ. આ વખતે મારો વારો હતો.

બપોરે વામકુક્ષી કરતો હતો ત્યાં જ અચાનક શરીર ગરમ થવા લાગ્યું.હવે હું બરાબર સાવધાન હતો. અમારા બેડ રૂમમાંથી હું સીધો જ બીજા માળે અલગ રૂમમાં જતો રહ્યો અને પછી ઘરના સભ્યોને મારી પરિસ્થિતિ જણાવી. બધા ગભરાયેલ હતા. પણ મારે હવે મારી અને ઘરની પરિસ્થિતિ સંભાળવાની હતી.

બીજા દિવસે વહેલી સવારે સીધો જ પેથોલોજી લેબ માં પહોચી જરૂરી બિનજરૂરી તમામ ટેસ્ટ કરવી બે કલાકમાં રીપોર્ટ મેળવી લીધા.બધું સામાન્ય હતું તેમ છતાં છાતીનો સી. ટી.સ્કેન રિપોર્ટ પણ કરાવી ડોક્ટરને મળ્યાં.તાવ ઉપરાંત ગળામાં ચચરાટ થતો હતો તેથી  ડોક્ટરે પાંચ દિવસ ઘરમાં એકલા રહેવાની  સલાહ આપી.જેનું મે અક્ષરસઃ પાલન કર્યું.હું એમ માનતો હતો કે પાંચ દિવસ પછી મને શાળાએ નોકરી પર જવાની છૂટ મળશે.પણ ડોક્ટર મને સાયકોલોજીકલ ટ્રીટમેન્ટ આપતા હતા.પાંચ દિવસ પછી નવી મુદત પડી દસ દિવસનાં આરામની!

તાવ તો બીજા જ દિવસે ઉતરી ગયો હતો પણ ગળામાં ચચરાટ હતો. જે મને ઘણીવાર રહેતો હતો.આથી કોઈનું માન્ય વગર સાતમા દિવસે વહેલી સવારે હું ચાલવા નીકળી પડ્યો.બે કિમી. જેટલું ચાલ્યા પછી થોડો આરામ કરી ફરી પાછો એક કિમી. ચાલી આવ્યો.મને એમ થયું કે આ ડોક્ટર  મને બિનજરૂરી  ખાટલામાં નાખી રાખે છે, મને કોઈ જ તકલીફ નથી.પણ હું ખોટો પડ્યો.બે કલાક બાદ મને છાતીમાં દબાણ થવા લાગ્યું અને શ્વાસ ફૂલવા લાગ્યો. ઓક્સિજન લેવલ બરાબર હતું પણ છાતીમાં દબાણ લાગવાથી શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી.ફરી ભગવાન યાદ આવ્યા.મહામૃત્યુંજયનાં જાપ શરૂ કર્યા અને પ્રાણાયામ પણ. બે -એક કલાકમાં સ્થિતિ સુધરી અને ચૂપચાપ પથારીમાં હલ્યા ચલ્યા વગર બીજા દસ દિવસ પૂરા કર્યા .ડોકટરે કહ્યું હતું કે બાથરૂમ જવા સિવાય પથારીમાંથી ઉભા નાં થશો જે વાત ગાંઠે બાંધી.

વર્ષોથી તબિયત સારી રહેતી હોવાથી ક્યારેય આ રીતે હું ઘરે આરામ પર નથી રહ્યો.તેથી પરિસ્થિતિ અકળાવનારી હતી. સૂતાં સૂતાં વાંચવાનું ફાવે તેમ ન હતું આથી યુ ટ્યૂબ પર નાં મોટીવેશનલ ઓડિયો અને અન્ય માહિતી સંભાળી મન પ્રફુલ્લિત રાખવાના પ્રયાસ કરતો.

દૈનિક ક્રમમાં દવા, નાસ,કોગળા અને ખોરાકનું એવું ટાઇમ ટેબલ બની ગયું હતું કે સતત એક કલાકથી વધારે ફ્રી ન રહેવાય.

સારી આર્થિક સ્થિતિ અને વિશાળ મિત્ર વર્તુળ હોવાથી યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાયા અને બધું સુખ રૂપ પાર પડ્યું અને કોરોનની કેદમાંથી બહાર આવ્યો છું.

વારાફરથી ૬૦ દિવસ કોરોના ને ઘેર રાખ્યા પછી હવે તેને માન સન્માન સાથે આજે વિદાય કરીએ છીએ અને વહુનાં વધામણાં ની તૈયારી કરીએ છીએ.મોટા દીકરાના ડિસેમ્બર - ૨૦૨૦ના પ્રથમ સપ્તાહમાં લગ્ન રાખ્યા છે અને હવે માંડ એક મહિનો બાકી છે.સારું છે કે સરકારે ૨૦૦ સગા સ્નેહીઓ ને જ બોલાવવા ની છૂટ આપી છે. તેથી આયોજન કરવાનું સહેલું છે. ભગવાનને પ્રાર્થના કે આવી તકલીફ કોઈને ના આપે.

પ્રકાશ આર મહેતા - ભરૂચ - ૯૯૭૯૮૬૧૬૩૩
આચાર્ય, એમિટી હાઈસ્કૂલ, ભરૂચ

# અંતિમ વિદાય

## પ્રીતિ શાહ ("અમી-પ્રીત")

નામ મમતાબેન કમલકુમાર પરીખ..1963માં જન્મેલાં મમતાબેને બીએસસી બીએડ કરીને ગવર્નમેન્ટ સ્કુલમાં શિક્ષકાની નોકરી સ્વીકારી. રિટાયર્ડ થવાનાં સમયે આઈસી પ્રિન્સીપાલની પોસ્ટ પર ફરજ બજાવતાં હતાં. પોતાના વ્યવસાય તરફ અનહદ લાગણી ધરાવતાં મમતાબેન ફરજપરસ્તી અને પરગજુ સ્વભાવનાં.

તેઓ બે દિકરીઓની માતા હતાં. બન્ને દિકરીઓ પરણી ગઈ, એટલે પતિ-પત્ની બન્ને એકલાં રહે. લોકડાઉન ખૂલ્યાં પછી શિક્ષકોએ ફરજિયાત સ્કૂલે જવાનું હોવાથી મમતાબેન પૂરી સાવધાનીથી, નિયમિતરૂપે સ્કૂલે જતાં. તે દરમિયાન મમતાબેનને સતત સાત દિવસ સુધી તાવ આવ્યો. દવા ચાલુ હતી. કોવિડની શંકા જતાં મમતાબેન તા. 7 જુલાઈનાં રોજ તેમનાં પતિ સાથે કોવિડ હોસ્પિટલમાં ગયાં. આગલા જ દિવસે મમ્મીની ખરાબ તબિયતનાં સમાચાર સાંભળીને બહાર ગામ રહેતી તેમની મોટી દિકરી તેનાં દિકરા સાથે દોડી આવી.

ડૉક્ટરે વાયરલ હોવાની શંકા જતાવી અને સામાન્ય વોર્ડમાં એડમીટ કરી દીધાં. સાથે કોવિડનો રીપોર્ટ પણ કઢાવ્યો. બીજે દિવસે કોવિડ પોઝીટીવ આવ્યો અને ડૉક્ટરે તેમનાં પતિને જણાવ્યું કે તમે હવે ઘરે જાવ. અમે એમને કોવિડ વોર્ડમાં શીફ્ટ કરીએ છીએ. તેમનાં પતિની સાથે તેમની દિકરી અને પૌત્રને પણ હોમ કવોરન્ટાઈન કર્યાં.

બસ,ખરી કસોટીનો સમય હવે શરૂ થાય છે. આમ જોવા જઈએ તો તાવ આવ્યાં સિવાય બીજી કોઈ ખાસ તકલીફ નહોતી. એટલે કાલે આવશે એવી આશાએ દિવસો પસાર થતાં ગયાં. હોસ્પિટલમાંથી ક્યારેક સમાચાર આવતાં આજે ઓક્સિજન આપીશું. ક્યારેક કહેતાં આજે સારું છે. ક્યારેક કહેતાં, આજે વેન્ટીલેટર પર લેવાં પડશે. રોજ કંઈક અલગ સમાચાર સાથે સવાર પડતી ને કંઈક અલગ સમાચાર સાથે સાંજ પડતી. રાત તો કેમ  કરીને પસાર કરતાં હશે એની તો એ પરિવારનાં સભ્યો જ જાણે!  જેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે.

ડૉક્ટરે 11 તારીખે છેલ્લી વાત કરાવી કે હવે વેન્ટિલેટર પર લઈશું. 18 જુલાઈનાં રોજ બપોરે સમાચાર આવ્યાં કે એક બે દિવસમાં રજા આપી દઇશું. અને સાંજે હોસ્પિટલથી ફોન આવ્યો.

"હવે મમતાબેન નથી રહ્યાં. તમે ઘરનાં બે જણ આવી જાવ. એક કલાકમાં અમે લઈ જઈશું." આટલું બોલીને સામે છેડેથી ફોન મૂકાઈ ગયો.

મમતાબેનનાં પતિ અને દિકરી હોસ્પિટલ પહોંચ્યા. જ્યારે હોસ્પિટલમાંથી મમતાબેનને ડેડબોડી બેગમાં બહાર લાવ્યાં. ત્યારે  દિકરીનાં કરુણ આક્રંદે હોસ્પિટલનું પ્રાંગણ ધ્રૂજી ઉઠ્યું.

ના કોઈએ મોઢું જોયું, ના યમુનાજળ, ના તુલસીપત્ર, ના કોઈ ફૂલના હાર કે ના કોઈ સુહાગનનાં શણગાર સજ્યાં. પીપીઈ કીટ પહેરેલાં સ્ટાફે સ્ટ્રેચરને સીધું એમ્બ્યુલન્સમાં મૂક્યું ને એમ્બ્યુલન્સનાં દરવાજા બંધ થઈ ગયાં. બસ, આ હતી તેમની અંતિમ વિદાય.

પ્રીતિ શાહ ("અમી-પ્રીત") – સુરત

# વ્યથા

## પૂજા (અલકા) કાનાણી

મીઠાપુર ટાટા કેમિકલ્સમાં જોબ કરતા સમીરભાઈ અવાર નવાર તેની પત્ની સંધ્યાને કહેતા." જોજે નાના બનવાના સમાચાર મળે એટલે હું તો કેક, ફૂલોનો ગુલદસ્તો , ટેડીબેર અને ઢગલાબંધ ભેટ-સોગાદો લઈને મારી દીકરીને મળવા જઈશ."આજે ત્રણ વરસે એ  ખુશીનો દિવસ આવ્યો. પણ કાળમુખા કોરોનાની નજર સમીરભાઈ જેવા કેટલાય પિતાને લાગી હશે ને! દીકરીને માથે હેતનો  હાથ મુકી આશીર્વાદ આપવાની તક પણ કોરોના એ ઝૂંટવી લીધી.

દીકરીની ચિંતામાં અડધી રાત્રે ઉઠી જતા સંધ્યાબેન મનમાં  બબડતા." અમદાવાદમાં કરફ્યુ લદાયો છે. મારી દીકરીને શાકભાજી કે દૂધ નહીં મળે તો  પોષણનું શું? ડોક્ટરને બતાવવા જતાં ચેપ તો નહીં લાગે ને? એ પૂરતી તકેદારી તો રાખતી હશે ને?

વિડીયો કોલ કરી દીકરીનું મોં જોતા હું નહીં રડી પડું એવા મક્કમ નિર્ધાર સાથે સંધ્યાબેને દીકરીને કોલ જોડ્યો. થોડી આડીઅવળી વાતો પછી દીકરી બોલી, " મમ્મી, તું હોસ્ટેલમાં મોકલતી એ નાસ્તો તથા તારા હાથની બનેલી વાનગીઓ ખાવાનું ખૂબ મન થયું છે." બોલો હવે કઈ મા આંસુ રોકી શકે?

દીકરીને ત્રીજો મહિનો બેસતાં ડોક્ટરે ટ્રાવેલિંગ કરવાની છૂટ આપી. દીકરી જમાઈ ઇડર પહોંચ્યા. વડીલોની છત્રછાયામાં દીકરી સુરક્ષિત હોવાને લીધે માતાપિતાને થોડી રાહત થઈ. થોડા સમય પછી ઘરમેળે ખોળો ભરી દીકરીને પિયર લાવવાનું નક્કી કર્યું.

આખરે સોળ ઓગષ્ટના ચા-નાસ્તો, જમવાની બધી વ્યવસ્થા સાથે સોળ કલાકની મુસાફરી કરી ફફડતાં હૈયે દીકરીને ઘરે લાવ્યા.સાત દિવસ હોમ કોરોન્ટાઇન રહ્યાં છતાં પાડોશીઓની શંકાની તલવાર માથે લટકતી હતી. મીઠાપુર હોસ્પિટલમાં અપૂરતી વ્યવસ્થા. દ્વારકા, ખંભાળિયા જામનગર બધી જગ્યાએ વધતા કોરોનાના કેસ. દીકરીને ડિલિવરી માટે ક્યાં કેવી રીતે લઈ જવી એ પ્રશ્ન હજી મોં ફાડીને ઉભો હતો.આવા કેટલા માતાપિતા હશે! જે આવી પરિસ્થિતિનો સામનો કરતા હશે? હવે આ જવાબદારી ઈશ્વર લેશેને? આમેય કહેવાય છે ને,"ઈશ્વરના કામ ઈશ્વર ઉકેલે"
(સત્યકથા - નામ બદલ્યા છે.)

પૂજા (અલકા) કાનાણી - મીઠાપુર ગુજરાત - **9426264117**

# આંતરવિશ્વ

## ડો. રાધિકા રાહુલ ટિક્કુ

એકસાથ લોકડાઉન.... બધું જ સ્થિર અપાર ગતિમય જીવનને અચાનક બ્રેક લાગી ગઇ. શરૂઆતમાં તો વિસ્મય, રોમાંચના વલયો રમી રહ્યા મનમાં. કર્મસંજોગે અચાનક મને આંખના પડદાની તકલીફ થઇ ઇમરજન્સીમાં ઓપરેશન કરાવવું પડ્યું.. ભય આશંકા, ડરની સાથે આંખના ટીપાઓની વણઝાર ચાલુ રહી એક તરફ દ્રષ્ટિની ચિંત્તા અને લોકડાઉનની ગમગીનીના વાદળો મનોજગત પર છવાઇ રહ્યાં સ્થૂળ દ્રષ્ટિ બંધ થતા આંતરજગત ખૂલ્યું. અંધજનોની વ્યથા અનુભવી અને મેં સુરદાસનો સંગ કર્યો. પ્રેમભક્તિના સુરોમાં "પ્રેમ" તત્વની મહત્તા સમજાઇ. "સબસે ઊંચી પ્રેમસગાઇ."

જગતમાં દરેક સંબંધોમાં વ્યવહારોમાં પ્રેમ રસાયણ ઉત્તમ છે અને જે સંજીવની છે સૌને પ્રેમથી સાંકળીને જીવવાથી માનવજીવન સમૃધ્ધ બને છે ભલે... શારીરિક તકલીફ આવી પણ લોકડાઉનમાં પ્રકૃતિની સંવાદિતાનો જે સુર સાંપડ્યો.. ઘરની નજીકના વૃક્ષો પર સંભળાતો પક્ષીઓનો મીઠો કલરવ અને અલગ અલગ પંખીઓનો મધુર ગુંજારવ મારા ચૈતન્યમાં સમાઇને પ્રાણઉર્જા આપી ગયું. ઇશ્વરે આ પ્રકૃતિ ફક્ત માનવ માટે જ નથી બનાવી દરેક અબોલ જીવને ,જડપદાર્થોના અસ્તિત્વનો અહીં કુદરતે સ્વીકાર કરેલો છે... અને આ પ્રકૃતિનો મીઠો અવસાદ મને સ્પર્શી ગયો. રોજ સવારે બારમાસીના ફૂલોને સ્પર્શતી અને હીંચકે બેસીને વાયરાને શ્વાસમાં ભરીને ઇશ્વરની અહર્નિશ કૃપાને માણતી રહી. અને હું શ્રધ્ધા, વિશ્વાસના બળથી ઝડપભરે સાજી થઇ. આકસ્મિક સેવાના ભાગ રૂપે, વ્યવસાયે તબીબ હોવાથી કાર્યરત થઇ ગઇ. જરાપણ રોષ, કંટાળાને સ્થાને આનંદ ધારાને હૈયામાં આરોપીને કાર્યના શ્રીગણેશ મંડાયા. દરિયા કિનારેથી આવતા ખલાસીઓના કોરોના સ્કીનીંગમાં માનવની લાચારી, બેબસી, દારૂણ્યતાને સંવેદી ખલાસીઓની વિનમ્રતા અને આત્મસંતોષની ભાવના જોઇને લાગ્યું કે, આ ભોળા મનુષ્યોની નિર્દોષતા સરળતા, સહજતાને લીધે જ આ પૃથ્વી ટકી રહી છે. વતનથી દૂર, મહિનાના મહિનાઓ આ લોકો દરિયો ખેડે છે. વળી, દરિયાને દેવ માનીને રોજની પ્રકૃતિ પૂજા, કોઇ ઉહાપોહ નહીં કે કોઇ અજંપો નહી. વળી એ વ્હાલપભર્યા, લાખેણા સ્મિતભર્યા ચહેરા.. એ જ તો સાચી અમીરાઇ છે. આંનદ, મસ્તીના હિલોળા, ગમતાંનો ગુલાલ અરસપરસ વહેંચી રહ્યાં હતા. કોઇ બાહ્ય ઠઠારો તો નહીં જ.

રસ્તા સુમસામ, ઘરોની બારીઓ બંધ. ઓટલાઓ ખાલી, પણ માનવહદયની સંવેદનદ્રષ્ટિની અઢળક વસંત ખીલી ચૂકી હતી. સાઉથ આફ્રિકાના ગિરીમીટીયાની વાતોની વાંચનયાત્રા વર્ષો પહેલા કરેલ

હતી. પણ ખલાસીઓના સંસર્ગમાં વિચારોના આંદોલનથી મારું હૃદય ભીંજાઇ રહ્યું હતું. માનવ-સમુદાયને રોગચાળાથી બચાવવા માટે જ આ લોકડાઉનનો વ્યાજબી  નિર્ણય હતો. અવિરત દોડતી,ભાગતી,રઘવાતી જિંદગીને નવરાશની અમૂલ્ય ક્ષણો જે મળી એ તો આત્મચિંતનનું ભાથું આપતી ગઇ. જે કાયમને માટે પાલવને ગાંઠે બાંધવા જેવી અવિસ્મરણીય, અલૌકિક સુંદર ભેટ હતી.... કેમકે તારીખ ૨૧ જુલાઇથી તારીખ ૨૦ ઓગષ્ટ સુધી હોમ કોરોંટાઇનમાં રહી, આ કાળમુખી કોરોનાનો તીવ્ર,ખૂંખાર પંજો તબીબને છોડે છે? ઇશ્વરકૃપાએ હું એમાંથી બચી ગઇ. આંતરવિશ્વ જોવાની બારીઓ ખૂલતી ગઇ.. એટલી બધી નિરાંત્તથી માણેલી દરિયાની લહેરો, સ્વચ્છ આકાશ અને પ્રકૃતિના પરમતત્વો જ ઇશ્વર છે. ભૌતિકયુગની રોજની માથાકૂટો, લેવડદેવડ, બિનજરૂરી સંવાદો અને વ્યર્થ રઘવાટ હાંફતું જીવન કેવું ખાલી વેડાફાતું જાય છે. સાવ સુક્કુ, બરછટ્ થઇને.

બસ, જીવનનું આંતરિક સત્ય મને લોકડાઉન યાત્રામા મળ્યું... જે છે તે બધું ભીંતરમાં ઘરબાઇને પડ્યું છે.વ્યક્તિ ,સૃષ્ટિ,સમષ્ટિને એકરૂપતામાં રાખીને ઇશ્વરને એ જ આત્મસન્માનની ખુમારીથી અધિકારથી પોકારી રહી .

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા

ડો. રાધિકા રાહુલ ટિક્કુ - વલસાડ
૩૦૫, આસ્થા એપાર્ટ, વશી ફળિયા, હાલર – વલસાડ - ૩૯૬૦૦૧ - ૯૯૭૯૩૧૨૦૨૮
radhetikku68@gmail.com

# શ્રદ્ધા

## રંજના પટેલ

" વિધિના લખ્યા લેખ મિથ્યા ના થાય." જીવનની ઘટમાળમાં સુખદુ:ખ નું ચક્ર અવિરત ચાલ્યા જ કરે છે. વિશ્વ આખા ને બાન માં લેનાર વાયરસ રૂપી રાક્ષસ આજે માનવ માત્ર ની વિડંબના છે.મીડિયા એ એવું ભૂત ધુણાવ્યું કે વાયરસ કરતાં એનો ભય જ માણસ ને મૃત્યુ શૈયા પર પહોંચાડવા કાફી છે.આવી વિકટ પરિસ્થિતિ નો સામનો માણસ પોતના વીલપવાર અને પ્રભુ પરની શ્રદ્ધા થી જ કરી શકે.

અંતે જેનો ભય હતો તે જ થયું, કોરોના એ અમારા ઘર માં ધમાકેદાર એન્ટ્રી લીધી. પ્રભુ ને કરેલી પ્રાર્થના,વિનંતિ,આજીજી બધુંય બાજુ પર...અને અદૃશ્ય દુશ્મન એની ઘાતક્તા અમારા પરિવાર મા ફેલાવી ને જ રહ્યો.ા

મારા પતિ નરેશને 14 જુલાઇ એ તાવ આવ્યો. મારાં બંને બાળકો ડૉકટર.. વહુ અને જમાઈને પણ ડૉકટરે સાંજથી જ કોરોન્ટાઇન કરી દીધા. સવારે રેપીડ ઍન્ટી જન ટેસ્ટ કરાવ્યો પોઝિટિવ આવ્યા.64 વર્ષ એમની ઉંમર એકલા રહેવાની, પોતાનું કામ જાતે કરવાની આદત જ નહિ અને અમે પણ બધુ હાથ માં જ આપવા ટેવાયેલા. આવનારી પરિસ્થિતિ માટે અમે સજ્જ બનતા ગયા. એમને હિંમત આપતા રહ્યા,પણ તાવ એની હાજરી કોરોના ને કારણે છે તે સાબિત કરતો રહ્યો.ફેબિફ્લુ,વિટામીન્સ,ચાલુ કરી દીધું. સરકારી તંત્ર ઘર સેનેટાઇઝ કરી ગયું. ઘરની બહાર હોમ કોરોન્ટાઇન નું બોર્ડ લગાવી ગયા. ગરમ પાણી, ઉકાળા, નાઝ લેવા ની દેશી તરકીબો પણ ચાલુ કરી દીધી.ઘર હોસ્પિટલમાં પરિવર્તિત થયું. અમારે ઇન્ફેકશનથી બચવાનુ,એમને હિમત આપવાની,સારવાર કરવાની જવાબદારી અમારે નિભાવવાની હતી.

ત્યાં તો મારી દિકરી ની દિકરી બીટટુ ને તાવ આવ્યો,બધાં નાં ટેસ્ટ કરાવ્યા. પુત્રવધુ પણ પોઝિટિવ આવ્યા. 3 કોવિડ પેશન્ટ ની સારવાર ચાલુ થઈ,

નરેશ ને તાવ હજી આવતો હતો. જીભ નો ટેસ્ટ જતો રહ્યો, ખાવાનું ભાવતું ન હતું, દવા ની અસર થતી હતી,પણ વિક્નેસ આવી ગઈ.

વિનસ હોસ્પિટલ માં દાખલ કર્યા. સીટીસ્કેન કરતાં 35% ઇન્ફેકશન જણાયું.રેમડેસિવર ઇન્જેકશન આપવામાં આવ્યા.છતાં તાવ હજી આવતો હતો. ફરી સીટીસ્કેન કરતાં ઇન્ફેકશન વધેલું જણાયું જે બેક્ટેરિયલ હતું.બ્લડ ટેસ્ટ કરાવી ને એન્ટીબાયોટીક દવા ચાલુ કરી સાથે ઓક્સિજન હાલત અંશત: ક્રિટીકલ

ભગવાન જયારે દુ:ખ આપે છે ત્યારે ભક્ત ની ભાળ પણ રાખે જ છે. મારો દિકરો ડૉ.નિરજ પટેલ વિનસ હૉસ્પિટલમાં જ એડમિનિસ્ટેટર નસીબ તો જુઓ..

20 દિવસ થી જ કોવિડ વોર્ડ ચાલુ કર્યો હતો. જો 20 દિવસ પહેલાં અમારે ત્યાં કોવિડ આવ્યો હોત તો સિવિલ માં જ દાખલ થવું પડત ને! મારા દિકરા એ પોતાની ચિંતા કર્યા વગર પપ્પા પાસે રહી સારવાર કરી.મારી દિકરી ડૉ.ધ્વનિ પટેલ (સુરત) રાદેર હેલ્થ સેન્ટર પર ડૉકટર અને જમાઈ ડૉ.રજનીકાંત પટેલ સ્મીમેર મેડીકલ કોલેજ માં ડૉકટર

એ બન્ને ભાઈ બહેન પપ્પા પાસે પિપિટી કીટ પહેરી સેવા કરે.પુત્ર વધુ અને દોહિત્રિ ને તો એક જ દિવસ તાવ હતો. 14 દિવસ પુરા થતાં પુત્રવધુ પણ ડોક્ટર એટલે પપ્પા પાસે આખો દિવસ રહે. સારવાર કરે.

પાડોશી અને સગાસબંધી ફોન કરી પરિસ્થિતિ જાણે.આશ્વાસન આપતા.ઘરે કોઈ કામ કરવા ના આવે,એટલે બધું કામ જાતે જ કરવાનું,હાં! અમારા રસોઈ વાલા ઉર્મિલા બેન 2 ટાઈમ ટિફિન આપી જતા.

મારી પત્ની તરીકે હાલત કફોળી થઈ ગઈ.એમની પાસે ન જવાનું, ઘર ની બહાર નહિ જવાનું.મારી પાસે નરેશનું ટિફિન બનાવવાનું અને ભગવાનને પ્રાર્થના કરવા સિવાય કોઇ કામ ન હતું.

હાં! મને મારાં બાળકો અને મારા ભોલેનાથ પર અડગ વિશ્વાસ હતો.હું તુટી નહિ..... અને ભોલેનાથ ની અપરંપાર કૃપા નો પરચો થયો,દેવદૂત બની સેવા કરતાં બાળકો ની મહેનત રંગ લાવી.નરેશ ની તબિયત સુધરવા લાગી.ઇન્ફેકશન લોડ ઘટી ગયો.તાવ બંધ થઈ ગયો.ઓક્સિજન લેવલ સુધરતું ગયું.20 દિવસ ની આકરી લડત પુર્ણ કરી નરેશ ઘરે આવી ગયા.

ઘરે ઓક્સિજન સિલિન્ડર સાથે તૈયારી કરી લીધી હતી.પરંતુ ઝાઝી જરુર ના વર્તાય અને સ્વસ્થ થઈ ગયા.નરેશ જે કંપની માં કામ કરે છે.તે કંપની એ હોસ્પિટલ નું બિલ ભર્યું.એ મોટી મહેરબાની અમારા પર કરી.

રુપિયા તો અમારી પાસે પણ હતા,પણ મહામારી માં નિવૃત્તિ ટાણે આર્થિક સહાય કરે સતત ફોન કરી પરિસ્થિતિ જાણે એ એવોર્ડ સન્માન જ ગણાય.

આ 28 દિવસ અમારે માટે યુદ્ધ થી કમ ન હતા.અમને ખાવાનું ન ભાવે છતાં ખાવું પડે.ઇમ્યુનીટી વધારવાની દવા લેવી પડે.રડવું હોય તો પણ રડાય નહિ આનાથી વિકટ પરિસ્થિતિ કઈ હોય શકે? છતાં ઘટનાં ચક્ર નું પૈડું દુ:ખ પછી સુખ પણ આપે જ છે.

આ કોરોના તો વિશ્વ ગુરુ બની ગયો,સગા સંબંધીઓ,પાડોશીઓ ની વેલ્યુ સમજાવી ગયો,પેટ ના જણ્યા સિવાય તમારુ કોઈ નથી એવો પાઠ ભણાવી ગયો.

મારાં બાળકો (દિકરો,દિકરી,જમાઈ,પુત્રવધુ)એ એના પપ્પા ની સેવા કરી અને મને પણ ખુબ સાચવી.....એ યાદ કરીને અમે બંને ધન્યતા અનુભવી એ છીએ.

સાચા હદય થી ભોલે નાથ ને પ્રાર્થી એ છીએ.આવાં બાળકો પણ નસીબ થી જ મળે છે .અમારાં સંસ્કાર અમને ઉગારી ગયા.આર્ટ ઓફ લિવિંગ માં અમારો આખો પરિવાર જોડાયો છે. ગુરુજીનાં આશીર્વાદ અમારી સાથે છે.

એ એહસાસ કરાવી ગયો.

અંતે...જગત આખા ને સ્થિતપ્રજ્ઞ કરનાર કોરોના અમને તન મન અને ધનથી ઘાયલ કરી ગયો.

રંજના પટેલ - સુરત - **98251 47734**

પૂર્વ આચાર્યા, નગર પ્રાથમિક શાળા, સુરત

# કોરોનાનાં ઉપચાર

## રંજના પટેલ

કોરોના 21 મી સદી ની વિકરાળતા છે.હળવેકથી ગળી જતો એનાકોન્ડા જ છે.એની કોઇ દવા શોધાય નથી પરંતુ એનો ઇલાજ અશકય પણ નથી.નથી."તુંડે તુંડે ભિન્ન મતિ "ના નાતે શરીરે શરીરે રોગની અસરકારકતા પર ઉપચાર ની ચરમ સીમા અંકાય છે.માનવમાત્ર એનાથી બચવા અનેક ઉપાયો અજમાવી ચુકયો છે. ચીન દેશમાં ઑગસ્ટ માં સૌ પ્રથમ ફેલાયેલો વાયરસ .લગભગ 1 વરસથી માનવજાત પાછળ આદુ ખાઈ ને. પાછળ પડ્યો છે.માણસ સમજે વિચારે ત્યાં તો એનો શિકાર બની જાય ,જાણે કોઈ દુ: સ્વપન કે ફિલમ જોતાં હોય એવો ભાસ કરાવે છે.

જ્યોતિષ, વૈદ, હકીમ બધાયે હારી ગયાં. વેક્સીન શોધતાં શોધતાં વરસના વહણા વાઈ ગયા. વિજ્ઞાન ગમે તેટલુ આગળ વધે પણ પ્રભુની લીલા અપરંપાર જ રહેવાની!

ડૉક્ટર અને હેલ્થ સ્ટાફ વોરિયર્સ બની અનેક જીવો ને બચાવે છે.અને માણસ મરણિયા પ્રયાસ પ્રયાસ રૂપે રોગ પ્રતિકારક શક્તિ વધારવા અને સારવાર માટે વિવિધ પ્રયોગો અજમાવતો થયો છે.

આયુર્વેદિક:-

* ઉકાળા--

- સૂંઠ,મરી ,આદુ,તજ ,લવિંગ,કુદિનો નાંખી ઉકાળા ઠેર ઠેર પિવાયા .
- ગરમ પાણી આખો દિવસ પી ને વાયરસ ને મારવાનો નમ્ર પ્રયાસ .
- વિટામિન C માટે ગરમ પાણી અને લીંબુ નું નિત્ય સેવન.
- હળદર,મરી,મધ,લીંબુ,આદુ,પાણી નો ઉકાળો ઉધરસ માટે લેવાયો .
- સૂંઠ,ગોળ ઘી ની ગોળી લેવાય .
- ગળા નું પાણી આખો દિવસ પિવાયુ.
- અરડૂસી નો રસ નરણે કોઠે લેવાયો.

અનેક જાતનાં ઉકાળા પી ને શરદી મટાડી ગળુ ચોકખું રાખી વાયરસનેની તીવ્રતા ઘટાડવામાં મદદરૂપ બન્યાં અને મૃત્યુ દર ઘટાડવામાં સહાયભૂત બન્યાં.

દવા:- (આયુષ મંત્રાલય એ જાહેર કરેલી)

- સંશીમનીવટી ટ્રીકટુચૂર્ણ, દશમુલારિશટ કવાથ

ત્રિભુવન કિર્તી રસ,એલારગન ,કોલોમાઈન ,આરોગ્ય વર્ધિની,બ્રોકોનીલ તથા પાયરાગન જેવી આરોગ્ય વર્ધક ગોળીનો વ્યાપ વધ્યો. ભારતીય અને દુનિયાનાં અનેક માનવી આયુર્વેદિક ઉપચારમાં વિશ્વાસ રાખતો થયાં.

## હોમયોપેથિક:-

હોમયોપેથિક દવા ઘરગથ્થુ શક્ય નથી. ધીમી પરંતુ સચોટ ઉપાય તરીકે અમલમાં આવનારી સારવાર છે.

- ભારત સરકાર તરફથી ઘરે ઘરે હોમયોપેથિક દવાનું વિતરણ કરી છેવાડાનાં માનવી સુધી ઈમ્યુનીટી વધારવાનું બીડું ઝડપ્યું. જેમાં આર્સેનિક અલ્બમ 30 ગોળી 3 દિવસ ભુખ્યા પેટે લેવાની.

## પ્રાણાયમ- યોગ-આસન-ધ્યાન

શરીર,મન અને સમય સંજોગ સાથે નું મિલન તેજ યોગ પણ આ રોગ સામે આશ્ચર્યજનક પરિણામ આપ્યાં છે.સ્વાભાવિક છે કે ચેપી રોગ છે એટલે માણસ માણસ થી દૂર થયો.એટલે કે ઇન્ફેક્શન કરતાં એકલતાનો રોગ સાબિત થયો.આપણા ધર્મગુરુ ઓએ અભિયાન ચલાવી ઇન્ટરનેટ નાં માધ્યમ થી તન મન થી તંદુરસ્ત કરવા આ રોગ સામે રક્ષણ ની દિવાલ ચણવા સક્ષમ કામ કર્યું.

- અનુલોમ વિલોમ પ્રાણયામ, ભસ્ત્રિકા , ભમરી ઉજ્જેન જેવા પ્રાણયામ નો નિત્ય અભ્યાસ ખુબ જ ફાયદા મંદ સાબિત થાય છે.

તન અને મન તંદુરસ્ત રાખવા ધ્યાન ખુબ જરુરી બન્યું. મિડિયાનો મારો ચાલુ રહ્યો અને ઘર બેઠાં લોકો ડિપ્રેશનમાં સરી ગયા. તો યોગ કરી તરી પણ ગયા.

## એલોપથી સારવાર:-

આમ તો કોરોના કે કોઈ વાયરસ ની દવા જ ક્યાં છે? પણ શરીર ની ઇમ્યુનીટી વધારી વાયરસ જે અંગ ને ઇન્ફેકશન આપે તેને મારવાની દવા આપી સારવાર કરી શકાય છે.

કોરોના માનવ શરીર માં પ્રવેશ્યા પછી 14 દિવસ જીવી શકે,7 દિવસ શરીર નાં અંગો ને ઇન્ફેકટેડ કરે જેમાં ફેફસાં એનું ટારગેટ છે. ઓક્સિજન લેવલ ઘટવાથી બીજા અંગો પણ ધીમાં પડે સમય સર સારવાર ન મળે તો જીવલેણ પણ બની શકે.દુનિયાના બધા વૈજ્ઞાનિક રસી અને દવા શોધવા લાગ્યા છે.જેમાં ઘણી દવા કારગત નીવડી અને કોરોના ને હરાવી શકી છે.

જેમાં રેમડિસિવર, હાઈડ્રો ક્લોરોક્વિન, ફેવિ પિરાવર ,મોલ્યુ પિરાવર ,રિકોમિબનટ ACE ઇવર મેક્ટીન,ઓલી એન્ડીન ,લોપિનવિર, રેટી નાવિર, અને એન્ટિબોડી પ્લાઝમા સ્ટેમ સેલ ને લગતી સારવાર મુખ્ય છે.સીટી સ્કેન થી ઇન્ફેક્શન ની તીવ્રતા જાણી એલાગ્રા કે ઍઝિથ્રો ડોલો લઈ તાવ ઉતારી શરદી ઉધરસ મટાડી શકાય છે. તો વધુ ઇન્ફેકશનવાળા દર્દીને ઓક્સિજન કે વેન્ટીલેટર પર રાખી ને સાજા કરાયા છે.

જો કે આજ દિન સુધી WHO એ કોઇ દવા ને માન્યતા નથી આપી. આપણા કોરોના વોરિયર્સ ડૉક્ટરએ પોતના જાન નાં જોખમે PPT કીટ પહેરીને કરોડો લોકોને સાજા કર્યા છે.

રંજના પટેલ - સુરત - **98251 47734**

પૂર્વ આચાર્યા, નગર પ્રાથમિક શાળા, સુરત

# કોરોના : એક માનસિક વેદના

## રંજના પટેલ

"કોરોના ઓ કોરોના તું કહાં સે આયા તુઝે ક્યું મોત ન આયા"
ઉપરોકત આંત્ર ચીસ આજે માનવમાત્રનાં હૃદયમાંથી વધતા ઓછા અંશે પ્રગટ થાય જ છે.

આ પુસ્તકનાં આયોજકો ચોર્યા વિના નામઠામ ચોર્યા વિના વેદના વ્યક્ત કરવાની તક આપે છે તે માટે હું આભાર વ્યકત કરી હળવી થવાનો પ્રયત્ન કરું છું.

"ચાર ડૉકટરની માં " જેવું શોભાયમાન પ્રાપ્ત થાય તે કેવું અહોભાગ્ય! જે સદભાગ્ય મને સાંપડ્યું.દિકરો-વહુ,દિકરી-જમાઈ ડૉકટર એટલે ઘરમાં સંપૂર્ણ વાતાવરણ બારે મહિના હોસ્પિટલ જેવું જ રોજ ની વાતો પેશન્ટ ,દવા રોગ અને સ્વાસ્થય ની ગંભીરતા ની અને આહાર વિહાર નિયમનની.

આવ્યો....કોરોના કાળ ...અને લોકડાઉન...આદેશ આપ્યો ઘરની બહાર કામ વગર ના જવું.પરંતુ મારાં ઘરમાં તો ચારે ડૉકટર રોજ સીધા પોઝિટિવ પેશન્ટ ના ટચ માં જ આવતાં,કોરોના વોર્ડ ની ડ્યુટી કરતા હતા. એ લોકો પુરા સજગ પોતે પણ બચવા માટે કાળજી લે અને અમને પણ તન મન થી સાચવવા પ્રયત્ન કરે .પણ મન રે.....નેગેટિવ વિચારે....ટીવી ,મોબાઈલ ,ન્યૂઝ પેપર બધે કોરોના ના ન્યૂઝ કેટલા સંક્રમિત થયા ને કેટલા સ્વ ધામે પહોંચ્યા. જાણે દુનિયા આખી મહામારી નાં સકંજામાં... માનસિક સ્થિતિ ડામાડોળ. લોકડાઉન ને લીધે કામવાળી ના આવે,ઘરમાં 2 નાની દીકરી ને સાચવવાનું અરે ! બચાવવાનું કામ માં વ્યસ્ત રહી દિવસ પુરો કરું.દિવસ ઉગે અને આથમે ...પૂર્ણ થાય અને ચિંતા નો સરવાળો થાય.ફોન કરી મન ને વ્યગ્ર જ કરવાનું...જાણે,આજે બચી ગયા પણ કાલ નું શું ? દિકરા એ તો કહી દીધું ગામ ચાલ્યા જાવ દીકરી ને લઈ ને પણ વિકટ પરિસ્થિતિ માં બાળકો થી જુદા રહેવું યોગ્ય ન લાગ્યું.પાછા અમે બંને હાર્ટ પેશન્ટ..

વડીલો ઘરની બહાર ન જાય એવી સુચના પણ ડોક્ટર દિકરાની હાલત અમારી સેવા કરવા જેવી ન્હોતી રહેતી. માનસિક્તા અમારાં બધાંની સરખી. પરંતુ પુરી ઇમાનદારીથી ડર્યા વિના કોરોના વોરિયર્સ બની સેવા કરતાં જોઇ મન ઠરતું. ppt કીટ પહેરી ડ્યુટી કરતાં જોઇ છાતી ગજ ગજ ફુલે. એની પાછળ છુપો ભય પણ ડોકાય.

શું બધી ડૉકટરની ફેમિલી આવી વેદના અનુભવતા હશે?

સામાન્ય ફેમિલી લોકડાઉન ને માણે ઘર માં રહી જાત-જાત ની પ્રવૃતિ કરે .... અને અમે... છતાં શિક્ષકમાં તે પણ 4 ડૉકટરની અમારી મુંઝવણ બાળકો સામે છતી ના થાય તેનુ ધ્યાન રાખી ઘરકામ અને સ્વાસ્થ યુક્ત આહારની જવાબદારી નિભાવી. સાથે સાથે સેવા યજ્ઞ આરંભ્યો. તો મનથી સ્વસ્થ રહેવા મેડીટેશન નિયમિત રૂપે કર્યું.

ઇમ્યુનીટી વધારવાના બધા નુસ્ખા અજમાવ્યા. અધધધ...ઉપાયો કોરોનાથી બચવા કર્યા. ન કોઈ રસ ઉદભવ્યો ન શમ્યો. સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં લાવનાર આ રોગ માનસિક બિમારની સંખ્યા વધારી રહ્યો છે. ધીમેધીમે પણ મકકમ પગલે મનુષ્યને છિન્ન ભિન્ન કરતો જાય છે.

"ડૂબતો નર તણખલું ઝાલે" વેક્સીન રૂપી તણખલું ક્યારે આવશે? હાલ તો માસ્ક એ જ વેક્સીન. મારી વેદના વગર ડાયેટિંગ વજન ઓછું કરવા માટે નિમિત્ત બની છે.

રંજના પટેલ - સુરત - 98251 47734
પૂર્વ આચાર્યા, નગર પ્રાથમિક શાળા, સુરત

# અંશતઃ સંતોષજનક સેવાકાર્ય

## રંજના પટેલ

વિશ્વનો કપરો કાળ એટલે કોરોના કાળ. મનુષ્ય મનુષ્યથી દૂર થાય - માનવતાની પારાશીશી અંકાય- મિત્રો સ્વજનો સ્વ મટી પર થાય, એનાથી વિશેષ વિટંબણા કઈ હોય શકે?

22માર્ચ જનતા કર્ફ્યુ અને 24 માર્ચ થી દેશ દુનિયા ને સજ્જડ બંધ લોક ડાઉન થયું.માનનીય વડા પ્રધાન ની જાહેરાત થી ભુકંપ જ શર્જાયો.

અનિવાર્ય સંજોગ ક્યા? રોજનું રોજ કમાઈ ખાતાં લોકોની હાલત દયનીય બની તેનો દોષ કોને દેવો? વાયરસને કે નસીબને? દુનિયા થંભી ગઈ. ત્યારે પેટનો ખાડો પૂરવા ફાંફાં મારતાં લોકો નું શું ? સરકાર દ્વારા મફત અનાજ ની યોજના હેઠળ અનેક લોકોને સહાય મળે તેમ હતું છતાં ભારત ની વસતિ કારણે તાત્કાલિક સહાય માટે સરકાર શ્રી એ NGO અને સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થાઓ સાથે મળીને કામ કરવા હાકલ કરી. અને "નથી જાણ્યું કે અમારે પંથ શી આફત ખડી છે ખબર છે એટલી ભુખ્યા નાં પેટ ભરવા ની હાકલ પડી છે." એવું વિચારી પોતાનાં જાન નું જોખમ ખેડી સેવા કાર્ય આરંભ્યું .એમાં મારી સંસ્થા અને સોસાયટી ના રહીશો એ ભેગા મળી ખિસકોલી જેવું કાર્ય કર્યું.

- ચૈત્રી નવરાત્રિમાં 9 દિવસ 100 જરુરિયાત મંદ લોકોને ભોજન કરાવ્યું. ઘરે રસોઈ બનાવી પેકિંગ કરી રોટરી ક્લબ ઓફ સુરતના સહયોગથી વિતરણ કરવામાં આવ્યું.
- 100 કીટ બનાવી જેમાં 1 કિલો ચોખા, 1 કિલો લોટ, 500ગ્રામ દાળ, ખાંડ, ચા, કાંદા, બટાકા, તેલ બિસ્કિટ, મગની દાળ, મરચું વગેરેનું પ્રશાંત સોસાયટીના રહીશોમાં વિતરણ કર્યું.
- રોટલી અભિયાનમાં જોડાયા. રોજ 30 રોટલી (15 દિવસ) આજુબાજુની 5 સોસાયટીમાંથી ભેગી કરી આપી.
- સોસાયટીમાં આવતી 11 કામવાળી બહેનોને 1 મહિનાનું સીધુ અનાજ ભરાવી આપ્યું.
- સેનેટાઇઝર મશીન (પગથી ચાલતું) નંગ 11 આપ્યાં. 7 ઝોન હેલ્થ સેન્ટર અને નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ સુરતને આપ્યું.
- નારી સંરક્ષણ ગૃહ ખાતે માસ્ક બનાવવા 20 મીટર કાપડ આપ્યું.
- ઓન લાઇન અભ્યાસ શરૂ થતાં 121 નોટબુકનું વિતરણ વિદ્યાર્થીઓને કર્યું.

વિશ્વનાં કપરા કાળમાં સેવા કાર્ય કરવાની તક પ્રભુએ આપી તે બદલ હું હમેશાં ઋણી રહીશ.

રંજના પટેલ - સુરત - 98251 47734

પૂર્વ આચાર્યા, નગર પ્રાથમિક શાળા, સુરત

# કોરોનાકાળનો સ્વાનુભવ

## રીટા મેકવાન

એક રાત્રે અચાનક પતિ-પત્ની બંને ને તાવ આવ્યો ને દીકરી રેપિડ ટેસ્ટ માટે લઈને દોડી..... એક થડકારો હતો.... રેપિડ ટેસ્ટ માટે નાકમાં છેક અંદર સુધી નાખવામાં આવતી સળી, ટીવી પર જોયું હતું અને એક બે વખત વીડિયો અને whatsapp ગ્રુપમાં પણ જોયું હતું. આજે એ પ્રયોગ મારી પર થવાનો હતો.... એક પછી એક ભય ડોકાતો હતો... અને રેપિડ ટેસ્ટ થયો..થોડીવાર શ્વાસ રૂંધાયો... અને નામ બોલાયું મિસ્ટર અને મિસીસ મેકવાન પોઝિટિવ અને ત્યાં જ ખુરશી પર ઢગલો થઈ બેસી ગયા..... મગજ સુન્ન મારી ગયું હતું... જ્યાં સુધી ખબર નહતી ત્યાં સુધી ડર ન હતો પણ હવે એ થડકારો ને માનસિક સંતુલન ડામાડોળ થવાનો હતું . બંને સાથે જ.... એકમેકની સામે જોઈ રહ્યા....

ને દીકરી ઘરે લઈ આવી. ને એક બંધ રૂમમાં બંને સામસામે એકાંત વનવાસની તૈયારીમાં બેઠા. જાણે... રામ સીતાનો 14 વર્ષનો વનવાસ શરૂ થયો.... ૩૭ વર્ષના લગ્નજીવનમાં જ્યારે પણ બીમાર થયા છીએ સાથે જ થયા છીએ.... આ વખતે કોરોના પણ સાથે જ.એક વાત બંને એ સ્વીકારી કે આ પડકાર પણ સાથે ઉઠાવશુ ને સાથે જ જંગ લડીશું... દીકરી અમને ઘરે લાવી પછી તરત હોસ્પિટલ માં દાખલ કર્યા ..દીકરો બોમ્બે થી સાંજ સુધીમાં આવી પહોંચ્યો. હવે બંને અલગ અલગ વોર્ડમાં હતા.... કાચમાંથી હું એમને જોતી.... એમને તકલીફ વધારે હતી.... તાવ અને ખાંસી... ફેબી ફ્લ્યુની દવા નો મારો ચાલુ થયો ઇન્જેક્શન ....બોટલો... કંઈ સમજાય નહીં. વિચાર શુન્ય.... પાંચ દિવસે મને રજા આપી. હું ઘરે આવી... પણ એમને સારું નહોતું... એ હોસ્પિટલમાં જ રહ્યા.... ને લિફ્ટ માં થી નીચે ઉતરતા આસુંઓ બંધ છૂટી ગયો... દીકરો સાથે હતો... ઘરે જતા પણ તેઓ વોર્ડની કાચની વોલ માંથી હાથ કરતા હતા ... ને હું ઘરે આવી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.. કોરોના કરતા પણ વધારે તકલીફ મને એમનો સાથ છોડવાની હતી....એમને એકલા મૂકવાની હતી.. કારણ.... ક્યારે એકલા પડ્યા જ નથી .... ને બીજે જ દિવસે તેઓ જબરજસ્તી રજા લઇ ઘરે આવી ગયા.... મને હાશ થઈ.. પણ.... ત્રીજે દિવસે એમનો તાવ વધ્યો... ખાંસી વધી ....બોલવામાં... શ્વાસ લેવામાં તકલીફ વધી ગઈ... ને દીકરો ફરીથી એમને હોસ્પિટલ લઈ ગયો ત્યાં જુદા જુદા ટેસ્ટ કરાવ્યા ને રિપોર્ટ આવ્યો. કોરોના સાથે કમળો પણ છે... આજે હું કોરોના ના બાર દિવસ પુરા કરું છું.. પણ જીવન સાથી હજી હોસ્પિટલમાં છે... એમની રાહ જોતી ઘરે... સૂનમૂન છું... વિડીયોકોલ થી અને whatsapp થી વાત થાય છે.. આ દિવસોમાં સ્વાદેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય બંધ થઈ ગઈ છે... ગરમ પાણી, ઉકાળા, નાસ, આયુર્વેદિક દવાઓ ચાલુ છે... ઊંઘ નથી આવતી... અશક્તિ ખૂબ જ આવી ગઈ છે.. બસ.... ઈશ્વરની

સાથે સંવાદ નો સેતુ સાધુ છું... જાણે નવું જીવન જીવવા મળ્યું છે... મેકવાન પણ આ કપરા દિવસો માંથી જલ્દી સાજા થાય એની રાહ જોઉં છું... ઈશ્વરને પ્રાર્થના કરું છું...... સૌ મિત્રો અને વડીલો ની શબ્દો દ્વારા મળતી હુંફ, મારો સાહિત્ય વાંચનનો શોખ, ખાસ.. મારા બાળકો.. જેમણે પહેલીવાર આટલી મોટી જવાબદારી એક સાથે ઉપાડી.... નવાઈ લાગી .કારણ...કદી બાળકોને કોઈ જવાબદારી સોંપી જ નહોતી. મા બાપ બન્ને ને સાચવ્યા.... સેવા કરી.... તો ઇશ્વરનો આભાર માનું છું. આ લખવાનો હેતુ અંગત વાતો માટેનો નથી.. પણ સાવચેતી રાખવા છતાં પણ કોરોના સંક્રમિત થયા અને કપરા દિવસો માંથી પસાર થયા.. તો ઘરે રહી સાવચેતી રાખી ફેમિલીને સુરક્ષિત રાખવા માટે જ લખું છું... બસ દિવસો વીતવા લાગ્યા... નવી સવાર ઉગતી ગઈ... ને રોજ ૧૪ દિવસ પૂરા થવાની રાહ જોતા એક સાંજ આથમતી ગઈ...

પૂરો એક મહિનો વીતી ગયો. આ સમય ગાળા દરમિયાન દીકરો, પુત્રવધૂ પણ કોરોનાથી સંક્રમિત થયા. હું મારો પરિવાર અસ્તવ્યસ્ત થતો જોઈ નહિ શકી. અનિદ્રાને ડિપ્રેશનનો ભોગ બની. પણ એ સમય દરમિયાન ઘરના વડીલો, મિત્રો દ્વારા મળતી હૂંફ.. પૂરા પરિવારને એકલે હાથે સંભાળતી મારી દીકરી.

અને આજે પૂરો પરિવાર કોરોના મુક્ત બન્યો. હોસ્પિટલના ડોક્ટર્સ, નર્સ, સફાઈ કર્મચારીનો આભાર માનું છું. હોસ્પિટલમાં કોઈને જવા ન દેતા હતા. દીકરી નીચે વોચમેનને જરૂરી સામાન આપે અને વોચમેન, લિફ્ટમેન રૂમમાં પહોંચાડે. તો મારો પૂરો પરિવાર આ કર્તવ્યનિષ્ઠ કર્મચારીઓનો પણ આભાર માને છે.

રીટા મેકવાન "પલ" – સુરત

# વિધિની વક્રતા

## ઋતંભરા વિશ્વજીત ઠાકર

મેં **1019** જુનમાં યોગ ડિપ્લોમાં  ફર્સ્ટકલાસ સાથે પુર્ણ કર્યું .મારા પતિની જોબમાં સિધ્ધપુર ખાતે બદલી થઈ, અમે આણંદથી સિધ્ધપુર શિફ્ટ થયાં. પછીથી હું એ દરમ્યાન ત્યાંના આજુબાજુનાં લોકોને નિશુલ્ક યોગ અને પ્રાણાયામ શિખવતી.

મારા ફોઈનો દિકરો વડોદરા રહે એ વાત જાણીને ખુબ ખુશ થયો .એને પણ યોગ અને પ્રાણાયામમાં ખુબ રૂચિ. એ મને કહેતો કે તું અનુકુળતાએ મને જરૂર શીખવજે. મેં એને ખાતરી આપી કે જ્યારે ઉનાળું વેકેશનમાં  રૂબરૂ મળીશ ત્યારે બેઝિક બધું જ શીખવી દઈશ.

સમય વિતતો ગયો. એ દરમ્યાન એકદમ કોરોનાએ હાહાકાર મચાવ્યો એનો કાળો કેર બધે વર્તાવા માંડ્યો. લોકડાઉન  જાહેર કરવામાં આવ્યું.મારાથી વેકેશનમાં વડોદરા જઈ શકાયું નહીં. જે જ્યાં હોય ત્યાં જ રોકાવાની ફરજ પડાઈ.

મારો એ જ મોટો ભાઈ અને એનો આખો પરિવાર કોરોનાનો શિકાર બન્યો. એનો હોસ્પિટલના બિછાના પરથી વિડિયો કોલ આવ્યો,"બહેના તારી જોડેથી મેં પ્રાણાયામ અને યોગની ટીપ્સ વહેલાસર લઈ લીધી હોત તો સારૂં થાત."

એની વાત સાંભળીને હું રડી પડી. એણે કીધું," કોઈ વાંધો નહિ, હવે અમે બધા રજા લઈને ઘરે આવીએ ત્યારે જરૂર શીખવજે".

બીજે દિવસે એકદમ જ મારા ભાઈના મૃત્યુના સમાચાર આવ્યા! હું ડઘાઈ ગઈ. હજુય આઘાતમાં છું. હું હજુયે જ્યારે યોગ અને પ્રાણાયામ કરૂં કે કરાવું ત્યારે મારાં ભાઈનો ચહેરો દેખાય છે અને ફરી ફરી એનો અવાજ સંભળાય છે.

કોરોનાકાળમાં યોગ અને પ્રાણાયામ આટલાં કારગત સાબિત થયાં પણ હું જ મારા ભાઈને ના શીખવી શકી. આખી જિંદગી એ વાતનો અફસોસ રહેશે.

ઋતંભરા વિશ્વજીત ઋત્વિશ્વ – આણંદ - **932750283**

# આ કેવું સંકટ?

## સંગીતાબેન શર્મા

**4/09/2020** ના રોજ મારી કૉલેજમાં અભ્યાસ કરતી એક દીકરીના મમ્મીને કોરોના આવ્યો હતો. ત્યારપછી તેઓ બધા કોરોના ટેસ્ટ માટે કંડોલ પાડા દવાખાને ગયા હતાં. એની મમ્મીને તાવ આવતો હતો અને શરીર દુખતું હતુ અને બીજા દિવસે ટેસ્ટ થતાં એમની મમ્મીનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો હતો અને એમને ઘરેથી એમ્બ્યુલ્સમાં નવસારી હોસ્પિટલ લઇ ગયા હતાં અને એમને પારસી હોસ્પિટલમાં એડમીટ કર્યાં હતાં. પહેલા દિવસે એની મમ્મી ને 17 દવા પીવા આપી હતી અને પેટ પર ઈન્જેક્શન મૂક્યાં હતા, રોજ પાંચ દિવસ સુધી. એમના ઘરે બધાના ટેસ્ટ કરવામાં આવ્યાં. અને એમને બધાને હોમ-ક્વોરોનટાઈન કર્યાં હતાં. જેના પરિણામે એ લોકો ઘરેથી બહાર જઈ શકતા નહોતાં. શાકભાજી અને જરૂરી વસ્તુઓ બહારથી ફળિયાવાળા લાવી આપતા હતાં. ક્વોરોનટાઈન હોવાને કારણે એ દીકરીથી છેલ્લા વર્ષની પરીક્ષા આપવા અવાયું નહીં. ઘરે એને અને એનાં ભાઈ ને મમ્મી વગર ગમતુ નહોતું. મા વગર શું જીવન છે એ બે પળ માં એમને સમજાઈ ગયું. એમની મમ્મીને હોસ્પિટલમાં બે દિવસ સુધી તાવ આવ્યો હતો. પછી થોડુ સારુ હતું. પાંચ દિવસ સુધી પારસી હોસ્પિટલમાં રાખ્યા પછી એમની મમ્મીને પાંચ દિવસ પછી એરુ એગ્રિકલ્ચર કૉલેજમાં કોરોનટાઈન કર્યાં હતાં. એમની મમ્મીને બે દિવસ પછી પાછો તાવ આવવા લાગ્યો અને માથુ દુખવાં લાગ્યું. જમવાનુ પણ ભાવતું ન હતું એમને એ કડવુ લાગતું. તેથી એમનાં મમ્મી જમતાં નહી બરાબર .દસ દિવસ પછી એમનાં મમ્મીના રીપોર્ટ ફરીથી કરાવ્યા. કોરોના તો સારો થઈ ગયો હતો પણ ન્યુમોનીયા થઈ ગયો હતો. એટલે એમનાં મમ્મી ને પાછા નવસારી ઓરેન્જ હોસ્પિટલમાં એડમીટ કર્યાં. રોજ પાંચ બાટલા ચઢાવવામાં આવતા હતાં એમને ! એમને આટલા દિવસ મા ઘણી તકલીફો પડી. ઘરે પણ એમનાં પપ્પા, ભાઈ, બા-દાદા બધાં જ દુઃખી હતાં અને બધાં એમના એમની ઘરે પાછા આવવાની રાહ જોતા હતાં. વીસ દિવસ પછી એઓ પરત ફર્યાં. એમનાં મમ્મી સારા થઈને ઘરે આવી ગયાં. ઘરે આવ્યા પછી પણ એમનાં શરીરમાં કમજોરી લાગતી હતી. એકવીસ દિવસ પછી એમને કોરોનટાઈન માંથી મુક્તિ મળી હતી. ભગવાન આવી તકલીફ કોઈ ને ના આપે બસ એ જ મનમાંથી અવાજ નીકળ્યો. એમનાં મમ્મી ઘરે સારા થઈ ને આવ્યા પછી એઓ બધાં ખુબ ખુશ હતા, આખરે તો યમરાજના મુખમાંથી બહાર આવ્યાં હતાં. ફ્લેસબેક-એ દીકરી નો મારા પર ફોન આવ્યો હતો કે મેમ મારાથી પરિક્ષા આપવા નહી અવાશે...ત્યારે કારણ જણાવતા એણે મને કહ્યું કે એમને હોમ કોરોન્ટાઈન કર્યાં છે. અને પછી જ્યારે બધું બરાબર થયું અને જિંદગીઓ બચી ત્યારે આ આખી

ઘટના વિગત વાર ખબર પડી... ઘણું દુઃખ થયું મને કે લોકો પર અને દેશ પર આ કેવું સંકટ આવ્યું છે! મેં ભગવાનને પ્રાર્થના કરી કે માનવ માત્ર ભૂલને પાત્ર, એમની ભૂલો ને માફ કરી દે અને આ સંકટ થી એમને આઝાદ કરી દે.

ઘટના સ્થળ: ચાપલધરા, વચલા ફળિયુ; તાલુકા:-વાંસદા, જિલ્લા:- નવસારી


સંગીતાબેન શર્મા

વી.એસ.પટેલ કૉલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ – બીલીમોરા - ૭૯૯૦૯૫૦૪૯૨

# માનસિક શક્તિ - એક અજોડ શસ્ત્ર

## સંગીતાબેન શર્મા

પાત્ર: ડૉક્ટર પ્રદીપ -  સ્પંદન હોસ્પિટલ ચીખલી - જિલ્લો: નવસારી

સમાજ માટે સૌથી વધુ સમર્પિત વ્યક્તિ જે ભગવાન પછીનો દરજ્જો ધરાવે છે, હા મિત્રો બરાબર વિચાર્યું એ છે  ડોક્ટર. અને હું એક એવા જ ડોક્ટર ની સત્યઘટના આપની સમક્ષ લાવી રહી છું.એ છે ડોક્ટર પ્રદીપ ,એક કર્તવ્ય નિષ્ઠ ડૉક્ટર,જેમનો જીવન  સૌથી વધુ વ્યસ્ત છે,એમનાં કામ ના કલાકો પણ નક્કી નથી હોતા,કોઈ અણધાર્યો અકસ્માત થાય તો રાત્રે પણ દર્દી ની મુલાકાત લેતા નથી ખચકાતાં.એજ ડોક્ટર જ્યારે પોતે મુસીબત માં મુકાય ત્યારે એમને શી વેદના થાય એ આપણે એમના જ શબ્દો માં સાંભળીયે:

સપનામાં પણ ન કલ્પ્યું હતું કે જેમના માટે જીવન સમર્પિત કર્યું છે એવા મારા દર્દીઓ ને મારે એકલાં મૂકવા પડશે.આ મારા દિલ ની પેહલી વેદનાં! દર્દીઓ ને કઈ રીતે સમય પર આવી ને સાજા કરી શકીશ?પણ એમાં મારા મિત્ર ડોક્ટર્સ મને મદદ રૂપ થયા અને એમને સાચવી લીધાં.મિત્રો થયું એવું કે  કોરોના વાઈરસ એ મને ઝપેટ માં લઇ લીધો હતો.

એ એક એવો પળ હતો જ્યારે મને ખબર પડી કે મને કોરોના થયો છે.તમે વિચારશો કે મને કઈ રીતે ખબર પડી કે મને કોરોના છે.તો મિત્રો થયું એવું કે મને થોડો તાવ,શરદી અને ખાંસી હતી.તો મે રિપોર્ટ કરવાનું નક્કી કર્યું.મારી પત્નિ ડોક્ટર જ્યોતિ એ પણ એ વાતનું સમર્થન કર્યું. રીપોર્ટ નોર્મલ આવ્યો,પણ મને લાગ્યું કે સીટી સ્કેન કરાવી લઉ નહી તો મારા લીધે મારા દર્દીઓ મુસીબત માં મુકાશે.તેથી મે સ્કેન કરાવ્યું જેમાં દાગ દેખાયું,અને હું કોરોના પોઝિટિવ આવ્યો.તરત મે મારી જાત ને એકલી પાડી. જેને તમે કહો છો લોકોથી દૂર થવું,isolate થવું.એના આઠમા દિવસે મને તાવ ખૂબ વધ્યો ૧૦૪ ની ઉપર.મને હાંફ ચઢવા લાગ્યો.તેથી ૨૬ જૂન,૨૦૨૦ ના રોજ હું શન સાઈન ગ્લોબલ હોસ્પિટલમાં દાખલ થયો જે સુરત ખાતે હતી. તાવ ઉતરવાનું નામ નહી લઈ રહ્યો હતો.મને લાગ્યું કે હું આગ વરસાવતા રણ પ્રદેશમાં ઊભો છું.મારી આંખો બળી રહી હતી. માથું જાણે ફાટી રહ્યું હતું. સ્વાદે તો મારી સાથે દુશ્મની લઈ લીધી હતી.હું ફક્ત નમક નો સ્વાદ લઈ શક્તો હતો. ખાંસી થી ગળા માં દુખવા લાગ્યું હતું.આખું શરીર જાણે તુટી રહ્યું હતું.પણ મન થી હું મજબૂત હતો.મારું મનોબળ જ મારી શક્તિ હતી.હું આ બધી નકારાત્મક પરિસ્થિતિ ને સકારાત્મક લેતો ગયો.મે વિચાર્યું કે હું કોઈ સાહસ ની રમત રમું છું.હું આસમાન માં ઊંચે જાણે કૂદી રહ્યો હતો. કે ખાઈ માં નીચે ઉતરી રહ્યો હતો.મને સાંસ લેવામાં તકલીફ થઈ રહી હતી પણ મે વિચાર્યું કે જાણે હું હાફ મેરેથોન દોડ દોડી રહ્યો

હતો. અહીં ફેફસાં મારા મિત્રો બન્યાં હતાં. જે ઓકસીજન લેવામાં મારી મદદ કરી રહ્યા હતાં અને અંતમાં હું સાજો થયો અને ૫ જુલાઇ,૨૦૨૦ ના રોજ હોસ્પિલમાંથી ઘરે પાછો આવ્યો.આ સફર થોડા દિવસ નો હતો પણ એ સફર માં મને મારા ડોક્ટર્સ મિત્રો એ જીતી લીધાં હતાં. એમણે મને આ કપરા સમય માં મારો સાથ આપ્યો.જેમાં ડૉક્ટર  મયુર વાઘેલા, ડૉક્ટર જીજ્ઞેશ અને ડૉક્ટર બ્રિજેશ શુક્લા નો ફાળો ખૂબ રહયો. મારા પત્નિ ડૉક્ટર જ્યોતિ બેન મારા આધારસ્તંભ તરીકે ઊભા હતાં.બધાની સેવા અને દુઆ થી હું સાજો થઇ ગયો.

અહી એક વાત કહેવા માંગીશ મિત્રો,તમારી તંદુરસ્તી જ તમારા રોગો ને નષ્ટ કરે છે. એ માનસિક હોય કે શારીરિક .દવા તો સારવાર નો એક ભાગ છે.તો અંત માં તંદુરસ્ત રહો અને મનથી મક્કમ રહો.તમારો મનોબળ જ તમારો સાચો મિત્ર છે,એક અજોડ શસ્ત્ર છે.

સંગીતાબેન શર્મા

વી.એસ.પટેલ કૉલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ – બીલીમોરા - ૭૯૯૦૯૫૦૪૯૨

# અંધકારથી પ્રકાશ તરફ

## સંગીતાબેન શર્મા

વો કોઈ ઔર ચિરાગ હોતે હૈ જો હવાઓ સે બૂઝ જાતે હૈ.
હમને તો જલને કા હુનર ભી તુફાનો સે સિખા હૈ.

હા મિત્રો, એક એવા જ ઝિંદાદિલ ડૉક્ટરની સત્યઘટના હું આપની સમક્ષ લાવી રહી છું. એક એવા ડૉક્ટર જે એમનાં દર્દીઓ માટે ભગવાન તુલ્ય છે.દર્દીઓ કહે છે અમે ભગવાન જોયા નથી પરંતુ અમે ભગવાન ને દિલમાં વસાવ્યા છે.એક એવા ભગવાન જે અમારી વચ્ચે જ રહે છે ડૉક્ટર દિપક નાં રૂપમાં. મિત્રો દિપક એટલે કે પ્રકાશ.અને દિપક એટલે વંદનીય ગણાય છે કેમકે એ બીજાઓ માટે બળે છે.અને એમને પ્રકાશ આપે છે.અમારા ડૉક્ટર દિપક એવા જ એક ડૉક્ટર છે જે નિઃસ્વાર્થભાવે પોતાના દર્દીઓ માટે જીવન સમર્પિત કરવાનાં વિચાર સાથે એમની સેવામાં લાગી ગયા હતા.અહી જ્યારથી કોરોના કાળ શરૂ થયો ત્યારથી લઈને (માર્ચ થી) ૨૬ સપ્ટેમ્બર,૨૦૨૦ સુધી એમણે સતત કોરોના સંદિગ્ધ દર્દીઓ ને જોયા અને એમને સાજા કર્યા હતાં.આ ૨૬ સપ્ટેમ્બર,૨૦૨૦ એ કોરોના સંદિગ્ધ દર્દીઓ ને જોવાની છેલ્લી તારીખ નહી હતી પરંતુ એક અંતરાલ હતું.જેમને આપ સૌ ઇન્ટરવલ કહો છો. કારણ કે એ સમયે ડૉક્ટર દિપક પોતે મુસીબત માં મુકાયા હતાં.તેઓ કોરોના પોઝિટિવ આવ્યા હતાં.તો હવે આપણે એમના જ શબ્દોમાં સાંભળીયે કે શી વેદના થઈ હતી એમને.

હું ડૉક્ટર દિપક આજે આપની સમક્ષ મારો covid નો અનુભવ વ્યક્ત કરું છું.હું મારી નાની એવી ફેમિલી સાથે ખુશહાલ જીવન જીવું છું.મારું ધનવંતરી ક્લિનિક બીલીમોરા ખાતે છે.હું દરરોજ નાં સો થી દોઢસો જેટલા દર્દીઓની સારવાર કરું છું.એક દિવસ એવો આવ્યો કે જ્યારે મને ખબર પડી કે મને કોરોના છે.મને તાવ હતો અને ગળા માં દુઃખાવો હતો તેમજ શરદી ખાંસી પણ હતી.મારો તાવ ચઢ ઉતર કરી રહ્યો હતો.મે વિચાર્યું કે મારે કોરોના નો રીપોર્ટ કરાવવો જોઇએ.કારણ કે મેં સતત કોરોના સંદિગ્ધ દર્દીઓ ની સારવાર કરી હતી.હું માનસિક રીતે સશક્ત હતો.હું સમજી ગયો હતો કે મને કોરોના છે.મે એક લેબ માં સીબીસી સીઆરપી ટેસ્ટ કરાવ્યું જે નોર્મલ આવ્યું.મે SGPT SGOT અને D DIMMER ટેસ્ટ પણ કરાવ્યું.અને RT PCRF પણ કરાવ્યું. તારીખ ૨૬ સપ્ટેમ્બર નાં રોજ મારો રેપિડ ટેસ્ટ નો રીપોર્ટ પોઝીટીવ આવ્યો જે મારી પોતાની ક્લિનિક પર જ થયું હતું.હું બધું wind up કરી ને ઘરે જતો રહ્યો અને કોરોન્ટાઇન થઈ ગયો. લાઈફ માં પેહલી વાર હું આટલી અશક્તિ અનુભવી રહ્યો હતો. મને શ્વાસ લેવામાં તકલીફ પડી રહી હતી. પણ આ બધાં માં હું એક વાતથી ખુશ હતો કે હું

કોરોના પોઝિટિવ આવ્યો એના પાંચ દિવસ પહેલા મારી દોઢ વર્ષ ની બેબી એના નાના-નાની ના ઘરે જતી રહી હતી. મારી પત્ની નાં પણ મે બધાં ટેસ્ટ કરાવ્યા જે નેગેટિવ આવ્યા.પણ અમે બંને કોરોન્ટાઇન થઈ ગયા હતા.મારી પત્ની મારી સાથે આધારસ્તંભ તરીકે ઊભી હતી.અને મારી સેવા કરી રહી હતી.એક દિવસ મારા પિતાજી નો ફોન આવ્યો અને એમણે મને કહ્યું કે હવે તારે ક્લિનિક પર ક્યારેય જવાની જરૂર નથી ,પરંતુ મે એમને સમજાવ્યાં કે તમે તો આટલા મજબૂત છો તો તમે આમ હિંમત ન હારી શકો.અને તમે જ તો મને શીખવ્યું હતું કે પોતાના કર્મથી ક્યારેય પીછેહઠ નહી કરવી જોઇએ તો તમે કેમ આટલા સંવેદનશીલ થઈ ગયા. એમણે ખૂબ ગર્વ થી મને કહ્યું કે મને નહી ખબર હતી કે મારો દિપક આટલો મજબૂત છે.હવે મને વિશ્વાસ છે કે મારા દિપક ને કાઈ નહિ થશે.

ખરેખર કહું તો મિત્રો મારો **CORADS -૪** આવ્યો હતો,જે ખૂબ વધારે હતો.મારો તાવ ઉતરવાનું નામ નહી લઈ રહ્યો હતો.એ તો પેરાસિટામોલ નો દુશ્મન બની ગયો હતો.પણ અહી પણ મારી ચિંતા એ નહી હતી.પણ મારી ચિંતા નો વિષય મારા દર્દીઓ હતાં જે મારા ભરોસે બેઠા હતા.દર્દીઓ મારી ક્લિનિક પર હતાં,એ વખતે મારી એક આસિસ્ટન્ટ ડૉક્ટર મને મદદ રૂપ થઈ. એમણે મારા દર્દીઓ ને સાચવી લીધા અને એમની સારવાર કરી.હું ફોન થી એમને ગાઈડ કરી રહ્યો હતો.કેમેરા માં મારા દર્દીઓ ને જોયા કરતો અને નિરીક્ષણ કરી ને મારી આસિસ્ટન્ટ ડૉક્ટર અને ક્લિનિક ની **sisters** ને ગાઈડ કરતો.એ ઉપરાંત બીજા ઘણા દર્દીઓ મને ફોન થી **consult** કરી લેતા. એક વાત હું ચોક્કસ કહીશ કે કોરોના કાળમાં હું ઘણું બધું શીખ્યો.હું એક **physhisian** થી ઓર્થોપેડીક ડૉક્ટર પણ બન્યો.હા થયું એવું કે એક દિવસ મારી પાસે એક એવો દર્દી આવ્યો જેણે એક ઓર્થોપેડીક ડૉક્ટર પાસે જવું જોઈતું હતું.પણ એ મારી પાસે આવ્યો અને મને કહ્યું કે કોરોના નાં વાતાવરણ ને લીધે ઓર્થોપેડીક ડૉક્ટર એ મારા ઘૂંટણ ની સારવાર કરવાની ના પાડી દીધી. મે જોયુ તો એના ઘૂંટણ ની હાલત ખૂબ ખરાબ હતી. ઘૂંટણમાં પરું થયું હતું એ પાકી ગયું હતું જે મે નીડલથી કાઢી નાખ્યું અને તે વખતે મને લાગ્યું કે કોરોના કાળ મને ઘણું બધું શીખવાડી રહ્યો છે. આ તો એક ફ્લેશબેક હતું મિત્રો.હું આપને મારી કોરોના કાળની વેદનાં કહી રહ્યો હતો. એક રૂમમાં કામ વગર, બંધ બેસી ને જે હું રહ્યો એ વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. મારી લાઈફનો એ સૌથી ખરાબ સપ્તાહ મને લાગ્યો.એવી લાઈફ જીવવી અશક્ય છે .૩૧ સપ્ટેમ્બર,૨૦૨૦ નાં મારી તબિયત સારી થઈ. તારીખ ૪ ઓક્ટોબર અને ૫ ઓક્ટોબર નાં રોજ મે પાછું રેપિડ ટેસ્ટ કરાવ્યું.જે બંને વખતે નેગેટિવ આવ્યું.હું સાજો થયો કારણ કે એમાં મારા દર્દીઓ ની દુઆઓ કામ આવી મને.

તારીખ ૮ ઓક્ટોબરના રોજ સવારે હું ક્લિનિક પર આવ્યો, જે પૂર્ણ રીતે **senetize** થઈ હતી. બધાં એ મારો સ્વાગત એક યોદ્ધા તરીકે કર્યું. આખરે તો યમરાજને છેતરીને જ આવ્યો હતો ને. મિત્રો મારી

**immunity** સ્ટ્રોંગ હતી અને **HB** ૧૮ ટકા  હોવા છતાં મને કોરોના એ હલાવી નાખ્યો હતો.પણ મારા મનોબળ અને સકારાત્મક વિચાસરણી એ તેમજ મારી જાગરૂકતા એ  મને  કોરોના ની સામે જીતાડી દીધો.એમાં વધારા માં લોકોની દુઆઓ મારા માટે શ્રી સત્યનારાયણ નાં પ્રસાદ માફક રહી.અને હું સાજો થયો.અને જે  કામ ની મે સપથ લીધી હતી તેને માટે ક્લિનિક પર હાજર થયો.

અંતમાં  હું આપ સૌને એક વાત કહેવા માંગીશ, તમારી સલામતી તમારા હાથ માં છે. માનસિક રીતે સ્વસ્થ રહો, મજબૂત રહો,અને જુઓ જીત તમારી જ છે પછી.

સંગીતાબેન શર્મા

વી.એસ.પટેલ કૉલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ – બીલીમોરા - ૭૯૯૦૯૫૦૪૯૨

# કોરોનાકાળનાં અનુભવો

## સરલા સુતરિયા

નવ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ મારા પતિને તાવ આવવો શરુ થયો. દવા લેવા છતાંય ઉતરતો ન હતો. જરાતરા ઉધરસ પણ આવતી હતી. આમ તો દર ચોમાસે એકાદવાર એમને આવું ઈન્ફેક્શન થાય. દવા અને ઘરગથ્થું ઉપચારોથી સારું થઈ જ જાય, પણ આ કોરોનાકાળમાં એવું જોખમ ન લેવાય એવું અમારા પરિચિત ડોકટરનું કહેવું હતું. બીજે દિવસે સીટીસ્કેન કરાવ્યું તો ફેફસામાં ઈન્ફેક્શન આવ્યું. એટલે એમને અહીં વડોદરાની મોટી હોસ્પિટલમાં ચેકઅપ માટે લઈ ગયા. ત્યાં રેપિડ ટેસ્ટ પોઝિટિવ આવ્યો એટલે તરત જ દાખલ કરવાની પ્રોસિજર ચાલું થઈ. પહેલા કહ્યું કે, આઈ-સી-યુની જરુર નથી. રિકવરી વોર્ડમાં દાખલ કરવા માટેની ફી ભરી આવો. ફી ભરવા ગયા તો કહે કે, આઈ-સી-યુમાં જ એક બેડ ખાલી છે, બીજે જગ્યા નથી. ખૈર...૨૧૫૦૦ રુપિયા રોજના લેખે દાખલ થઈ ગયા.

એમને અંદર લઈ ગયા. અમને બહારથી જ વિદાય કરી દીધા. અમારો એમની સાથેનો સંપર્ક કપાઈ ગયો. સાવ નોધારા થઈ ગયા હોઈએ એવી લાગણી સાથે ઘરે આવ્યાં. ‘હવે શું થશે?’ એવી ફડકમાં આંખ કોરી થતી નો’તી.

કોર્પોરેશનવાળા કોરોન્ટાઈન કરવા ને સેનિટાઈઝ કરવા આવશે એની રાહ જોતાં રહ્યાં, પણ કોઈ ન આવ્યું. અહીંના એરિયા હેલ્થસેન્ટરમાં જાણ કરી તો કહે કે, કોરોનાનો રિપોર્ટ લાવો. હોસ્પિટલમાં રિપોર્ટ માટે પૂછ્યું તો કહે કે, હજુ ટેસ્ટ થાય છે પછી આપશું. અમે કહ્યું કે વોટ્સએપ પર રિપોર્ટનો ફોટો પાડી મોકલો પણ હોસ્પિટલે રિપોર્ટ ન મોકલ્યો.

એક વાત એ સારી હતી કે રોજ ડોક્ટર ફોન કરી એમનો હેલ્થ રિપોર્ટ આપતા હતા. દિવસમાં એક વખત નર્સ વિડિયોકોલથી વાત કરાવી આપતાં. મોઢે ઓક્સિજન માસ્ક સાથે એમને જોઈ જીવ કપાઈ જતો પણ તાવ ઉતરી ગયો ને ખાંસીમાં રાહત છે જાણી ખુશ થતાં.

ખૈર...એમને કોરોના હતો કે નહીં એની જાણ વગર અમે સેલ્ફ કોરોન્ટાઈન થઈ ગયા. જાતે જાતે ઘરમાં બધુ સેનિટાઈઝ કર્યું. બધાએ દેશી દવાઓ અને ઉકાળાનું નિયમિત સેવન ચાલું કરી દીધું. કામ કરનાર અને રસોઈ કરનાર બહેનોને ચાલું પગારે રજા આપી દીધી. હવે જાત મહેનત જીંદાબાદ હતી.

ઘરના બધા સભ્યો હળી મળીને કામ કરવા લાગ્યા. મારી પૌત્રી જેને અમે કદી કામ સોંપ્યું ન હતું. એ જાતે જ સમજીને વાસણ ઘસી દેતી. દીકરો કચરા વાળી ઊભા પોતાથી પોતું કરી દેતો. મેં રસોડું તથા અન્ય બાબતો સંભાળી લીધી. આવી પડેલ સંકટે પરિવારજનોને એક સાંકળે ગૂંથી લીધા હતા.

પંદરમે દિવસે હોસ્પિટલથી ફોન આવ્યો, આવતીકાલે રજા આપશું. અમે ખુશ થઈ ગયા. બીજે દિવસે સવારમાં અમે હોસ્પિટલમાં ફોન કર્યો, ‘ક્યારે લેવા આવીએ?’ તો ત્યાંથી જવાબ આવ્યો કે, ‘આજે છાતીમાં જે થોડોઘણો કફ છે તે નળી મૂકી ખેંચી લઈએ તો એમને રાહત રહેશે.’ આવતીકાલે રજા આપશું.’ અમને પણ થયું કે, તબિયત બરાબર થઈ જાય પછી જ ડિસ્ચાર્જ લઈએ.

બીજે દિવસે પૂછ્યું તો કહે, આજે થોડા બ્લડ ટેસ્ટ કરવાના છે એ કરી લઈએ પછી કાલે રજા આપશું. અમે પરેશાન હતાં. મારા દીકરાએ એના મિત્ર સાથે વાત કરી તો એણે પોતાનો અનુભવ અમને કહ્યો કે આવું એના પિતા હોસ્પિટલાઈઝ હતા ત્યારે એમની સાથે પણ થયું હતું ને એ પછી એણે જે કર્યું હતું તે કહ્યું.

તરત જ અમે હોસ્પિટલ ફોન કર્યો ને ડોક્ટર સાથે વાત કરતા કહ્યું, “ડોક્ટર સાહેબ, તમારે જે કંઈ સારવાર કરવી હોય તે પ્રેમથી કરો. જેટલા દિવસ એડમીટ રાખવા હોય એટલા દિવસ રાખો. અમારા બજેટ કરતાંય ત્રણગણું બજેટ થઈ ગયું તોય તમે જેમ કહ્યું એમ અમે બધા રૂપિયા ભરી દીધા છે. પણ હવે અમારી પાસે એકપણ રૂપિયો એક્સ્ટ્રા નથી. એક પણ વધારાનો રૂપિયો અમે ભરી નહીં શકીએ.”
ને જુઓ ચમત્કાર! કલાક પછી જ ફોન આવ્યો કે, અંકલની બધી જ તપાસ થઈ ગઈ છે, હવે કંઈપણ વાંધો નથી. તમે આવો ને એમને લઈ જાઓ. એમ અઢારમે દિવસે એમનો ને અમારો છૂટકારો તો થયો પણ તોય હજુ અમે ‘કોરોના હતો કે નહીં’ના ઝૂલે ઝૂલીએ છીએ.

સરલા સુતરિયા - **99249 25022**

# લાચારી

## ડૉ. સેજલ દેસાઈ

કોરોનાનો કહેર જ્યારે સુરત શહેરમાં ખૂબ જ વ્યાપક હતો એ સમયની વાત છે.સ્મિમેર હોસ્પિટલમાં બધા જ વિભાગના ડોક્ટરોને પોત પોતાના વિભાગમાંથી અલગ કરીને કોવિડ વોર્ડમાં ડ્યુટી આપવામાં આવી હતી. હું પણ એ દરમિયાન કોવિડ વોર્ડમાં ડ્યુટી પર હતી..

આખો વોર્ડ દર્દીઓથી ઉભરાઇ રહ્યો હતો....આખા વોર્ડમાં ચોતરફ કણસતા, ખાંસી ખાતાં, ઑક્સિજન માસ્કના સહારે શ્વાસ લેતાં દર્દીઓ જોઈને હૃદય હચમચી જતું હતું. પીપીઈ કીટ પહેરીને રાઉન્ડ લેતાં ડૉક્ટર અને નર્સની હાલત પરસેવે રેબઝેબ થઈ જતી હતી.રાઉન્ડ દરમિયાન અમે બધા જ દર્દીને ચેક કરતા અને એમની સાથે થોડી વાતચીત કરતા.

એક દર્દી હતા ....લગભગ એંસી વર્ષના કાકા ગોપાળભાઈ (નામ બદલ્યું છે ), ઘણા દિવસોથી સારવાર લેતાં હતાં. તેઓ દાખલ થયા ત્યારે તેમને શ્વાસ લેવામાં ખૂબ જ તકલીફ પડતી હતી, ઑક્સિજનની જરુરીયાત પણ ઘણી વધારે હતી,પરંતુ હવે અઠવાડિયા પછી તો તેમની તબિયત ઘણી સુધારા પર હતી , હવે તેમને ઑક્સિજનની જરુરીયાત પણ ન હતી .બે ત્રણ દિવસથી અમે બધા જ ડૉક્ટરો તેમને કહેતા કે કાકા ,તમે હવે ઘરે જઈ શકો છો પરંતુ ,કોણ જાણે કેમ તેઓ ઘરે જવાની ધરાર ના જ પાડતા.બહુ વાર પુછ્યા પછી તેમણે અમને પોતાની મનોવ્યથા જણાવી... "ડૉક્ટર સાહેબ, તમે બધા મારું કેટલું ધ્યાન રાખો છો, મને પ્રેમથી બોલાવો છો, મને સારું જમવાનું આપો છો..... અને મારા ઘરે...મારા ઘરમાં તો બધા જાણે મારાથી દૂર ભાગે છે.કોરોના તો હમણાં આવ્યો પરંતુ મારા ઘરમાં મારી હાલત તો પહેલાથી જ આવી છે. મારા ઘરમાં એક ખૂણામાં મારે પડ્યા રહેવાનું, જમવાનું પણ માંગ્યા વગર ના મળે ! .....મને અહીં જ રહેવા દો, ડૉક્ટર સાહેબ ".. કાકા બે હાથ જોડીને આજીજી કરવા લાગ્યા...

ઘણીવાર એવી લાચાર સ્થિતિમાં આપણે મુકાતા હોઈએ છીએ ત્યારે એ સમય પસાર કરવો અસહ્ય હોય છે. ગોપાળભાઈએ કોરોના પર તો વિજય મેળવ્યો હતો પરંતુ તેઓ પોતાના સંતાનની સામે હારી ગયા હતા !

ડૉ. સેજલ દેસાઈ - સુરત

# મેરા ભારત મહાન

## શૈલેશભાઈ પંડ્યા

તાજેતરમાં જ ધો-૧૦ ની પરીક્ષા પુરી ઈ હતી અને ત્યાં જ આ લોકડાઉન આવ્યું. પેપરોનું મુંલ્્યાંકન કામ કઈ રીતે થશે એ વિચારોમાં મી. મહેતાની રાત દિવસની ઉંઘ હરામ થઈ ગઈ હતી. કારણ કે 28/ તારીખનો ઓર્ડર.. આ કોરોનાના કપરાકાળમાં જાવું કેમ અને જાય તોયે આટલાં બધા પરિક્ષકો એક સાથે... શું થશે... શું થશેની ગડભાંજ મનમાં ચાલતી રહી. બે વાર તો મધ્યસ્થ મૂલ્યાંકન પણ મુલતવી રખાયું.. પણ આખરે લોકડાઉન પછી બીજા લોકડાઉનમાં કામ ચાલું જ કરવું પડે એમ હોવાથી મને-કમને શિક્ષકો જોડાયા.. મહેતાસાહેબ પણ એમાંનાં એક. મુ. કેન્દ્ર પર બીજે દીવસે એક મેડીકલ ટીમ સુરક્ષાના ભાગરૂપે ચેકઅપ કરવા માટે આવે છે. યુવા વયના બે ડોક્ટર એક બહેન એક ભાઇ અને એક સહાયક સૌને વારાફરતી ટીમ વાઈઝ ચેક કરે છે. મહેતા સરનો વારો આવતા જ થોડા ભય સાથે અંદર પ્રવેશયા કોરોના અંગે સ્વભાવિક પુછપરછ કરી બહેનશ્રીએ એને ડોક્ટર પાસે, ત્યાં જ થોડે દુર બેઠેલા, જવા કહ્યું. સાહેબે પણ થોડા સામાન્ય પુછતાછ કરી પણ ખબર નહીં ડો.સાહેબ એની મુઝવણ ચહેરા પર વાંચી ગયા હોય એમ ખુબજ નમ્રતાથી કોરાના સિવાઈની પણ પુછપરછ કરી.

" સાહેબ, બીજી કોઈ તકલીફ ખરી કે?

મહેતા સાહબની મુંઝવણને ડો.ના સ્મિતથી જાણે કે બળ મળ્યું હોય એમ એનાથી હા પડાઇ ગઇ:

" કે સાહેબ .... લોકડાઉનને કારણે સતત - ઘરમાં જ બેસવાથી મને નીચેના ભાગમાં (બેઠકમા પાઈલ્સ) જેવો કઈક પ્રોબ્લેમ થયો હોય એવું લાગે છે. બેસી પણ શકાતું નથી અહીં દસ દિવસ પેપર કેમ જોવાશે. આજે બીજો દિવસ છે ને દુખાવો બહું છે. મારી વાત સાંભળી સાહેબે પ્રેમથી કહ્યું. સહેબ, અત્યારે તો આ મેડિકલ ચેકઅપ કરવાના ઘણા શિક્ષકો બાકી છે એટલે તમને વધારે સમય નથી આપી શકતો પણ મને તમારો મો. નંબર આપી ધ્યો. હું ફ્રિ થઈને વાત કરીશ. મહેતાસાહેબ નંબર આપ્યો ને પેપરનું કામ ચાલું કરી દીધું. દુખાવો એટલો પ્રબળ હતો કે એણે મન મનાવી લીધું કે આવતીકાલે તો ઇરવીન કે કોઈ પ્રાઇવેટ હોસ્પિટલમાંમાં દેખાડી મેડીકલ મુકવુ જ પડશે. પણ એના આશ્ચર્ય વચ્ચે સાંજે પાંચ વાગ્યે મોબાઇલમાં અજાણ્યા નંબર નો કોલ આવતા જ એણે રીસીવ કર્યો તો પેલા ડો.સાહેબ નો કોલ હતો. એને આશ્ચર્ય થયું હે ખરેખર ડો. યાદ રાખી કોલ કર્યો. બાકી તો માત્ર આશ્વાસન જ હોય. ફોનમાં જ કેટલાક પ્રશ્નો સમસ્યાને લગતા કરી, વોટ્સેપ થી દવા લખી આપી અને જરૂરી સૂચનાઓ પણ આપી. અને છેલ્લે કહ્યું સહેબ ચિંતા ન કરતા સારું થઈ જશે. આ શબ્દોને મહેતા સાહેબનાં દિલમાં ઉતરી ગયાં. એક અજાણ્યા ડો.એને કોલ કરીને દવા સુધ્ધાં લખી

આપે તે એના માટે આશ્ચર્યની સાથે સાથે આનંદની બાબત હતી. એનો દુખાવો 50 %, ગાયબ થઈ ગયો. એણે એમના કહ્યા પ્રમાણે દવા અને પરેજી ચાલુ કરી. અને  આશ્ચર્ય વચ્ચે બીજે દિવસે બપોરે બે વાગ્યે ફરી ડો.સાહેબનો કોલ આવ્યો.

કેમ છે સાહેબ ? રાહત છે કે ?

મહેતા સાહેબ વિચારતા હતા કે 700થી 1000 રૂ. ફી આપવા છતા કદી કોઈને ડો.નો કોલ ન આવે અને અહીં તો માત્ર સરકારી ઔપચારિકતા પુરી કરવાના હેતુથી જ મેડિકલ ચેક અપ હોય. પણ આ સાહેબે એનો આ ભ્રમ ભાંગી નાખ્યો. થોડી પુછપરછ કરી દુખવાની બે ગોળી લખી આપી અને ત્રીજે દિવસે પણ વોટ્સેપ માં મેસેજથી ખબરઅંતર પુછ્યાં અને કોલ પણ આવ્યો. ખરેખર આ કોરોના વૉરિયર્સ. એણે કોલમાં એનો આભાર માન્યો તો ડો.સાહેબે જવાબ આપ્યો. "સાહેબ, એમાં આભાર ન હોય  આતો અમારી ફરજ છે. આપની તકલીફમાં રાહત થાય એ મહત્વનું છે."

ખરેખર, હર્ષના આંસુ સાથે મહેતાસર મનોમન એ ડો.ના માતાપિતા અને એના શિક્ષકને વંદી રહ્યો કે જેમણે એને આવા સંસ્કારો આપી એક સાચા ડો. બનાવ્યા. આજે ખાતરી થઈ ગઈ કે મેરા ભારત મહાન કેમ ગણાય છે. કોરોના તો શું કોરોના નો બાપ પણ આ દેશને ન હરાવી શકે.. મહેતાસાહેબે ઈશ્વરને બે હાથ જોડી આંખો બંધ કરી દીધી.

શૈલેષ પંડ્યા નિશેષ - જામનગર - 9898016524

# સન્નાટો

## શાંતિ બામણીયા

ઘોડાસર એરિયામાં મારી સોસાયટીની બાજુમાં જ આવેલ વૈભવ પાર્ક સોસાયટીમાં બે કેસ મળ્યા. જેના કારણે આજુબાજુ રહેતા રહીશોમાં સન્નાટો ફેલાઈ ગયો.

પતિ-પત્નીએ પોતાનું ગુજરાન ચલાવવા માટે મકાનનો ઉપરનો માળ ભાડે આપ્યો હતો અને ઘરે રહીને ટિફિન બનાવી આપવાનું કામ પણ કરતા હતા.. જેના કારણે તેમને કોની જોડેથી કોરોના વાયરસનો ચેપ લાગ્યો તે ખ્યાલ જ ન આવ્યો.

પતિ-પત્ની બન્નેની ઉંમર 75 ક્રોસ કરી ગઈ હતી તેમના બાળકોમા બે છોકરીઓ હતી જેમના મેરેજ થઈ ગયા હતા જેઓ વર્ષે દા'ડે તેમની ખબર લેતી હતી..

રમણભાઈની તબિયત ખરાબ થતા તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા ત્યારે ખબર પડી કે તેઓ કોરોના પોઝિટિવ બન્યા છે પછી તપાસ કરાવતા તેમના પત્ની પણ પોઝિટિવ હતા.

પતિપત્નીનો રિપોર્ટ કોવીડ પોઝિટિવ આવતાં તેમના મકાનના ઉપરના માળે ભાડે રહેતા દંપતી ડરના કારણે ઘર છોડીને ભાગી ગયા. બાદમાં શોધખોળ કરતા ખબર મળી કે તેઓ તેમના વતન છુપાયા છે . પોલીસે તેમની ધરપકડ કરીને કોરનટાઈન કર્યા કે કપમાં તેવોનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. આ બાજુ તેમના સંબંધીઓ અને આખી સોસાયટીને કોરનટાઈન કરવામાં આવી.

તપાસમાં એક બીજું ઘર કોરોના વાયરસમાં સપડાયું હતું. દૂધવાળા, કરિયાણાવાળા બધાની તપાસ કરવામાં આવી જેમાં એક કરિયાણાવાળાને કોવીડ પોઝિટીવ હતો જેના કારણે બધાને કોરોનાવાયરસ ચેપ લાગ્યો હતો અને આ બધામાં કોઇ જ કોવિડ ના લક્ષણો દેખાતા ન હતા.

રમણભાઈ ડાયાબિટીસ અને બી.પી.ના પેશન્ટ હતા અને ઉંમર પણ વધારે હોવાથી તબિયત વધારે ખરાબ થવાથી તેઓનું ત્રીજા જ દિવસે ઓક્સિજન લેવલ ઘટી જતાં મૃત્યુ થયું.

જ્યારે રમાબેનને સારવારના અંતે પંદર દિવસે, નેગેટીવ રિપોર્ટ આવ્યા બાદ એક મહિનાની ટ્રીટમેન્ટ લેવી પડી.. જ્યાં સુધી એમની ટ્રીટમેન્ટ ચાલતી હતી ત્યાં સુધી તેમને કોઈ જ સમાચાર આપવામાં આવ્યા ન હતા કે તેમના પતિનું મોત થઈ ગયું છે. આજે તેઓ તેમના ઘરે પરત ફરી ચૂક્યા છે પણ તેમના પતિના મોતના આઘાતમાંથી બહાર આવી શક્યા નથી.

શાંતિ બામણીયા – અમદાવાદ – **9727295303**

# બે ભાઈઓ

## શાંતિ બામણીયા

અમારા ખાસ મીત્ર અને સંબંધી ગોધરા માં રહેતા બે ભાઈઓની વાત છે.
મોટાભાઈ નટવરસિંહ વ્યવસાયે શિક્ષક છે અને નાનાભાઈ અરવિંદસિંહ... જી. ઈ .બી માં કાર્યરત છે.
તેઓ જ્યાં કામ કરતા હતા તેમના સહકર્મચારીઓ કોવિડ વાયરસ ના ભોગ બન્યા... જેના કારણે તેમના સંપર્કમાં આવનાર દરેક જણને કોરનટાઈલ કરવામાં આવ્યા.. જેમાં શરૂઆતમાં અરવિંદભાઈ નો રિપોર્ટ નેગેટિવ આવ્યો હતો..

પણ અચાનક 15 દિવસ પછી તેમને તાવ આયો અને શ્વાસ લેવામાં તકલીફ થવા લાગી જેના કારણે તેઓએ તેમના મોટા ભાઈ ને કોલ કર્યો...કે મારી તબિયત ખરાબ થઈ રહી છે મને હોસ્પિટલમાં દાખલ કરો.. તેથી તેમના ભાઈ નટવરસિંહે તેમને ગોધરાની સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યા તબિયત થોડી વધારે ખરાબ હોવાથી શ્વાસ લેવામાં તકલીફ પડતા આઈ.સી.યુમાં એડમિટ કરવા પડ્યા.. જેવો હાલમાં સ્વસ્થ થઈ ગયા છે પણ હજી એક મહિનો એડમિટ રહેવું પડશે.

અરવિંદભાઈના સંપર્કમાં છે પણ આવ્યા હતા બધાને કોરોનટાઈલ કરવામાં આવ્યા.. ચેકઅપ કરવામાં આવ્યું...શરૂઆતમાં તો કોઈનો પણ રિપોર્ટ પોઝિટિવ આવ્યો નહોતો પણ તેમના ભાઈ નટવર સિંહ ને અઠવાડિયા પછી કોવીડ પોઝિટિવ હોવાના લક્ષણો દેખાયા.. તેમને ન્યુમોનિયાની અસર હતી બાદમાં ફેફસામાં ઇન્ફેક્શન થઈ ગયું હતું...જેના કારણે તેમની તબિયત ખૂબ જ સિરિયસ થઈ ગઈ.

ગોધરાની હોસ્પિટલમાં સગવડ ન હોવાથી બરોડાની કોવીડ હોસ્પિટલ સંગમમાં તાત્કાલિક દાખલ કરવા પડ્યા છે.
બન્ને ભાઈઓ હાલમાં કોવીડ ના કારણે સારવાર લઇ રહ્યા છે.
ડોક્ટરોનું કહેવું છે કે તેમની તબિયત સુધારા પર જઈ રહી છે.
હાલમાં હું આ સત્યઘટના લખી રહી છું જ્યારે તેવો હોસ્પિટલમાં દાખલ છે.. તેઓ જલ્દી સ્વસ્થ થઇ જાય તેવી પ્રભુને પ્રાર્થના.

શાંતિ બામણીયા – અમદાવાદ – **9727295303**

# ઓનલાઈન બિઝનેસ

## શરદ કે ત્રિવેદી

સંકેતને ફેસબુક પર એક ફ્રેન્ડ રીકવેસ્ટ આવી. રેવા રમાકાંત નામની કોઈ સુંદર છોકરીની હતી.સંકેતને પરિચિત ન લાગી.એણે એની પ્રોફાઈલ ચેક કરી તો એ રાજ્ય બહારના મોટા શહેરમાં રહેતી ગૃહિણી હતી.સંકતે એની ફ્રેન્ડ રીકવેસ્ટ સ્વિકારી.થોડી જ વારમાં મેસેન્જરમાં મેસેજ આવ્યો. **Hi**. સંકેતે પણ સૌજન્ય ખાતર **hi** માં જવાબ આપ્યો.

રેવા રમાકાંતે હિન્દીમાં લખ્યું **'सर,आप गुजरात से है तो आपसे मुजे थोडा काम था आप का मोबाईल नंबर देंगे'**

સંકેતે પણ મોબાઈલ નંબર આપ્યો. એણે પણ તરત જ વૉટસઍપ પર **hi** લખી મોકલ્યું.

સંકેતનો પ્રત્યુતર પણ **hi.** એણે તરત જ સંકેતને પૂછ્યું, **'do u sex with me?'**

હવે ડઘાવવાનો વારો સંકેતનો હતો. સંકેતે કહ્યું **'NO'**.

પછી ઊમેર્યું, **आप क्युं ऐसी बात कर रही हो,मैंने आपको ईसलिए नंबर नही दीया की आप इतनी घटिया बात करे,आप दुसरी बार ऐसी बात न करे नही तो मुजे कम्पलेईन करनी पडेगी'**
રેવા રમાકાંતે કહ્યું**'नही सर,मेरी रोज रीटी पर लात नही मारना,ऐसे मैं ईक अच्छी पढी लीखी लडकी हुं,पर कोरोना की वजह से मेरे पति और ससुरजीका देहांत हो गया।घर की जिम्मेवारी मुज पर आ गई।कोरोना की वजह से काम ढुंढने नीकली पर कोई खास हुन्नर न होने की वजह से और कोरोना की वजह से काम धंधा नही ढूंढ पाई।फिर सर मैंने कमाईका यह तरीका ढूंढ निकाला।सोशयल मिडीयाका उपयोग करके मैं पुरुषोको आकर्षित करती हुं।बाद में उनको विडीयो कोल करके मेरा बदन दिखाती हुं।उनके साथ गंदी चेट भी करती हुं और उनके पास से 500-1000रुपये मिल जाते है।ईस तरह से दिन में 2-3लोगो से बात होती है। ऊनके साथ फिजीकली सेकस संबध नही किन्तु ओनलाईन सेकस से पैसे कमा लेती हुं।सर दुसरा कोई चारा नही था ईसलिए मैंने ये काम चूना।इससे कोई तकलिफ नही होती पैसे भी मिल जाते है।आप को पसंद नही तो कोई बात नही मुजे आप ब्लोक कर दीजिए।**

કોરોના કાળમાં કોરોનાના કારણે  પોતાના પતિ અને સસરાને ગુમાવ્યા પછી સાસુ,એક  મંદબુદ્ધિની નણંદ અને નાના બે બાળકોના ભરણપોષણ માટે  રેવા રમાકાંતે શરુ કરેલ ઑનલાઈન બિઝનેસે સંકેતને વિચારતો કરી મૂક્યો.

સંકેતની વાત પુરી થઈ. વૉટ્સએપના પ્રોફાઈલ પીકચરમાં દેખાતો રેવા રમાકાંતનો સુંદર ચહેરો અદ્દશ્ય થયો, રેવા રમાકાંતે સંકેતને બ્લોક કર્યો.
(કોરોના કાળ દરમિયાન એક મિત્ર સાથે બનેલી સત્ય ધટના,પાત્રના નામ બદલ્યા છે.)

શરદ કે. ત્રિવેદી – પાલનપુર - **75729 21900**

# સેવાયજ્ઞ

## શિલ્પા શેઠ "શિલ્પ"

કોરોના કાળ દરમ્યાન, લોકડાઉનમાં સરકાર વિવિધ રીતે લોકોને મદદરૂપ થઈ રહી હતી ત્યારે જનમાનસમાં પણ કેટલાય એવા વિરલા અને પરોપકારી જીવો સમાજને ઉપયોગી થવા થનગની ઉઠ્યા. પણ એમને કઈ રીતે ઉપયોગમાં આવવું એ સમજ નોહતી પડતી. સુકેતુ પણ એમાંનો જ એક હતો જે કંઈક કરી છૂટવાની ભાવના ધરાવતો હતો. એણે પોતાનો વિચાર પોતાનાં વિશાળ મિત્રવૃંદ સમક્ષ દર્શાવ્યો. એમાંથી થોડા મિત્રો એની સાથે જોડાયા. હવે નક્કી કરવાનું હતું, શું કરવું? કોની માટે કરવું? અને કેવી રીતે કરવું?

આ પરિસ્થિતિની કોના પર વધારે અસર થાય એ શોધતાં રોજી કમાતાં એટલે કે રોજની આવક પર જીવન નિર્વાહ કરનાર કામદારો-મજૂરો પર સુકેતુનું લક્ષ્ય ઠર્યું. સુકેતુએ લેપટોપ પર ડેટા તપસ્યા અને પોતાનાં આસપાસના પરામાં જેટલાં પણ આવા લોકો શોધી શકાય એ શોધ્યા જે આશરે એક હજારની સંખ્યામાં હતાં. હવે? હવે આ લોકોને તૈયાર જમવાનું પોંહચાડવાનું વિચારેલું તો એ માટે અનાજ અને શાકભાજી ખરીદવી પડે, પછી બનવવાવાળી વ્યક્તિઓ અને પોંહચાડવા માટે સાધન તેમજ જવાદારી લેનાર પણ શોધવો પડે.

કેટલાક મિત્રો જે સેવા કાર્યમાં શારીરિક રીતે ન જોડાયા એમણે આર્થિક મદદ કરવાની તેમજ તેમાં ઉમેરો કરવાં બીજા મિત્રોને શોધીને આ શુભ કાર્યમાં જોડવાની ખાત્રી આપી. જેઓએ શ્રમ દાન સ્વીકાર્યું હતું તેઓએ એવા લોકોને શોધ્યાં  જેમનું અનાજ તેમજ શકભાજીનું હોલસેલ વેપારનું કામકાજ હતું તેમજ તેઓ દાન માટે ઉત્સાહી હતાં. તેમણે એમની મુલાકાત લીધી અને તેઓ પણ આ સદ્કાર્યમાં જોડાયા. હવે રાંધવા માટે થોડા રસોઈ બનાવનાર મહારાજોના સંપર્ક કરવામાં આવ્યા જેમણે 30% વેતન પર કામ કરવાની તૈયારી બતાવી. ઘરમાં કામ કરવા આવતી બહેનો જે લોકડાઉનમાં ઘરમાં જ હતી એમને પૂછતાં તેઓએ રસોઈ બનાવવામાં સહાયતાં કરવા માટે તત્પરતા બતાવી. આમ બીજાની મદદ કરવામાં, બધાની તેમજ તેમનાં ઘરવાળાઓની ભોજનની વ્યવસ્થાનો પણ ઉકેલ આવ્યો. અનાજ-શાકભાજી રાખવાં તેમજ આટલા બધા જણની રસોઈ કરવા મોટી જગ્યાની જરૂર હતી અને તે માટે એક ખૂબ મોટા ઉધોગપતિએ પોતાનું ગોડાઉન  વાપરવા માટે આપી પુણ્યનું કામ કર્યું. ખાવાનું ભરવા માટે પ્લાસ્ટિકનાં નાના નાના ડબ્બા બનાવનાર વેપારી ભાઈએ સહાયતા કરી જે એક મિત્રનાં સગામાં થતાં હતાં. બાળકોને શાળામાં મુકવા લેવા જતી વેનનાં માલિકને તે મહિનાની વેનની

ફી આપતી વખતે, સુકેતુએ તેમને પોતાની યોજના જણાવતાં કોઈ વાહન મળે તો એની તપાસ માટે કહ્યું. વેનનો માલિક જ એનો ચાલક હતો એણે આ વાત સાંભળી વિનામૂલ્યે જમવાનું પહોંચાડવાની જવાબદારી પોતાને શિરે લઈ મહત્વનો ફાળો ભજવ્યો.

હવે ગોડાઉનમાં વેપારીઓ પાસેથી મંગાવીને સામાન ભરવામાં આવ્યો. ખાવાનું બનાવનાર મહારાજો અને તેની સહાયતામાં ૫૦ જેટલી બહેનોએ સવારમાં ૪ વાગે આવી, શાક સુધારવાથી માંડી રોટલી બનાવવામાં મદદ કરી ૭ વાગ્યામાં ભોજન પ્લાસ્ટિકનાં ડબ્બામાં ભરીને તૈયાર રાખવાં લાગ્યાં. જે આર્થિક મદદ મળી હતી તે રસોઈયા-મહારાજોને વેતન આપવામાં વપરાતું તેમજ કોઈ અત્યંત જરૂરી ખર્ચને પોંહચી વળવા વપરાતું. વેનવાળા ભાઈ સવારમાં ૭-૭:30 માં આવી જતાં. એક બે ભાઈઓ જમવાનું પોંહચાડવા તેમની સાથે જ જતાં. અલગ અલગ વિસ્તારમાં જમવાનું આપીને આવતાં ઓછામાં ઓછા બે-ત્રણ કલાક તો લાગતા.

આમ એક આખું માળખું ગોઠવાઈ ગયું. મદદ કરનાર, લેનાર, દાન દેનાર - યોગ્ય રીતે વાપરનાર અને જરૂરત વાળા સુધી પહોંચતું કરનારની આખી ટીમ ગોઠવાઈ ગઈ.

ખૂબ વ્યવસ્થિત રીતે આખી યોજનાને સુકેતુના સખત પ્રયત્નથી તથા તમામ સાથીઓની હૃદયપૂર્વકની સહાયથી અમલમાં મુકવામાં આવી. લગભગ બે મહિનાથી વધારે આ મહાયજ્ઞ ચાલ્યો અને જેમ લોકો જાણતા થયાં એમ તેમાં જોડાતા પણ ગયાં અને વધું લોકો સુધી આ માનવતાની જ્યોતિ પ્રકાશિત થઈ. અસ્તુ.
(સત્યઘટના. પાત્રનાં નામ બદલ્યા છે.)

શિલ્પા શેઠ "શિલ્પ" – મુંબઈ - **9821894654**

# કોરોનાનો કહેર

## શીતલ ગઢવી

"તમે પાંચ દિવસ હૉમ આઇસોલેટ થઈ જાવ."
ડૉક્ટરની સુચનાને મેં અવગણી. કારણકે રક્ષાબંધન આવી રહી હતી. લોકડાઉનના લીધે ધંધાને ખાસુ નુકશાન વેઠવું પડ્યું હતું. અને ફરી દુકાન બંધ રાખવી પોસાય એમ નહોતું.

"દુકાનમાં પણ આઇસોલેટ થવાય."
એક મિત્રએ સલાહ આપી. મને ખબર હતી કે એ શક્ય નથી. હું એનો વાંક નહિ કાઢું. જ્યાં મારેજ દુકાન નહોતી છોડવી. રક્ષાબંધન ખૂબ સારી રહી. એ પછી મારી તબિયત લથડવા લાગી.

"હું દુકાન નથી આવતી. તમે એકલા જાવ."

"અરે ઘરે કરતા તારો સમય દુકાનમાં જલ્દી પસાર થશે. ચલ ત્યાં આરામ કર જે. એમ પણ હવે ઘરાકી ઓછી છે." મારાં પતિએ મને દુકાને આવવા મનાવી લીધી.

"સારું ચલો."
શરીરની મનાઈ હોવા છતાં હું દુકાને ગઈ. મને કશું ગમતું નહોતું. જ્યારે ને ત્યારે પડતાં મુકવાનું મન થતું. તાવ ચડવાની શરૂઆત થઈ ગઈ હતી. હું ફરી ડૉકટરને બતાવવા ગઈ.

"સીટી સ્કેન કરાવી લો." અને રિપોર્ટ પોઝિટિવ આવ્યો. હું હોમ ક્વોરોન્ટાઇન થઈ. મારાં પતિ અને દીકરી ભગવાનની કૃપાથી નેગેટીવ આવ્યા. બે દિવસ ઘરે સારું રહ્યું. અને એક રાત્રે તબિયત બગડી. શ્વાસ લેવામાં તકલીફ અને ઝાડા ઉલટી ચાલુ થયા. અને મને હોસ્પિટલમાં ખસેડવામાં આવી.

"તમે જરાય ચિંતા ન કરો. અમે અહીં છીએ. જલ્દી સારાં થઈ જશો." ઉપરથી નીચે સંપૂર્ણ રીતે વાદળી કલરના કપડામાં ઢંકાયેલા અને મોં ઉપર ડબલ માસ્ક સાથે હાથમાં ડબલ ગ્લોવ્ઝ પહેરેલા ઉંમરમાં મારાં કરતાં ઘણાં નાના છોકરાં અને છોકરીઓ વારાફરથી મારાં રૂમમાં આવીને મને સાંત્વના આપી ગયા.

"કંઈપણ કામ પડે આ સ્વીચ દબાવ જો. અમે હાજર થઈ જઈશું."

થોડીવારમાં જ મારાં ડૉકટરે આવી મારી એ સમયની પરિસ્થિતિ જોઈને નર્સને દવાઓ અને ઇન્જેક્શનો સૂચવ્યા. એ મુજબ ચાલુ થઈ કોરોનાથી જીતવાની મારી શરૂઆત. શરીરમાં ઓક્સિજનની ઉણપને કારણે હું બહુ બોલી શકતી નહોતી. ઓક્સિજનની નળી લગાવી હતી. ઘરના લોકો મને વિડિયો કૉલમાં જોવા ઇચ્છતા. પણ હું ટાળતી. બે રાત તબિયત ખરાબ રહી. ઘરે બિલકુલ વાત ન થઈ. સૌએ મારાં માટે પ્રાર્થના ચાલુ કરી. અને બીજી તરફ દવાઓએ પણ પોતાની ધારી અસર કરી. હું તો રિકવર થવા લાગી. પણ મારાં પતિને તાવ ચડયો. જેની જાણ મને કરવામાં ન આવી. એમનો કોવિડ રિપોર્ટ નેગેટીવ હતો. આવા સમયે મારી દીકરી સતત પપ્પા સાથે હતી અને મારાં હોસ્પિટલમાં બિલ ભરવા પણ આવતી. એની સાથે મારાં ભાઈએ પણ સારો સાથ આપ્યો. બાકી સમાજે અમારા ઘરને પોતાનાથી દૂર કરી દીધું હતું.

"મને કાલે રજા આપશે. હું ઘરે આવવા તૈયાર છું." હું ખુશ થઈને બોલી. પૂરાં આઠ દિવસ એક રૂમમાં એકલા રહી. એ વિચાર મને જ્યારે ઘરે જવાનું કહેવામાં આવ્યું ત્યારે સમજાયું. ઘરે આવ્યા પછી મેં મારાં પતિને જોયા. પુષ્કળ નબળાઈ અને ઢીલા પડી ગયા હતા.

"તું નહોતી ને એટલે.. હવે હું ફિટ થઈ જઈશ."

ખરેખર આ કોરોનાએ સંબંધોની વ્યાખ્યા બદલી નાંખી છે.

શીતલ ગઢવી

# મા ની સંવેદના

## સ્મિતા શાહ

રમીલાબેન વ્યાકુળ થઈ ગયા હતા. એક તો મે મહિનાની કાળઝાળ ગરમી અને એમાં વળી કોરોનાનો કેર. છેવટે એમને જેનો ડર હતો એ જ થયું હતું. એમની નાની દીકરી રીમા ગર્ભવતી હતી. એને છેલ્લા દિવસ જતા હતા. વાતાવરણમાં ગભરાટ તો હતો જ. જાત જાતની વાતો સંભળાતી. કોઈના ઘરમાં માણસો તો હતા જ નહિ જે ચોવિસ કલાકના હોય એ પણ પોતાને ઘેર જતા રહ્યાં હતા. શું કરવું અને શું ના કરવું એની અવઢવમાં પોતેજ કોરોનામાં સપડાઈ ગયા હતા. અધુરામાં પુરુ એમને અને રમેશભાઈ બંને જણને કોરોના પોઝિટીવ આવ્યો હતો. રીમાને ફરજિયાતપણે સુકેતુ સાથે એના સાસરે મોકલી દેવી પડી હતી. આમતો સાતમો મહિનો બેઠો ત્યારથી જ પોતાના ઘેર લઈ આવ્યા હતા. કોઈને પણ ઘરમાં પ્રવેશ આપતા નહિ. બધું કામ જાતે કરતા.

રમીલાબેનને સંતાનમાં બે દીકરીઓ હતી. મોટી સીમા અને નાની રીમા. બંને દીકરીઓ સારા ઘેર પરણાવી દીધી હતી. રમેશભાઈ બેંકમાં નોકરી કરતા હતા અત્યારે રીટાયર્ડ હતા. સીમાને દીકરો હતો. સીમા સાથે રોજ ફોન પર વાત થતી. સીમાને મમ્મી અને રીમા પાસે આવવાનું ખૂબ મન થતું. નાનકડો રોહન પણ નાની અને માસીને મળવાની જીદ કરતો. પણ રમીલાબેન ના જ પાડે. રીમાનો વિચાર પહેલા કરો એવું જ કહે. એમના મન પર એ જ ભાર રહેતો કે રીમાની સુવાવડ સારી રીતે પતી જાય. પણ બીજા અનલોકના તબક્કામાં રોહને જીદ કરી અને ત્રણેય જણ ઊભા ઊભા મળવા આવ્યા હતા. ત્રણે ય જણ માસ્ક પહેરીને આવ્યા હતા. રોહનને તો રીમાની નજીક પણ જવા દીધો નહોતો. પણ સીમાના પતિ સુનિલને બીજા જ દિવસે તાવ આવ્યો અને કોરોનાનો ટેસ્ટ કરાવ્યો તો પોઝિટિવ આવ્યો. ફફડાટ વ્યાપી ગયો. હવે એ છેલ્લા થોડા દિવસોમાં જેને મળ્યો હોય એ બધાના ટેસ્ટ કરવા પડે. સીમા અને એના દીકરાનો ટેસ્ટ નેગેટિવ આવ્યો પણ રમીલાબેન અને રમેશભાઈના ટેસ્ટ પોઝિટીવ આવ્યા એટલે એ બે જણને ફરજિયાત ક્વોરેન્ટાઈન થઈ જવું પડ્યું. રીમાનો નેગેટિવ હતો એટલે સુકેતુ એમના ઘેર લઈ ગયો. બીજે દિવસે પતિ- પત્ની ડોક્ટરને મળવા ગયા. ડોક્ટરે રીમાને તપાસીને સીઝેરિયન કરવાની સલાહ આપી. આમ પણ સમય થઈ ગયો હતો અને સંજોગો જોતા એ જ શ્રેષ્ઠ વિકલ્પ હતો. સીઝેરિયન કરવામાં આવ્યું. કોમળ ફૂલની કળી જેવી નાજુક બાળકીએ આ કોરોનાગ્રસ્ત વિશ્વમાં પ્રવેશ કર્યો. પછી કરૂણતા તો એ થઈ કે નિયમ પ્રમાણે કોરોના ટેસ્ટ થયો. એમાં રીમા પોઝિટીવ આવી અને બેબી નેગેટિવ આવી. હવે નવજાત શીશુને તો એકદમ સેફ જગ્યાએ રાખવું પડે. આ તો મહા સમસ્યા ઊભી થઈ. ના નાની પાસે મૂકાય કે ના માસી પાસે વળી દાદી પાસે

પણ નહિ કારણ કે રીમા છેલ્લા બે દિવસથી ત્યાં હતી. કોરોનાવાળા બધા પાછા સાથે તો ના રહી શકે જુદા જુદા જ રહેવું પડે. પણ કહ્યું છે ને કે દસેય દિશાઓ બંધ થઈ જાય એટલે અગિયારમી દિશા ખુલી જતી હોય છે. નણંદનું ઘર સેફ હતું. એને પણ છ મહિનાનું બાળક હતુ. નવજાત બાળકીને એની ફીયા લઈ ગઈ. એ કેટલું પહોંચી વળશે, મા બાળક વગર કેવી ઝૂરશે એની તો કલ્પના જ કરવી રહી. આ સમય ક્યારે પતશે? એક દિવસ એટલે જાણે એક યુગ! આવી કેટલીય સંવેદનાઓ કાનમાં પડઘાય છે. સમય ક્યારે પતશે? કઈ ગતિએ?

(સત્ય કથા)

**સ્મિતા શાહ – અમદાવાદ - 9898380053**

# અસાધારણ વો શિક્ષક હોતા હૈ!
## શ્રીનિવાસ મીટકુલ

લોકડાઉનમાં ને તે પછી પણ દરરોજ પાંચ મિત્રોને ખબર અંતર પૂછવા કૉલ કરવાનું શરૂ કર્યું. એવામાં મારા બાળપણના મિત્ર મુકેશભાઈ કે જેવો એક પ્રાઇવેટ શાળામાં શિક્ષક છે તેમને કૉલ કર્યો. તેમની સાથે વાત કરવાથી મારી આંખો ભરી આવી. તેઓ એમ.એ. , બી.એડ.ના શિક્ષક હોવા છતાં આજે કાપડ માર્કેટમાં લેબરિંગનું કામ કરી રહયા છે.મેં તેમને પ્રશ્ન કર્યો , " કેમ છો! ભાઈ! મજામાં છો ને?" ત્યારે તેમનો જવાબ હતો,"ના,મજામાં નથી." પછી મેં એમને પૂછ્યું,"મજામાં કેમ નથી ? "તો તેમનો જવાબ હ્રદયને હચમચાવી નાખે તેવો હતો.

તેમણે કહ્યું , "ઘરમાં છ સભ્યો છે , ભાડેથી રહીએ છીએ ,પપ્પા ડાયાબિટીસના પેશેન્ટ છે...ઘર ચલાવવા મહિને ઓછામાં ઓછા **20** હજાર રકમ જોઈએ જ. છેલ્લા ચાર મહિનાથી પગાર મળતો નથી. મને ભણાવવા સિવાય બીજું કામ આવડતું નથી. હાલમાં ટ્યુશન પણ કરાય નહીં.બોલો તો શું કરું? છેલ્લા ચાર મહિનાથી 'ભરારી ફાઉન્ડેશન' નામની સંસ્થા અમને રાશન આપતી હતી.હવે અનલોક શરૂ થયું તો તે પણ મળવાનું બંદ થયું. છેલ્લે ઘરની પરિસ્થિતિ વિકટ થતી ગઈ એટલે માર્કેટમાં આત્મસન્માન સાથે કામ કરું છું."

થોડાક દિવસો પહેલા જ મારા ઘરમાં મુકેશના ઘરની પરિસ્થિતિ વિશે ચર્ચા કરી. તો દરેકે પોતપોતાના સેવિંગમાંથી થોડી રકમ આપી. જે મુકેશના પપ્પાની દવા તેમજ બે માસના રાશન માટે પૂરતું હતું.મને નવાઈ લાગે છે કે મુકેશને આજેય શિક્ષક હોવાનો ગર્વ છે.તેને પ્રાઇવેટ શાળા કે વ્યવસ્થા પ્રત્યે કોઈ ફરિયાદ નથી.

મિત્રો , હું પણ એક શિક્ષક જ છું. પણ જ્યારે સમાજના શિક્ષક અને તેના પરિવાર સાથે આવું થતું હોય ત્યારે દેશના ભવિષ્યનું શું થશે!તેનો સતત વિચાર આવ્યા કરે છે. ચાણક્ય એ કીધું હતું, "શિક્ષક કભી સાધારણ નહીં હોતા , પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં પલતે હૈ " કદાચ એટલે જ કહ્યું હશે!

મુકેશ જેવા બીજા લાખો શિક્ષક મિત્રો હશે જ. તે બધા મિત્રો શું કરતા હશે! કોઈએ વિચાર્યું ? આર્થિક ભીંસમાં શિક્ષક અને સંચાલકોના આત્મહત્યા માટે કોણ જવાબદાર છે ?

(સત્ય કથા - મુખ્ય પાત્રનું નામ બદલ્યું છે)

શ્રીનિવાસ મીટકુલ - ગોડાદરા, સુરત - **9724304725**

# કોરોનાકાળના મારા અનુભવો

## સોલી ફિટર

પ્રથમ માર્ચની બપોરે શોપીઝન એપ પર મેગા નવલકથા સ્પર્ધાની જાહેરાત થઈ અને દસ માર્ચથી એની શરૂઆત પણ થઈ ગઈ. સ્પર્ધાનો સમયગાળો ત્રણ મહિનાનો હતો, પરંતુ ત્રેવીસમી માર્ચ સુધીના મારા દિવસ રાત એ રીતે વીતતા ગયા કે મને એવી પ્રતીતિ થતી ગઈ કે હું ક્યારેય નવલકથા લખી જ નહીં શકીશ! ત્રેવીસમી તારીખે લૉકડાઉનની જાહેરાત થઈ, એ સાથે એ નિરાશા આશામાં પરિવર્તન પામી! છતા થોડા દિવસોમાં મને મારી કમજોરી ધ્યાને ચડી કે હું એક-દોઢ કલાકથી વધુ લખી શકતો નથી.

મારી દિકરીએ આ બાબતે મને ખૂબ પીઠબળ પૂરું પાડ્યું અને લખવા મને ઉત્સાહિત કરતી રહી. લખતા થાક લાગે તો અમે લૂડો, ચેસ અથવા કેરમની સહાય લેતા અને ક્યારેક હું રસોઈમાં પણ હાથ સાફ કરી નાંખતો! પંદર-સત્તર વર્ષ પૂર્વે બંને બહેનો પરણી અને અમો બંને ભાઈઓ કુંવારા હતા ત્યારે હું રસોડામાં મમ્મીને મદદ કરતો, પરંતુ અમારી પત્નીઓએ પછી એ કાર્ય કરવાની તક નહોતી આપી, એ લૉકડાઉનને લીધે મળી. મારા હાથની વાનગીઓ એમ તો બધાને જ ગમી, પરંતુ મારા મમ્મી અને દિકરીને સૌથી વધુ ગમી. એ બંને વારંવાર મારા વખાણ કરી મારી પત્નીને ચીડવતા રહેતા. આમ જ નોંકઝોંકમાં દિવસો વીતતા ગયા અને લૉકડાઉનનો સમયગાળો વધતો ગયો. અમે કેટલાક મિત્રોએ મળી કાયદાનું પાલન કરવા સાથે ગરીબોની વ્યથાનો વિચાર કર્યો અને કુદરતે સખીઓની વણઝાર લગાવી દીધી. અમે અમારા વિસ્તારના એક-એક ગરીબને ચાલીસ દિવસ ચાલી શકે એટલું અનાજ એ સમયે અને બીજી વાર પણ વહેંચ્યું.

એમ તો મારા પાંચ વ્યવસાય છે, પરંતુ સૌથી પ્રિય અને જૂનો વ્યવસાય, જે મારું હુન્નર છે. હું ઇલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર છું, એ કારણે એક ડોક્ટરની જેમ મેં પણ કોરોનાકાળમાં આકસ્મિક સેવાઓ આપી છે. એ સમયે દિલ્હીમાં હઝરત નિઝામુદ્દીન મરકઝની અંદરથી દેશી-વિદેશી તબ્લીગીઓ ફંસાયેલા હોવાના સમાચાર મળ્યા. કોરોનાની મંદીમાં મરણાસન્ન અવસ્થામાં પહોંચી ગયેલું આપણા દેશનું મિડીયા આ બાતમી મળતા સફાળું જાગી ઉઠ્યું. કોરોનાનાં ફેલાવા પાછળ અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સહિત હજારો ધનવાન વિદેશીઓને ભૂલાવી મિડીયાએ માંડ પૈસા ભેગા કરી ઈસ્લામને શીખવા માટે નીકળેલ ગરીબ તબ્લીગીઓને સાણસામાં લઈ કોરોના જેહાદને આખા દેશમાં ચગાવી ધર્મવાદનું ઝેર ફેલાવ્યું. સ્વાભાવિક રીતે આ બધી ગતિવિધિઓથી મારું મગજ ખૂબ જ ખિન્ન હતું,

કારણ કે હું તબ્લીગી વિચારધારા ધરાવું છું અને મારી દરેક ખૂબીઓ એને જ કારણે છે. ત્યાં સુધી કે હું જમવાનું બનાવતા પણ એને લીધે જ શીખ્યો છું.

એક રાત્રે અગિયાર વાગ્યે મારા એક લંગોટિયા મિત્રનો ફોન આવ્યો, એના ઘરે પાવર વોલ્ટેજની સમસ્યા હતી. એ મિત્ર સત્તાધારી પક્ષના એક કોર્પોરેટરની ખૂબ જ નજીકના સંબંધમાં છે અને અવારનવાર એને જાહેરમાં પીઠબળ પણ પૂરું પાડે છે. દિલ્હીની ઘટનાને કારણે મારો ગુસ્સો ચરમસીમા પર હતો, પરંતુ હું ન જાઉં તો મારું કર્તવ્ય લાજે અને મારો અંતરાત્મા મને ધિક્કારે.

અંધારાને કારણે એ ટોર્ચથી મીટરપેટીમાં અજવાળું પાથરી રહ્યો હતો. વોલ્ટેજ મીટર વાયરમાં લગાવી હું એની તરફ જોઈ બોલ્યો, “મારાથી દૂર રહેજે, હું પણ તબ્લીગી છું, તને કોરોના લાગી જશે તો મારું નામ બદનામ થઈ જશે!”

સાલાએ મને પીઠમાં જોરથી એક મુક્કો માર્યો, “એ ડોબા, આપણા બંને વચ્ચે આવું કંઈ આજ સુધી થયું છે? તું મારો ભાઈ છે, ડોબા!”

સાચું કહું? મને એનું વાક્ય અને મુક્કો બંને ખૂબ જ ગમ્યા, જોરથી વાગ્યો હોવા છતાય! મારી ખિન્નતા ક્યાંય ઉડી ગઈ, એક શાંતિ હૃદયમાં વ્યાપી ગઈ. એના ઘરની વીજળી શરૂ થઈ, એ સાથે મારા દિલમાં પણ અજવાળું પથરાઈ ગયું, ‘મિડીયા અને ધર્માંધ લોકો ગમે તેટલું ઝેર ફેલાવે, આ દેશના ભાઈ-ભાઈ ક્યારેય અલગ નહીં પડી શકે!’

સોલી ફિટર – સુરત – ૯૯૦૯૬ ૫૨૪૭૭

# મદદ
## સુનિલ ર. ગામીત

મોબાઈલની સ્ક્રીન પર અજાણ્યો નંબર જોઈ વિજયે તરત કૉલ રિસીવ કર્યો.

'અજય બોલું છું.'

અરે ! તું કયાં છે ? ઘણા વર્ષે ફોન કર્યો ને !

૨ વર્ષથી માઉન્ટ આબુમાં છું.

મારો નવો નંબર કયાંથી મળ્યો ?

ફેસબૂક પરથી મળ્યો. તારી ભાભીના સીમંત માટે મારે ગામ આવવું છે અને લોકડાઉનમાં તું કંઈ કરી શકે તો કર.

અજય જોડે અર્ધો કલાક વાતચીત કર્યા પછી વિજયે એના વિસ્તારના ભાજપના કાર્યકરને અજય વિશે વાત કરી તો એણે વિજયને ગાંધીનગર અને અંબાજીના કાર્યકરોના નંબર આપ્યા. એ બધાએ ગુજરાતમાં દરેક પ્રકારની મદદની ખાત્રી વિજયને આપી. પણ અજયને આબુથી ગુજરાતમાં લાવવો કેવી રીતે? પછી વિજયે ૩/૪ પોલીસ મિત્રોને ફોન કરીને મારવાડી દુકાનદારોનો સંપર્ક કર્યો. પણ પરિણામ શૂન્ય આવ્યું.

વિજયનો આખો દિવસ ફોન કરવામાં જ પસાર થયો હતો. વિજય રાત્રે ફેસબૂક ખોલીને બેઠો હતો ત્યારે એણે ભરૂચના મિત્ર સંજયની એક પોસ્ટ જોઈ અને તરત જ સંજયને ફોન કર્યો. કેમકે સંજયની ટ્રાવેલ્સ આબુ સુધી જાય છે.

સંજયે અંબાજીમાં રહેતા એના કઝીન મહેશનો નંબર વિજયને આપ્યો. વિજય પાસેથી વાત જાણીને મહેશે એના મિત્ર રૂપેશને વાત કરી. મહેશ અને રૂપેશ એ બંનેની ટ્રાવેલ્સ રાજસ્થાનના શહેરો સુધી જાય છે.

રૂપેશે વિજય પાસેથી અજયનો નંબર લીધો અને અજયને પાસ માટે ઑનલાઇન અરજી કરવાનું કહ્યું. અજયની અરજી રૂપેશે પોતાના સંપર્કો દ્વારા મંજુર કરાવી. આ બધું કરતાં દશ દિવસ થયાં. એ દરમ્યાન વિજય સતત બધાંના સંપર્કમાં હતો.

આખરે ૦૫/૦૫/૨૦૨૦ની રાત્રે રૂપેશે નક્કી કરી આપેલી ગાડીમાં અજય તેની પત્ની સાથે આબુથી નીકળ્યો અને વહેલી સવારે તેઓ પોતાના ગામ  ઉમલ્લા(ભરૂચ) પહોંચ્યા. રસ્તામાં ૨/૩ જગ્યાએ અજયે કાગળીયા બતાવવા પડયા. એ સિવાય એને કોઈ  તકલીફ ન પડી.

ગામ પહોંચી અજયે વિજયને ફોન કરીને કહ્યું, વિજય તારી મદદને લીધે જ હું ગામ આવી શકયો. તારો ખુબ ખુબ આભાર.
(સત્યકથા - પાત્રોના નામ બદલ્યા છે.)

સુનિલ ર. ગામીત - દેગડીયા, સુરત. - **96386 80194**

# કોરોના ખેધે પડ્યો

## ડૉ. સ્વાતિ સુચક શાહ

સામાનનો થેલો ગેલેરીમાં તડકામાં મૂકીને આયુષી સીધી જ નહાવા ગઈ. શાવરની સાથેસાથે એની આંખોમાંથી પણ ધારા વહી નીકળી. 'કેટકેટલું ધ્યાન રાખ્યું! ઘરમાંથી હું એક જ વસ્તુઓ લેવા જાઉં, માસ્ક-ગ્લવ્ઝ ક્યાંય ઊતારું જ નહીં. લીફ્ટનો દરવાજો પણ ટીશ્યુથી જ ખોલું. પણ હવે? ક્યાં સુધી બચી શકાશે?'

એનો ડર સાવ અસ્થાને ન હતો. સસરા છોંતેરના ને સાસુ તોંતેરનાં. સાસુની તો વળી એક જ કિડની કામ કરે. લગ્નનાં બાર વર્ષે આઈવીએફથી થયેલો દીકરો હજી ચાર વરસનો જ. કંઈક તો કરવું જ પડશે એમ નક્કી કરી,એ બાથરૂમની બહાર આવી સાસુની પાસે આવી બેઠી.

"મમ્મી,આપણા ફ્લેટમાં,આપણા જ ફ્લોર પર ત્રણ કેસ પોઝિટીવ.." બોલતાં બોલતાં એની આંખો ફરી છલકાઈ.

સાસુ હજુ કંઈ બોલે એ પહેલા એમનો ફોન બોલ્યો. રાજકોટથી ભત્રીજાનો ફોન હતો. ફોન પૂરો થતાં જ એમણે સ્મિત ફરકાવ્યું. આયુષી સમજી ગઈ કે સમસ્યા ઉકલી ગઈ છે. પછી તો તાબડતોબ સામાન પેક થવા લાગ્યો. ભત્રીજાએ છ કલાકમાં રાજકોટમાં ભાડાનો ફ્લેટ શોધી કાઢ્યો. ત્યાર બાદ સાસુનાં બહેન, સસરાનાં બહેન અને વહુની બહેન, ત્રણેને ત્યાંથી થોડો થોડો સામાન ભેગો કરી કામચલાઉ ઘર વસ્યું. બીજી જ સવારે બન્ને વૃધ્ધોને ધીમેધીમે સીડીથી છઠ્ઠા માળેથી ઊતારીને ગાડીમાં બેસાડ્યાં ને સપન-આયુષી ઉપડ્યાં રાજકોટ. નાનકડો શ્રીહન તો ઘરમાં રહીને કંટાળેલો. તે બહાર નીકળીને ખુશખુશાલ!

જીવન ફરી મજાથી ચાલવા લાગ્યું. અઢી મહીના ઓછી સગવડ છતાં ચિંતામુક્ત વિત્યા. પણ આ ખુશી કોરોનાને ક્યાં મંજૂર હતી? એક સાંજે ફરી બોમ્બ ફૂટ્યો, 'બાજુનાં જ ઘરમાં પોઝિટીવ!' હવે?

ખુશી ને રાહતનો ફુગ્ગો ફુસ્સ. ફરી રાતોરાત સામાન સમેટાયો, ને બાર કલાકમાં પરત મુસાફરી શરૂ થઈ. સદનસીબે અમદાવારનાં પોતાનાં બિલ્ડીંગમાં જે ત્રણ કેસ હતા એ સિવાય કોઈને થયો નહોતો. હવે તો એ પણ રીકવર થઈ ગયા હતા.

તકલીફમાં પણ હસતાં રહેવાનો હુનર જાણતાં આયુષીનાં સાસુ પરત મુસાફરી દરમિયાન શ્રીહનને "કાનુડો મારે ખેધે પડ્યો છે "ની જગ્યાએ "કોરોના મારે ખેધે પડ્યો છે.." ગીત ગવડાવતાં આવ્યાં.

(સત્યકથા - નામ બદલ્યા છે.)

ડૉ. સ્વાતિ સુચક શાહ - મનિપાલ,કર્ણાટક - **9341710882**

# વટહુકમ

## ડૉ. સ્વાતિ સુચક શાહ

લોકડાઉન કે જનતા કરફ્યુ પણ નહોતાં આવ્યાં ત્યારે કર્ણાટક સરકારે એક અઠવાડિયાની રજા જાહેર કરેલી જેથી લોકો ઘરમાં રહી શકે. રજા શરૂ થયાનાં ત્રીજા દિવસે તન્મયને વિચાર આવ્યો કે આપણે સલામત રહેવા ઘરમાં રહીએ છીએ તો આપણી કામવાળીને પોતાની સલામતીની ફિકર કરવાનો હક નહીં? એણે પોતાની પત્ની તાન્યા સાથે આ બાબતે વાત કરી અને એ તરત જ માની ગઈ. એ પણ સહૃદય હતી. એ લોકો એક કોલેજનાં કેમ્પસમાં, કવાર્ટર્સમાં રહેતાં હતાં. એમની કામવાળી બીજા પણ ત્રણ ઘરમાં જતી હતી. તન્મયે એ બધા પ્રોફેસર સાથે વાત કરી. એક-બે એ કહ્યું કે સોમવારે આવી જવા દો, કારણ કે રવિવારે રજા હોય છે. હા, આ શહેરમાં કામવાળાઓને પણ રવિવારે રજા મળે અથવા એમ કહો કે એ લોકો રજા લઈ લે. એક પ્રોફેસર જીદ પર અડી ગયા કે એમને તો કામવાળી જોઈશે જ. જો એ બોલાવે તો બીજા બેને પણ લાલચ થાય કે જો કેમ્પસમાં આવે છે તો અમારે ત્યાં પણ કામ કરે.

શુક્રવારે તન્મયની પત્ની તાન્યાએ કામવાળીને કહી દીધું," કોઈ તને રજા આપે કે ન આપે, અમારે ત્યાં તારે સોમવારથી આવવાનું નથી, કેમ્પસમાં આવે તો પણ." સદભાગ્યે સોમવારથી લોકડાઉન શરૂ થઈ ગયું. બધાએ કામવાળાઓને ફરજિયાત રજા આપવી પડી. પહેલી તારીખે એ લોકોને પગાર આપવાનો થાય. પહેલી એપ્રિલે અઠવાડિયાનો પગાર તો બધાએ આપી દીધો. પણ પહેલી મેએ બધા તન્મયને પૂછવા લાગ્યા કે શું કરીશું? સાવ કામ કર્યા વગર પૂરો પગાર આપવો પડશે કે અડધો અપાય? વળી પાછા ચોખવટ કરે કે આ તો બધાનું સરખું રહે એનાં માટે પૂછીએ છીએ. ફરી તન્મયનો વટહુકમ બહાર પડ્યો," તમે બધા અડધો પગાર આપો તો પણ હું તો આખો પગાર જ આપીશ." નાછૂટકે બીજાઓએ પણ આખો પગાર આપ્યો.

સદનસીબે( કે કમનસીબે?) મેની ચાર તારીખથી લોકડાઉન ખુલ્યું. તન્મયના ગામમાં આમ પણ ગણ્યાગાંઠયા કેસ હતા. તેથી કામવાળીને કેમ્પસમાં આવવાની છૂટ મળી. ઘીનાં ઠામમાં ઘી પડી રહ્યું. તન્મય-તાન્યાને સંતોષ હતો કે એમણે પગાર કાપી ને કોઈની તકલીફ વધારી નથી.

ડૉ. સ્વાતિ સુચક શાહ - મનિપાલ,કર્ણાટક - **9341710882**

# કોરોનાકાળની સત્યકથા
## શ્વેતા તલાટી

અમારા પાડોશી ભાઈને આજથી લગભગ પંદરેક દિવસ પહેલાં - 26 સપ્ટેમ્બરના  ઝીણો તાવ આવ્યો. શરદી ઉધરસ તેવું કંઈ જ ન હતું પણ આ તો  કોરોનાકાળ! જો કોરોના ગ્રસ્ત હોય અને અડધી રાત્રે તકલીફ વધી જાય તો શું? એ બીકથી ફટાફટ ફેમિલી ડોક્ટર પાસે ગયા. તેમની સલાહથી કોરોના ટેસ્ટ કરાવ્યો એનો રિપોર્ટ લગભગ ૩૩ કલાક પછી આવે એટલા માટે  ડોક્ટરે ઘરે જવાનું કહ્યું છતાં મનની બીક કે વધુ પડતી સાવધાની શું કહેવું તે સમજાતું નથી પણ કોરોના પોઝિટીવ હોય અને અડધી રાત્રે તકલીફ થાય તો શું? એટલે તેમની હોસ્પિટલમાં એડમિટ કર્યાં. બીજે દિવસે સાંજે રિપોર્ટ આવ્યો અને તેમાં પોઝિટિવ હતો **five percent** જેવું જ ઇન્ફેક્શન હોવાના લીધે ડોક્ટરે તેમને ઘરે જવાનું કહ્યું. ઓક્સિજન કે કશું જ આપવાની જરૂર નહોતી. ઘરે આવ્યા.

ત્રણેક દિવસ પછી ઘરે ડોક્ટર બોલાવીને ફેફસામાં કોઈ ઈન્ફેક્શન તો નથી ને એ તપાસ કરાવવું તેમને જરૂરી લાગ્યું. અને એ ટેસ્ટમાં ફેફસામાં કફ જમા થઈ ગયો છે તેવું જણાવ્યું. ફરી બીક અને એ ભાઈ ટીબી હોસ્પિટલમાં એડમિટ થવા માટે ગયા. ત્યાં સફાઈ, વ્યવસ્થા વગેરે  બરાબર ન જણાતાં એ ભાઈ પાછા આવ્યા અને બીજે દિવસે સવારે એક મોટી હોસ્પિટલ (જેનું નામ 'સ'થી શરૂ થાય છે.) તેમાં એડમિટ થઈ ગયા. ટ્રીટમેન્ટમાં તેમને ફેફસામાંથી કફ દૂર કરવાના ઇન્જેક્શન લેવાના હતા. હું રોજ ભાભીને બારીમાંથી તબિયત પૂછતી. આજે નવ દિવસ થયા છતાં ઘરે પાછા ન આવતા મેં પૂછ્યું ત્યારે ભાભીએ કહ્યું કે જે ઇન્જેક્શન આપવાના હતા તે તો આપ્યા જ નથી જ્યારે  એ ભાઈએ કંટાળીને ઘરે જવાની વાત કરી ત્યારે નર્સે કહ્યું, " ઇન્જેક્શન તો મૂકવાનું શરૂ કર્યું જ નથી એટલે તેનો કોર્સ પૂરો કર્યા પછી જવા દેવામાં આવશે."

**14 15** દિવસમાં લગભગ સાડા ત્રણ લાખનો ખર્ચો થઈ ગયો. અને એક પણ વાર ઓક્સિજન આપવાની જરૂર પડી જ નથી.

શ્વેતા તલાટી - વડોદરા - **73834 23066**

# વિરહ

## શ્વેતા તલાટી

કોરોનાકાળ એવો કાળ સાબિત થઈ ચૂક્યો છે જેના વિશે ક્યારેય કોઈએ સપનામાં પણ નહીં વિચાર્યું હોય. ઘણી વખત એવું બનતું હોય છે કે પતિને બદલી વાળી નોકરી હોય અને પત્નીને બાળકોની શાળા વારંવાર બદલાય નહીં આને કારણે કે ઘરડાં સાસુ - સસરાની દેખરેખ માટે તેમનાથી દૂર સ્થાયી થવું પડતું હોય. રજાઓમાં પતિ આવતો જતો રહે, એમ વર્ષો નીકળી જાય.

પણ આ કોરોનાના કારણે એક સ્થળ પર એકલા અટવાયેલા પુરુષને સતત તેના કુટુંબની ચિંતા અને બીજી તરફ તેનાથી દૂર રહેતી પત્નીને પતિની ચિંતા કોરી ખાતી હોય છે નિયમિત ટિફીન મંગાવીને દાળ, ભાત,શાક રોટલી જમી લેતા પતિને ટિફિન આવતું બંધ થયું. સ્ટાફના કોઈ પણ જમવા બોલાવે પણ નહીં અને બોલાવે તો અથવા કહે કે ઘરેથી આપી જઈશ તો પણ એક ભય કે ક્યાંક સાથે સાથે કોરોનાનો ચેપ આવી જશે તો? આજે સતત ભયના ઓથાર નીચે જીવતો માણસ છે. તાત્કાલિક ઇન્ડકશન વસાવીને જેમ તેમ જે ફાવે એ બનાવીને લૂખું પાકું ખાવાનું, વાસણ સાફ કરવાના, કપડાં ધોવાના અને અન્ય જરૂરી કામ.

ફોન પર થતી વાતચીત પણ કેટલી બદલાઈ - "બધાનું ધ્યાન રાખજે. દૂધ કે જરૂરી સામગ્રી લેવા જવું જ પડે તો માસ્ક પહેરીને જજે. ભૂલીશ નહીં. છોકરાઓનું ધ્યાન રાખજે."

અને પત્નીની ચિંતા - " શું જમ્યા હશે? બરાબર બન્યું હશે?" અને ધારો કે ફોનમાં સહેજ પણ ભારે અવાજ સંભળાય તો જીવ ઊંચો થઈ જાય. સાવ એકલા છે તો કોણ ધ્યાન રાખશે? છેલ્લા દસેક વર્ષથી આ જ રીતે જીવવાની ટેવ હતી પણ વિરહનો આવો અનુભવ નહોતો થયો. ઘણીવાર એવું બનેલું કે બાળકો  માંદા સાજા હોય, સાસુ-સસરામાંથી કોઈ બીમાર હોય પણ પત્ની સંભાળી જ લેશે એ ખ્યાલ હતો. પણ આ સમયે હવે .... બંને પક્ષે આટલી ચિંતાનો અનુભવ, પ્રેમના આટલા ઊંડાણનો અહેસાસ કોરોનાકાળમાં થયો. મશીનની જેમ ચાલતી જિંદગી હતી. પણ આ મશીનની ચાલ જ્યારે થોડી મંદ પડી ત્યારે મંદ પડી ગયેલું ઘણું બધું જાણે ધમનીઓમાં દોડવા માંડ્યું.

દરરોજ ફોનમાં એકબીજા પ્રત્યે વ્યક્ત થતી  ચિંતાઓમાં પરિપક્વ પ્રેમ, કુટુંબ પ્રત્યેનો પ્રેમ- ખુબ જ જવાબદારીપૂર્વકનું વ્યક્તિત્વ સ્વરતું હતું. જ્યારે મહિના પછી પતિ ઘરે આવી શક્યા ત્યારે આખા કુટુંબના ચહેરાના હાવભાવ જોવા જેવા હતાં. કપરા સમયે એકબીજાની દૂરી ખૂબ જ ખૂંચે છે.  મહિનાનો આ ગાળો આટલો લાંબો ક્યારે પણ નહોતો લાગ્યો!

શ્વેતા તલાટી - વડોદરા - **73834 23066**

# સકારાત્મક ઊર્જા

## તતિક્ષા પી. રાવલિયા

એક દિવસ સાંજે ફોન દ્વારા સમાચાર મળ્યાં કે મારાં સહકર્મચારી મેહુલભાઈને કોરોના પોઝિટિવ આવ્યો છે.જીવનમાં પહેલી વાર આ પોઝિટિવ શબ્દએ મને હચમચાવી નાખી.હું અને ઘરનાં સભ્યો પૂરેપૂરી તકેદારી સાથે બહાર નીકળતાં. છતાંપણ એક પ્રશ્ન મનમાં મુંઝવતો રહેતો કે કદાચ હું પણ..જોકે એવા કોઈ લક્ષણો ન હતાં છતાંપણ ડર મનમાંથી હટતો ન હતો.અમે જાતે ચૌદ દિવસ હોમ કોરોન્ટાઇન પાડ્યું. મેહુલભાઈ પણ ખૂબ તકેદારી સાથે બહાર નીકળતાં એનો મને ખ્યાલ જ છે, તેમના ઘરમાં પણ બાળકો અને વૃધ્ધો બન્ને હોવાથી કાળજી અને તકેદારી રાખવી અનિવાર્ય જ હતી.ખબર નહિ ક્યાંથી છુપા પગલે અને ધ્યાન બહાર આ કોરોના તેમનામાં પ્રવેશી જ ગયો.

મેં તેમને બીજા દિવસે ફોન જોડ્યો તેમની વાત સાંભળી મને તેમની તબિયતના લીધે થયેલ ચિંતામાંથી થોડી મુક્તિ મળી, થોડો હાશકારો થયો. તે પોતે હિમતમાં હતાં.પણ સાથે બીજા સમાચાર એ મળ્યા કે તેમના પિતા પણ કોરોના સંક્રમિત થયાં હતાં.ઘરના બન્ને મુખ્ય વ્યક્તિઓ હોસ્પિટલમાં અને ઘરે માત્ર બાળકો અને સ્ત્રીઓ.

ચાર દિવસ બાદ હોસ્પિટલમાંથી રજા મળી અને ઘરે હોમકોરોન્ટાઇન કર્યા. બે ત્રણ દિવસ બાદ ફરીને બન્નેને તાવ, કળતર, ટાઢ, માથુ દુખવું અને સખત મોટી ઉધરસ સાથે તકલીફ વધવા લાગી એટલે ફરીને હૉસ્પિટલાઇજ કરવામાં આવ્યા.આ વખતે પરિસ્થિતિ વધુ ગંભીર જણાતી હતી. ઓક્સીઝન લેવલ **85** થી **90** રહેતું.અતિશય ઉધરસ સાથે ઓક્સિજન ચાલુ હોવા છતાં શ્વાસ લેવામાં તકલીફના કારણે ચિંતા વધતી જતી હતી.

તેમના કહેવા મુજબ છ દિવસ સુધી પથારીવશ જ રહેવું આકરું બની ગયું હતું. બોલતાની સાથે જ ખોટી ઉધરસ પોતાનો રંગ બતાવવા લાગતી.આવા તો સોળ દિવસ ત્યાં કાઢ્યાં. વોર્ડમાં ટપોટપ થતાં મૃત્યુ જોઈ મનમાં થતું ક્યારે આપણી બાજી સંકેલાઈ જાય એ કહી ન શકાય.

આવી વિકટ પરિસ્થિતિમાં પણ હિંમત અને ભગવાન પરની શ્રધ્ધાએ તેમને મૃત્યુના મુખમાંથી પાછા લાવ્યાં. પોઝિટિવિટીથી ભરપૂર રહેતા મેહુલભાઈને તેમની સકારાત્મક વિચારસરણીએ જ ઉગાર્યા એવું

મારુ સ્પષ્ટ પણે માનવું છે. તેમનાં સાજા થવામાં ઇમ્યુનિટી જવાબદાર હશે પણ પોઝિટિવિટીનું પલડું વધુ ભારે હશે.

(સત્ય ઘટના)

તતિક્ષા પી. રાવલિયા – જૂનાગઢ - **96384 74212** - **96384 74212**

# ન સાંપડ્યું અંતિમ દર્શન

## તતિક્ષા પી. રાવલિયા

આ સમયને કોરોનાકાળ તો આપણે કહી દીધો છે પણ ટપોટપ થતાં મૃત્યુ જોતાં તો આ મરણકાળ હોઈ તેવું લાગે છે. હવે તો ઘરની અંદર અને બહાર પણ મૂંઝારો.એ તો  હજુ પણ આપણે કોઈને કોઈ રીતે સાચવી લઈએ છીએ પણ સ્વજનોના થતાં મૃત્યુના લીધે જે હૃદયનો મૂંઝારો છે તે વ્યક્ત કરવા કોઈ સાંભળનાર પણ પાસે નથી. આ તે કેવી કાળની થપાટ! ગયું તેને તો પાછા લાવી નથી શકતાં પણ એક સહાનુભૂતિનો હાથ કે ખભો પણ આપી નથી શકાતો. એક તો સ્વજનનું મૃત્યુ અને ઉપરથી કોરી ખાતી દીવાલોની સાથે આપણી પણ એકલતાં.

અમારાં કુટુંબના એક સ્વજનનું મુંબઈમાં કોરોનાના લીધે મૃત્યુ થયું. જ્યારે જાણ થઈ ત્યારે દુઃખ થયું પણ એથીય વધુ દુઃખ તો ત્યારે થયું જ્યારે તેમના પુત્ર અજયને સાંત્વના આપવા કરેલ ટેલિફોનિક વાતચીત સાંભળી.

"પપ્પા ક્યારેય બહાર નીકળતાં ન હતાં. માત્ર હું લોકડાઉનમાંની છૂટછાટો મળ્યાં બાદ કામ માટે બહાર જતો એ પણ જ્યારે ખૂબ જરૂરી હોઈ ત્યારે જ. ઘણી સાવચેતી બાદ પણ કોરોના ઘરમાં આવીને જ રહ્યો. એકાદ દિવસ પપ્પાને તાવ આવતાં પેરાસીટામોલથી કામ ચલાવ્યું તો પણ ફેર ન પડતાં શંકા લાગતાં ટેસ્ટ કરાવ્યો અને પોઝિટિવ આવ્યો. સાથે જ મેં અને ઘરનાં બીજા સભ્યોનો ટેસ્ટ પણ પોઝિટિવ. મહાનગરીમાં એક જ ઘરમાં કેટલાં રૂમ હોય! બધાને કોરોન્ટાઇન કરવામાં આવ્યા તેમાં પપ્પાની તબિયત બગડતાં તેમને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં. ચારેક દિવસ બાદ હોસ્પિટલમાંથી તબિયત વધુ બગડી રહી છે તેવા સમાચાર આવતાં ઘરનાં સભ્યો ચિંતિત બની ગયાં. જેમતેમ કરી હિંમત દાખવી પ્રભુના સહારે તેઓ ઉગારસે તેવી શ્રદ્ધા સાથે આ કટોકટીનો સમય પસાર કરવા લાગ્યાં. બીજા દિવસે વહેલી સવારે હોસ્પિટલમાંથી ફોન આવ્યો કે તમારાં પપ્પાનું સારવાર દરમ્યાન મૃત્યુ થયેલ છે."

મૃત્યુ તો ભગવાનની ઈચ્છાને આધીન હતું ,પરંતુ અંતિમ મુખ પણ તેમના ઘરનાં સભ્યોને જોવા મળ્યું નહિ. બધા જ કોરોના પોઝિટિવ હોવાના કારણે અંતિમક્રિયા પણ કરી ન શક્યા. તમામ સંબંધીઓએ ટેલિફોનિક આશ્વાસન પૂરું પાડ્યું. આ સમયમાં બીજું થઈ પણ શું શકે?

તતિક્ષા પી. રાવલિયા – જૂનાગઢ - **96384 74212** - **96384 74212**

# ફરજપાલન

## તતિક્ષા પી. રાવલિયા

આ એ સમયની વાત કરી રહી છું કે જ્યારે હજુ કોરોનાના કેસ માત્ર ગણ્યાગાંઠ્યા ગુજરાતમાં હતાં. અત્યારે પણ લખતા એમ થાય કે કાશ! આ બધું જ ત્યાં અટકી ગયું હોત તો. પણ ધાર્યું ધણીનું થાય. ઈશ્વરને જે યોગ્ય હશે તે બીજું શું?

રાતે લોકડાઉન જાહેર થયું. લોકડાઉન શબ્દ પણ આમ તો પહેલી વાર સાંભળેલ એટલે વધુ તે વખતે તો ખબર નહતી પણ જાહેર પરિવહનના તમામ સાધનો બંધ કરી દેવામાં આવ્યા હતાં. બીજા દિવસે સવારે મારે શાળાએ જવાનું હતું. શાળાએ વિદ્યાર્થીઓ ન આવતાં પણ શિક્ષકોને જવાનું રહેતું. શાળાએ ન જવા માટેનો કોઈ ઓફિશિયલ પરિપત્ર થયો ન હતો એટલે જવાનું એ તો ફરજીયાત હતું.હવે આવા સમયે દોઢેક કલાકનો સમય લેતો રસ્તો પસાર કરી ત્યાં પહોંચવું કઈ રીતે? આ એક મોટો પ્રશ્ન મારી સામે આવી ઉભો રહ્યો .

વહેલી સવારે 6 વાગ્યે હું રેડી થઈ બસસ્ટેશન પહોંચી ગઈ કૈક મળી જ જશે એવી આશા સાથે.ઘરેથી તો બધાની ના જ હતી જવાની પણ હું જવા મક્કમ હતી. સ્કૂલના આચાર્ય સાથે વાત થઈ ત્યારે તેમનો જવાબ પણ એ જ હતો કે હજુ સ્કૂલ બંધ કરવા માટેનો કોઈ જ પરીપત્ર થયો નથી.અને આ રહ્યું સરકારી ખાતું એટલે પરિપત્ર કે કોઈ ઠોસ મેસેજ વગર કશું જ જાતે કરી શકાય તેમ ન હતું.

એવા સમયે હું નીકળી પરંતુ કોઈ જ વાહન રસ્તા પર ફરકતું ન હતું એકાદ બે ટ્રક નીકળતા પણ એ મારી મંજિલ તરફ જતા ન હતાં. આખરે કલાકએકની રાહ જોયા બાદ પણ કશું જ ન મળતાં. મેં ટુવહીલર લઈને જવાનું નક્કી કર્યું.
ફરી ઘરે જઈ એક્ટિવા લઈને ચાલી નીકળી.આખરે મારે મારી ફરજ પર હાજર રહેવાનું મેં નક્કી જ કર્યું હતું. રસ્તામાં એકાદ જગ્યાએ કોઈ પોલીસ રોકશે એવો ડર હતો પણ હું પણ ફરજ પર જઈ રહી છું એ વાતને મનમાં રાખી હું મારી શાળાએ પહોંચી તો ખરી જ...

તતિક્ષા પી. રાવલિયા – જૂનાગઢ - **96384 74212 - 96384 74212**

# માનસિકતા

## તેજલ શાહ 'રેવા'

કોરોના મહામારીએ આખા વિશ્વને હલબલાવી નાખ્યું છે. એની અસર સંબંધો પર પણ થઈ છે. દાંપત્યજીવન પર પણ એની અસર વધારે દેખાય છે. રોજ કંકાસ અને ઝગડાથી કંટાળી કોઈએ આપઘાત કર્યો તો કોઈ જુદા થઈ ગયા એ સમાચાર તો હોય જ.

મારી ભાણેજનો અચાનક ફોન આવ્યો કે હું તમારા ઘરે રહેવા આવું છું. અમે તો ખુશ થયા. સરસ, ચાલો બધા સાથે આનંદની પળો માણીશું. બીજા દિવસે એ આવી ગઈ. થોડા સમય પછી મેં મહેસૂસ કર્યું કે એ કંઇક મૂંઝાય છે. હું અને ભાણેજ બહાર ગેલેરીમાં બેઠા યાદો વાગોળતા હતા. ત્યારે મેં એના હાથ પર હાથ મૂકી એટલું જ પૂછ્યું, "શું થયું?કંઈ પ્રોબ્લેમ છે?" અને બસ એ મને વળગીને રડવા લાગી. મેં પણ એને રડી લેવા દીધી. પછી એણે શાંત થઈ બધી વાત કરી કે ઘરમાં છેલ્લા થોડા સમયથી પ્રોબ્લેમ છે. સાસુ અને પતિ જોડે લડાઈ થાય છે.  માટે હું એ ઘર છોડીને આવી ગઈ છું. અલગ રહેવાની વ્યવસ્થા થશે તો જ પાછી જઈશ.

હું એક બ્રેઈન રિલેટેડ એક્ટિવિટી સેન્ટરમાં શિક્ષિકા છું. એટલે મને ખ્યાલ આવી ગયો કે એને કઈ રીતે સમજાવવી અને પાછી સાસરે મોકલવી. મેં એને ઘરની બધી જ વ્યક્તિઓનાં સારા દસ ગુણ અને ખરાબ દસ ગુણ લખવાનું કહ્યું. એ પણ શિક્ષક જ હતી પણ આ કોરોનાએ તો ભલભલાની માનસિકતા બદલાવી નાખી છે. બીજા દિવસે એણે મને એના ઘરની ૫ વ્યક્તિઓનાં થઈને સારા પચાસ ગુણ આપ્યા.  પણ ખરાબ ત્રેવીસ જ આપ્યા. પછી એ બધાં જ સારાં-ખરાબ ગુણો વિશે ચર્ચા કરી. મેં સમજાવ્યું, "બેટા, હજુ તો તમારી જિંદગીમાં આવાં ઘણાં તોફાનો આવશે. બધાં સાથે મળીને સામનો કરશો તો જ થશે. અલગ અલગ દિશામાં દોડશો તો વિખરાઇ જશો. બીજા દિવસે કુમાર લેવા આવ્યા ત્યારે કંઈ પણ દલીલ કર્યા વગર જતી રહી. અત્યારે ખૂબ ખુશીથી જીવન પસાર કરે છે.

આ કોરોનાની મહામારીના સમયે આવાં બનાવ ઘણાંનાં જીવનમાં બનતા જ હશે. બધાને એક બીજાનાં માનસિક ટેકાની જરૂર હોય છે. એકબીજાના વિચારોને સમજીને આવી કપરી પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ.

તેજલ શાહ 'રેવા' - વલ્લભ વિદ્યાનગર - **7600167545**

# દિકરી એટલે વહાલથી ખળખળ કરતો દરિયો

# કોરોના વાઈરસ તને ક્યાંથી સમજાય !!!

## તુલસી દેસાઈ

સમય દરેક માનવીની પાછળ શું નિર્માણ કરે છે તે અકલ્પ્ય છે. ચાર-ચાર વખતના તબક્કાવાર લોક-ડાઉનના નિયમો હળવા થયા પછી , ૧૬મી સપ્ટેમ્બરે , મારા પપ્પા બેંકના કામે ગયા .

૧૯મીએ પપ્પા અને ભાઈ તાવથી સંક્રમિત થયા અને ૨૧મીએ મમ્મી. ભાભીને નાના છોકરાઓ સાથે પિયર મોકલી અપાતા ત્રણેની જવાબદારી મારા શિરે આવી , જે મેં મનથી સ્વિકારી લીધી . મારા હસબન્ડની અમદાવાદ બદલી થતાં મારા પિયરના સભ્યોની મને દરેક પ્રસંગોપાત હૂંફ મળી છે .

અત્યાર સુધી ત્રણેય જણા કોરોના સંક્રમણમાં આવતા હું એકલી ડોક્ટરો અને લેબ - ટેકનિશિયનના સંપર્કમાં રહી. ભાઈ -મમ્મીની કટોકટીભરી સ્થિતિની માહિતિથી મનમાં માનસિક વ્યથાથી થકાન અનુભવવા માંડી.

સવારમાં ૫-૫ લિટરના બિસ્લેરીના બાટલા , ગરમ-પાણી , લીંબુ-પાણી , તાજા સમારેલા ફળ-ફળાદિ , ૮—૮.30માં નાસ્તો અને હળદરવાળું દૂધ, બપોરે ૧૨ વાગે જમવાનું, ૪ વાગે ફરી લીંબુ-પાણી -- હળવા નાસ્તા સાથે, સાંજે સૂપ અને રાતે ૭.30 વાગે વાળુ . બીજા માળે રહેતા પિયરિયાની બગડેલ લિફ્ટની અવગણના કરી, જાતે નિયમિતપણે ૧૪ દિવસ ઉપરની સામગ્રીઓ પહોંચાડતી રહેલી .

૫મા દિવસે ત્રણે જણના ફેફસાનું સ્કેનિંગ થતા , પપ્પાને ૫% , ભાઈને ૨૫% અને મમ્મીને ૫0% બ્લોકેજ આવ્યું . ડો.કેતનભાઈના સૂચનથી મમ્મીને મહાવીર-ટ્રોમામાં ડો.કરસન હેઠળ સારવાર લેવાની સલાહ મળી .

પપ્પા હોસ્પિટલમાં ટ્રસ્ટી હોવાથી , બીજે દિવસે , ભાઈને પણ ૧૦૨ તાવ અને માથાના અતિશય દુ:ખાવા સાથે , મમ્મી સાથેના ભાગિયારા રુમમાં દાખલ કરાયો . ચાર દિવસમાં તેને રજા મળી ગઈ. એના આગલા દિવસથી જ મમ્મીની સ્થિતિ કથળવા માંડેલી .હવે ફોન પર મમ્મી વાત કરવાનું ટાળતી.

આઠમા દિવસે મમ્મીને કોઈ દૈવી-શક્તિએ અણસારો આપ્યો કે તારો દિકરો સારો થઈને ગયો તો તું કેમ સારી ન થાય !! આ વિચારે મમ્મીની જીવતી લાશને કોરોના વાઈરસ સામે લડવાનું મનોબળ મળ્યું.

ફક્ત ૫ દિવસ માટે દાખલ થયેલ મમ્મીને દસમે દિવસે , કોરોના-ફ્રી---ક્વોરોન્ટાઈન-ફ્રીના ટાઈટલ સાથે રજા મળી. મમ્મીના પરત આવ્યા પછી જ્યારે એણે જણાવ્યું કે એને તો ૧૭% જ બ્લોકેજની માહિતિ હતી , ત્યારે હું એકદમ ભાંગી પડી – મનોમન મમ્મીની સંઘર્ષમય સ્થિતિ વાગોળતા કે જો મમ્મીને ખરેખરી વાસ્તવિકતાની જાણ હોત તો અમે મમ્મીનો સહવાસ ફરીને માણી શકતે !!!

હું તીવ્ર માનસિક તાણ અને અસ્વસ્થતાનો (depression & anxiety)શિકાર બની . ડો.ના નિદાન અને દવા લઈ ૫૦% સારી થઈ . મમ્મી -પપ્પા-ભાઈના કહેવાથી થોડા દિવસ માટે પિયર રહેવા આવી.

મારી હાલત જોઈને , જ્યારે ત્રણે જણા સાથે બોલ્યા કે " ચિંતા ,ચિતા સમાન છે , છોડ એને અને જલ્દી-જલ્દી સારી થઈ જા .અમે તારી સાથે જ છીએ . તું તો અમારો વહાલનો ખળખળ કરતો દરિયો છે", ત્યારે મને માંદગીમાંથી બહાર આવવાનું પ્રેરક-બળ મળ્યું અને મારી તબિયત સુધરતી જાય છે

કોરોના વાઈરસ તેં ઘણા માનવીઓને સંક્રમિત કર્યા પણ તેના કુટુંબીજનો-સ્વજનોની પીડા-વ્યથા-સંઘર્ષ તો તારી સમજની બહાર જ રહેશે .

(સત્યકથા)

તુલસી દેસાઈ – સુરત - ૯૮૨૫૮૪૧૨૭૪

## પુસ્તકોનો લોકાર્પણ સમારોહ મોકુફ રાખ્યો

### ઉમેશ ભટ્ટ

ઘરમાં અને પરિવારમાં ખુશીનો માહોલ હતો. માર્ચ-૨૦૨૦ ના શરૂઆતના દિવસોમાં જ આવનારા અવસરની ભવ્યોત્તમ ઉજવણી કરવા માટેની ચર્ચાઓનો દોર શરૂ થઇ ચૂક્યો હતો. પ્રસંગને સફળ બનાવવા માટેનું આગોતરું આયોજન નક્કી થઇ રહ્યું હતું. કામોની સોંપણી થવા માંડી હતી. વિશાળ ચાહક વર્ગ તરફથી મને પ્રશ્ન પૂછાતો હતો ઃ "ઉમેશભાઈ, નવા પુસ્તકો ક્યારે પ્રગટ કરો છો ?" પ્રશ્નકર્તાઓની શુભલાગણીનો આવિષ્કાર કરવાનો શુભઅવસર પ્રાપ્ત થવાનો હતો. સૌને હૈયે ઉમંગ છલકાતો હતો. સુધીરભાઈએ 'સંસ્કાર ભવન' નોંધાવી દીધું હતું. કેયુરભાઈએ રસોઇયા સાથેની બેઠકનો દોર શરૂ કરી દીધો હતો. "પપ્પા રતાળુના વડા જમણમાં ચોક્કસ રાખજો" દીકરી રૂપલની આ ફરમાઇશ હતી. મોટીબેન મોક્ષદાબેન અને સતિસભાઈ વારંવાર પૂછતા હતા. "કેટલાં માણસોને આમંત્રણ આપવાનું છે ?" પત્ની પૂર્ણિમાબેન અન્ય પરિવારજનો સંગાથે મળી આમંત્રીતોની યાદી બનાવવામાં વ્યસ્ત હતા. અલ્પાબેન અન્ય વ્યવસ્થા સંભાળતા હતા અને સૌને મદદરૂપ થતાં હતા.

હું હળવો ફૂલ હતો. મિત્ર નરેશભાઈ કાપડીયા, રમેશભાઈ પરમાર, અશેષભાઈ મોદીના સહયોગથી અને 'શુભ સાહિત્ય'ના સર્વેસર્વા મા. દીપકભાઈ નાયકના પ્રોત્સાહન થકી લોકાર્પણ થનારાં મારા ત્રણ પુસ્તકો (૧) બાળઉછેરનાં રહસ્યો (૨) ભીનાશનો ઉજાશ (૩) દૃષ્ટાંત બોધનાં લોકાર્પણ માટેનું સુદૃઢ આયોજન થઇ રહ્યું હતું. તા. ૨૨મી માર્ચ, રવિવારના રોજ રંગેચંગે થનારા લોકાર્પણ સમારોહના મંચસ્થ મહાનુભાવો મા. યઝદીભાઈ કરંજીયા, મા. ભરતભાઈ શાહ (છાંયડો), મા. વીરેન્દ્ર મજમુદાર (બટુકભાઈ) મા. નરેશભાઈ વરિયા (તંત્રીશ્રી, ધબકાર)ને વિધિવત આમંત્રણ અપાઈ ચૂક્યું હતું. અમે સૌ આનંદમિશ્રિત રોમાંચ અનુભવી રહ્યા હતા.

માર્ચ-૨૦૨૦ના પ્રથમ સપ્તાહના સમયગાળામાં વિશ્વમાંથી અને ભારત દેશના અમૂક ખૂણાઓમાંથી 'કોરોના' નામની મહામારીના ચોંકાવનારા વાવડ આવી રહ્યા હતા. ગુજરાત લગભગ નચિંત હતું. માર્ચ-૨૦૨૦ના બીજા સપ્તાહમાં 'કોરોના' વ્યાધિનો પગપેસારો ઠેર-ઠેર થવા માંડયો. 'કોરોના' રોગનો વાઇરસ એનો વિસ્તાર વધારતો જતો હતો. ઝડપભેર ભયજનક સપાટી વટાવી રહેલાં કોરોના અને એના વ્યાપને અટકાવવા સરકાર, સમાજ અને પ્રજાજનો સજાગ થવા માંડયા હતા. મને પણ અંદેશો આવવા માંડયો. ચેતવણીઓ મળવા લાગી. દીપકભાઇએ કહ્યું. "ઉમેશભાઇ, કાર્યક્રમ મોકુફ રાખો તો સારું." તા. ૧૨મી માર્ચ ૨૦૨૦ ના રોજ મારા વડીલશ્રી વીરેન્દ્ર મજમુદાર (બટુકમામા) ને મળ્યો. તેમણે પણ ચિંતા વ્યક્ત કરી. મા. ભરતભાઇ શાહ (છાંયડો) તો કોરોનાના આક્રમણ સામે જનસેવા

કરવાના પ્રયાસો વિચારી રહ્યા હતા. બંને મહાનુભવોએ સમાજ અને આમ જનતા પ્રત્યેની સેવાકાર્ય માટેની પ્રતિબધ્ધતા જણાવી. "પુસ્તકોનું લોકાર્પણ થોડું લંબાય તો કોઇ વાંધો આવે એવો નથી " કહ્યું. મારા પરિવારજનો પરિસ્થિતિથી વાકેફ થવા લાગ્યા હતા અને સૌ ભેગા મળી ગંભીરતાથી વાતચીત કરી રહ્યા હતા. સૌની લાગણીનું સન્માન કરવું અને સામુહિક નિર્ણયનો અમલ કરવો એ મારો સ્વભાવ છે. હું મમતનો માણસ નથી. મેં મારો મત પ્રગટ કર્યો. "આપણે લોકાર્પણ સમારોહ મોકુફ રાખીએ છીએ." સૌના ચહેરા પર રાહત જોવા મળી. કાર્યક્રમ આટોપવાની વિધિ શરૂ થઇ.

તા. ૧૪મી માર્ચ ૨૦૨૦ના રોજ 'શુભ સાહિત્ય' માં મા. નરેશભાઇ કાપડીયાને મળ્યો. વાત કરી. નરેશભાઇ કાપડીયાએ નિર્ણયને વધાવ્યો. ત્યાંથી મા. યઝદીભાઇને મળવા ગયો. ભારે હૈયે વાત કરી. એમણે કહ્યું. "સમયસર સાચો નિર્ણય લીધો છે. અત્યારે તો આપણે ભેગા મળીને 'કોરોના' સામે મક્કમ બની લડવાનો સમય આવ્યો છે." જોગાનુજોગ તા. ૨૨મી માર્ચ ૨૦૨૦ એ, મા.વડાપ્રધાનશ્રીએ, ભારત દેશમાં 'લોકડાઉન'ની જાહેરાત કરી. માર્ચ માસના ત્રીજા સપ્તાહથી તો 'કોરોના' માઝા મૂકી રહ્યો હતો. એનાથી બચવાના ઉપાયો અમલમાં મૂકાઇ રહ્યા હતા.

સેવાભાવી સંસ્થાઓ, સમાજ સેવકો, સમાજહિતચિંતકો માટે આવનારા દિવસોમાં 'કોરોના'ને મ્હાત કરવા આપણે શું યોગદાન આપી શકીએ ?' કે 'કોરોના'થી પીડિત લોકોને કેટલાં ઉપયોગી થઇ શકીએ ?' ઊભો થયેલો યક્ષ પ્રશ્ન હતો. વિશાળ દેશ અને ભરચક વસ્તી ! અચાનક આવી પડેલી આપત્તિનો સામનો કરવા પ્રશાસનની પડખે ઊભા રહી, જે રીતની થાય એ રીતની માનવસેવા કરવા સૌ કટિબધ્ધ થયા, એ જ તો છે ભારતીય સંસ્કૃતિ !

તા. ૨૬-૦૩-૨૦૨૦ થી તા. ૨૬-૦૫-૨૦૨૦ સુધીના સમયગાળામાં મેં લોકમાનસનું મનોબળ મજબુત બનાવવાના આશયથી 'ભગવાન શ્રી રામ અને મહાત્મા ગાંધી' ને કેન્દ્રમાં રાખી સળંગ ૫૬ લેખો લખ્યા. 'ધબકાર' દૈનિક પત્ર એ નિયમિત પ્રગટ થયા હતા.

ઉમેશ ભટ્ટ – સુરત - ૯૮૨૫૧ ૪૩૯૬૪

# કોરોના સામે જંગ

## વર્ષા આઈ. ત્રિવેદી – જામનગર 9377094751

હું જામનગરની જાણીતી ગર્લ્સ હાઈસ્કૂલમાં શિક્ષિકા તરીકે વર્ષોથી ફરજ બજાવું છું.
જુલાઈમાં 33 ટકા સ્ટાફને શાળાએ આવવાની સરકારે પરવાનગી આપી. અમે સ્કૂલે જવા લાગ્યા. બધા ઓનલાઈન શિક્ષણ આપી રહ્યા હતા. હાઇસ્કૂલનો સ્ટાફ લગભગ દરરોજ સ્કૂલે જતો હતો.
એવામાં એકવાર મને રાત્રે બાર વાગ્યે મારી સાથે કામ કરતી નમિતાનો ફોન આવ્યો.
"મેડમ કાલે હું સ્કૂલે ન આવુ તો ચાલશે? તમે પ્રિન્સિપાલને કહી દેશો? મારા હસબન્ડને ખૂબ જ તાવ આવે છે. ગળુ લાલ થઇ ગયું છે. ડોક્ટરે રિપોર્ટ કરાવવાનું કહ્યું છે. મને ખૂબ ચિંતા થાય છે."
નમિતાના કુટુંબને હું જાણતી હતી. તેના પતિ એક જાણીતી કંપનીમાં કામ કરતા હતા. નાનો બાબો હતો અને વૃદ્ધ સાસુ હતા. મેં કહ્યું,"નમિતા, તું જરાય ચિંતા ન કર. રજા લઇ તારા હસબંડના રિપોર્ટ વગેરે કરાવી લે. હું સ્કૂલમાં જાણ કરી દઈશ."
પછીના દિવસે નમિતા સ્કૂલે ન આવી. પણ એ પછીના દિવસે આવી. એના હસબન્ડનો રિપોર્ટ જામનગરની જી.જી.હોસ્પિટલમાં કરાવવા આપેલો. ચાર દિવસનું વેઇટિંગ હતું. ચાર દિવસ પછી રિપોર્ટ આવે, રોગનું નિદાન થાય,પછી સારવાર ચાલુ થાય. ત્રીજા દિવસે ખબર પડી કે તેને પણ તાવ આવી રહ્યો છે. અમે તેને સ્કૂલે આવવાની ના પાડી.ત્યાં નમિતાના પતિનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો. બધા ફફડી ગયા, અને ચિંતા કરવા લાગ્યા.
છતાં લગભગ બધાએ નમિતાને પર્સનલી ફોન કરીને હિંમત આપી. કંઈ કામ હોય તો મદદરૂપ થવાની તૈયારી બતાવી. નમિતાનુ ઘર સેનેટાઈઝ કરી સીલ કરવામાં આવ્યું. તેના હસબન્ડ ઘરે જ કોરનટાઈન થયા. પાંચમે દિવસે તબિયત બગડતા જી.જી. હોસ્પિટલમાં દાખલ થયા. અઠવાડિયુ કોવિદ-વોર્ડમાં દાખલ રહ્યા. તબિયતમાં સુધારો થતાં ઘેર આવ્યા.
આ બધી લડાઈ નમિતાએ એકલા હાથે લડી. નાના બાબાને સાચવવાનો, વૃદ્ધ સાસુને આઘાત ન લાગે તેથી અડધી વાતની જાણ ન થવા દેવી, તેમજ ઘરને,પતિને અને જાતને સાચવવાની. બેકગ્રાઉન્ડમાં અમારો સાથ સતત રહ્યો. છેવટે નમિતા આ જંગ જીતી ગઈ. તેના પતિનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો. થોડો આરામ કરી તે ફરીથી નોકરીએ લાગી ગયા. આજે પણ નમિતા આંસુભરી આંખે અમારો આભાર માને છે.
(પાત્રોના નામ બદલેલા છે.)

વર્ષા આઈ. ત્રિવેદી – જામનગર 9377094751

# બહાર અનલોક ઘરમાં કોરોના

## ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી

આજે મારે વાત કરવી છે ૨૦૨૦ની , એક એવું વર્ષ જેને ભૂલી જઇને પણ લોકો હંમેશા યાદ કરશે.પેલાં બે મહિનાઓ તો કેટલાં સરસ ,લગ્ન ની સીઝન,ફરવા જવાની સીઝન કેટલું સરળતા થી અને મોજ થી આપણે સૌ જીવતાં હતાં,ને માર્ચ મહિનો બેસતાં આપણાં ભારત માં કોરોના નાં પડઘમ સંભળાયા.

ભારત સરકારે જે એક સરસ નિર્ણય કર્યો જનતા કરફ્યૂ નો ને આપણને બધાં ને એમજ હતુ કે આનાથી કોરોના જતો રહેશે આગળ નહી વધે, પછી ધીમે ધીમે લોક ડાઉન થતુ ગયું ને કેસ પણ કીડીઓ ની જેમ ઉભરાવા લાગ્યાં, રોજ સમાચાર માં આંકડો જોઈને અચરજ થતું, મરણઆંક પણ વધતો જ ગયો. લોકો ને ખૂબ તકલીફ પડી જેમના ધંધા સાવ બંધ હતા, ડૉક્ટરો ખડે પગે જીવની પરવાહ કર્યા વગર સેવા આપતાં ,સરકારી કર્મચારીઓ પણ પોતાની ફરજ બજાવતાં.

બીજી બાજુ ઘરે રહીને પરિવાર સાથે સમય વિતાવ્યો લોકોએ,વડીલો અને બાળકો ને સમય આપ્યો,ગૃહિણીઓ ને કામ વધ્યું પણ પરીવાર નો સાથ હોવાથી અઘરું નાં લાગ્યું.ને કેવો તેં કોરોના આ ના કોઇના ખબર પૂછવા જવાય કે ના કોઈની મદદે જવાય.અંતિમ સમયે માનવી ઘર નો ભાળે.મારાં જ પાડોશી ને અને મારાં જ પરિવાર ને થયો એ અનુભવ રૂંવાડા ઉભા કરી દે એવો હતો.

મારા પરિવાર નાં 4 સભ્યો ને થયો કોરોના હું મારા સાસરે, એમાં મારા દાદી મમ્મી ,પપ્પા ને ભાઈ બધાં એકસાથે બીમાર થયા પપ્પા અને ભાઈ ડૉક્ટર બાકીના નું પુરું ધ્યાન રાખે પણ 3 દીવસ થયાં ને પછી કોરોના એ જે હરણફાળ ભરી, મારા બા સિરિયસ થયાં ઓક્સીજન લેવલ ઘટ્યું પપ્પા સતત ધ્યાન રાખે ઘરે ઓક્સીજન આપ્યું કોઈ થી જવાય નઇ .અમે બધાં ઘરે બેસીને પ્રાર્થના કરતાં વિડિઓ કોલ થી સાંત્વના આપતાં, પછી પપ્પા ની તબિયત બગડી. ને મારો ભાઈ એકલો થઇ ગયો,મે જેવો ફોન કર્યો ખૂબ રડ્યો પપ્પા ને નથી સારુ એવું કીધું ને હું પણ ખૂબ રડી પછી નસીબ જોગે વળતા પાણી થયાં ને સારું થવા લાગ્યું, બા માટે બધાએ આશા મુકી દીધેલી પણ પપ્પાએ પોતાની પરવાહ કર્યા વગર સારવાર કરી એમની અને બચાવ્યા,સગાઓ એ ત્યારે જોઈતી વસ્તુ સમયસર પહોચાડી,પોલીસ કર્મી જે ઘરની બાર બેસતાં એમણે પણ પુરી મદદ કરી,મારાં પપ્પા નાં દર્દી ઓ એ ખૂબ દુઆ કરી ધીમે ધીમે સારુ થવા આવ્યુ હજી 14 દીવસ પત્યા ન્હોતા ત્યાં શોર્ટ સરકીટ થઈ ઘરમાં બધુજ બંધ. બહાર બોર્ડ વાંચીને કોઈ આવે પણ નહીં એમ નેમ 12 વાગ્યા ને પછી એક

**ભાઈ એ કર્યું રિપેર બધું આવા સમય માં એ આવ્યાં એ ખૂબ મોટી વાત હતી પછી ધીમે ધીમે સારુ થયું બધાં ને. અને હવે સામાન્ય જીવન થયું છે, અનલોક છે પણ કોરોના હજુ ગયો નથી.હું પોતે આજે 3 દીવસથી હોમ આઇસોલેશન માં છું મને પણ કોવિડ પોઝિટિવ આવ્યો છે ,ખરેખર આ મહામારી ખૂબ વિકટ છે.**

ડૉ. વિભૂતિ રાણીગા લુંભાણી - સુરત. – **9925419907**

# જબ કોવીડ હુઆ તો ડરના ક્યા?

યામિની પટેલ

લૉકડાઉન. એમાં એક રાત્રે મને ઠંડી અને તાવ. 'ટોમ એન્ડ જેરી' કાર્ટૂનની માલકણની જેમ મેં અડધી રાત્રે પતિને હિંમતથી બારણું બતાવ્યું.

પેલો 'ક' નામનો જગકુવિખ્યાત તો ક્યાંથી હોય? મહિનાઓથી બહાર નીકળેલી નહિ. ઘરમાં આવનાર દરેક વસ્તુ પર ત્રણ દિવસ પછી જ વહાલ ઊભરાય. નક્કી વાઇરસના રાજાએ ચેલેન્જ આપી હશે, કે માસ્ક વિના બહાર ફરતા નિહથ્થાને નહીં પણ અભેદ કિલ્લામાં બેઠેલા કોઈને પકડી બતાવો તો એને 'વાઇરસશ્રેષ્ઠ'નો ખિતાબ આપું.

મને ખરેખર પેલાએ પકડી પાડી છે એની જાહેરાત રિપોર્ટ કરે એ પહેલા ચિડાઈને લોકસભામાંથી સાંસદ વોકઆઉટ કરે એમ મારી ગંધગ્રહણશક્તિએ રજા લઈ લીધી અને મારી પોઝિટિવિટીની મને સાબિતી મળી. આવી ગયા આપણે અછૂતની કેટેગરીમાં.

ડર મારે એ પહેલા એને 'બાય બાય ટાટા' કહીને મેં હોસ્પિટલ જવા પગ ઉપાડ્યા, પણ બુઝાતા પહેલા જ્યોત મોટી ફડફડે એમ ઘરે પાછા કદી ન ફરી શકવાનો વિચાર મને જોર-જોરથી ફફડાવવા માંડેલો. 'એકલા જ આવ્યા મનવા એકલા જવાના'નો અર્થ સાવ એકલા હોસ્પિટલમાં એડમિશન લેતાં સમજાયો. ટોલ, ડાર્ક અને હૅન્ડસમ બાટલો અને એની સહધર્મચારિણી લીલી ટ્યૂબ ઓક્સિજન સપોર્ટ માટે રૂમમાં બિરાજ્યા. મારાં હાઇપરટૅન્શન, ડાયાબિટીસ અને ઍલર્જિક બ્રૉન્કાઇટિસ વકરવાની પણ વકી હતી આ વાઇરસ સાથે. જોકે મારી પાસે હતી જાદુઈ લાકડી, પોઝિટિવિટીની.

ઓક્સિજન પાઇપ સાથે હું રૂમમાં ગમતા હિન્દી ગીતો ગાતી, ઝૂમતી. આંખોમાં આંખો નાંખીને ઊભેલા મોતથી ડર્યા વિના. કદાચ એટલે જ વાઇરસ ડરીને ફેફસાંમાં છુપાઈ ગયા. એક્સ-રેએ ચુકાદો આપ્યો, ન્યુમોનિયા. પેલા આરબના ઊંટની જેમ એ ફેફસાંમાં ફેલાઈ જાય તે પહેલા સ્ટીરોઈડ નામના વકીલને રોક્યા, ઊંચા ડોઝ પર અને પછી એક્સ-રે મશીને મારી તરફેણમાં ચુકાદો આપ્યો.

હવે રક્તકણો હિંમતથી નાના મોટા યુનિયન બનાવવા માંડેલા. માટે મારા શરીરની ચરબીના મુખ્યાલય પેટમાં ઇન્જેક્શન મારવા પડ્યા. પછી સૌ યુનિયન બરખાસ્ત, સાથે આપણે પણ હોસ્પિટલમાંથી બરખાસ્ત.

ગલીઓમાં કે ઘરે તાળીઓ નહોતી વાગતી પણ અંદરખાને એના ગડગડાટ સંભળાતા હતા. હવે કુટુંબની, ગમતા કામની, જીવનની કિંમત જેને સમજાઈ ચૂકેલી એવા અમે, ગમતું લેખનકાર્ય ચાલુ કરી ચૂક્યા છીએ અને એ પણ બમણા જુસ્સાથી.

યામિની પટેલ

બી ૧, રમણ પન્ના કો ઓપ હાઉસિંગ સોસાયટી, સુભાષ રોડ, પરાંજપે સ્કીમ ૧ એ, વિલે પાર્લે (ઈ), મુંબઈ – ૪૦૦૦૫૭. ૯૮૭૦૧૯૩૩૯૩ - yaminidpatel@gmail.com

# કોરોના કાળનો મારો અનુભવ

## ડો. નીરજ ભણસાળી

નાનો હતો ત્યારથી સાંભળ્યું હતું અને ગુરુજી એ પણ અનેક વાર કીધું હતું કે આ પૃથ્વી એક પાઠશાળા છે અને પ્રકૃતિ એક અદ્રશ્ય શિક્ષક લાગતું હતું કે આ બધી સાહિત્યક વાતો સિવાય કંઈ નથી, પરંતુ કોરોના કાળે બતાવી દીધું કે હું સંપૂર્ણ પણે ખોટો હતો. સતત મન નિત નવાં લક્ષ્યો અને તેની પાછળ આંખ બંધ કરીને દોડતો હું જ્યારે લોકડાઉન માં થંભી ગયો ત્યારે આ પાગલ મનની પામરતાનો પહેલો સ્વાદ જીવનમાં ચાખ્યો. 24 કલાક એક પણ મિનિટ સ્વયં માટે જીવવાનો સમય નહોતો ત્યાં દિવસોના દિવસ ફક્ત અને ફક્ત હું અને મારો પરિવાર એ જ યથાર્થ હતું. આવા સમયે મારી પાસે બે રસ્તા હતા, ક્યાંતો નિરાશાની ગર્તમાં ચાલ્યો જાઉં અને ભવિષ્યની ચિંતા ના ડુંગર મારા પર ખડકી દઉં અથવા તો હું સ્વયંને તૈયાર કરુ શારીરિક અને માનસિક રીતે જેથી આના કરતા પણ ૧૦૦ ઘણી વિકટ પરિસ્થિતિમાં જીવનમાં આવી પડે તો હું સ્વયં તથા મારા પર આધારિત મારો પરિવાર જનો અને મારી સાથે કામ કરતા તમામ ટીમના સભ્યોને માટે એક સુરક્ષિત અને મજબૂત માળખું તૈયાર કરૂ. આ સમયના એક એક ક્ષણનો ઉપયોગ આ મજધારે આવી ચડેલ જીવનની નાવ રૂપી શરીરને ફરીથી મજબૂત કરવા પાછળ કામે લગાડ્યું મારુ ફિઝિયોથેરાપિસ્ટ તરીકેનું શરીરવિજ્ઞાનું જ્ઞાન મને આ પરિસ્થિતિમાં ખૂબ જ કામ લાગ્યું. આ સાથે મારા પ્રોફેશન નું જ્ઞાન ને વધારવા માટે ઘણા બધા પુસ્તકો અધ્યાયન કર્યું જે ઘણા વખતથી પેન્ડિંગ હતું, ઉપરાંત દેશના ઘણા બધા ઓનલાઇન કોર્સ એટેન કર્યા જેણે  મારી પ્રોફેશનલ સ્કીલને ધારા આપવામાં પણ મદદ કરી. હું જાણતો હતો કે પરિવાર સાથે કોલેટીટાઈમ જીવવાનો સમય જે કુદરતી નિર્મિત કર્યો છે આવો સમય કદાચ જ પાછો આવે આથી કરીને તમામ પરિવારના સભ્યો સાથે રોજે-રોજના ગપાટા મારવા, મસ્તી કરવી, વિચારોની આપ-લે કરવી, રમવું અનેક સુ:ખદ પણ નો આનંદ સંપૂર્ણ પણે ભોગવ્યો. ઘરમાં કામવાળી ન આવવા ઉપરાંત બહારથી પણ વસ્તુ લેવા જવી પડતી તે પણ ચોક્કસ સમયે જ આ બધી રિતીસક્શન વચ્ચે ઘરના તમામ સભ્યો એ બધા જ કામની જવાબદારીઓ સરખી રીતે વહેંચી લીધી અને મસ્તીમાં જીવન ના દિવસો જીવ્યા એમાં વસો-વસો નહીં પણ વહાલ, અણગમો નહીં પરંતુ આનંદ અને થાક નહીં પરંતુ ઉત્સાહ અને થનગનાટ હતો.

આ સાથે જીવનના ક્ષણની ભગુણતા જોવાનો આ સમય હતો કેટલાય જાણીતા લોકો ને અકાળે મૃત્યુને શરણ થતાં જોયા છે આ બાબતે એ શીખવી દીધું કે " **जिंदगी ना मिलेगी दोबारा** " આ ઉપરાંત આ સમય દરમિયાન પુષ્કળ ઓનલાઇન વેબીનારનું આયોજન કર્યું જેને મારા ફેશ બુક પેજ & યુ ટ્યુબ ચેનલ spinex.global પરથી પ્રસારિત કર્યા. આમાં વિવિધ ક્ષેત્રના, શહેરના, ભારત દેશના અને વિદેશના ઘણા બધા બુદ્ધિજીવીઓ સાથે ચર્ચા કરવાનો અવસર મળ્યો જેને માટે હું કોરોના કાળનો Thanks કહું છું અને આ બધા ઉપર જે " ICING ON THE CAKE " જેવી વાત છે, કે મારા ગુરુજી સાથેના ઓનલાઇન સત્સંગની તક મળી. પરમ પૂજ્ય મહાનંદ અવધૂતજી મહારાજ જે એક અલૌકિક સંત છે તેમને આજ સુધી ક્યારેય પણ કોઈને પણ તેમના વચનો ઓડીયો કે વિડીયો ફોર્મેટમાં રેકોર્ડ કરવાની પરમિશન નથી આપી તેમણે દર રવિવારે એક કલાકનો આધ્યાત્મિક સંવાદ

ઓનલાઈન વેબીનાર કરવાની સંમતિ આપી જે મને લાગે છે આમારા નશ્વર જીવનની એક અલૌકિક ઘટના છે પરમ પૂજ્ય ગુરૂજીને દંડવત પ્રણામ કરીને હું પ્રાર્થના કરું છું કે પરમાત્મા આપ સૌને એટલા સમર્થ બનાવે કે આપ ગમે તેટલી વિકટ પરિસ્થિતિ આવે તો પણ આપણે મેરુ પર્વતની જેમ અડગ રહો.

**सर्वे भवन्तु सुखिन**
**सर्वो संतो निरामया**

ડો. નીરજ ભણસાળી - **(Founder & CEO Spinex Global) – Surat - 9825124384**